## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૩૪ | ૨૩ | પૂર્વ ભવનું કથન | ૧ |
| ૨. | ૩૪ | ૨૬ | મોહાંધ રાણીની દુષ્ટતા | ૨૨ |
| ૩. | ૩૪ | ૨૮ | નોકર કુલ્માષહસ્તી વિગત કહે છે | ૩૫ |
| ૪. | ૩૪ | ૨૯ | બીજાના અચાનક કર્મ-ઉદય દેખી પોતે જાગેલાનાં દૃષ્ટાંત | ૫૦ |
| ૫. | ૩૪ | ૩૦ | તરંગવતીનો કુલીન ઉત્તર | ૫૩ |
| ૬. | ૩૪ | ૩૨ | સંસારમાં સંયોગો અંતે રોવરાવનારા | ૭૯ |
| ૭. | ૩૪ | ૩૩ | ૪ પ્રમાણનું સ્વરૂપ | ૮૫ |
| ૮. | ૩૪ | ૩૩ | ભવદેવ નાગિલા | ૯૨ |
| ૯. | ૩૫ | ૩ | પારધીનો કલ્પાંત અને મરણનિશ્ચય | ૧૦૯ |
| ૧૦. | ૩૫ | ૪ | તરુણીનું આત્મનિવેદન | ૧૧૪ |
| ૧૧. | ૩૫ | ૬ | દૃઢપ્રહારીનું પરિવર્તન | ૧૨૬ |
| ૧૨. | ૩૫ | ૬ | મુનિનું વિશાળ અધ્યયન | ૧૨૯ |
| ૧૩. | ૩૫ | ૭ | વૈરાગ્યનાં કારણો | ૧૩૫ |
| ૧૪. | ૩૫ | ૮ | મુનિને તરંગવતીની પ્રાર્થના | ૧૩૯ |
| ૧૫. | ૩૫ | ૯ | પદ્મદેવના પિતા શું સમજાવે છે ? | ૧૫૧ |
| ૧૬. | ૩૫ | ૧૦ | ધર્મતેજ માટેના ત્રણ ઉપાય | ૧૫૭ |
| ૧૭. | ૩૫ | ૧૦ | મિત્રોને વૈરાગ્ય-ઉપદેશ | ૧૬૩ |
| ૧૮. | ૩૫ | ૧૨ | **ચિંતાજ્ઞાન** | ૧૭૯ |
| ૧૯. | ૩૫ | ૧૨ | ઉપશમ પર ચિલાતીપુત્રનું ચિંતન | ૧૮૩ |
| ૨૦. | ૨૬ | ૬ | ૩ ભાવનાજ્ઞાન | ૧૮૯ |
| ૨૧. | ૨૬ | ૭ | સુકૃતકમાઈમાં કેટકેટલું કમાવાનું થાય ? | ૧૯૬ |
| ૨૨. | ૨૬ | ૮ | જગડુશાને ધનવૃત્તિ નહિ પણ ધર્મવૃત્તિ | ૨૦૩ |
| ૨૩. | ૨૬ | ૮ | **અસંખયં જીવિયં મા પમાયએ** | ૨૦૬ |
| ૨૪. | ૨૬ | ૧૧ | અહીં જ ઘુંટ્યું એ જ પરભવે આવડવાનું | ૨૨૩ |
| ૨૫. | ૨૬ | ૧૨ | ભોગ કરતાં ત્યાગનો આનંદ કેમ ઊંચો ? | ૨૩૧ |
| ૨૬. | ૨૬ | ૧૨ | વિનોદ ક્રોડપતિ છતાં વિરક્ત | ૨૩૪ |
| ૨૭. | ૨૬ | ૧૬ | અનંતી ધર્મક્રિયા નકામી જવાના કારણ | ૨૫૦ |
| ૨૮. | ૨૬ | ૧૮ | વિનોદને કેમ ચારિત્રની ઉતાવળ ? | ૨૫૮ |
| ૨૯. | ૨૬ | ૨૩ | વિનોદ જાતે દીક્ષા લે છે | ૨૮૪ |
| ૩૦. | ૨૬ | ૨૫ | ગાડાથી અકસ્માત | ૩૦૧ |
| ૩૧. | ૨૬ | ૨૬ | **'घोरा मुहूत्ता, अबलं सरीरं'** | ૩૦૪ |

# તરંગવતીનાં જીવનનાં રસઝરણાં-૨

(ગતાંકથી ચાલુ)

**પલ્લીની કેદી સ્ત્રીનો તરંગવતીને પ્રશ્ન :-**

ત્યાં કેદ પકડાયેલ સ્ત્રીઓ અમને પૂછે છે કે 'તમે અહીં ક્યાંથી આવ્યા ? આ દુષ્ટ ચોરોના હાથમાં શી રીતે તમે ફસાઈ પડ્યા ?

**તરંગવતી સ્વ વિગત કહે છે :-**

ત્યારે આમ તો મારે એમને કહેવાનો કાંઈ અર્થ નહોતો, કેમકે એ કાંઈ અમને છોડાવી શકે એમ દેખાતું જ નહોતું, પરંતુ દિલનું મહાદુઃખ હળવું કરવાને મેં એમને મારી પૂર્વ હકીકત કહેવા માંડી, ને ચકોર ચકોરીના પૂર્વ ભવથી શરૂઆત કરી. સમય પસાર જ કરવો હતો એટલે ટૂંકામાં ન પતાવતાં વિસ્તારથી તે તે પ્રસંગો તેવા તેવા ભાવ સાથે રોતી રોતી હું વર્ણવવા લાગી. અહીં કેદમાં પડેલી મને બોલવામાં સંકોચ નહોતો, એટલે રોતી જાઉં ને શું શું કેવી રીતે બન્યું એ ખુલ્લા અવાજે ભાવ પૂરીને વર્ણન કરતી જાઉં. એમાં,

**પૂર્વ ભવનું કથન :-**

અમે ચકોર ચકોરી કેવી ક્રીડા કરી રહ્યા હતા; એમાં જ્યાં મારા પ્રિય ચકોરને કેવી રીતે અચાનક બાણ લાગીને એ કેવો તરફડી રહ્યો હતો ! તે રોતાં રોતાં હું કહી રહી હતી. એના પર બાણ મારનાર પારધી એનું દુઃખ અને મારા કલ્પાંતનું દુઃખ જોતાં, પારધી પણ પોતાના હાથે અજાણતાં થયેલી આ ભૂલ ઉપર કેવો શોક કરી રહ્યો હતો ! કેમકે એણે તો મોટા હાથીનો શિકાર કરવા બાણ છોડેલું, પરંતુ એ બાણ વચમાં ઉડવા ગયેલા મારા પ્રિય ચકોર પંખીને કેવુંક લાગ્યું ! એ રોતાં રોતાં કહી રહી હતી. એમાં પોતાની ભૂલ અને મારો ભારે કલ્પાંત દેખી, એના ભારે શોકથી પારધીએ પંખીની મરેલી કાયા પર કેવો અગ્નિસંસ્કાર કર્યો, એમાં ઝૂરી રહેલી મેં એની ચિતામાં કેવો જીવતા ઝંપાપાત કર્યો,...એ બધું રોતા રોતાં કરાતું કરુણ વર્ણન સાંભળતાં શ્રોતા સ્ત્રીઓ પણ હાય ! હાય ! કરતી રડી રહી હતી.

**આ ભવની કથની :-**

એ પછી આગળ વર્ણન લંબાવતાં અહીં જે મને તરંગવતીનો અવતાર મળ્યો તેમજ મારા પ્રિય ચકોરને પદ્મદેવનો અવતાર મળ્યો, બંને મોટા શેઠીઆને



ત્યાં જન્મ પામેલા...વગેરે વર્ણન પછી કેવી રીતે સરોવર પર પ્રેમની ક્રીડા કરતા ચકોર ચકોરીને જોઈ મને જાતિસ્મરણ (પૂર્વ ભવનું જ્ઞાન) થયું, એના પર મને કેવી રીતે મારા પ્રિયના વિયોગનું જાલિમ દુઃખ થયું, એ પણ રુદન સાથે કરાતું વર્ણન સાંભળતાં શ્રોતાઓ વળી રોઈ પડ્યા ! એ પછી મેં કેવી રીતે પૂર્વ ભવનો તાદૃશ ચિત્રપટ્ટ બનાવેલો, તે કૌમુદી મહોત્સવમાં બજારમાં જાહેર મૂકાવેલ, એ જોતાં કેવી રીતે મારો પ્રિય ચકોર જ અહીં પદ્મદેવ થયેલ એ ત્યાં આવી જતાં એના જોવામાં આવ્યો, ને કેવી રીતે એને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. એને ય કેવો પ્રેમ ઉભરાયો, એમાં વળી એના પિતાએ કેવી રીતે એના માટે મારા પિતા પાસે માગણી મૂકતાં, પિતાજીએ કેવી રીતે ઘસીને ના પાડી; એથી એમાં બંનેને કેવા થયેલ કારમા કલ્પાંત ! એનું રોતાં રોતાં વર્ણન કર્યું, પછી તો અમો બંને પોત-પોતાના ઘરે આપઘાત કરવા તૈયાર, પણ દાસી દ્વારા અમારાં મીલન તે આપઘાત ન કરતા કેવી રીતે મોટી આશામાં માંડ ભાગી છૂટ્યા ! ને અહીં ચોરોના હાથમાં કેવી રીતે સપડાઈ ગયા,... વગેરે રોતાં રોતાં વર્ણવતાં, એમાં અમારા સંતાપના આબેહૂબ વર્ણન સાંભળતાં, શ્રોતા કેદી સ્ત્રીઓને પણ ભારે દુઃખ થતાં, ને એ ય બિચારી રોતી જ રહી...

**દુઃખ વર્ણન પણ પોતાને દુઃખ કરે છે, ને બીજાનાં દુઃખનાં શ્રવણ પણ પોતાને દુઃખ કરે છે; ત્યારે દુઃખ તો કેવું ય પીડતું હોય ?**

**આ સંસારમાં જીવને દુઃખ કેવી કેવી રીતે પીડે છે એ જો ધ્યાન પર લેવાય, તો આ દુઃખદ સંસારની અસારતા હૈયાને સચોટ લાગી જાય.**

અને જીવ સંસારથી જ ઊભગી જાય. માટે તો સમ્યક્ત્વનું બીજું લક્ષણ 'નિર્વેદ' અર્થાત્ દુઃખ. આ અંગે ઉપાધ્યાયજી મહારાજે સજ્ઝાયમાં કહ્યું.

**'નારક ચારક સમ ભવ ઊભગ્યો, તારક જાણીને ધર્મ;**
**ચાહે નીકળવું નિર્વેદ તે, એહી જ પ્રવચન મર્મ,'**

અર્થાત્ નરકાગાર અને કારાગાર સમો ભવ છે, સંસાર છે. 'નરકાગાર' એટલા માટે કે એમાં દુઃખ જ દુઃખ છે. 'કારાગાર' એટલા માટે કે એમાં પાપાચરણની બેડીઓ છે. એથી ઊભગેલો જીવ જુએ છે કે આમાં ચારિત્ર ધર્મ જ તારણહાર દુઃખ અને પાપાચરણથી બચાવનાર છે. તેથી હંમેશા સંસારમાંથી નીકળવાનું (અને ચારિત્ર સ્વીકારવાનું) ચાહે છે. એનું નામ છે નિર્વેદ; અને એજ જિનશાસનનો મર્મ છે.

**આ નિર્વેદ જો આવડ્યો તો બધું આવડ્યું; પણ જો આ ન આવડ્યું તો કશું ન આવડ્યું !** કેમકે ચારિત્ર અર્થાત્ સર્વ પાપત્યાગ વિના જીવનો ઉદ્ધાર નહિ,

જીવના સંસારનો અંત નહિ.

આ દુઃખદ અને પાપાચરણભર્યા સંસારને ઓળખીને દિલને એકવાર ધક્કો લાગી ગયો, પછી તો કદાચ સંસારની ગમે તેવી લાલચ સામે આવે તો ય એ લલચાય નહિ....

**૧૦ પૂર્વધર વજ્રસ્વામીજી મહારાજે** અનશન કરવા જતા પહેલાં પોતાના પટ્ટધર શિષ્ય વજ્રસેન મહારાજાને કહી રાખેલું કે 'ભારે દુકાળ પડશે એમાં જ્યારે કોઈ ઠેકાણે લાખ રૂપિયાના અનાજની હાંડી અડાવી, એમાં ઝેર નાખી ખાઈને મરવાની તૈયારીનો પ્રસંગ દેખાય, ત્યાં બીજે જ દિવસે સુકાળ થશે એમ સમજી રાખી અને ખરેખર એક ચાર માણસના શ્રીમંત કુટુંબમાં અન્ન ખૂટી જવા આવ્યું હતું તેથી એમણે એક લાખ રૂપિયાથી અન્ન ખરીદી એની હાંડલી ચૂલે ચડાવી હાંડલીમાં અન્ન ભેગું ઝેર રાંધી લેવું, અને ખાઈ લઈ જીવન પૂરું કરી લેવું.' એવો નિર્ણય કરેલો. ખીચડી રંધાવા આવી; અને હવે એમાં ઝેર નાખી દેવું એમ વિચાર કરતા હતા એટલામાં સાધુ મહારાજ ગોચરી આવ્યા એટલે કહે છે કે, પધારો પધારો ધન્યભાગ્ય ! ધન્ય ઘડી સમયસર પધારી ગયા ! અમને સુપાત્રદાનનો મહાન લાભ મળશે. સહેજ મોડા પધાર્યા હોત તો આ એક લાખ રૂપિયાના અન્નની હાંડીમાં હમણાં જ ઝેર નાખીને એ ખાઈને અમે ચારે જણા અંતિમ શયન કરવાના હતા. તેથી કદાચ આપ થોડા મોડા પધાર્યા હોત તો આપને ગોચારી તો નહિ, પણ અમારા મડદાં જોવા મળત ! ઉપકાર આપનો કે અમે બચી ગયા'

**જીવન બચ્યું તો શું કર્યું ? :-**

ત્યારે સાધુ મહારાજ ગુરુવચન યાદ કરીને કહે છે,- "જો એવું છે તો મરશો નહીં. ગુરુ મહારાજ કહી ગયા છે કે જે દિવસે કોઈ સ્થળે આવું દેખો એના બીજા જ દિવસે નિશ્ચિત સુકાલ થઈ જવાનું સમજી લેજો, સાધુ વહોરીને ગયા પછી એ કુટુંબે શું કર્યું ?

'ચાલો ત્યારે આવતી કાલે સુકાળ થઈ જાય છે. અને જીવતા રહ્યા છીએ તો પૂર્વની જેમ સંસાર આનંદમંગળથી ચલાવશું,'- શું આવો વિચાર કર્યો ? ના, એ જૈન ધર્મી હતા, સંસારમાં ભલે રહ્યા હતા, પણ સંસારને ઓળખીને રહ્યા હતા. એટલે કે સંસાર દુઃખ ભરેલો ને પાપ ભરેલો છે, માટે છોડવા યોગ્ય જ છે.' પછી

**શું સારાસારીમાં, કે શું કપરા સંજોગોમાં, એ સદાનો દુઃખદ સંસાર ત્યાજ્ય એટલે ત્યાજ્ય.**

આવી સમજ હતી; જેથી હવે જીવતા રહ્યાં માટે સંપત્તિ ભોગવવાના



લોભમાં ન પડ્યા, અને બીજી સવારે આખા કુટુંબે દીક્ષા લીધી !

દુઃખની વાત ચાલતી હતી. સંસારમાં દુઃખ ચીજ એવી છે. એ તો જીવતે પીડે, પરંતુ પોતાના પૂર્વના દુઃખ યાદ આવે તો ય પીડે છે, ને કોઈનાં દુઃખ જુએ સાંભળે, તો તેય પીડે છે. તરંગવતી પોતાના પૂર્વ દુઃખની કથની કહેતાં રોતી હતી, અને સાંભળનારી બાઈઓ પણ રોતી હતી.

**શું આવા હંમેશાના દુઃખભર્યા સંસાર પર નફરત ન થાય ?**

**ભલે એ સંસાર કામચલાઉ સુખ દેખાડતો હોય, તો પણ સદાના દુઃખભર્યા એ સંસાર પર તો નફરત જ હોય અભાવ જ હોય, અરુચિ જ હોય.**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૪,તા.૨૨-૨-૧૯૮૬**

હવે અહીં એક બહુ મોટી વાત બની આવે છે. જેમાં પદ્મદેવ તરંગવતીને દુઃખનાં દહાડા ગયા જેવો ઘાટ બને છે. આમ તો બચવાની કોઈ જ આશા નહોતી, કેમકે ૧-૨ દિવસમાં જ પદ્મદેવને દેવીની આગળ ભોગ અપાઈ દેવાનું નક્કી થઈ ગયું હતું, તેમજ એ ચોર સેનાપતિ વગેરે એટલા બધા ક્રૂર માણસો હતા કે એમને મન માણસને કાપી નાખવો એટલે જાણે એક ફળ કાપી નાખવાનું ! અને એમાં વળી દેવીમાતાને ભોગ આપી દેવાનું વચન અપાઈ ગયેલું, તેમજ 'હવે જો એ વચન ન પળાય, તો દેવીમાતાનો કોપ ભયંકર વિનાશ કરી નાખે,' એવી એમને શ્રદ્ધા હતી, આમાં પદ્મદેવને બચવાની કોઈ આશા ?

**આડા હાથે પુણ્ય એટલે :-**

**આડા હાથનું પુણ્ય ગેબી સહાય કરે : આડા હાથનું પાપ સોનાની થાળીમાં લોઢાની મેખ મારે :-**

પરંતુ કહે છે ને કે પૂર્વ ભવમાં કાંઈક આડા હાથે પુણ્ય કર્યું હોય અર્થાત્ કાંઈક સારું કર્યું હોય, તો તે અહીં આપત્તિઓની આડે આવી ઊભું રહે છે. એટલે જ ડાહ્યા માણસો બહુ પાપારંભની વચ્ચે જ્યાં ક્યાંક કાંઈક સારું કરવાની તક જુએ, ત્યાં તે ઝડપી જ લઈ, સારું કામ કરી જ લે છે,....જેથી એ આડા હાથનું પુણ્ય આગળ પર દુઃખની વચ્ચે આડું આવીને ઊભું રહે; ગેબી સહાય કરે.

આ પરથી એટલું આપણે સમજી રાખવાનું છે કે પૂર્વભવે ઘણો ધર્મ કરવાની વચમાં કાંક નરસું કામ થઈ ગયું, તો તે ય અહીં સુખની આડે આવીને ઊભું રહેશે. જેમ દા.ત.

આર્દ્રકુમારે પૂર્વ ભવમાં ચારિત્ર સુંદર પાળેલું, પરંતુ એમાં પત્ની સાધ્વી

પ્રત્યે રાગ ઊછળી આવ્યો એ નરસું કામ થઈ ગયું; તો અહીં એના એક માઠા ફળમાં અનાર્ય દેશમાં મનુષ્ય જનમ મળ્યો, અને બીજા માઠાં ફળમાં આગળ પર ચારિત્રથી પતિત થાય છે. ભલે પૂર્વની ભૂલે અનાર્ય દેશમાં જન્મ મળ્યો, અને બીજા માઠાં ફળમાં અનાર્ય દેશમાં જન્મ, છતાં પૂર્વ જન્મની જોરદાર ધર્મસાધનાએ અહીં જાતિસ્મરણ જ્ઞાન થયું ! પ્રખર વૈરાગ્ય ઊછળ્યો અને ચોરી છૂપકીથી આર્યદેશમાં આવી જઈ ચારિત્ર લઈ લીધું ! અલબત દેવીએ હમણાં ચારિત્ર લેવા ના પાડેલી, પરંતુ પૂર્વની પ્રબળ ધર્મ-સાધનાના પ્રતાપે જાગેલા પ્રખર વૈરાગ્યે દેવીના નિષેધને ગણકાર્યો નહિ, પરંતુ સોનાની થાળીમાં લોઢાની મેખની જેમ એટલા પ્રબળ વૈરાગ્યમય ચારિત્રની સાધના વચ્ચે પૂર્વ પત્ની-સાધ્વી પર કરેલા રાગનું નરસું કામ અહીં આડે આવ્યું, અને એજ પૂર્વ ભવની પત્ની અહીં શ્રીમતી શ્રેષ્ઠિકુમારી થયેલી એણે એમને ચારિત્રથી પાડ્યા....લખી રાખો,-

**સો ધર્મનાં કામની વચ્ચે કરેલ એક અધર્મનું કાર્ય કેવું સુખની આડે આવે ! એમ, સો પાપના કામની વચ્ચે કરેલું એક સારું ધર્મનું કામ પણ કેવું દુઃખની આડે આવે !**

શ્રીપાળકુમારે, પૂર્વે રાજવીપણાના ભવમાં બહાર ફરવા ગયેલા ત્યાં અભિમાનના જોરમાં એક ધ્યાનમાં મુનિ મહાત્માના બે કાન ઝાલી નદીના પાણીમાં ડુબાડ-કાઢ કરેલા, તેથી અહીં જન્મીને બે વર્ષની ઉંમરમાં કાકા દ્વારા કરાયેલા બાપના ખૂનથી પોતાને બાપનો અને રાજ્યનો વિયોગ થયો ! અને પોતાને લઈ માતા નાઠી, તે કોઢિયાની ટોળા વચ્ચે જઈ એમાં બચવાનું તો મળ્યું, પણ ત્યાં આખા શરીરે કોઢ લાગી ગયો ! અલબત પૂર્વ ભવે રાણીએ એ રાજાને ઠપકો આપી મુનિને ઉપસર્ગ કરવાથી અટકાવેલા, અને સિદ્ધચક્રની આરાધના કરાવેલી તેથી એ પુણ્યે અહીં મયણાસુંદરી રાજકન્યા પરણવા મળી ! એના સહારે સિદ્ધચક્રની આયંબિલથી આરાધના મળી, તો કોઢ રોગે ય ગયો ! અને કુલ નવરાણીઓ અને નવરાજા પર અધિપતિપણું મળ્યું !

એટલે જ ધ્યાન આ રાખવાનું કે સારાં કામોની વચ્ચે કોઈ એવું નરસું કામ ન થઈ જાય; અને પાપના કામોની વચ્ચે સારું કામ કરવાની તક જો મળે છે, તો તકને ઝડપી લઈ સારું કામ કરવાનું ગુમાવાય નહિ.

**તરંગવતીને પૂર્વ ભવનું આડા હાથનું પુણ્ય બચાવે છે :-**

પદ્મદેવ તરંગવતીને પૂર્વ ભવના કોઈ નરસા ભાવ અને નરસું કામ થઈ જવાના પ્રતાપે અહીં આવા ભયંકર ચોરોના હાથમાં પકડાઈ જવાનું આવ્યું ! અને હવે નજીકમાં દેવીમાતાને ભોગ આપવાનું નક્કી થઈ ગયું છે ! પરંતુ પૂર્વે ભવે



કોઈ સારું કામ સારા ભાવ થયા હશે તેનું પુણ્ય અહીં દુઃખની આડે આવી ઊભું. આ કેવું ગેબી રીતે બને છે એ જુઓ એટલે સમજાશે કે કર્મસત્તા મહા વિચિત્ર છે, ને માણસની કલ્પના બહારના પ્રસંગ બનાવી મૂકે છે. આવી કર્મની ગેબી વિચિત્રતા જોઈને માણસે અભિમાન લેવું નકામું છે કે મેં આમ સારું કરી નાખ્યું...

અહીં કર્મની ગેબી વિચિત્રતા જુઓ.

**ક્રૂર ચોરને દયા :-**

તરંગવતી જ્યારે કેદી સ્ત્રીઓ આગળ રોતી રોતી ગદ્‌ગદ અવાજે પોતાની પૂર્વની કથની કહી રહી હતી અને બીજી સ્ત્રીઓને ય રોવરાવી રહી હતી, ત્યારે પદ્મદેવને બાંધી જનાર પેલો ચોર બાજુની પડાળીમાં બેઠો બેઠો બધું સાંભળતો હતો. એને એ સાંભળતાં સાંભળતાં કોણ જાણે શું થયું તે એ ચોરના હૃદયને એવો આઘાત લાગી ગયો કે અરરર ! આજ તરંગવતી એના પૂર્વના ચક્રવાકીના ભવે પ્રિયના મૃત્યુ પાછળ ભયંકર કલ્પાંત અને માથાપછાડ કરનારી ને એ ચક્રવાકની ચિતામાં ઝંપલાઈ બળી મરેલી, ને એને પાછો અહીં એજ પ્રિય મળ્યો તો એમને પાછા અહીં સુખમાંથી ભ્રષ્ટ થઈ ચોરોની પલ્લીમાં કેદ ? ને એમને મારે જ બાંધી રાખવાના ? જેથી સેનાપતિ એમનો દેવીના ખપ્પરમાં ભોગ આપે ?'

**શું એવા અતિ ક્રૂર ચોરને સામાના ગમે તેવા પણ દુઃખ સાંભળવા પર દયા આવે ?**

પરંતુ તરંગવતી-પદ્મદેવના આડા હાથે થયેલા કોઈ પૂર્વના પુણ્યે અહીં એક એવી ગેબી પરિસ્થિતિ સરજી,- જેનો ખુલાસો આગળ આવશે,- એ પરિસ્થિતિ પર અહીં અત્યારે ચોરનું દિલ કકળી ઊઠ્યું ! એને એમ કે સારું થયું આ બે જણ કેદી તરીકે મને જ સોંપાયેલા છે તો સેનાપતિના ગમે તેવા કડક અનુશાસન વચ્ચે, અને અનુશાસન ભંગ કરતાં પકડાઉં તો ક્રૂર રીતે મારે મરાઈ જવાના ભયની વચ્ચે પણ, મારે આ બે જણને બચાવી જ લેવા જોઈએ. એના દિલમાં અનુકંપાનો ઝરો ફૂટી નીકળ્યો !

કહો, પદ્મદેવ તરંગવતીને અહીં કોઈ બચવાની આશા હતી ? ના, પરંતુ તરંગવતી વડે દિલદર્દ સાથે કહેવાયેલી આત્મકથાએ કેવું ગેબી કામ કર્યું ! પાછું આત્મકથા ચોરને સંભળાવવા માટે કહી નહોતી, છતાં ગેબી કર્મસત્તા કેવુંક કામ કરે છે કે એ આત્મકથાનો ધ્વનિ આડકતરી રીતે બાજુની પડાળીમાં રહેલા ચોરના કાન સુધી પહોંચાડી દે છે ! ને એને ય કોણ જાણે શું થયું તે એના ય દિલમાં અનુકંપાનો ધોધ ઉછાળે તેથી એ તરત ઊઠીને અહીં આવે છે.

**આ બધી કર્મની લીલા સમજી અશુભ કર્મ બાંધવાથી પાછા હટો, અને**

**શુભ-કર્મબંધનાં કારણો બહુ સેવો.**

ચોરને હવે પદ્મદેવ તરંગવતીને બોલાવી લેવા છે. તે કાંઈ અહીં પલ્લીમાં રહીને ન થઈ શકે; કેમકે સેનાપતિ અને એના ભેરુઓ આમને ન છોડે એવા સાવ નિર્દય અને ભલે ક્રૂર છે. એ તો અહીંથી એને ખાનગીમાં ભગાડી જાય તો જ બને. એમ કરવામાં પણ પોતે અને પદ્મદેવ-તરંગવતી સિવાય બીજા કોઈને ગંધ પણ ન આવવી જોઈએ. એટલે જુઓ એ કેવી કૂનેહથી કામ લે છે...

ચોર આવીને પદ્મદેવનું બંધન ઢીલું કરે છે, અને બીજી ત્યાં બેઠેલી સ્ત્રીઓને તિરસ્કારતો કહે 'એ ! અલીઓ એ ? ચાલો ઊઠો, ભાગો અહીંથી. એટલે એ ગભરાઈ તો ખરી કે આ દુષ્ટ માણસ આ બંનેને બિચારાને શું કરશે ! કેવી મારપીટ કે જુલ્મ કરશે ? પરંતુ પોતાને ધોલધપાટના ભયથી સ્ત્રીઓ એ પડાલીમાંથી બીજી પડાલીમાં જતી રહે છે. પછી ચોર પદ્મદેવ-તરંગવતીને આશ્વાસન આપે છે કે તમે ગભરાશો નહિ. મોતની શંકા રાખશો નહિ. હું તમને આમાંથી છોડાવીશ, અને તમારા પ્રાણનું રક્ષણ કરીશ. લો, હમણાં આ પાણી પીઓ, હું નાસ્તો લઈ આવું.

તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે કે જુઓ, ભાગ્યવતી ! જ્યાં મને અણધાર્યા આ બચાવના શબ્દ મળ્યા ત્યાં આશ્ચર્ય થયું, મનોમન લાગ્યું કે અરિહંત ભગવાન પૂર્વે ભજ્યા હોય તો એ ભયંકર આફતમાંથી પણ કેવા બચાવી લે છે !

**કેદખાનામાં ધર્મચર્યા યાદ : ચોર સરભરા કરે છે :-**

સવાર પડી ગઈ હતી. એટલે એમ ભગવાન અરિહંત ભગવાનની વંદના-સ્તુતિ કરી, પ્રભુની ક્ષમા માગી, 'પ્રભુ ! ક્ષમા કરજો, સામગ્રીના અભાવે અમે નિત્યક્રમમાં અમે તારી પ્રભાતની પૂજા નથી કરી શકતા; એટલે અમે કમનસીબ છીએ. છતાં તારી કેવી દયા ! ધન્ય પ્રભુ ! ધન્ય અવતાર ! તું અને ભજવા-પૂજવા મળ્યો ! એટલામાં પેલો ચોર પાણી અને માંસ પકાવી લઈ આવી અમારી આગળ મૂકી અમને કહે છે હમણાં તો આ જ જરા હાજર છે તે ખાઈ લો.'

અમે કહ્યું અમારે આ ખાવાનું ખપે નહિ, પણ તમે ચિંતા નહિ કરતાં, અમે પાણી પી લઈશું. તમે અમને ભયંકર મોતના ભયમાંથી બચાવી લેવાની વાત કરો છો, એથી તો અમારે ભૂખનું તો દુઃખ શું, બીજા કેટલાય દુઃખ ભાગી ગયા !! અમે જરા પૂછીએ તમને ? તમને અમારા પર એકાએક આટલી બધી દયા કેમ ઊભરાઈ આવી ?'

ચોર કહે છે, એ કાંઈ પૂછશો નહિ; તમને મુશ્કેટાટ બાંધવાનો અને બેનને ધોલધપાટ કરી ધકેલી મૂકવાનો જે મેં ત્રાસ આપ્યો, તેની ક્ષમા માગું છું. બાકી



તમારા પર લાગણી થઈ આવવાનું કારણ કહેતાં મને સંકોચ થાય છે. હું તમારો ગુનેગાર છું, પ્રાણના ભોગે હું તમને આ પલ્લીમાંથી બહાર લઈ જઈશ. તમે નિશ્ચિંત રહેજો. કશી શંકા કુશંકા કરશો નહિ.

ચોરના પૂર્વના નિર્દયતાભર્યા તોછડા શબ્દ ક્યાં ? અને આ લાગણીભરી મુલાયમ ભાષા ક્યાં ?

અમે પચ્ચક્ખાણ પારી લઈ માત્ર પાણી પી લીધું. ચોર કહે પણ થોડું ખાઈ લો કેમકે આપણે દૂર જવાનું છે. એટલું ચાલવા શક્તિ જોઈશે.

અમે કહ્યું ચાલવામાં વાંધો નહિ આવે. બાકી આ માંસભોજનનું ભક્ષણ અમારે માટે અનુચિત છે. વર્જ્ય છે.'

**ઘોર જંગલના રસ્તે કેમ ?**

ચોર કહે તો જેવી તમારી મરજી, પણ અહીં દિવસ પસાર કરવો પડશે. એટલો કાળ અહીં બેઠા રહો, પછી જ્યારે બીજાઓ જમવામાં પડ્યા હશે ત્યારે આપણે અહીંથી બીજી બાજુની ચોર બારીમાંથી ભાગીશું. અને આપણે મુખ્ય કેડી માર્ગ છોડીને સરિયામ જંગલના રસ્તે ચાલવું પડશે; જેથી પાછળથી કદાચ સેનાપતિને ખબર પડે અને એના માણસોને તપાસ કરવા છોડે, તો પણ આપણો પત્તો જ ન લાગે. આ મારો મુખ્ય આશય છે, એટલે જ એવા નિર્જન જંગલના આડા માર્ગે મારી સાથે એકલા અટુલા ચાલતાં કશી શંકા કરશો નહિ. માત્ર ક્ષેમકુશળ તમને આ દુષ્ટોના સકંજામાંથી છોડાવી દેવા એ જ મારો નિર્ધાર છે.

ચોરના વચનથી અમને ભારે રાહત મળી. આમ તો હજી આ પલ્લીમાંથી સુખરૂપ બહાર ન નીકળી જઈએ ત્યાં સુધી મોતનો ભય અમને ભારે કંપાવી રહ્યો હતો. પરંતુ મનને મોટી આશા રહી કે

**'જ્યારે અમારે એવું પુણ્ય જાગ્યું છે કે નિર્દય ચોરમાં પલટો આવી જાય, અને એજ પોતાની જાતના ભોગે અમને બચાવી લેવાનું કરે, તો પછી એજ પુણ્ય આપણને મોતથી કેમ નહિ બચાવી લે ?**

**અરિહંતને ભજી લેવાનો જ આ મળેલો જનમ એમ અકાળે શાનો ઝુંટવાઈ જાય ?**

અમારે વાત અતિ ગુપ્ત રાખવાની હોઈ બહાર આનંદ દેખાડવાનો નહોતો, પણ અંદરખાને અમને છૂટવાનો આનંદનો પાર ન હતો. !

યોગ દર્શનવાળા કહે છે,- 'જીવને જ્યારે પોતાના આત્માનું ભાન થાય છે અને એમાં સંસારમાંથી છૂટકારો કરાવનાર તત્ત્વજ્ઞાન મળે છે, ત્યારે એને અપૂર્વ આનંદ થાય છે; કેમકે એ સમજે છે કે

**'આ અંતરમાં તત્ત્વપ્રકાશ એ ભવકેદમાંથી પલાયન થવાની કાળઘંટા છે.**

એ જીવને વિશ્વાસ આપે છે કે હવે તમારે બહુ ભવમાં ભટકવાનું નહિ. કાળઘંટા સમજો છો ને ? 'કાળઘંટા એટલે કાળ પાક્યો છે એને સૂચવતી ઘંટા; જે સાંભળીને જીવ નજીકમાં સંસારમાંથી છૂટીને પલાયન થઈ જવાનો. એ વખતનો આનંદ અનહદ હોય છે.

પહેલવહેલું સમ્યક્ત્વ પામે ત્યારે જીવને અપૂર્વ આનંદ થાય છે, 'અપૂર્વ' એટલે પૂર્વે કદી નહી અનુભવેલ.

**પ્ર.**- તો શું ૭મી નરકના ત્રાસમાંથી છૂટે ત્યારે એવો ભરપૂર આનંદ ન થયો હોય ? અથવા કોઈ તીર્થંકર ભગવાનનું કલ્યાણ થાય એ વખતે એવો આનંદ ન થયો હોય ?

**ઉ.**- અહીં આનંદ આનંદમાં ફરક છે. પેલા બે આનંદ પૌદ્‌ગલિક આનંદ છે, આ સમ્યક્ત્વ પ્રાપ્તિનો આનંદ આત્મિક આનંદ છે.

**નરકમાંથી છૂટવાનો આનંદ એ એક જ જન્મની કેદમાંથી છુટવાનો આનંદ છે, જ્યારે સમ્યક્ત્વનો આનંદ અનંત જન્મોની કેદમાંથી છુટવાના વિશ્વાસનો આનંદ છે.**

**"સમ્યક્ત્વ એ ભવ-ચારક-પલાયન કાલઘંટા છે."**

અર્થાત્ ભવના કેદખાનામાંથી પલાયન થઈ જવાના સમયનો ઘંટ વાગવા બરાબર છે. જીવ સમ્યક્ત્વ પામ્યો એટલે જાણે ઘંટ વાગ્યો કે કેદીઓ ! જાવ,અહીંથી તમારે ભાગી જવાનો સમય આવી ગયો છે. કોઈ માણસ જનમકેદની સજા પામ્યો હોય અને મહારાણી ગર્ભવતી થઈ હોય ત્યારે કેદીને આશા બંધાય છે કે મોટા રાજપુત્રનો જન્મ થશે અને કેદખાનામાંથી થૂટી જવાનો ઘંટ વાગશે. એ કેદી હજી ૫-૭ મહિના પછીય, છૂટશે ત્યારે છૂટશે પરંતુ છુટવાનો નિશ્ચિત ભરોસો બેસવાથી અપૂર્વ આનંદ પામે છે. એવું સમ્યક્ત્વ પામનારા જીવને ભરોસો બેસે છે કે આ સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્રથી હવે મારે અનંત અનંત કાળથી ચાલી આવેલી ભવોની કેદની પરંપરાનો અંત આવી જવાનો ! આના ઉપર એને કેમ આનંદ બંનેને અહીંથી છુટવાનો સમય હવે નિશ્ચિત જણાયાથી,

**પછી તો મરણથી ઊગરી જવાના અને કેદખાનામાંથી બહાર નીકળી જવાના આનંદમાં ભૂખ્યા ભૂખ્યા દિવસે પસાર કર્યો એમાં કશું કષ્ટ લાગ્યું નહી.**

**ચોર બંનેને લઈ ચાલે છે :-**

દિવસ આથમી ગયો. રાત્રિ આવી. ચંદ્રમાં ઊગેલો જ હતો, અને ચોર અમારી પાસે આવીને કહે છે, ચાલો જલ્દી ઊઠો, હમણાં અહીંના બધા ભોજન કરવામાં પડ્યા છે, એટલે આપણે જલદી નીકળી જઈએ. જરાય ગભરાશો નહિ.



હું તમને એવા રસ્તે બહાર લઈશ કે જ્યાં કોઈને ય ખબર ન પડે. એમ કરીને એ નીકળ્યા, અને એક નાની ઝુંપડીમાંથી પાછલા દરવાજેથી જંગલ સાવ ઉજ્જડ જેવું હતું જેમાં કોઈ રસ્તાની ખબર જ ન પડે; પરંતુ ચોરને એ જંગલ પૂર્વનું પરિચિત જંગલ હતું એટલે નિશ્ચિત હૃદયે ચાલતો. રખેને કોઈ ત્યાં હાજર હોય ને એમને જોઈ જાય તો ? તેથી ચોર એવા નિર્જન રસ્તે જ ચાલતો, આગળ જુએ, પાછળ જુએ, બાજુમાં જુએ, એમ આડો અવળો જોતો જોતો ચાલતો અમને લઈ જાય છે.

આગળ ચાલતાં જ્યાં કોઈ અવાજ સંભળાવા લાગ્યો, તો હાથમાં શસ્ત્ર પકડીને ચાલુ રસ્તો છોડીને ચાલે છે. અમને કહે છે કે જુઓ આપણે પેલા રસ્તે ચાલતા તો ત્યાં રસ્તો થોડો ટૂંકો, પણ વાઘ વરુ વગેરેનો મોટો ભય હતો, અને તેમાં તો મોત જ થઈ જાય, છતાં આ રસ્તે ભય નથી તો પણ મારી પાસે તીર કામઠું વગેરે શસ્ત્રો હોવાથી તમે જરાય ગભરાતા નહી. અલબત વાંકું ટેઢું ચાલવું પડશે, વાટ પણ કંઈક લાંબી થશે. છતાં શિકારી પશુનો ભય લગભગ નહિ નડે.' બંનેને તો ચોરોની પલ્લીમાંથી છુટવાનો એટલો બધો આનંદ હતો કે આખી રાત ચાલવું પડે એની ચિંતા નહોતી એનો કંટાળો નહોતો. આ સૂચવે છે કે,-

**દીર્ઘકાળ સાધનાથી કંટાળો કેમ ન આવે ? :-**

જેને સંસારમાંથી ભાગી મોક્ષે પહોંચવાનો આનંદ ભરચક હોય એને સાધનાના માર્ગે દીર્ઘકાળ ચાલવું પડે એનો કંટાળો ન આવે. કેમકે આ લાંબો સાધનાનો કાળ પૂર્વ ભવમાં દુઃખોમાં ભટકવાના અનંત કાળ અને હજી પણ મોક્ષનો યત્ન ન થાય તો પુનઃ ભવભ્રમણના જાલિમ દુઃખમય અનંત કાળ આગળ વિસાતમાં નથી.

તરંગવતી પદ્મદેવ પલ્લીમાંથી છુટવાના પરમ આનંદમાં જંગલમાં લાંબુ લાંબુ હોંશે હોંશે ચાલે છે. સુકોમળ તરંગવતી આટલું બધું ચાલી શકે ? હા, કારણ કે નજર સામે પેલી પલ્લીમાં દેવીના ભોગ આપવા તરીકે કરપીણ રીતે કપાઈ મરવાની ક્રૂર મોતની પીડામાંથી ઊગરવાનું મળે છે, એ આનંદ સુકોમળ પણ શરીરને લાંબુ ચલાવાનું બળ આપે છે.

જીવ જો વિચાર કરે કે જીવનમાં એવા કોઈ મોતના ભયવાળા પ્રદેશમાંથી ભાગી છુટવા, ભૂખ્યા તરસ્યા અને બહુ ચાલવું પડે એમાં એને જરાય કષ્ટ લાગતું નથી. તો પછી જેને નજર સામે દેખાય છે કે કપરા ત્યાગ તપ ચારિત્રના માર્ગે લાંબું ચાલવામાં કષ્ટ ઉઠાવવા પડે તો ઉઠાવીને પણ અનંત સંસાર યાત્રાનો અંત લાવી શકાય છે ! તો પછી એ કષ્ટમય કપરો પણ સંયમ માર્ગ કેમ આનંદભેર ન સ્વીકારે ? અને કેમ એનું ભારે હોંશ સાથે પાલન ન કરે ?

રાજકુમાર મૃગાપુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું અને એમાં પૂર્વ ભવનું ચારિત્ર યાદ આવ્યું એમાં નરકાદિ દુર્ગતિના ભારે કષ્ટ ત્રાસ જાણે હૂબહૂ નજર સામે આવી ગયા. હવે માતા પાસે ચારિત્રની રજા માગે છે. માતા ત્યાં એને ચારિત્રના ભારે કષ્ટ દખાડે છે, ત્યારે મૃગાપુત્ર કહે છે કે માં ! મેં નરકમાં જે ત્રાસ અને યાતનાઓ વેઠી છે, એનાં તને શું વર્ણન કરું ? એની આગળ અહીંના ચારિત્રના ભારે પણ કષ્ટ કોઈ વિસાતમાં નથી. એમ છતાં પણ માની લે કે ચારિત્રનાં કષ્ટ ભારે પણ હોય, તો ય જ્યારે ચારિત્રથી અનંત ભવની કેદમાંથી છુટી જવાય છે, પછી એ ધર્મ કષ્ટ અનિષ્ટ અણગમતા નહિ, ઈષ્ટ જ લાગે છે.

**માણસને ધર્મનાં કાર્ય અને પરોપકાર કષ્ટરૂપ ત્યાં સુધી જ લાગે છે કે જ્યાં સુધી એનાથી દુઃખદ અનંતકાળના ભવ કારાગારમાંથી છુટકારો નથી દેખાતો.**

એને, અલ્પ સમય જીવી તુચ્છ વિષયસુખની સ્વાર્થમાયાની રમત મહા ઉત્તમ જિંદગીને બરબાદ કરનારી છતાં, એના પર જ આકર્ષણ રહે છે ! એને ધર્મનાં કષ્ટ કષ્ટરૂપ લાગે છે ને સંસારના કષ્ટ કશા કષ્ટરૂપ લાગતા નથી ! એ આશ્ચર્ય છે.

તરંગવતી-પદ્મદેવ ભૂખ્યા તરસ્યા જંગલનો આડો અવળો લાંબો પંથ આનંદભેર કાપી રહ્યા છે; કેમકે નજર સામે મરણાંત કેદમાંથી છુટકારો છે. ત્યાં મહા ભયભરી અટવીમાં ભવિતવ્યતાના યોગે રાત્રિના સમયમાં પણ કોઈ વાઘ-વરુ ભેટતા નથી, ને ભેટે તો કોઈ સાબર હરણિયાં વગેરે ભેટી જાય છે.

ચોર અમને કહે છે,- આ મોટું જંગલ છે તેથી બીક તો નથી લાગતી ને ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૫,તા.૧-૩-૧૯૮૬**

ત્યાં પદ્મદેવ કહે,-

'અરે ભાઈ ! તમે આવા દયાળુ અને ખૂબજ કાળજીવાળા રખેવાળ સાથે છો, પછી ભય શેનો લાગે ? ઊલટાનું અમને તો એ રાક્ષસી પલ્લીમાંથી બહાર દૂર દૂર લઈ જઈ રહ્યા છો એનો પરમ આનંદ છે ! તમારો બહુ ઉપકાર છે.'

ચોર કહે હું કશો ઉપકાર કરતો નથી, હું તો માત્ર મારું દેવું ચુકાવી રહ્યો છું,' અહીં જોવાની ખૂબી છે કે તરંગવતી એના કહેવાનો ભાવ સમજી રહી છે કે એણે જે પહેલાં પ્રિયને દોરડે બાંધ્યા અને પોતાનો તિરસ્કાર કર્યો એ દુઃખ આપ્યું એ દેવું થયું. હવે કેદમાંથી છોડાવી એ દેવાને ચુકવી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં ચોરની નજર સામે હવે યત્કિંચિત ચુકવવાનો પોતાના માથે મહાપાપનો બીજો જ



કોઈ મહત્ત્વનો ભાર છે, અને એ ભારને માથેથી યત્કિંચિત્ ઉતારવાનો અવસર આવી લાગ્યો છે, એટલે આ બંનેને ચોર પલ્લીથી દૂર ને દૂર લઈ જઈ નિર્ભય કરી રહ્યો છે. અલબત એ ભાર શો છે એનો અત્યારે પોતે કશો ખુલાસો કરતો નથી; કેમકે એના મન પર એ મહાપાપનો ભાર એટલો બધો છે કે એની સામે આમને સેનાપતિનો આમનો ભોગ આપવાની મરણાંત પીડામાંથી આમને આબાદ બચાવી લેવાનો ઉપકાર વિસાતમાં લાગતો નથી. એટલે એમની સામે એ પોતાની મહાપાપની હકીકત કહીને શી શાબાશી લેવાની ?

**જીવનમાં સેવાઈ ગયેલા કોઈની ઉપરના મહા અપરાધનો ભાર જો હૈયાને ભારે ખૂંચતો હોય, તો અવસર આવ્યે એના પર ભારે ઉપકાર કરીને પણ સજ્જન કશી વડાઈ ન માને.**

ચોર અમને કહે છે કે જુઓ હવે આપણે કોઈ ગામની નજીકમાં જઈ રહ્યા છીએ એટલે ધીરજ રાખજો. વનની વાટ પૂરી થાય છે એમ પ્રેમથી કહેતો કહેતો ચાલે છે. ત્યાં કૂતરાના ભસવા વગેરેનો આવતો અવાજ સાંભળવા મળે છે, તેથી કહે છે. હવે ગામ નજીકમાં છે. અહીંથી આથમણા જજો, હું પણ જાઉં છું, અને સ્વામીની આજ્ઞાથી અજ્ઞાનતાને લીધે જે મેં તમને પલ્લીમાં બાંધ્યા, અને બાઈને લાત મારી, તે હું તમારો અપરાધી છું. એ મારા અપરાધની ક્ષમા માંગું છું. એમ કહેતાં ચોર રડી પડ્યો.

**ચોરની ક્ષમાયાચના : પદ્મદેવની સેવાયાચના :-**

એ જોઈને પદ્મદેવ તરંગવતી પણ રડી પડે છે. પદ્મદેવ રોતાં રોતાં કહે છે, ભાઈ ! તમે અપરાધી શાના ? તમે તો અમને જીવતદાન આપ્યું, એ તમે તો અમારા બહુ મોટા ઉપકારી છો. આ તો તમે હતા તો અમને મોતથી બચાવી કેદમાંથી બહાર કાઢી અહીં લઈ આવ્યા. અમે તો ત્યાં અશરણ નિરાધાર બનેલા હતા, જીવવાની આશા જ મૂકી દીધેલી. તમારા સિવાય ત્યાં બીજો કોણ અમને બચાવાનું હતું ?

ચોર કહે હું શું બચાવું ? તમને ભગવાને બચાવ્યા. લો હું જાઉં. ત્યારે પદ્મદેવ કહે

"પણ તમે ક્યાં જાવ ? હવે તો અમારે તમારી કાંઈક સેવા કરવાનો અવસર આવી મળ્યો. ત્યારે તમે જવાની વાત કરો છો ? તમે અમને જીવન આપ્યું તે અમારે તમારું કાંઈ નહિ કરવાનું ?

"જુઓ હું વત્સપુરીનો ધનદેવ સાર્થવાહનો પુત્ર છું. પદ્મદેવ મારું નામ છે. ત્યાં આવો અમારા સાથે અમે તમને ખૂબ ધન આપીશું."

ચોરને પોતાની પલ્લીવાળાનો કાંઈક ભય છે કે ગમે તે કારણે એ કહે છે, જુઓ જ્યાં તમારે જવાનું છે ત્યાં નહિ આવી શકું. કારણ મને પૂછશો નહિ; અને તમે ત્યાં મારું નામ પણ લેતા નહિ; તમને મારા સોગન છે.

પદ્મદેવ કહે પરંતુ આ જગતમાં જીવને સૌથી વધુ પ્યારું અને સારભૂત પોતાનું જીવન છે. એ તમે અમને આપ્યું તો હવે જરાક ઘરે નહિ આવો ? બેસીને પાણી પીને ચાલ્યા જજો.'

ત્યારે ચોર કહે 'મારે ત્યાં કોઈની નજરે ચડવું નથી બાકી તમે જે હવે ખૂબ જ સંતોષથી રાજી થઈને જાઓ છો, એમાં તમારે મારા પ્રત્યે જે કાંઈ કરવાનું તે બધું જ કરી દીધું છે, તમે મને ધનના ઢગલા આપો એના કરતાં આ તમે ખૂબ રાજીખુશીમાં છો એ મારે મન મહાસંપત્તિ છે. લો બસ, એમ કહીને એ ચોર ઉત્તર દિશા તરફ ચાલ્યો ગયો

તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે કે 'ગૃહિણી ! એણે જે અમને મોતમાંથી ઉગારી અહીં સુધી લાવી મૂક્યા, અને હવે જ્યારે અમે નિર્ભય બની ગયા, ત્યાં અમારા પર વરસેલ જીવતદાનનો અતિ ઊંચો ઉપકાર પામેલા અમે એને ધનના ઢગલા આપી દેવા તૈયાર છીએ, એ વખતે જે એની નિસ્પૃહતા જોઈ, તેથી અમે દિંગ થઈ ગયા ! પાછો વળી એ કહે છે,-

'તમે મરણાંત કષ્ટની કેદમાંથી છૂટીને હવે ખૂબ રાજીખુશીથી જાઓ છો એ જ મારે સંપત્તિ છે. આવો જે નીચેની કક્ષાનો માણસ ગણાય, એનામાં આટલી બધી નિસ્પૃહતા ! અને એને નિઃસ્વાર્થ પરોપકાર કર્યાનો જ મહા આનંદ ? એ ઘડીભર આપણને વિચારતા કરી દે છે કે ત્યારે

- **ઉચ્ચ ગુણોની પાત્રતા ક્યાં સમજવી ? અથવા,**
- **કોણ ઠેકો રાખી શકે કે અમને તો આવા ઉચ્ચ ગુણો જ ખપે ?**
- **સાચા ગુણના પૂજારીને નવું નવું ગુણાર્જન જ ખપે.**

**ખાવકલા** માણસ ઠેકો રાખે છે કે અમારે તો આવું આવું ઊંચું જ ખાવાનું ખપે ! શ્રીમંત ઠેકો રાખે છે કે અમારે તો સાત આકંડાની જ સંપત્તિ ખપે, ઓછી નહિ ! બહુ વિદ્વાનના મનને થાય છે કે ભારે એટલી એટલી ઊંચી વિદ્યાઓ જ ખપે, ઓછી નહિ ! એમ ગુણના જો આપણે પૂજારી હોઈએ, તો આપણને પણ એમ થયા કરવું જોઈએ કે મારે તો આવી આવી નિસ્પૃહતા પરોપકારનો જ આનંદ, વગેરે વગેરે ઉચ્ચ કોટિના ગુણ જ ખપે. આ જો મનને ગુણોનું પ્રશસ્ત ગૌરવ, પ્રશસ્ત લોભ, આવી જાય તો પછી જીવને ગુણવિકાસ કરવામાં કાંઈ વાંધો ન આવે, કશો વિલંબ કરાય નહિ, ગુણાર્જનમાં ક્યાંય સંતોષ વાળી બેસી ન



જવાય. તપાસો આપણે ગુણના પૂજારી છીએ ?

આપણે સમજીએ કે હું ગુણવાન બનું, એમાં જ મારું સાચું ગૌરવ છે, અને સંસારમાં આ જ એક જનમ એવો છે કે જેમાં ગુણો કેળવી શકાય છે. કોઈ ગુસ્સો કરતો આવ્યો, પણ આપણે ક્ષમા જ રાખી, તો એમાં શા બહુ લૂંટાઈ ગયા ? ક્ષમાગુણ આમ જ કમાવાતો જશે. કૂતરાની જેમ, એક ભસતા કૂતરાની સામે બીજો ભસવા માંડે એમ આપણે ગુસ્સાની સામે ગુસ્સો દાખવ્યો એમાં શી વડાઈ ?

**ગુણોનું ગૌરવ, ગુણોનો લોભ, એ માનવજનમની વડાઈ છે.**

તરંગવતી પદ્મદેવ પેલા ચોરને ઘરે આવવા અને અઢળક ધન લઈ જવા વિનવે છે. પરંતુ ચોર એમ જ કહે છે, તમે જે અહીં હવે પલ્લીમાંથી છૂટકારો પામી સંતુષ્ટ થયા, એથી મને બધુ મળી ગયું છે. કેવી નિસ્પૃહતાવાળું અને અદ્‌ભુત સહાનુભૂતિવાળું વચન !

ચોર ચાલ્યો ઉત્તર તરફ, આ બંને ચાલ્યા પશ્ચિમ તરફ.

**અત્યાર સુધી સામાના ઉપર ઉપકાર કર્યે ગયા પછી બદલામાં કશી સેવા લેવાની વાત આવે ત્યારે એ ભાવ બતાવવો કે કશી ચીજ-વસ્તુ કે મારા સ્વાર્થનું કાર્ય યત્કિંચિત સેવાથી તમને જે શાંતિ સ્વસ્થતા મળી, એ આપે છે.**

**બદલાની અપેક્ષા વિનાના ઉપકારનો આનંદ અદ્‌ભુત !**

**બીજા જીવોને આપણે જે શાતા સ્વસ્થતા આપીએ, એનો આનંદ અનેરો છે !**

માટે તો માતા પોતે મીઠાઈ ખાઈને જે આનંદિત નથી થતી, એ પતિને કે પુત્રને ખવરાવીને થાય છે. અભયદાનનું આ જ મહત્ત્વ છે કે જીવોને એથી આપણે ભારે શાતા આપીએ છીએ. પછી કુદરતમાતા આપણને એની કેઈ ગુણી કરીને શાતા આપે છે. ધરતીને એ બીજ આપો તો કુદરત એના કેટલા ગુણો કરીને પાક આપે છે ને ? જો આ બહુ ધ્યાનમાં લેવાય, તો વારંવાર મળતી સેવાની તક ઝડપી લેવાશે.

તરંગવતી સાધ્વી પેલી શેઠાણીને આગળની હકીકત જણાવતાં કહે છે કે ગૃહિણી ! અમે ત્યાંથી પશ્ચિમ તરફ ચાલ્યા. જંગલની વચ્ચે ચાલવાનું હતું તેથી કાંઈ આફત ન આવે એ માટે અમે ઉતાવળે ઉતાવળે ચાલ્યા, એમાં મારે ભૂખ તરસ વધી ગઈ, અને કંઠ પણ સુકાઈ ગયા છે. જીભે ય સુકાઈ ગઈ, અને કંઠ પણ સુકાઈ ગયો છે. એટલે હવે ચાલવામાં અરબડિયાં આવે છે. એટલે મેં પ્રિયને કહ્યું હવે પાણી વિના ડગલું આગળ નહિ ચાલી શકાય. માટે કાંઈક તપાસ કરો કે પાણી ક્યાં મળે ? ત્યારે પ્રિય મને કહે જો અહીં છાણાં દેખાય છે એ પરથી લાગે છે કે નજીકમાં ગોકુળ હોવું જોઈએ તો હું જઈને તપાસ કરું.'

મેં કહ્યું મને એકલીને મૂકીને ક્યાં જાઓ ? આ તો જંગલ છે આપણે બંને સાથે જ ધીમે ધીમે જઈએ. એમ કરીને અમે ધીમે ધીમે ચાલ્યા. ત્યાં આગળ એક ગોવાળ મળ્યો.

એ પૂછે છે તમે અહીં ક્યાંથી આવી ચડ્યા ?

આર્યપુત્ર કહે 'દોસ્ત ! અમે રસ્તો ભૂલ્યા છીએ. આ કયો દેશ છે ? અને અહીં નજીકમાં કયું ગામ છે ?

ગોવાળ કહે,- અહીં ખાયક નામનું ગામ છે. એમ કહી એણે ગામનો રસ્તો બતાવ્યો. ત્યાં અમે પાણી પીધું. ત્યાં ગામડીયન સ્ત્રીઓ અમને જુએ છે અને વિસ્મય પામે છે કે આવા સારા માણસો અહીં ? મારા મનને સંતોષ થયો કે પત્યું ગામ આવ્યું ! ક્યાં અટવીનો ભય ભરેલો રસ્તો ? અને ક્યાં નિર્ભય ગામ આવ્યું ? આના સંતોષમાં ભૂખને નહીં ગણતી ચાલી રહી છું, પરંતુ ભૂખ કાંઈ થોડી જ કોઈની સગી થાય છે ? ગામ મળ્યાના આનંદમાં ક્ષણભર ભૂખ ભલે ભૂલાઈ ગઈ, પરંતુ ચાલતાં ચાલતાં પાછી ભૂખ ઉત્તેજિત થઈ ગઈ. એટલે મેં પ્રિયતમને કહ્યું હવે ભૂખ ભારે પીડે છે, તેથી ચાલો કોઈ જગ્યાએથી ભોજન મળે તો તપાસ કરીએ.'

**સંસારના સુખ-દુઃખ આવા અસ્થિર અને અનિશ્ચિત છે.** જંગલમાં ભૂખ તરસનું દુઃખ તો હતું, જ પરંતુ ત્યાં રોકાવામાં ભય હતો, તેથી એ ભયના દુઃખમાં ભૂખ તરસનું દુઃખ ગૌણ થઈ ગયું, ભૂલાઈ ગયું.

**મહાત્માઓને ત્યાગ તપશ્ચાર્યા કરતાં કરતાં દુઃખ કેમ નથી લાગતું ?**

**કહો, એમને ખાનપાન મોજ ઊડાવવામાં સંસારમાં અનંત દુઃખોમાં અટકી પડવાનો મોટો ભય હોય છે, એટલે જ એ ભયના માર્યા ત્યાગ-તપનાં ભૂખ-તરસ અને અશક્તિના દુઃખને ગણકારતા નથી.**

આવો જ કોઈ ભય હશે ત્યારે તો ધન્ના અણગાર; શાલિભદ્ર મહામુનિ, વગેરેએ ભૂખ તરસના દુઃખને નહીં ગણકારતાં ત્યાગ અને તપમાં કાયાને સુકાવીને હાડપીંજરશી કરી નાખી હશે ને ?

**સુખ-દુઃખમાં સાપેક્ષવાદ છે.**

જો કોઈ ભય નથી તો ઈષ્ટ વસ્તુમાં સુખ લાગે છે. પરંતુ જો ત્યાં જ ભયના સંયોગ ઊભા થઈ જાય તો મન પરથી એ સુખનો લોપ ! અને દુઃખની લાગણી ઊભી થઈ જ ગઈ સમજો ! દમયંતી નળની સાથે રાજ્ય હારી ગયા પછી જંગલમાં સુખેથી ચાલતી હતી. પ્રિય પતિ સાથે છે એના આનંદમાં મન પરથી આવેલા દુઃખને ઉતારી નાખે છે. પરંતુ જ્યાં એણે જોયું કે મને એકલી સૂતી મૂકીને હું પિયર



ચાલી જાઉં એ માટે પતિ રાતના નીકળી ગયા, ત્યારે એને ભારે દુઃખ લાગ્યું, એનાં મનમાં એ વાત ખટકી ગઈ કે હું જ્યારે પતિની સાથે ખુશમિજાજમાં ચાલવા તૈયાર હતી, તો પછી એમણે મને કેમ એકલી ટળવળતી મૂકીને ચાલતી પકડી ? એટલે પતિના વિયોગનાં દુઃખની અપેક્ષાએ પહેલાં એવું કાંઈ દુઃખ માન્યું ન હતું.

**સંસારના આવા સાપેક્ષવાદના સુખ-દુઃખનાં કોઈ ઠેકાણા છે ? કશા જ નહિ.**

એટલે જ મોક્ષના સુખની વિશેષતા સમજાય છે ? કે જ્યાં મોક્ષમાં એવી કશી સાપેક્ષતા જ નથી, તેથી જ ત્યાં અનંત સહજ સુખ છે.

**સ્થૂલભદ્રજીએ મંત્રીમુદ્રિકા કેમ ન સ્વીકારી લીધી ? :-**

સ્થૂલભદ્રજીએ સહેજ વાતમાં શી રીતે દીક્ષા લઈ લીધી ? રાજા કહે, લો આ તમારા પિતાજીની મંત્રીમુદ્રિકા, હવે તમે એ પહેરી લો, અને આજથી તમે મહામંત્રી. ત્યારે સ્થૂલભદ્રે સહેજ વિચાર કરીને મંત્રીપણું ય નહિ. ને કોશાવેશ્યા ય નહિ, અરે ! આખો સંસાર પણ નહિ જોઈએ, એમ કરી ચારિત્ર લઈ લીધું ! તે આ સમજીને કે સંસારના સુખ સાપેક્ષવાદના ઘરના છે. જોયું જો હું મંત્રીમુદ્રિકાના મોટા હોદ્દા સન્માનનાં સુખ લઉં, તો કોશાના ચોવીસે કલાકના સુખ જાય, કેમકે દિવસના મંત્રીપણાની ખટપટ બજાવવી પડે. પરંતુ હું એટલું આ જ શું કામ જોઉં છું ? મોક્ષમાં કોઈ સાપેક્ષભાવ નથી તો ત્યાં અનંત સુખ છે. પરંતુ તે ક્યારે મળે ? જો સંસારના તુચ્છ સુખ લેતો બેસી રહું તો એ મોક્ષના અનંત સુખ ન મળે ત્યારે,

**જો કોશાના ચોવીસે કલાકના સુખ ખાતર મંત્રીપણું ન જોઈએ કરું છું તો પછી એથી આગળ મોક્ષના અનંત સુખ ખાતર મારે સંસારના સુખ પણ ન જોઈએ.**

**મારે તો હવે મોક્ષના સાધનભૂત ચારિત્ર જ જોઈએ.**

એમ કરી તરત ત્યાં ને ત્યાં મનથી ચારિત્ર લઈ સાધુવેશ કરી દીધો. સંસારમાં ગમે તેવા મોટા દેવતાઈ પણ સુખ હોય, એ સાપેક્ષભાવ પર જીવે છે. તેથી જ એના બુદ્ધિશાળી જીવને વૈરાગ્ય થાય છે.

તરંગવતી-પદ્મદેવ સંસારની આવી સાપેક્ષભાવની સુખ-દુઃખની ઘટનાઓમાંથી પસાર થતા થતા આટલે સુધી આવ્યા છે કે ઘરેથી લાખોનું ઝવેરાત લઈને નીકળેલા છતાં અત્યારે એમની પાસે એ કશું નથી. ને એક ગામડામાં ભૂખ્યા થયેલા શું ખાવું ? એની મુંઝવણમાં છે. છે ને સંસાર ?

તરંગવતી કહે, આર્યપુત્ર ! ભૂખ ખૂબ લાગી છે, કંઈક ભોજનનું શોધો...**કેવી વિષમતા ? કરોડપતિની કન્યાને ખાવાનું નથી મળતું !**

ત્યારે પદ્મદેવ કહે ચોરોએ બધું લૂંટી લીધું હવે સાવ નિર્ધન થઈ ગયેલા આપણે કોઈના ઘરમાં ઓળખ-પારખ વિના શી રીતે પેસી શકીએ ? અત્યારે ભારે સંકટથી પીડાતા છતાં પણ આપણે ઉત્તમ કુળની ખાનદાનીને વહન કરતા હોવાથી, બીજાની આગળ કેવી રીતે કરગરતા ભીખ માંગી શકીએ કે 'અમને ખાવાનું આપો ?' ખાનદાન માણસ માટે તો, બીજાની આગળ ગરીબડા થઈને દીનતા કરવી એમાં તો હલકાઈ છે, ને એ અપમાનનું મૂળ છે કેમકે સામાને ખાવાનું આપવાનું મન ન હોય, અને આપણે ગરીબડા સત્ત્વહીન થઈને માગીએ તો સંભવ છે કે એ આપણા પર ચડી બેસે ! ને ગમે તેવા 'ચાલ હટ અહીંથી ભિખારડા ? કેમ અહીં માગવા આવ્યો ?'...વગેરે અપમાન તિરસ્કારના શબ્દ કાઢે, એ આપણાથી કેમ સંભળાય ? એના કરતાં ગરીબડા ન થવું, ને ન કરગરવું, એ જ ડહાપણભર્યું છે. પાસે પૈસા ન હોય અને ગમે તેટલી પીડા હોય છતાં પેલાના અસભ્ય બોલની સામે આપણાથી થોડા જ અસભ્ય બોલ બોલાય ?

**ઉત્તમ કુલવટવાળાની જીભ પર એવા અસભ્ય અપશબ્દ શોભે જ નહિ.**

અલબત તને એમ લાગશે કે 'હું ખૂબ ભૂખી થયેલી છતાં શું મારા માટે તમે ગમે તેમ કરીને ખાવાનું નહી લાવી આપો ?' પરંતુ આ તો મેં તને ઉત્તમ કુળવટવાળાનો સહજ સ્વભાવ અને ખાનદાની કેવી હોય છે એનો સહેજ ખ્યાલ આપ્યો; બાકી તારી ખાતર હું બધું જ કરવા તૈયાર છું. તારી ખાતર મારે કશું નહિં કરવા જેવું છે નહિ. બધું જ કર્તવ્ય છે, તારી ખાતર જે જે કરવું પડશે તે તે કરીશ; પણ હમણાં જરાક ખમી જા, અહીં આપણે આ પાસે દેવળ છે એમાં જઈ જરા બેસીએ, અને ત્યાં જુવાનિયા વાર્તા વિનોદ કરે છે તે સાંભળીએ, તેથી તારું મન જરાક એમાં લાગવાથી મનને ભૂખની પીડા ઓછી લાગશે.

**ભૂખ વેઠી લેવાનું તરંગવતી કેમ સમજી ગઈ ? :-**

તરંગવતીને ભૂખની પીડા બહુ છે, ને પદ્મદેવ ભીખ માગવા જવાની ના પાડે છે, પરંતુ એ ના પાડવા પાછળ એણે જે ઉત્તમ કુલવટની રીતિનીતિ બતાવી. એ તરંગવતીના ગળે ઊતરી જાય છે. એ સમજે છે કે ગરીબડા થઈને દીનહીન વચનથી ભીખ માગવાનું કરવા જતાં, જગતમાં બધા માણસો સરખા નથી હોતા, એમાં ક્ષુદ્ર પ્રકૃતિના માણસો ય હોય; ને જો હલકા તિરસ્કારભર્યા અપશબ્દ બોલી કાઢે, તો એ સાંભળતાં તો ખાનદાન માણસને ભૂખનાં દુઃખ નાનું; જે એ દુઃખ તો ગાળ સાંભળતા પણ પાછું ઊભું તો છે જ, એમાં વળી ગરીબડા થઈ કરગરીને ભીખ માંગતા કાંઈ વળતું તો છે નહિ, તો પછી અસભ્ય શબ્દો સાંભળવાના આવી પડે, એ મહાદુઃખ શા માટે ઊભું કરવું ? એના કરતાં ભીખ ન માગવી



સારી. આ તો ઠીક છે કે ગામ આવી લાગ્યું એટલે માગવાનું મન થાય; બાકી જંગલ જ લાંબુ નીકળ્યું હોત તો ત્યાં ક્યાં માગવાની વાત જ હતી ? તો ત્યાં ભૂખનું દુઃખ સહન કરી જ લેવાનું હતુ ને ? માટે હમણાં એમ સમજી લે કે હજી જંગલના પ્રવાસમાં છીએ, તો શા માટે અપમાન-પરાભવ-તિરસ્કાર પામવાનો પ્રસંગ જ ઊભો કરવો ?

તરંગવતીએ મન વાળી લીધું એને પદ્મદેવની વાત વાજબી લાગી; **ખાનદાન માણસ ગમે તેવા સંકટમાં પણ એવો ગરીબડો ન થાય કે જેથી સામા કોઈ તુચ્છ માણસ માથા પર ચડી બેસે,**

તરંગવતી ભૂખનું દુઃખ ભૂલી ગઈ.

**દુઃખ શેમાં ? ભૂખમાં ? રોગમાં ? નિર્ધન થઈ જવામાં ?**

**ના, કશામાં નહિ, પણ દુઃખ પોતાની અસત્ અપેક્ષામાં.**

**અપેક્ષા છોડી દઈએ તો દુઃખ ગયું.**

તરંગવતીને ભૂખની પીડા હતી, પરંતુ પદ્મદેવે જ્યાં સમજાવ્યું કે ક્ષુદ્ર માણસ પાસેથી દીનદુઃખિયારા થઈને ભીખ માગતાં, ભીખ મળવાની આશા રાખવી એ અસત્ અપેક્ષા છે. કેમકે એમાં સંભવ છે ભીખ મળવાને બદલે અસભ્ય વચન, અપશબ્દો, ગાળો, ને પરાભવ મળે, એટલે ભીખ માગીને ત્યાં કંઈક મળશે એવી આશા રાખવી, એવી અપેક્ષા રાખવી એ ખોટી છે. જો એમાં તણાયાને ભીખ માગવા ગયા તો અપમાનના મહાદુઃખ આવી પડવા સંભવ છે. એના કરતાં જો એવી ખોટી આશા જ છોડી દીધી તો સુખી; ભલે ભૂખ-રોગ-ગરીબી વગેરે દુઃખ હોય, પરંતુ ત્યાં તો તાત્ત્વિક વિચારણા કરવાથી મન પરથી દુઃખનો ભાર ઓછો થઈ જાય છે.

દા.ત. અહીં તરંગવતીને ભૂખનું દુઃખ હતું પરંતુ પદ્મદેવે સુઝાડી દીધું. કે 'હજી આપણે જંગલમાં જ ચાલતા હોત તો ભૂખ સહન કરી જ લેવી પડત ને ?' એટલે **તેવા તેવા સંયોગોમાં આપણે કષ્ટ ક્યાં નથી વેઠી લેતા ? નથી ચલાવી લેતા ? તો** અહીં પણ અપમાન તિરસ્કારના મહાકષ્ટ રોકવા માટે ગામનો સંયોગ છતાં ભીખ માગ્યા વિના ચલાવી લેવાનું.'

મહાસતી સીતાજીની રામ દ્વારા જંગલમાં હકાલપટ્ટી થઈ ત્યારે સીતાજીને કષ્ટ કેવાં ? છતાં કેમ રોકકળ ને કરુણ કલ્પાંત એમણે ન કર્યા ? કહો, એ સમજી ગયા કે જીવ જ્યાં અસંખ્ય જનમના કેવા કેવા ય કર્મોથી લદાયેલો છે, એવા સંસારમાં મનમાન્યા સુખ અખંડ ચાલુ રહેવાની આશા અપેક્ષા રાખે એ જ ખોટું છે એ ખોટી આશા છે, અસત્ અપેક્ષા છે; કેમકે શી ખબર ગમે તેવું કર્મ ગમે

ત્યારે ઉદયમાં આવે, ને ક્યારે સુખ-સગવડ-સન્માનની આખી બાજી ફેરવી નાખે? ત્યાં પછી મોટી અપેક્ષા રાખેલી કે 'મારે તો સુખ સગવડ બરાબર ચાલવાની' એ શી કામ લાગી ? સીતાજીએ આ તારવણી કાઢી કે

**"મૂળ પાયામાં સંસાર જ ખોટો છે કે જ્યાં કર્મની જીવને ભારે પરાધીનતા છે અને જીવ એમાં અસત્ અપેક્ષાઓ રાખે છે. ને એમાં કર્મોની લપડાક પડતાં દુઃખી દુઃખી થઈ જાય છે.**

"માટે મારે મોટું મહારાણીપણું અને એને અનુકૂળ સંયોગો ભૂલી જવાના; સંસાર ઓળખી લેવાનો; અને કલંક ઊતરી જતાં સંસાર ઓળખી લેવાનો, અને કલંક ઉતરી જતા સંસાર સવેળા છોડી દેવાનો."

શું ખોટી અપેક્ષા ન રાખે, ને ભાગ્ય પર વિશ્વાસ રાખે, તો દુઃખી જ રહેવું પડે છે ? ના, જુઓ, અહીં સીતાજીએ અસત્ અપેક્ષાઓ પડતી મૂકી તો એમનું સદ્ભાગ્ય કેવુંક કામ કરે છે !

**સીતાજીએ મન** પરથી બધી સુખ-સગવડોને ઉતારી નાખી, એટલે હવે તો કેમ ? તો કે 'હવે તો જંગલમાં શીલને આંચ ન આવે એટલી જ અપેક્ષા રાખવાની,'- એમ મન વાળ્યું, ત્યાં એમને ધર્મની બેન ગણી લઈ જાય એવો એક રાજા જ આવી મળ્યો ! એણે એમને લઈ જઈ આશ્રય આપ્યો. શીલને સુરક્ષા મળી, એટલે ? અસત્ અપેક્ષાઓ જ કાઢી નાખી તેથી મહાદુઃખ ગયું, અને સ્વસ્થ ચિત્તે ત્યાં શાંતિથી બેઠા. પૂછો,-

**પ્ર.-** પણ બહારમાં બદનામી અને પોતાના ઘરે સુખદ વસવાટને બદલે પારકે ઘેર વસવાટ....વગેરે દુઃખ તો ઊભા જ છે ને ? ત્યાં મન સ્વસ્થ શી રીતે રહે ?

**ઉ.- કર્મનો સહજ પરિણામ સમજાય તો દુઃખ ન લાગે.**

બહાર અપયશ, પરઘેર વાસ, આ બધા દુઃખને સીતાજી કર્મનું સહજ પરિણામ સમજતાં. સહજ પરિણામ સમજ્યા એટલે મન પર એનો ભાર જ ન રાખ્યો, પછી શું દુઃખ ? દા.ત. કાળનો આ સહજ પરિણામ છે કે દિવસ પછી રાત્રિ આવે જ. એ સમજેલાને રાત્રિ અંધારું થતાં દુઃખ નથી થતું કે 'હાય ! ક્યાં અંધારું આવ્યું ?' મોટા સનતકુમાર ચક્રવર્તી જેવા પોતાના શરીરમાં એકાએક સોળ રોગ ઉત્પન્ન થઈ જતાં શી રીતે સ્વસ્થ રહી શક્યા હશે ? આજ હિસાબ પર કે કર્મ આપણા ઉપાર્જેલાં છે. અને એ કર્મનો સહજ વિપાક સહજ પરિણામ એ આ રોગો છે. ત્યારે દિવસ રાત્રિની જેમ સહજ સ્વાભાવિક બનવાનું બની આવે, એમાં અફસોસી શું કરવાની ? એમ કરી મન વાળી લીધું.



**કર્મના સ્વાભાવિક પરિણામ સમજ્યા પછી જડનો બહુ અપેક્ષાભાવ નથી રહેતો.**

કે 'મારે તો આ જોઈએ, ને તે જોઈએ, આના વિના ન ચાલે, ને આના વિના ચાલે, આવું તે શી રીતે સહન થાય ?....' આવા હિસાબ પડતાં મુકાય છે. મન સમજે છે કે **'માથે કર્મપરિણામનું વર્ચસ્વ હોય ત્યાં મોટા સુખની ને સુખકારી જડ પદાર્થોની આશા-અપેક્ષાઓ રાખવી ખોટી.'**

તરંગવતીને પદ્મદેવની સમજુતી મળ્યા પછી હિંમત આવી ગઈ. ભૂખનું મહાદુઃખ ભૂલી ગઈ બંને જણ દેવળમાં પેઠા, બેઠેલા ગોઠિયાઓને સામાન્ય પ્રણામ કરી અંદરના સીતાના મંદિર પાસે જઈ બેસે છે.

**અજાણ્યા ગામમાં ગેબી સહાય ! :-**

હવે અહીં જેમ પહેલાં લૂંટારાની પલ્લીમાં કે જ્યાં મોત નિશ્ચિત થયું હતું, ત્યાંથી ગેબી રીતે છૂટકારો મળ્યો, એમ અહીં ગેબી રીતે ઘરભેગા થવાનો એક આધાર મળી આવ્યો !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૬,તા.૧૫-૩-૧૯૮૬**

વાત એમ બની કે જ્યાં તરંગવતી પદ્મદેવ મંદિરમાં બેઠા છે, ત્યાં એક ઘોડેસ્વાર યુવાન બહારથી આવીને મંદિરને પ્રદક્ષિણા દેવા મંડ્યો. એમાં એની અને આમની નજર સામસામે મળી, ત્યાં તો ઘોડેસ્વાર યુવાન ઘોડા પરથી ફટાક કરતો નીચે ઊતરી દોડતો અંદર આવ્યો ! અને પદ્મદેવના પગમાં પડી ગયો, અને એકદમ ધ્રુસકે ધ્રુસકે રોઈ પડ્યો ! ને રોતાં રોતાં કહે છે,- 'અરે ! મારા નાના શેઠ ! મને ઓળખ્યો ? હું તમારે ઘરે બહુ કાળથી રહેલો નોકર કુલમાષહસ્તિ !' એ સાંભળતાં જ પદ્મદેવ નમેલા એને બાવડે ઝાલી ઊભો કરીને એને ભેટી પડે છે. કહે છે,-

'ઓહો ! કુલમાષહસ્તિ ! તું અહીં ક્યાંથી ? કેમ ઘરે પિતાજી માતાજી કુશળ છે ને ? બીજા સગા સ્નેહી ખુશીમાં ને ?'

પરદેશમાં ઘરનું માણસ જોવા મળ્યું, અને તે પણ જ્યાં કશો આધાર નહોતો, ખાવા માટે ય એક પૈસો નહિ ! ક્યાં જઈને ઊભા રહેવું એની મોટી વિમાસણ ! એવા સમયે ઘરનો જ માણસ જોવા મળ્યો એટલે તો તરંગવતી અને પદ્મદેવની છાતી હરખના આવેગથી ભરુભરુ ને ઉછળઉછળા થઈ રહી છે, શ્વાસ જોરજોરથી ચાલવા માંડ્યા છે. આંખમાં હરખના આંસુ ઉભરાય છે. મનને એમ

થાય છે કે 'હાશ ! હવે દુઃખના દહાડા ગયા !'

જીવનમાં ક્યારેક આવા પ્રસંગ જાતમાં અનુભવવા મળે છે, યા બીજાનાં જોવા મળે છે, એ પરથી વિચારવાનું છે કે,

**જ્ઞાનીઓ જે કહે છે કે જીવને જ્યારે પહેલપહેલું સમ્યકત્વ પ્રાપ્ત થાય છે ત્યારે એને અપૂર્વ આનંદ થાય છે, એ કેટલું સહજ છે.**

**પ્ર.- સમ્યક્ત્વ પ્રાપ્તિમાં અપૂર્વ આનંદ કેમ ?**

ઉ.- કારણ એ છે કે

(૧) એક તો જે (i) અતિ અદ્‌ભુત જીવ અજીવ વગેરે નવતત્ત્વનું, અને (ii) લોકોત્તર દેવ-ગુરુ-ધર્મનું દેવાધિદેવ વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા, નિર્ગ્રન્થ સદ્‌ગુરુ તથા સર્વજ્ઞભાષિત જૈનધર્મનું દર્શન મળ્યું, એની આગળ મોટા દેવતાઈ વિષયો અને એનાં સુખ,- જે આત્માનો ઘોર વિનિપાત કરનારાં, તેથી જ એ સાવ તુચ્છ અને ફિક્કા લાગે છે. એથી એ સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં અપૂર્વ આનંદ કેમ ન થાય.

**સુદેવ-ગુરુ-ધર્મની ઉપાસ્યત્રયી તથા જ્ઞેય-હેય-ઉપાદેયની તત્ત્વત્રયીની હરોળમાં આવે એવું સંસારમાં કશું નથી.**

(૨) સમ્યગ્દર્શનમાં અપૂર્વ આનંદનું બીજું કારણ એ કે એને હવે **'ભવચારક-પલાયન કાલઘંટા'**- ભવની કેદમાંથી નજીકમાં છૂટવાની અને અનંત જન્મ મરણની પરંપરાનો અંત થવાની **'કાલઘંટા'** વાગી સંભળાય છે.

જૈનધર્મ પામ્યા છીએ ને આપણે ? વિચારી જુઓ આપણને આ બે કારણ નજર સામે તરવરીને ધર્મ પામ્યાનો અપૂર્વ આનંદ થાય છે ખરો ? એકદમ 'હા' નહિ કહી દેના, કેમકે એ માટે જોવું પડશે કે પછી ધર્મની સામે બીજા બધા સંસારના પદાર્થ અને એના આનંદ ફિક્કા લાગે છે ? એમાં આત્માનો ઘોર વિનિપાત દેખાય છે ? ખરેખર તત્ત્વની ઓળખ થઈ હોય તો એનાથી આત્મઘાતક દુન્યવી સમૃદ્ધિ એ મળ્યામાં કશો આનંદ ન દેખાય.

નાસ્તિક રાજા પ્રદેશીને કેશીગણી પાસે આત્માનો જૈન ધર્મનો, અને વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્માનો બોધ તથા શ્રદ્ધા મળી, સમ્યક્ત્વ મળ્યું ત્યારે એને કેટલો અપૂર્વ આનંદ થયો હશે કે મગજ પરથી એકદમ જ અત્યંત પ્રાણપ્રિય કરેલી રાણી સૂર્યકાન્તા, અને મોટું રાજયપાટ, માનમર્તબો, અને બીજો રસાલો...બધું જ હેઠું ઊતરી ગયું ! મગજ પરથી ઊતરી તો એવું ગયું કે હમણાં સુધીના નાસ્તિક એવા પ્રદેશીએ ત્યાં ને ત્યાં જ ગુરુ પાસે સમ્યક્ત્વ અને શ્રાવકનાં વ્રત ઉચ્ચરી લીધા ! ગુરુનો અપરંપાર ઉપકાર માને છે ! અને ત્યાંથી હવે ઘર તરફ નીચે



જોઈને ઘોડો હંકારતાં જીવદયા ભરેલા પગલાં માંડે છે ! એમાં પહેલાં મહેલ નજીક આવતાં ઊંચે ગવાક્ષમાં રાહ જોઈને ઊભેલી પ્રાણપ્યારી સૂર્યકાન્તા રાણીનું મોં જોતાં જોતાં આવતા, તે હવે જોવાનું માંડી વાળ્યું ! મહેલમાં પહોંચીને ય હર્ષ-હાસ્યપૂર્વક રાણી સાથે પ્રેમાલાપ ને મોહના ટાયલાં કરતા હશે, તેય બંધ થઈ ગયું ! ગંભીર ચહેરે આવી એવા પ્રેમાલાપ વગેરે કશું જ નથી કરતાં

રાણી પૂછે, કેમ આજે કાંઈ દિલગીરી ?'

તો રાજા કહે છે. ના, કશી જ દિલગીરી નથી.'

'તો કેમ આજે પ્રેમના બોલ પ્રેમના વહાલ નહિ ?'

**પ્રદેશી રાજાની વૈરાગ્યવાણી :-**

રાજા કહે આજે અદ્‌ભૂત તત્ત્વજ્ઞાન મળ્યું ! તેથી લાગે છે કે આપણો તે કાંઈ આ કૂતરા-ગધેડા જેવો બદતર જનાવરનો અવતાર છે ? આપણે તો ઉચ્ચ કોટીનો માનવ અવતાર પામ્યા છીએ. એટલે એવા જનાવર જેવા મોહની ચેષ્ટાઓ મોહના ખેલ આપણને શોભતા નથી.

**મોહાંધ રાણીની દુષ્ટતા :-**

રાણી સમજી ગઈ કે 'આજે રાજા પલટાઈ ગયા છે, તેથી હવે મારી સાથે પ્રેમના આલાપ અને કામરસના વર્તાવ કરે નહિ તેથી મારે માટે આ પતિ નકામો થઈ ગયો. તેથી એનો હવે નિકાલ કરી નાખવો જોઈએ, નહિતર એ હયાત છતે એના સિપાઈ રક્ષકો મહેલમાં બીજા કોઈને આવવા જ દે નહિ, પછી મારે મોહની ક્રીડા વિના સુખ શું ?' રાણીની રાજાનો નાશ કરવાની, દુષ્ટ મનોભાવના રાજાનું ગંભીર અને ધર્મમય જીવન દેખીને, વધતી ચાલી.

આ પરથી વિચારવા જેવું છે કે પ્રદેશી રાજાએ પૂર્વે નાસ્તિકપણે રાણી સાથે કેવાક શૃંગારી વિષય વિલાસતા આનંદ માણ્યા હશે ? છતાં ધર્મ પામ્યા જીવનનો આનંદ જે અનુભવે છે, એ પેલા વિષયાનંદ કરતાં કોઈ ગુણો ઊંચો છે, એટલે જ એની આગળ વિષયના આનંદ લૂંટવા એને માત્ર સાવ ફિસ્સા જ નહિ,પણ નર્યું પાગલનું ગાંડપણ લાગે છે.

સમ્યક્ત્વ આનંદમાં, અતિ અદ્‌ભૂત લોકોત્તર દેવાધિદેવ વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાન અને નિર્ગ્રંથ સદ્‌ગુરુ તથા સર્વજ્ઞકથિત જૈનધર્મ, જૈનતત્ત્વજ્ઞાન મળ્યાને ત્રણ ભુવનનું રાજ્ય મળ્યા કરતાં અનંતગુણી ઊંચી પ્રાપ્તિ સમજે છે ! ને હવે ભવના ફેરા નજીકમાં જ બંધ થઈ જવાનો અને ભવકેદમાંથી પલાયન થઈ જવાનો અવસર આવ્યો એટલે પારાવાર આનંદ અનુભવે છે !

પ્રદેશી રાજાનું શું બગડી ગયું છે તે એકાએક મન પરથી મોહમાયાને ઉઠાડી

મૂકે ? કશું જ બગડ્યું નથી. પ્રાણથી અધિક પ્યારી રૂપસુંદરી સૂર્યકાન્તા રાણી ચોવીસે કલાક રાજાને વધાવી લેવા જીવંત ઊભી છે, રાજ્ય ઊભું છે. મહેલાતો છે, ખજાના છે, નોકરો, સેના, અમલદારો વગેરેનો આજ્ઞાંકિત પરિવાર ઊભો છે; એ બધામાં મનમાન્યા ભોગવિલાસ વિષયવિલાસના આનંદ લૂંટી શકે એમ છે, પરંતુ ધર્મપ્રાપ્તિ થઈ એટલે રાજાના મનમાંથી એ તુચ્છ આનંદના ફુરચા ઊડી ગયા ! એ ભોગસાધનો તણખલા તુલ્ય દેખાય છે. અરે !! ખાવા ધાતા હોય એવા દેખાય છે ! હવે તો વિલાસના રંગ છોડી સામાયિક-પ્રતિક્રમણ-પોષધ અને જિનભક્તિમાં અદ્ભુત અનેરા આનંદની મસ્તી માણે છે.

તમે જૈનધર્મ પામ્યા છો ને ? તમને આ કશો અનુભવ થાય છે ? દુન્યવી રંગરાગ ભોગવિલાસ અને એનાં ભરપુર સાધન સરંજામમાંથી આનંદ સાવ ઊડી ગયાનો અનુભવ થાય ? દેવદર્શન-પૂજા, વ્રત-નિયમ, સામાયિક-પ્રતિક્રમણ-પોષધમાં પારાવાર આનંદનો અનુભવ થાય ? હૈયે એનાં આનંદનાં પૂર ઉછળે ?

પ્રદેશી મોટો રાજા અને વર્ષોનો નાસ્તિક એ જૈનધર્મ પામીને આટલો બધો પલટાઈ જઈ શકે ? ને ધર્મસાધનામાં પરમ આનંદ અનુભવે ? ને દુન્યવી રાજાશાહી સુખસાધનોમાં આ સરંજામ જાણે મને ખાવા ધાય છે ! એવો અનુભવ કરે ? ત્યારે તમે જનમથી જૈનધર્મી કેટલીય હજારોવાર દેવ-ગુરુના પડખા સેવાનારા, તમને ધર્મપ્રાપ્તિના આનંદનો એવો અનુભવ નહિ ?

આનંદ, કામદેવ વગેરે મહાવીર પ્રભુનાં ચુનંદા શ્રાવકોને પણ પ્રભુ પાસેથી ધર્મ મળ્યા પછી એના એવા જ દિવ્ય આનંદ મનમાં ઊછળવા લાગ્યા કે એની સામે ક્રોડોની સંપત્તિ વગેરેમાંથી આનંદના ફુરચા ઊડ્યા !

**પદ્મદેવ-તરંગવતીને કુલ્માષહસ્તિ વિગત આપે છે :-**

આ સમ્યક્ત્વ અને ધર્મની પ્રાપ્તિના આનંદનો દાખલો એટલા માટે લીધો હતો કે અત્યારે તરંગવતી પદ્મદેવને પરદેશમાં અજાણ્યા ગામમાં જ્યાં કશી આશા નહિ ત્યાં ઘરનો જ નોકર શોધતો આવી મળ્યો ! એટલે કેવો પારાવાર આનંદ છે એ પરથી સમજી શકાય. પદ્મદેવે જ્યાં પિતાજી માતાજી વગેરેના કુશળ સમાચાર પૂછ્યા, અને તું અહીં ક્યાંથી ? એમ પૂછ્યું એટલે એ કુલ્માષહસ્તિ નામનો નોકર પદ્મદેવનો ડાબો હાથ પોતાના જમણા હાથમાં લઈને કહે છે,-

**નોકરનો કરુણ અહેવાલ**

"તમો બંને ઘરેથી પછી ઘરે શું બનેલ જાણો છો ? નાના શેઠ ! શું કહું તમને ? મોટા શેઠને ત્યાંથી તરંગવતીબેન અદશ્ય થતાં કન્યા ક્યાં ગઈ ? ક્યાં ગઈ ? એમ બધે શોધાશોધ ચાલી ! એટલે લોકમાં વાત ઊડી કે નગરશેઠની કન્યા



ભાગી ગઈ ! શેઠે દાસીને બોલાવી પૂછ્યું તું કાંઈ જાણે છે ? ત્યારે દાસીએ જોયું કે વાત તો ખાનગી રાખવાની હતી, પરંતુ હવે જો બનેલ હકીકત નહિ કહું તો આ લોકો બિચારાં કૂટાઈ મરશે ! તેથી એણે શેઠને ઠેઠ પદ્મસરોવરમાં તરંગવતીને થયેલ જાતિસ્મરણથી માંડીને બધી વાત કરી કે

**દાસીનો હેવાલ :-**

"બેન જાતિસ્મરણથી મૂર્છિત થયેલ, પછી ભાનમાં આવતાં રોવા બેઠેલી, એને મેં આશ્વાસન આપ્યું, તેથી પૂર્વનો પ્રિયને શોધવા એણે પૂર્વ ભવનો ચિત્રપટ્ટ તૈયાર કરેલ. એ બજારમાં મુકાવેલ, તે એ જોતાં શું શું થયેલ તેમાં એણે પદ્મદેવને થયેલ જાતિસ્મરણ, ચિત્રપટ્ટ પરથી તરંગવતીની મેળવેલી હકીકત, પોતાના પિતા પાસે કરાવેલી એની માગણી, શેઠ દ્વારા કરાયેલ ઇન્કાર, એથી એક બાજુ પદ્મદેવની આત્મઘાતની તૈયારી, બીજી બાજુ તરંગવતીની આત્મહત્યાની તૈયારી, એમાં દાસીએ એને સમજાવી ત્યારે એ રાતના ઊપડી પદ્મદેવને ત્યાં. તેથી એય જીવતી બચી, ને પદ્મદેવ પણ બચી ગયેલ ! બંનેએ ત્યાંથી કરેલું ખાનગી પ્રયાણ વગેરે હકીકત દાસીએ શેઠને કહી બતાવી...

આમ કહીને નોકર કહે છે, -

"શેઠને ખેદનો પાર ન રહ્યો ! પસ્તાવો કરે છે,- 'અરેરેરે ! આ મને કશી ખબર નહિ,. પદ્મદેવના પિતા સાર્થવાહ ધનદેવ તો સામે પગલે ચાલીને મારે ત્યાં આવેલા; છતાં હાય ! એમના દીકરા વેરે મારી કન્યા આપવાનો મેં નન્નો ભણવાની કેવીક મૂર્ખાઈ કરી ? શેઠને પોતાની આ ભૂલ બહુ ગંભીર તો એટલા માટે લાગી કે તરંગવતી પદ્મદેવને પૂર્વ ભવનો કેવોક પ્રેમ ! જેમાં પોતાની દીકરી તરંગવતી તે ચક્રવાકી, એ પારધીના બાણે મરાયેલા પોતાના પ્રિય ચક્રવાકની ભડભડતી આગની સળગતી મૃત્યુચિતામાં જીવતી ઝંપલાવી દે ? આવો પ્રેમ પૂર્વે ધરનારીએ, અહીં આ ભવમાં એ જ પ્રિય પદ્મદેવને પતિ તરીકે ન મળે. તો બીજો પતિ ન કરતાં, એની ચારિત્ર માર્ગે જવાની તૈયારી, એ કેવોક પ્રેમ ! એને મેળવવા શ્રીમંત કુટુંબમાં જન્મેલી અને લાડકી છતાં ૧૦૮ આંબેલની ઉગ્ર તપસ્યા ! અને ચિત્રપટ્ટથી પ્રિય પદ્મદેવની ભાળ મળી તો એ હવે પતિ તરીકે ન મળે તો આપઘાતની તૈયારી !! આ બધી વસ્તુએ શેઠના દિલને હચમચાવી નાખ્યું. દિલમાં પશ્ચાતાપની આગ સળગી ઊઠી ! તે એકદમ ઊઠીને ગયા ધનદેવ સાર્થવાહની હવેલીએ"

આવેલ નોકર કુલ્માષહસ્તિ શું બન્યું તે કહેતો આગળ ચલાવે છે કે "ત્યાં પણ પદ્મદેવ ગુમ છે, એને કાળો કકળાટ ચાલતો જોયો, તેથી ઋષભસેન શેઠનું દિલ ઓર વલોવાઈ ગયું ! તે સીધા ધનદેવ શેઠને હાથ જોડી ક્ષમા માગે છે, ને

રોતાં રોતાં કહે છે શેઠ માફ કરજો ભાઈસાબ ! તે કાળે મેં તમને કન્યા આપવાની ના પાડી ! અને એમાં જે મેં તમને કડવાં વેણ કહ્યા એની ક્ષમા માગું છું, હવે તો હું સામે ચડીને તમારા પુત્રરત્નને જમાઈ તરીકે માગું છું ? કેમકે આ તમારા પુત્ર ને મારી કન્યા, બંનેયને રોમાંચક પ્રસંગો છે. બંનેને પૂર્વ જન્મે ચક્રવાક ચક્રવાકી તરીકે પ્રિય-પ્રિયા હતા."

એમ કહી શેઠે દાસીને કહેલ આખો અહેવાલ ધનદેવ સાર્થવાહને સંભળાવ્યો. અજ્ઞાનતાવશ મેં કેવી ગંભીર ભૂલ કરી કે એટલા કરુણ પ્રસંગોમાંથી પસાર થયેલા બંનેનો સંબંધ ન થવા દીધો !! ધિક્કાર પડે મારી અજ્ઞાનતાને ! મારા અભિમાનને ! હાય હાય ! અત્યારે એ બંને બિચારા એકલાઅટુલા ને સાધન-સામગ્રી વિનાના કોઈ અજાણ્યા સ્થળે કેવા દુઃખમાં હશે ? એમ બોલતા બોલતા ઋષભસેન શેઠ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા, ને બધું સાંભળતાં ધનદેવ સાર્થવાહ પણ રડી પડ્યા. આજુબાજુ બેઠેલા બધા ય કરુણ રુદન કરવા લાગ્યા.

"નાના શેઠ ! તમારા બંનેનું એકલું કુટુંબ જ નહિ, પણ ત્યાં ભેગું થઈ ગયેલું ગામ આખું રડી રહ્યું ! એમાં ય તમારી માતા તમારા વિયોગ પર જે છાતીફાટ રૂદન કરવા લાગ્યા. એ જોઈને તો ત્યાં ભેગા થઈ ગયેલ ગામલોકોમાં એક માણસ એવો નહિ હોય કે જે રોયો ન હોય. એમાંય ખરેખર ! માતા જાતે ધ્રુસકે રોતી હતી, ને બીજાઓને રોવરાવતી હતી !"

આ સાંભળતાં તરંગવતી-પદ્મદેવનું પણ હૃદય ભરાઈ આવ્યું. એમની ય આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એમને એમ લાગ્યું કે આપણે કેવુંક સાહસ કરી નાખ્યું કે 'આ બધાઓને કરુણ કલ્પાંતના આપણે આંધણ મૂકી આવ્યા !' માણસ સહેજમાં સાહસ કરી નાખે છે, પણ તેવું વિકટ પરિણામ આવતાં હૃદયને ભારે બળાપો ઊભો થાય છે ! સંસારનું સ્વરૂપ આ પરથી વિચારવા જેવું છે.

કોઈના જીવનમાં બનેલા કરુણ પ્રસંગ બીજાઓ પર પણ કેવીક હૃદયભેદી અસર કરે છે, એ જોતાં માણસને નાશવંત સુખસંપત્તિના શા અભિમાન કરવા જેવા ? કે શા કાયમી આનંદ મળી ગયાના ભ્રમ સેવવા જેવા હતા ? આવું નાશવંત યા પરિવર્તનશીલ થોડુંક સુખ મળ્યામાં શા હરખપદુડા થવા જેવું છે ?

બીજું આમાં એ જોવા જેવું છે કે કેટલીક બાબતોમાં ગર્ભિત મોટા રહસ્ય જાણ્યા વિચાર્યા વિના ઉતાવળા નિર્ણય લઈ લેવામાં અને તદનુસાર અનુચિત વાણી વર્તાવ કરવામાં આવે છે, પણ પાછળથી કેવુંક પસ્તાવું પડ્યું ને ? પૂછો,-

**પ્ર.**- પણ સંસારમાં આપણને પહેલેથી બધી વાતન થોડી જ ખબર પડે છે તે બહુ વિચાર કરી નિર્ણય લઈએ ?



ઉ.- ભલે ઉપલકથી ખબર ન પડે, પરંતુ નિર્ણય લેતાં પહેલાં એનાં વિવિધ પ્રત્યાઘાત વિચારી શકાય. પ્રસ્તુતમાં જ (૧) ઋષભસેન શેઠે ધનદેવ શેઠ માગવા આવ્યા ત્યારે તરંગવતીનો સહેજ અભિપ્રાય લીધો હોત, તો એને કેટલો બધો પ્રકાશ મળત !! અથવા (૨) ધનદેવને સહેજ પૂછ્યું હોત કે તમારા પુત્રની ઇચ્છા પૂછીને આવ્યા છો ? અથવા (૩) એના પુત્રને બોલાવી પૂછ્યું હોત કે તને કેમ મારી કન્યાની ઇચ્છા થઈ ?... વગેરે વિશેષ તપાસ કરતાં કાંઈક નવું જાણવા મળી આવતે ખેર.

પેલો કુલ્યાષહસ્તિ નોકર કહી રહ્યો છે કે "નાના સાહેબ ! નગર આખામાં તમો બંનેના જાતિસ્મરણની અને તમારા પૂર્વભવની રોમાંચક વાતોની ખબર પડતાં, તેમજ તમારી માતાનો કલ્પાંત જોતાં સૌને રોવું આવી ગયું હતું. વાતાવરણ ખૂબજ કરુણ બની ગયું હતું. પછી ઋષભસેન શેઠે ધનદેવ શેઠને કહ્યું આપણે ખાલી પસ્તાવો કરતાં બેસી રહીશું એમા કાંઈ વળશે નહિ, આપણે ચારે બાજુ તપાસ કરાવીએ; કેમકે હજી ગઈ સાંજનો બનાવ છે, તેથી બંને કેટલે પહોચ્યા હશે ? એમ કહી બંને શેઠિયાએ ચારે બાજુ તપાસ માટે માણસો દોડાવ્યા; એમાં મને પણ તપાસ માટે રવાના કર્યો.

"મેં પણ જુદે જુદે સ્થળે જઈ તપાસ કરવા માંડી, પણ તમારો પત્તો ક્યાં મળે ? કોઈ જ તમારી ભાળ આપતું નથી, એમાં મને વિચાર થયો કે તમારી પાસે ભાતું ખૂટી ગયું હોય એટલે કોઈ મોટા શહેરમાં માગવા ન જાય. એ તો ગામડાઓમાં આમતેમ ફરતા હોય કે જેથી ત્યાં કોઈ ને કોઈ ગામડાના સહૃદય માણસ એમનો અતિથિ સત્કાર કરનાર મળી આવે.

"બીજું મને એ લાગ્યું કે (૧) જેમ કોઈ માણસ રોષમાં બહારગામ ચાલી જતાં સાથે પૈસાનો સંગ્રહ બરાબર ન રાખ્યો હોય, તો આજીવિકા માટે નાના ગામડાનો આશ્રય લે છે; કેમ કે ત્યાં એની હોશિયારીનો સારો ઉપયોગ થાય; એમ, (૨) જેમણે અપરાધ કર્યો હોય એ પણ જો ખાનગી ફરવું પડે તો મોટા શહેરોમાં ન સંતાતો ફરે પણ ગામડાઓમાં જ ગુપ્ત રીતે ફરતો હોય; મારે મન આમ બંનેએ માતાપિતાને જણાવ્યા વગર આ ગુપ્તપણે ભાગી જવાનો અપરાધ કર્યો. એટલે આપ પણ ગામડાઓમાં જ ફરતા હો, તેથી મેં આમતેમ ગામડાઓમાં જ તપાસ માડી. એમાં અહીં તહીં ગામડાઓમાં જોતા જોતા બહુ ફરતા અહીં આવી ગયો, અને ભગવાનની મારા પર મહેર થઈ કે તમો બંને અહીં મળી ગયા ! અને લીલાલહેર થઈ ! મારો શ્રમ સફળ થયો..."

**ભાગ્યની બળવત્તા સમજો.**

નોકરને બંનેનો આ મેળાપ થઈ ગયો એને કથાની બનાવેલી વાત સમજતા નહિ; કેમકે આમ બનવું અશક્ય અસંભવિત નથી. એનું કારણ,-

**સંસારમાં બધે જ અંતે માણસના ભાગ્યાનુસાર બને છે.**

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૭,તા.૨૨-૩-૧૯૮૬**

જ્યાં સુધી ભાગ્ય જોર ન કરતું હોય ત્યાંસુધી ઈષ્ટ પ્રસંગ ન બને; પરંતુ જ્યારે ભાગ્ય જોર કરે છે ત્યારે ગેબી રીતે ઈષ્ટ બની આવે છે. તરંગવતી અને પદ્મદેવને ભાગ્ય મંદું હતું ત્યાંસુધી ઈષ્ટ ન બન્યું, ઊલટું, મરણાંત જેવી આફત આવી ઊભી ! પરંતુ ભાગ્યે જોર મારતાં ચોરોની પલ્લીમાંથી છૂટકારો ય મળ્યો ! તેમ અહીં પણ આ ઘરના જ નોકરનો ભેટો ય થઈ ગયો ! ભાગ્યતત્ત્વની હિસાબે આમ બને એમાં નવાઈ નથી.

**અનાત્મજ્ઞને ભાગ્યની બળવત્તા ન સમજાય.**

આજના પાશ્ચાત્ય સંસ્કૃતિના રવાડે ચડી અનાત્મજ્ઞ બનેલા લોકો જીવના ભાગ્યની બળવત્તા નહિ સમજતાં, આવા પ્રસંગ બને એને કલ્પિત ઊપજાવી કાઢેલા સમજે છે ! અનાત્મજ્ઞ એટલે આત્મતત્ત્વને નહિ જાણનારા, નહિ માનનારા.

અરે ! ભાગ્યની બળવત્તાની જેમ, ધર્મની પણ એક બળવત્તા છે, એ ય આજના આધુનિક કેવળણીના ઢાંચામાં ઢળેલા અનાત્મજ્ઞ લોકોને ખબર નથી હોતી, અગર એમના માન્યમાં આવતી નથી; પરંતુ

આવી અનાત્મજ્ઞતામાં શું સારું પામે છે ? કાંઈ જ નહિ. અનાત્મજ્ઞ છે એટલે આત્મા નહિ, તો આત્મા સાથે સંકળાયેલ પૂર્વ ભવોનાં શુભાશુભ કર્મ, ભાગ્ય-માનવા નથી; તેથી ખોટા પુરુષાર્થના મિથ્યા અભિમાનમાં તણાયો ઠોકરો જ ખાતો રહે છે.

**ભાગ્યની શ્રદ્ધા વિનાનો માણસ ભાવી સલામતી ભૂલે છે :-**

ભાગ્યની બળવત્તા ન માનવાથી કાં તો સંપત્તિમાં અતિ હરખના ઉન્માદમાં ચડી ન કરવાનાં કામ, ન કરવા જેવાં પાપો કરે છે, ને ભાવી દીર્ઘ કાળની સલામતીના વિચારને જ ભૂલી જાય છે ! ને એમાં અંતે ખુવાર થાય છે. છેવટે એને મોત ભયંકર આવે છે. મોત વખતે દુર્દશાનો પાર નથી રહેતો ? ત્યાં કરુણ કલ્પાંતના અવસર આવે છે ! કસાઈના હાથે બકરી કપાતા, બેં બેંની કરુણ ચીસો સાથે એ મરે, એમ આ પોતાની દુર્દશાના હાય ! હાય !' સાથે કલ્પાંત કરતો કરતો મરે છે. ત્યારે જો ભાગ્યની બળવત્તા સમજતો હોત તો સંપત્તિમાં બહુ



હરખના ઉન્માદમાં ન ચડતાં, સદ્ભાવના કરતે કે,-

**ભાગ્યની શ્રદ્ધાવાળાની સંપત્તિમાં સદ્ભાવના :-**

"એટલે આજે જ્યારે ભાગ્યની અનુકૂળતામાં મારે સારાસારી છે, ત્યારે સારાં સુકૃત કરી લેવા દે."

આ આધુનિક શિક્ષણની અસર નીચે અનાત્મજ્ઞ બનેલાને ક્યાંથી સૂઝે ? આ તો સંપત્તિ વખતની વાત થઈ. ત્યારે આપત્તિ વખતે પણ અનાત્મજ્ઞ માણસ ભાગ્યની બળવત્તા ન સમજી, આફત ટાળવા માણસાઈ મૂકીને કેઈ પ્રકારના પાપ પ્રપંચો સેવે છે ! એમાં વર્તમાન આપત્તિમાં એ ભોગવીને અલબત્ત અશુભ કર્મને ખપાવે છે, પરંતુ પાપ પ્રપંચોથી નવાં લખલૂટ અશુભ કર્મ લોટ જત્થા બાંધી જાય છે !

સતી સીતાજી, દમયંતી, સુર સુંદરી, ઋષિદત્તા વગેરે મહાસતીઓ ભાગ્યની બળવત્તા સમજનારી હતી તેથી જીવનમાં આપત્તિઓ ભારે આવવા છતાં રોતડ ન બની, કે પાપ પ્રપંચો કરનારી ન બની, પરંતુ

**ચિત્તને સમાધિમાં રાખી લેશ કલ્પાંત કર્યા વિના આફત સહન કરી કરી નવાં પાપકર્મના જત્થા અટકાવી જુનાં પાપકર્મોનો નિકાલ કરનારી બની !**

નહિતર આફતમાં તો ભારે કલ્પાંત જ કર્યા હોત. આજે પણ એમના કરતાં નાની આફતોમાં ય અજ્ઞાન લોકો શું કરે છે ? તમારા જ જીવનમાં તપાસોને કે તમે આફતોનાં રોદણાં કેટલા રુઓ છો ? કોઈ હરિનો લાલ મળવો જોઈએ, ઝટ એની આફતોના રોદણાં ચાલ્યા !

**શું આટલો ઊંચો મનુષ્યજન્મ રોદણાં જ રોવા માટે છે ?**

**ભાગ્યની બળવત્તા નજર સામે તરવરતી રહે. ને પૂર્વના મહાપુરુષોનાં ઉત્તમ જીવન તથા એમના પરની આફતો ધ્યાન પર લેવાય, તો રોદણાં ને રોડતડવેડા શાના હોય ?**

**જીવન કર્તવ્ય : પાપને બદલે પુણ્યના પ્રવાહ વહેતા કરો :-**

કિંમતી માનવસમય રોદણામાં બરબાદ કરવાને બદલે, ઉત્તમ પુરુષોની વાતો, તથા તત્ત્વ વિચારણા, અને અનિત્યતા આદિ ભાવનાઓની વિચારણામાં સફળ કરતા રહો તો આત્મામાં પાપના પ્રવાહને બદલે પુણ્યના પ્રવાહ વહેતો રહે. જૈન શાસનમાં આવું વિચારવાનું ક્યાં ઓછું છે ? પૂર્વ પુરુષોની સારી વાતો કરવાની ક્યાં ઓછી છે ? પણ રોદણામાંથી પરવારે ત્યારે એ કરે ને ? ફરક કેટલો પડે ? રોદણાની વાતો ને વિચારોથી પોતાના મનના અધ્યવસાય અશુભ ધ્યાન અને કષાયથી રંગાયેલ રહે છે, અને એવી વાતોથી સામાના પણ અધ્યવસાય અશુભ

બનાવાય છે, એના બદલે ઉત્તમ વિચારણાઓ અને ઉત્તમ વાતોથી સામાના પણ અધ્યવસાય અશુભ બનાવાય છે. એના બદલે ઉત્તમ વિચારણાઓ અને ઉત્તમ વાતોથી સ્વ-પરમાં શુભ અધ્યવસાયો ઊભા કરી શકાય છે.

મૂળ પાયામાં, ભાગ્યની બળવત્તા સમજી આપત્તિઓમાં રોદણાં બંધ કરી દેવા જોઈએ.

**ધર્મની બળવત્તા સમજો.**

**જેવી ભાગ્યની બળવત્તા, એવી ધર્મની પણ એક બળવત્તા છે.**

માણસ ધર્મસાધના ધર્મપ્રવૃત્તિમાં બહુ જોડાયેલો રહે, સદ્‌ગુરુઓનાં પડખાં સેવતો રહે, અને એમની પાસે એવું આધ્યાત્મિક બળ ઊભું થાય છે કે પહેલું તો તો કેટલાં ય અશુભ કર્મ દબાઈ જઈને ક્ષુદ્ર ઉપદ્રવો દૂર થઈ જાય છે. યોગબિન્દુ શાસ્ત્ર બતાવે છે કે યોગીજનોની ભક્તિ વૈયાવચ્ચથી ક્ષુદ્ર ઉપદ્રવો ટળી જાય છે. રોજ બોલીએ છીએ

**'ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્ન વલ્લયઃ,**

**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે.....'**

જિનેશ્વર ભગવાનની પૂજા કરવાથી ઉપસર્ગ ઉપદ્રવો નાશ પામે છે, વિઘ્નની વેલીઓ કપાઈ જાય છે, ને મન પ્રસન્ન પ્રફુલ્લિત બન્યું રહે છે, આ ધર્મની બળવત્તા છે, કે સદા મન પ્રસન્ન રાખે, ને શુભના સંચય થાય, ક્ષુદ્ર અશુભ કર્મો નાશ પામતા આવે.

નસ્કાર મહામંત્રનું જીવન-શરણ રાખનારને અવસરે અવસરે ગેબી સહાય મળ્યાના કેટલાય દાખલા બને છે,

તપનો જીવનરંગ લગાડનારો ખાનપાનના કેટલાય પાપોથી બચી જાય છે, પૂછો,-

**પ્ર.**- પણ ધર્મીને ઘેર ધાડ કહેવાય છે ને ?

ઉ.- એ અજ્ઞાનીઓનો બોલ છે. શું ધર્મહીન માણસોનાં જીવન કેવળ સુખભર્યા જ રહે છે ? એમને ધાડ નથી આવતી ? એમ કહો, ધર્મીને ઘેર તો કદાચ પૂર્વના અશુભ કર્મના ઉદયે આપત્તિ આવે તો ય

**ધર્મીને ઘેર ધાડમાં અબજનું દેવું દસ હજારમાં ચુકતે થાય છે.**

**એટલે ?**

**ધર્મી સમજે છે કે**

''આ આફત અહીં આ જન્મમાં આવી તે સારું થયું,- અહીં મારી પાસે ધર્મની સમજ છે એટલે ટૂંકે પતે છે. નવા અનંતા કર્મ બંધાતા અટકે છે !



દુર્ગતિઓની આપદાઓ સામે આ આપદા શી વિસાતમાં છે ? એમ કરી ચિત્તની સમાધિ જાળવી શકું છું; શુભ ભાવના કરી શકું છું ને તેથી આફતના અશુભ કર્મોની સાથે સાથે બીજા પણ કેટલાંય જથ્થાબંધ અશુભ કર્મોનો ક્ષય થાય છે. એ અશુભ કર્મનું અબજનું દેવું ૧૦ હજારમાં પતવા બરાબર છે, એના બદલે જો આફતનાં કર્મ એવા જ તીવ્ર ઊભા રહી પરભવે એવા કોઈ જનમમાં ઉદય આવતે, તો ત્યાં ધર્મની સમજના અભાવે દુઃખના ગુણાકાર થતે, તેમજ અસમાધિ કષાયો અને આર્તરૌદ્રધ્યાન થઈને બીજા નવાં ભારે કર્મ ઊભાં થતે ! એમ અશુભનું અજબનું દેવું ચુકતે કરવામાં દમ નીકળી જતે.''

ધર્મની બળવત્તા સમજનાર ધર્માત્માઓ એટલે જ ધર્મમય જીવન ધર્મપ્રધાન જીવન જીવે છે. એનાં રોજિંદા જીવનમાં પરમાત્મભક્તિ સાધુસેવા, જિનવાણી શ્રવણ, વ્રત,- નિયમ, ત્યાગ-તપસ્યા, સામાયિક પ્રતિક્રમણ સ્વાધ્યાય, વગેરે ચાલુ જ રહે છે.

શાસ્ત્રમાં બતાવ્યું છે કે રાજા નરસિંહ પૂર્વ ભવમાં ભિખારી હતો, નગરમાં બરાબર પૂરી ભીખ મળતી નહિ, તેથી કંટાળી બીજે ગામ જવા નીકળ્યો. એમાં એને સાધુ મળ્યા ! સાધુને હાથ જોડીને કહે છે,-

બાપજી બહુ દુઃખી છું, ભૂખે મરું છું ભીખ માગતો ભટકવા છતાં મળતી નથીં. કાંઈક એવું કરવાનું બતાવો જેથી એ કરું ને રોજ પેટપૂર ખાવાનું મળે. ભલે લુખ્ખો રોટલાનો ટૂકડો જ મળે, તોય ચાલશે. પણ આ ભૂખ સહન નથી થતી.

ત્યારે સાધુ કહે છે, જો ભાઈ ! તેં પૂર્વે ધર્મ નથી કર્યો એટલે અહીં દુઃખી છે. તું ધર્મ કર, તો સુખી થઈશ.....'

અહીં ભિખારી સુખદુઃખ શાને કહી રહ્યો છે ? શું સુખ મોક્ષનું ? અને દુઃખ ભવભ્રમણનું ? કે ભૂખનું દુઃખ અને રોટલાંનું સુખ ? કહો ભૂખમરાનું દુઃખ અને રોટલાના સુખને દુઃખ-સુખ કહી રહ્યો છે. તો સાધુ જે જવાબ આપે છે કે ધર્મ કર, સુખી થઈશ એ પણ કઈ સમજથી આપી રહ્યા છે ? શું મોક્ષના સુખને અહીં સુખ સમજીને કહી રહ્યા છે ? કે રોટલાના સુખને સુખ સમજીને ? જો ધર્મથી મોક્ષના જ સુખની વાત કરવી હોત, તો તો ફોડ પાડત કે ''જોજે ધર્મ કરજે, પણ માત્ર મોક્ષના સુખને અહીં સુખ સમજીને કહી રહ્યા છે ? કે રોટલાના સુખને સુખ સમજીને ? જો ધર્મથી મોક્ષના જ સુખની વાત કરવી હોત, તો તો ફોડ પાડત કે ''જોજે ધર્મ કરજે, પણ માત્ર મોક્ષના સુખ માટે જ કરજે, સંસારના રોટલાના સુખ માટે નહિ. સંસારના સુખ માટે પાપો ભલે કરાય, પરંતુ ધર્મ ન કરાય.''

સાધુએ આવું સ્પષ્ટીકરણ નથી કર્યું એ સૂચવે છે કે સંદર્ભ અનુસાર એમણે

એજ કહ્યું તારે રોટલાનું સુખ જોઈએ છે ? તો સમજી રાખ કે,

**'બીજા સુખની જેમ રોટલાનું સુખ પણ ધર્મથી જ મળશે. માટે ધર્મ કર.'**

ત્યારે હવે ભિખારી કહે બાપજી ! મારી પાસે એક પૈસો નથી, હું શો ધર્મ કરી શકું ? આ એમ સમજીને કહી રહ્યા છે કે કોઈને એક પૈસાનું પણ દાન દઈએ તો ધર્મ કર્યો કહેવાય.'

ત્યારે સાધુ એને સમજાવે છે કે જો ભાઈ ! ધર્મ એકલો દાનધર્મ નથી, શીલ પાળે એ પણ ધર્મ છે, તપ કરે તે પણ ધર્મ છે, ભગવાનનાં દર્શન-પૂજન સ્તવન કરી ચિત્તમાં સારા ભાવ લાવે એ પણ ધર્મ છે, સાધુસેવા-સત્સંગ કરે, એમની પાસે આત્મહિતની વાતો સાંભળે, એ પણ ધર્મ છે.'

સાધુ મહારાજે આ શું બતાવ્યું ? ગમે તે પ્રકારનો તું ધર્મ કર એ બતાવ્યું; પરંતુ એ ન બતાવ્યું કે પહેલાં તારા ભાવ સુધાર, આ ખાઉં ખાઉં ને ખાવાનું ક્યાંથી લાવું આવા મેલા ભાવ પડતા મૂકી કેમ મોક્ષ પામું, ? મોક્ષ પામું ?' એવો પવિત્ર ભાવ મનમાં લાવ્યા કર. 'મનમાં મોક્ષનો આશય લાવ, એમ ન કહ્યું ? કારણ કે મૂળમાં જ્યાં ધર્મ-સાધના જ નથી, ધર્મની પ્રવૃત્તિ જ નથી, પછી આશય યાને વૃત્તિ શેની પાછળ રાખવાની ? પહેલું તો ધર્મની પ્રવૃત્તિ કરે, ભલે દુન્યવી લાલસાથી, તો એમાં પછીથી વૃત્તિ સારી રાખવાનું કહેવાય. માટે,

**જીવને પહેલો ઉપદેશ તો એની પાસે ધર્મની ભરચક પ્રવૃત્તિ કરાવવાનો જોઈએ.**

તેથી જ અહીં સાધુ મહારાજે તારો-સંસાર સુખનો આશય છે ? કે મોક્ષસુખનો આશય ? એવું કાંઈ પિંજણ ન કરતાં, 'તું ધર્મ કર' એ જ વાત બતાવી.

'જો ભાઈ ! ભલે તારી પાસે પૈસો નથી એટલે તું દાનધર્મ ન કરી શકે, પરંતુ તું દેવદર્શન યાને વીતરાગ ભગવાનના દર્શનનો ધર્મ તો કરી શકે ને ? વીતરાગ ભગવાનનાં દર્શનધર્મનાં બહુ મોટા લાભ છે. એથી દિલમાં એવા શુભભાવ આવે છે ને એથી એવા પુણ્ય ઊભાં થાય છે કે સંસારી જીવનમાં વાંછિતને લાવી આપે છે ! અને બીજું એ કે કષ્ટ-ઉપદ્રવ લાવનારાં પાપોને તોડી નાખે છે ! વીતરાગના દર્શનમાં થતા શુભ ભાવથી અહીં પણ સુખ ! અને પરલોકમાં પણ સુખ ! માટે, તું જો, આ મોટા નગરમાં અનેક જિનમંદિરો છે, એમાં તું ફરીફરીને વીતરાગ ભગવાનનાં ભરચક દર્શન તો કરી શકે ને ?'

અહીં સાધુએ એ વિવેક ન આપ્યો કે ''જોજે દર્શન કરજે, ખૂબ કરજે, પરંતુ જોજે દર્શનથી રોટલા ન ઇચ્છતો, નહિતર દુર્ગતિમાં રખડી પડીશ. ધર્મથી સંસારસુખ મળવાનું ન ઇચ્છાય, ન મંગાય. ધર્મથી તો મોક્ષ જ પામવાનું ઇચ્છાય, મોક્ષ જ



મંગાય.'' આવો વિવેક ન આપ્યો.

કેમ આ વિવેક ન આપ્યો ? કહો એટલા જ માટે, કે હજી જ્યાં એનામાં દર્શનધર્મનું જ ઠેકાણું નથી, પછી એને એકલો વિવેક આપવાનો શો અર્થ ? પહેલું તો એને ધર્મ કરતો કરવો જોઈએ; ને એ માટે હોંશે હોંશે ધર્મ કરવા પ્રેરાય એવો ઉપદેશ આપવો જોઈએ. તેથી સાધુ એને નગરમાં ફરીફરીને પ્રભુના દર્શન કરવા પ્રેરે છે. કહે છે, ''વીતરાગનાં દર્શનથી બધાં સુખ મળે, બધાં દુઃખ ટળે.''

ત્યારે ભિખારી કહે છે બાપજી ! આ વીતરાગનાં દર્શનનો તમે ખરો ધર્મ બતાવ્યો ! તમે મારા પર બહુ ઉપકાર કર્યો. હવે હું મંદિરે મંદિરે જઈને ભરચક દર્શન કરીશ. આમે ય ઘર ઘર ભીખ માગવા ફરી શકું છું તો મંદિરે મંદિરે પ્રભુનાં દર્શન કરવા કેમ નહિ ફરી શકું ? આમાં ક્યાં પૈસો લાગવાનો છે ?'

બસ, ભિખારી પછી દર્શનમાં લાગી ગયો, મંદિરો ઘણા હતા, એટલે જેટલા બને એટલા ભગવાનનાં એ દર્શન કર્યે જાય છે.

જોજો અહીં એને મોક્ષનો આશય નહતો, પરંતુ એટલી સમજ સાધુ પાસેથી મળી હતી કે આ જગતની અનુકૂળતાઓ પણ ધર્મ કરે એને મળે છે, માટે બીજા ફાંફાં મારવા કરતાં ધર્મ કરવો એમાં જ ડહાપણ છે. શ્રી ઉત્તરાધ્યયન-ટીકાશાસ્ત્ર પણ એજ કહે છે. લખ્યું છે.'' અર્થ કામના અભિલાષીએ પણ સમજવું જોઈએ કે ધર્મ વિના સુખ મળે નહિ, માટે ધર્મમાં જ યત્ન કરવો ઉચિત છે.'' કહે છે,

**પ્ર.-** પણ એકલા સંસારસુખની દૃષ્ટિથી ધર્મ કરતા હશે તો જિંદગી સુધી એ સંસારસુખની જ દૃષ્ટિ રહેવાની, પછી એવાને મોક્ષની દૃષ્ટિ ક્યારે આવવાની ? તેથી ઉપદેશ તો મોક્ષની દૃષ્ટિનો જ આપવો જોઈએ ને ?

**શ્રાવકના કેવા કેવા આચાર જોઈએ ?**

ઉ.- દૃષ્ટિ-લક્ષ્ય-ઉદ્દેશનો ઉપદેશ કોને ? ધર્મ કરે એમને ? કે હજી એવો ધર્મ જ નથી કરતા એમને ? જેના રોજના જીવનમાં શ્રાવકના આચારનાં ઠેકાણાં નથી, માત્ર પાંચ મિનિટનાં દર્શન યા દશ મિનિટની પૂજા છે, તે પણ મંદિરના ભગવાન, મંદિરનું કેસર, મંદિરની અગરબત્તીથી ! ગાંઠનું કાંઈ લાવવું નથી ! પૂજામાં પણ ભગવાનને નિયમિત પ્રક્ષાલ કરવો નથી, જાતે અંગલૂંછણાં કરવાં વગેરે કશું કરવું નથી, રેડીમેડ ભગવાન પર ટીલીઓ કરી લેવાની,'- બસ આટલો મનમાન્યો રાબેતા મુજબનો પ્રભુપૂજાનો ધર્મ, બાકી દયા, દાન શીલ, તપ વગેરે ધર્મની ગરજ નથી; ઘરમાં જીવજયણાની કશી કાળજી નથી; ગેસના ચૂલાને સીધી દીવાસળી ચાંપે, તે ભલું હોય તો બર્નરમાં રાતવરાત છૂપાયેલા નાના વાંદા-કીડીઓ બળીને સાફ ! કપડાં, જો એમાં માંકણ વગેરે જીવ ચડેલા, સીધા ધોવામાં જતાં હોય, પાટલામાં

માંકણ છૂપાયા હોય એના પર બેસી સીધું ગરમાગરમ પાણીએ સ્નાન કરાતું હોય, તો આમાં ક્યાં જીવોની રક્ષાની કાળજી ? બે રાત રહેલા દહીં, વિદળ, વાશી પેંડા...વગેરે અભક્ષ્ય ખવાતા હોય. ટી.વી.-વીડિયોના બિભત્સ દૃશ્યો સસરો વહુ મા-દીકરો-દીકરી સાથે બેસીને જોતા હોય; જીવનમાં નથી કોઈ ત્યાગના વ્રત નિયમ, નથી કાંઈ તપ, મોટી ચૌદશ જેવી તિથિઓ પણ લીલાં શાકભાજી ને રાત્રિભોજન ખુશખુશાલ કરતા રહેવું છે; હોટેલ પિક્ચર, ટી.વી. વગેરે સૂઝે છે, પણ નથી કોઈ વ્યાખ્યાન-શ્રાવણ, ન રાતે કુટુંબને બેસાડી ધર્મશાસ્ત્ર રાસ વાંચન, ન સામાયિક, ન પર્વ તિથિએ પણ પતિક્રમણ,.....વગેરે વગેરે શ્રાવકના આચારનાં ઠેકાણાં નથી;

**આચારહીનને એવો જીવનમાં આચાર-ધર્મ લાવવાનો ઉપદેશ હોય ? કે આચાર-ધર્મના ઉદ્દેશનો ઉપદેશ જોઈએ ?**

**શાસ્ત્રોના ભરચક ઉપદેશ ધર્મદૃષ્ટિ જગાવવા અર્થે ? કે મોક્ષદૃષ્ટિ જગાવવા અર્થે ?**

નહિ જેવા દર્શન પૂજા કરતો હોય એને જો કહીએ કે તું ધર્મ મોક્ષ માટે નથી કરતો ? તને સુખ ભૂંડું નથી લાગતું ? સંસારસુખ ગમે છે ? જા, તારા ભાવ મેલા છે. મેલા ભાવથી ધર્મ કરીશ તો દુર્ગતિનાં પાપ બાંધીશ. માટે પહેલાં દૃષ્ટિ સુધાર, આવું કહીએ તો એ શું એને ધર્મમાં જોમ લાવે ? ઉત્સાહ વધારે ? કે ધર્મમાં નિરુત્સાહ કરે ? હજી એને ઢગલાબંધ સંસારનાં કામ કરતાં આવડે છે, કરવા ગમે છે, ને કરવા મથે છે, પણ શ્રાવકપણાના ધર્મ-આચાર જાણવા-પાળવાની કશી ગરજ નથી, તમન્ના, નથી, એનામાં આપણે મોક્ષની દૃષ્ટિ જગાડી આપવાની હોય ? કે ધર્મની દૃષ્ટિ જગાડવાની હોય ?

**શાસ્ત્રો જુઓ તો દેખાશે કે**

જીવોમાં ધર્મદૃષ્ટિ જગાવવાને વધારવા માટે, ને એમને પાપપ્રવૃત્તિમાંથી બહાર કાઢી ધર્મપ્રવૃત્તિમાં જોડવા માટે થોકબંધ ઉપદેશો એમાં લખાયેલા પડ્યા છે. આજના જીવોમાં તો જીવનમાં પહેલી ધર્મની દૃષ્ટિ જગાવાય, અને એ માટે એને સમજાવાય કે "મહાનુભાવો ! આ આર્ય માનવનો ઉત્તમ જનમ સંસારના પાપોમાં રાચ્યા માચ્યા રહેવા માટે નથી, પરંતુ ધર્મસાધના કરવા માટે છે. આ ઉત્તમ જનમ માત્ર જનાવરની જેમ આહાર-વિષય-પરિગ્રહ અને આરંભ સમારંભો તથા ૧૮ પાપસ્થાનક સેવવા માટે નથી, પરંતુ ત્યાગ તપસ્યા, જિનભક્તિ સાધુસેવા, જીવદયા, દાન-શીલ વગેરે ધર્મસાધના કરતા રહેવા માટે છે." આમ એમને માનવજનમનો ઉદ્દેશ ધર્મ સાધના બતાવાય, માનવ જનમની દૃષ્ટિ ધર્મસાધના પર ખેંચાય, તો



એમના જીવનમાં ભરચક ધર્મસાધના આવે એમને તો કહેવાય કે "જો ધર્મ નહિ કરો, ને મોહમાયામાં જ રમતા રહેશો તો જે જીવન જીવતાં છે, એ અંતે સૂઝશે, એ હિસાબે અહીં અંતકાળ પણ બગડી જશે ! ને પરભવે તો બેહાલ દશાનો પાર નહિ રહે ! કોને ખબર અહીં ધર્મ સાધ્યા વિના આ જન્મ પછી તો કેટલાય ધર્મ વિનાના પાપભર્યા હલકા અવતાર મળ્યા કરશે !!"

આમ એમને જીવનમાં ધર્મદૃષ્ટિ ઠસાવીએ, તો એમનામાં ધર્મ સાધના આવે. એ વિના મોક્ષદૃષ્ટિનું જ સમર્થન કર્યા કરાય તો ધર્મના આચાર ક્યાંથી આવવાના ? જૈનશાસ્ત્રો જીવનમાં આવા પ્રધાનપણે ધર્મદૃષ્ટિ જગાવવાના ઉપદેશોથી ભર્યા ભર્યા છે. કોઈએ એમ નથી કહ્યું કે "ધર્મ બહુ કરતો હોય કે એની ચિંતા નહિ. માત્ર દૃષ્ટિ મોક્ષની રાખવી. જો મોક્ષ સિવાય સંસારની અનુકૂળતા માટે ધર્મ કરે તો દુર્ગતિમાં ભટકે.' આવું જ્ઞાનીઓએ કેમ ન કહ્યું ? કહો, ધડમૂળમાં જેમને હજી જીવનમાં ધર્મદૃષ્ટિ જ નથી આવી, સાંસારિક કાર્યો છોડીને ધર્મ કરવાની કશી તાલાવેલી જ જેમને નથી, એને પહેલાં માત્ર મોક્ષદૃષ્ટિનું સમર્થન કરતા રહેવામાં, એ જીવો જીવનમાં મોક્ષની દૃષ્ટિને ગોખશે, પણ ધર્મદૃષ્ટિને નહિ, તેથી ધર્મના આચરણને મુખ્ય નહિ કરે.

એ તો ધર્મદૃષ્ટિ જગાડવા જીવોને જીવનમાં ધર્મની પ્રધાનતા રાખવાનું ઠસાવ્યા કરો; જિનશાસન મળ્યાની કિંમત સમજાવી પાપ છોડી છોડી ધર્મમાં લાગ્યા કરવાનું કહ્યા કરો;- "બને તેટલી પાપપ્રવૃત્તિ બંધ કરો, અને બને એટલો ધર્મ કરી લો, નહિતર માર્યા જશો, જીવન તો જોતજોતામાં પૂરું થઈ જશે, પછી ધર્મ વિના એકલા પાપાચરણો લઈને ક્યાં જઈને ઊભા રહેશો ?" એમ પાપત્યાગ અને ધર્મપ્રવૃત્તિની ખૂબ પ્રેરણા કર્યા કરો, તો જ એ ધર્મપ્રવૃત્તિ ખૂબ કરતા થાય, અને શ્રાવકધર્મના ખૂબ આચારો પાળતા થાય. બાપદાદાના જીવન જુઓ, અને આજના જીવોનાં જીવન જુઓ, પૂર્વજોમાં જીવજયણાં, ધર્મપ્રવૃત્તિ ને અભક્ષ્ય-રાત્રિભોજન ત્યાગ....વગેરે કેવા ? આજનાને કેવા ? એમને સામાયિક પોષધ-પ્રતિક્રમણ શાસ્ત્રસ્વાધ્યાય કેટલા ? આજનાને કેટલા ? આજે એના બદલે હોટેલ પિક્ચર કલબ કેમેરા ટી.વી. વગેરે કેટલા ? ઉદ્ભટ વેશ. ઉદ્ભટ રહેણી કરણી, નિર્લજ્જ આચારો, વગેરે કેટલું ?

આવા આજના જીવોને આચાર સુધારવાના અને ધર્મપ્રવૃત્તિ ખૂબ કરવાના ઉપદેશ જરૂરી નથી ? આવા જીવોને શું એકલું એમજ ગોખાવવા જેવું છે કે "મોક્ષ માટે જે ધર્મ કરાય. તમે સંસારસુખ માટે ધર્મ કરો છો ? તો એ તમારો ધર્મ અધર્મ છે, એથી તમે દુર્ગતિમાં ભટકતા થઈ જશો" શું આ ઠસાવવા જેવું છે ? કે એમ

ઠસાવવા જેવું છે કે "ધર્મના આચારો નથી પાળવા ? ધર્મપ્રવૃત્તિ જીવનમાં મુખ્ય નથી કરવી ? ને જમાનામાં પાપાચારોમાં રાચ્યા માચ્યા રહેવું છે ? દુર્ગતિમાં ભટકતા થઈ જશો."

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૮,તા.૨૯-૩-૧૯૮૬**

બેમાંથી કયો ઉપદેશ આજના જીવોને માટે જરૂરી અને યોગ્ય છે ?

કહો, આજના જીવોમાં મોક્ષદૃષ્ટિ પહેલાં ધર્મદૃષ્ટિ જગાવવાની તાતી જરૂર છે.

ધર્મદૃષ્ટિ તો એવી જગાવાય કે શ્રોતાને હાડોહાડ લાગી જાય કે બાપરે ! હું જો જીવનમાં ધર્મની મુખ્યતા અને ધર્મની પુષ્કળતા નથી લાવ્યો તો માર્યો જઈશ ! અસ્તુ.

જુઓ હવે પેલો નોકર કુલ્માષહસ્તિ પદ્મદેવ અને તરંગવતીને શોધતો અહીં એમને આવી મળ્યો છે, તે હવે એમને શું કહે છે તે હવે જોઈએ.

**નોકર કુલ્માષહસ્તી કહે છે,-**

નાનાશેઠ ! ગામડે ગામડે ભટકતો શોધતો અહીં આવ્યો, ને સારું થયું કે ભગવાન મારા પર રીઝ્યા તે તમારો ભેટો થઈ ગયો ! ને મારો પરિશ્રમ સફળ થયો ! લો, હવે મને બંને શેઠ સાહેબોએ આ બે પત્રમાં તમને આપવા માટે આપ્યા છે, તે લો,'

પદ્મદેવ પત્રને નમસ્કાર કરીને સ્વીકારે છે, અને ખોલીને ધીમે ધીમે વાંચી લે છે, મોટેથી બોલીને નહિ, કેમકે એમાં જો કાંઈક રહસ્ય ગુપ્ત રાખવા જેવું લખ્યું હોય તો તે ગુપ્ત રાખી શકાય. પછી પત્રમાં જોયું કે એવું કાંઈ ખાનગી રાખવા જેવું નથી, એટલે મોટેથી વાંચે છે શું લખ્યું હતું એમાં ?

તરંગવતી સાધ્વી શેઠાણીને પોતાનો અહેવાલ કહી રહી છે કે

**શેઠે પત્રમાં શું લખ્યું હતું ? :-**

'ગૃહિણી ! મને ભારે ભય હતો કે પિતાજીના આવેલા પત્રમાં કોણ જાણે કેવો ય ગુસ્સો ઠાલવ્યો હશે ? ને કડક ઠપકો લખ્યો હશે ? પણ જ્યાં પદ્મદેવે હવે મોટેથી પત્ર વાંચ્યો, ત્યારે જોયું કે પત્ર બિલકુલ રોષ વિનાનો અને ખૂબજ પ્રેમભર્યા, લાગણીભર્યો, અને પ્રસન્નતાભર્યો, તથા વિશ્વાસ-આશ્વાસન આપતો પત્ર હતો. ત્યારે મારે કલેજે ઠંડક વળી. એમાં લખ્યું હતું કે

"તમે જરાય ચિંતા કરશો નહિ; તમારા મનના મનોરથ પૂરા થશે; અને



તમો સુખેથી ઘરે જલ્દી ચાલ્યા આવો, તમને મારા સોગન છે કે જલ્દી ઘરે આવી જાઓ; નહિ આવો તો મારા જીવનનું જોખમ છે."

આટલો બધો પ્રેમ અને વિશ્વાસ તથા બહુ આવકારભર્યું આમંત્રણ દેખી બંનેનો શોક અને ભય દૂર ભાગી ગયા.

**પ્રેમભર્યો આશ્વાસનપત્ર કેટલું કામ કરે છે !** એના બદલે રોષપૂર્વક ઠપકો જ લખ્યો હોય, તો સામાના ભાંગી પડેલા હૃદયને કેટલો બધો ભારે આઘાત લગાડે ? ને એમાં પોતે નાનડિયા હોય, તેમ ગુન્હાહિત હોય, એટલે ઠપકો સાંભળી કાંઈ બોલી તો શકે નહિ, પરંતુ શું વડીલના પ્રત્યે દિલમાં પ્રેમ અને સદ્ભાવ વધે ? ના, વધે નહિ કિન્તુ ઘવાય, ઓછો થાય.

**અપરાધી અંગે માનવશાસ્ત્ર : એને પહેલાં સ્નેહ સહાનુભૂતિથી નવરાવી નાખો :-**

આ સાયકોલોજી (માનસશાસ્ત્ર) છે કે સામા અપરાધીને પણ, પહેલાં તો સ્નેહ-સદ્ભાવ-સહાનુભૂતિથી નવરાવી નાખો ! તેથી તમારી તરફ એનું હૈયું ઝુકશે, અને તમારા પર એનો સદ્ભાવ વધી જશે; એના દિલમાં તમારા પર એનો સદ્ભાવ વધી એના દિલમાં તમારા કથન માટે ઢાળ ઊભો થશે, તમારે એને ઠપકાનું કાંઈક કહેવું હોય તે કહો, તે અંદરમાં ઊતરશે, તે આદરથી સાંભળશે સ્વીકારશે અને પોતાની ભૂલ હરખથી કબૂલ કરી પસ્તાવા સાથે ક્ષમા માગશે. આ અનુભવની વસ્તુ છે. આ અનુભવ કરશો તો સમજાશે. બાકી ભૂલ કરે એને તો તરત ડામવા-દબાવવા જ જોઈએ, નહિતર માથે ચડી બેસે, ને વંઠી જાય. એવા ગલત હિસાબ પર અત્યારસુધી ચાલ્યા અને નાનડિયાના કે આશ્રિતના સ્નેહ સદ્ભાવ ઘટાડ્યા છે છતાં આશ્ચર્ય છે કે હજી પેલો માનસશાસ્ત્રીનો હિસાબ સમજવો જ નથી ! અને અનુભવમાં મૂકવો જ નથી ! તો એનાં રુડાં ફળનાં જિંદગી સુધી ભાગી નહિ બની શકો.

તરંગવતીના પિતાનો રોષ વિનાનો અને 'હવે જલ્દી ઘરે આવી જાઓ તમારા મનોરથ સિદ્ધ થશે. એવો પ્રેમભર્યો આમંત્રણનો પત્ર આવ્યો એથી એને શોક દૂર થઈ ગયો, અને મનને ભારે સંતોષ થયો.

**નોકર વીતક પૂછે છે : સાંભળી રડે છે :-**

ત્યાં પેલો નોકર કુલ્માષહસ્તિ પૂછે છે 'પણ નાનાશેઠ ! મેં તો તમારા ગયા પછી ઘરે બનેલ બધી હકીકત કહી, પણ તમે શો શો અનુભવ કરી આવ્યા તે તો કહો ?'

ત્યાં પદ્મદેવ ઘરેથી નીકળ્યા ત્યાંથી માંડીને અત્યારસુધીની બધી હકીકત કહે

છે એ સાંભળવામાં જીવતા કપાઈ જવાની તૈયારી સુધીના ભયંકર કષ્ટની વિગત સાંભળતાં સાંભળતાં નોકર રડી પડ્યો ! કહે છે,-

'હાય ! હાય ! દુષ્ટોએ તમને આટલી બધી ભયંકર સ્થિતિએ પહોંચાડેલા ?'

**પદ્મદેવના સુંદર બોલ :-**

પદ્મદેવ કહે,-ભાઈ ! એ બિચારાનો શો વાંક ? વાંક અમારા તેવાં પૂર્વના અશુભ કર્મનો; નહિતર મહાસુખમાં બેઠેલા અમારે એ ભયંકર સ્થિતિમાં શાનું મૂકાવું પડે ? એ ચોર બિચારા થોડા જ અમને ઠેઠ ઘરમાંથી જ તાણી જવા આવેલા ? પરંતુ અમારા કર્મે જ અમને ભુલાવ્યા, તે સુખના મૃગજળમાં તણાયા પર છોડી જાતે જ નીકળી પડ્યા !'

પદ્મદેવ વીતક-વર્ણનમાં પછી ઠેઠ અહીં તરંગવતીને છેલ્લે ભારે ભૂખનું સાંભળતાં તો નોકર ચમક્યો ! અને કહે છે,- 'અરરર ! બાપ રે ! તમે ભૂખ્યા જ પીડાઈ રહ્યા છો, એતો હું જોવું જ ભૂલ્યો ! નાનાશેઠ ! માફ કરજો ભાઈ-સાહેબ ! પહેલું તો મેં તમને ભોજન પાણીનું જ પૂછ્યું નહિ ? જે સગવડ તો મારે પહેલી જ કરવી જોઈતી હતી, તે જ હું ભૂલ્યો ? ચાલો ચાલો ઊઠો, તમને હમણાં જ ભોજન કરાવું.'

**નોકરનો કેવો વિવેક :-**

**નોકર બંનેની સરભરા કરાવે છે :-**

એમ કહીને ગામના એક માન્ય સારા બ્રાહ્મણકુળમાં બંનેને લઈ ગયો; ત્યાં હાથ પગ ધોવરાવ્યા, અને રસોઈ તૈયાર કરાવી બંનેને નાસ્તો કરાવ્યો; એટલે બંનેને જીવમાં જીવ આવ્યો તે કુળનું બંનેએ અભિનંદન કર્યું, આભાર માન્યો.

હજી આગળ એવા ભયવાળા પ્રદેશમાંથી પસાર થવાનું હતું. તેથી કુલ્માષહસ્તિએ પોતાના જાણીતા રક્ષક માણસોને ઊભા કર્યા, અને એ બધાની સાથે ત્યાંથી બંને નાવડા દ્વારા નદી ઊતર્યા...

અહીં નોકરે પહેલેથી એક માણસને વાહન લેવા મોકલેલો, તે વાહન નદી કાંઠે તૈયાર આવી ઊભેલું, એટલે નોકર સાથે બંને વાહનમાં બેસી ગયા, અને એક સ્નેહીના ગામમાં પહોંચી ગયા. ત્યાં જઈને સ્નાન કર્યું. બંનેને નોકરે સારી રીતે ભોજન કરાવી આરામ કરાવ્યો. બંને બહુ જ થાકેલા હતા, એટલે એમણે સારી રીતે ઊંઘ કાઢી એટલે તાજા માજા (મસ્ત) થયા. પછી ઊઠીને દેવાધિદેવનું ચૈત્યવંદન અને સ્તુતિ કરી.

અહીં કુલમાષ પાસે પૈસા એટલા હતા નહિ તેથી આગળ શી રીતે



વધવું ? એટલે એણે કોશાંબી તરફ કાગળ લઈને એક માણસ મોકલ્યો, અને એ થોડા દિવસમાં જવાબ લઈને પાછો આવે ત્યાં સુધી બધાએ ત્યાં જ સ્નેહીના ઘરે રોકાવાનું કર્યું. થોડા દિવસમાં માણસ જવાબ અને કોશાંબી સુધીના ખર્ચ માટે ખાસું ધન અને કપડાં વગેરે સામગ્રી લઈને પાછો આવ્યો. એટલે અહીં આનંદ આનંદ થઈ ગયો. એમાંથી અહીં થોડુંક રહ્યા એનું ઉચિત કરવા, આ સ્નેહીના ઘરે એક હજાર રૂપિયા આપ્યા. તેમજ છોકરા બૈરા અને પુરુષો માટે કપડા આપ્યાં, જેથી સ્નેહીને સારું સંભારણું રહે. પછી ત્યાં વાહન તૈયાર કર્યું, ને સાથે શસ્ત્રધારી મજબૂત માણસો રક્ષક તરીકે સાથે લીધા. પદ્મદેવ અને તરંગવતી હવે આ પરિવાર વગેરે મોટી સમૃદ્ધિ સાથે ત્યાંના રાજમાર્ગ પરથી પસાર થતા હતા ત્યારે એ નગરના હજારો માણસો જોઈ ચકિત થઈ જતા ! અને આમને સ્નેહની દૃષ્ટિથી જોતા હતા. નગર બહારથી વાહનમાં બેસી ગયા, અને કોશાંબી તરફ પ્રયાણ ચાલું કર્યું.

**પુણ્યપાપની વાદળીઓનાં અવનવાં :-**

**પુણ્યપાપની વાદળીઓ કેવાંક કલ્પના બહારના અવનવાં કામ કરી જાય છે !**

પહેલું અવનવું,- તરંગવતી પક્ષીના અવતારમાં પાપના ઉદયે પ્રિયનો વિયોગ પામીને એની ચિતામાં બળી મરી, પરંતુ કોઈક શુભ ભાવે પુણ્યના ઉદયે મોટાશેઠની દીકરી તરંગવતી થઈ ! તો બીજું અવનવું, એમાં જાતિસ્મરણ થયું ! અને પ્રિયની યાદમાં **મોહના ઉદયે** ઝૂરતી હતી ! પછી ચિત્રપટ્ટ સૂઝ્યો તો એ પૂર્વ ભવના ચિત્રપટથી **પુણ્યના ઉદયે** પ્રિય મળ્યો ! તો પોતાના બાપે **પાપના ઉદયે** એ પ્રિયના વેરે દેવા ના પાડી ! પરંતુ **પુણ્યના ઉદયે** પ્રિય ખાનગીમાં મળી ગયો ! ને એને પરગામ લઈ ચાલ્યો; તો **પાપના ઉદયે** ત્યાં ચોરો મળ્યા, ને એમનું ઝવેરાત તો લૂંટી લીધું ! પરંતુ વધારામાં એમને લઈ જઈ પલ્લીમાં કેદ પૂર્યા ! એટલું જ નહિ, પણ પ્રિય પદ્મદેવનો દેવીને ભોગ આપવાનું નક્કી થયું ! કેટલી હદ સુધી પાપોદય ? પણ ખૂબી જુઓ, આવા ભયંકર પાપના ઉદયની વાદળી ય પાછી ખસી ગઈ, ને **પુણ્યની વાદળી** આવી ! તો એણે એ જ પલ્લીના ચોર દ્વારા છૂટકારો અપાવ્યો ! પાછા છૂટીને જંગલ વટાવી કોઈ ગામમાં ગયા, તો **પાપના ઉદયે** કારમી ભૂખ વેઠવાની આવી, ત્યાં પાછો **પુણ્યનો ઉદય** થયો તો ઘરેથી શોધવા નીકળેલ માણસ જ ત્યાં મળી ગયો ! તે હવે વતન કોશાંબી તરફ વાહનમાં ઠાઠમાઠ પરિવાર સાથે લઈ ચાલે છે !

ઘડીમાં પુણ્યની વાદળી ! તો ઘડીમાં પાપની વાદળી ! એથી ઘડીમાં સુખ વરસ્યું ! તો ઘડીમાં દુઃખ વરસ્યું ! સંસારી જીવને જુદા જુદા જનમમાં તો સુખના

ને દુઃખના અનુભવ થાય છે. પરંતુ આ એક જ જનમમાં પુણ્યોદય પાપોદયે કેવાંક પરિવર્તન લીધા ! આમાં જ સંસારી જીવની કેવીક કર્મ પરવશતા દેખાય છે ! કર્મસત્તા આગળ માણસની કેવીક રાંક સ્થિતિ છે !

**જે સંસારમાં કર્મસત્તા જીવ પર આમ પલટા મારવાનું કામ કરે છે, શું એવા સંસારને માથે ચડાવવાનો ? કે કર્મસત્તાની બેડીઓમાંથી છોડાવે એવા દેવ-ગુરુ-ધર્મને માથે લેવાનો ?**

આ એક વિચાર.

બીજો વિચાર એ છે કે પુણ્યોદયની વચમાં વચમાં જીવના માથે જો પાપોદય ટપકી પડી એને મહાદુઃખમાં મૂકે છે, તો એ શું સૂચવે છે ? આ જ, કે પૂર્વે ધર્મ તો કરેલો તેથી સારા પુણ્યોદય જોવા મળ્યા; પરંતુ એમાં પાપોદયો જાગી જાગી દુઃખ લઈ આવ્યા, એ સૂચવે છે કે પૂર્વ જનમમાં ધર્મ કરવાની સાથે પાપાચરણ કેવા કેવા કરેલા હશે ? એ આપણું આ આત્મનિરિક્ષણ કરવા પ્રેરે છે કે,

**આત્મનિરીક્ષણ :-**

**આપણને સદ્ભાગ્યે અહીં ધર્મ તો ગમે છે, પરંતુ સાથે સાથે વિવિધ પાપાચરણ કેટલાં ગમે છે ?**

એ ભવાંતરે શું દેખાડશે ? પેલા ધર્મનાં ફળરૂપે આવતાં સુખોની વચ્ચે વચ્ચે એ પૂર્વ પાપાચરણે દુઃખોની દખલ કેવી આવવાની ? દુઃખોનાં રોદણાં કેવાં થવાના ?

તરંગવતીનાં જીવનમાં જોઈએ તો દેખાય છે કે સુખો વખતે તો આનંદ મંગલ; પરંતુ દુઃખ આવ્યા ત્યારે છેલ્લે ઠેઠ આપઘાતના વિચાર સુધી ચડી ગયેલી ! પણ હવે એને એમ લાગે છે કે દુઃખનાં દહાડા ગયા, તે વતન કોશાંબી તરફ એ અને પ્રિય બંને વાહનમાં બેસીને પ્રયાણ કરી રહ્યા છે. રસ્તામાં ડાંગરના રોપાઓ બહુ શોભી રહ્યા છે, આગળ આશાલિક ગામ આવે છે, ત્યાં અવનવું જોવા મળે છે !

**વડની પૂજા : વીરવાસો :-**

**વડ પર વીરપ્રભુની ભાવના :-**

એ ગામની બહાર એક મોટું વડનું ઝાડ છે. ત્યાંનાં લોકો એ વડની પૂજા કરતા હતા. કહે છે કે મહાતપસ્વી વર્ધમાનસ્વામી પોતે તીર્થંકર બનવા અગાઉ વિહારમાં અહીં આ વડના ઝાડની નીચે કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા ! એ સાંભળીને તરંગવતી પદ્મદેવને ભારે આનંદ અને એ વડના ઝાડ પર માન ઊપજ્યું ! મનને થયું કે અહો ! નિર્ગ્રન્થ ધર્મ યાને શ્રમણ ધર્મની પ્રધાનતાવાળા શ્રી જિનશાસનના સ્થાપક ઉપદેશક, અને પોતાના જીવનમાં શીલ અને સંવરનું નિયંત્રણ રાખનારા



વર્ધમાનસ્વામી ઓહોહો ! અહીં રહેલા ? **શીલનાં નિયંત્રણથી** અહિંસાદિના મહાવ્રત પાળનારા, તે એવાં કે મન ક્યાંય અવ્રત પાપ તણાઈ જાય નહિ. તેમજ **સંવરના નિયંત્રણથી** બાર પ્રકારના તપની સાધનામાં જ દત્તચિત્ત બનેલા મહાવીર પરમાત્મા; હેં ? એ પ્રભુ અહીં આ વડ નીચે ઠેહરેલા ? પ્રભુને આશ્રય આપનારા આ વડ અત્યારે આપણે મન જાણે પોતે જ મહાવીર પ્રભુ તરીકે ઊભો છે ! માટે વંદનીય છે. લાવો એને વંદન કરીએ'..... એમ કરી બંને જણ વડને પ્રત્યક્ષ મહાવીર પ્રભુ માનતા હરખિત થઈને ખૂબ ભાવથી વંદના કરે છે !

**નામ નિક્ષેપે નામ પણ ભગવાન :-**

**પ્ર.-** ઝાડને ભગવાન મનાય ? માનીને વંદન થાય ? એથી લાભ મળે ?

**ઉ.-** જિન શાસન સામાન્યથી વસ્તુમાત્રના ચાર નિક્ષેપા માને છે. વસ્તુ ચાર નિક્ષેપે હોય છે,- નામ નિક્ષેપે, સ્થાપના નિક્ષેપે, દ્રવ્ય નિક્ષેપે અને ભાવ નિક્ષેપ. નામ નિક્ષેપે વસ્તુનું નામ આવે, વસ્તુનું નામ એ પણ એજ વસ્તુ છે. નામ લખ્યું હોય, કોઈ પૂછે આ શું લખ્યું છે, તો કહેવાય છે. એ વસ્તુ દા.ત. અરિહંત નામ લખ્યું છે, ને પૂછાય આ શું લખ્યું છે ? તો કહેવાય અરિહંત ! શુ અરિહંત ભગવાન પોતે આ છે ? હા, નામથી આ અરિહંત જ છે. અરિહંત અરિહંત નામ રટતાં હો ને કોઈ પૂછે શું રટો છો ? તો કહેવાય કે અરિહંત રટું છું.

**પ્ર.-** અરે ! અરિહંતનું નામ રટો છો કે અરિહંત ?

**ઉ.-** વ્યવહારમાં બંને બોલાય છે. 'અરિહંત' રટું છું. અરિહંતનું નામ રટું છું;' કેમકે અરિહંતનું નામ અપેક્ષાએ અરિહંતથી કાંઈ જુદું નથી. માટે તો સામો કહે 'અરિહંત' રટું છું, તો એની સાથે કોઈ ઝગડો નથી કરતું કે 'એય ! અરિહંતનું નામ રટે છે ? કે અરિહંત રટે છે ? કેમ ઝગડો નહિ ? કહો નામ અને નામવાળાને એક જ યાને અભિન્ન માનવામાં આવે છે. માટે સવારે ઊઠતાં જ 'અરિહંત' બોલો, ત્યાં એમ નથી કહેતા કે હું અરિહંતનું નામ બોલ્યો, એમજ કહો છો 'અરિહંત' બોલ્યો.

હવે સામો પૂછે 'અરિહંત' શું છે ? તો ઉત્તરમાં કહેવાય છે 'અરિહંત' અમારા ભગવાન છે. સામો પૂછે,-

**પ્ર.-** કોણ ભગવાન ? અરિહંત તો નામ છે, તો શું નામ એ ભગવાન ?

**સ્થાપના નિક્ષેપે મૂર્તિ પણ ભગવાન :-**

**ઉ.-** હા, જેમ વિચરતા તીર્થંકર ભગવાન એ અરિહંત છે, તેમ 'અરિહંત' નામને પણ અરિહંત જ કહેવાય.

એમ સ્થાપના નિક્ષેપે અરિહંતની મૂર્તિને પણ આ અરિહંત છે એમ કહેવાય છે;

ને રાધા સહિત વિષ્ણુની મૂર્તિને આ વિષ્ણુ છે એમ કહેવાય છે. ત્યાં અરિહંત મૂર્તિ માટે એમ ખુલાસો નથી કરાતો કે આ અરિહંત નહિ, પણ અરિહંતની મૂર્તિ છે.

**જેમ 'અરિહંત' નામ એ અરિહંત, તમે અરિહંતની મૂર્તિ પણ અરિહંત જ છે.**

કોના દર્શને જાઓ છો ? તો કહેવાય છે કે મહાવીર ભગવાનનાં. ત્યાં એમ નથી કહેવાતું કે મહાવીર ભગવાનની મૂર્તિનાં દર્શને. કેમ વારું એમ ? કહો, ભગવાનની મૂર્તિ એ ભગવાન જ છે માટે.

તેથી તો વ્યવહારમાં જુઓ ઘરમાં ગૃપ ફોટો હોય અને બહારથી અજાણ્યો મહેમાન આવેલો ફોટાંમાં ઓળખ પૂછે,- આ કોણ ? 'તો ઘરનો છોકરો કહે છે,- 'આ મારા પિતાજી, આ મારા માતાજી, ત્યાં એમ થોડું જ કહેવાય કે આ તો મારા પિતાજીનો ફોટો છે. મારા પિતાજી નહિ' અરે ! એટલું જ નહિ, પણ ફોટામાં ખરેખર પિતાજી સમજી પિતૃભક્ત પુત્ર રોજ એમને ફુલહાર ચડાવે છે. દેશનેતાના બાવલાની લોક પૂજા કરે છે ને ? સન્માન-સલામી કરે છે ને ?

**મૂર્તિમાં વ્યક્તિનો આ જગતપ્રસિદ્ધ વ્યવહાર છે.**

મૂર્તિને વ્યક્તિ માની જગત એનાં પૂજન સત્કાર સન્માન સલામી કરે છે.

મૂર્તિપૂજાના વિરોધી બિચારા આ સમજી શકતા નથી, એટલે મશ્કરીમાં લવારો કરે છે કે લો આમના ભગવાન પત્થરમાં આવી ગયા ! એમ કરી ભગવાનની મૂર્તિની એટલે કે ભગવાનની આશાતના કરે છે ! પાછો એ પોતાના બાપની કે ગુરુની તસવીરને જોઈને કહેશે આ મારા પિતાજી આ મારા ગુરુજી; ને જો કોઈ વિરોધી એ તસવીર પર થુંકશે, તો તો એના પર આ મૂર્તિપૂજક ગુસ્સે થઈ કહેશે એય હરામખોર ! મારા બાપ પર થૂંકે છે ? મારા ગુરુ પર થુંકે છે ? ખૂબી તો જુઓ, મૂર્તિનો ને મૂર્તિપૂજાનો વિરોધી યુવાન જો કોઈ મનમાની રૂપસુંદરી યુવતી સાથે સગાઈ સંબંધથી ગંઠાયો, તો એનો ફોટો લોકેટમાં રાખી એકાંતમાં કામ વિહ્વળ બનેલો લોકેટને બચ્ચી ભરી કહે છે,- ઓ મારી પ્યારી ! શું તારું રૂપ ? એને કોણ કહે, 'અલ્યા ! શું લોકેટ- ફોટો એ તારી પ્યારી ? કે જીવંત જાગ્રત એ યુવતી તારી પ્યારી ?'

**વડ એ મહાવીર ? :-**

**મૂર્તિ-ફોટો વગેરેમાં મુખ્ય વસ્તુ તરીકેના જગતપ્રસિદ્ધ વ્યવહાર છે.** સો રૂપિયાની નોટનો લોકો એમજ વ્યવહાર કરે છે. કોઈને નોટ આપતાં કહે છે, લો આ સો રૂપિયા. ત્યાં સામો એમ નથી કહેતો કે આ તો સો રૂપિયાની નોટ છે, સો રૂપિયા નહિ; કેમ એમ ? કહો, ગવર્મેન્ટની ટંકશાળામાં છાપેલી નોટમાં સો રૂપિયાની



સ્થાપના થયેલી છે.

**વસ્તુની સ્થાપનાને પણ વસ્તુ જ કહેવાય છે. અને એના પ્રત્યે વસ્તુ જેવો વ્યવહાર થાય છે.**

માટે તો બજારમાં માલ ખરીદીને ઘરાક નોટ આપતાં કહે છે લો આ સો રૂપિયા. એવું કાંઈ નોટનાં માપનું ખાલી કાગળિયું આપી ન બોલાય કે 'લ્યો આ સો રૂપિયા.' કેમકે કાગળિયામાં સો રૂપિયાની સ્થાપના નથી થઈ. સ્થાપનાનો કેટલો બધો મહિમા છે ! કે ક્ષત્રિયાણીઓ પતિ પરદેશ જાય ત્યારે એની મોજડી લઈ રાખતી, અને એમાં પતિની કલ્પના (સ્થાપના) કરીને એને પતિ તરીકે પૂજતી, અને વિનંતી કરતી કે 'સ્વામીનાથ ! મારે તો તમે જ એક નાથ, તમારા સિવાય કોઈના તરફ મારી આંખ પણ ન જાય, એવું મને બળ આપજો. મારા શીલની રક્ષા કરજો.

આ જ વાત અહીં છે,- તરંગવતી જે વડનાં ઝાડ નીચે મહાવીર પ્રભુ ધ્યાનમાં રહેલા, એ વડમાં પ્રભુની સ્થાપના કરી વડને જ મહાવીર જિનવર તરીકે માનતી નીચે પડી નમસ્કાર કરે છે ! ને પછીથી હાથ જોડી સ્તુતિ કરે છે.

**વડ પર વીરની સ્તુતિ :-**

'હે તરુવર ! તને ધન્ય છે, તું કૃતાર્થ થયેલો છે, કે જે તારી છાયામાં ભગવાન મહાવીર પ્રભુ રહી ગયા !' એમ કરી વડનું પૂજન કરી એને પ્રદક્ષિણા દે છે, એ વખતે દિલમાં એટલો બધો આનંદ અને તુષ્ટિપુષ્ટિ અનુભવે છે કે દિલમાં સંવેગરંગ (દેવ-ગુરુ-ધર્મ-ઉપરનો ભક્તિરંગ) ઊભરાય છે. મનને એમ થાય છે કે વાહ રે મારા ભગવાન ! તમે આ જગત ઉપર અવતરીને કેવાં જ્ઞાનનાં અવાજવાળાં કર્યા ! નિરાધાર જીવોના કેવાક આધારભૂત બની ગયા ! અમારાં કેવાં અહોભાગ્ય કે તમે અમને મળી ગયા ! તમને છાયા આપનારા આ ધન્ય વૃક્ષનાં દર્શન થયા, એ અમારે તમારું જ દર્શન છે.

**"ગિરિવર-રજ તરુમંજરી રે, શીશ ચડાવે ભૂપ, લલના."**

પૂર્વે સિદ્ધિગિરિ તરફ છરી પાળતાં સંઘો જતા, ત્યારે યાત્રિકોને મોટા રાજાઓ પણ રસ્તે આવતા વૃક્ષની મંજરી અને એ રસ્તેથી ચાલી ગયેલા યાત્રિકોના પુણ્યવંતા પગથી પવિત્ર થયેલી જમીન પરની રજને માથે ચડાવતા ! યાત્રિક સંઘ તો પૂજ્ય છે જ, પણ સંઘની પાદ રજ પણ જાણે પૂજ્ય છે ! આવા માર્ગની રજના સ્પર્શને નકામો ગણતા નહિ; કેમકે એથી દિલમાં જે ભાવનો ઉછાળો આવે છે, એ સમ્યક્ત્વને નિર્મળ કરે છે.

**કમમાં કમ, ગિરિવર ચડતાં વચમાં વચમાં ગિરિનો હાથેથી સ્પર્શ કરીએ,**

**અને અનંતાને મોક્ષે મોકલનાર ગિરિવરને ધન્ય ધન્ય માનીએ, તો દિલમાં ભક્તિ શ્રદ્ધાનો રંગ વધે છે, સમકિત નિર્મળ થાય છે.**

તરંગવતી-પદ્મદેવ મહાવીર ભગવાન જે વડ નીચે કાઉસ્સગ્ગ ધ્યાન રહેલા, એ વડની સ્તુતિ કરે છે કે 'હે મહાવડ ! તને ધન્ય છે કે પ્રભુની માથે તેં છાયા ધરી ! અને એમ સ્તુતિ કરતાં અંતરમાં સંવેગની તુષ્ટિપુષ્ટિ અનુભવે છે. પછી તે ચાલ્યા આગળ કોશાંબી તરફ. નોકર માણસે આગળથી બંને શેઠિયાને સમાચાર મોકલી દીધા છે. એટલે કોશાંબીની બહાર જ્યાં કમળવન છે, ત્યાં સુખ કુટુંબ અને લોકો હજારે ભેગું થઈ ગયું હતું; કેમકે આ બે આવી રહ્યા છે એ જાહેર થઈ ગયું હતું.

**કોશાંબીમાં લોક-વધામણાં :-**

લોકો એકેક જોઈ જોઈને હાથ જોડીને પ્રણામ કરી જાય છે. ત્યાં કુટુંબને આનંદનો પાર નથી ! ત્યાંથી એમને નગરમાં લઈ જવામાં આવે છે. રાજમાર્ગ ઉપર લોકોની કતાર જામી છે. મકાનોની બારીઓથી ને અગાસી ઉપરથી લોકો જોવામાં તલ્લીન થઈ ગયા છે અને જોઈ જોઈને લોકોની આંખો ધરાતી નથી, એમાં ટસી ટસીને જુએ છે એટલું જ નહિ, પણ લોકો અક્ષત ફૂલ વગેરેથી વધામણાં કરે છે ! 'ચિરંજીવો' એમ આશીર્વાદ આપે છે. એમાં ફૂલહારનાં વધામણાં તો એટલા બધા આવે છે કે પદ્મદેવ એ બધાને સ્વીકારવા પહોંચી શકતો નથી. લોકોમાં બંનેના પૂર્વ ભવની ખબર પડી ગઈ છે એટલે લોકો આંગળી કરીને બોલી રહ્યા છે,-

"અરે ! જુઓ જુઓ આ પદ્મદેવ તે પેલો ચક્રવાક, જેને ચિત્રપટ્ટમાં પારધીએ બાણથી હણેલો બતાવેલો; અને એની પાછળ ચિતામાં બળી મરેલી આ પેલી ચક્રવાકી, તે આ શેઠની લાડલી પુત્રી તરંગવતી થઈ; અને હવે આ પદ્મદેવની પત્ની બની ! ખરેખર દૈવે બંનેની જુગતી જોડી બનાવી ! કેવો વિજયશીલ શૂરવીર અને કૂળનું રતન તે બધા આદરણીય બન્યો છે ! એ એમા કુટુંબના ઉલ્લાસ અને લોકોના સન્માનથી સ્પષ્ટ જણાઈ આવે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૨૯,તા.૫-૪-૧૯૮૬

એમ નગરમાં રાજમાર્ગ ઉપર સવારી ચાલતાં ચારે બાજુ પ્રશંસા થઈ રહી છે. લોકોની દૃષ્ટિએ પ્રવાસમાંથી આવેલા છે. 'કેવા દુઃખ વેઠી આવ્યા છે !' એની લોકને ખબર નથી એટલે કોઈને મન એવી લાગણી નથી થતી કે 'આ બિચારા



કેવા દુઃખ વેઠી આવ્યા છે ! સારું થયું દુઃખથી છુટ્યા ! હવે દુઃખમાં ન પડો.' આવું આવું કોઈને નથી થતું.

જીવની પણ આ દશા છે. અહીં જન્મ પામે છે. હજારો આજુબાજુના લોક ખુશી થાય છે,- 'વાહ ! બાબો કેવો સારો રૂપાળો ! કોઈ આ જીવ ગર્ભમાં બિચારો કેવાં દુઃખ પામ્યો ! એની પૂર્વેના જનમમાં કેવાં દુઃખ પામ્યો હશે ! હવે દુઃખ ન પામો ! કોઈ જ આનું મનમાં નથી લાવતું ! સગા માબાપ મનમાં નથી લાવતા ! નહિતર જે

**નવા જન્મેલા બાબા માટે જો માબાપ એ વિચારતા હોત કે 'મોહના વિષયોના કારણોએ આ પૂર્વે દુઃખો પામ્યો,' તો એવાં મોહના કારણોમાં એને અહીં ન જોડે.**

એ તો વધામણાં જ કરે છે ! તરંગવતી પદ્મદેવનાં પણ મહા વધામણાં થઈ રહ્યા છે.

અહીં એક પ્રશ્ન થાય,

**પક્ષીના અવતારે ધર્મ નહિ, તો અહીં પુણ્યોદય શી રીતે ? એક સમાધાન :-**

**પ્ર.-** પૂર્વે ચક્રવાક-ચક્રવાકીના અવતારમાં કશો ધર્મ તો કર્યો નથી તો પછી આટલું બધું પુણ્ય શી રીતે ઉદયમાં આવ્યું ?

**ઉ.-** અલબત પક્ષીના અવતારમાં ધર્મ, દાન પુણ્ય કર્યું દેખાતું નથી; પરંતુ એક તો પૂર્વ ભવોમાં એ કર્યું હોય એમ બની શકે છે. અને કોઈક એવી કસૂરના કારણે વચગાળાનો પક્ષીનો અવતાર આવી ગયો હોય, પરંતુ પૂર્વની ધર્મસાધનાનો પુણ્યનો જાંગડ માલ પડ્યો હોય એટલે એ અહીં ઉદયમાં આવે, ને એનો પ્રભાવ બતાવે, પૂર્વ પુરુષનાં ચરિત્ર ગ્રંથોમાં આ જોવા મળે છે, કે પાપના માર્ગમાં રચ્યાપચ્યા રહેવાને બદલે ધર્મની પ્રવૃત્તિ ખૂબ ખૂબ કરતા હોય, પણ તેથી નથી ને કદાચ પરભવનું આયુષ્ય બંધાતી વખતે કોઈ નરસા ભાવ આવી જવાના લીધે, હલકાં અવતારમાં જવું પડ્યું, તો ય એ જનમ પૂરો થતાં પૂર્વની ધર્મસાધનાઓથી ઊભા થયેલા ને જાંગડ પડેલા પુણ્યથી આત્માનો ઉદ્ધાર થયો....અહીં આ બે તરંગવતી-પદ્મદેવને આમ બનવા પામ્યું હોય, તેથી પક્ષીઅવતારનું આંતરું પડ્યું.

**ઋષભપ્રભુને ધર્મહીન ભવનું આંતરું :-**

ઋષભદેવ ભગવાન પહેલા જનમમાં ધન સાર્થવાહ તે મુનિઓને સાર્થમાં લઈ ગયા. ત્યાં રસ્તામાં ઉનાળો ભારે આવ્યો એમાં સાર્થવાહ, 'સાર્થમાં કોણ, કોણ છે,' એનું લિસ્ટ મંગાવી જોતાં અને મુનિઓ યાદ આવ્યા, મુનિઓ પાસે જઈ ક્ષમા માગે છે, કે 'આપને સાર્થમાં વિશ્વાસ આપીને લીધા, પણ આપને ભૂલી ગયો આપની સંભાળ ન લીધી ! ક્ષમા કરજો મને.' મુનિઓ કહે છે,-

"તમે અમારો કોઈ અપરાધ કર્યો નથી,. બલ્કે આટલે સુધી અટવી લંઘવામાં તમે રક્ષણ આપી અમારા પર ઉપકાર કર્યો છે."

મુનિઓની ઉદાર ઉમદા વાણી સાંભળી ધનસાર્થવાહ પ્રભાવિત થઈ જાય છે, મુનિઓને લાભ આપવા નિમંત્રણ કરી લઈ જાય છે, ત્યાં સાધુધર્મનો અજાણ ધનસાર્થવાહ પહેલાં તો ફળોનો લાભ આપવા કહે છે. મુનિઓ સમજાવે છે કે ભાગ્યવાન ! મુનિઓને આવી સચિત્ત સજીવ વસ્તુ લેવી ન ખપે. ત્યારે સાર્થવાહ ખૂબ ભાવપૂર્વક ઘી વહોરાવે છે, ને પછીથી એ ભવમાં ધર્મની સમજ મળતાં સમ્યક્ત્વ પામે છે. સુંદર ધર્મ આરાધના કરે છે, મહાન પુણ્ય સંપત્તિ કમાય છે. પણ એમને જીવનનો અંત પુત્રના પ્રપંચથી અકાળ દ્વારા આવે છે ! તેથી મરીને એમને યુગલિક તરીકે જન્મવું પડે છે. યુગલિકોમાં ધર્મ સમજ કે ધર્મ સાધના નથી હોતી. છતાં એમને તેવા કષાયો નહિ, એટલે મરીને એમને દેવગતિમાં જ અવતાર મળે છે.

ત્યારે પેલા દાનના પુણ્ય સંચયનું શું ? કહો, જાંગડ પડ્યું છે, એ હવે ચોથા ભવે મહાબળ તરીકે મનુષ્ય અવતાર પામે છે. ત્યાં ઉદય આવે છે. અલબત પૂર્વનાં મોહનીય કર્મ અને કુમિત્રોનો સંયોગ અહીં એમને જલ્દી ધર્મ નથી પામવા દેતા, છતાં પૂર્વના પુણ્યે મુખ્યમંત્રી સારો મળ્યો છે, તેથી એના સહારે અંતે ચારિત્ર લે છે ! લઈને તરત જીવનભરનું અનશન કરી લે છે. આ પૂર્વના જાંગડ પડેલા પુણ્યનો અને ધર્મ-સંસ્કારોનો પ્રતાપ.

તરંગવતીના આત્મામાં આવું જ જોવા મળે છે કે પૂર્વના ચક્રવાકીના અવતારમાં કશી ધર્મ સાધના નહોતી, છતાં અહીં ઉત્તમકુળ અને બાળપણથી ધર્મસાધના આવી. શી રીતે આવી ? તો કહેવું પડે કે એ પૂર્વની કોઈ જાંગડ પડેલી પુણ્યાઈ અને ધર્મ સંસ્કારની મૂડીનો પ્રતાપ. આ એક સમાધાન છે.

**બીજું સમાધાન :-**

બીજો ખુલાસો આ છે કે ચક્રવાકીના અવતારમાં એને ચક્રવાક સાથેના પ્રેમમાં મોહમૂઢતા હતી, પરંતુ હૈયાના પરિણામ તેવા ક્રૂર અને સંકલેશભર્યા નહોતા; પરિણામ કોમળ મુલાયમ હતા; તેથી પુણ્યોદયે અહીં એને તરંગવતી તરીકેનો નગરશેઠને ત્યાં અદ્‌ભુત માનવ અવતાર મળ્યો, ને જનમથી જૈનધર્મ, ધર્મનાં અનુષ્ઠાનો મળ્યા ! પૂર્વ પુરુષોનાં દૃષ્ટાન્ત જોઈએ તો આવા પ્રસંગ જોવા મળે; કે **જીવનમાં ધર્મ સાધના ન હોય, પરંતુ કોમળ પરિણામે પછી દેવાદિ અવતાર મળે.** જેમ કે કુમારનંદી સોની કામલંપટ હતો, એને કશી ધર્મસાધના નહોતી, પરંતુ હાસા પ્રહાસા બે અપ્સરાનો ધણી દેવ થવાનું નિયાણું કરી અગ્નિમાં બળી મર્યો તો એ પ્રમાણે દેવનો અવતાર પામ્યો ! શી રીતે પામ્યો ? નિયાણાંની પાછળ ધર્મસાધનાનું



પીઠબળ તો હતું નહિ, તો શી રીતે નિયાણું ફળ્યું ? કહો, બળતી વખતે એના દિલનાં પરિણામ એવા ક્રૂર નિષ્ઠુર નહિ થયા હોય, કોમળ મુલાયમ રહ્યા હશે, તો જ દેવનું આયુષ્ય બાંધી દેવ થયો હોય નહિતર તો તીવ્ર સંકલેશ કે હાયવોયમાં નરક કે તિર્યંચગતિનું આયુષ્ય બાંધી દેત.

તરંગવતી ચક્રવાકીના અવતારમાં અંતે આવા કોમળ પરિણામમાં રહી હોય, બળી મરી છતાં પ્રિય પરના સ્નેહને લીધે બળતાં હાયવોયમાં ન પડી હોય, તો રુડો માનવ-અવતાર મળ્યો, એમ કહી શકાય.

**તરંગવતીના પિતાના ઘરમાં પ્રવેશ :-**

અહીં હવે પદ્મદેવ અને તરંગવતીને સગા સ્નેહીઓ તરંગવતીના પિતૃગૃહે લઈ આવે છે. મોટો જનસમૂહ ભેગો થઈ ગયો છે, હવેલીમાં પ્રવેશ કરાવતા પહેલાં જોષી એને પાસે મંગળરૂપે દહીં અક્ષત પુષ્પોથી દેવપૂજન કરાવે છે, પછી એમને અંદરમાં પ્રવેશ કરાવે છે.

**પ્ર.-** ઘર-પ્રવેશમાં મંગળ શા માટે ?

**ઉ.-** મંગળ એ ધર્મ છે; એનાથી વિઘ્નો નાશ પામે. ઘરપ્રવેશ કર્યા પછી એ ઘરમાં રહેતા વિઘ્નો કષ્ટો ન આવે, એ માટે ધર્મ મંગળ કરવું જોઈએ.

**પ્ર.-** ઘરમાં રહેવાનું તો એક સાંસારિક કાર્ય છે. શું સાંસારિક કાર્ય માટે ધર્મ કરાય ?

**ઉ.-** આની સામે પ્રશ્ન છે કે જો ધર્મ ન કરાય, તો શું સાંસારિક કાર્ય માટે પાપ કરાય ? શું સાંસારિક કાર્ય માટે પાપ કરે તો વાંધો નહિ, ને ધર્મ કરે તો વાંધો ?

**શું સાંસારિક કાર્ય માટે પાપ કરે ટૂંકી દુર્ગતિ થાય ? ને ધર્મ કરે તો લાંબી દુર્ગતિ થાય ?**

***કઈ જાતનું આ તત્ત્વજ્ઞાન કે સંસારના કાર્ય માટે પાપ ગમે તેવાં થઈ શકે, માત્ર ધર્મ ન થઈ શકે ?***

સાંસારિક કાર્ય માટે ધર્મ કરવાના ઢગલાબંધ શાસ્ત્રપાઠો મળે છે. છતાં કહેવું કે ધર્મ મોક્ષ માટે જ થાય, સાંસારિક કાર્ય માટે ન થાય, એ અનેકાનેક મહાન વિદ્વાન પૂર્વાચાર્યોને વચનને અને પૂર્વાચાર્યોને ઓળવવાનો ધંધો છે. મહા મહામોહનીયના ઉદયે શાસ્ત્રો ઓળવવાનો ધંધો થાય. હજી પૂછો,-

**પ્ર.-** સાંસારિક કાર્ય સિદ્ધ કરીને ચિત્ત સમાધિ રહે અને સમાધિ એટલે મોક્ષમાર્ગ તેથી છેવટે તો મોક્ષ જ પામવો છે, તેથી મોક્ષના આશયથી જ ધર્મ મંગળ કર્યું ને ?

ઉ.- આ કહેવું કદાગ્રહ છે કે સમાધિની ચિત્તસ્વાસ્થ્યની ઈચ્છામાં બધે મોક્ષનો જ આશય હોય છે, સાંસારિક કાર્ય માટે ધર્મ કરતી વખતે કશું મનમાં એવું હોતું નથી કે 'મારે આનાથી મોક્ષ મેળવવો છે,' ઘરની બહાર નીકળતાં રસ્તામાં મારે મોટર એકસીડંટ ન થાય એ માટે નવકાર ગણનારો શું એ વખતે સાથે મનમાં એવું લાવે છે કે મારે અકસ્માત ન થાય, એથી અસમાધિ ન થાય, ને અંતે મોક્ષ મલે ?'

**મોક્ષના આશય વિનાના ધર્મના દાખલા**

'મોક્ષના આશય સિવાય બીજા કોઈ આશયથી ધર્મ ન જ થઈ શકે, એવા પોતાના મનઃકલ્પિત અને શાસ્ત્રોથી વિરુદ્ધ સિદ્ધાન્તને સાચો ઠરાવવા આ બધા જોડાણો છે કે દા.ત. 'ઘર બહાર નીકળતાં નવકાર ગણ્યો એ મોક્ષ માટે.' જમવાનું શરૂ કરતાં પહેલાં નવકાર ગણ્યો એ મોક્ષ માટે. વેદનાની પીડા ઓછી કરવા નવકાર ગણ્યા એ મોક્ષ માટે. 'મોટો સોદો કરતા પહેલાં નવકાર ગણ્યો એ મોક્ષ માટે'...આ મનઃકલ્પિત જોડાણો છે. ધરાર અનુભવથી વિરુદ્ધ બોલવું, અને મનઘડંત સિદ્ધાન્તને યેનકેન પ્રકારે સાચો ઠરાવવા મથવું, એ અનેકાંતવાદી જિનશાસનથી વિરુદ્ધ બોલવા જેવું છે.

**શ્રાદ્ધવિધિ - ધર્મસંગ્રહ વગેરે શાસ્ત્રો શું કહે છે એ જુઓ :-**

એ તો સાફ સાફ લખે છે કે "સમુદિત (મોટા રૂપના) ક્રય-વિક્રય કરવા હોય ત્યારે સફળતા માટે નવકાર આદિ ધર્મમંગળ કરવાં. અહીં 'સફળતા' એટલે મોક્ષ નહિ, પણ વેપારમાં નફો. પાછું ત્યાં લખ્યું કે 'સર્વત્ર' અર્થાત્ સાંસારિક કાર્યો હોય કે ધર્મનાં કાર્ય હોય, બધે જ **'ધર્મ પ્રાધાન્યેન સાફલ્યાત્'** અર્થાત્ ધર્મને મુખ્ય કરવાથી સફળતા મળે."

**આ શાસ્ત્રપાઠ સાફ સાફ સાંસારિક કાર્ય માટે પણ ધર્મમંગળ કરવાનું કહે છે.**

ત્યાં લખ્યું નથી કે 'પણ આ સફળતાની ઈચ્છા છેવટે મોક્ષ મેળવવાની ઈચ્છા રાખીને જ કરવાની' આવું લખ્યું નથી. આમ છતાં મનસ્વી મોક્ષઆશય બધે લગાડવો, અને એ આશય ન હોય ને ધર્મ કરે એને દુર્ગતિ દેખાડવી, એ જૈન સિદ્ધાન્તાનુસારિતા નથી.

બાળકને ભય આપીને પણ દેરાસર મોકલો, ને એ દેરાસર જાય દર્શન કરી આવે, તો એને લેશ મોક્ષઆશય નથી, માટે એણે શું દુર્ગતિનાં પાપ બાંધ્યા ?

જનાવરને મોટર અકસ્માત થયો, ને એ રસ્તામાં મરવા પડ્યું છે, એને તમે દયાથી નવકાર સંભળાવો, તો તમે એ મોક્ષ માટે સંભળાવ્યો ? ને એણે મોક્ષ માટે સાંભળ્યો ? ના; જો મોક્ષના આશયથી નહિ, તો શું એ નવકાર કથન અને નવકાર



શ્રવણના ધર્મથી દુર્ગતિમાં રીબાઈ રીબાઈને મરવાનું ? વાહિયાત પ્રલાપ અને વાહિયાત લેખન કરવા, એ મહા અજ્ઞાનતા છે, મોહમૂઢતા છે. એ નિવારવા જૈન શાસ્ત્રો પૂરા પૂરા જોવા વિચારવાની જરૂર છે. શાસ્ત્રો વાંચ્યા વિચાર્યા વિના વ્યાખ્યાતા અને લેખક બની બેસવામાં અને એમાં વાતવાતમાં 'જ' કારવાળી ભાષા વાપરવામાં કોણ જાણે કેટલાય ઉત્સૂત્ર ભાષણ થતા હોય ? અસ્તુ.

પેલા તરંગવતી સાધ્વીજી શેઠાણીને પોતાની આત્મકથા કહેતાં કહી રહ્યા છે કે 'ગૃહિણી ! હવેલીમાં પેસતાં અમે મંગળ કરીને પછી અંદર પેઠા, ત્યારે શું જોયું ? અંદરમાં મારા પિતાજી જાણે પોતાના અપરાધથી જરાક લજ્જિત મુખવાળા દેખાતા હતા. શો અપરાધ, સમજી ગયા ને ? શેઠે પદ્મદેવના બાપને પદ્મદેવ માટે પોતાની કન્યા આપવાની ઘસીને ના પાડેલી એ અપરાધ. ને એ અપરાધ,- અને બંને ગાયબ થઈ ગયા પછી દાસીએ જે અમારા બંનેની પૂર્વ જન્મના હેવાલ સાથે બનેલી કરુણ ઘટનાઓ કહેલી, એ પરથી શેઠને સ્વયં સમજાઈ ગયેલ કે પોતે કેવો મહાન અપરાધ કરેલો.

હું જોઉં છું તો ત્યાં સામે પિતાજી બેઠા છે, સાથે પદ્મદેવના પિતાજી પણ બેઠેલા છે. બંનેને જોતાં અમે અતિ હર્ષિત થઈ જઈ, પ્રત્યક્ષ દેવસમાન એમને જોતાં અમે એમના પગમાં પડી ગયા. અમે મરણાંત જેવા દુઃખ અનુભવીને આવેલા ! જ્યાં મોતથી બચવાની કોઈ જ આશા નહોતી, એમાંથી ઉગરીને આવેલા ને આજે જીવતાં જીવનમાં પરમ ઉપકારી પિતાજી જોવા મળ્યા તેથી એ દેવ જેવા લાગે, એમાં શી નવાઈ ?

અમારા એ સંભ્રમભર્યા નમન પર બંને વડીલ રાજીના રેડ થઈ જઈ અમારા મસ્તક પર એમને ભેટી પડ્યા, અને એમની આંખોમાં આંસુ છલકાયા ! સાથે બાજુમાં બેઠેલા માતાજી તથા સાસુજીને પણ અમે ખુબ હરખથી પગમાં પડી નમસ્કાર કર્યા. એમણે પણ અમને આંખમાં હરખના આંસુ સાથે આલિંગન આપ્યું. આજુબાજુમાં બેઠેલા ભાઈઓ, ભોજાઈઓ, વગેરેને પણ એકેકને અમે પગમાં પડીપડીને નમસ્કાર કર્યા. સૌની આંખો આંસુથી છલકાતી હતી. એ વખતનું દૃશ્ય અલૌકિક હતું ! કેમ જાણે નરકમાંથી છૂટીને આવેલ પોતાનો સંબંધી ન મળ્યો હોય ?

**સારસિકાનો ટોણો :-**

એ પછી ત્યાં ઊભેલા બીજા સંબંધીઓ તથા નોકર વર્ગ એકેકને અમે બોલાવ્યા એમાં ધાવમાતાને બોલાવતાં તો એ એકદમ ઊઠીને પગે પડી ગઈ, અને આંખમાં આંસુ છલકાવે છે; ત્યારે પેલી સારસિકા સખીને બોલાવતાં ને કુશળ પૂછતાં એ તો ધ્રુસકે રડી પડે છે; ને રડતાં કહે છે, 'સ્વામિની ! તેં તો ખરું

કર્યું ! તને પ્રિય મળી ગયા એટલે સર્વસ્વ મળી ગયું પછી મારી કિંમત શી રહે, તે તેં મને વિસારી મૂકી અહીં મને રોતી કકળતી રાખી, પ્રિય સાથે પલાયન ! ખેર ! પણ મને એનું બહુ દુઃખ ન લાગ્યું, કેમ કે તારી ધારણા મુજબ પ્રિયની સાથે પરદેશ જવાનું ગોઠવાઈ ગયું, એનો મને ખૂબ આનંદ હતો.'

પછી અમે બેઠાં ત્યાં સારસિકાને સ્નેહીજનો પૂછે છે કે હેં સારસિકા ! તું તો બધું જાણે છે, તો એ તો કહે આ બંનેને પૂર્વ જનમમાં શું શું બનેલું ?

ત્યાં સારસિકા કહે 'ભાઈ ! પૂર્વ જન્મનું શું પૂછો છો ? આપણે માણસ જાત જેટલા પ્રેમીને વફાદાર નથી, એટલા આ બંને ચક્રવાક ચક્રવાકી પક્ષી હોવા છતાં પરસ્પર ભારે વફાદાર હતા ! તે જરૂર પડ્યે એક બીજાને પોતાનાં પ્રાણ કાઢી આપે એવા ! એમ કહીને સારસિકાએ અમારા પૂર્વ ભવનો હેવાલ કહી બતાવ્યો. સાંભળનારા તો એ સાંભળતાં એવા ચકિત થઈ ગયા ! અને એમાં પારધી જેવાએ જે ચક્રવાક તરફની ભલી લાગણીથી એના મડદાને અગ્નિ સંસ્કાર આપ્યો, એ સાંભળતાં તો સૌને એમ થઈ ગયું કે ઓહો આવો જંગલી શિકારી માણસ છતાં એના દિલમાં વગર ધાર્યો શિકાર થઈ ગયો, એમાં એને આટલો બધો પશ્ચાત્તાપ ? અને પક્ષી જેવા ઉપર આટલી બધી લાગણી ? ત્યારે 'ચક્રવાકીએ બળતી લાગણી ? ત્યારે ચક્રવાકીએ બળતી ચિતામાં પ્રિયના પ્રેમની ખાતર ઝંપલાવ્યું,' એ સાંભળતાં તો સૌની આંખમાં આંસુ ભરાઈ આવ્યા !

એ પછી સંબંધ વર્ગે અહીં બનેલી વિગતો પૂછી, ત્યારે સારસિકાએ પદ્મસરોવરમાંથી જાતિસ્મરણથી માંડીને ઠેઠ અમારા બંનેના અહીંથી ભાગી જવા સુધીનો હેવાલ આપ્યો. સાંભળનારા બધાને રોમાંચ ખડા થઈ ગયા !

હવે સ્નેહી સંબંધી 'અમે બંને અહીંથી કોઈને વગર કહ્યે નીકલી ગયા, ને પછીથી અત્યારસુધી શું શું બન્યું એ પૂછે છે, ત્યારે 'ગૃહિણી ! મારા પ્રિય પદ્મદેવે જ બધો અહેવાલ આપ્યો. એમાં જે ચોરોની પલ્લીમાં ફસામણી અને અમને મારી નાખવા સુધીના લેવાયેલા નિર્ણય. એમાં હવે બચવાની કોઈ જ આશા નહિ, વગેરેનું વર્ણન કર્યું, તે સાંભળતાં તો સૌના હોશકોશ જ ઊડી ગયેલા ! પણ પછીથી ત્યાંનાં જ ચોરને એકાએક દયા આવી, ને ગુપ્ત રીતે ગુપ્ત રસ્તે અમારો છૂટકારો કર્યો, એની સહાયથી અમે ત્યાંથી પલાયન થયા. ભયાનક જંગલ ભૂખ ભારે છતાં ખાવા કશું જ નહિ ! યાવત્ કુલ્માષહસ્તિ નોકરનું શોધતાં શોધતાં એક ગામડામાં આવી મળવું, તે અહીં કોશાંબી પહોંચવા સુધીનો બધો અહેવાલ કહ્યો.

તરંગવતી સાધ્વીજી આગળ વધતાં કહે છે,- આ અમારી આત્મકથા સાંભળતાં સૌને દિલ પીગળી ગયા. કેઈકને થયું હાય બાપ ! આ કેવાં નરક જેવાં



દુઃખ ! અને તે પણ આવા મોટા ઘરનાને ? કશી શરમ છે કર્મને ? પરંતુ ખૂબી કેવી છે કે માણસને પોતાની જાત પર વિચાર નથી આવતો કે શું કર્મ એમને જ નડે ? આપણને નહિ નડે ?' આત્માના કોથળામાં કેઈ જુગજુગના કર્મબલાડાં ભરેલાં સૂતાં છે. એમાંનું કેવું બલાડું ક્યારે બહાર પડે એનું કાંઈ કહેવાય નહિ. માટે, **એ કેવું ય ક્યારે કર્મબલાડુ જાગી પડે એ પહેલાં લાવ, હું મારા આત્માનું હિત સાધી લઉં, એમ કરી સતત એક યા બીજા પ્રકારનું આત્મહિત સાધતા રહેવા તરફ લક્ષ રહે.**

**બીજાના અચાનક કર્મ-ઉદય દેખી પોતે જાગેલાનાં દૃષ્ટાન્ત :-**

**વાલિરાજા** યુદ્ધ કરવા આવેલા રાજા રાવણને જીતી આ વિચારમાં ચડ્યો કે "આ રાજા રાવણને હારનું કર્મ ઉદયમાં આવી એ કર્મે એને પછાડ ખવરાવી, તો મારા ય કર્મનો શો ભરોસો ? કે એ મને પછાડ નહિ ખવરાવે ? એ ઉદયમાં આવે એ પહેલાં હું આત્મહિત સાધી લઉં." એમ વિચાર કરી રાજ્ય ભાઈ સુગ્રીવને ભળાવી આત્મહિત સાધવા ચારિત્ર માર્ગે નીકળી પડ્યા. માસખમણ આદિ ઘોર તપસ્યા કરવા માંડી અને ધ્યાનમાં રહેવા લાગ્યા તો અવધિજ્ઞાન ઉપાર્જ્યું !

**લવણ, અંકુશ,** રામ-સીતાના બે રત્નો, એમણે જોયું કે કાકા લક્ષ્મણ હમણાં તો સાજા સારા બેઠેલા તે અચાનક દેવની પરીક્ષામાં મરી ગયા ! ને પિતા રામચંદ્રજી એકાએક એના પર પાગલ થઈ ગયા ! તો અમારાં કર્મનો શો ભરોસો ? માટે ચાલો, આત્મહિત સાધી લઈએ, એમ કરી મોટું અયોધ્યાનું રાજ્ય મળતું જતું કરી ચારિત્ર લેવા નીકળી પડ્યા ! આ કાકાની આફત પર ભત્રીજાને વૈરાગ્ય !

**રાજા ચંદ્રાવતંસક** રાતના જાગી ગયા તો વિચારે છે કે હવે ઊંઘીશ તો શું હિત કમાવાનું ? માટે લાવ આત્મહિત સાધું, એમ કરી ગોખલામાં દીવો બળે ત્યાં સુધી દેશાવકાશિક વ્રત લઈ ધ્યાનમાં બેસી ગયા ! પણ દાસી અજાણ્યે દીવામાં તેલ પૂરતી રહી. રાજા ધ્યાનમાં બેઠા બેઠા તંગ થઈ ગએલ, માથાની નસ તૂટી, અચાનક મરી ગયા ! કોઈને ખબર નથી રાજા કેમ મર્યા, તે મોટો પુત્ર એ મરેલા દેખી મારે ય આવો કર્મોદય જાગી પડે તો ? માટે ચારિત્ર સાધી લેવા તૈયાર થઈ ગયા ! આ પિતાની આફત પર પુત્રને વૈરાગ્ય.

**મદનરેખા** મહાસતીએ પોતાના પતિનું જેઠના હાથે ખૂન થવામાં પતિનો કર્મોદય દેખ્યો. એ જોઈને પહેલું તો શીલરક્ષાર્થે ત્યાંથી નીકળી પડી, અને ક્રમશઃ આગળ વધતાં નંદીશ્વર દ્વીપે કોઈ વિદ્યાધરે પહોંચાડી, ત્યાં મરેલ પતિ દેવ થઈને આવ્યો. ઉપકાર માની સેવા માગે છે, તો મહાસતીએ 'ચારિત્ર માટે સારા સાધ્વી પાસે મને મૂકો' એવી માગણી કરી. કેમ ? દેવ સહાયે અત્યારે જો મોટો સ્ત્રીરાજા

બનવાનું માગી સંસારની લહેર કરવા જાઉં, ને પછી અચાનક પતિની જેમ એવાં કોક વાંકા કર્મ ઉદય આવે તો ? એના કરતાં આત્મહિત સાધી લઉં, એ વિચાર કરી પતિની આફત પર પોતે બોધ પામી ગઈ.

**ત્યારે સંસાર કેવો ફાંસલો છે કે અહીં** પદ્મદેવ-તરંગવતીને પરદેશમાં નડેલી મહાઆફત સાંભળી સાંભળી સૌ પીગળી તો ગયા, પરંતુ એમાંથી બોધ પામી જાગી જનાર ક્યાં છે ? હાય ! આવા મોટા શ્રીમંતને પણ આવા કર્મના અચાનક ઉદય આવે, તો આપણા શા ભરોસા ? આમ એવી કોઈક આફત ટપકી પડે એ પહેલાં આત્મહિત સાધી લઉં, એવું કોને થયું ? એકને નહિ. સંસારનો ફાંસલો જ આવો છે.

**દુનિયા બીજાની આફતો જોવા છતાં આમ જ ગફલતમાં ડૂબી રહી છે....**

**શેઠનો સવાસલો :-**

હવે અહીં જ્યાં ઋષભસેન શેઠે દીકરી પર આ આફતો વરસેલી સાંભળી, એટલે ગળગળા થઈ જઈ કહે છે,-

'દીકરી ! આવું જો હતું, તને જો જાતિસ્મરણ જ્ઞાન થઈ આવું આવું બન્યું તો તેં મને પહેલાં જ કેમ કહ્યું નહિ ? કહ્યું હોત તો આવી કોઈ આપદા તો ન આવતે ? અને આ અમારે પશ્ચાત્તાપ તો ન કરવા પડત કે ક્યાં મેં સાર્થવાહને કન્યા આપવા ના પાડી ?'

અહીં તરંગવતી શું કહે ? એમ કહે કે 'બાપુ ! એ તો અમારી આપદાઓ સાંભળીને હવે બોલવું સહેલું છે કે પહેલાં કેમ ન કહ્યું ? બાકી તમારા અભિમાનના તોરમાં અમારા નાનડિયાનું કેટલું સંભળાય ? ખેર ! બન્યું તે બન્યું. અમારા જ કર્મનો વાંક' આવું ઉલ્લંઠાઈભર્યું તરંગવતીને બોલતા નથી આવડતું. અરે ! સ્વપ્નમાં પણ એવો કોઈ વિચાર નથી આવ્યો. કેમકે જૈન ધર્મનું ઊંચું તત્ત્વજ્ઞાન પામેલી છે.

માણસ અહીં ભૂલો પડે છે ને વિવાહની વરસી કરી નાખે છે. મનમાં કોઈ ગાંઠ બંધાઈ ગઈ હોય, ને અવસર આવે, એટલે એમજ સમજે છે કે 'ઠીક મોકો આવ્યો છે લાવ રોકડું સંભળાવી દેવા દે.' અલબત આપમતિના તોરમાં સંભળાવી તો દે, પરંતુ

**મિઠાશ લેવાના ખરેખરા અવસરે ભારે કડવાશ લઈને ઊઠે, એનું નામ વિવાહની વરસી કરી.**

એને ભાન નથી કે એવું ટોણાનું ઉલ્લંઠાઈથી ન સંભળાવ્યું, તો શું ખોટ પડી જાય એવી છે ? ઊલટું એવા અવસરે જ સામાને ટોણાની બદલે જો જાત પર



કોઈ વાંક લઈ લીધો, તો શું બગડી જાય ? એમાં તો સામાનો સદ્ભાવ ઓર વધી જાય અને સામાને ટોણાથી નીપજનારા અનર્થોથી બચી જવાય.

**સામાને બદલે જાતનો વાંક કહેવામાં સામાનો સદ્ભાવ વધે.**

શાસ્ત્રમાં ભરવાડ-ભરવાડણનો દાખલો આવે છે. ગાલ્લીમાં ઘીની કુલડીઓ લઈ, બજાર ભરાય છે ત્યાં આવી વેચવા ઊભી છે. પુરુષ નીચે ઊભો છે, બાઈ ગાલ્લી પર ઘીની કુલડી પુરુષને એક પછી એક આપવા ઊભી છે. એમાં જ્યાં બાઈ એક કુલડી પુરુષના હાથમાં આપવા જાય છે, ત્યાં પુરુષના હાથમાં બરાબર ન પકડાતાં નીચે ધૂળમાં પડી ફૂટી જાય છે.

**ભરવાડ-ભરવાડણની કુનેહ :-**

ત્યાં પુરુષ તડુકે છે 'રંડા ! કયાં તારા સગલાને જોવામાં પડી કે બરાબર મારા હાથમાં કુલડી પકડાઈ કે નહિ એ જોયા વિના જ હાથમાંથી મૂકી દીધી ?'

એટલે સ્ત્રી સામે ઠોકે છે. 'ભાનભૂલા ! તેં માત્ર હાથ તો ઊંચો કર્યો પરંતુ પરસ્ત્રી લંપટ તું કઈ સગલી સામે જોવા રહ્યો કે કુલડી હાથમાં બરાબર પકડાય છે કે નહિ એ જોયું નહિ ?'

બસ, પછી ચાલી જોરજોરથી ગાળાગાળી ! એમાં ભરવાડ હવે નીચે ઊતરીને લાંબા લાંબા હાથ કરીને ઠપકારવા મંડી, ત્યાં પુરુષે એને ધોલધપાટ ઠોકી; તો એમ કાંઈ એ કાચી માયા નહોતી, દૂધ-દહીં ઠોકીને કાયાના શ્રમથી તગડી થયેલી, તે એણેય સામે પુરુષને ધપ્પા લગાવ્યા !

દરમ્યાન કેટલીક કુલડીઓ મફતખાઉ ઉઠાવતા ગયા, કેટલીકમાંથી કૂતરા ગાલ્લી પર ચડી ઘી ચાટતા ગયા, સાંજ પડ્યે બજાર ઊઠી ગયો, ત્યારે બંને ઝગડતા ધીરા પડ્યા, અને હવે જુએ છે તો ઘી ખલાસ ! રોતા રોતા ઘર ભેગા થયા.

શાસ્ત્ર આની સામે એવું જ બીજું દૃષ્ટાન્ત મૂકી બતાવે છે કે પહેલી કુલડી ગમે તે કારણે બરાબર હાથમાં ન પકડાંતા છૂટી ગઈ, પડી ધૂળમાં, ફૂટી ગઈ ત્યારે ભરવાડ તરત કહે 'માફ કરજો મારું ધ્યાન બરાબર રહ્યું નહિ, ને તમે બરાબર પકડો તે પહેલાં કુલડી મારા હાથમાંથી છુટી ગઈ ત્યારે ત્યાં પુરુષ કહે છે. 'ના, ના, તારો વાંક નથી, તેં તો બરાબર આપી પણ મારું ધ્યાન ન રહેવાથી મેં બરાબર પકડી નહિ. ને પડી ફૂટી ગઈ હું ક્ષમા માંગું છું તારી. ચાલ ફિકર નહિ. આ ઘીવાળી ધૂળ લઈ લે કશાકમાં ઘરે જઈ એને ગરમ પાણીમાં નાખી પછી ઘી તારવી લઈશું.' બસ ત્યાં જ વાત પતી, અને બાકીની ઘીની કુલડીઓ સારા ભાવે વેચીને ઘરે જઈ સુખી થયા. પહેલા યુગલે વિવાહની વરસી કરી. સારાંશ, અવસર

આવ્યો ને સામાને ટોણો મારી સંભળાવી દીધું. એમાં કશો ફાયદો નહિ; ઊલટું સામાનો વાંક લઈ લેવામાં, આ બીજા ભરવાડ યુગલની જેમ નુક્સાનથી બચી જઈ સારો લાભ થાય.

તરંગવતી એટલે જ સમજીને કશો દોષ બાપ પર ન લઈ જતાં જ્યારે બાપ કહે છે. 'દીકરી ! જ્યારે તને જાતિસ્મરણ જ્ઞાન જ થયું હતું. ને તેથી આ પ્રમાણે કરવું પડ્યું, તો મને પહેલેથી જ કહેવું હતું ને ? તો તમારે આ મહાન કષ્ટો ન આવતે, ને અમારે અત્યારે આ પસ્તાવો કરવો પડે છે તે ન કરવો પડતે;' ત્યારે એ બાપને કશો ટોણો મારવાનું એને મનમાંય નથી આવતું. એ તો કહે છે,-

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૦,તા.૧૨-૪-૧૯૮૬**

**તરંગવતીનો કુલીન ઉત્તર :-**

"બાપુજી ! પ્રિય અંગે કાંઈ પણ વડીલને માટે બોલવું એમાં મને શરમ લાગી, નિર્લજ્જતા દેખાણી, અવિનય દેખાયો, તેથી હું તમને જાતિસ્મરણાદિની વાત કરી શકી નહિ. અરે ! એનો અડધો અક્ષર પણ બોલવા મારી હિંમત ચાલી નહિ. જીભ જ ન ઊપડી. આમ તો તમે મને દેવાની ના પાડ્યા પછી હું આપઘાતનું જ નક્કી કરી બેઠેલી, પરંતુ એમણે મને ટેકો આપી બચાવી લીધી ! એટલે જ આજે તમને હું જોવા મળું છું. નહિતર તો હું આત્મહત્યાથી ક્યાંય ઉપડી ગઈ હોત ! બાપુજી ! એમણે મને બચાવીને મારી ખાતર એમણે કેટલા બધા કષ્ટ સહન કર્યા છે !

એમાં પહેલો ઉપકાર તો સારસિકાનો કે મને આપઘાતથી બચાવવા સારસિકા રાતના મને એમની પાસે લઈ ગઈ.

**પછી પ્રિયની કેવી ખાનદાની,** કે દાસીએ એમને બધી વાત કરી; ત્યારે એમણે મને કેટલી બધી ઉમદા શિખામણ આપી ! કે "અરરર ! આ રીતે તારે અહીં રાત્રે આવવું યોગ્ય નહિ તારા બાપુ જો આ જાણે તો ગુસ્સે થાય, ગુસ્સામાં કાંઈ બોલી નાખે, તો આપણા બંને કુળની આબરૂ બગડે. માટે તું હમણાં ને હમણાં જ પાછી જા. હું બીજા શેઠિયાઓ દ્વારા તારા પિતાજીને સમજાવવા પ્રયત્ન કરીશ. તું ચિંતા ન કરીશ. પણ આપણાં ઉત્તમકુળને કલંક લાગે એવું નહિ કરવું. અલબત એ પણ મારા પર તીવ્ર રાગવાળા હતા તેથી બાપુજી ! તમે એમને ના પાડ્યા પછી અલબત એમણે ય રાતના આત્મઘાત કરવા તૈયારી રાખેલી, પરંતુ મારા એમને રૂબરૂ મળવાથી એ વિચાર એમણે સમજીને જ પડતો મૂકેલો, પરંતુ હવે



એમના કહેવા પ્રમાણે મારે પાછા જવું જ નથી, છતાં જો મને પાછી મોકલશો તો મારે આત્મહત્યા કરવા સિવાય બીજો માર્ગ નથી એમ મેં આગ્રહ રાખ્યો, ત્યારે એમણે ન છૂટકે મારા પરની અપરંપાર દયાથી મને લઈને અહીંથી જ તરત બહાર નીકળી જવાનું નક્કી કર્યું, ને અમે બહાર નીકળી ગયા. પ્રવાસમાં એમણે મારી ખાતર કેટલા બધા કષ્ટ ઉપાડ્યા ! કે યાવત્ ચોરોની પલ્લીમાં એમનો દેવી આગળ ભોગ આપવા તરીકે કપાઈ જવું પડશે ! એટલે સુધીનું નક્કી જ થઈ ગયેલું. પણ સદ્ભાગ્યે એક ચોરે જ અમને ઉગાર્યા, ખાનગીમાં ઘોર જંગલના રસ્તે અમને લઈ ચાલ્યો. રસ્તામાં ભૂખ્યાને તરસ્યા ઘોર કષ્ટ એમણે મારી ખાતર ઉપાડેલા ! આ તમને પહેલેથી જ મારાં જાતિસ્મરણ વગેરેની વાત શરમથી નહિ કરેલી, એમાં અમારે જાલિમ કષ્ટો વેઠવાનું આવ્યું. વાંક મારો છે, બાકી અરિહંતદેવનો અનંત ઉપકાર અને આપનો અપરંપાર ઉપકાર કે આ તમારા ચરણમાં હાજર થઈ શકી છું."

તરંવગતીનું આ વિસ્તૃત રોમાંચક નિવેદન અને એમાં પદ્મદેવના ઉમદા દિલ અને તરંગવતી પર જીવંત રાખવા સુધીના શ્રેષ્ઠ ઉપકારો સાંભળીને તરંગવતીના પિતા ઋષભસેન શેઠ ખૂબ ગદ્ગદ થઈ ગયા આંખમાંથી પાણી નીકળી ગયાં, કહે છે,-

**ઋષભસેનનાં ઉચ્ચ કૃતજ્ઞભાવ :-**

"અહો ! અહો ! દીકરી ! પદ્મદેવનો તારા પર જીવતદાન આપવા સુધીનો અને તારી ખાતર આટલાં આટલાં કષ્ટ ઉપાડવાનો અતિ ઉચ્ચ ઉપકાર છે ? મને કશી જ ખબર નહિ; પરંતુ આજે જાણ્યા પછી મારે કહેવું પડે છે કે એમણે માત્ર તને જ જીવતદાન નહિં પણ તને જીવતદાન આપવા દ્વારા અમને ય જીવતદાન આપવાનો મહાન ઉપકાર કર્યો છે ! ત્યારે સજ્જન માણસને કોઈના તરફથી થોડો પણ ઉપકાર મળ્યો હોય તો એ સજ્જન કૃતજ્ઞભાવથી એને માથે ઋણ ચડ્યાની જેમ અધિક ઉપકાર કરીને માને છે, અને જ્યાંસુધી એનો પ્રત્યુપકાર ન કરી શકે ત્યાંસુધી માથે એનો મેરુભાર વહન કરે છે. ત્યારે માથે એવા કેઈ ઉપકાર ઋણ ઊભા હોય, એ માણસ સુખે શ્વાસ પણ કેમ લઈ શકે ? **સજ્જન માણસ તો જ્યાં સુધી બેવડો પ્રત્યુપકાર ન કરે ત્યાંસુધી પોતાની પુરુષાર્થ-શક્તિને નિષ્ફળ જતી માને છે.**

માટે હું પદ્મદેવકુમારના તારા અને અમારા પર આટલા મોટા જીવતદાન દેવા જેવાં મહાઉપકારને હું પ્રત્યુપકારરૂપે હું પદ્મદેવકમારને મારી કન્યા તરંગવતીને પરણાવવા ઇચ્છું છું. એમ કરીને મારી પુરુષાર્થશક્તિ સફળ થાઓ."

તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે કે 'ગૃહિણી ! આ અને બીજા એવા ઉમદા બોલ મારા સાંસારિક પિતાશ્રી ઋષભસેન શેઠ ઉચ્ચારીને અમને એવા વશ કરી લીધા કે અમે ખૂબ જ ખુશ થઈ ગયા ! આ આનંદમાં અમે અમારા પૂર્વ દુઃખને નહિવત્ ગણી કાઢ્યું. ત્યાં બેઠેલો આખો પરિવાર ખુશ થઈ ગયો. શેઠ વાજાંવાળાને તત્કાલ બોલાવી વાજાં વગડાવ્યા, સ્ત્રીઓ ગીત ગાવા લાગી, ગરબા લેવા મંડી. હવે તો નગરજનો પિતાજીને મળવા કુશળ પૂછવા આવે છે. ત્યાં પિતાજી માણસોને ધનથી યોગ્ય સત્કાર અને યાચકોને દાન કરે છે. એમાં ખાસ કરીને જેણે અમને શોધી કાઢ્યા તે માણસ કુલ્માષહસ્તિને એક લાખ સોનૈયાનું દાન કર્યું. સાથે મેં પણ એક આભૂષણ એને ભેટ આપ્યું. કેટલાક પ્રશ્ન ઉઠાવે છે કે,-

**પ્ર.**- પ્રિય કન્યા પાછી મળી ગઈ અને હરખ હરખ થઈ ગયો એમાં દાન શા માટે કરવાનું ?

**ઉ.**- આ પ્રશ્ન પૈસાને બહુ મહત્ત્વના ગણનારા ઉઠાવે છે. નહિતર વાજાં વગડાવ્યાં, ગીતો ગવાયાં, વગેરેમાં કેમ પ્રશ્ન નથી થતો કે આ કન્યા ગુમ થઈ હતી તે પાછી આવી ગઈ એમાં વાજાં શા માટે ? ગીતડાં શા માટે ? વગેરે અંગે પ્રશ્ન નહિ, ને ખુશાલીમાં સારાં દાન દેવાય-કરાય, એમાં જ પ્રશ્ન કેમ થાય છે કે દાન શા માટે ?

ખરી વાત આ છે કે જો પૈસા બહુ ગમે છે, પૈસા જ બહુ મહત્ત્વના લાગે છે, તો હવે જો એના કરતાં કન્યા વધારે ગમે છે, વધારે મહત્ત્વની લાગે છે, તો એ દિલમાં બરાબર ઠસાવવા માટે પૈસા દાનમાં ઉરાડવા જ જોઈએ ને ? નહિતર તો જાણે એવું થાય કે દીકરી તરંગવતી ! તું મને બહુ ગમે છે, પરંતુ તારા કરતાં મારા પૈસા મને વધારે ગમે છે. તેથી તારા પ્રેમની પાછળ પૈસા ન ઉરાડી નાખું ! સંસારમાં પૈસાની મોકાણ છે, એ જાણે છૂપું છૂપું કહે છે કે, જોજો કન્યા મળી ગયાનો આનંદ જરૂર માનજો, પરંતુ મને સાચવી રાખ્યાના આનંદ કરતાં વધારે આનંદ માનતા નહિ ! એટલે કે કન્યા મળ્યાનો લુખ્ખો આનંદ માનજો.

ધર્મના ક્ષેત્રમાં શું થાય છે ? આવું જ. પ્રભુની અદ્‌ભુત આંગીના દર્શન મળ્યાં. હૈયું ખૂબ હરખાયું, છતાં એ હરખ પૈસા સાચવી રાખ્યાનાં હરખની હેઠ ! નહિતર તો જો આ પ્રભુદર્શનનો હરખ વધી ગયો હોય, અને ધનસંગ્રહનો આનંદ આની આગળ તુચ્છ લાગ્યો હોય, તો ઝટ ૫૦-૧૦૦ રૂા. ભંડારમાં નાખી દેવાય. પરંતુ હૈયામાં બેઠેલું ધન-મહત્ત્વ જાણે કહે છે જોજે પ્રભુદર્શનનો હરખ માનજે, પણ એનાં કરતાં અમને (ધનસંગ્રહને) સાચવી રાખ્યાનો હરખ વધારે માનજે ! આ પ્રભાવ છે કારમી ધનપ્રીતિનો !



**રામજી ગંધારને ગુરુવધામણી મળવા પર ૧૧ લાખનું દાન :-**

જગતગુરુ મહાન આચાર્ય ભગવાન હીરસૂરિજી મહારાજ ખંભાત નજીક પધારી ગયા છે. માણસ પાસેથી એ સાંભળતાં રામજી ગંધાર શેઠ એવા ખુશીમાં આવી ગયા કે 'અહો ! ભયંકર ભવસાગરથી તારણહાર ગુરુ મહારાજ પધારી ગયા ? મારે ધન્ય ઘડી ! ધન્ય દિવસ ! 'એમ માનતાં વધામણી દેવા આવેલા માણસને ૧૧ લાખ રૂપિયાનું દાન દઈ દીધું !

જીવને ધન અતિપ્રિય છે. એની સામે તીર્થંકર ભગવાન, ગુરુ, ધર્મ-પ્રસંગો વગેરેને અતિપ્રિય કરવા હોય, તો પૈસાની અતિપ્રિયતા હટાવો, વાતવાતમાં હરખ-દાન, સત્કાર-સન્માન વગેરે કરો, કન્યાને સારો પતિ મળી ગયો હોય તો જમાઈ બહુ માગતો નથી, છતાં સસરાને એને ઘણું દેવાનું મન થાય છે, મને કન્યા વધુ વહાલી છે, પૈસા નહિ. આવી સારી મારી કન્યા આગળ પૈસા કોણ ચીજ છે ?'- એમ એના મનને થાય છે.

ઋષભસેન શેઠે જોષી તેડાવ્યા, ઉચિત ભેટણું કરી નજીકનું લગ્નનું મુહુર્ત જોવરાવ્યું, ઉપર વળી જોષીનો સત્કાર કર્યો. વિવાહનો મોટો મહોત્સવ મંડાયો, અને ભારે દબદબા સાથે તરંગવતી પદ્મદેવનું લગ્ન ઉજવાયું. બંને પક્ષે ગરીબો યાચકો વગેરેને દાન, અને સ્નેહી સંબંધીને ઊંચા જમણ પહેરામણીમાં કસર ન રાખી, હવે વર-વહુ બંનેના કુળનો ગાઢ સ્નેહ સંબંધ બંધાઈ ગયો; જાને એક જ કુળ જેવું થઈ ગયું !

તરંગવતી સાધ્વીજી શેઠાણીને કહે છે, 'ગૃહિણી ! અહીં મારે તો એક ભવમાં બે ભવ જોવા જેવું થયું ! ક્યાં એ ચોરપલ્લીમાં સપડામણી ? ને પ્રિય પદ્મદેવને મારી નજર સામે ચોર વડે ગાઢ બંધને બંધાવાનું ? ક્યાં એનો દેવીને ભોગ અપાવાનું નક્કી થઈ જવું ? ને ક્યાં અત્યારના ભારે દબદબા સાથે વિવાહ મહોત્સવ આદિ ? બેનો મેળ ન મળે. ત્યારે જ કહેવાય છે કે **'કરમ ! તારી કળા ન્યારી.'**

જોજો આ તો એમને જ થયું, આપણને કાંઈ ન થાય.- એમાં ઊંઘતા નથી રહેવાનું. કર્મને ત્યાં વારા પછી વારો છે, એમ સમજીને અનિષ્ટ કર્મ ઉદયમાં આવી તોફાન મચાવે એ પહેલાં ચેતી જઈ ભરપૂર ધર્મપ્રવૃત્તિ કરવા જેવી છે, જેથી અંતકાળ પરલોક અને ભવપરંપરા સુધરી જાય. અનેક શાસ્ત્રોમાં ઠામઠામ આ જ ઉપદેશ આવે છે કે ભરચક ધર્મપ્રવૃત્તિ કરો,' પણ એવું નથી આવતું કે ભરપૂર આશય સુધારો, મુખ્યતાએ મોક્ષનો આશય મજબૂત બનાવો, એવું નહિ, પણ એવું આવે છે. જીવનમાં મુખ્યતાએ ધર્મપ્રવૃત્તિ ખૂબ રાખો.'

**પ્ર.-** કેમ મુખ્યતાએ મોક્ષ-આશયનો ઉપદેશ નહિ ? અને ધર્મ પ્રવૃત્તિનો ઉપદેશ ઠામઠામ ?

**ઉ.-** એનું એક કારણ એ છે કે ધર્મપ્રવૃત્તિ કરતો હશે તો મોક્ષ તરફ દૃષ્ટિ જશે, અને ધર્મ પ્રવૃત્તિમાં રહ્યો હશે તો આશય શુદ્ધ રાખવાનો પ્રસંગ આવશે, જેને મૂળમાં ધર્મપ્રવૃત્તિઓ જ નથી, એને આશય શાના અંગે રાખવાનો ? એટલે સવાલ આ છે કે

**જીવનમાં શું મોક્ષના આશયનું જોર જોઈએ ? કે શું ધર્મપ્રવૃત્તિનું જોર જોઈએ ?**

મોક્ષના આશયનું જોર એટલે કે વારેવાર મારે મોક્ષ જોઈએ, મારે મોક્ષ જોઈએ એમ કરવું જોઈએ ? કે ધર્મ પ્રવૃત્તિનું જોર મારવું જોઈએ ? અર્થાત્ શું દેવ દર્શનાદિ એક બે ધર્મપ્રવૃત્તિ નહીં કિંતુ તે ઉપરાંત વારે વારે જિનવાણી શ્રવણ, સામાયિક, પ્રતિક્રમણ-વ્રત પચ્ચક્ખાણ, જીવદયા, દાન, શીલ, તપસ્યા, શાસ્ત્ર-સ્વાધ્યાય વગેરે ઘણી ઘણી ધર્મપ્રવૃત્તિ જોઈએ ! બહુ શું કરવું જોઈએ ? કલ્યાણ શેનાથી થાય ? ધર્મપ્રવૃત્તિ બહુ ઓછી કરે, અને મોક્ષનો આશય બહુ ગોખે, તો કલ્યાણ થાય ? કે ધર્મપ્રવૃત્તિ બહુ કરે અને મોક્ષનો આશય થોડો રટે તો કલ્યાણ થાય ? કોણ કોના આધારે ?

**(૧) શું ધર્મપ્રવૃત્તિ બહુ કરે, તો એમાંથી મોક્ષનો આશય પ્રગટે ? કે**

**(૨) શું મોક્ષ આશય બહુ રટે, તો એમાંથી બહુ ધર્મપ્રવૃત્તિ કરાવા માંડે ?**

આ સવાલ એટલા માટે છે, કે દેખાય છે, મોક્ષનો આશય બહુ રટનારા કેટલાયમાં ચાલું આવશ્યક ક્રિયાઓ અને દાન-શીલ તપ વગેરે ધર્મપ્રવૃત્તિ બહુ જુજ પ્રમાણમાં હોય છે. અને મરતાં સુધી એમના જીવનમાં બહુ ધર્મપ્રવૃત્તિ આવશે કે કેમ ? એ પણ એક સવાલ છે. અરે ! કાળની વિષમતા એવી છે કે કેમ ? એ પણ એક સવાલ કે અરે ! કાળની વિષમતા એવી છે કે હજી મોક્ષના આશયનો આગ્રહ રખાશે ! પણ ધર્મપ્રવૃત્તિ ખૂબ રાખવાનો આગ્રહ નહિ રખાય ! ત્યારે આજની પરિસ્થિતિ જોઈએ તો એવી દેખાય છે કે શ્રાવકના દૈનિક અને પર્વતિથિના ત્યાગ તપ ક્રિયાદિના આચારો અનુષ્ઠાનો ધર્મપ્રવૃત્તિમાં તેમજ જીવજતના ન્યાયનીતિ ભક્ષ્યાભક્ષ્ય વિવેક આદિની ધર્મપ્રવૃત્તિમાં ખૂબ જ હ્રાસ આવ્યો દેખાય છે. એવું જ ચૈત્યવંદન માળા સામાયિક પ્રતિક્રમણાદિ કરનારમાં પણ સૂત્ર અર્થ પર ઉપયોગ, વાંદણાંના ૨૫ આવશ્યક, ૧૭ સંડાસા, વગેરે વગેરેમાં સારો એવો પ્રમાદ સેવાય છે. જો મોક્ષઆશય પર જ ખૂબ ભાર ને એને જ પ્રધાનતા અપાય, પરંતુ ભરચક શાસ્ત્રો જે ધર્મપ્રવૃત્તિને પ્રધાનતા આપે છે, એ ન અપાય, તો આમાં સુધારો શી



રીતે થાય ?

મોક્ષના આશયને પ્રધાનતા આપવાથી પુષ્કળ ધર્મપ્રવૃત્તિઓનું જોમ નથી ઊભું થતું. એ તો ધર્મપ્રવૃત્તિઓને પ્રધાનતા આપ્યાથી જ ઊભું થાય; અને ધર્મ ખૂબ કરતાં કરતાં મોક્ષના આશયનું જોમ ઊભું થાય છે એ અનુભવસિદ્ધ વસ્તુ છે.

**લૌકિક આશયથી પણ ધર્મપ્રવૃત્તિ કરવા અંગે શ્રી પંચાશક ધર્મસંગ્રહ વગેરે શાસ્ત્રો તો કહે છે કે**

હજી મોક્ષનો રાગ ન જાગ્યો હોય, છતાં મુક્તિનો જો અદ્વેષ હોય, તો સૌભાગ્યાદિ માટેની તપધર્મની પ્રવૃત્તિ જીવને આગળ લઈ જાય છે ; સદ્અનુષ્ઠાનનો રાગ કરાવે છે; માત્ર બોલવાનો નહિ પણ ખરેખર તાત્ત્વિક મોક્ષાશય જગાવે છે. મોક્ષના અદ્વેષ સાથેની ધર્મપ્રવૃત્તિને નિષ્ફળ કે નુક્સાન કરનારી નહી, પરંતુ સફળ કહી છે, ઉન્નતિકારક કહી છે. આટઆટલા શાસ્ત્રો જ્યારે મોક્ષ આશય પર ભાર નહી, પરંતુ મોક્ષના અદ્વેષપૂર્વક ધર્મપ્રવૃત્તિ ખૂબ કરવા ઉપર ભાર મૂકે છે. પછી ભલે તે પ્રવૃત્તિ પ્રારંભે લૌકિક ફળની આશંસાથી ય કરાતી હોય, ત્યારે ધર્મપ્રવૃત્તિ પર ભાર મૂકવાને બદલે મોક્ષના આશય પર ભાર મૂકવાનું કરાય, એ કેટલા બધા શાસ્ત્રોને ઓળવવાનું અને અવગણવાનું થાય ? **'ઉત્તરાધ્યયન'** સૂત્રની પાઈય ટીકામાં વાદી વેતાલ શાંતિસૂરિજી મ. સ્પષ્ટ લખે છે કે 'જો તમને વિષયોની પણ અભિલાષા હોય, તો પણ તમે સંયમ ધર્મનો પ્રયત્ન કરો, અર્થાત્ વિષયોની ઈચ્છાવાળાએ પણ ધર્મ જ કરવાનો, પાપ નહિ, એમ કહ્યું.

**મોક્ષ-અદ્વેષ છતે વિષક્રિયા ન થાય :-**

**પ્ર.-** શું આ ધર્મ એ વિષક્રિયા ન થાય ?

**ઉ.-** ના, જો મોક્ષ પ્રત્યે દ્વેષ નથી તો આ ધર્મપ્રવૃત્તિ એ તદ્હેતુ અનુષ્ઠાન છે, અર્થાત્ અમૃત-અનુષ્ઠાનનું કારણભૂત અનુષ્ઠાન છે. અ-ચરમાવર્ત કાળમાં વિષયસુખના આશયથી અનંતીવાર ચારિત્રધર્મની ક્રિયાઓ કરી, પરંતુ તે વિષક્રિયા એટલા માટે થઈ, કે ત્યાં મોક્ષ પ્રત્યે દ્વેષ હતો અરુચિ-ઈતરાજી હતી. એમ બ્રહ્મદત્ત ચક્રવર્તી અને ત્રિપૃષ્ઠ વાસુદેવ જેવાને પૂર્વભવે ધર્મસાધનામાં લૌકિક ફળની આશંસા થઈ ત્યાં મોક્ષ પ્રત્યે દ્વેષ એટલે કે અરુચિ આવી,-મોક્ષની વાત મૂકો, મારે તો ચક્રવર્તીના વિષયસુખ જોઈએ, શારીરિક અથાગ બળ જોઈએ, એવો નિર્ધાર આવ્યો. એટલે મોક્ષ પ્રત્યેના દ્વેષવાળી એમની ધર્મસાધના વિષક્રિયા યાને નિયાણારૂપ બની. તાત્પર્ય,

**'મોક્ષ પ્રત્યે દ્વેષ ન જોઈએ. એ શરત રાખીને ધર્મપ્રવૃત્તિ પર જ શાસ્ત્રકારોએ બહુ ભાર મૂક્યો**

એથી ઊલટું મોક્ષના આશય પર જ બહુ ભાર મુકાતાં, આજે ધર્મ પ્રવૃત્તિ, જેવી કે જયણા-ન્યાયનીતિ ભક્ષ્યાભક્ષ્યાદિમાં ખૂબ જ શૈથિલ્ય આવી ગયું દેખાય છે. અસ્તુ, વાત એ હતી કે,

જ્યારે તરંગવતી-પદ્મદેવ પર અણધારી કર્મની મહાન આફતો ત્રાટકી પડી, તો એ પરથી બોધ લેવા જેવો છે કે, આપણા પર અશુભ કર્મની એવી આફતો અણધારી ત્રાટકી પડે એ પહેલાં જ ખૂબ જ ધર્મપ્રવૃત્તિમાં લાગી પડવું જોઈએ; કેમકે 'કર્મ તારી ગતિ ન્યારી' એ સૂત્રના હિસાબે કર્મની વિચિત્ર ગતિથી કદાચ એવી પરિસ્થિતિમાં મૂકાવું પડે કે ત્યાં ધર્મપ્રવૃત્તિ કરવા માટેના હોશકોશ જ ન હોય.

તરંગવતી સાધ્વીજી શેઠાણીને કહી રહ્યા છે કે ગૃહિણી ! અમારા બંનેનાં કુળ સ્નેહ સંબંધથી એક કુળ જેવા થઈ ગયા ! અમે પાંચ અણુવ્રત સ્વીકાર્યા. મારા પિતાજી ચારિત્ર લઈ પાંચ મહાવ્રતના પાલનમાં લાગી ગયા. અમે હવે અમારા મનોરથ પૂર્ણ થવાથી, તથા અમૃતતુલ્ય જિનવચન શ્રવણમાં ખૂબ રક્ત બનવાથી, પૂર્વે 'જો આ પ્રિય પતિ મળી જાય તો ૧૦૮ આયંબિલ કરવા સંકલ્પ કરેલો, તે પાળવા માટે તપ શરૂ કર્યો' અહીં પ્રશ્ન થાય,-

**પ્ર.**- શું મનગમતો પતિ મેળવવા માટે આયંબિલનો તપધર્મ થાય ? અથવા શું તપધર્મ પાસે યા ભગવાન પાસે આ મંગાય કે હું તપ કરું અને મને મનગમતો પતિ મળે ? ધર્મ પાસે કે ભગવાન પાસે સંસારની વસ્તુ મંગાતી હશે ? સંસાર માટે ધર્મ થાય ?

**ઉ.**- આજના આ સવાલો 'ધર્મ પાસે કે ભગવાન પાસે મોક્ષ સિવાય કશું મંગાય જ નહિ,' સાંસારિક વસ્તુ મંગાય જ નહિ એવો શાસ્ત્રવિરુદ્ધ ભ્રમ રાખી બેઠેલા અનેકાનેક શાસ્ત્રપાઠોને નહિ જાણનારા યા જાણીને છૂપાવનારના શિક્ષણના લીધે ઉઠે છે. નહિતર પહેલું તો રોજ જયવીયરાણ સૂત્રમાં પ્રભુ આગળ ઇટ્ઠફલસિદ્ધિ માંગીએ જ છીએ, ત્યાં જ ઈષ્ટફળ માગ્યું એમાં અભિમત ઇહલૌકિક પદાર્થની જ નિષ્પત્તિ માગી છે; ને એવી અનેકાનેક પૂર્વ મહર્ષિઓએ વ્યાખ્યા કરી છે. એને ક્યાં મૂકી આવવાની ? આ વ્યાખ્યા સ્પષ્ટ કહી રહી છે કે 'ઇહલૌકિક અર્થ એટલે મોક્ષ નહીં, પણ સાંસારિક વસ્તુ મંગાય એ ઠેઠ ગણધર ભગવાનથી માંડીને અનેક પૂર્વ મહર્ષિઓ સુધીનાએ બતાવ્યાથી વિરુદ્ધ જઈને એમ કેમ બોલાય, કે ભગવાન કે ધર્મ પાસે મોક્ષ સિવાય બીજું કશું મંગાય જ નહી ? શું આવું બોલવામાં, ગણધર ભગવાન અને અનેક પૂર્વાચાર્યોનાં વચનનો અપલાપ નથી ? જો ઈષ્ટફળથી મોક્ષ જ માંગવો હોત તો ગણધર ભગવાને જ 'ઇટ્ઠફલસિદ્ધિ' ને બદલે 'ઇટ્ઠ મોક્ખસિદ્ધિ' કે 'મોક્ખફળસિદ્ધિ' પદ કેમ ન મૂક્યુ ! તેમજ શું પૂર્વાચાર્યોને આવડતું નહોતું તે



એમણે ઈષ્ટફળની વ્યાખ્યા મોક્ષ એવી ન લખતાં, ઇહલૌકિક અર્થ એવો લખ્યો ? મોક્ષને બદલે 'ઇહલૌકિક અર્થ' એટલે કે 'સાંસારિક વસ્તુ' એવી જ વ્યાખ્યા લખીને સ્પષ્ટ સૂચવ્યું છે કે ભગવાન પાસે સાંસારિક વસ્તુ માગી શકાય છે. આ એટલા માટે કે સાંસારિક આફત ટાળવા શ્રાવક મિથ્યા દેવી દેવતા પાસે ન જાય પણ અરિહંતને જ ભજે, પ્રાર્થે.

**પ્ર.**- પણ અંતે તો એ સમાધિ માટે અને મોક્ષ માટે જ ને ?

**ઉ.**- એમ સહી; પણ સમાધિ અને મોક્ષ માટે સાંસારિક વસ્તુ મંગાય એટલું તો નક્કી થયું ને ? પછી ગણધર ભગવાન ને પૂર્વાચાર્યોથી વિરુદ્ધ જઈને કેમ બોલાય કે ભગવાન કે ધર્મ પાસે સાંસારિક વસ્તુ મંગાય જ નહીં ?'

**પ્ર.**- તો શું સંસાર માટે ધર્મ થાય ? કે મોક્ષ માટે જ ધર્મ થાય ?

**ઉ.**- આ સવાલની સામે એ સવાલ છે કે

સંસાર સાંસારિક વસ્તુ માટે ધર્મ ન થાય, તો શું પાપ થાય ?

શું સારું ?- સાંસારિક વસ્તુ માટે ભગવાનને ભજવા એ ? કે દેવી-દેવલાને ભજવા એ,

સાંસારિક વસ્તુ માટે જિનભક્તિ-તપસ્યા આદિ ધર્મપ્રવૃત્તિ કરવી સારી ? કે અન્યાય-અનીતિ-જૂઠ-ડફાણ અને અનેક આરંભ સમારંભની પાપપ્રવૃત્તિ કરવી સારી ?

કોઈ જ શાણો માણસ એમ નહિ કહે કે, દુકાન પર ઇચ્છિત કમાઈ કરવા માટે અનીતિ અન્યાય વગેરે પાપો કરવા સારા, પરંતુ નીતિથી વ્યવહાર રાખીને આવકની કમી પૂરી કરવા માટે ભગવાન પાસે માંગવું **મહા ભયંકર.'**

**દા.ત. બે વેપારી હોય, અને**

એક એમ માને છે કે, પૈસા માટે દેશકાળ જોઈને જૂઠ-ડફાણ અનીતિ વિશ્વાસઘાત અને મહાકર્માદાનનાં પાપધંધા ન છૂટકે કરવા પડે એમાં બહુ પાપ નહીં, કેમકે આપણે પાપમાં જ બેઠા છીએ; પરંતુ ભગવાન પાસે પૈસા માગવા, કે ધર્મ કરીને પૈસા માગવા, એ મહાભયંકર પાપ ! કેમકે ધર્મ કે ભગવાન પાસે પૈસા માગવાથી તો દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવું પડે. જૂઠ ડફાણ વગેરેથી એટલી ભયંકર દુર્ગતિઓ ન થાય- આવું એક વેપારી માને છે; અને એ પ્રમાણે છુટથી ભરપૂર અસત્ય અનીતિ ચલાવે છે.

બીજો વેપારી એવું માને છે કે,- "આ ઉત્તમ જીવનમાં અને જૈન ધર્મ પામીને અન્યાય અનીતિ જુઠ વિશ્વાસઘાત અને કર્માદાનનાં મહાભયંકર પાપધંધા કરાય જ નહીં. એનાથી જ ભયંકર દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવું પડે. એના

બદેલ ન્યાયનીતિથી બહુ ઓછા પાપનો ધંધો કરી આવકમાં ખોટ પડે એની પૂર્તિ કરવા ભગવાન પાસે માગવામાં કાંઈ વાંધો નહિ.

(૧) ભગવાન ભજીને ભવનિર્વેદની જેમ આવી બધી જીવનજરૂરી વસ્તુઓ ભગવાન પાસે જ માગવા માટે તો 'ઇષ્ટફલસિદ્ધિ' રોજ બોલવાનું 'જયવીયરાય' સૂત્રમાં ગણધરોએ મૂક્યું છે. વળી.

(૨) જીવનમાં ઠામઠામ ધર્મમંગળ આગળ કરાય એ જિનાજ્ઞા છે.

(૩) શ્રાવક ધર્મપ્રધાન જીવન જીવે, 'ચાર પુરુષાર્થમાં ધર્મ પ્રધાન છે.' ધર્મથી જિનભક્તિથી અનેક ક્ષુદ્ર ઉપદ્રવો સહજ રીતે દૂર થાય છે. રોજ બોલીએ છીએ કે,

**''उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्न वल्लयः ।**
**मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे ॥''**

જિનેશ્વર ભગવાનની પૂજાનો આ પ્રભાવ છે, ઉપસર્ગ-ઉપદ્રવો અને વિઘ્ન વેલડીઓ અર્થાત્ અંતરાયો છેદાઈ જાય છે. આ એટલા માટે જ કહ્યું છે કે, ''તમારો ઉપદ્રવો કે વિઘ્નો ટાળવા હોય તો આડા અવળા પાપધંધા કે ચંડી-ભવાનીની પૂજા માન્યતા કરવાને બદલે તમે જિનેશ્વર ભગવાની પૂજા ભક્તિ કરો.'' આવું માગનાર બીજો વેપારી માગું તો અરિહંતપ્રભુ પાસે જ આ ટેકથી બીજા દેવી દેવલાને છોડી માત્ર અરિહંત ભગવાનનાં અચિંત્ય સામર્થ્ય પર શ્રદ્ધા કરી સાંસારિક હેતુ માટે ભગવાનની પૂજા ભક્તિ કરતો હોય, એ શું મહાપાપ બાંધનાર કહેવાય ? અને ભગવાન પાસે સંસારનું કશું મંગાય જ નહિ, એમ કરી મોટી કમાઈ માટે જૂઠ-અનીતિ વિશ્વાસઘાત અને મહાકર્માદાનના ધંધા કરનાર એ બહુ ઓછું પાપ બાંધનારો કહેવાય ? શાસ્ત્રોમાં ઠામઠામ ઉપદેશ છે કે, 'સુખી થવું હોય તો પાપ છોડો ને ધર્મ કરો.' એટલે કે આ ઉપદેશમાં સુખની ઇચ્છાથી પણ ધર્મ કરવાનું સૂચવ્યું કેમકે ''દુઃખં પાપાત્ સુખં ધર્માત્'' દુઃખ પાપથી મળે સુખ ધર્મથી મળે એમ શાસ્ત્રવાર્તા સમુચ્ચય શાસ્ત્રમાં કહ્યું છે. દુઃખ ઇચ્છો તો જ પાપ પકડો, સુખ ઇચ્છો તો ધર્મ પકડો.

'ઉપમિતિ શાસ્ત્ર' મહાવૈરાગ્યનો ઉચ્ચ કોટિનો ગ્રંથ, એ લખનાર શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજે પણ એમાં લખ્યું કે,-

**अर्थकामौ हि वाञ्छतामपि पुरुषाणां न धर्मव्यतिरेकेण संपद्येते । धर्मवतां पुनरतर्कितौ स्वतः एवोपनमेते । अतः अर्थकामार्थिभिः पुरुषो परमार्थतो धर्मएवं उपादातुं युक्तः ।**



**तस्मात् स ( धर्मपुरुषार्थ ) एव प्रधानम् इति ।**

અર્થાત્ અર્થ અને કામ પણ ઇચ્છનારા પુરુષોને ધર્મ સિવાય એ અર્થકામ પ્રાપ્ત થતો નથી. જ્યારે ધર્મીને તો ધારણા બહાર અર્થ ને કામ આપોઆપ આવી મળે છે. એટલા માટે અર્થકામની ઇચ્છાવાળા પુરુષોએ (પણ) વાસ્તવિક રીતે ધર્મ જ કર્તવ્ય છે, ધર્મ જ આરાધવો યોગ્ય છે. એટલા જ માટે (જીવનમાં) ધર્મ જ પ્રધાન છે. **આ ઉપમિતિ મહાશાસ્ત્રનાં વચન છે.** શું એ જૂઠાં ?

આમાં સ્પષ્ટ સૂચવ્યું કે, ''અર્થકામની ઇચ્છાથી પણ ધર્મ કરાય; એટલે કે ધર્મ જ કરવો જોઈએ, પાપ નહિ, પણ ધર્મ જ કરવા યોગ્ય, કિન્તુ; પાપો કરવા યોગ્ય નહિ.'' અને એમ કહીને સૂચવ્યું કે જીવનમાં જે કારણે વારે વારે જરૂરિયાતો ઊભી થાય છે, તેથી જ ઠામઠામ ધર્મને આગળ કરવો જોઈએ. 'ધર્મ મોક્ષ માટે જ થાય સાંસારિક વસ્તુ માટે ધર્મ થાય જ નહિ,'- એવી જૈન શાસ્ત્રોથી વિરુદ્ધ ગુલબાંગ પોકારનારાઓ આ મહાન પ્રમાણિક પૂર્વાચાર્ય સિદ્ધર્ષિગણિ મહારાજને અને જિનાજ્ઞા પ્રતિબદ્ધ મહા પ્રામાણિક ઉપમિતિ શાસ્ત્રને ક્યાં મૂકી આવશે ? આવા તો સંખ્યાબંધ શાસ્ત્રપાઠો છે, જે મોક્ષ માટે તો ધર્મ આદરવાનું કહે છે જ, પરંતુ સાથે **સંસારના કાર્યો માટે પણ ધર્મ જ આદરવાનું કહે છે,** કિન્તુ ધર્મ છોડીને પાપપ્રપંચો આદરવાનું કહેતા નથી.

**તરંગવતીને આ શાસ્ત્રકાર ભગવંતો ને એમનાં શાસ્ત્રો પર કેટલી બધી શ્રદ્ધા હશે ! કે મનમાન્યો પતિ મેળવવા માટે કોઈ મિથ્યા દેવી દેવલાની પૂજા માન્યતા કરવાનું મનમાં ય લાવતી નથી. પરંતુ અરિહંત ભગવાનનો કહેલો આયંબિલ તપધર્મ કરવાનો નિર્ધાર કરે છે.**

સમ્યક્ત્વની ત્રણ શુદ્ધિમાંની વચનશુદ્ધિ પણ એજ કહે છે કે, સમકિતી આવું જ બોલે, કે, 'જિનભક્તે જે નવિ થયું તે બીજાથી નવિ થાય રે !' આ શ્રદ્ધાથી પતિરૂપી સાંસારિક વસ્તુ માટે તપધર્મ કરનારી તરંગવતી શું મિથ્યાત્વી ? અને શું એથી એણે દુર્ગતિઓમાં રિબાઈને મરવું પડે એવાં ભયંકર પાપ બાંધ્યા ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૪,અંક-૩૧,તા.૧૯-૪-૧૯૮૬**

**'તરંગવતી' શાસ્ત્રકાર કેવા ? :-**

ભૂલવા જેવું નથી કે આ 'તરંગવતી તરંગલોલા' મહાશાસ્ત્ર રચનાર જબરજસ્ત યુગ પ્રભાવક પૂ. આચાર્ય ભગવંત શ્રી પાદલિપ્તસૂરિજી મહારાજા છે. એ જો સમજતા હોત કે 'તરંગવતીએ મનગમતા પતિ માટે ૧૦૮ આયંબિલ ધાર્યા,

એ એણે દુર્ગતિઓમાં રિબાવાનું પાપ કર્યું,' તો તો એ વસ્તુનો એમણે સાથે ઉલ્લેખ કર્યો હોત. પરંતુ એવો ઉલ્લેખ ન કરતાં, તરંગવતીને મનગમતો પતિ મળ્યા પછી ૧૦૮ આયંબિલ કરનારી બતાવીને એની ધર્મિષ્ઠતા સૂચવી છે. શાસ્ત્રવિરુદ્ધ ભાષણો કરનાર કે લેખો લખનારા લોકો મહાન પાદલિપ્તાચાર્યને અને મહાન તરંગવતી સતીને શું ન્યાય આપી રહ્યા છે ? કે અન્યાય કરી રહ્યાં છે ? એ સ્વમતિકલ્પિત સિદ્ધાન્તની અંધશ્રદ્ધાનાં કાળા ચશ્મા ઊતારીને 'શાસ્ત્રો પ્રમાણ' એ શ્રદ્ધા સાથે ડાહ્યા માણસે વિચારવા જેવું છે.

**છોકરો ખોવાયો ભગવા પાસે મંગાય ? :-**

દા.ત. માણસને છોકરો ખોવાઈ ગયો હોય, તો હાંફળોફાંફળો થઈ પારસનાથ ભગવાનની પૂજા ભક્તિ કરી ભગવાનને પ્રાર્થના કરે કે પ્રભુ ! આ મારી ચિંતા દૂર કરજો; તો એમાં શું એણે મોક્ષ માગ્યો ? એણે છોકરાની ભાળ માગી તે શું એણે ખોટું કર્યું ? જો ભગવાન પાસે આ ન મંગાવાય, તો શું આ માગવા એણે ચંડી ભવાની ઘંટાકર્ણ પાસે જવું ?

શું ભગવાન પાસે આમ મોક્ષ સિવાયની છોકરા જેવી સાંસારિક વસ્તુ ન મંગાય ? શું ભગવાન પાસે એ માગતાં બહુ મોટું પાપ બંધાય ? ને ચંડી ભવાની ઘંટાકર્ણની માનતા કરે, ને એમની પાસે છોકરો માગે તો ઓછું પાપ લાગે ?

**દમયંતીને** નળરાજા જંગલમાં રાતના સૂતી મૂકીને ચાલ્યો ગયો, એ પછી સવારે એ એકલી અટુલી આગળ ચાલી, ત્યાં સાપનો, રાક્ષસનો ચોરોનો,...વગેરે ભય આવ્યા. ત્યાં દમયંતીએ સીધા નવકાર ગણી હુંકારા કર્યા, ને ઉપદ્રવ ટળી ગયા ! શું આ નવકાર સ્મરણનો ધર્મ મોક્ષ માટે કર્યો ?

**દ્રૌપદીએ ચીર માગ્યા :-**

દુર્યોધનની સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચાતા હતા ત્યાં દ્રૌપદીએ અરિહંતને પ્રાર્થના કરી કે, પ્રભુ ! મારે તમારો જ આધાર છે. તમે મારી લાજ રાખો;-

**"લજ્જા મોરી રાખો દેવ ખરી, દ્રૌપદી રાણી યું કર વિનવે, કર દોય શીશ ધરી,"**

અને ખરેખર અરિહંતની પ્રાર્થનાથી ખેંચાઈને શાસનદેવીએ આવી એની લાજ રાખી. અંગ ઉપર ચીર કેટલાં બધા લાંબા પૂર્યે રાખ્યા કે ચીર ખેંચનારો ચીર ખેંચ્યે જ જાય. ખેંચ્યે જ જાય, પરંતુ દ્રૌપદીનું શરીર ચીર વિનાનું ખુલ્લું થયું જ નહિ ! આમાં શું દ્રૌપદીએ ભગવાનને પ્રાર્થનામાં મોક્ષ માગ્યો ! કે અંગ ઉપર ચીર બન્યા જ રહે, અને લાજ ઢંકાઈ રહે, એવી સાંસારિક વસ્તુ માગી ?

જો, આ સાંસારિક વસ્તુ માગી, એ હકીકત છે તો 'ભગવાન પાસે મોક્ષ



જ મંગાય, સંસારનું કશું મંગાય જ નહીં.' એમ બોલવું એ શાસ્ત્રોને અસંગત નથી ? ઊલટું શાસ્ત્રની વાતો કહેનારની મશ્કરી કરવી, લો હવે આ કહે છે કે, ભગવાન પાસે સંસાર મંગાય, સંસારની વસ્તુ માટે ધર્મ થાય,- આવી મશ્કરી એ ખરેખર ક્યાં પહોંચે છે ? શાસ્ત્રાધારે ઉપદેશ કરનાર ઉપદેશકની જ એ મશ્કરી નહીં, કિન્તુ શું એ ઉપદેશ ભરેલા ઉપમિતિ વગેરે શાસ્ત્રોની અને શાસ્ત્રકારોની મશ્કરી નથી ?

મહાસતી **ઋષિદત્તા**એ પોતાના ઉપર ચડેલો ખૂની ડાકણ તરીકેનો ખોટો આરોપ ઉતારવા જંગલમાં પોતાના તાપસ પિતાએ પૂર્વે રાજાપણામાં કરાવેલ ભવ્ય જિનમંદિરનો આશરો લીધો; તથા ભગવાનની પૂજા ભક્તિ વગેરે ધર્મ કરવામાં સમય પસાર કર્યો અને સમય જતાં આરોપ કલંક તો ઊતરી ગયું, ઉપરથી કલંક ચડાવવાનો પેંતરો રચનાર બીજી રાજકન્યા રુક્મિણીને પરણી બેઠેલા પતિ રાજકુમારે રુક્મિણીનો પ્રપંચ જાણ્યા પછી એને તરછોડવાનું કર્યું, ત્યારે ઋષિદત્તાએ જ એને માફી અપાવવાની મહાન ઉદારતા કરી. અહીં ઋષિદત્તાએ કલંક ચડ્યા પછી જંગલમાં જિનભક્તિ આદિ ધર્મ કર્યો, એ શું મોક્ષ માટે કર્યો ? કે કલંક ઉતારવાની સાંસારિક વસ્તુ માટે કર્યો ?

**શ્રાવક સાંસારિક આપત્તિ ટાળવાની ઈચ્છાથી શું અરિહંત ભગવાનનો અને ધર્મનો આશરો ન લે, તો શું મિથ્યા દેવ-ગુરુ-ધર્મનો આશરો લે ? યા શું પાપ-પ્રપંચોનો આશરો લે ?**

'ભગવાન પાસે સંસારનું કશું મંગાય જ નહીં' એવો દુરાગ્રહ અને મિથ્યાવાદ રાખનારાના હિસાબે તો ભગવાન પાસે ન માગતાં, મિથ્યા દેવ ગુરુ ધર્મ પાસે માગવું કે પાપપ્રપંચો કરવા, એમાં ઓછું પાપ લાગે !! અને ભગવાન પાસે માંગવામાં બહુ વધારે પાપ લાગે !! અસ્તુ.

એકવાર તરંગવતીએ સારસિકાને પૂછ્યું કે,"અલી સારસિકા, જ્યારે હું અહીંથી પ્રિયની સાથે ભાગી ગઈ, પછી તું ઘરેણાનો ડબ્બો લઈને તો આવી હશે અને મને જોઈ નહીં હોય, પછી તેં શું કર્યું ? અને આગળ શું શું બન્યું, તે મને કહે."

**સારસિકાએ આપેલા પૂર્વ અહેવાલ**

સારસિકા કહે છે,- 'સ્વામિની ! તેં મને દાગીનાનો ડબ્બો લઈ આવવા આદેશ કર્યો, એટલે હું સીધી ઘરે ગઈ, અને જોઉં છું તો ઘરમાં માણસો પોતપોતાના કાર્યમાં વ્યગ્ર હતા, તેથી હું કોઈ ન જાણે એમ ચૂપકીદીથી ઘરની અંદર પેસી ગઈ. પણ ભય અને શંકાશીલ હતી છતાં તમારા ઓરડામાં જઈને બધા દાગીના એકત્રિત કર્યા, અને ડબ્બામાં ભરી લીધા. ત્યાંથી હું બહાર નીકળી, અને તારા પ્રિયના

મકાનની પાસે આવી.પણ ત્યાંય તમને મેં જોયાં નહીં, આજુબાજુ તપાસ કરી, એટેલ ખૂબજ દિલગીરી હતાશ અને દુઃખિત થઈ ગઈ, અને મને ખૂબ જ રોવું આવી ગયું કે,- 'હાય ! મારી સ્વામીની ક્યાં ગઈ ?' લાગ્યું કે કદાચ ઉતાવળ કરીને નીકળી ગયા હોય. તો હવે શી ખબર એ કઈ બાજુ ગયા હોય ? અને એમને હું ક્યાં શોધતી ફરું ? એમાં વળી કિંમતી ઘરેણાંનો ડબો હાથમાં હતો, રાતનો વખત હતો, એટલે એ જોખમ લઈને એકલી ક્યાં ભટકું ? તેથી બહેતર એ છે કે મારે પાછું ઘરે જ આવી જવું, સવારે તપાસ કરીશ. એમ કરીને ત્યાંથી હું એકલી પાછી આવી.

ઘરે આવીને વિચાર થયો કે, શેઠને આ વાત કરું કે નહીં ? ત્યારે મનને એમ થયું કે, જો કહેવા જઈશ, તો શેઠ એકદમ ચારે બાજુ તપાસ કરાવશે, અને એમાં તમે કદાચ પકડાઈ જાઓ, તો તમને ત્યાંથી પાછા જ લઈ આવે અને તમારી ધારણા સફલ થાય નહીં, વળી તમે મારી પાસે સોગન લેવરાવ્યા હતા કે, મારે આ રહસ્ય કોઈને કહેવું નહીં, એટલે મેં કોઈને કાંઈ જ કહ્યું નહિ. ભલે મને તપાસ કરવા દે. શેઠ ને બધા આ કાંઈ જાણતા નથી ત્યાં સુધી એ બધાને રાતભર સુખે સૂવા દો. એટલામાં સ્વામીની ક્યાંક ક્યાંક દૂર નીકળી ગઈ હશે; અને પછી શેઠ સવારે માણસો દોડાવશે તો પણ તમે ક્યાંય દૂર નીકળી ગયા હશો, એટલે માણસોને તમારો પત્તો નહીં લાગે, આમ કરી મેં શેઠને કે કોઈને તમારી ઘરેથી નીકળી જવાની વાત કરી નહીં, અને મારાથી બને એટલી આજુબાજુ ખાનગી તપાસ ચાલુ રાખી. બધા તો રાતનાં નિરાંતે સૂતા હતા. ત્યારે મારી રાત તો ચિંતા અને વિષાદમાં જ પસાર થઈ. હવે પ્રભાત કાળે તમારે માટે શેઠ ને બધા તપાસમાં પડ્યા કે તરંગવતી ક્યાં ગઈ ? ક્યાં ગઈ ? પણ તપાસ તો ગામની અંદર ને અંદર, એટલે તમારો શેનો પત્તો મળે ?

**સાપનાં મોંઢામાં અમૃત નહિ : વિષયોમાં સુખ નહિ :-**

જે વસ્તુ જ્યાં નથી ત્યાં એની લાખ શોધ કરવાનું કરાય પણ એ વસ્તુ ત્યાં શાની મળે ? સાપના મોઢામાં કોઈ અમૃતની તપાસ કરવાનું કરે કે એના કયા ખૂણામાં અમૃત પડ્યું છે ? તો એ શોધનાં પરિણામે શું પામે ? અજ્ઞાન જીવ આમ જ સંસારના વિષયોમાં અટવાય છે. કેમકે, વિષયોમાં સુખ છે નહિ, અને મૂરખ જીવ વિષયોમાં જ સુખ શોધવા ભારે મહેનત કરે છે ! પરંતુ તે ત્યાં શેનું મળે ? પાણીની ભ્રાંતિથી રણમાં હરણિયું ઝાંઝવા તરફ દોડાદોડ કરે છે; આખો દિવસ દોડે છે. પણ જો ઝાંઝવામાં પાણી જ નથી તો એને હોય તો મળે ને ? પાણીનું ત્યાં એક ટીપું પણ મળે શાનું ?



**દાસી સવારે હકીકત કહે છે :-**

આમ જયારે એ લોકોને અહીં તહીં તમે મળ્યાં જ નહીં, એટલે મેં શેઠને સાચવીને હકીકત કહી કે "તરંગવતીને જાતિસ્મરણ જ્ઞાન થયેલું અને એણે પૂર્વ જન્મનો ચિત્રપટ્ટ તૈયાર કરેલો, ને તે મને બજારમાં કૌમુદી મહોત્સવ વખતે ખુલ્લો મૂકીને જોવા કહેવું કે કોઈ માણસ આ ચિત્રપટ્ટ જોઈને ચકિત થાય છે કે કેમ ? એમાં પૂર્વ ભવે પોતે ચક્રવાકી હતી; ને એનો પ્રિય ચક્રવાક જે અહીં ધનદેવ શેઠનો દીકરો પદ્મદેવ થયેલો, એનાં જોવામાં આ ચિત્રપટ્ટ આવતાં, એને પણ પૂર્વજન્મનું સ્મરણ થવાથી માત્ર ચકિત જ નહી, કિન્તુ તરત જ ત્યાં મૂર્ચ્છિત થઈ ગયો ! એના મિત્રોએ એને સાવધાન કર્યો, ત્યારે એ ખૂબ જ રોવા બેઠો, અને મિત્રોએ આગ્રહ કરીને રોવાનું કારણ પૂછે છે ત્યારે પૂર્વ ભવની પોતાની બધી વાત કરી. જે ચિત્રપટ્ટમાં વિસ્તારથી આલેખેલી ચીતરેલી હતી. પછી મને ખાતરી થઈ ગઈ કે મારી સખી તરંગવતીનો આ જ પૂર્વનો પ્રિય છે. એનું નામ ઠામ વગેરે જાણી લઈને મેં તરંગવતીને આ વાત કરી એટલે એ ખુશી ખુશી થઈ ગઈ કે મારો પ્રિય મને મળી જશે. પરંતુ આપે એ પદ્મદેવને માટે કન્યા આપવાની ઘસીને ના પાડી એટલે લાગે છે કે, પોતાના પ્રિયતમની સાથે એ નગર છોડીને ચાલી ગઈ હોય."

શેઠને આ જ્યાં કહ્યું ત્યાં રાહુથી ચંદ્રમા પકડાય અને જેમ ચંદ્ર ફિક્કો પડી જાય, તે પ્રમાણે શેઠ ઝાંખા પડી ગયા ! અને ગુસ્સામાં આવી કહે છે,-

**શેઠનો ગુસ્સો અને સંતાપ :-**

'ધિક્કાર છે ધિક્કાર છે આ છોકરીને ! કે જેણે આવું ભયંકર અકાર્ય કર્યું ? અમારા વંશને અપયશનું કલંક લગાડ્યું ? આ કલંકથી મારું દિલ એટલું બધું દાઝેલું છે કે હવે હું શું કરું ? આમેય એ ધનદેવ સાર્થવાહ બિચારાનો દોષ નથી કે મારી પણ કોઈ ભૂલ નથી; કેમકે, અમને બંનેને આ જાતિસ્મરણની વાત કશી ખબર નહીં, અને આ છોકરીએ સ્વચ્છંદપણે પોતાનું કાર્ય સાધવા માટે બહુ જ ઉતાવળિયું પગલું લીધું ! હવે લોકમાં અમારે મોં શું દેખાડવું ?'

**દુઃશીલ સ્ત્રીઓ વેગિલી નદીઓ જેવી :-**

ખરેખર ! આ જગતમાં જેમ જોશમાં દોડતી નદીઓ બે બાજુનાં કૂળને એટલે કે કિનારાને તોડી ફોડી નાખે છે, એમ દુઃશીલ સ્ત્રીઓ અને દીકરીઓ સ્વચ્છંદાચારી કામ કરીને કુળની કીર્તિને તોડી નાખે છે, એટલે કે અપયશમાં પાડી દે છે. સ્વચ્છંદ દીકરીઓ સેંકડો દોષોથી ભરેલી અને અપકૃત્ય કરનારી એ વિશાળ ઘરકુટુંબને કલંક લગાડીને મલિન કરનારી હોય છે. એટલે જ સંસારમાં તે માણસોને ધન્ય છે, કે જેના કુળમાં દીકરીઓ જ જનમતી નથી. કુશીલ દીકરીઓનાં નિમિત્તે

અપયશ ઊભો થાય, એનાથી જીવનભર બળતા સંતાપ કરતાં રહેવું પડે, એવી સ્થિતિ જ બનતી નથી. દીકરીઓ પર કેટલો વિશ્વાસ મૂકાય ? ! દીકરીઓ તો સાપના ભારા જેવી છે. જો એના પર અંકુશ ન રાખ્યો, તો એ સાપ ક્યારે ડસી બેસે અને કુળને કલંકનું ઝેર આપી દે, એનો પત્તો નહીં, એવી સ્થિતિ શીલ સંયમમાં નિશ્ચલ નહીં અને છુપા દુરાચાર કરનારી પરણેલી સ્ત્રીઓની હોય છે. ધિક્કાર પડજો મને ! કે મારે ત્યાં આવી દીકરી જન્મી ગઈ ?”

સંસારની કેવી વિચિત્ર સ્થિતિ છે. એ આ પરથી દેખાય છે કે, માણસ જ્યાં પોતાનું મનમાન્યું ધાર્યા મુજબનું બને ત્યાં ખુશીનો પોટલો થઈ જાય છે. પણ મનસાથી વિરુદ્ધ તે પણ પોતાની ધારણા બહારનું બને, ત્યાં દુઃખની પોક મૂકે છે ! અને જેને વખાણતો હતો એનો જ ભારે શોક અને કલ્પાંત કરે છે. એ પરથી નક્કી થાય છે કે સાંસારિક વસ્તુમાં સુખ પણ નથી અને દુઃખ પણ નથી. **સુખ અને દુઃખ માત્ર પોતાની કલ્પના પર છે. એ પ્રસંગ અંગે તેવી તેવી કલ્પનાથી સાબિત થાય છે.**

છતાં શું જોઈને જીવો દુનિયાના પદાર્થ પર ઓવારી જતા હશે ? જેના પર રાગ એના પર જ દ્વેષ ને દુઃખ કરવા પડે ? એવું જીવનમાં તો ઠામઠામ અનુભવવામાં આવે છે. દીકરાને સારી રીતે રાખીને ઉછેરીને મોટો કર્યો હવે એ જ દીકરો પત્નીનો ચડાવ્યો માબાપથી વિરુદ્ધ થાય ! જુદું રહેઠાણ માંડે ! અને માબાપના પોતાના દુશ્મન દેખી એમના સામું પણ ન જુએ ! ઊલટું ઉપકારી માબાપનું સમાજમાં ઘસાતું બોલે !... આવું આવું સંસારમાં કેટલું ય બને છે એ નજર સામે દેખાય છે. છતાં **અજ્ઞાનતા ને મૂઢતા એવી છે કે જીવોને વસ્તુનું એ વિપરીત નીપજનારું ભાવી સ્વરૂપ પહેલાં દેખાતું નથી ! તેથી એની પાછળ પાગલ થઈ જાય છે.**

**એ પાગલતામાં** દેવને ભૂલે, ગુરુને ભૂલે, કુલાચારને ભૂલે એવું કેટલું ય બનતું હોય છે; છતાં આશ્ચર્ય છે કે વર્તમાનમાં એમાં હોંશે હોંશે પ્રવૃત્તિ કરે છે ! જગતમાં ઘણું ય દેખાય છે કે કેટલીક દીકરીનાં હોંશે હોંશે લગન કર્યા, પરંતુ એ દીકરીને પછી થોડા વખતમાં રંડાપો આવે છે ! ત્યારે કેટલીય દીકરીઓને દુરાચારી પતિ તરફથી ત્રાસ હોય છે ! અથવા કેટલીયને ભયંકર ગુસ્સાખોર સ્વભાવવાળા પતિ તરફથી મારપીટ પણ મળે છે ! કેટલીય દીકરીઓને સાસુ નણંદ દેરાણી જેઠાણી વગેરે તરફથી ત્રાસ હોય છે. તો બિચારી કેટલીય દીકરીઓને પોતાના પરણાવેલા ઉલ્લંઠ છોકરા તરફથી ત્રાસ મળે છે ! જગતનાં જીવોને આવું બધું ઘણું ય નજરે ચડે છે, છતાં મૂઢતાનો પાર નહીં, કે દીકરીઓને પહેલેથી જ



સારા સાધ્વીજીનાં સંપર્કમાં રાખીએ, ને વૈરાગ્યના માર્ગે ચડાવીએ એ સૂઝતું નથી ! અને હોંશે હોંશે એને ઘર મંડાવી આપે છે !

**દીકરીઓના ઘર મંડાવ્યા એ શું દીકરીઓને સુખમાં ચડાવી ? કે દુઃખના દરિયામાં ડુબાડી ?**

સુખનાં ઘરમાં નાખી ? કે દુઃખનાં ઘરમાં ? અને પછી પરણાવેલી દીકરીનાં ઉપર વરસતા ભારે ત્રાસ જોઈને કલ્પાંત કરવા બેસે, એનો શો અર્થ છે ? એવું દીકરાઓ માટે પણ કેટલું ય બનતું હોય છે કે હોંશે હોંશે દીકરાને પરણાવ્યા પછી એની કુભારજાથી વલે કેવી ? ભારે ગુસ્સાખોર અને રાતદિવસ કકળાટ કરનારી કર્કશા ભાર્યાનું ઘંટીનું પૈડું દીકરાના ગળામાં ભરાવી દીધું ! બિચારાની કઈ દશા ! એમાં વળી એ પુત્રવધુ ગુપ્તપણે જ્યાં ત્યાં ભટકનારી હોય, એટલે દીકરાને સમાજમાં ભારે અપયશ મળે ! અથવા કમાય દીકરો, પણ ઘરમાં વર્ચસ્વ એની પત્નીનું. એને એના સાસરિયા સ્નેહી તરફથી વારે વારે ટોણાં મેણાં પણ સાંભળવા પડે. પત્ની બહુ ખર્ચાળ હોય એટલે એનું પૂરું કરતાં છોકરાનું તેલ નીકળી જાય ! આમાં દીકરાને **આ બધા સંસારના રંગઢંગ જોતાં, બોલો, દીકરાને શું સંસાર મંડાવી સુખી કરો છો ? કે દુઃખનાં સમુદ્રમાં નાખો છો ?** ત્યાં એવું પણ બને છે કે, લગ્ન પછી દીકરો કુમિત્રોનાં સંગમાં ચડી જઈ પત્તાબાજી જુગાર વગેરે વ્યસનો મોડે સુધી બહાર ભટકવાનું કરે, અને પાછો બહારનો ગુસ્સો ઘરની બૈરી પર ઉતારે ! એ દીકરો પરણ્યા પહેલાં જે સારો દેખાતો હતો, હવે પરણ્યા પછી એના જ તરફથી જિંદગીભર હૈયાહોળીમાં બળવાનું થાય છે, તો મૂરખ જીવો શું જોઈને દીકરાનાં હોંશેહોંશ લગન કરી ઘરે વહુ લાવીને ખુશી ખુશી થતાં હશે ? એના બદલે નાનપણથી દીકરાને ત્યાગી સાધુનાં ખૂબ સંપર્ક અપાવી, ત્યાગ વૈરાગ્ય અને ધર્મના માર્ગે ચડાવવાનું અજ્ઞાન માબાપને સૂઝતું જ નથી !

**સંસારની મોંકાણ :-**

શું સંસારની આ એક મોંકાણ છે ! આજના એકલા કોરા કળકળતા વિષય વિલાસો અને સ્વચ્છંદાચારથી સરિયામ બગડી ગયેલા યુગમાં એવી તો કેટલીયે મોંકાણો સર્જાતી હોય છે. રોજિંદા છાપાં જુઓ તો એમાં રોજને રોજ બનતી એવી ભયંકર ઘટનાઓ વાંચવા મળે છે ! ત્યાં ધર્મ રસાતળ જતો દેખાઈ રહ્યો છે.

સગા-સ્નેહી મિત્રોમાં કલાકોનાં કલાકો બગાડવા સમય છે, દેવનાં દર્શન-પૂજન કરવામાં સમય નથી.

મોજશોખ ટાપટીપ હોટલ સિનેમાઓમાં છૂટથી પૈસાનો ધૂમાડો કરનારાઓને ભગવાનની પૂજા માટે સામાન્ય કિંમતી વસ્તુઓ ઘરેથી લાવતા આવડતું નથી !

૩ કલાક T.V. શો જોવામાં ગાળશે, પરંતુ (i) બે ઘડીનું એક સામાયિક કે પ્રતિક્રમણ કરવાની ગરજ નથી ! કે (ii) ગુરુ પાસે જઈ જિનવાણી સાંભળવાની અગર (iii) અનુકૂળ સમયે ઘરે બેસી ધર્મનું પુસ્તક વાંચવાની પડી નથી ! એટલી બધી જાણે ધર્મ તરફ નફરત ! ધર્મની સરાસર બેપરવાઈ એવી કે પોતાના જીવનમાં તો ધર્મનું મીંડું ખરું, પરંતુ આશ્રિતોનાં જીવનમાં ય નાની ઉંમરથી ધર્મનું દેવાળું ! આમાં પૂર્વજોનો ધર્મવારસો ક્યાં ઊભો રહે ? કે વારસો ક્યાં આગળ ચાલે ? અનાર્યો અને હલકા કુળના માણસો તો ધર્મને સમજતા નથી,પરંતુ

**આ ઊંચા કુળમાં જન્મેલા માણસો ધર્મ ભૂલીને અનુચિત વ્યવહારોને પાપાચારોમાં પડેલા ધર્મની ઘોર ખોદી નાખે છે.**

એટલે જ જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં ઠામઠામ બરાબર જ લખ્યું છે કે, જીવન **ધર્મપ્રધાન** બનાવો. જીવનમાં ઠામઠામ ધર્મને આગળ કરો, અહીં જો આવાઓને એવો ઉપદેશ અપાય કે મંદિરમાં ભગવાન પાસે જો સંસારનું સુખ માંગશો, તો દુર્ગતિનાં પાપ બાંધીને ત્યાં દુઃખમાં સડીસડીને મરશો. મોક્ષનાં આશય સિવાય બીજા કોઈ આશયથી ધર્મ કરાય જ નહીં ભગવાન ને ધર્મ પાસે સંસારનું કશું મંગાય જ નહીં. તમે ધર્મ મોટો કરો એની બહુ કિંમત નથી, પરંતુ ધર્મ કરવા પાછળ તમારો આશય માત્ર મોક્ષનો જ છે ! ધર્મથી મોક્ષ જ જોઈએ છે ? કે સંસારના સુખ જોઈએ ? જો માત્ર સંસાર સુખની જ કામના હશે તો તમે મોટો ધર્મ કરવા છતાં દુર્ગતિઓમાં રખડી જશો.-આવો જો ઉપદેશ અપાય તો સાંભળનાર વર્ગ શું આશય સુધારવા તરફ વધારે સજાગ થાય ? કે જીવનમાં ધર્મ વધારવા તરફ વધારે ઉત્સાહિત થાય ?

ખરી વાત આ છે કે જીવનમાં ધર્મસાધનાની પ્રચુરતા-પુષ્કળતા હશે તો જ સદાચારો, ન્યાયનીતિ, દયા, દાન...વગેરે સદ્ગુણો ખીલી ઉઠશે; નહિતર તો સારા કુળમાં જન્મી ગયા એટલે કહેવાનાં આસ્તિક ! પણ તેવાં તેવાં આચરણો અને કૃત્યોથી છુપા નાસ્તિક ! દોષો-દુષ્કૃત્યોથી ભરેલાં જીવનવાળા આજે શાસનને અને ધર્મને કેવાં કલંક લગાડી રહ્યા છે.

પેલી સારસિકા તરંગવતીને કહી રહી છે કે

**સારસિકાનું આગળ બ્યાન :-**

'તારા બાપાજી કુશીલ કન્યાઓ તથા કુભાર્યાઓના સ્વચ્છંદાચાર ઉપર ગુસ્સે થઈ ગયેલા, તે મને પણ ધમધમાવે છે કે જો તું આ બધું પહેલેથી જાણતી હતી, તો તેં મને પહેલેથી કેમ કહ્યું નહી ? તો પછી આ રામાયણ ન સરજાત ને ? ત્યારે મારે કહેવું પડ્યું કે 'આ જાતિસ્મરણની વાત વગેરે બીજાને ન કહેવાના તરંગવતીએ



મારી પાસે સોગંદ લેવડાવ્યા હતા, તેથી મેં પહેલેથી જ કોઈને કે આપને આ વાત કરી નહોતી, મારો અપરાધ માફ કરો, મારા ઉપર પ્રસન્ન થાઓ.'

પછી તરંગવતી કહે, 'પછી આગળ શું બન્યું ? તે કહે.' મેં કહ્યું- આ સાંભળીને તારી માતાને એટલો બધો આઘાત લાગ્યો કે એ મૂર્છિત થઈ ગયા, ને ભાનમાં આવતાં જ ભારે વિલાપ કરવા લાગ્યા ! વિલાપ તે કેવો એ ધ્રુસકે ધ્રુસકે રુએ ને એ જોઈ તમારા ભાઈઓ ભોજાઈઓ ય બહુ રુએ ! ત્યાં બધા ય રોવા લાગ્યા ! ખરેખર માતાનું રુદન છાતીફાટ, તે ભલભલાને પાણી પાણી કરી નાખે ! આખું વાતાવરણ ભારે રુદનમય થઈ ગયું. ત્યાં તારી માતા તારા પિતાજીનો ગુસ્સો ઉતારવા પ્રાર્થના કરે છે કે,

**માતાનો પિતાને ઠપકો :-**

હવે તમે રોષ રાખો નહિ, અને જલ્દીથી ચારે બાજુ તપાસ કરાવી તરંગવતી અને એના પ્રિયને પાછા લઈ આવો. આમાં તો મારે બે અનર્થ થઈ ગયા, એક તો મારી વહાલી લાડકી દીકરીનો વિયોગ થયો ! ને બીજું લોકની અંદર ભારે અપયશ થયો ! કે ઉંમરમાં આવી ગયેલા મોટા ઘરના આ છોકરો છોકરી બંનેને જ્યારે પૂર્વ ભવનો સ્નેહ ચાલ્યો આવતો હતો, છતાં એ બિચારા ઉપર કેટલો બધો જુલ્મ થયો હશે કે બંનેને છેવટે ખાનગી રીતે એકલા અટુલા ભાગી જવું પડ્યું ? પણ આ મોટા ઘરવાળાઓને કાંઈ દયા જ ન આવી ? કશી લાગણી જ ન ઉભરાઈ ? આ ઓછો અપયશ છે ? જરાક સમજો કે

**"બધું પૂર્વે કરેલાં કર્મનાં હિસાબે જ બની આવે છે.**

**એવા વિધિએ નિર્માણ કરેલા શુભ કે અશુભ ભાવો જીવોને ભોગવવા જ પડે છે. ત્યાં મોટા માંધાતાઓ પણ પરવશ બને છે ! કશું જ એમનું ઊપજતું નથી !**

"તો આ બે નાનડિયા બિચારા પૂર્વ જન્મના રાગવશ દોરાય એમાં એનો શો વાંક ગણવાનો ? માટે તમે ડાહ્યા થઈને એમને જરાય દોષ ન દો, એમનો વાંક ન ગણો.

"દીકરી તો મારી કેટલી બધી શીલસંપન્ન કે કોઈ પરપુરુષના સામે કદી જોનારી નહીં ! તેમજ કેટલી બધી વિનયવંતી કે ક્યારે ય પણ આપણી આમન્યા ચૂકનારી નહીં ! એને દોષ દેવાતો હશે ? યુવાનીમાં આવી છતાં આવી ગુણગણનાં ભંડારસમી દીકરી, એના પર જરાં ય ગુસ્સો કરાતો હશે ? તમને એની ગુણસંપન્નતા અને મહાલાયકીની કશી કદર નથી થતી ? કશો વિચાર નથી આવતો તે આટલા બધા રોષમાં ધમધમો છો ?..."

તરંગવતીની લાયકી અને ગુણસંપન્નતાને જ મુખ્યપણે જોનારી માતા પણ શેઠના ગુસા પર આકુળવ્યાકુળ થઈ ગઈ છે, તે શેઠને વસ્તુસ્વરૂપ અને સંયોગો જોવા તથા પરિસ્થિતિ ઓળખવા કહી રહી છે. એ માટે આગળ એ કહે છે,-

આ તો એને પૂર્વ જન્મનું સ્મરણ થયું, અને જોગાજોગ એને પૂર્વ ભવનો પ્રિય પતિ અહીં મળી આવ્યો, તો જેમ પૂર્વભવે એ પ્રિય પંખેરાની પાછળ એણે એની ભડભડતી ચિતામાં બળીને જાતનો ભોગ આપેલો, એમ જ અહીં એ વસ્તુના સ્મરણથી પોતાના એ જ પ્રિયની પાછળ લાગી જાય એમાં શી નવાઈ છે ? સંસારમાં એમ બનવું એ સ્વાભાવિક છે; અને એથી જ એની સાથે એ, આપણે જ્યારે એના પ્રિય સાથે સંબંધ થવામાં આડે આવીએ અને એ જિંદગીભરની હતાશ થાય ત્યારે, એના પ્રિયની સાથે અહીંથી એને ભાગી જવું પડે, એમાં એને દોષ શાનો દેવાય ?

**"ખરેખર મોટો વાંક તો આપણો જ છે.** ગુસ્સો કરવો હોય તો જાત પર કરો, કે અમે કેવા નિર્દય કે એનાં પ્રિયનો એની સાથે સંબંધ કરવા ઘસીને ના પાડી ? આ આપણો માફ ન થઈ શકે એટલો મોટે ગુનો છે, સારું થયું કે સારસિકાએ એને આત્મહત્યા કરતાં અટકાવી, ને એના પ્રિયને ભેગી કરી ! બાકી આપણા હઠવાદમાં તો એને જમનાં ઘેર પહોંચાડી દીધી હોત ! માટે એનો ગુનો જોયા વિના આટલા મોટા આપણા ગુનાનો જ ભારે પસ્તાવો કરો; અને એનાં પ્રાયશ્ચિત્તરૂપે હવે ચારે બાજુ ચાંપતી શોધ કરાવીને ગમે ત્યાંથી એ બંનેને પાછા લાવી ધામધૂમથી બંનેનાં પરસ્પર લગ્ન સંબંધ જોડી આપો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૨,તા.૨૬-૪-૧૯૮૬**

માતાએ હૈયામાં ઊભરાયેલા આવેગ તો ઠાલવ્યો, પરંતુ અંતરનો શોક શમતો નથી તેથી ધ્રુસકે ધ્રુસકે રોતી આક્રંદ કરે છે,- 'હાય હાય ! મારી લાડકી દીકરી ! તું ગુણની પેટી, તું ક્યાં ગઈ ? અહીં બધી ઊંચી સુખ સગવડમાં રહેનારી તને પરદેશમાં કેટકેટલી વિટંબણા હશે ? હાય રે !..." આમ સારસિકા તરંગવતીને અહેવાલ આપતાં આપતાં કહી રહી છે કે સખી ! તારી માતા એટલું બોલતાં બોલતાં વળી પાછી ચોધાર આંસએ ધ્રુસકે ધ્રુસકે રડી પડી; અને કરુણ રુદન કરતાં કરતાં શેઠને કહી રહી છે કે 'એ મારી મહાગુણિયલ બાળકીને જો નહીં લઈ આવો, તો હું તમને કહી દઉં છું કે એના વિના જીવવા માટે હું સમર્થ નથી ! હું આપઘાત કરીશ ! હવે મારી દીકરી જોવા નહિ મળે, તો એક ક્ષણવાર પણ



જીવતી રહી શકું એમ નથી; ભલે તમારે તમારા રોષમાં એની ઉપેક્ષા કરવી હોય તો કરો પણ હવે મારા જીવનની આશા રાખશો માં."

તરંગવતીને આ સાંભળતાં હૈયામાં ભારે દુઃખ સાથે આંખે પાણી આવી ગયા. સારસિકા આગળ કહી રહી છે,-

"આમ કરુણ રુદન સાથે શેઠાણીનું કરગરવાનું દેખીને શેઠ પણ પીગળી ગયા, વસ્તુસ્થિતિ સમજી ગયા, અને 'ભલે તેમ કરું છું.' એમ કહી શેઠાણીને ઠંડા પાડવા કહે છે, તમે હવે રોવાનું મૂકી દો, હું તાબડતોડ ગમે ત્યાંથી તરંગવતીને પાછી બોલાવી લાવવાનું કરું છું,' એમ કહી એમણે પદ્મદેવના પિતા ધનદેવ સાર્થવાહને ત્યાં માણસો દોડાવ્યા, તપાસ કરો તરંગવતી ત્યાં છે કે કેમ ?"

સારસિકા તરંગવતીને આગળ કહે છે, "પરંતુ ધનદેવ શેઠને ત્યાં ભાળ મળે ? એકલા માણસો જ પાછા નહીં પરંતુ સાર્થવાહ ધનદેવ પણ કુટુંબ સાથે અહીં દોડતા આવ્યા, અને બોલ્યા કે,- અમારો પદ્મદેવ પણ ઘરે છે નહિ, અને ક્યાં ગયો હશે, તેની અમે પણ શોધમાં છીએ ! ત્યાં ઋષભસેન શેઠે એમને તમો બંનેની જાતિસ્મરણ જ્ઞાન વગેરેની વાત કરી. હવે બંને શેઠિયાઓ તમો બંનેની તપાસ માટે ચારેકોર માણસો દોડાવે છે. દિવસ પર દિવસ જાય છે. છતાં તમારો કોઈ પત્તો મળતો નથી. ઊલટું મોકલેલ માણસો તપાસ કરતાં કરતાં રોજના રોજ નિરાશાના સમાચાર મોકલે છે કે હજી ભાઈ કે બેનનો પતો મળતો નથી.

"ત્યાં બંને કુટુંબોમાં શોક કલ્પાંત અને રુદન ચાલ્યા કરે છે; કેમકે બંને કુટુંબના માત્ર એકએક સભ્ય જ નહિ, કિન્તુ નોકર પરિવારને પણ તમારા ઉપર સ્નેહનો પાર નહોતો અને પરિસ્થિતિ આટલી બધી વિકટ થઈ ગઈ છે કે સૌનાં મન દુઃખિત થઈ ગયા છે. ઘોડેસ્વારો દોડાવ્યા છતાં અને એ ચારેકોર દૂર દૂર ઘૂમતા ફરે છે છતાં તમારો પત્તો મળતો નથી. બધાને જાણે ખાવું હરામ થઈ ગયું છે ને ઊંઘ પણ હરામ થઈ ગઈ છે ! કલ્પાંત સિવાય બીજું કાંઈ નથી." એમ બોલતાં બોલતાં સારસિકા રડી પડે છે.

**જીવની સંસારમાં રંજાડ પર બોધપાઠ :-**

ખૂબી જુઓ કે આવા મોટા સુખી માણસોને પણ કર્મસત્તા કેવા રંજાડે છે ! એ કર્મની રંજાડ અનુભવવા છતાં જીવને સંસાર પર નફરત છુટતી નથી ! 'બળ્યો આ સંસાર ! જ્યાં આવી કેઈ પ્રકારની કરુણ ઘટનાઓ ઘરે ઘરે એક યા બીજા પ્રકારે બનતી હોય છે, છતાં સંસાર પર નફરત કે અભાવ થતો નથી અને તરણ તારણ ધર્મનું શરણું લેવાનું મન થયું નથી ! ધિક્કાર પડો આવા જાલિમ મોહને કે સંસાર જીવને ભારે રંજાડે છતાં જીવને ધર્મ ન સૂઝવા દે ! એ તો કોક

વિરલ કે આવી ઘટના દેખીને કે સાંભળીને, પછી ભલે તે બીજાને ત્યાં બની હોય તોય, એ જોઈને પોતે વૈરાગ્ય પામી જાય ! ધર્મમાં લાગી જાય !

**સંસારની રંજાડમાં ખત્મ થઈ જતા પહેલાં, પરલોક હિતકારી અને આ રંજાડને પડકારનારી ધર્મસાધના કાં ન કરી લેવી ?**

**સગર ચક્રવર્તીના** ૬૦ હજાર પુત્રો અષ્ટાપદ તીર્થની રક્ષા કરતાં કરતાં દેવતાના ક્રોધનાં ખપ્પરમાં હોમાઈ ગયા ! એ પુત્રો પર વરસી પડેલી આપદા જોઈ સગર ચક્રવર્તી પોતે મોટી છ ખંડની ઠકરાઈ ઉપર વૈરાગ્ય પામી ગયા ! અને સંસાર ત્યાગ કરી ચારિત્ર માર્ગે ચડી ગયા !

**નાગદત્ત શેઠે** પોતાના પિતાની ભયંકર દુર્દશા જ્ઞાની પાસેથી જાણીને તરત એ ચારિત્ર માર્ગે નીકળી પડયા !

**સાધુ સુકોશલ,** તે પૂર્વે રાજપુત્ર અને ઇક્ષ્વાકુ વંશની ગાદીએ પિતા કીર્તિધરના ચારિત્ર પછી બાલપણામાં રાજા બનેલા; તેમને 'હવે એમાં પિતારાજા કીર્તિધર સાધુ પાછા અહીં આવીને વૈરાગ્ય પમાડી સાધુ પાછા અહીં આવીને વૈરાગ્ય પમાડી સાધુ બનાવી ઉપાડી ન જાય,'- એ માટે માતાએ નગરના દરવાજે દરવાજે સખત પહેરો રખાવેલો અને રક્ષક સિપાઈઓને તાકીદ આપેલી કે કોઈ પણ બાવા જોગી સાધુ સંન્યાસીને નગરમાં પેસવા જ દેતા નહીં. પરંતુ જ્યારે એકવાર ખુદ એ કીર્તિધર રાજામુનિ બહારથી વિહાર કરતાં આવીને નગરમાં પ્રવેશ કરવા જતા હતા, ત્યારે સિપાઈઓ એમને પેસવા ન દેવા રકઝક કરતા હતા. નાનારાજા સુકોશલ મહેલના ઊંચા ગોખમાંથી આ દશ્ય જોતાં ધાવમાતાને પૂછે છે કે ત્યાં દરવાજે આ શું ચાલી રહ્યું છે કે સિપાઈઓ કોઈ સાધુ મહારાજને નગરમાં પેસવા દેતા નથી ? એની નાની ઉંમરમાં રાજા એને રાજા બનાવીને નીકળી પડેલા. તેથી એ બાપમુનિને ઓળખી શકતો નથી; એટલે જ ધાવમાતાને એણે આવો પ્રશ્ન કરેલો. ત્યારે ધાવમાતાની આંખમાં પાણી આવી ગયા ! અને ખુલાસો કરે છે કે,

"એ સાધુ તમારા પિતામુનિ છે. તમારા પિતાએ તમને નાની ઉંમરમાં રાજા બનાવી તમે મોટા થાઓ ત્યાં સુધી રાજ્ય તમારી માતા અને મુખ્ય દિવાનને ચલાવવાનું સોંપી એમણે ચારિત્ર લઈ લીધેલું. હવે સાધુ બની ગયેલા એ અહીં આવ્યા દેખાય છે. પરંતુ અહીં તો એમની દીક્ષા પછી તમારી માતાને ડર લાગેલો કે એ પતિ સાધુ જો અહીં આવશે, તો આ પુત્ર પણ એમની જ ખાનદાનનો છે. એટલે એ સાધુ થઈ પિતામુનિ સાથે ચાલ્યો જશે તો પછી મારે આધાર કોનો ? એટલે એવું કરું કે પિતામુનિ આ નગરમાં આવી જ શકે નહિ. પણ એટલા માટે કાંઈ એકલા સાધુને નગરમાં પેસવા દેવાનો નિષેધ કરાય નહીં, તેથી માતાએ સર્વ



સામાન્ય કોઈ જ સાધુ બાવાને પેસવા ન દેવા એવો પ્રબંધ કર્યો. એટલે સિપાઈઓ ગમે તે સાધુ બાવા જોગીને નગરમાં પેસવા દેતા નહોતા. એ હિસાબે અત્યારે આ પિતારાજાને પણ અહીં દાખલ થવા દેતા નથી એમ લાગે છે."

આ સાંભળીને નાના રાજા સુકોશલની આંખમાં એક બાજુ પિતાની કરુણ દશા જોઈને આંખમાં આંસુ આવી ગયા, અને બીજી બાજુ માતા રાણી પર ધિક્કાર છુટ્યો, ભારે ગુસ્સો આવ્યો કે 'આ રંડા પોતાના પતિની જ આ વિટંબણા કરે છે ? પરંતુ એમાં એનો વાંક નથી આ ગોઝારો સંસાર જ એવો કે જીવો પાસે ન કરવાનાં કામ કરાવે.' આમ માતાની દુર્દશા દેખવા પર, પોતાના મન પર પોતાના સંસારની પણ સંભવિત ભાવી દુર્દશા આવી. વૈરાગ્ય જાગી ગયો. આમ તો પોતાને તો રાજવીપણું, રાણી, ખજાનો લહાવ-લશ્કર....વગેરેની ભારે અનુકૂળતા હતી; એના પર કશો ભય નહોતો આવ્યો છતાં પોતે બીજાનાં (માતાના) સંસારની દુર્દશા જોઈને વૈરાગ્ય પામી ગયા ! અને તરત સીધા નીચે ઊતરી નગર બહાર પિતામુનિ પાસે પહોંચી જઈ ચારિત્ર આપવાની પ્રાર્થના કરે છે.

**આમ સંસારમાં કેઈ પ્રકારની દુર્દશા જીવો ભોગવે છે. જો હૈયું ધિટ્ટું ન હોય તો એ જોતાં જીવ પોતે ભડકી ઉઠે, અને સંસાર પર વૈરાગ્ય લાવી ચારિત્ર માર્ગે નીકળી પડે !**

અલબત બધાની આટલી તાકાત ન હોય એટલે એકદમ જ ચારિત્ર માર્ગે જ નીકળી પડે એવું ન બને, તો પણ મનમાં ભારે તલસાટ હોય કે 'ક્યારે હું ચારિત્ર લઉં અને સર્વપાપથી મુક્ત બનું ! ક્યારે હું મોક્ષ પામું !' તેમજ એ ચારિત્ર જલ્દી ઉદયમાં આવે એ માટે શ્રાવકધર્મનાં વ્રત નિયમ આચારો અને બીજી બાજુ અનેક પ્રકારની ધર્મકરણીઓ ખૂબ ખૂબ હોંશથી કરવા લાગી જાય.

**પ્ર.**- 'હું તો મોક્ષના આશયથી જ ધર્મ કરું' એમ રટણા રાખે, અને ધર્મ કરવાનો ઉલ્લાસ ન હોય, પ્રવૃત્તિ ન હોય તો ચાલે કે નહિ ?

ઉ.- સંસારની વિટંબણાઓ અને જીવની દુર્દશાઓ જોઈને જ એનો કોઈ પણ પ્રકારે અંત લાવવાનું જેને મન થાય, એને એ માટે શું ધર્મ કરવાનો ઉલ્લાસ ન હોય ? તો શું પાપો કરવાનો ઉલ્લાસ હોય ? તો તે જિનેશ્વર ભગવાનનો એક માત્ર ધર્મ જ કર્તવ્ય છે એક માત્ર સહાયક છે, ઉગારનાર છે એ સમજવા માટે પણ જ્ઞાનીઓએ ગૃહસ્થ જીવનમાં પણ ધર્મના આચરણ અને ધર્મના બોલને જ પ્રધાન બનાવવા કહ્યું છે. હવે જો એવી જોરદાર ધર્મપ્રવૃત્તિઓ કરવી નથી, અને મારે મોક્ષ જોઈએ છે, હું તો મોક્ષનો જ આશય રાખું છું, એમ દાવો રાખે એથી કાંઈ આત્માનો ઉદ્ધાર થાય નહિ. કારણ કે માત્ર એવા દાવાના ભરોસે પુષ્કળ ધર્મપ્રવૃત્તિઓ

ઉપર ભરોસો નથી કે 'મોક્ષ સિદ્ધ થાય તો તે પુષ્કળ ધર્મપ્રવૃત્તિ કરવાથી જ થાય, એ કરીને પુષ્કળ પાપપ્રવૃત્તિ છોડવાથી જ થાય.' આવી શ્રદ્ધા જ નથી એટલે પુષ્કળ ધર્મપ્રવૃત્તિ કરવાની જ્યારે તાલાવેલી ય નથી, પછી જીવનમાં જો પુષ્કળ ધર્મપ્રવૃત્તિઓ નહિ, તો સહેજે સહેજે પાપપ્રવૃત્તિઓ ભરચક ચાલવાની. એનાથી સારા પ્રમાણમાં પાપપ્રવૃત્તિઓ પાપલેશ્યાઓ પોષાતી રહેવાની; જેનાં પરિણામે જીવનભર પ્રત્યેક સમયે ભારે પાપકર્મો બંધાતા રહેવાનાં ! ત્યાં મોક્ષનો આશય મોક્ષનો આશય એમ ઘૂંટતા રહેવાથી શો બચાવ મળે ?

**દુર્ગતિઓ કોની સામે તાકે છે ? :-**

પાપપ્રવૃત્તિઓમાં જ રાચતા માચતા જીવો સામે તો જાણે દુર્ગતિઓ તાકીને રહી હોય છે કે 'સાચા ઢોંગી ધૂતારા જીવડાઓ ! અહીં આવી જાઓ ! તમારા જેવાની અમે દુર્ગતિઓ રાહ જ જોઈએ છીએ !' સરિયામ ધૂમ સાંસારિક પ્રવૃત્તિઓ અને ભરચક હિંસામય આરંભ સમારંભો તથા અનેક પ્રકારનાં વિષય વિલાસો સદ્ગતિમાં શાના લઈ જાય ? પ્રબળ શ્રદ્ધા જોઈએ કે,-

**સદ્ગતિ તો ધર્મથી જ મળે, ધર્મ આચરણથી મળે, ધર્મસેવનથી અને ધર્મની પ્રવૃત્તિની જીવન વ્યાપિતાથી મળે.**

આજનાં ધરખમ આરંભ સમારંભ જૂઠ અનીતિ વિષય વિલાસો અને એના પોષક ક્રોધ લોભાદિ કષાયોની પુષ્કળ પ્રવૃત્તિથી રિબાઈ રહેલા બિચારા પામર જીવોની દયા ખાવા જેવી છે, અને એમને ભરચક ધર્મપ્રવૃત્તિમાં જોડવા જેવા છે. એ તો જ પામે કે વ્યાખ્યાનોમાં ઉપદેશોમાં આના પર વારે વારે ભાર મૂકાય કે ધર્મ ખૂબ ખૂબ કરતા રહો, તો સુખી થશો, નહિતર નર્યા અઢાર પાપસ્થાનકનાં ભરચક આચરણોથી દુર્ગતિમાં ફેંકાઈ જઈ દુઃખી મહાદુઃખી પરમદુઃખી બની જશો.

પેલી સારસિકાએ તરંગવતીની આગળ એના ભાગી ગયા પછી બંને કુટુંબોની જે કરુણ દુર્દશા થયેલી એનું જે વર્ણન કર્યું એ હૈયાને હચમચાવી નાખે એવું હતું. છેવટે એ કહે છે,- જ્યારે દિવસો પછી પેલા કુલ્માષહસ્તિ નોકર દ્વારા તમારો પત્તો મળ્યો, ત્યારે સૌનાં હૈયાં હેઠાં બેઠાં અને પછી તો જે જે બન્યું તે તમે જાણો જ છો.'

**વર્ણવેલા પ્રસંગો પરથી બોધપાઠ : કથા કેમ સાંભળવી ? :-**

તરંગવતીના ભાગી જવા પછી એનાં ઘરે બનેલા પ્રસંગોનું વિહંગાલોકન કરીએ, તો કેટલીક અગત્યની વસ્તુઓ અંગે બોધપાઠ લેવા જેવો છે. કથાઓના પ્રસંગોને વાંચી જઈએ કે સાંભળી જઈએ કે પછી શું બન્યું ?...પછી શું બન્યું અને બોધપાઠ કશો લઈએ નહીં, તો એ કથાવાંચન કે કથાશ્રાવક નિદ્રા લાવવા યાને



નિદ્રા ન આવે ત્યાં સુધીનો સમય પસાર કરવા માટે કરાતા રાજાનાં કથાશ્રવણ જેવું છે. એમાં કથા માત્ર આતુરતાથી સાંભળવાની કે વાંચવાની એટલું જ, ઊંઘ ન આવે ત્યાં સુધી એમાં સમય પસાર કરવાનો, આત્માને કશું અડે આભડે નહીં, એમ અહીં પણ નવરાશનો સમય, બીજું સ્વાર્થનું કામ ન આવી પડે ત્યાં સુધી કથા-શ્રવણ વાંચનમાં પસાર કરવાનો એટલું જ. એટલે.

**માનવ જીવનનો કિંમતી સમય પસાર કરવાનો, પણ એનો ઉદ્દેશ્ય કશો જ નહિ ? એમ જ વેડફી નાખવાનો ? અથવા આત્મઘાતક તુચ્છ આનંદ લૂંટવાનો ઉદ્દેશ ?**

આમ કિંમતી સમય વેડફાઈ ન જાય, તેમ આત્માનાં અહિતમાં ન ઊતરે, એટલા માટે એમાંથી આત્મહિતનો બોધપાઠ લેવો અત્યંત જરૂરી છે. નહિતર અમૂલ્ય માનવસમયની અમૂલ્યતાની ઉપેક્ષા અગવણના કરી ! એવું થાય. એથી ભવિષ્ય માટે એવો કિંમતી સમય મળવાની ગેરલાયકાત ઊભી થાય.

**સારી વસ્તુની ઉપેક્ષા-અવગણના કરો, તો સહેજે કુદરત તમને એવી સારી વસ્તુ શાની આપે ?**

બાપ છોકરાને એકવાર બેવાર ત્રણવાર સારી વસ્તુ લાવી આપતો હોય પરંતુ છોકરો એની કિંમત ન સમજે અને એને વેડફી નાખે, એને તોડી ફોડી નાખે તો સ્વાભાવિક છે કે બાપ એને ફરીથી સારી વસ્તુ લાવી આપે નહિ. વિચારવા જેવું છે કે આટલો બધો કિંમતી માનવસમયરૂપી સારો માલ આપણને મળવા છતાં કેટકેટલીવાર એનો ગેરઉપયોગ અથવા એને તોડી ફોડી નાખવાનું કરીએ છીએ ? એવું ન થાય એટલા માટે માનવસમયની પળ પળ પણ આપણાં કે બીજાના જીવનમાં બનતા બનાવો પરથી આત્માને હિતકારી બોધપાઠ લેવામાં, ને જીવનમાં ઉતારવામાં એને સદુપયોગ જ કરતાં રહેવું જોઈએ.

**કિંમતી માનવસમયનો પહેલો સદુપયોગ :-**

જેમાં પહેલું તો આપણા અંતરના અધ્યવસાય,

(૧) વિષયો પ્રત્યે વૈરાગ્ય વધારવાનાં કરવાના હોય; અથવા

(૨) ક્રોધલોભાદિ કષાયોનાં શમનના કરવાના હોય; યા

(૩) હિંસામય આરંભ સમારંભો તથા અસત્ય અન્યાય અનીતિ ચોરી વગેરે દુષ્કૃતો તરફ ઘૃણાના કરવાના હોય;

(૪) દેવાધિદેવ-સદ્ગુરુ-સંઘ પ્રત્યે ભક્તિ પ્રીતિ બહુમાન વગેરે વધારવાના કરવાના હોય; યા

(૫) મૈત્રીભાવ, કરુણાભાવ, ગુણી ઉપર પ્રમોદભાવ અને પરની પંચાતી

પ્રત્યે ઉપેક્ષાભાવના કરવાના હોય.

માણસ જો આ સાવધાની રાખે તો કથા-વાંચન કે શ્રવણ એમજ ગબડાવતો ન જાય, કિન્તુ એક એક પ્રસંગ ઉપરથી એવા નિર્મળ અધ્યવસાય કરવાનો બોધ-પાઠ લેતો જાય, ને પોતાના મલિન અધ્યવસાયો કેમ ઓછા થતા જાય, એનો બોધપાઠ લેતો જાય એટલા જ માટે આપણે સારસિકાએ કરેલા વર્ણન પર વિહંગાવલોકન કરીએ છીએ, જેમાંથી અમૂલ્ય બોધપાઠ મળે એવો છે. દા.ત.

**સારસિકાએ વિશ્વાસભંગ ન કર્યો ? :-**

તરંગવતી રાતના ભાગી ગઈ એ વાત સારસિકા જાણતી હતી પણ છતાં એણે રાતભર એ વાત છુપાવી રાખી અને ઘરના વડીલને એ વાત કરી નહીં. અહીં સારસિકા શેઠનો પગાર ખાતી હતી તો શું એની ફરજ નહોતી કે એણે શેઠની નોકરીની રૂએ શેઠના વિશ્વાસનું પાલન કરવું જોઈએ ? અને શેઠને વાત જણાવવી જોઈએ ?

**અલબત સામાન્ય પ્રસંગોમાં નાનડિયાની કે નોકર માણસની આ ફરજ રહે જ કે વડીલને એવી કોઈ બાબતમાં અંધારામાં નહીં રાખવા જોઈએ.'**

તો જ એણે પોતાના હોદ્દાની રૂએ વિશ્વાસનું પાલન કર્યું કહેવાય. દા.ત.

**ટ્રસ્ટીઓ સંઘનો વિશ્વાસભંગ કરે ? :-**

દેવદ્રવ્ય વગેરે ધાર્મિક ખાતાઓની સંઘમાંથી ઉપજ થાય છે. ત્યાં સંઘ એ દ્રવ્ય જે ખર્ચે છે એ તે તે ખાતાની ભક્તિ થાય એટલા માટે, પોતાના દુન્યવી રંગરાગ મૂકીને, અહીં ખર્ચે છે, પરંતુ એ દ્રવ્યનો ભક્તિમાં ઉપયોગ કરવાને બદલે ટ્રસ્ટીઓ જો એનું ભંડોળ જ ભેગું કરી, માત્ર વ્યાજ ઊપજાવી એ વ્યાજમાંથી જ ભક્તિ કરવાનું કરતા હોય, તો ટ્રસ્ટીપણાનાં હોદ્દાની રૂએ એમણે સંઘનાં અને એ ખાતાનાં વિશ્વાસનું પાલન ન કર્યું કહેવાય, પણ વિશ્વાસનો ભંગ કર્યો કહેવાય.

અલબત ભંડોળ માટે એમ ચોખવટ કરી હોય કે વર્ષો વર્ષ આ સાધારણ ખાતામાં પડતો તોટો પૂરાતો નથી. દેવું થાય છે, તેથી જો આનું કાયમી સારું ભંડોળ કરી લઈએ, તો એનાં વ્યાજમાંથી ખાતાનો ખર્ચ સારી રીતે ચાલ્યા કરે, અને એ રીતે ભંડોળ માટે જ પૈસા ઉઘરાવાતા હોય અને એને વ્યાજે મૂકી વ્યાજ એ ખાતે વાપરતા હોય, તો વિશ્વાસભંગ કર્યો ન ગણાય.

પરંતુ આજે મંદિર ઉપાશ્રયોમાં ભંડાર પેટી વગેરે રાખવામાં આવે છે એમાં લોક જે પૈસા નાખે છે, અથવા દેવદ્રવ્યાદિની બોલી બોલાતી હોય એમાં બોલી બોલીને જે પૈસા આપે છે, તે આપવાનું ભંડોળ ભેગું થવાની બુદ્ધિથી નહીં, કિન્તુ તે તે ખાતાની ભક્તિ થાય એ માટે જ આપે છે. દા.ત. પ્રભુજીનાં ભંડારમાં રૂા



૧૦ની નોટ નાખી, તો તે શું કાયમ માટેના ભંડોળમાં જ જમા કરવા માટે નાખી ? ના, એ તો એ સમજથી જ એ પૈસા ભંડારમાં નાખ્યા છે કે (આ મંદિરના ભગવાન યા બીજા મંદિરના) આનાથી ભગવાનની યા એમના મંદિરની ભક્તિ-રક્ષા-સુશોભા કરવા માટે વપરાશે. તો એને એ રીતે તરતમાં ખર્ચી જ નાખવા જોઈએ. પણ ન ખર્ચે, ને એકલી જમાબંધી જ કરતા જાય, તો દાતારનો સ્પષ્ટ વિશ્વાસભંગ કર્યો ગણાય. અને એનું પાપ ટ્રસ્ટીઓને લાગે. પછી એનો અર્થ શો નીકળે ? આ જ, કે પુણ્યથી ટ્રસ્ટીપણાનો હોદ્દો મળ્યો, સેવા કરવાની મળી, પરંતુ એજ હોદ્દાની રૂએ આવા વિશ્વાસભંગનાં પાપ બાંધ્યા ! ત્યારે જો એ પાપ બાંધવાનાં હોય, તો એ હોદ્દાનું પુણ્ય પાપાનુબંધી કહેવાય. આજે આ રીતે વિચારતાં,

કેટલા ટ્રસ્ટીઓ ટ્રસ્ટીપણાનું પુણ્યાનુબંધી પુણ્ય ભોગવવતા હશે ? અને કેટલા પાપાનુબંધી પુણ્ય ભોગવતા હશે ? પાપાનુબંધી પુણ્ય એટલે પુણ્યથી ટ્રસ્ટીપણાનાં માનપાન-સત્તા ઈજ્જત વગેરે તો મળ્યા, અને ફુલાઈ ગયા, પરંતુ તે જો પાપાનુબંધી છે, તો એનો અર્થ એ, કે પાપો બાંધીને ભાવી દુઃખો ઊભા કરવા માટે જ એ સત્તા માનપાનાદિ મળ્યા ! કારણ કે એમાં વિશ્વાસઘાતનાં પાપોનું ફળ દુર્ગતિ સિવાય બીજું શું હોય ? અસ્તુ.

વાત એ હતી કે દાસીએ તરંગવતીના પિતા શેઠને નાનડિયાની આ રીતે ગુપચુપ ભાગી જવાની વાત ન કરી, એ દૃષ્ટિએ દાસીએ શેઠના પોતાના પરના વિશ્વાસનો ભંગ કર્યો ગણાય.

**દાસીએ વિશ્વાસભંગ ન કર્યાનું રહસ્ય :-**

**પ્ર.-** તો પછી વિશ્વાસપાત્ર સમજદાર દાસીએ આમ કેમ કર્યું ?

**ઉ.-** એનું સમાધાન એ છે કે દાસીએ પ્રસ્તુત પ્રસંગ બહુ જ ગંભીર તરીકે જોયો હતો. એણે જોયું છે કે શેઠને વાત કરવામાં શેઠ તાબડતોબ માણસો દોડાવી, તરંગવતી શોધી કઢાવી, પાછી ઘરે લાવે,- એમ બનવા સંભવ છે, ને એમાં તો પછી તરંગવતી પ્રિયનો સમાગમ મળવાની નિરાશામાં આપઘાત કરે એવી છે; કેમકે શેઠે પહેલાં જ ઘસીને પદ્મદેવને કન્યા આપવાની ના જ પાડેલી છે. એટલે જો તરંગવતી નિરાશ થઈને આપઘાત કરવા જાય તો એમાં શેઠને અને સહુને પાછળથી વસ્તુ સ્થિતિ જાણવા મળતાં મોટો પસ્તાવો થાય, અરે ! જીવનભરના હૃદય-સંતાપ ઊભા થાય ! અને તરંગવતી અમૂલ્ય માનવજન્મ ધર્મસાધના વિના ગુમાવી નાખે !" આ બધા મોટા અપાય યાને અનર્થ ન બને એટલા જ માટે દાસીએ નાના વિશ્વાસભંગનું પાપ વહોરીને પણ એ રહસ્ય શેઠની આગળ કહ્યું નહિ, એટલે કે એનાં ભાગી જવાની વાત તત્કાલ કરી નહીં, કે જેથી શેઠ તત્કાલ

તાબડતોબ તરંગવતીનો પીછો પકડીને એને પાછી લાવવાનું કરે, ને એમાં આ બધાં મહાઅનર્થો ઊભા થાય.

**હવે આગલ દેખો.-**

**સંસારમાં સંયોગો અંતે રોવરાવનારા :-**

સવારે શેઠના ઘરે તરંગવતી ગુમ થયાનું જણાતાં ધાંધલ ધમાલ મચી સૌ રોવા બેઠા, એ પરથી સંસારનું નાટક જોવા મળે છે, કે સંસારી જીવ એક સ્નેહી સમાગમને બહુ ઈષ્ટ કરીને માને છે, ખુશીનો પોટલો થઈ જાય છે, પણ જીવને ભાન નથી કે 'સંયોગાઃ વિપ્રયોગાન્તાઃ' સંયોગની પાછળ અવશ્ય વિયોગ છે. કાળ, કર્મ અને ભવિતવ્યતા ક્યારે સંયોગોને નષ્ટ ભ્રષ્ટ કરી નાખે એનો પત્તો નથી. આવી જગતભરમાં બનતી સાંસારિક ઘટનાઓ પરથી દેખી શકાય છે, કે સંયોગોને જેટલા વધારે ઈષ્ટ કરી માન્યા, ત્યાં અચાનક સંયોગ નષ્ટ થઈ ઈષ્ટનો વિયોગ કરતાં વધુ પ્રમાણમાં દુઃખનાં પોટલાં ઊભા થાય છે. માટે જ જ્ઞાની કહે છે કે,-

**'संजोगमूला जीवेण पत्ता दुक्ख परंपरा ।'**

**અર્થાત જીવે દુઃખની પરંપરા મેળવી છે, તે મૂળ સંયોગનાં જ કારણે.**

સાક્ષાત્ તો એવું દેખાય કે વિયોગ થતાં દુઃખ થયું, વિયોગનાં કારણે દુઃખ થયું, પરંતુ વાસ્તવમાં સંયોગ જ ન થયો હોત, અથવા સંયોગને સુખરૂપ ન માન્યો હોત, તો વિયોગનું કોઈ દુઃખ થાત નહીં., શોક્ય માતાને શત્રુ જવો લાગતો ઓરમાયો પુત્ર મરી જતાં ક્યાં દુઃખ થાય છે ? બાકી પતિ પત્ની કે પુત્રના સંયોગ થયા પછી જ, અને એને બહુ સુખરૂપ ઈષ્ટ મનગમતો માન્યા પછી જ, પતિ મરણ પત્ની મરણ કે પુત્ર મરણ પર દુઃખની પોક મુકાય છે.

કુંવારી રહેનાર યા સાધ્વી થનાર બાઈને ક્યાં જિંદગીમાં વિધવાપણાનું દુઃખ લાગે છે.

એમ કુંવારા રહેનાર કે સાધુ થનારને ક્યાં પત્ની મરણનું દુઃખ આવે છે ?

અથવા વાંઝિયા માબાપને ક્યાં પુત્ર મરણની પોક મૂકવી પડે છે ?

સગર ચક્રવર્તીને એકી સાથે ૬૦ હજાર પુત્રો મરી ગયાના સમાચાર આવ્યા, ક્ષણવાર શોકનો આઘાત લાગ્યો, પરંતુ દેવની દરમ્યાનગિરિથી સમજાઈ ગયું કે,

**પુત્રમરણ પર સગરની વૈરાગ્ય વિચારણા :-**

'પુત્રોનાં સંયોગને મેં બહુ ઈષ્ટ કરીને માન્યો હતો, તેથી જ હવે આ પુત્રોને વિયોગ થતાં દુઃખ થાય છે. એટલે દુઃખ વાસ્તવમાં પુત્ર વિયોગના હિસાબે નહિ, પરંતુ મૂળ સંયોગના હિસાબે જ, યા સંયોગ સારો સુખદાયી માન્યા હિસાબે જ થયું



ગણાય. ઈષ્ટ સંયોગમાં સુખ એ મારી ભ્રાન્તિ જ હતી. કોના એ છોકરા ? અને હું કોણ એનો બાપ !' એમ કરી ઈષ્ટ સંયોગનું સુખ મનમાથી કાઢી નાખ્યું તો મન પરથી વિયોગનું દુઃખ ઊતરી ગયું, ઊલટું આવા દેવકુંવર જેવા કનૈયાઓને પણ અચાનક મોત આવે ! એવો આ સંસાર ભયાનક છે ! એમ કરીને સંસાર ઉપર વૈરાગ્ય વધી ગયો.

તરંગવતી ગુમ થવા પાછળ માતા પિતા વગેરેને ભારે દુઃખ થયું છે. એમાં ઈષ્ટ સંયોગને બહુ સુખકર કરીને માન્યો હતો માટે જ એ દુઃખ થયું છે એટલે જ આ પરથી શીખવા મળે છે કે ધર્માત્મા તરીકનું શુદ્ધ જીવન જીવવું હોય તો ઈષ્ટ પુત્રાદિના સંયોગને એવો લેખવો જોઈએ કે

'ઘરમાં આ એક મહેમાન આવ્યો છે. એ કેટલો રહે, અને ક્યારે ઊઠીને ચાલ્યો જાય, એનો કોઈ ભરોસો નહિ.' આવો ભાવ મનમાં સતત કેળવવો જોઈએ. એ કેળવવો હોય તો ઈષ્ટ સગું મરી જતાં એવું દુઃખ થાય નહીં. મહેમાન ગમે ત્યારે ચાલી જાય એના પર કોણ રોવા બેસે છે !

**પુત્રને મહેમાન માનતા છોટાભાઈ :-**

અમદાવાદમાં છોટાભાઈ સંઘવી મોટી પેઢીવાળા, શ્રીમંત અને સંઘના એક આગેવાન. તે વ્યાખ્યાનમાં નિયમિત વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં પહોંચી જનારા ! તે એક દિવસ જરા મોડા પહોંચ્યા. વ્યાખ્યાન પૂરું થયું પછી એ વ્યાખ્યાતા સાધુ મહારાજા પાસે આવ્યા, મહારાજે સહેજ હસીને પૂછ્યું કેમ છોટાભાઈ ? આજે કાંઈક મોડા ? શેઠ કહે, હાજી સાહેબ ! આ આજે જરાક મહેમાનને વળાવવા ગયો હતો, તેથી જરાક મોડું થયું. મહારાજા તો સમજ્યા કે મોટા વેપારી છે એટલે કોઈક એવો મોટો વેપારી કે આડતિઓ ઘેર આવ્યો હશે, એને પાછો જતાં વળાવવા જવું પડ્યું હશે. પરંતુ મહારાજે 'એવો કોણ મહેમાન હતો તે માણસ મૂકવા ન જતાં, તમારે પોતાને જવું પડ્યું ?' એવી કાંઈ પૂછપરછ કરી નહીં; કેમકે સાધુને એવી કથા કરવાની હોય નહીં.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૪,અંક-૩૩,તા.૩-૫-૧૯૮૬**

**સાધુ તો સંસારિક કથલામાં પડે નહીં તો જ સાધુતાના ભાવ અખંડ ટકાવી શકે.**

કથલામાં પડે, તો એ ગમનાગમન વગેરે અસંયમની પ્રવૃત્તિ, ખોટી આતુરતા-જિજ્ઞાસા, અને એની પાછળ રાગદ્વેષ વગેરે ઊભા થાય; એ બધો સ્પષ્ટ અસંયમભાવ

છે. એમાં સાધુનો સંયમભાવ અખંડ ન રહે, પણ ખંડિત થાય, એટલે અહીં વ્યાખ્યાતા સાધુએ તો આગળ કંઈ પૂછપરછ કરી નહીં, પણ પાસે ઊભેલા એકબીજા ભાઈએ મહારાજને આનો ખુલાસો કર્યો કે 'સાહેબજી ! આ 'મહેમાન એટલે બહારનો કોઈ માણસ નહિ પણ એમનો પોતાનો પેઢી ચલાવનારો મોટો દીકરો ! થોડાક જ દિવસનાં તાવમાં એ ગુજરી ગયો !' તે વળી યુવાન વહુને વિધવા બનાવી ગુજરી જનારો વહાલો પુત્ર ! એના મૃત્યુ પર શેઠ સમજી રહ્યા છે કે 'ઘરે મહેમાન આવ્યો હતો તે ચાલતો થયો !' સાધુ મહારાજ શેઠની આ તત્ત્વદૃષ્ટિ પર ઓવારી ગયા કે કેવો આ ઊંચો ધર્માત્મા ! અસ્તુ.

દાસી સારસિકાએ શેઠ આગળ સવારે ભેદ ખોલ્યો કે 'તરંગવતીને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું, તેથી ચિત્રપટ્ટ દ્વારા એના પૂર્વનાં પ્રિયને અહીં મેળવી એની સાથે રાતના પલાયન થઈ ગયેલી.'

**પ્ર.**- આ વાત પર શેઠ કેમ ગુસ્સે થઈ ગયા ? કેમ મનથી માંડવાળ ન કરી કે સહજ છે કે મેં એના પ્રિયનો સંબંધ ન બાંધી આપ્યો, એટલે એ ભાગી જાય ?

**ઉ.**- માંડવાળ ન કરવાનું કારણ શેઠ સમજે છે કે 'આ નાનડિયા ગમે તેવાને પ્રિય કરી બેસે, પણ પછી એમાં એને પાછળથી જીવનભરના કલેશ-સંતાપ ઊભા થાય; વળી આ પ્રિય તો સાર્થવાહપુત્ર એટલે વારંવાર પરદેશ લાંબી ખેપે જાય, એમાં દીકરીને ટેમ્પરરી રંડાપા જેવું બનતું રહે, તેથી કલેશ સંતાપ થયા કરે. એવું ન થાય માટે મોટેરાની ફરજ છે કે નાનડિયાને આંધળિયા કરતા અટકાવવા જોઈએ.' આમ એમના ભાવી જીવનભરના કલેશ-સંતાપથી બચાવી લેવાનો શેઠનો પવિત્ર આશય હોય, ત્યાં એ નાનડિયાનો આપમતિનો ઉદ્ધત વ્યવહાર દેખે તો સહેજે ગુસ્સો થાય.

**પ્ર.**- તો પછી પાછળથી કેમ એમણે ગુસ્સો ભૂલી જઈ પોતાની જાત પર સંતાપ કરવા માંડ્યો કે 'હાય ! મેં એનાં પ્રિય પદ્મદેવને વેરે કન્યા આપવાની ક્યાં ના પાડી ?'

**ઉ.**- ગુસ્સો ભૂલવાનું કારણ, સારસિકાએ પછીથી જ્યારે ખુલાસો કર્યો કે 'આમ તો તરંગવતી, શેઠે કન્યા દેવાની ના પાડ્યા પછી, આપઘાત કરવા તૈયાર થઈ ગઈ હતી, પરંતુ એના પ્રિયનો સમાગમ કરાવી આપવાના મારા પ્રયત્ન માત્રથી જ એ જીવતી બચી ગઈ,' ત્યારે શેઠને તરંગવતી અને પદ્મદેવનો આટલો બધો પૂર્વથી ચાલ્યો આવતો ગાઢ પ્રેમ જાણવા મળ્યો ! એટલે પછી સ્વાભાવિક લાગ્યું કે 'એને તોડવાનો દુરાગ્રહ ન રાખવો જોઈએ ! એટલે જ સમજી શેઠ હવે



ગુસ્સો ભૂલીને જાતના અકાર્ય પર સંતાપ કરે છે. એમાં વળી શેઠાણીનો લાડકી પુત્રીના વિયોગ પર કલ્પાંત દેખ્યો તેથી શેઠ વધારે ગદ્ગદ થઈ જઈ, તરત જ એ બંનેની ભાળ લગાડી એમને ઘરે લાવી ધામધૂમથી એમના લગ્ન કરાવી આપવાનું મનમાં ધારી લે છે.

**સંસારની ક્રૂરતા :-**

અહીં માતાએ જે કલ્પાંત માંડ્યો હતો અને જનસમાજ સહિત બધાને રોતા કરી મૂક્યા હતા, એ પણ માતાનો કલ્પાંત-પ્રસંગ સંસારની જીવો પરની એક મહાન ક્રૂરતા બતાવે છે. શું સંસાર ક્રૂર ? હા, અવશ્ય ક્રૂર. જે સંસાર એકવાર જીવોને હસતા ખીલતા કરનારો હોય છે, એજ સંસાર વિચિત્ર ઘટના ઊભી કરીને જીવો પાસે કારમા આક્રંદ રૂદન અને હૈયાં બાળતા ભારે શોક-સંતાપ કરાવે છે; જીવો પર સંસારની આ ક્રૂરતા નહીં તો બીજું શું છે ? એટલા જ માટે,

**સંસારની ક્રૂરતા દેખીને સુબુદ્ધ ભવ્યાત્માઓ વેળાસર સંસારમાંથી ઊભગી જઈને ધર્મ-મહારાજાનું શરણું લે છે, ક્રૂર અને નપાવટ સંસારનો ત્યાગ કરીને ચારિત્રનાં પ્રભુનાં પંથે નીકળી પડે છે,**

નિર્મળ ચારિત્રની આરાધના કરીને અંતે અનંત દુઃખમય સંસારથી મુક્ત થઈ અનંત સુખમય શાશ્વતા સિદ્ધિ પદને પ્રાપ્ત કરે છે.

આ વિહંગાવલોકન શાનું ?

શેઠે તરંગવતીને શોધી લાવવા ચારે બાજુ માણસો મોકલેલા, એમાં કુલ્માષહસ્તિ નામના માણસને તરંગવતી-પદ્મદેવ મળી આવ્યા, એ એમને નગરમાં લઈ આવ્યો. શેઠે તરંગવતી આગળ પોતાનો પસ્તાવો જાહેર કર્યો, અને ધામધૂમથી બંનેના લગ્ન કરી આપ્યા. હવે બંને શાંતિથી રહે છે. એમાં તરંગવતીએ સારસિકાને પોતાના નીકળી ગયા પછી શું શું બની ગયું એ પૂછ્યું હતું, અને સારસિકાએ બધો અહેવાલ આપ્યો, એનાં પર આપણે આ વિહંગાવલોકન કર્યું.

હવે તરંગવતી સાધ્વીજી પેલી શેઠાણીને કહી રહ્યા છે કે 'ગૃહિણી ! એક સુંદર હવેલીમાં હું મારા પ્રિયતમ પદ્મદેવની સાથે પૂર્વનાં ચક્રવાક-ચક્રવાકીની જેમ સુખ-વિલાસમાં સમય પસાર કરી રહી હતી, એમાં કોણ જાણે અમને બંનેને એટલો બધો રાગ હતો, કે અમે એકબીજાને છોડી શકતા નહીં; ને નાટક વગેરે જોતાં અમે સુખપૂર્વક રહેતા હતા. એટલામાં શરદ ઋતુ, શિશિર ઋતુ, ને હેમંત ઋતુ, ક્યાં વીતી ગઈ એની ખબર પડી નહીં. ખરે જ ! સુખના ને દુઃખના દહાડામાં કેટલો બધ ફરક છે ! ક્યાં પેલા ચોરપલ્લીનાં મહાદુઃખના ૩ દિવસ પસાર કરતાં દિવસ

મોટો મહિના જેવો લાગતો ? ને ક્યાં સુખનાં ૩ મહિના ૩ દિવસની જેમ પસાર થઈ ગયા ?

દેવતાઓને સુખનાં હજારો વર્ષ પસાર થતાં જાણે 'હજી તો એક જ દિવસ પસાર થયો !' એમ લાગે છે ! ત્યારે નરકના જીવોને બિચારાને ક્ષણે ક્ષણે અતિ વેદનામાં રિબાતાં એક દિવસ પણ પસાર કરવો હજાર વર્ષ જેવો લાગે છે !

**સાધર્મિક ઉદ્ધાર સહેલો :-**

શેઠિયા માણસ આમ સુખમાં વર્ષ પસાર કરતી વખતે, જો 'ગરીબ દુઃખી સાધર્મિકો આજે દુઃખનાં દહાડા કેમ પસાર કરતા હશે ? એક એક દિવસ એમને કેટલો લાંબો લાગતો હશે !' એનો વિચાર કરે, અને સાધર્મિક ભક્તિ તો પછી, પણ માનવદયા ભર્યું હૈયું કરે, તો સાધર્મિકના આજે ઉદ્ધાર કાંઈ જ કઠિન નથી. એક એક શ્રીમંતનાં માત્ર ખાનપાનનાં ખર્ચ એટલા મોટા છે કે એમાં ૩/૪ સાધર્મિકનો ખુશીથી અનાજ પાણી દ્વારા ઉદ્ધાર સહેલાઈથી કરી શકે. બાકી ગાડીઓ અને મોજશોખ વગેરેનાં ખરચામાંથી થોડુંક ઓછું કરે, યા એમાં ૧૦/૨૦ ટકામાં ૪/૫ સાધર્મિકનો ઉદ્ધાર સહેલાઈથી કરી શકે; અને પોતાને કશી ખોટ આવે નહીં.

મૂળમાં, આપણે સુખમાં સમય આનંદ મંગળમાં પસાર કરીએ છીએ, પરંતુ આજે દુઃખિયારા સાધર્મિકને દુઃખમાં થોડો પણ સમય પસાર કરવો કેટલો કઠિન છે, એની હૈયા ઉપર કાતિલ અસર પડતી નથી ! એ અસર પડવી જોઈએ. તરંગવતી સાધ્વીજી આગળ કહી રહ્યા છે કે,

**તરંગવતીને મહામુનિનો ભેટો**

અમારે સુખના મહિના જ નહિ, વરસો ઝટપટ પસાર થતા હતા, બાર વરસ નીકળી ગયા, એમાં એક વાર વસંત ઋતુ આવી. અમે બહાર ઉદ્યાનમાં ફરવા માટે નીકળ્યા. ત્યાં એક શિલા ઉપર એક મહાત્મા મુનિ ધ્યાનમાં બિરાજમાન જોયા ! તરત જ દૂરથી વિનયપૂર્વક કાયા નમાવીને અમે નમસ્કાર કર્યો, અને વસંતની શોભા જોવામાંથી મન ઉઠાવી લઈ 'જાણે આ સંયમનાં ગુણોનું નિધાન છે ! એ રીતે એમને જોઈને અમે ખૂબ જ પ્રસન્ન થઈ ગયા ! મુનિરાજને ધર્મ અને ગુણોનાં ખજાના સમાન, માયા-મદ-મોહ વગેરે દોષોથી તદ્દન રહિત બનેલાં, અને નિસ્સંગ,-નિરભિષ્વંગ-અનાસક્ત ધ્યાનમાં રહેલા જોઈ, અમે એમની પાસે ગયા, અને હાથની અંજલિ જોડી વિનયપૂર્વક ખૂબ ભક્તિથી જમીન પર પડી એમને વંદન કર્યું. એ કરતાં અતિહર્ષથી અમારી રોમરાજી ખડી થઈ ગઈ ! અમે 'આપને વિહાર તથા સંયમ-યાત્રા નિર્વિઘ્ને સુખરૂપ પ્રવર્તે છે ને ?' એમ સુખશાતા પૂછી. ત્યાં કોણ જાણે મહાત્માની અમારા ઉપર કેવી મહેર વરસી ! કે મહાત્માએ અમને



કંઈક કહેવા માટે ધ્યાન પાર્યું.

**મહાત્મા કેમ વાતમાં ન પડે ? :-** નહીંતર પોતાની અતિકિંમતી ધ્યાનાદિ-સાધનામાં એકતાન બનેલા આવા મહાત્માને આપણી શી પડી હોય કે પોતાનો ધ્યાન-સ્વાધ્યાય મૂકીને આપણી સામે ય જુએ ? કેમકે એમણે જાતે જ સર્વસંગનો ત્યાગ કર્યો હોવાથી આપણી પાસેથી કોઈ વાતની અપેક્ષા-આશંસા-અભિલાષા એમને હોતી નથી, પછી શું કામ આપણી પાછળ વ્યર્થ સમય બગાડે ? એ તો આપણો જ મહાન પુણ્યોદય સમજવો કે આવા નિસ્સંગ નિસ્પૃહી મહાત્મા આપણી સામે પણ જુએ ! અને આપણને ધર્મબોધ આપે ! મફત ખાઉ માણસોને મહાત્માની કિંમત નથી હોતી એટલે જ જાણે એમજ સમજે છે કે 'સાધુ એટલે નવરા. એમને કશું કામકાજ નહીં; તેથી ફાવે ત્યારે સંસારનાં કામોથી આપણે કંટાળ્યા હોઈએ ત્યારે સાધુ પાસે જઈ વાત વિસામો કરી શકાય, લોકની પંચાતી કૂટી શકાય, વિકથા-પાપકથા કરી શકાય. ત્યાગી સાધુ સાથે વાત વિસામો ? ઘરબારીને કામ ઘણા ! અને સાધુ મહારાજને જાણે કશું કામ જ નહીં ! એટલે જાણે નવરા ધૂપ ! તેથી એમની પાસે આપણી સગવડે ગમે ત્યારે જઈ એમને વાતોમાં પાડી ફજુલ વાતોમાં ફાવે એટલે બગાડી શકીએ !'- આ હૈયા-શૂન્ય માણસોનું મંતવ્ય હોય છે. એમને ખબર નથી કે 'સાધુ મહારાજને પહેલા નંબરમાં એટલા બધા ભરચક શાસ્ત્રોના સ્વાધ્યાય અને સૂત્રોના અર્થ-ભાવાર્થ પર ચિંતન તથા મનનનું ઘણું મોટું કામ છે ! જેના માટે માત્ર દિવસો મહિના જ નહીં, પણ વર્ષો ઓછા છે ! એમને એ કામ ખૂટે જ નહીં.'

**મહાત્માને મોક્ષોપાય પૂછે છે :-**

મહાત્માએ ધ્યાન પાર્યું. અમને જન્મ મરણની જંજાળ તોડનારો, તથા સર્વ દુઃખનો નાશક એવો 'ધર્મલાભ' આપ્યો. અમને મહાત્માને વિનંતિ કરી, 'પ્રભુ ! સંસારનાં જન્મ-મરણાદિનાં ભયંકર સમસ્ત દુઃખોથી જીવનો છુટકારો કેમ થાય ? મોક્ષમાં સર્વ પ્રકારનાં વિષયસુખોનો અભાવ છે, તેથી જ એમાં અનુપમ સુખ છે. તો એવો મોક્ષ કેમ મળે ?' આમ સવાલ કરીને અમે મસ્તકથી વંદના કરતાં અમે ધરતી પર એમની સામે નીચે બેઠા.

મહાત્માજી અમને કહે છે કે 'જુઓ મહાનુભાવ ! તમે સંસાર જન્મ-મરણાદિ ભયંકર દુઃખોથી ભરેલો છે એ સમજ્યા છો એ તમારી વડાઈ છે. પરંતુ એમ વિષય-સુખોમાં નિશ્ચય નયથી લેશ પણ સુખ નથી, એ સાથે સમજી લેવાનું છે.

**પ્ર.-** તો પ્રભુ ! સંસારમાં તો મનગમતા વિષયો ભોગવતાં સુખનો અનુભવ થાય છે એનું કેમ ?

ઉ.- એ સુખનો અનુભવ ઝાંઝવાનાં નીરના અનુભવ જેવો છે, ખરજવાની ખણજના સુખના અનુભવ જેવો છે. અહીંના અતિ અલ્પકાળનાં વિષયસુખની સામે પછી દુર્ગતિનાં ઊભા થતાં હજારો-લાખો-ક્રોડો વર્ષનાં કારમા દુઃખોની અપેક્ષાએ જો વિચારો, તો એ વિષયસુખ સુખ જ ન લાગે. માત્ર એ સુખો તો સુખરૂપ નહિ; કિન્તુ ઈષ્ટ વિષયો અને સગાં-સ્નેહી એ કોઈ સુખરૂપ ન લાગે. મ્લેચ્છનાં બોકડાને જ્યારે અંગ અંગ કાપવા બેસે, ત્યારે એ બોકડાને પહેલાં ખવરાવેલ ફળ-મેવા વગેરે ભરચક માલમલીદા આપનાર એ મ્લેચ્છ અત્યારે ખરેખર મહાદુઃખરૂપ દેખાય છે ! તેમજ એ ફળ મેવાના માલ-મલીદા પણ 'બળ્યા એ ગોઝારા ફળ મેવા ! કે એની પાછળ આ ક્રૂરપણે રહેંસાઈ જવાનાં ને અંગેઅંગ જીવતા જીવે કપાઈ જવાના ભયંકર ગોઝારા ત્રાસ આવ્યા !' તાત્પર્ય, એ માલમલીદા હવે મહાદુઃખો લાગે છે.''

મહાત્મા જ્યાં અમૃત-રસાયણ જેવાં મનોહર બોલ બોલી રહ્યા હતા ત્યાં, તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે કે અમને એટલો બધો આનંદ આવ્યો કે લાગ્યું કે જાણે અમૃતનો મેઘ વરસી રહ્યો છે !

મહાત્માજી આગળ ચલાવે છે કે, 'જિનેશ્વર ભગવંતોએ જે બંધ-મોક્ષ અને એનાં કારણો બતાવ્યા છે, એ બંધ અને મોક્ષ તથા એનાં કારણો પણ પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન અને શબ્દ એ ચાર પ્રમાણથી સિદ્ધ છે. એમાં

## • ૪ પ્રમાણનું સ્વરૂપ •

**(૧) પ્રત્યક્ષ પ્રમાણ :-**

જે દ્રવ્ય, ઈન્દ્રિયથી ગ્રાહ્ય રૂપરસાદિ ગુણવાળું હોય તે દ્રવ્ય પ્રત્યક્ષ-પ્રમાણથી સિદ્ધ થાય છે. પરંતુ એ દ્રવ્ય આત્મહિતની દૃષ્ટિએ ગુણવાળું પણ હોઈ શકે છે, અને દોષવાળું પણ હોઈ શકે છે. દા.ત. વીતરાગ ભગવાનની મૂર્તિ હજારો લાખો વર્ષથી મનાતી-પૂજાતી આવી હોય છે, એ પ્રત્યક્ષ સિદ્ધ દ્રવ્ય છે; અને એનાં દર્શન-નમન-પૂજનથી આત્મામાં પ્રશસ્ત-શુભ અધ્યવસાયરૂપી ગુણ ઊભા થાય છે, ને દોષરૂપી કષાયોની શાંતિ થાય છે. આ જિનમૂર્તિ એ આત્માની દૃષ્ટિએ **'ગુણયુક્ત'** દ્રવ્ય કહેવાય. એની સામે, કોઈ સ્ત્રીનું ચિત્ર જોતાં જ કામરાગ ઊભો થાય; માટે એ **'દોષયુક્ત'** દ્રવ્ય કહેવાય. એટલા જ માટે, જેમ સ્ત્રીદર્શન એ દોષકારી છે, તેમ સ્ત્રી-ચિત્રનું દર્શન પણ દોષકારી છે. આની સામે વીતરાગની મૂર્તિનું દર્શન ગુણકારી હોવાથી જિનમૂર્તિને અમાન્ય-અપૂજનીય કહેવી એ કેટલું બધું ઘોર અજ્ઞાનનું અંધારું છે.



(૨) **અનુમાન પ્રમાણ** ત્યાં લાગે છે કે જ્યાં દ્રવ્ય કે દ્રવ્યનાં ગુણ પરોક્ષ છે, પ્રત્યક્ષ-સિદ્ધ નથી; અર્થાત્ ચક્ષુ આદિ ઈન્દ્રિયથી એ સીધા જાણી શકાતા નથી; પરંતુ એ દ્રવ્યની સાથે સંબંધવાળી વસ્તુ જો પ્રત્યક્ષ હોય છે, અને એના પરથી એ અપ્રત્યક્ષ દ્રવ્યને જાણી શકાતું હોય છે; તો એના પરથી એ જણાય એ અનુમાન પ્રમાણથી જાણ્યું કહેવાય. આમાં પ્રત્યક્ષ દ્રવ્યને ઈન્દ્રિયથી જાણી શકાતું હોય છે. એમાં પ્રત્યક્ષ-સિદ્ધ લિંગ કે હેતુ પરથી અપ્રત્યક્ષ યાને પરોક્ષ વસ્તુ અનુમેય બની, અનુમાનગમ્ય બની કહેવાય. દા.ત. કોઈ મકાનની અંદરના ભાગમાં ચૂલામાં અગ્નિ સળગતો હોય, અને બહાર એનો ધુમાડો આવતો હોય, ત્યાં આપણને બહાર રસ્તા પરથી જો કે અંદરનો અગ્નિ પ્રત્યક્ષ જોઈ શકાતો નથી, છતાં બહાર આવતો ધુમાડો પ્રત્યક્ષ દેખાય છે; ને એ ધુમાડો જોઈને એના પરથી 'અંદરમાં અગ્નિ છે' એવું અનુમાનથી જાણી શકાય છે. કારણ કે આ પહેલેથી રસોડા વગેરેમાં જોયું છે એટલે એ ખબર છે, કે 'જ્યાં જ્યાં ધુમાડો હોય, ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય. અર્થાત્ ધુમાડો અને અગ્નિથી વ્યાપ્તિનું જ્ઞાન છે, તેથી ધુમાડો દેખી અગ્નિની કલ્પના યાને અનુમાન કરી શકાય છે. જગતના કેટલાય વ્યવહાર આવા ચાલે છે. કે વસ્તુ સામે પ્રત્યક્ષ ન થતી હોય તો પણ, એની સાથે વ્યાપ્તિ-સંબંધથી સંબંધિત વસ્તુને પ્રત્યક્ષ જોઈને તે પરથી અ-પ્રત્યક્ષ વસ્તુનું ચોક્કસપણે જ્ઞાન થાય છે. પરદેશથી દીકરાનાં હાથનો લખેલો કાગળ મલતાં મા-બાપને ચોક્કસ નિર્ણય થાય છે કે 'પરદેશમાં દીકરો મારો સલામત છે.'

**અક્કલ પ્રત્યક્ષ દેખાય છે ? :-**

સ્વામી વિવેકાનંદ પરદેશમાં ભાષણ આપતા હતા, ત્યાં એક જણ બોલ્યા, 'આ તમે પૂર્વ દેશનાં લોકો શું અક્કલ વિનાની વાતો કરો છો કે 'શરીરમાં આત્મા છે, આત્મામાં ધર્મ છે, પુણ્ય પાપ છે, વગેરે વગેરે જે પદાર્થ તદ્દન દેખાતા નથી એનાં ગીતડા ગાયા કરો છો ?'

ત્યારે વિવેકાનંદે પૂછ્યું 'તમે આ બોલો છો એ અક્કલ-બુદ્ધિથી બોલો છો કે એમજ ?'

પેલાએ જવાબ કર્યો કે 'વાહ ! શું અક્કલ-બુદ્ધિ વિના બોલતા હોઈશું ? અમે જે બોલીએ છીએ, એ બુદ્ધિ અક્કલ વાપરીને જ બોલીએ છીએ.'

વિવેકાનંદ કહે 'તમારામાં બુદ્ધિ અક્કલ હોય તો દેખાડો એ ક્યાં છે ? જો બુદ્ધિ દેખાતી જ નથી, તો તેથી તમારામાં અક્કલ-બુદ્ધિ છે જ નહીં. 'જે ન દેખાય એ વસ્તુ તમારા મત પ્રમાણે જગતમાં હોય જ નહીં' એ હિસાબ તમે અક્કલ-બુદ્ધિ વિનાના ઠરો છો.'

પેલો માણસ ચૂપ થઈ ગયો, અને સાંભળનારાઓની નજરમાં ભોંઠો પડ્યો !

મુનિ અહીં કહી રહ્યા છે કે અનુમાનથી પણ દ્રવ્યની સાબિતી થાય છે; નિશ્ચિત જ્ઞાન થાય છે. એટલા જ માટે આત્મ-દ્રવ્ય ભલે દેખાતું ન હોય, પરંતુ માણસ બોલે-ચાલે એના પરથી સાબિત થાય છે, અનુમાન થાય છે, કે શરીરમાં આત્મ-દ્રવ્ય છે. એટલે જ માણસનાં શરીરની હીલચાલ યાવત્ શ્વાસગ્રહણ, હૃદય નાડીનાં ધબકારા, બંધ થઈ મરી જાય છે ત્યારે એને બોલાવવા મથતા એનાં સગાંને, ત્યાં બેઠેલા આજુબાજુવાળા કહે છે કે "ભાઈ, હવે બોલાવો એ નકામું છે, કેમકે હવે આ દેહમાંથી જીવ ગયો." જીવ જેવી વસ્તુ જ ન હોય તો આ વચન-પ્રયોગ શી રીતે થાય કે 'જીવ ગયો ?' એમ જાતિસ્મરણ-જ્ઞાનથી પણ જ્યારે પૂર્વ જન્મનું બધું યાદ આવે છે, ત્યારે એ સાબિત થાય છે કે યાદ આવતી વસ્તુનો અનુભવ કરનાર પૂર્વે આપણો આત્મા હતો અને તે અહીં કરનાર પૂર્વે આપણો આત્મા હતો અને તે અહીં ચાલ્યો આવ્યો છે. એટલે જેમ બાળપણનું મોટી ઉંમરે યાદ આવે છે, તેમ કોઈકના આત્માને પૂર્વ જન્મનું અહીં યાદ આવે છે. બાકી અનુભવ કરનાર પૂર્વનો આત્મા નહિ પણ જો માત્ર પૂર્વનું શરીર જ હોય, તો એ શરીર તો ત્યાં જ મૂકી આવ્યો છે. અહીં તો નવું શરીર છે, તેથી પૂર્વ જન્મનું યાદ કેવી રીતે આવે ? આમ ઘણી ઘણી રીતે આત્મા અનુમાનથી સાબિત થાય છે કે યાદ આવતી વસ્તુનો અનુભવ કરનાર પૂર્વે આપણો આત્મા હતો અને તે અહીં ચાલ્યો આવ્યો છે. એટલે જેમ બાળપણનું મોટી ઉંમરે યાદ આવે છે, તેમ કોઈકના આત્માને પૂર્વ જન્મનું અહીં યાદ આવે છે. બાકી અનુભવ કરનાર પૂર્વનો આત્મા નહિ પણ જો માત્ર પૂર્વનું શરીર જ હોય, તો એ શરીર તો ત્યાં જ મૂકી આવ્યો છે. અહીં તો નવું શરીર છે, તેથી પૂર્વ જન્મનું યાદ કેવી રીતે આવે ? આમ ઘણી ઘણી રીતે આત્મા અનુમાનથી સાબિત થાય છે.

(૩) **એમ ઉપમાન પ્રમાણથી** પણ વસ્તુની સાબિતી થાય છે ભલે એ પ્રત્યક્ષ ન દેખાતી હોય.

ઉપમાન પ્રમાણથી પણ વસ્તુ આ રીતે સિદ્ધ થાય છે કે પ્રત્યક્ષમાં દેખાતી સમાન વસ્તુની ઉપમાથી પ્રત્યક્ષ નહીં દેખાતી વસ્તુનું ભાન થાય તે ઉપમાન પ્રમાણ કહેવાય. દા.ત. જંગલમાં રહેલા ગવય નામના પ્રાણીને જેણે જોયું નથી, એને એમ કહેવામાં આવે કે 'જંગલમાં ગવય નામનું પ્રાણી હોય છે, અને એ ગાય જેવું હોય છે;' તો એ સાંભળનારને પછીથી જ્યારે જંગલમાં જવાનું થાય, અને ત્યાં ગવયને જુએ, એટલે એનાં મનને એમ થાય છે કે, 'આ ગાય જેવું છે;' અને પેલું વાક્ય એને યાદ આવે છે કે 'ગાય જેવું ગવય હોય છે;' તેથી એનાં મનમાં



નક્કી થાય છે કે 'આ ગવય છે.' તો આ ગવયની ઓળખ, ગવયનો બોધ થયો, તે ઉપમાન પ્રમાણથી થયો કહેવાય.

**એજ રીતે ઉપમાન પ્રમાણથી આત્માને ઓળખી શકાય.** દા.ત. શરીરમાં ભૂતના પ્રવેશવાળો માણસ વિલક્ષણ ચેષ્ટા કરે છે. એથી અનુમાનથી એમ નક્કી થાય છે કે 'આ શરીરમાં કોઈ ભૂત પેઠું છે, ને એની જ આ બધી બોલ ચાલ છે' આ ઉપમા માટે દૃષ્ટાંત થયું. એ પરથી હવે ઉપમાન પ્રમાણ લગાવીને એમ સમજાવી શકાય કે

**જેમ શરીરમાં દેખાતી વિલક્ષણ બોલચાલ અંદરમાં થયેલ ભૂતના પ્રવેશથી કહેવાય છે, તેમ ચાલુ જીવતા શરીરમાં પણ એ સ્વેચ્છાએ ચાલતાં ભાષણ યા મનમાની પ્રવૃત્તિઓ પણ અંદરમાં ભૂતની જેમ પેઠેલા જુદા કોઈક આત્મદ્રવ્યના હિસાબે જ છે.**

કેમકે માણસનાં શરીરમાંથી જેમ ભૂતનાં નીકળી ગયા પછી તેવી વિલક્ષણ બોલચાલ દેખાતી નથી; એવી રીતે માણસ મરી ગયા પછી, અર્થાત્ શરીરમાંથી એવી રીતે માણસ મરી ગયા પછી, અર્થાત્ શરીરમાંથી એ સ્વતંત્ર આત્મા નીકળી ગયા પછી, મૃત શરીરમાં એવા મનમાન્યા ભાષણ યા પ્રવૃત્તિ થતી નથી, અને દેખાતી પણ નથી. આમ ઉપમાન-પ્રમાણથી આત્મ-દ્રવ્ય સાબિત થાય છે;

આગળ મુનિ કહે છે કે 'વળી જુઓ બંધ અને મોક્ષ તત્ત્વ જાણવા માટે **મુખ્ય તો આગમ પ્રમાણ છે.**

આ આગમ પ્રમાણ એ પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન પ્રમાણ પછી ચોથું પ્રમાણ છે. એને **'શબ્દ-પ્રમાણ' 'શ્રુત-પ્રમાણ'** પણ કહે છે. શબ્દ-પ્રમાણ એ આગમ-પ્રમાણ છે. એનાથી પણ કેટલાય અપ્રત્યક્ષ યાને પરોક્ષ વસ્તુઓનો બોધ થાય છે. સર્વજ્ઞ શ્રી જિનેશ્વરદેવોનો ઉપદેશ આ આગમ-શાસ્ત્રોમાં અંકિત થયેલો છે. અતીન્દ્રિય યાને અ-પ્રત્યક્ષ પદાર્થોને ઓળખાવનારો એ ઉપદેશ અતીન્દ્રિય પદાર્થોના થોકથી ભર્યો પડ્યો છે. આપણને એ પદાર્થો પ્રત્યક્ષ દેખાતા નથી, છતાં સર્વજ્ઞ જિનેશ્વર ભગવાન એ પદાર્થોને પ્રત્યક્ષ જુએ છે, અને પ્રત્યક્ષ જોયા પ્રમાણે જગતને એનો ઉપદેશ કરે છે. તેથી એ ઉપદેશમાં આગમ-શાસ્ત્રોનું જ્ઞાન મેળવીને અર્થાત્ 'શ્રુતજ્ઞાન' મેળવીને આપણને એ પદાર્થોનો બોધ થાય છે. એ આપણે આગમ-પ્રમાણથી જાણ્યા કહેવાય. દા.ત.

જૂઠ બોલીએ તો આત્મા પર પાપકર્મ ચોંટે. આ કાંઈ આપણે એ સૂક્ષ્મ કર્મને પ્રત્યક્ષ જોઈ શકતા નથી કે કેવાં ને કેટલા ચોંટ્યાં ? પરંતુ શાસ્ત્રબોધથી આપણે જાણી શકીએ છીએ કે અસત્ય બોલવાથી આત્મા પર પાપકર્મ ચોંટે છે.

એવી જ રીતે શાસ્ત્ર બતાવે છે કે અમુક પ્રાયશ્ચિત્ત કરો તો એ જૂઠનાં બંધાયેલા કર્મો નાશ પામે છે. આ વસ્તુ પણ સર્વજ્ઞ ભગવંતોએ પ્રત્યક્ષ જોઈ છે કે એવા પ્રાયશ્ચિત્તથી પાપકર્મ આત્મા પરથી ઊખડી જાય છે. એ એમનાં ઉપદેશથી આગમમાં લખાયું તે ગુરુએ શ્રુતજ્ઞાનથી જાણ્યું અને ગુરુ આપણને એ પ્રમાણે જાણીને પ્રાયશ્ચિત્ત આપે છે. આ બધું શ્રુતજ્ઞાન યાને આગમ-પ્રમાણથી જણાયું.

આમ પ્રત્યક્ષ નહીં દેખાતા ઢગલાબંધ પદાર્થો આગમ-શાસ્ત્ર ઓળખાવે છે. માટે તેનો આગમના આધારે નિશ્ચિત બોધ થાય છે; અને તે પરોક્ષ પદાર્થો સર્વજ્ઞ ભગવાનોનાં કહેલા હોવાથી, એ આગમ-વચન પ્રામાણિક યાને પ્રમાણભૂત મનાય છે.

ત્યારે એ પ્રમાણવચન બોલનાર વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવંતો ફરમાવે છે કે

'આ સંસારમાં જેમ અનાદિકાળથી જડ-અચેતન પદાર્થો અસ્તિત્વમાં છે, તેમ અનાદિકાળથી ચૈતન્ય ગુણ ધરનાર ચેતન-આત્મા પણ અસ્તિત્વ ધરાવે છે, અને તે કદીયે સર્વથા નાશ પામનારો નથી. માટે એને **'અનાદિ-નિધન'** કહેવાય છે, અર્થાત્ જેનો આદિ નથી, નિધન અર્થાત્ નાશ નથી. 'આદિ' એટલે કે પ્રારંભ નથી અને 'નિધન' એટલે કે નાશ નથી એવો ત્રિકાલ શાશ્વત પદાર્થ છે. શરીરમાં એ સ્વતંત્ર ચેતનદ્રવ્ય-આત્મદ્રવ્યના સંયોગથી જ ચૈતન્ય દેખાય છે.

**સ્વતંત્ર આત્મદ્રવ્યની સાબિતી :-**

આમ તો પંચભૂતના શરીરમાં રૂપ-રસ-ગંધ-સ્પર્શ વગેરે જડ ગુણો હોઈ શકે; પરંતુ જ્ઞાન, ઇચ્છા, સુખ, દુઃખ, વગેરે ન હોઈ શકે. નહિતર મડદામાં પણ એ દેખાવા જોઈએ. એટલે જ જ્ઞાન-ઇચ્છા આદિ શરીરમાં જે દેખાય છે તે એમાં રહેલા ચેતન-આત્માના ઘરના છે, આત્માને આભારી છે; પણ નહિ કે તે જડ શરીરને આભારી. એટલે જ માણસ જ્યારે રસપૂરી જમતો હોય ત્યારે એને સુખાકારિતા આનંદ-મંગળ લાગે છે; પરંતુ જો એજ વખતે એ ભોજનની વચમાં જ સમાચાર સાંભળવા મળ્યા કે 'બહારગામ છોકરાને મોટરનો અકસ્માત્ થયો છે, તો ત્યાં એને ભારે દુઃખ ઉદ્વેગ અને શોક ઊભા થાય છે. પછી ત્યાં કદાચ એજ ભોજન પૂરું કરવું પડે તો પણ એ રસપૂરીનો આનંદ ખત્મ થઈ ગયો હોય છે. અહીં શરીરની દૃષ્ટિએ જોઈએ તો સમાચાર જાણ્યા પછી શરીરનું શું જતું રહ્યું ? કે શરીરને શું નવું અનિષ્ઠ આવ્યું ? કશું જ નહિ. શરીરને તો એ જ મીઠા મીઠા લાગતા રસ-પૂરી પહેલાં જે હતાં, એ જ પુત્રને અકસ્માત્ નડ્યો જાણ્યા પછી ય એનાં એ જ ઊભા છે. રસપુરીમાંથી મિઠાશ નીકળી જઈને કાંઈ કડવાશ નથી



આવી ગઈ; તેમ વચમાં કોઈ રોગ ઊભો થઈને જીભ નથી બગડી ગઈ; યા પેટ નથી ઊઘલાઈ ગયું કે શરીરને અનિષ્ટતા લાગે. વાસ્તવમાં આનંદ-મંગલ અને સુખાકારિતા શરીરનાં ગુણ હતા જ નહીં, કિન્તુ શરીરમાં રહેલા આત્માના ચૈતન્યસ્વરૂપ એ ગુણો હતા. એને સાંભળેલા અનિષ્ટ સમાચારે ધક્કો લગાડી દીધો, એટલે એ આત્માના આનંદાદિ ગુણ હવે લુપ્ત થઈ ગયા, અને આત્મઘરમાં દુઃખ-શોક-પોક ઊભા થઈ ગયા સારાંશ, શરીરમાં જુદું આત્મદ્રવ્ય હોય તો જ આ બધું સંગત થાય.

એજ સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતો ફરમાવે છે કે, આ શાશ્વત આત્માને મૂળ સ્વરૂપમાં વાસ્તવમાં કોઈ યોનિ, ઇન્દ્રિય, કે ઇન્દ્રિયનાં વિષયો છે જ નહીં. આત્મા તો સહજરૂપે માત્ર અનંતજ્ઞાન-અનંતસુખના ગુણવાળો છે; પરંતુ અનાદિકાળથી પૂર્વ પૂર્વનાં કર્મવશ પાપ રમત કરતો રહી, નવા કર્મે બંધાયો સંસારની ૮૪ લાખ યોનિમાં ભટકે છે. તેમજ એકેન્દ્રિય દ્વીન્દ્રિય વગેરે ઇન્દ્રિયવાળો બને છે; અને તે તે ગતિના શરીરમાં રહે છે. મડદું બનેલા જડ શરીરમાં તદ્દન ન હોય એવાં, એટલે કે એ મૃત શરીર જરા પણ ન અનુભવે એવાં, સુખદુઃખનાં વેદન જીવતા શરીરમાં જ અનુભવાય છે, તે માત્ર શરીરને આભારી નહીં, કિન્તુ સ્વતંત્ર આત્મ-દ્રવ્યને આભારી છે. એકલું એજ નહીં, પરંતુ જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ, મનોયોગ, વચનયોગ, કાયયોગ, ઇચ્છા, કલ્પના વગેરે ગુણો પણ શરીરનાં ઘરના નહિ, કિન્તુ આત્માનાં ઘરના છે. માટે જ મરેલા શરીરમાં યાને મડદામાં એમાંનો કશો ગુણ દેખાતો નથી. એ તો બધો સ્વતંત્ર આત્માનો ગુણ-સરંજામ છે. એટલે શરીરમાં જ્યાં સુધી આત્મારામ બેઠા છે, ત્યાં સુધી એ શરીર હસતું ખીલતું, કે રોતું વિલાપ કરતું દેખાય છે. અંદરમાં આત્મા છે ત્યાં સુધી જ શરીરને ભય-ત્રાસ-કંપારો-ઉત્કંઠા હરખ-ખેદ વગેરે લાગણીઓનો અનુભવ થાય છે. તેમજ શરીરમાં બેઠેલા આત્મારામના હિસાબે જ પ્રત્યક્ષદર્શન-ચિંતન-મનન-વિજ્ઞાન ધારણા-બુદ્ધિ-ઊહાપોહ-અક્કલ-મતિ વગેરે અનુભવો પ્રવર્તે છે. હમણાં જો જમરાજ આવીને આત્મારામને ઉપાડી ચાલતો થઈ ગયો. તો એજ વખતે એ શરીરમાં આમાંનું કશું જ દેખાય નહિ ! આમ શરીરમાં સ્વતંત્ર આત્મ-દ્રવ્યની સિદ્ધિ થાય છે, એ આત્મા અતીન્દ્રિય છે, અર્થાત્ આંખેથી દેખાય નહીં, જીભેથી ચખાય નહિ, કાનેથી સંભળાય નહિ, નાકેથી સુંઘાય નહીં, ને સ્પર્શનેન્દ્રિયથી અનુભવી શકાય નહીં. છતાં જિનાગમથી શરીરમાં એ અવશ્ય હોવાનું નિશ્ચિત્તપણે જણાય છે. એટલે જ કોઈ પૂછે કે,

**પ્ર.-** શરીરમાં જેમ જાડાઈ-પહોળાઈ-સૌંદર્ય-રૂપ-કાંતિ-શીતતા-ઉષ્ણતા વગેરે જેમ પ્રત્યક્ષ દેખાય છે, એવો આત્મા દેખાતો નથી, તો એ શરીરમાં હોવાની

સાબિતી શી ? હોવાનું પ્રમાણ શું ?

ઉ.- તો એને કહીએ કે શરીરમાં યોગ-ઉપયોગ-ક્રોધ-માનાદિ કષાયો, સુખ-દુઃખ-વેદન, સારી-નરસી લેશ્યા...વગેરે વગેરે શરીરમાં અનુભવાતા લક્ષણો પરથી અંદરમાં આત્મ-દ્રવ્ય હોવાનું નિશ્ચિત્તપણે સાબિત થાય છે.

**બંધ-મોક્ષનું ટૂકું સ્વરૂપ :-**

મુનિમહાત્મા આગળ કહી રહ્યા છે કે, 'આ આત્મા ઇન્દ્રિયોને મનગમતા રૂપ-રસ-સ્પર્શ...વગેરે ગુણવાળા વિષયોમાં રક્ત બને છે, સારું સારું ખાય, સન્માન-સંગીતના શબ્દ સાંભળે, રમણીઓનાં રૂપાળા અંગોપાંગ જુએ, મીઠા મીઠા સ્પર્શમાં આસક્ત બને એટલે અનેક પ્રકારનાં પાપકર્મો બાંધે છે,' તો જો એ ઇષ્ટ વિષયોનો સ્વેચ્છાએ ત્યાગ કરે, અને તપના ગુણમાં ચડી જાય...ઇત્યાદિ અશુભથી નિવૃત્ત થાય, અને શુભમાં પ્રવૃત્તિવાળો બને; તો શુભ પુણ્યકર્મ ઉપાર્જે છે. મૂળમાં સંસારમાં વિષય-રાગથી વિષયોમાં આસક્ત બનેલો હિંસા-જૂઠ વગેરે ઘોર પાપપ્રવૃત્તિઓ મન-વચન-કાયાથી કરી કરીને કર્મનાં થોકેથોક બાંધી સંસારની ૮૪ લાખ યોનિઓમાં ભટકતો રહે છે. અને એ પાપકર્મોનાં નરક-નિગોદ ગતિ સુધીના દુઃખદ વિપાકો ભોગવે છે. આ મૂળ પાપ 'વિષયરાગ'નું છે તેથી જિનેશ્વર ભગવાનનાં ઉપદેશને હૈયામાં ઉતારીને જે ભવ્યાત્માઓ આત્માનું નિકંદન કાઢનારા એવા ગોઝારા વિષયોથી વૈરાગ્ય પામે છે, એની વિષયો તરફની ભારે ઘૃણાથી પ્રવૃત્તિ શિથિલ બને છે, અને પછી સર્વજ્ઞ જિનેશ્વર ભગવાને ફરમાવેલા દાન-શીલ-તપ-ભાવ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ,...વગેરે ધર્મ-મંગળને જીવનમાં અપનાવે છે. બાંધેલા પાપકર્મથી છૂટકારો થાય છે...યાવત્ પરાકાષ્ઠાએ સર્વથા છૂટકારો થાય છે, એટલે કે જીવનો સંસારથી છૂટી મોક્ષ થાય છે.

આ આત્માનાં બંધ-મોક્ષનું ટૂકું સ્વરૂપ છે.

તરંગવતીનાં પ્રશ્ન ઉપર મુનિએ બંધ-મોક્ષનું સુંદર સ્વરૂપ બતાવ્યું; જેના પર વિચાર કરતાં માણસની પાસે જે બુદ્ધિ-શક્તિ છે, તેનો ઉપયોગ કરે તો પોતાને ખ્યાલ આવી જાય કે 'હું જીવન કેવું જીવી રહ્યો છું ? કર્મ બાંધવાનાં કેટલા ચાલુ છે ? અને કર્મ છોડવાનાં કેટલા ચાલુ ? મુશીબત એ છે કે આ કર્મ એ અદૃશ્ય વસ્તુ છે. જીવને એ દેખાતા નથી. એટલે પાપાચરણ કરતાં કોઈ સંકોચ નથી કે 'મને આટલા બધા આનાથી પાપકર્મ બંધાય છે તો જરાક થોભું.' કેમકે અત્યારે તો વિષયો ને આરંભ સમારંભાદિ પાપોની મનની માનેલી લહેર ઉડાવવામાં ભવિષ્યનો વિચાર નથી, પરંતુ ખબર નથી કે ભવિષ્યમાં આનાથી દમ નીકળી જશે !



**પાપાચરણનો સમય થોડો. પરંતુ પાપોદયનો સમય લાંબો લચક હોય છે.**

## • ભવદેવ-નાગિલા •

એટલે જ જંબુસ્વામીનો જીવ પેલો ભવદેવ હજી હાથે લગ્નનું મીંઢળ છે, ને એને દાક્ષિણ્યમાં લઈ ભાઈમુનિએ એ દીક્ષા લે એવું કર્યું; પરંતુ વખત જતાં તાજી પરણીને મૂકેલી નાગિલા મનમાં આવી તે ખસતી જ નથી. એટલે વિચાર કરે છે કે 'એ બિચારી કેટલી દુઃખી થતી હશે ? મને પરણીને આવી ત્યારે એને સંસારસુખ ભોગનાં કેટલાં બધા કોડ હશે !' અહીં આવા અશુભ ચિંતનના કેવાં ઘોર પાપકર્મ બંધાય છે એ જોવું ભૂલી ગયા, તે નરસી વિચારણામાં ચડતાં ચડતાં એવા નિર્ણય પર આવી ગયા કે 'ભાઈ મહારાજ મોટી ઉંમરના છે, એટલે એમની જ્યારે હાજરી નહીં હોય ત્યારે હું સાધુપણું મૂકી ઘેર જઈ નાગિલાને સુખી કરીશ.'

વાસ્તવમાં આ જ્યારે અહીં બહારથી સાધુપણું પાળતા હતા છતાં અંદરથી ભોગના વિચારોમાં સડી રહ્યા હતા, ત્યારે નાગિલા કેવી ઉત્તમ બાઈ કે એણે મન વાળી દીધું, અને અવળી વિચારસરણીમાં ચડી,

**નાગિલાની ઉત્તમ વિચારણા :-**

"કેવો મને સૌભાગી પતિ મળ્યો કે જેણે મને સમજાવી દીધું કે 'આ સંસારના ગલિચ ભોગોમાં આત્માને રોળી નાખી કેટકેટલાં પાપ કર્મોનાં ઢગના ઢગ આત્મા પર ખડકીશ ? માટે ડાહી થા, એ પશુ-ચેષ્ટામાં ઉત્તમ માનવ-ભવની મહાન બરબાદી વહોરવાનું રહેવા દે, અને આત્મા પર નવાં કર્મોના ઢેર લાદવાને બદલે ત્યાગ-તપસ્યાથી અને જિનભક્તિથી તથા સાધુસેવાથી જનમ જનમમાં બાંધી એકત્રિત કરેલાં કર્મોના ભાર નીચે ઉતારી દે. સહજ છે કે,

**રંગરાગ-ભોગવિલાસથી આત્મા પર કર્મોના ભાર વધે; તો પછી વૈરાગ્ય અને ત્યાગ-તપથી તથા વૈરાગ્યવંતા દેવગુરુની ભક્તિથી કર્મોનાં ભાર નીચે ઊતરે.**

એટલે આવો જૈનશાસન સાથેના મનુષ્ય ભવનો ઉત્તમ અવસર મળ્યો છે, તો આ જ સાધી લે. કર્મબંધ બાંધવાના જનમ ઘણાં, પણ કર્મ-મોક્ષ કરવાનો ખરેખરો જનમ એક માત્ર આર્ય મનુષ્યભવ."

એમ વિચાર કરીને નાગિલાએ તો જીવનમાં ત્યાગ-તપ-જિનભક્તિ વગેરે ખૂબ આદરી દીધું હતું, એટલે એનાં મનને કશો હાયકારો નહોતો કે 'હાય ! મારા પતિએ મારા વિષય અને ભોગ વિલાસનાં સુખને કચડી નાખ્યા !' એને તો આનંદ હતો. આનંદથી ત્યાગ-તપ આદરેલા એમાં એની ચંપકવરણી કાયા શોષાતી જતી હતી, ગોરું ગુલાબીપણું ઝાંખું પડીને કાયા શ્યામ જેવી થતી હતી, છતાં ભોગથી

થતાં કર્મબંધને અટકાવી ત્યાગ-તપથી કર્મોનાં ઝુંડનાં ઝુંડથી મોક્ષ યાને છુટકારો કરવામાં મસ્ત હતી.

જ્યારે, અહીં ભવદેવ મુનિ નાગિલાની ખોટી દયા ખાતા હતા, પણ એ દયા ખાવામાં ખરેખર તો પોતાનાં જ ભોગ-સુખ લૂંટાયા એનાં રોદણાં જ કરી રહ્યા હતા ! નજર સામેથી બંધ અને મોક્ષ ખસી ગયા એટલે હવે તો 'નાગિલા, નાગિલા, ક્યારે નાગિલા મળે' એની માળા ગણી રહ્યા હતા ! તે યાવત્ ભાઈસાધુ ગુજરી જતાં એકલા આવ્યા પોતાનાં ગામે; અને સૂરજ આથમી ગયો હતો એટલે ગામનાં છેડે રહેલી ધર્મશાળામાં ઊતર્યા. 'બસ, હવે કાલ સવારે ઘરે પહોંચી જઈશ. ગોરી ગુલાબી નાગિલાનાં ભોગ સુખમાં મહાલીશ'...એવા તરંગમાં ચડી ગયા છે !

એ તો સારું થયું કે નાગિલાને ખબર પડી કે કોઈક જૈન સાધુ ધર્મશાળે આવીને ઊતર્યા છે, તે દર્શન-વંદન કરવા આવી, અને પોતાના જ પતિમુનિને એકલા જોતાં જ ડઘાઈ ગઈ ! વહેમ પડ્યો કે 'આ સંયમના પરિણામથી પતિત થયા છે કે શું ?' એણે તો પતિમુનિને ઓળખી લીધેલા, પરંતુ પતિમુનિની માનસિક રટણામાં તો ફાલેલી-ફૂલેલી ગોરી ગુલાબી કાયાવાળી નાગિલા હતી; જ્યારે અહીં તો લુક્ખી સુક્કી અને ભુક્ખી દુબળી પડી ગયેલી કાયાવાળી સ્ત્રી દેખાય છે, એટલે એને ઓળખી શક્યા નહીં !

**મુનિ અને નાગિલાનો સંવાદ :-** તેથી એને પૂછે છે કે

'તમે નાગિલાને ઓળખો છો ?'

ત્યારે એણે સામે પૂછ્યું કે 'મહારાજ ! તમારે નાગિલાનું શું કામ છે ?'

તો મુનિ લજ્જા મૂકીને કહે છે કે 'હું નાગિલાનો ધણી થાઉં. મોટાભાઈની શરમે દાક્ષિણ્યમાં તણાઈ મેં દીક્ષા લીધેલી; ત્યારે એ બિચારી કેટલી બધી દુઃખિત થઈ હશે ? અને આટલા વરસ કેવી શોક-સંતાપમાં બળતી હશે ? તો હવે ભાઈ મહારાજ ગુજરી જતાં હું એને સુખી કરવા આવ્યો છું. સાધુપણું મૂકીને એની સાથે સંસાર શરૂ કરીશ. એટલે એના બિચારીનાં શોક-સંતાપ-દુઃખ મટી જશે અને સ્વર્ગનાં આનંદમાં મહાલશે.'

**પતિના પતનવિચાર પર નાગિલાની સાવધાની :-**

નાગિલા આ સાંભળીને ધ્રુજી ઊઠી, એના પેટમાં ધ્રાસકો પડ્યો કે ''હાય ! આ તો અંદરખાને સંયમથી પતિત થઈ ગયા છે, કહે છે કે 'મને નાગિલાની દયા આવે છે તેથી એને સુખી કરવા આવ્યો છું.' પણ ખરેખર તો એ બિચારા પોતે જ ત્યાગી જીવનમાં મનથી દુઃખી થઈ રહ્યા છે, અને ભોગ-સુખ ચાટવાના વિચારવાળા બન્યા છે. હવે જો આ અસત્ ચિંતન વર્ષોથી કરતા આવ્યા હોય, તો



એમ કાંઈ સહેજ, 'ભોગની ઈચ્છા મૂકી ચારિત્રમાં સ્થિર થાય' એવો ઉપદેશમાત્ર કરું, તેથી આ ભાઈસાહેબ એને દિલમાં ધરે નહિ, અને સાધુજીવનમાં પાછા જાય નહીં. માટે આમને તો યુક્તિપૂર્વક એવી લપડાક લગાવવી જોઈએ કે આપમેળે સમજી જાય કે 'હાય ! હું કેટલા બધા નીચા પાટલે ઊતરી ગયો છું ? ચાલ ચાલ પાછો જવા દે, અને સુંદર ચારિત્ર પાળવા દે...' સીધી શિખામણથી આવું કાંઈ એમનાં મનમાં આવે નહીં, એટલે **'આડે લાકડે આડો વેર'** એ ન્યાયથી એમને હું માર્ગે લાવીશ''

મનમાં પ્લાન ગોઠવીને નાગિલા મુનિને કહે છે કે, 'મહારાજ ! હું નાગિલાને ઓળખું છું.'

ત્યારે મુનિ કહે 'તો જાઓને એને બોલાવી લાવોને.'

નાગિલા કહે, 'અત્યારે હવે રાત પડવા આવી છે, તેથી સવાર સુધી ખમી જાઓ. સવારે હું એને તમારી સામે જ બોલાવી લાવીશ. અંધારે બૈરા માણસને અહીં આવતાં શરમ આવે, અને સરખી વાત પણ થાય નહિ.'

મુનિ કહે 'સારું સારું, એ તમે ઠીક કહ્યું. પણ કાલ સવારે એને જરૂર બોલાવી લાવજો હોં. ભૂલતા નહીં.'

નાગિલા ઘરે ગઈ; અફસોસી કરી રહી છે કે, 'અહો ! કર્મનો ભૂકો બોલાવે એવાં સંયમ-જીવન આપવાનો ભાઈ મહારાજે તો કેટલો મોટો ઉપકાર કર્યો ! પરંતુ આ જીવ ક્યાં ઢગલો કર્મ છુટે એના વિચાર વિનાના બની ઢગલો કર્મ બંધાય અને કુળની ખાનદાનીને લાંછન લાગે એવાં પતનનાં વિચાર કરી રહ્યા છે ! પણ મારા પતિમુનિ આવા વિચાર કરી પતન પામે એ તો ન જ થવા દઉં.'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૫,અંક-૨,તા.૧૩-૯-૧૯૮૬**

ખૂબી જુઓ પોતાને પતિ ઘરે આવે છે એનો લેશ માત્ર હરખ કે સંતોષ નથી કિન્તુ પારાવર સંતાપ છે, અને હવે પતિમુનિને ગમે તેમ કરીને બચાવી લઈ સાધુપણામાં પાછા વાળવા ઝંખના કરી રહી છે ! કહેવાય છે ને કે 'બુદ્ધિ કોઈના બાપની છે ?' એનો અર્થ એ કે માણસ બાપના પૈસા-ટકાનો વારસો લઈ શકે છે, પરંતુ બુદ્ધિનો વારસો લઈ શકતો નથી ! એ તો પોતાની જ બુદ્ધિ સન્માર્ગે દોડાવે તો જ એ એમ દોડે ને પોતાનો ઉદ્ધાર થાય, હોશિયારી હોય તો લાલચ લલચામણ સામે આવીને ઊભી હોય છતાં પણ દુર્બુદ્ધિનાં માર્ગે ન દોડાવતાં પોતાની બુદ્ધિ સન્માર્ગે દોડતી રાખી શકે છે. પરંતુ આજે બાપની સદ્બુદ્ધિનો વારસો કોણ લે છે ?

દીકરાનો ઊછેર કરતાં માબાપે તો પોતાના સદાચારની બુદ્ધિ અખંડ રાખી હોય, એનો અમલે ય રાખ્યો હોય, છતાં લાડકા દીકરાને લાડકોડ કરાવવામાં સદ્બુદ્ધિનો વારસો આપવાનું ભૂલી જાય છે, અથવા મોહથી એવાં લાડકોડ ન આપતાં સારી બુદ્ધિ આપી ય હોય, છતાં દીકરો અસત્ મિત્રોનાં રવાડે ચડી જઈ મળેલી સદ્બુદ્ધિને દેશવટો દઈ દે છે અને દુર્બુદ્ધિનાં પંથે ચડી જાય છે. એટલે પિતાનો પૈસાનો વારસો તો જરૂર લેશે, પરંતુ સદ્બુદ્ધિનો વારસો નહિ લે !

સારાંશ, જાતે સમજીને જ કે ગુરુના ઉપદેશથી પોતે સન્માર્ગની બુદ્ધિ ઊભી કરે, તો જ એ ઉન્માર્ગ મૂકી સન્માર્ગે વપરાતી જાય,

**નાગિલાએ શી યુક્તિ કરી ? :-**

નાગિલાએ સંતાપમાં રાત્રિ ગાળી, અને સવારે એક સ્નેહી બ્રાહ્મણીને અને એના નાના છોકરાને મહારાજ પાસે જઈને આગળ શું કરવું તે સમજાવી દે છે. પહેલાં તો નાગિલા બ્રાહ્મણીને લઈને મહારાજ પાસે પહોંચી જાય છે. મહારાજને વંદન કરી સુખશાતા પૂછે છે,

ત્યાં મહારાજ કહે 'કેમ ? નાગિલાને ન લાવ્યા ?'

એ કહે છે કે 'મહારાજ આવતી હશે' એટલામાં બ્રાહ્મણીનો છોકરો આવીને એની માને પૂછે છે કે,

'મા ! મા ! એક જગ્યાએ હું ખીર જમી આવ્યો, દક્ષિણા મળી, પણ હવે બીજેથી નોતરું આવ્યું છે. લાડવા જમવાનાં હશે ! પરંતુ મારું તો પેટ જ ભરાઈ ગયું છે, તેથી મા ! હું એમ કરું ? કે પહેલા ઘરે થાળીમાં ખીર ઓકી કાઢું, અને પછી જમવા જઈ નામનો લાડુ ખાઈ દક્ષિણા લઈ આવું; પછી પાછો ઘરે આવી જાઉં, ને પેલી એકલી ખીર ખાઈ જાઊં, તો મા ! બરાબર છે ?'

બ્રાહ્મણી જવાબ દે એ પહેલાં મહારાજ બોલી ઊઠ્યા-અલ્યા ગાંડા ! ઓકેલી ખીર પાછી ચટાતી હશે ? ઓકેલું ચાટનારી જાત એક કૂતરાની.'

ત્યારે નાગિલા બોલી ઊઠી 'મહારાજ ! એને શું શિખામણ દો છો ? તમે શું કરવા આવ્યા છો ? ઓકી નાખેલી નાગિલા ફરીથી ચાટવા આવ્યા છો ? છોકરાને શિખામણ તમે આપો છો તો તમને શરમ નથી આવતી ? કે દીક્ષા લીધી એટલે નાગિલાના વિષયભોગ તો ઓકી નાખ્યા હતા. હવે કૂતરાની જેમ ફરીથી એ ચાટવા છે ?

"ભાઈ મહારાજે તમને ચારિત્ર આપી કેટલો બધો ઉપકાર કર્યો ! કે ત્રિભુવનનાં રાજ્ય કરતાં તમને અધિક આપ્યું ! કારણ કે ત્રિભુવનનું રાજ્ય કાંઈ કર્મનાં માર ન અટકાવે, રોગ-અકસ્માત્-મૃત્યુ વગેરેને રોકી ન શકે ! તેમજ પરભવમાં



સદ્ગતિ ન પમાડે. પછી મોક્ષે પહોંચાડવાની તો વાત જ ક્યાં ? ત્યારે આ ચારિત્રથી તો કર્મોનો જ વિધ્વંસ થઈ જાય ! પછી રોગ-અકસ્માત્-મૃત્યુ-જન્મ-મરણ વગેરે સંસારની વિટંબણાઓ પામવાની રહે જ ક્યાં ? અરે ! અહીં મૃત્યુ વખતે પણ ત્રિભુવનનું રાજ્ય ચિત્તને શાંતિ-સમાધિ ન આપી શકે, તો પરલોકમાં શાંતિ આપી શકવાની વાત જ ક્યાં ? જ્યારે ચારિત્ર મહાન શાંતિ અને સમાધિ-મૃત્યુ આપે છે. મૃત્યુ વખતે મહાન શાંતિ સમાધિ અને પરલોકમાં ઉચ્ચ દેવગતિ પછી મનુષ્યગતિ...વગેરે સુંદર સુંદર સદ્ગતિની પરંપરા આપીને, ઠેઠ મોક્ષે પહોંચાડે છે ! અરે ! પરંપરાએ શું, તાકાત હોય તો ચારિત્ર આ જ ભવનાં અંતે મોક્ષ આપી શકે છે !

"આટલું બધું મહાન ચારિત્ર પામીને મારી કાયા સાથે જનાવરની માફક ગલીચ ભોગ ભોગવવા શું દોડી આવ્યા છો ? નાગિલા હું પોતે જ છું. તમારી દીક્ષા પછી મેં તો અહોભાગ્ય માન્યા કે આ ગંદવાડભરી કાયાથી ગલિચ ભોગોની પશુ-ક્રીડા મૂકી, ચાલો, ભવ્ય કોટિનાં જિનેશ્વર ભગવાને કહેલા ત્યાગ, તપસ્યા, જિનભક્તિ, સાધુ-સેવા, શાસ્ત્ર-સ્વાધ્યાય...વગેરે કરવાનું મળશે. એમ કરીને મેં એ જ આરાધના કરવા માંડી, એમાં ત્યાગ અને તપસ્યાથી કાયાની ગુલાબી અને અંદરનાં માંસના લોચા સુકાઈ ગયા; એટલે તમે મને ઓળખી શક્યા નહીં. બાકી કાયામાં મળ-મૂત્ર-કફ-રસી-લોહી-માંસ વગેરે ગંદવાડ સિવાય શું ભર્યું છે ? ને હવે ચારિત્રનું બાદશાહી જીવન મૂકી, ભોગ-સુખની લંપટતામાં, એક સ્ત્રીજાતની ગુલામી કરવાનું જીવન જીવવા ઇચ્છા કરો છો ? ગુરુએ તો ચારિત્ર આપીને દુઃખદ ભવો ભવના ફેરા ટાળવાનો અપરંપાર ઉપકાર કર્યો ! અને તમે એની અવગણના કરીને ચારિત્રભંગ કરવા તૈયાર થયા છો ? પાપ ઝંખ્યા કરો છો ? ધિક્કાર પડો તમારા મનખાને !"

ભવદેવમુનિ આ સાંભળીને સજ્જડ બંધ થઈ ગયા, શરમાઈ ગયા, પોતાની પતન દશા માટે ભારે અફસોસી થઈ, મનને થયું કે 'અરરર ! આ એક ગૃહસ્થ બાઈમાણસમાં અક્કલ છે એટલી સાધુ બનેલા મારામાં અક્કલ નથી ! અને ગુરુનો તથા શાસનનો દ્રોહ કરવા નીકળ્યો છું ?' તરત જ હાથ જોડીને કહે છે કે

'માફ કર, માફ કર, નાગિલા ! તમે તો મારી આજે આંખે ઊઘાડી નાખી ! ક્યાં ઉત્તમોત્તમ તીર્થંકર ભગવાને આરાધેલું ને ઉપદેશેલું ચારિત્ર ? અને ક્યાં સાંસારિક પશુ-જીવન ? તમે તો આજે મારી ગુરુણી બન્યા છો. હું મનમાંથી સંસાર-ભોગો કાઢી નાખું છું, અને હવે નિર્ધાર કરું છું કે, જીવનભર પાપથી બચવા માટે ચારિત્ર મૂકવું નહિ. લેશ પણ સંસાર-ભોગ મનમાં ય લાવવા નહીં

જાઉં છું ગુરુ પાસે, પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થાઉં છું, અને હવે તો કાળી તપસ્યા કરીને શરીર ઓગાળી નાખી આજ સુધીની કરેલી પાપ-વિચારણાઓથી બાંધેલા કર્મો ખેરવી નાખીશ.''

નાગિલા ખુશી થઈને કહે છે કે, ''ધન્ય, ધન્ય પ્રભુ ! તમારા મરદપણાને ધન્ય છે ! કુળની ખાનદાની ખરેખરી ખીલવી ! જાઓ, સુખેથી પધારો ગુરુ પાસે, અને દીપાવો ચારિત્રને.''

બસ, ભવદેવ મુનિએ તે પ્રમાણે કરીને જીવન અજવાળી દીધું; બધો મોહનો અંધકાર ફગાવી દીધો; જૈન ધર્મનાં બંધ અને મોક્ષનાં વિજ્ઞાનને મન પર લઈ લીધું; કર્મ-બંધના માર્ગે મન દોડતું હતું તે હવે કર્મ-મોક્ષના માર્ગે દોડતું કરી દીધું.

**તરંગવતીને મુનિ આગળ શું કહે છે ? :-**

તરંગવતીને પેલા મુનિ કહી રહ્યા છે કે 'આમ જીવ બંધનાં કારણો સેવવાથી કર્મથી બંધાય છે, અને વિપરિત કારણો સેવવાથી કર્મથી મૂકાય છે. એ કૂવાનાં અરઘટ યંત્રની ઘડીઓની જેમ ઊંચેથી નીચે, ને નીચેથી ઊંચે; અર્થાત્ દેવ-મનુષ્યની સદ્‌ગતિમાંથી નરક-તિર્યંચગતિની દુર્ગતિમાં અને ત્યાંથી ફરી દેવ-મનુષ્ય ગતિમાં ભટક્યા કરે છે.

**મધ્યમ શુભ યોગોથી મનુષ્યગતિ પામે છે, અને ઉત્તમ શુભ યોગોથી દેવગતિ પામે છે; જ્યારે અશુભ પાપયોગોથી તિર્યંચગતિ, અને ઉત્કૃષ્ટા અશુભ પાપયોગોથી નરકગતિ પામે છે.**

**પાપ-યોગો દુર્ગતિનું કારણ છે અને ધર્મ-યોગો સદ્‌ગતિનું કારણ છે.**

જીવનાં મન ઉપર મોહનું અંધારું એવું છવાઈ જાય છે કે પછી એ ક્ષણિક વિષય-સુખો માટે હિંસા-જૂઠ ચોરી-મૈથુન-પરિગ્રહ, ક્રોધાદિ ચાર કષાયો, રાગ-દ્વેષ કલહ-અભ્યાખ્યાન (આળ ચડાવવું) પૈશુન્ય (ચાડી ચુગલી) રતિ-અરતિ (હરખ-ઉદ્વેગ) બીજાની નિંદા, માયા, મૃષાવાદ અને મિથ્યાત્વશલ્યનાં ૧૮ પાપસ્થાનક સેવે છે. તે પણ મન-વચન અને કાયાથી આંખ મીંચીને સેવ્યે જાય છે ! પાપિષ્ઠ વિચારો કરી કરી પોતાના જ મનને મહા ખરાબખસ્ત રાખે છે ! અહો ! અજ્ઞાન દશા કેટલી બધી ભૂંડી-ભયંકર છે કે એ પોતાના આત્મા સામે જોતો જ નથી ! આત્માનાં પરલોક સામે ય જોતો નથી ! અને

**રુડાં મનુષ્ય-અવતારમાં કૂડા અઢાર પાપકસ્થાનક સેવે છે !**

એ સેવરાવનાર પહેલા નંબરમાં એને મળેલી લુચ્ચી ઇન્દ્રિયો છે, જેને મૂરખ જીવ વિષયોમાં યથેચ્છ અને બેફામ દોડાવે છે ! ઇન્દ્રિયો ઉપર કશો અંકુશ મૂકાતો નથી. એથી સતત મલિન અધ્યવસાયોમાં રમતો રહી આ જીવ ચારે ગતિઓમાં



ભટકે છે ! એમાં વિશેષ કાળ તો દુર્ગતિઓમાં કાઢે છે, ને ત્યાં ભયંકર દુઃખોમાં રિબાતો રહે છે.

તમને સંક્ષેપમાં બંધનાં આ કારણો બતાવ્યા.

**જેવી રીતે શરીર જો તેલથી ચિકાશવાળું કરેલું હોય તો એનાં પર વાતાવરણમાંની ધૂળ ચોંટ્યા કરે છે; એમ આ ૧૮ પાપસ્થાનકની ચિકાશથી આત્મા ઉપર ઢગલો કર્મરજ ચોંટ્યા કરે છે.**

જીવનાં માથે અનાદિ કાળથી કર્મના સમૂહનું કાર્મણ-શરીર ચાલ્યું આવે છે. જેવી રીતે ઉદરના અગ્નિથી ભૂખ્યોડાંસ જીવ ગમે તે ગમે તે અભક્ષ્યો પણ ખાઈ નાખે છે, તેમ આ કાર્મણ શરીર પણ દોષોનાં અગ્નિથી ગમે તે ગમે તે અશુભ કર્મો આરોગી લઈ પુષ્ટ થતું રહે છે. એ તો જ્યારે એ અધમ પાપમાર્ગ સર્વથા છોડે, ઉત્તમ ધર્મ-માર્ગની આરાધના કરે, ત્યારે આ કાર્મણ શરીરનાં કર્મોની જોરદાર નિર્જરા (ક્ષય) થતાં થતાં, ધર્મ-સાધનાની પરાકાષ્ઠાએ એનો સર્વથા ક્ષય કરી, જીવ મોક્ષ પામે છે.

**આ કર્મો મૂળ આઠ પ્રકારના છે,**

(૧) જ્ઞાનાવરણીય કર્મ, (૨) દર્શનાવરણીય કર્મ, (૩) વેદનીય-કર્મ, (૪) મોહનીય કર્મ, (૫) આયુષ્ય કર્મ, (૬) નામકર્મ, (૭) ગોત્રકર્મ, અને (૮) અંતરાય-કર્મ.

જેમ જુદા જુદા પ્રકારનાં બીજ વાવેલા જુદા જુદા પ્રકારનાં પુષ્પ અને ફળ આપે છે, તેમ આ જુદા જુદા કર્મો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવને પામીને વિપાકમાં આવીને આત્માનાં જ્ઞાન-દર્શન-સુખ વગેરેને દબાવી દેવાનાં ફળ દેખાડે છે. બાંધેલાં કર્મોને ભોગવતા જવાનું, અને નવા કર્મોનો સંચય કરતા રહેવાનું ! આ સંસારમાં અનાદિ કાળથી જીવને આ ચાલુ છે.

જીવની ઇન્દ્રિયોથી વિષયસુખો મેળવવાની ને ભોગવવાની કારમી તૃષ્ણા-ઇચ્છાને લીધે, ખરજવાની ખણજની જેમ, વાસનાની વેદનાની આગને મિટાવવા અને તુચ્છ વિષયસુખ લેવા, ઘોર નરકાદિ દુઃખોને લાવનારા અધમ-અધમ મહાપાપો કર્યે જ જાય છે ! જન્મ-મરણનાં મહાસાગરમાં અનંતા આંટા-ફેરા કરતાં અનેક પ્રકારના સુખ-દુઃખ, રતિ-અરતિ, આદિના દ્વન્દ્વોનો અનુભવ કરે છે. દા.ત. શાતા-અશાતા, સૌભાગ્ય-દુર્ભાગ્ય, ઊંચ-નીચ ગોત્ર, સંયોગ-વિયોગ, હર્ષ-શોક વગેરે જોડકાનો અનંતીવાર અનુભવ કરતાં કરતાં જીવ હજી થાક્યો નથી !

હાં, અહીં એક વિશેષતા છે કે, મનુષ્ય ભવમાં સર્વ દુઃખથી મુકાવનાર એવો, અને સંસાર-મહાવનનાં અજ્ઞાન-અવિરતિ આસક્તિ વગેરે વૃક્ષોને તોડી

નાખનારો જિનેશ્વર ભગવાને નિર્વાણનો મહા પંથ ઉપદેશેલો મળે છે; જેમાં સમ્યગ્ તત્ત્વજ્ઞાન અને સંયમક્રિયાનો મુખ્ય ઉપદેશ છે. એના અનુસારે સંયમથી સમસ્ત પાપમાર્ગોનો નિરોધ-અટકાયત થઈ જાય છે, અને ત્યાં સાથે તપમાર્ગની આરાધનાથી કર્મોનાં કચરા સાફ થઈ થઈ જીવ નિર્મળ થતો આવે છે. અને તેમાં અંતે સર્વથા કર્મક્ષય થઈ જીવ સિદ્ધિપદ પામે છે. તે એક જ સમયમાં અસ્પૃશદ્ ગતિથી જીવ ઊંચે જઈ ઉપર, લોકના અંતે રહેલ સિદ્ધશિલા પર આરૂઢ થાય છે. જ્યારે અહીં સર્વકર્મ ક્ષય કરનારા છેલ્લા શૈલેશી કરણને કરે છે. ત્યારે, શરીરમાં રહેલા જીવની અવગાહના ૧/૩ ભાગની અવગાહનાવાળો સિદ્ધશિલા ઉપર જઈ શાશ્વત કાળ માટે બિરાજમાન બને છે. ત્યાં હવે કોઈ રાગ, દ્વેષ...વગેરે પાપ-સ્થાનકની ચિકાશ આત્મા પર છે નહીં, તેથી એનાં પર કોઈ કર્મ-રજ ચોંટી શકતી નથી. જે સંસ્થાન અર્થાત્ આકૃતિ અહીં મોક્ષ પામતાં હોય છે. તે જ સંસ્થાનની સિદ્ધશિલા પર કાયમ માટે અવસ્થિત બને છે.''

**તરંગવતી-પદ્મદેવ શું કહે છે ? :-**

મુનિનો આ ભવ્ય ઉપદેશ સાંભળીને તરંગવતી અને પદ્મદેવ ખૂબ જ પ્રભાવિત થઈ જાય છે; એમનાં હૃદય પર એ ભારે અસર કરી જાય છે ! અને એ હાથ જોડી કહે છે કે, ''ભગવન્ ! **'ઇચ્છામો અણુસટ્ઠિં,' અર્થાત્ આપની હિતશિક્ષાને અમે સ્વીકારીએ છીએ.''** પછી મસ્તક નમાવીને વંદન કરવા સાથે કહે છે કે 'પ્રભુ ! ખરેખર આપે મનુષ્ય જન્મ સારો સફળ કર્યો કે આવી યુવાન વયમાં વિષય-સંગ છોડી દીધો ! અને ચારિત્રનાં કપરા પંથે જીવન ઝુકાવી દીધું ! પ્રભુ ! કૃપા કરીને એ બતાવો કે, તમને આ શી રીતે સૂઝ્યું ? તરંગવતી આ એટલા માટે પૂછી રહી છે કે એ સાધુનાં જીવનમાંથી કોઈ એવી ભવ્ય પ્રેરણા મળી જાય કે જે પોતાને પણ સંસારમાંથી ઊભા કરી દે !'

ત્યાગી મુનિ તો મળે, અને ખાલી ખાલી જીજ્ઞાસાથી એમનો પૂર્વ વૃત્તાંત પૂછવાનું ય કરાય, પરંતુ એ જાણીને કશી મહાન ત્યાગ-વૈરાગ્યની પ્રેરણા લેવાની ઈચ્છા જ ન હોય તો મુનિના જીવનને જાણીને પોતાને શી લેણદેણ ? એમ વ્યાખ્યાનમાં કે એમ જ ખાલી ખાલી પ્રશ્નો કરી જિજ્ઞાસા બતાવી, પરંતુ એ જાણીને જીવનમાં આચરવાનું કશું લેવાનું ન હોય, તો એવાં ખાલીખમ પ્રશ્નો કરીને શું ? ભલે ને મહારાજ પાસેથી એનાં રોચક-પ્રેરક અને બોધક ઉત્તરો મળે, પણ એ મેળવીને શું ? એવાઓ જિંદગી સુધી આ જ આદતવાળા બન્યા રહે છે ! અને એમનું જીવન તો પાછું **'મિંયા ઠેર કા ઠેર'** જેવું હોય છે. કેટલીકવાર તો એવા પ્રશ્ન કરનારા દોઢડાહ્યા માણસો વ્યાખ્યાનમાં ચાલી રહેલા સુંદર વિષયને નિરર્થક પ્રશ્નો કરી



ડહોળી નાખે છે, એટલે પછી આખી સભાનું બગાડે છે. ખૂબી તો એ થાય છે કે અત્યાર સુધી સાંભળી ગયેલા વિષયને મનમાં મમરાવવાની, કે એની અસર લેવાની વાત નહીં, ફક્ત પ્રશ્નો ઠોકવાની જ વાત ! આવા રુડાં મનુષ્ય ભવમાં મહાન ભાગ્યોદયે મળેલાં સુંદર ધર્મપ્રવચન અને પૂર્વનાં મહાન પુરુષોનાં સુંદર ધર્મ-પ્રધાન જીવનનાં શ્રવણને, દુઃખદ છે કે, એળે ગાળે છે ! એટલે તળાવે જઈને તરસ્યા આવવા જેવું થાય છે.

તરંગવતી પ્રશ્ન કરે છે તે અંતરની સાચી જિજ્ઞાસાથી કે આ મુનિ મહાત્માનું જીવન સાંભળવા મળે, તો એમાંથી અમને ક્યાંક જોરદાર વૈરાગ્યની પ્રેરણા મળે.

**મુનિનો પૂર્વ પારધી-વૃત્તાંત**

મહાત્મા ત્યાં મધુર સંગતિવાળી અને મિતાક્ષરી વાણીથી કેવળ પરના ઉપકાર માટે કહી રહ્યા છે. તે પણ સ્વયં નિર્વિકાર રહીને કહે છે; કેમકે એ જિન-વચનોનાં વિશારદ બનેલા છે. વાણી મધુર હોય તો સામાને પ્રિય અને ગ્રાહ્ય થાય. એથી ઊલટું વાણી કર્કશ અને કડવું કહેનારા હોય તો પોતાનાં કિંમતી પણ વસ્તુ કથનથી સામા પર સારી અસર પાડી શકતા નથી. કેટલાંય માબાપોની એવી કર્કશ ભાષાથી છોકરા પર સારી અસર થતી નથી. સાધુ પણ વ્યાખ્યાનમાં જો એવી કર્કશ ભાષા વાપરે, તો શ્રોતાજનો એમાંથી સારી અસર લઈ જવાને બદલે ઊલટું કહે છે કે 'મહારાજનો સ્વભાવ તેજ છે.' સાધુએ આમાં વ્યાખ્યાનથી શું સારું આપ્યું ? ત્યારે પ્રિય અને મધુર ભાષાવાળા માબાપોની સંતાન પર સુંદર અસર પડે છે. એમ એવાં વ્યાખ્યાનોની શ્રોતા ઉપર હૃદયવેધી ઊંડી અસર પડે છે. વેપારી ઘરાક સાથે એવી પ્રિય મધુર ભાષા વાપરે તો એ ઘરાક તો કાયમનો થઈ જાય, પણ બીજા ય ઘરાક લઈ આવે છે. ભાષા કર્કશ હોય તો વેપારી ઘરાકને ગુમાવે છે.

**પ્ર.-** પરંતુ ઘરમાં બચપણથી માબાપની એવી કર્કશ ભાષા સાંભળી સાંભળીને અમને એવી ભાષાની કુટેવ પડી ગઈ હોય તે કેમ સુધરે ?

ઉ.- કુટેવ સુધારવા માટે પહેલાં તો મન પર નિશ્ચિત કરી દેવું જોઈએ કે

**''બોલીને સામા પર અસર પાડવાની વાત તો પછી, પરંતુ પહેલો તો મારા પોતાના આત્મા પર એવી કર્કશ બોલીથી ક્રોધ-દ્વેષ-અભિમાન વગેરેની ખરાબ-મલિન લાગણી પોષાય તે હવે મારે નથી પોષવી.**

''એની પોતાની જાતમાં ખોટી અસર છે, જિંદગી સુધી આવી જ્યારે ને ત્યારે કઠોર-કર્કશ અપ્રિય ભાષા વાપરતો રહું તો એથી પરભવ માટે કેવા સંસ્કારનું પોટલું ઉપાડીને ચાલવાનું ? જો અહીં જિંદગીનાં છેડા સુધી આ નહી સુધારું, તો પછી કયા ભવે સુધારવાનું થવાનું હતું ? માટે બીજાનાં ભલાની વાત તો પછી,

પરંતુ મારા આત્માનું ભલું થાય એ માટે મારે મધ જેવી મીઠી અને પ્રિય ભાષા બોલવાની ખાસ ટેવ પાડવી છે.' આવો જો નિર્ધાર કરી રાખ્યો હોય, ને વારે વારે મનમાં એ લાવ્યા કરાય કે; 'જો જે જીવ ! ક્યાંક કઠોર-કર્કશ-અપ્રિય શબ્દ ન બોલાઈ જાય.' આમ વારે વારે જાગૃતિ રાખવામાં આવે, તો પ્રિય મધુર ભાષા બોલવાની સારી ટેવ પડે.

કુંભારણ ગધેડીઓ લઈને જતી હતી ગધેડીઓ આડાઅવળી ચાલતી, ત્યારે કુંભારણ દંડી દેખાડીને એમ કહેતી કે 'બેન ! સીધી ચાલને બા !' રસ્તે જતી એક બાઈએ એને પૂછ્યું કે 'આવી અવળચંડી ગધેડીઓને 'બેન' ને 'બા' શું કહે છે ? તેથી એ થોડી જ સુધરી જવાની છે ?'' ત્યારે કુંભારણ કહે. 'બાઈ ! એ સુધરે કે ન સુધરે, પણ જો એને હલકા અને કર્કશ શબ્દો બોલું, તો પહેલું તો મારું જ બગડી જાય ! કેમકે એવી કર્કશ ભાષાની કુટેવ પડ્યા પછી મારે ત્યાં ઘડા લેવા આવનારી ઘરાકણ બાઈઓ પણ એવી આવે છે કે ચાર આનાનો ઘડો એક આનામાં માગીને ઊભી રહે, પાછી ઉપરથી મને કહે 'અલી કુંભારણ ! તું તો લૂંટારણ છે કેટલા બધા પૈસા માંગે છે ?' હવે આવી ઘરાકણને જો હું કર્કશ ભાષાથી વાત કરું, તો એ એમ ને એમ ઘડો લીધા વિના ચાલતી જ થઈ જાય. તો મારે તો ઘરાકી જ તૂટી જાય. પણ બાઈ ! તને ખબર છે ખરી, કે એને પણ 'બેન' ને 'બા' કહીને મધુરી પ્રિય ભાષાથી વાત કરવાની ટેવ રાખું છું, તો મારે ત્યાં માથાફોડીયા ઘરાકણોની ફોજ ઊતરી પડે છે, એની સાથે 'બેન' ને 'બા' ની ભાષાથી વાત કરવાની ટેવ રાખું છું, તો મારે ત્યાં માથાફોડીયા ઘરાકણોની ફોજ ઊતરી પડે છે, એની સાથે 'બેન' ને 'બા'ની ભાષાથી વાત કરવામાં ઘરાકી સારી થાય છે. કહે બેન ! એમાં મારું ભલું થયું કે નહીં ? **ગધેડીઓ તો આમે ય કર્કશ બોલથી કાંઈ સુધરે એવી જાત નહીં, પછી શા માટે એવી ભાષાથી મારો સ્વભાવ બગાડું ?** અને

**ઘરાક સાથે શા માટે એ સ્વભાવથી એવાં કર્કશ-અપ્રિય બોલ બોલીને ઘરાકી ગુમાવું ?''**

**સંગત ભાષા કેવી હોય ?**

મહાત્મા મધુર અને પ્રિય ભાષાથી પોતાનો અધિકાર કહે છે તે પણ સંગતિવાળી ભાષાથી. **'સંગતિવાળી ભાષા'** અર્થાત્ સંગત ભાષા એટલે કે એક વાક્ય પછી બીજું વાક્ય બોલાય તે પૂર્વની સાથે સંબંધવાળું બોલાય. એની પછી ત્રીજું વાક્ય બીજા વાક્યની સાથે સંબંધવાળું બોલાય. એવાં એક પછી એક સંકલનાબદ્ધ વચનો બોલાય ત્યાં શ્રોતાનાં કાન ઊંચા ને ઊંચા રહે છે કે 'હા, પછી શું ? પછી શું ?' અને જે સંભળાતું જાય છે એ સંગત-સંકલનાબદ્ધ હોવાથી, એને



હૃદયમાં ગોઠવવાનું શ્રોતાને સરળ થઈ પડે છે. ભણેલા માણસોમાં આવી સંગત ભાષાનો ખૂબ પ્રભાવ પડે છે. તેમજ જે વિષય પકડ્યો એની સંગત ભાષાથી પુષ્ટિ કરતાં શ્રોતાનાં હૃદયમાં એ વિષય સોંસરો ઊતરી જાય છે. તો મહાત્મા અહીંયાં એવી જ સંગત ભાષાથી પોતાનો અધિકાર કહેવા માંડે છે. અસંગત, યાને સંબંધ અને ઢંગધડા વિનાનું બોલવામાં કેટલીક વાર ઓડનું ચોડ વેતરાઈ જાય છે...

**પ્ર.**- આવી સંગતભાષા શી રીતે આવડે ?

ઉ.- માણસને આડા અવળા વિચારો કરવાની બહુ કુટેવ હોય છે. તેથી જ્યારે એને કોઈની સાથે બોલવાનું આવે ત્યારે પણ આડું અવળું ફેંક્યે રાખે છે ત્યાં,

ખરી રીતે પોતાના વિચારો સંગતિવાળા બનાવવા જોઈએ એટલે કે એક વિચાર પછી બીજો વિચાર એની સાથે સંબંધવાળો જોઈએ; એમ સંબંધવાળા અને સંગત વિચારણાવાળી કરવાની આદત પાડવામાં આવે તો પછી ભાષા પણ એવી જ સંગત બોલવાની આદત પડે. સારાંશ, બોલવામાં ત્રીજો ગુણ મિતાક્ષરી ભાષા પણ જરૂરી છે.

**મિતાક્ષરી બોલીનો લાભ :-** મહાત્મા જે અહીં કહે છે, તે મિતાક્ષરી ભાષામાં કહે છે, અર્થાત્ કોઈ જ વધારે પડતા શબ્દો કે વાક્યો બોલવાનું ટાળીને માત્ર જરૂરી એવા મર્યાદિત જોખેલા શબ્દોમાં બોલે છે.

**પ્ર.**- એવું મર્યાદિત શબ્દોમાં બોલતાં સામા પર અસર શી રીતે પડે ?

ઉ.- મર્યાદિત શબ્દમાં બોલનાર ઠરી કરીને બોલે છે, અને ચોક્કસ હેતુ-દલીલ-દૃષ્ટાંત વગેરે સાથે બોલે છે, એનું બોલવાનું ઠરેલ અને પ્રૌઢ ભાષાનું હોય છે, એટલે એની ઊંડી અસર પડે છે. ઉછાંછળા ૫૦ વાક્યો બોલી નાખવાથી જે અસર ન થાય, તે હેતુ, યુક્તિવાળા અને પ્રૌઢ તથા ગંભીર જોખેલા માત્ર ૧૫ શબ્દોથી અસર થાય છે.

**બહુ બોલવામાં નુકસાન :-**

માનસશાસ્ત્ર એમ કહે છે કે 'એક જ વાત માટે તમે વધારે વાર એનું એ બોલો છો એમાં તમને પોતાને તમારા જ આત્માનો વિશ્વાસ નથી કે 'આ મારું બોલેલું સામાએ સાંભળ્યું-સ્વીકાર્યું હોય.' જો આત્મ-વિશ્વાસ હોય કે 'સરખી રીતે અને હેતુ પુરસ્સર એક કે બે વાર કહું, તો એની સામા પર અસર પડે જ,' તો એ રીતે વ્યવહાર રાખવાથી પહેલો તો પોતાનો આત્મ-વિશ્વાસ વધે છે, અને સામા પર 'આ તો બહુ બોલકણા' એવી આપણા માટે ખોટી છાયા પડતી નથી. દુનિયાના મહાન માણસોને જુઓ તો દેખાશે કે એ મોટા ભાગે જોખીને બોલનારા

હોય છે, અલબત એક વાતની પુષ્ટિ મળે એટલા માટે જુદી જુદી દલીલથી અને દરેકની પાછળ જુદા જુદા દૃષ્ટાંતથી બોલી શકાય છે, ને એમ બોલવું એ કાંઈ બહુ વાચાલતા નથી ગણાતી. મિતાક્ષરી બોલવામાં એક મહાન લાભ એ છે કે, બોલવામાં (૧) અસત્ય ઓછું આવે છે; (૨) અપ્રિય ઓછું આવે છે; (૩) પાછળથી ખોટા અને ભોંઠા પડવાનું થતું નથી. એમ જો મિતાક્ષરી ન હોય તો અસત્ય, નિરર્થક તથા અભિમાનભરી ભાષાનાં નિમિત્તથી કેટલાય પાપ બાંધવાનું થાય. એ નુકસાનોથી મિતાક્ષરી ભાષામાં બચી જવાનું થાય છે.

દુનિયાની વિચિત્રતા કેવી છે કે માણસ જ્યારે પોતાનાં શરીરની અસ્વથતાનું વર્ણન કરે છે, ત્યારે શબ્દોની મર્યાદા રાખતો નથી. પરંતુ પ્રભુની આગળ પોતાના આત્મદર્દની કથની કહેવામાં સાવ કંજુસ ભાષાવાળો બને છે ! ખરી રીતે તો પ્રભુની આગળ પોતાનાં આત્મદર્દ જો વિસ્તારીને કહે તો એની પોતાનાં દિલ પર ઊંડી અસર પડે, અને એ દર્દો સુધારવાની વૃત્તિ ઊભી થાય. ત્યારે,

**આ મનુષ્ય જીવનમા મળેલી મહાકિંમતી સરસ્વતીનો સદુપયોગ શો ?** જો એને તદ્દન બિનજરૂરી વાહિયાત અને અસંગત શબ્દો બોલ્યે રાખવામાં પાછું વાળીને જોવાનું ન હોય ? પણ એ મોટી ભૂલ **છે સરસ્વતી આપણી માતા છે.** એને પવિત્ર જ રાખવી જોઈએ; તેમજ જ્યાં ત્યાં એનો ગેરઉપયોગ કરાય નહીં; નહીંતર પોતે પોતાની માતાને જ વ્યભિચારિણી બનાવવાનું કામ કર્યું ગણાય ! પરિમિત બોલવાનું રાખે એમાં જીભ-સરસ્વતીનો ગેરઉપયોગ કરવાનું અર્થાત્ અયોગ્ય સ્થાને ઉપયોગ કરવાનું ન થાય.

**મધુર-સંગત-મિતાક્ષરી વાણીનું કારણ :-**

એ મુનિ આવા મધુર, સંગત અને મિતાક્ષરમાં બોલનારા કેમ હતા ? કારણ એ હતું, કે એ જિનવચનના વિશારદ હતા. અર્થાત્ જિનાગમના અને જિનાગમે કહેલા પદાર્થોના કુશળ જ્ઞાતા હતા. જિનાગમનું અને આગમોક્ત વસ્તુનું જ્ઞાતાપણું એક અલૌકિક ચીજ છે, આત્માનો મહાન ગુણ છે.

**પ્ર.-** અલબત એમ તો સારું જિનાગમ ભણીને ચારિત્રમાં શિથિલ બનેલા અથવા પતિત થયેલા હોય, તો એમનામાં જિનાગમનું વિશારદપણું ગુણ રૂપ શી રીતે ?

**પતિતમાં જિનાગમ-વિશારદપણું શું ? :-**

ઉ.- અહીં સમજી રાખવાનું છે કે આગમજ્ઞાન અને સંયમ બે જુદા જુદા ગુણ છે. એટલે જેમ કોઈનામાં સંયમ હોય છતાં આગમજ્ઞાન ન હોય તો તેથી કાંઈ સંયમ એ ગુણ નથી એમ ન કહેવાય. એ રીતે આગમજ્ઞાન હોય, પણ



સાથે સંયમ-ભ્રષ્ટતા છે. એટલે આગમજ્ઞાન એ ગુણરૂપ નથી એમ ન કહેવાય. અલબત પોતાને (૧) પતનનું બારે દુઃખ હોવું જોઈએ, અને (૨) જ્ઞાન શ્રદ્ધાભર્યું જોઈએ,

શાસ્ત્ર કહે છે કે જો કોઈને પોતાના પાપની આલોચના લેનાર સારા ગીતાર્થ ગુરુ ન મળે, તો આવા પાસત્થા-શિથિલાચારી પતિત પણ આગમ-વિશારદ મુનિની પાસે આલોચના કરે. જો આગમ-વિશારદપણું ગુણ રૂપ ન હોય, તો શાસ્ત્ર આવા પતિતની પાસે પાપની આલોચના કરવાનું શું કામ કહે ? એ તો એ બિચારો આગમ-વિશારદ છતાં મોહનીય કર્મથી પીડાઈ રહ્યો છે એટલે શિથિલ કે પતિત અવસ્થા ભોગવે છે ! બાકી

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩,તા.૨૦-૯-૧૯૮૬**

**આગમજ્ઞાન એ તો દીવો છે; જાણે નહિ તો પાળે શું ?**

એનાથી હેય અને ઉપાદેય, કાર્ય અને અકાર્ય, વાચ્ય અને અવાચ્ય, ભક્ષ્ય અને અભક્ષ્ય, કર્તવ્ય અને અકર્તવ્ય, આચાર અને અનાચાર, હિત ને અહિત... વગેરેનું ભાન થાય છે. ત્યારે જીવનમાં આ ભાનની આ પ્રકાશની પહેલી જરૂર છે; કેમકે એ હેય-ઉપાદેયનું ભાન જ ન હોય તો બિચારો પાળે શું ? હેયનો ત્યાગ અને ઉપાદેયનો આદર શી રીતે કરી શકે ?

જૈનેતરોમાં 'કાચું પાણી એ અસંખ્ય અપ્‌કાય જીવોનું જુથ છે, એમાં અસંખ્ય જીવો સમાયેલા છે, માટે એની હિંસા હેય છે, ત્યાજ્ય છે,' એવું એમને જો ભાન જ નથી, તો એ ઇતરો બિચારા કાચાપાણીનો આરંભ-સમારંભ ક્યાં છોડી શકે છે ? જંગલમાં રહેનારો મોટો તાપસ પણ નદીએ જઈ પાણીથી હાથ પગ ધોઈ લે છે, ને એ પી પણ લે છે, એમાં એના મનને જરાય લાગતું નથી કે 'હું જીવ-હિંસા કરી રહ્યો છું.'

**પ્ર.-** એમ તો ઈતરોમાં અસ્નાનનું વ્રત આવે છે ને ?

**ઉ.-** એ આવે છે તે અપ્‌કાય જીવની વિરાધનાથી બચવા માટે નહીં, પણ સ્નાન એ કામનું અંગ છે, બ્રહ્મચર્યનું ઘાતક છે, અબ્રહ્મનું પોષક છે, માટે એનાં ત્યાગનું એટલે કે અસ્નાનનું વ્રત આવે છે.

તાત્પર્ય કે, 'આવા સૂક્ષ્મ પણ જીવની હિંસા ત્યાજ્ય છે' એ જો ભાન જ ન હોય, તો હિંસાનો અર્થાત્ પાણી વગેરેના આરંભ સમારંભ વગેરેનો ત્યાગ ક્યાંથી કરી શકવાનો ? માટે જ,

**જિનાગમની બલિહારી છે કે એનાથી હેય-ઉપાદેય. હિત-અહિત...વગેરેનું ભાન થાય છે, આત્માને પ્રકાશ મળે છે.**

આજે જૈનો પણ પૈસા અને સુખ માટે તો રોજ દોડા-દોડી કરે છે, પરંતુ જિનાગમોનું જ્ઞાન નવું નવું મેળવવા માટે ઉદ્યમ ક્યાં છે ? છતાં દીવો પ્રકાશ તો કરે અને અરણ્યમાં અંધારામાં અથડાવું ન પડે. જ્ઞાન માત્ર શાસ્ત્રોમાં રાખી મૂકી પોતાના આત્મામાં ન ઉતારાય તો તો દીવો ઝુપડામાં રાખી ઘોર અંધારી રાતે જંગલમાં અથડાવા જેવું થાય. આજના પડતા કાળે પણ સાધુ અને શ્રાવક-યોગ્ય શાસ્ત્રો રૂપી દીવામાં ભરચક જ્ઞાન ભર્યું પડ્યું છે, પણ તે ઝુંપડાની જેમ શાસ્ત્રમાં જ રાખીને પોતાનાં દિલમાં એ લાવવું નથી, અને સંસારની અજ્ઞાનતાભરી પ્રવૃત્તિ ધૂમધામ ચલાવવી છે, એવાનો ઉદ્ધાર ક્યાં થાય ? ઊંચો કિંમતી મનુષ્ય-જન્મ મળેલો છતાં, જનાવરની જેમ જ્ઞાન વિના અત્યંત ત્યાજ્ય અને અહિતકર વિષય-કષાયોમાં તથા હિંસા-જૂઠ-ચોરી વગેરે પાપોમાં કમીના રહેતી નથી.

પેલા મુનિ જિનાગમનાં વિશારદ અર્થાત્ સારા જ્ઞાતા હતા, એમનાં દિલમાં આગમજ્ઞાન છલકાતું હતું, એટલે પછી એ જિનાગમે દર્શાવ્યા મુજબ મધુર-સંગત અને મિતાક્ષરી જ વાણી કેમ ન બોલે ?

**મુનિ પૂર્વભવે કોણ ? :-**

હવે જિનાગમનાં વિશારદ એ મુનિ પહેલાં પોતાનો પૂર્વભવ કહે છે, જે તરંગવતીના પૂર્વભવની સાથે સંબંધવાળો છે. એ કહે છે કે, ચંપાનગરીની પાસે જંગલ છે. ત્યાં પારધીઓનો વાસ હતો. પારધીઓનો પોષાક બહુ સામાન્ય, પરંતુ શિકારે જાય ત્યારે લાલ કામળ ઓઢીને જાય; ને સાથે ધનુષ્ય અને પીંછાવાળા બાણનું ભાથું રાખે. શિકારમાં નાના હાથીઓનો શિકાર કરીને એનાં દાંત કાઢી લે, અને એ હાથીદાંતનો વેપાર કરે. હું ગયા ભવમાં હસ્તિ-પ્રહસ્તિ નામનો પારધી હતો. અમારે કોઈ આજીવિકાનો બીજો વેપાર નહીં, તો ખાવાનું શું ? ખાવામાં અમે માંસાહારી હતા. બાણ-વિદ્યામાં મારી એવી કુશળતા હતી કે મારું બાણ નિષ્ફળ જાય નહીં. એવો અચૂક-લક્ષ્યી હું બાણાવલિ હતો, તેમજ કોઈના પર ઘા કરવાનું આવે તો એમાં દઢપ્રહારી હતો. અર્થાત્ બાણનો સચોટ ઘા કરનારો. એક જ બાણપ્રહારથી મોટા હાથીને પણ પાડી નાખનારો હતો. મારા પિતાનું નામ કુંભસિંહ, અને મારી માતા અટવીશ્રી નામની હતી. મને મારા પિતા શિખામણ આપે છે ''કે તું આપણો કુળધર્મ સાંભળ.

**પારધીનો કુળધર્મ : અમુકની હિંસા નહિ :-**

ત્યારે આટલા આટલાને હણવા નહીં.



(૧) કૂતરાને હણવો નહિ; કેમકે શૂરવીર માણસ કાયર કૂતરાનો શિકાર ન કરે. શિકાર કરે તો બહાદુર સિંહ-વાઘનો કરે.

(૨) શૂરવીર યુથાધિપતિને તારે હણવો નહીં; કેમકે એથી એનું આશ્રિત યુથ (ટોળું) બિચારું નિરાધાર થઈ જાય.

(૩) બચ્ચાઓની માતાને નહીં હણવી; કેમકે એમાં પણ બચ્ચા બિચારા નિરાધાર થઈ જાય.

(૪) માતાથી નહીં ત્યજાયેલું બચ્ચું પણ તારે નહીં હણવું; કેમકે એથી પણ માતાને કારમો શોક થાય.

(૫) કામ-મોહિત મતિથી ક્રીડા કરતું યુગલ તારે નહીં હણવું; કેમકે એમાં એને મરવાનાં દુઃખ કરતાં ઉત્કૃષ્ટ આનંદ ભોગવવામાં ત્રુટક પડવાથી ભયંકર દુઃખ થાય છે.

(૬) અતિ પ્રેમબદ્ધ યુગલમાંથી એકને નહીં હણવો કેમકે એમાં પછી જીવતા રહેલાને જિંદગીભર સંતાપ રહ્યા કરે છે.

આ કુળ-ધર્મ બરાબર પાળજે; કેમકે

**જો કુળધર્મનો નાશ કરવામાં આવે, તો કુળનો હ્રાસ થાય છે કુળને હાનિ પહોંચે છે.**

માટે કુળધર્મને સારી રીતે પાળતો રહેજે, અને તારું કાર્ય સાધતો રહેજે; તેમજ આ કુળધર્મ તારા પુત્રોને પણ સમજાવજે.''

**પારધીમાં દયા આર્યદેશનો પ્રતાપ :-**

પારધી જેવામાં પણ દયાભર્યા આ કેવાક કુળધર્મ ! એનું કારણ આર્યદેશમાં સર્વત્ર દયા પ્રસરેલી છે. એટલે જ કસાઈનાં કામ કરનારો પણ કૂતરાને રોટલો નખાવે છે. અહીં આ પારધી છતાં એના હૈયામાં નિરાધાર બનેલા કે નિરાધાર બનતા ઉપર દયા ઊભરાય છે ! ત્યારે આજે

**વણિકમાં કેવી નિર્દયતા ? :-**

એવું સાંભળવા મળે છે કે વણિક વેપારીને દેવાળું નીકળવાનું હોય ત્યારે એક બે વર્ષ આગળથી એ મોટો ઠઠારો રાખી લોકોને દેખાડે છે કે, 'મારી પાસે મૂડી વધી ગઈ છે, અને મારો વેપાર ધમધોકાર ચાલે છે.' એમ કરીને લોકોની પાસેથી રકમો જમા લે છે. પાછો દેખાવ એવો કરે છે કે 'મારે હવે પૈસા વ્યાજે લેવાની જરૂર નથી. પછી શા માટે મારે રકમો રાખી મફતિયા વ્યાજ ભરવાં ?' આ માત્ર દેખાડો હોય છે, પણ ''હશે, તમારો બહુ આગ્રહ છે તો મૂકી જાઓ રકમને પાછી એ રકમનું તમને વ્યાજ આપવા માટે એને મારે મારા કોઈક ધંધામાં

લગાવવી પડશે ખેર,'' આમ રકમો જમા લેવામાં કેઈક બિચારી રાંડી રાંડોની, યા જિંદગીની પાછલી અવસ્થામાં વ્યાજ ખાવા માટે એકઠી કરી રાખેલી મૂડીવાળા બુઢ્ઢા વગેરેનીય રકમો જમા લે છે ! યાવત્ ધર્મ-સંસ્થાઓનીય રકમો જમા લે છે ! એમ રકમો જમા લઈને એનાથી, પોતાની બૈરી-છોકરાનાં નામે કરીને પોતાનું બરાબર તાજું કરી લે છે, અને પછી એકાએક બુધવારામાં નોંધાવી દઈ દેવાળું જાહેર કરે છે ! ત્યાં પછી એ રાંડી-રાંડો, એ બુઢ્ઢા, અને સંસ્થાનાં ટ્રસ્ટીઓ પોક મૂકે છે કે 'હાય ! અમારા પૈસા ગયા !' વાણિયામાં આ કારમી નિર્દયતા જોવા મળે છે ! ત્યારે વિચાર આવે કે, **પેલા પારધીનો કુળધર્મ ક્યાં ? અને**

**આ વિશ્વાસઘાતી લુચ્ચા વણિકોની જમાતનો ધર્મ ક્યાં ?**

એમને પોતાના આર્યધર્મ કે જૈનધર્મની કશી જ પરવા કે ગરજ નથી ! એમ કરી પોતાનું હૃદય અત્યંત નિર્ઘૃણ અને કાળુ મેંશ કરે છે ! જેનાં પરિણામમાં ભયંકર નરક-તિર્યંચ ગતિઓમાં ભવોના ભવો રઝળપાટ કરવાનું આવીને ઊભું રહે છે ! કેમકે આત્મામાં એવી અત્યંત ક્રૂર નિર્દયતાનાં ચિકણા સંક્લેશમય અશુભ અનુબંધો એવા ઊભાં થાય છે કે જે જનમ-જનમ ભયંકર પાપબુદ્ધિ, ક્લિષ્ટ કાળી લેશ્યા, અને ક્રૂર પાપિષ્ઠ આત્મ-પરિણતિ ઊભી કરે છે.

આમ આર્ય વણિક છતાં એવી અધમ ક્રૂરતાનું જીવન જીવી દુર્ગતિઓમાં અસંખ્ય કાળ રખડી પડે છે ! ત્યારે પારધીમાં પણ જે કુળધર્મ બજાવે છે, એનું પાલન કરતો રહે છે, એ આમ તો પારધીનાં કામ કરતો દેખાય, છતાં અવસરે એના કુળ ધર્મનાં પાલનના પ્રભાવે એનો ઉદ્ધાર થઈ જાય ! જે અહીં આ પારધીમાં આગળ જોવા મળશે.

**પારધી તરે ! ને વાણિયો ડૂબે !' કેવુંક આશ્ચર્ય !**

પર દ્રોહ બીજા પર અતિ ક્રૂરતા, અને નિષ્ઠુર હૃદય વગેરેથી જે દુન્યવી લાભ મળે એ તો માત્ર પાંચ પચાસ વર્ષનું ટકનારું, પરંતુ પછીથી અસંખ્ય વર્ષો અને અગણિત જન્મો સુધી નરકાગારની વેદના ભોગવ્યા કરવાનું થાય ! ત્યારે ત્યાં માણસને વિચાર આવવો જોઈએ કે **'આ ક્રૂર કર્મો કેટલા વર્ષની જિંદગી જીવવા માટે ?** ને પછીનો અત્યંત દુઃખમય અસંખ્ય અનંત વર્ષોનો કાળ શે' પસાર થાય ? માટે એવા ક્રૂર કર્મો કોઈ કરો નહીં.

રાજા શ્રેણિક એક ગર્ભિણી હરિણીનો શિકાર કરીને ફૂલ્યા કે 'ચાલો એક સાથે કેવોક બે જીવનો શિકાર કર્યો !' તો એમાં પહેલી નરકનું ૮૪ હજાર વર્ષનું અગ્નિમાં શેકાવા, વગેરેનાં રૌરવ નરકનાં દુઃખ વેઠવાનાં ઊભા થયા ! ત્રિપૃષ્ઠ વાસુદેવ, બ્રહ્મદત્ત ચક્રવર્તી, મમ્મણશેઠ, વગેરેએ અતિ કઠોર નિષ્ઠુર હૃદયથી ક્રૂર



કર્મો કર્યા...તો અહીં સુખ અલ્પકાળ પણ પરભવે સાતમી નરકનાં ૩૩ સાગરોપમનાં અસંખ્યાતા વર્ષોની નરકાગારની વેદનાઓ ભોગવવી પડી અસ્તુ.

પેલા મુનિ કહી રહ્યા છે કે, 'પૂર્વના પારધીનાં અવતારમાં પારધીપણામાં પણ બાપે સમજાવેલ દયાનાં કુળધર્મનું હું પાલન કરી રહ્યો હતો, અને સાથે અજ્ઞાનતાવશ પારધીપણું પણ આચરી રહ્યો હતો. મારે વનરાજિ નામની ભાર્યા હતી. શિકારે નીકળતો ત્યારે દેવીને નમસ્કાર કરીને નીકળતો, જેથી 'મને શરીરે કાંઈ વાંધો ન આવે, અને મારું કામ સફળ થાય.'

**પારધીપણાનું બ્યાન :-**

''એમાં એકવાર હું શિકારે નીકળેલો એમાં, ગંગા નદીમાં એક હાથી આવેલો જોયો, ઝાડ પર ચડી મેં એનો શિકાર કરવા એના પર સણસણતું બાણ છોડ્યું. બાણનો ઘા એવો હતો કે જો એ સીધું હાથી પર ટકરાયું હોત, તો હાથી ત્યાં ઊંધો પડી જાત, પરંતુ એના સદ્ભાગ્યે એના સુધી બાણ પહોંચતાં પહેલાં, વચમાં ઊડતા એક ચક્રવાક પંખેરા ઉપર બાણ ટકરાયું, ને બિચારું એ ચક્રવાક પક્ષી બાણથી વિંધાઈને બાણ સાથે નીચે ગંગાનદીમાં પાણી પર પડ્યું !

એ વખતે ત્યાં ચક્રવાકી પોતાનાં પ્રિયને ઘવાયેલો જોઈ અત્યંત શોકથી ચક્રવાકના ક્લેવર ઉપર આવી, માથું પછાડી કલ્પાંત કરવા લાગી ! ચાંચમાં બાણ પકડીને ખેંચવા જાય છે પરંતુ બાણ ન ખેંચાતાં, ઘવાયેલું શરીર કિનારા તરફ આવતું જાય છે, એનો કલ્પાંત જોઈ મને દયા આવી ગઈ કે

'અરેરે ! આ બિચારી કેટલી તરફડે છે ! હાય ! હાય ! મેં આ શું કર્યું ? જોડલું નદી પર ઊડતું ક્રીડાથી આનંદ મંગલ કરી રહ્યું હતું, એમાં ચક્રવાકને મારીને મેં હાય ! બંનેના આનંદમાં ભંગ પાડ્યો ! અને ચક્રવાકીને ભયંકર શોક-સંતાપમાં નાખી દીધી !

પિતાજીએ કહેલા નિયમનો ભંગ થયો. ઝાડ પરથી ઊતરીને હું તરત ત્યાં પહોંચ્યો. ચક્રવાકને હાથમાં લઈને બાણ ખેંચી કાઢ્યું, અને પક્ષીને કિનારા પર મૂક્યું. પણ તે મરી ગયું હતું. મને થયું કે 'આ મેં ભયંકર પાપ કર્યું, પિતાજીએ ખરેખરી શિખામણો આપી હતી એનું મેં ઉલ્લંઘન કર્યું. હવે મારે એનું પ્રાયશ્ચિત્ત કરવું પડે. પ્રાયશ્ચિત્ત બીજું તો શું કરે ? પરંતુ લાવ, ચક્રવાકના મૃતદેહનો અગ્નિસંસ્કાર કરું ! એમ કરી હું મરેલું શરીર ત્યાં મૂકીને જંગલમાં લાકડા લેવા ગયો. લાકડા ખૂબ જ લઈ આવ્યો અને ત્યાં આવ્યો ત્યારે જોઉં છું તો ચક્રવાકી મડદા પર માથા પછાડીને ભારે કલ્પાંત મચાવી રહી છે ! મારે પણ દુઃખનો પાર રહ્યો નહિ.

**પારધીનો કલ્પાંત અને મરણનિશ્ચય :-**

'ઓહો ! આવા નિર્દોષ જીવોને મેં કેવાં રંજાડ્યા !'...એમ સંતાપ કરતા મેં લાકડાની ચિતા ગોઠવી, ચક્રવાકનાં શરીરને એનાં પર મૂક્યું. ઉપર બીજાં લાકડાં ગોઠવ્યાં. એ વખતે ચક્રવાકી ઉપર આકાશમાં ચીસાચીસ કરતી ચિતાને આંટા મારી રહી હતી. જ્યાં મેં પથ્થર પર બાણનાં અણિયારાને ઘસી અગ્નિ પ્રગટાવી ચિતાને સળગાવી, અને ભડભડ સળગતાં અગ્નિમાંથી જવાલાઓ નીકળવા માંડી, ત્યાં પેલી ચક્રવાકીએ જવાળામાં સીધું પડતું જ મૂક્યું, અને જીવતી ભડભડ સળગતી બળી મરીને ખાખ થઈ ગઈ !

આ જોઈને મને પારાવાર પસ્તાવો થયો. 'અરેરે ! આ મેં શું કર્યું ? એક તો ચક્રવાકને વીંધી નાખ્યો ! અને બીજું આ બિચારી ચક્રવાકીને બળીને આપઘાત કરવાનો પ્રસંગ આપ્યો ! ઓહો ! પક્ષી જાતિમાં પણ કેટલો બધો પ્રિય પર પ્રેમ હશે ? કે એકના વિના હવે બીજું પક્ષી જીવંત રહેવા તૈયાર નથી ! ને બળી મરવાનું કારમું દુઃખ વધાવી લે છે ! ત્યારે દેખાય છે કે એને જીવંત બળી મરવાનાં દુઃખ કરતાં પ્રિયનાં વિયોગનો સંતાપ-પશ્ચાત્તાપ કેટલો બધો જ્વલંત હશે કે સમજે છે કે

**'હું જીવંત રહી જિંદગીભર વિયોગના એ પ્રબળ સંતાપનાં દુઃખમાં બળ્યા કરું, એના કરતાં આ અગ્નિમાં તત્કાલ બળી મરવાનું દુઃખ ઓછું.'**

આવો આત્મભોગ આપનાર અજ્ઞાન પંખેરા કરતાં ય બહુ બુદ્ધિવાળો અને સમજદાર હું મનુષ્ય પ્રાણી ગયો ? કે મેં આ ઘોર પાપ કર્યું ! ખરેખર પંખેરા કરતાં પણ અધમાધમ ગણાઉં. માટે આનાં પ્રાયશ્ચિત્તમાં બીજું શું કરું ? હવે મારે જીવી શકાય જ નહીં !

**પારધીનાં કેટલાં પાપ ? :-**

(૧) એક તો ઉપકારી પિતાની આજ્ઞાનો ભંગ ! અને (૨) બીજું, બંને પંખેરાનો અતિ દુઃખદ ઘાત ! (૩) ત્રીજું, બંનેનું મોત કરતાં પણ પરસ્પરનાં વિયોગનો જાલિમ સંતાપ ! આ બધું કરનાર મારાથી આ પૃથ્વી ભારે મરે છે ! તેથી બહેતર છે કે હું પણ જીવનનો અંત લાવું. ભલે અગ્નિદાહની થોડી વાર લાય સહવી પડે !' એમ વિચારી એ ભડભડ સળગતી ચિંતામાં મેં પણ ઝંપલાવી દીધું.''

પારધી જ્યારે આ કહી રહ્યો છે, એ વખતે ચક્રવાક-પદ્મદેવને જાતિસ્મરણ જ્ઞાનથી પોતે ચક્રવાક અને પ્રિયા ચક્રવાકી આવી આવી રીતે મરેલા એ ખ્યાલ તો હતો જ, એનાં પર હવે આ ખ્યાલ આવ્યો કે પારધીએ પણ અમારી પાછળ સળગતી ચિતામાં ઝંપલાવી દેવાનું મહાસાહસ કરેલું ! એટલે મનને શંકા પડી કે 'શું પેલો ચોર પૂર્વે આ પારધી તો નહીં હોય ?'





દુન્યવી પ્રેમની પાછળ પંખેરા ખતમ થઈ જાય છે અને આવો હાથીનાં શિકાર કરનારો અતિક્રૂર ઘાતકી અને નિર્દય જંગલી પારધી જેવો મનુષ્ય પણ દયાની ખાતર પ્રાણની આહુતિ આપી દે છે ! તો પછી આપણે તો આર્ય મનુષ્ય આપણને દેવ-ગુરુ-ધર્મમાં એવો રાગ ક્યાં છે, કે જરૂર પડે એમની ખાતર પ્રાણ પણ આપી દઈએ ? અરે ! એવો પ્રાણનો ભોગ તો પછી, પરંતુ

**એમની ખાતર થોડો પણ તન-ધન-સુખ-સગવડનો ભોગ આપી ધર્મ કરવાની એટલી બધી ઉમેદ કોડ ક્યાં છે ?**

આજે ભલે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા ન હોય, તો પણ જ્યાં એકબીજાનાં ઉપર દુન્યવી અતિશય રાગના દાવા કરાય છે, પરંતુ પ્રેમીનાં એવાં કોઈ ભયંકર દર્દથી, યા એવાં ભયંકર અકસ્માતથી, કે બીજા કોઈ દુન્યવી ભયંકર સંયોગ ઊભા થવા પર મોત થતાં, એની પાછળ જાતે મોત વધાવી લેનાર પ્રેમી કેટલા ? અને દેવ-ગુરુ-ધર્મને સમજીને પ્રાપ્ત કર્યો હોય, એ કદાચ મરેલા અત્યંત પ્રિયની પાછળ એવો ખોટો આપઘાત ન કરે, તો પણ સંસાર-ઘરવાસનો ત્યાગ કરીને ચારિત્ર માર્ગે નીકળી જનારા પ્રેમી કેટલા ?

**દુન્યવી પ્રેમ ઢોંગધતુરો કેમ ? :-**

આ શું બતાવે છે ? એ જ કે એવો આપઘાત નહીં કરનારા ધર્મહીન મનુષ્યોને, યા ચારિત્ર-માર્ગ નહીં અપનાવનારા ધર્મી મનુષ્યોને, પોતાનાં મરેલા પ્રિય કરતાં પોતાના રંગરાગ અને માલ-મિલકત-પરિવાર ઉપર અતિશય વધારે ગાઢ રાગ છે. માટે તો જો પોતે પુરુષ હશે તો મરેલી અત્યંત પ્રિય પત્ની ઉપર બીજી પત્ની કરી રંગરાગ-વિલાસમાં મહાલશે ! 'તમારા પર અમને અતિશય રાગ છે,' એ બધા તો ઢોંગી પ્રેમનાં ટાયલા અને લવારા છે, એ આ પરથી સાબિત થાય છે...

એટલે જ ત્રિભુવનગુરુ ભગવાન શ્રી મહાવીર પરમાત્માની દેશના સાંભળીને ૩૨ ક્રોડ સોનૈયાનો અને દેવાંગનાશી ૩૨ યુવાન રમણીઓનો માલિક, તથા માતાને એકનો એક પુત્ર, ધન્યકુમાર વૈરાગ્ય પામી ગયો ! અને ઘરે આવીને માતાને ને પત્નીઓને પોતાનો ચારિત્ર લેવાનો નિર્ધાર જાહેર કરે છે ! ત્યાં માતા અને પત્નીઓ કલ્પાંત સાથે તેમ ન કરવા સમજાવે છે. પત્નીઓ કહે છે. કે,

**''બખશો (બક્ષો) ગુના અબળા તુમચી, પ્રીતમ પ્રાણાધાર.**
**વિણ અપરાધે વહાલા એવો, ક્યાં દ્યો ટાઢો માર...''**

ઈત્યાદિ અઢળક પ્રેમના બોલ સંભળાવે છે; ત્યારે ધન્યકુમાર કહે છે કે,

**"કહે ધન્નો કામિની પ્રત્યે; કાજ ન આવે કોય રે,**
**પરભવ જાતાં જીવને, મેં વાત વિચારી જોય રે.**
**માતા પિતા ભાઈ બેનડી, સહુ કુટુંબ તણો પરિવાર રે,**
**સ્વારથનાં સહુ કો' સગાં, મિલિયા છે સંસાર રે..."**

અર્થાત્ જીવને પરલોકે જતાં અહીંનું કોઈ સગું કામ આવતું નથી. ન તો એ સગા પર આવી ઊભેલા મોતની કારમી સજામાંથી એને બચાવી શકતું, કે ન તો મૃત્યુ બાદ પરલોકમાં સથવારો કરતું.

એટલું જ નહીં પણ મરનાર જીવને પરલોકે જવાનું થાય ત્યારે, ત્યાં એને શું કામ લાગે ?

**માત્ર જીવનમાં કરેલાં એવા જંગી પુણ્ય પરલોકે કામ લાગે.**

**એવા જંગી પુણ્યની કમાઈ કરાવી આપવા પણ અહીં જીવતાં કોઈ સગા તૈયાર હોતા નથી !**

સગાઓનો તો આ સગાના જીવતાં માત્ર એની પાસેથી એનાં પુણ્ય વટાવરાવી, પોતાની સુખ-સગવડ સાધી લેવાની જ એક માત્ર તમન્ના રહે છે. એનો અર્થ એ, કે આ સંસારમાં માતા-પિતા-ભાઈ-બેન વગેરે આખો કુટુંબ પરિવાર જીવને જે મળ્યો છે, તે એ સગા જીવનું કલ્યાણ કરાવવા માટે એટલે કે જેમ નહિ, પણ પોતાના દેહનું કલ્યાણ એની પાસેથી આંચકી લેવા માટે મળ્યો છે.

ખરી વાત એ છે કે માણસને પોતાને જ પોતાના ને કુટુંબના દેહકલ્યાણની પડી છે, એમ પોતાના ને પરનાં આત્મકલ્યાણની પડી નથી ! કદાચ ધર્મ કરશે તો પાપોના આટામાં લૂણ જેટલો ! એટલે જ દા.ત. જુઓ કે, દેરાસરમાં કદાચ ભગવાનને પ્રક્ષાલ કરવાના દૂધના દેધડામાં દીધની મૂતરાવશે, અને કુટુંબી દરેકને પીવાા મોટા કટોરા ધરાશે !

**એજ રીતે અહીં પૂર્વના ધર્મની લગભગ બધી કમાઈ કુટુંબના રાગમાં હોમવાનું કરશે !**

**આવા જીવો મરતી વખતે પણ દેવ-ગુરુ-ધર્મના ખોળે કેટલું નાખવાના ?**

**મુમુક્ષુને ધર્મરાગની પરીક્ષા :-**

એક મુમુક્ષુ આવીને કહે 'સાહેબ ! હવે દીક્ષા લેવાનું નક્કી કર્યું છે, અને સંસારની ખટપટ બધી પતાવી દીધી છે.'

ત્યારે એ કહે 'જુઓને સાહેબ ! બૈરી અને ૪ છોકરા છે, મારી પાસે બે લાખની મૂડી, તે એક એકને ૪૦-૪૦ હજાર વહેંચી દીધા.'



મેં કહ્યું, 'મહાનુભાવ ! મૂડીના પાંચ ભાગ પાડ્યા એમાં છઠ્ઠો ધર્મનો ભાગ કેમ ન રાખ્યો ? પાંચને બદલે છ ની વચ્ચે બે લાખ વહેંચ્યા હોત, તો એક એક દીકરાને ૪૦ હજારને બદલે ૩૩-૩૩ હજાર આવતે. એમાં એને શી મોટી ખોટ પડવાની હતી ? ધર્મને ફાળે ૩૩ હજારનું સુકૃત તો કરી શકાત ને ?' આનો શો જવાબ આપે ? એ જ ને કે 'સાહેબ ! આ ખ્યાલ ન રહ્યો.'

દુનિયાની આ સ્થિતિ છે કે દાખલા તરીકે ઘરમાં ૬ માણસનું કુટુંબ હોય, તો એક એક કુટુંબીની પાછળ કરાતા ખર્ચ જેટલું પણ ધર્મની પાછળ ખર્ચાતું નથી ! અને દેવ-ગુરુ-ધર્મને ભૂલીને આ સગાઓનો સ્વાર્થ સાધવા પાછળ સઘળું હોમી દેનારો, જો દિવાળીમાં માંદો હોય, તો એનાં ભાગે માત્ર મગનું પાણી અને ચા-ઉકાળો હોય છે. ત્યારે કુટુંબ આખું દિવાળીનાં માલની મિજબાની ઉડાવે છે ! અથવા એ મરવા પડે ત્યારે કુટંબીઓ આંખમાંથી આંસુ પાડશે, પણ સાથે પોતાના ભાગના વીલ પર મરવા પડેલાની સહી કરાવી લેવા દોડા દોડ કરશે ! કિન્તુ કોઈ 'લાવો એમની પાછળ મોટું સુકૃત જાહેર કરી, એમને પરલોક જવા ટાણે એમને સમાધિ આપવા ભરચક પુણ્યનું ભાતું બંધાવો.' એવું કોઈ રહેતું નથી.

ધન્યકુમાર એટલે જ કહી રહ્યો છે કે 'સ્વારથનાં સહુ કો' સગા-મિલિયા છે સંસારે રે.' જ્યાં નકરા સ્વાર્થની જ માયા હોય, ત્યાં કદાચ એ બહુ પ્રિય માનેલો સગો ભયંકર આગ અકસ્માત્ કે રોગથી મરે એની પાછળ મરવાની તો વાત દૂર, પરંતુ ખાનપાનાદિ કશા સુખનો ભોગ આપવાની યે વાત રહેતી નથી ! ત્યારે અહીં

**ચક્રવાકી અને પારધીએ જે ભોગ આપ્યો એ ધડો લેવા લાયક બને છે.**

આપણે ભલે મરનારની પાછળ અજ્ઞાનતાથી આપઘાત ન કરીએ, કિન્તુ સંસાર ત્યાગ કરવો યા તો જીવનભરનું બ્રહ્મચર્ય લેવું...વગેરે કોઈ પ્રબળ ત્યાગ કેમ ન બને ?

તરંગવતી પારધીની આત્મ-કથા સાંભળતાં, પોતાની પાછળ એણે જીવતાં બળી મરવાનું જે પોતાની જાતનો ભોગ આપ્યો, એ સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે !

**પારધી મરીને વણિક :-**

પારધી હવે આગળ કહે છે કે "મારા મનમાં મરતી વખતે મારા પાપનો ખૂબ પસ્તાવો હતો, મારી પાપી જાત ઉપર અત્યંત દુગંચ્છા યાને ઘૃણા હતી, તેમજ દિલમાં અનુકંપા અને પાપ-પશ્ચાત્તાપથી ધર્મની શ્રદ્ધા થયેલી, એમ વિશુદ્ધ પરિણામનાં કારણે હું મરીને મનુષ્ય અવતાર પામ્યો, કાશી દેશ **વારાણસી** નગરીમાં

એક વણિક શ્રેષ્ઠીનાં કુલમાં મારો જન્મ થયો, મારું નામ **રૂદ્રયશ** રાખવામાં આવ્યું. મોટો થતાં લેખન-ગણિત વગેરે કળાઓ શીખ્યો.

**જુગાર કેટલાં પાપ લાવે ? : ખાનદાન પણ ખૂની ! :-**

પરંતુ કમનસીબી એવી થઈ કે હું જુગારના માર્ગે ચડી ગયો, અને એને લીધે સર્વ પ્રકારનાં દોષોની આદત પડી ગઈ. ઉત્તમ કુળનો છતાં ચોરીનો રંજ રહ્યો નહીં ! જરૂર પડ્યે બીજાને મારવામાં પણ સંકોચ રહ્યો નહીં ! આવા જુગાર ચોરી હિંસા વગેરેનાં પાપોથી જનસમાજમાં હું દુગુંચ્છિત અને ઘૃણાપાત્ર બની ગયો ! જ્યાં જાઉં ત્યાં મને ધુત્કાર જ મળે ! છતાં હું તલવાર લઈને જ ફરતો. સૌ કોઈ મારાથી ડરે, અને મોં મચકોડીને મારાથી આઘા જાય. પરંતુ એવાં એકલા અટૂલા પડી ગયેલા મારે એવા ચારે બાજુના ઘૃણા-તિરસ્કારનાં વાતાવરણમાં શી રીતે દહાડા જાય ? એટલે હું ત્યાંથી નીકળી ગયો, અને બીજો કોઈ આશ્રય દેખ્યો નહીં, એટલે હું વિંધ્યાચળની અટવીમાં **ચોરોની પલ્લીમાં પહોંચી ગયો !.**

જે ચોરો હાથમાં શસ્ત્ર લઈને ફરતા હતા. અને અનેક પ્રકારની વંચનાઓ-લુચ્ચાઈ-ઠગાઈ કરી કરીને લોકોને લૂંટતા હતા, એમનામાં ધર્મ કે દયા જેવું કાંઈ હતું જ નહીં, એથી જ એ કેટલાય બ્રાહ્મણો સાધુઓ અને સ્ત્રીઓને પકડીને બાંધી લાવતા ! તે ચોરોની સેનામાં હું ચોર તરીકે દાખલ થયો, અને એક શૂરવીર અને સત્ત્વપ્રિય ચોર તરીકે પલ્લીમાં ગવાવા લાગ્યો. ત્યારે ચોરોનાં સેનાપતિએ મને આવકારથી બોલાવ્યો, મને માન આપ્યું, અને ત્યાં મને રાખી લીધો. હું હવે નિર્દય અને પાપનાં બિલકુલ ભય વિનાનો થઈ ગયેલો, ત્યાં રહેતો હતો. ત્યારે ત્યાં પકડી લાવેલાનાં ઉપર નિર્દયતાથી ચોકી કરવા વગેરે પાપ-સુભટનાં પરાક્રમથી ચોરોમાં મેં સારી કીર્તિ જમાવી ! એટલે સેનાપતિ મારો સંગ છોડતો નહોતો; મને પાસે જ રાખે ! અને હું પણ બહુ બળવાન તરીકે, ને અત્યંત નિર્દય તરીકે, અને જમરાજના પુત્ર તરીકે નામ પ્રસિદ્ધ થઈ ગયું ! એ લોકો ચોરી-લૂંટફાટ કરવાની ન હોય ત્યારે નવરા બેઠા શું કરે ? તે ચોપાટ જુગાર ખેલતા હતા. જુગારમાં તો હું પહેલેથી જ પાવરધો તો થઈ ગયેલો જ હતો, એટલે સચોટ દાવ નાખનાર અને વિજેતા બનનાર તરીકે ચોરો મારું સન્માન કરતા.

**માણસને માન-સન્માન કેવું મારે છે !** પાપના ધંધા કરતાં માન મળે છે, તો પાપ વધુ અને જોરદાર કરવાનો પાનો ચડે છે ! આ હિસાબે ધ્યાન રાખવા જેવું છે કે ધર્મ કે સુકૃત કરતાં માન મળ્યું, પણ જો આ માન-સન્માનથી હરખાયા, તો અવસરે પાપના કામમાં પણ સન્માન મળતાં પાપમાં તેજી આવશે ! જેના પર પરલોક મહાભૂંડો સરજાશે !



એકવાર એવું બન્યું કે ચોરો એક ખૂબસુરત યુવાન જોડલું યાને સ્ત્રી-પુરુષને પલ્લીમાં પકડી લાવ્યા; અને એ યુવાન-યુવતી એમની માન્ય કરેલી દેવી કાત્યાયની માટે બલિદાનના પશુ તરીકે સંકલ્પિત કરાયા ! પરંતુ ચોરોનાં સેનાપતિએ એ જોડલામાંની યુવાન સ્ત્રી જે અપ્સરા જેવી સુંદર બદનવાળી હતી, અને ચોરોનાં પણ હૃદયને આકર્ષી લેનારી હતી, એને દેવી કાત્યાયનીનાં ભયથી 'આ સ્ત્રી જાત છે માટે અવધ્ય છે' એથી બલિદાન તરીકે દેવી આગળ ધરવાની એની હિંમત ચાલી નહીં. એ જોડલાને પકડી લાવતાં અલબત ઝવેરાત ભરેલી પેટી ચોરોને મળી ગયેલી, તે સેનાપતિને સોંપી દીધેલી. એટલે પણ ઝાઝું ધન મળી ગયું હોવાથી, સેનાપતિએ યુવતીનું બલિદાન દેવાનું માંડી વાળેલું; અને જોડલામાંના યુવાન પુરુષને સેનાપતિએ ૨-૩ દિન પછી નોમના દિવસે આનું દેવીની આગળ એક પશુ તરીકે બલિદાન આપવું, એમ જાહેર કરેલું.

એમ કરીને એ બંનેને પાકી રક્ષા માટે મને સોંપવામાં આવ્યા. હું એ બંનેને પલ્લી-અંદરની એક પડાલીમાં લઈ ગયો. એમાં પુરુષને મેં એની પીઠ પાછળ એના બે હાથ બાંધી ભીંત પાસે લઈ જઈ, એ પુરુષને બંધન ખીંટીએ લટકાવી જમીન પર ઊભો રાખ્યો. એ વખતે એ સ્ત્રી કારમું રુદન કરતી હતી, પરંતુ મને કાંઈ એની દયા આવી નહીં; ઉપરથી એ પુરુષના હાથ બાંધતી વખતે એ સ્ત્રી રોકવા આવી તો મેં એને લાત મારીને દૂર ધકેલી ! પુરુષને બરાબર બાંધેલા હાથે જકડી ઊભો રાખીને હું બાજુની પડાળીમાં ચાલ્યો ગયો. ત્યારે એ તરુણી કારમા રુદન કરતી, બીજા પણ બંદી તરીકે પકડાયેલા લોકોને રડાવી રહી હતી. એ રુદન સાંભળી મને એની કશી દયા ન આવી.

હું જ્યારે ત્યાંથી ખસી ગયો એટલે બંદીજનો એ આશ્ચર્ય પામી અનુકંપાથી એને પૂછ્યું,

'અરે બેન ! તમે અહીં ક્યાંથી ?'

એ વખતે એ સ્ત્રીએ મૂળ ચક્રવાકીનાં પૂર્વભવથી માંડીને બધી વાત કહેવા માંડી. અલબત હું ત્યાં બેઠો નહોતો. પરંતુ એનો અવાજ બાજુની પડાળીમાં જ્યાં હું બેઠો હતો ત્યાં સંભળાતો હતો. એમાં એ તરુણી કહી રહી હતી કે

**તરુણીનું આત્મનિવેદન :-**

એકવાર કોઈ પારધીએ મારા પ્રિય ચક્રવાકને અજાણ્યે હણી નાંખ્યો, પણ પછીથી એને પશ્ચાત્તાપ થયો એટલે એણે મારા પ્રિયનાં મરેલા શરીરનો અગ્નિ-સંસ્કાર કર્યો ! અને એ અગ્નિની ચિતામાં ઝંપલાવી હું પણ બળીને ખાખ થઈ ગઈ ! અને ત્યાંથી મરીને અહીં કોશાંબીમાં મોટા શેઠનાં ઘરમાં સાત દીકરા ઉપર

બહુ માનીતી દીકરી તરીકે જન્મી. વખત જતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું, અને મારા પૂર્વના અતિ પ્રિય ચક્રવાકનાં જીવને શોધી કાઢવાની લગન લાગી. એ માટે મેં પૂર્વના ભવનો ચિત્રપટ તૈયાર કર્યો. એના એજ નગરમાં મારો પ્રિય ચક્રવાક એક મોટા સાર્થવાહ વેપારીના પુત્ર પદ્મદેવ તરીકે જન્મેલો ! તે એ પણ ચિત્રપટનાં દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન પામીને મૂર્છિત થયેલો ! એ પરથી લાગ્યું કે આ જ મારો પૂર્વનો પ્રિયતમ ચક્રવાક એ તરીકે નિર્ધાર થયો. પછી એકબીજાની ઓળખ થઈ ગઈ એટલે, એ સાર્થવાહ-પુત્ર પદ્મદેવના આગ્રહથી, એના પિતા મારા પિતા પાસે મારી માગણી કરવા આવ્યા, મારું નામ તરંગવતી, પરંતુ મારા પિતાએ ઘસીને ના પાડી દીધી તેથી રાત્રિના હું મારી સહિયર દાસી સાથે પ્રિયતમના ઘરે ગઈ અને બંને જણ, જે એકબીજા વિના આપઘાત કરવાના વિચારમાં હતા, પણ હવે મિલન થયા પછી એમજ મરી જવું એના કરતાં, 'ચાલો બંને અહીંથી ભાગી જઈએ,' એમ કરીને વડીલોનાં ભયથી ગુપ્ત રીતે અમે બંને ત્યાંથી ભાગી છૂટ્યા, અને નાવડામાં જોરદાર વેગથી આ બાજુ આવી રહ્યા હતા, ત્યાં ચોરોએ અમને પકડ્યા, અને અમારા સાથે જે અમારી પાસે કિંમતી ઝવેરાતનો ડબો હતો તે ઝુંટવી લીધો ! અને બંનેને હાથ બાંધીને કેદી તરીકે અહીં લઈ આવ્યા...આ બોલતાં બોલતાં એ યુવતી ભારે હૃદયફાટ રુદન કરી રહી હતી, અને બંદીજનોને પણ રોવરાવી રહી હતી.''

પેલા મુનિ તરંગવતી અને પદ્મદેવને પોતાનો આ અધિકાર બતાવી રહ્યા છે, એમાં હવે એ કહે છે કે 'હું મૂળ ઉત્તમ કુળનો ખાનદાન વણિક પુત્ર જુગારના વ્યસનથી નિર્દય ચોર બની ગયેલો, અને આ બંનેને ચોરની પલ્લીમાં સેનાપતિએ મને સોંપવાથી, મેં નિર્દયપણે આ લોકોને કબજે રાખેલા, તે હું એ યુવતીનાં રુદન સાથેનો એનો પૂર્વ અધિકાર સાંભળી રહ્યો હતો. એની વિગતો સાંભળતાં મનેય મનમાં થયું કે ''આવું બધું મેં ક્યાંક અનુભવ્યું છે ! ક્યાં અનુભવ્યું ? ક્યાં અનુભવ્યું ?' એમ ઉહાપોહ કરતાં મને મારા પૂર્વના પારધીના ભવનું સ્મરણ થઈ ગયું ! અને મને ખ્યાલ આવી ગયો કે આજ સ્ત્રી-પુરુષનાં જોડલાના પૂર્વભવમાં એ જ ચક્રવાક-ચક્રવાકી ! એમાં ચક્રવાકને બાણથી હણનાર પારધી તરીકે હું જ હતો.'' એમ પૂર્વ જન્મ સાંભરી આવ્યાથી મને જરાક મૂર્ચ્છા આવી ગઈ. પછી મૂર્ચ્છા વળી જતાં, હું મારું પૂર્વ ચરિત્ર અને પારધીનાં પણ કુળનો એ કુળધર્મ યાદ કરું છું, ત્યારે મારા હૃદયમાં એ જોડલા પ્રત્યે ભારે કરુણા અને વાત્સલ્ય ઉભરાઈ આવ્યા ! કેમકે એ તરુણીનો કહેલો પોતાનો અધિકાર સાંભળીને મને ખાત્રી તો થઈ જ ગઈ કે, મેં હણી નાખેલ ચક્રવાક એ આ જ જોડલાનો પુરુષ, અને મેં



ચક્રવાકનાં મડદાને કરેલા અગ્નિ સંસ્કારની ચિતામાં સ્વયં ઝંપલાવી બળી મરેલી ચક્રવાકી, એ જ આ જોડલામાંની સ્ત્રી. આમ હું એ વખતનાં પારધી તરીકે આ બંનેનો મોટો ગુનેગાર, જેમ પારધીના અવતારે મારા એ ગુના પર અતિ દુઃખિત થયેલી ચક્રવાકી પર મને દયા આવેલી, તેમ અહીં પણ આ બંને ઉપર મને ભારોભાર દયા ઊભરાઈ ! એટલે મને થયું કે ''દેવી આગળ આવા જોડલાનો કાંઈ બલીદાન દેવાઈ શકાય જ નહીં; અને આ બંને અત્યારે મારા કબજામાં છે તો મારે આ લોકોને પૂર્વનાં મારા પાપનાં પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્તની રૂએ બચાવી લેવા જ જોઈએ, પછી ભલે મારે બળી જવું પડે કે મરી જવું પડે એની પરવા નહીં.''

એમ વિચારીને હું બાજુની પડાલીમાંથી આ પડાળીમાં આવ્યો, બીજા બંદીજનોને 'ભાગો અહીંથી' એમ હાકોટો કરી ત્યાંથી બીજી પડાલીઓમાં ચાલ્યા જવા હુકમ કર્યો, એટલે બધા ભાગી ગયા. પરંતુ એ લોકો ગભરાતા હશે કે 'આ પાપી હવે આ બિચારા જોડલા પર કેવો ય જુલ્મ કરશે !' પરંતુ એમને બિચારાને ક્યાં ખબર હતી કે અહીં તો જુદું જ થવાનું છે ? એ લોકો ગયા; અને મેં એ જોડલાને મારી કશી જાતિસ્મરણ જ્ઞાનની વાત કર્યા વિના દયાભર્યા હૃદયે મેં એટલું જ કહ્યું કે 'તમે ગભરાશો નહીં; હું તમને આ પલ્લીમાંથી ખાનગીમાં છોડાવીને દૂર બહાર લઈ જઈશ.' એમ કહી પુરુષનાં બંધન છોડી નાખી એને છૂટો કર્યો, અને એ તરુણ-તરુણીને ખાનગી દ્વારેથી પલ્લીમાંથી અંધારી રાતે બહાર લઈ ગયો; અને જંગલનાં રસ્તે લાંબે સુધી ચલાવી એક ગામની નજીકમાં લાવી મૂક્યા. ત્યાં એ બંનેને બતાવી દીધું કે 'તમે આ દિશામાં ચાલ્યા જજો. ત્યાં તમને નિકટમાં એક ગામ મળશે. ત્યાંથી પછી પૂછીને તમારા મૂળ વતનનાં નગરે ચાલ્યા જજો, હવે હું તમારી સાથે નહીં આવી શકું.' એમ કહીને હું બીજી દિશામાં ચાલ્યો.

**સંસારની વિચિત્રતાઓ :-**

**વિચિત્ર સંસારનું આમાં કેવું અદ્‌ભુત દર્શન છે ?** જુઓ, આમાં સંસારની કેટકેટલી વિચિત્રતાઓનાં દર્શન થાય છે ?

(૧) હાથીને મારવા છોડેલું બાણ ચક્રવાકને લાગે છે ! એમાં નથી પારધીની ધારણા કે 'આને મારું,' તેમ નથી પક્ષીની ધારણા કે 'હું ઊડતાં આમ મરીશ.' આમ કલ્પના બહારનું બન્યું એ વિચિત્ર !

(૨) પારધીના કુળમાં પણ આવા નિયમ કે 'નિરાધાર થનારને નહિ મારવા, બહુ સુખરતિમાં રહેલ યુગલને નહિ મારવા,...વગેરે !

(૩) નિરાધાર થનાર ચક્રવાકીના પ્રિયને માર્યો એ નિયમ ભંગના પ્રાયશ્ચિત્તમાં પારધીનું ચિતામાં બળી મરવું !

(૪) તરંગવતી ધર્મિષ્ઠ અને મહાન તત્ત્વ વિદુષી પણ પૂર્વભવનો ચિત્રપટ્ટથી પ્રિય શોધી કાઢતાં, ને પછી બાપે એને ન દેવાના લીધે આપઘાતની તૈયારી !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૫,તા.૪-૧૦-૧૯૮૬**

(૫) તરંગવતી પદ્મદેવ બંને ભાગ્યા સુખ લેવા પણ ચોરોની પલ્લીમાં સપડાયા.

(૬) પલ્લીમાં દેવીને પદ્મદેવનો ભોગ આપવાનું નક્કી થઈ ગયેલ, ત્યાં બીજા બંદીજનોને ઉદ્દેશીને તરંગવતીએ કહેલ આત્મકથા ભીંત ઓઠે એ રક્ષક ચોરના સાંભળવામાં આવે, અને એને જાતિસ્મરણ થાય, ને એમાં વળી પોતે જ પૂર્વનો પારધી નીકળે ! આ કેવી વિચિત્રતા !

(૭) ચોરને દયા આવે અને બંનેને કેદમાંથી ભગાડી લઈ જાય !

(૮) પારધી આગળ પર પૂર્વધર મહામુનિ થનાર છે !

આ સૂચવે છે કે

**(૧) સંસારના શા ભરોસા ? (૨) માણસ ગુમાન શું જોઈને રાખે ? :-**

**પારધીને ઉચ્ચ મનુષ્ય અવતાર કેમ ? :-**

અહીં એક પ્રશ્ન થાય, કે અહીં મુનિએ જે તરંગવતીના પહેલાનાં ચક્રવાકી-પંખેરાનાં અવતારમાં પોતે પારધી થઈને ત્યાં આવેલો અને એણે હાથીના શિકારનાં લક્ષ્યે છોડેલા બાણથી બિચારું ચક્રવાક પક્ષી વિંધાઈ ગયું, એના પર જે એને પશ્ચાત્તાપ થયો અને એજ ચક્રવાકના અગ્નિ-સંસ્કારની ચિતામાં જે એણે ઝુકી પડવાનું કર્યું, અને એથી જ પોતે બીજા જન્મમાં રુડો વણિકનો અવતાર પામ્યો, આમાં એ જોવાનું છે કે જીવનમાં બીજી કોઈ ધર્મસાધના નથી અને છતાં પણ એ જીવન પછીના ભવમાં એને સારો મનુષ્ય અવતાર કેમ મળ્યો ?

આ પ્રશ્નના ઉત્તરમાં બે વાત મળે છે, (૧) શિકારીના જીવનમાં પણ એના બાપે તેવા તેવા રાગાધીનને, યા આશ્રિત જીવન જીવનારને વગેરેને વિયોગ-કષ્ટ-દુઃખ નહીં આપવાનો કુળધર્મ બતાવ્યો, એજ મોટી વિશેષતા હતી. જીવન શિકારીનું અને **'બીજાને દુઃખ નહીં આપવું'** એ નિર્ધાર પણ નાનો સૂનો ધર્મ નથી. પછી ભલે બધાની પ્રત્યે દુઃખ ન આપવાનો વર્તાવ ન કરી શકે, છતાં થોડાને પણ દુઃખ ન આપવું એવી જે બુદ્ધિ છે, તો એ ધર્મની બુદ્ધિ છે. માણસ એક બાજુ ઉપવાસાદિ તપ-સામાયિક-પૂજા...વગેરે ધર્મ કરતો હોય, પરંતુ બીજી બાજુ એવા આશ્રિત કે રાગબદ્ધ જીવોને વિયોગ કરાવી કારમા સંતાપમાં મૂકતો હોય, એ ભારે મોટી



નિર્ઘૃણતા-નિર્દયતા-ક્રૂરતા છે. એવા

**નિર્દય ક્રૂર પરિણામમાં બધાય તપ-જપ-પ્રભુપૂજા વગેરેનાં ધર્મ નિર્માલ્ય બની જાય છે.**

**કિંમત આત્માના પરદ્રોહ-રહિત અને દયામય કોમળ પરિણામની છે.**

પૂજા-સામાયિક તપશ્ચર્યા કરવા છતાં જો આવા દ્રોહ રહિત કોમળ દયામય પરિણામ આત્મામાં ન જાગે, તો એણે તપશ્ચર્યાદિ ધર્મથી શું મેળવ્યું ?

**હાથીને કેમ ઉત્તમ મનુષ્યભવ ? :-**

મેઘકુમારનો જીવ હાથી બીજો કશો ધર્મ નહોતો પામ્યો, છતાં ખણવા માટે પોતાના ઊંચા કરેલ એક પગ નીચે જગ્યા થવાથી, બાજુમાં ભીચડાઈ રહેલ એક સસલું જીવંત રહેવાના વિશ્વાસે એમાં ગોઠવાઈ ગયું, ત્યાં જીવતો રહેવાના વિશ્વાસે રહેલ સસલાની ઉપર પગ મૂકવામાં એનો વિશ્વાસભંગ થાય, દ્રોહ થાય, તેમજ એ કચરાઈ મરે એમાં એને કારમું દુઃખ થાય. પોતાને તો માત્ર સરખો પગ મૂકી સ્વસ્થ ઊભા રહેવાનું થાય એટલું જ સુખ; અને પગ ન મૂકે એમાં થોડી અસ્વસ્થતા થાય એટલું જ દુઃખ; જ્યારે પેલા નાના જીવને બિચારાને તો ઠેઠ કચરાઈ મરવા સુધીનું કારમું દુઃખ ! એ કારમું દુઃખ દેવાના ક્રૂર પરિણામ કેમ જ કરાય ?' આ વિચાર પર હાથીને દયામય કોમળ પરિણામ થયા ! અને પોતે પગ ઊંચો રાખી સસલાને સુખશાંતિમાં રહેવા દીધો, તેમજ પોતાને મરણાંત દુઃખ આવ્યું તો સસલા પર કચવાટ વિના એ મરણનું દુઃખ સહી લીધું ! એ કેવો ખરેખર ઉચ્ચ ધર્મ સધાયો ? તો જ ઊંચો મેઘકુમારનો માનવ અવતાર મળ્યો ને ? એ મહાવીર ભગવાને મેઘકુમારને જે યાદ દેવરાવ્યું કે

**'एवं खलु भो मेहा । ताए पाणानुकंपाए परित्ती कओ ते संसारो ।'**

અર્થાત્ 'હે મેઘકુમાર ! એ રીતે તેં જીવ ઉપર દયા કરવાનો મહાન ધર્મ સાધ્યો, એનાથી તેં તારા સંસારને મર્યાદિત કરી નાખ્યો !' આમ હાથીનાં જીવનમાં બીજો દેવદર્શન-પૂજા, સામાયિક, ઉપવાસાદિ તપસ્યા વગેરેનો કશો ધર્મ ન હોવા છતાં આ બીજાનાં દુઃખ પર દયામય વિચાર અને એની રક્ષા કરવાનો કોમળ પરિણામ, એ એના માટે મહાન ધર્મ બની ગયો ! ત્યારે જ તો ત્યાંથી સીધો મગધનરેશ શ્રેણિક રાજાને ત્યાં રાજપુત્ર મેઘકુમાર તરીકેનો ભવ્ય મનુષ્ય અવતાર મળે ને ? અને અનંત સંસારનો સંક્ષેપ થઈ જઈ માત્ર ત્રણ ભવમાં એનો સંસાર સીમિત થઈ જાય ને ?

**મહાન ધર્મ વિના આવા મહાન ઈનામ ન મળે !**

પરનો દ્રોહ નહીં કરવાની અને નાના પણ જીવની દયા રક્ષા ચિંતવવાની

તથા તે પ્રમાણે પ્રયત્ન કરવાની બુદ્ધિ જો પશુના અવતારે લાવી શકે તો આપણે તો ઊંચા મનુષ્ય અવતારમાં છીએ છતાં આવી બુદ્ધિ ન લાવી શકીએ એ કેટલી મોટી કમનસીબી ! અને હૈયાની કેટલી બધી નિષ્ઠુરતા ! કેવીક પરલોક-નિરપેક્ષતા ! તથા મળેલા જૈન શાસનની આપણી કેવી બેકદર ! કેવી અવમૂલ્યાંકનતા ! કે એનો સદુપયોગ ન કરીએ ?

**સાપ-સમડી વગેરેને પરદ્રોહ-નિવારણ ક્યાં હતા ? :-**

**પ્ર.-** (૧) કમઠનાં લાકડાના સાપને ક્યાં આવા પરદ્રોહ નિવારણની અને દયાની બુદ્ધિનાં પરિણામ હતા ? છતાં એ મનુષ્ય તો શું, પણ એથી ઊંચી પુણ્યાઈવાળા ધરણેન્દ્ર દેવનો અવતાર કેમ પામ્યો ? તેમજ (૨) તીર ભોંકાયેલી શિકારી સમડી અને (૩) મરવા પડેલા બળદને ક્યાં એવા પરદ્રોહ વિનાના દયામય પરિણામ હતા ? કે સમડી મરીને સુદર્શના રાજકુમારીનો તથા બળદ મરીને ક્રમશઃ આગળ જતાં વાલિ રાજાના ભાઈ સુગ્રીવનો અવતાર પામ્યા ?

ઉ.- (૧) પહેલી વાત આ છે, કે એ ત્રણેય જે નવકાર શ્રવણમાં એકતાન થયા, એણે એમના પરિણામ કોમળ બનાવ્યા. (૨) બીજી વાત એ કે સાથે પોતે પોતાને બાળી નાખનાર તાપસ પ્રત્યે સહેજ પણ રોષ ન રાખ્યો, એ એનાં કોમળ શુભ પરિણામનું સૂચક છે. એવું જ સમડીએ પોતે બાણથી પોતાને ભેદી નાખનાર શિકારી પ્રત્યે રોષ ન રાખ્યો, તેમજ બળદને મરણાંત પીડામાં ત્યાં રસ્તેથી પસાર થતાં સેંકડો માણસોમાંથી કોઈને પણ જે બળદને જરાક આશ્વાસન આપવાની ય પરવા જ નહોતા કરતા, એમના પ્રત્યે રોષનો પરિણામ ન થયો, અને આ બધા નવકાર મંત્ર સાંભળવામાં એકતાન બની ગયા, એ એમનો મહાન ધર્મ હતો.

**અંતકાલે બીજા પ્રત્યે રોષ વગેરે ટાળીને નવકાર મંત્રમાં એકતાન થવું,` એક અદ્ભુત ધર્મ-સાધના છે !**

જે તિર્યંચ જેવાનેય મનુષ્ય અવતાર અને આગળ વધીને દેવ અવતાર અપાવે છે ! અહીં એક પ્રશ્ન ઉઠે છે,

**કમઠના સાપને મળેલા નવકાર સાથે શી વિશિષ્ટતા ? :-**

**પ્ર.-** સમડી અને બળદની સાપની જેમજ એજ નવકાર સાંભળવા મળેલો, એમાં સમડીને સાધુ મહારાજનાં મુખે તથા બળદને શ્રાવકનાં મુખે નવકાર બોલાતો સાંભળવા મળેલો, છતાં કેમ એમને મનુષ્ય જ અવતાર ? જ્યારે સાપને તો પાર્શ્વકુમારના નોકરમાણસનાં મુખે બોલાતો નવકાર સાંભળવા મળેલો, છતાં એને દેવનો અવતાર કેમ ? સાપને અનંતકાળે નવકાર-શ્રમણ ઉપરાંત એવી તે શી વિશેષતા મળેલી જે એને ઇંદ્રનો અવતાર આપે ?



ઉ.- અહીં વિશેષતામાં બે કારણ છે **(૧) એક તો નવકાર ગમે તેનાં મુખે સાંભળવા મળે પરંતુ પોતાની નવકારનાં અક્ષર પર શ્રદ્ધા કેટલા પ્રમાણમાં છે, એનાં પર ફળનો મોટો આધાર છે.**

શ્રદ્ધા કહેવાથી, એ એક જ સ્વરૂપની નથી હોતી, પણ એની સાથે ભક્તિ-બહુમાન-સંવેગ કેટલા પ્રમાણમાં છે, એનાં પર શ્રદ્ધાની ટકાવારી, શ્રદ્ધાની તરતમતા મપાય છે. તો અહીં સાપને વિશેષતામાં એક કારણ તો આ કે સંભવ છે કે સાપને ઊંચી કોટિની શ્રદ્ધા થઈ ગઈ હોય ! એવી સમડી અને બળદને ન થઈ હોય; તેથી આ બેને મનુષ્ય અવતાર, અને સાપને દેવ અવતાર મળ્યો !

(૨) બીજું કારણ એ છે કે સાપને નવકાર-શ્રવણ સાથે તીર્થંકર થનાર ખુદ પાર્શ્વકુમારનાં દયા અને શમરસ ભરેલાં મુખારવિંદનું દર્શન મળ્યું ! આ દર્શને પણ એનાં શ્રદ્ધા-સંવેગ-ભક્તિ બહુમાનનાં પરિણામમાં ખૂબ જ વૃદ્ધિ કરી નાખી ! એટલે દેવનો ય માત્ર સામાન્ય અવતાર નહીં, કિન્તુ ઈન્દ્રપણાનો અવતાર મળ્યો !

**મરતાને નવકાર-શ્રવણ ઉપરાંત :-**

આ પરથી આ શીખવા મળે છે કે તમે મરવા પડેલાને માત્ર નવકાર શ્રવણ કરાવો એટલેથી બસ નથી, પરંતુ એની સાથે એની નજર સામે જો અરિહંતનો ફોટો રાખો, ફોટાનું દર્શન યાને અરિહંતનું દર્શન કરાવતા રહો, એની મોટી વિશેષતા થાય છે. એવું જાતને માટે પણ એવા મૃત્યુ જેવા કપરા અવસરે સામે અરિહંતના દર્શન કરતાં કરતાં નવકાર મંત્રને યાદ કરો, એની મોટી વિશેષતા થાય છે.

**દરેક વાતે અરિહંતને કેમ આગળ કરવા ? :-**

**અરિહંત એ આ જગતની લોકોત્તર અને અદ્ભુત તથા અનન્ય કોટિની શ્રેષ્ઠ વિભૂતિ છે; શ્રેષ્ઠ આલંબન છે કે જેના સહારે આપણા (૧) જનમ જનમનાં કર્મ સાફ થઈ જાય ! ને (૨) રાગ-દ્વેષ-મોહ વગેરે ભયંકર ખરાબીઓ નષ્ટ થઈ જાય !**

**એટલે જ જીવનની દરેક પ્રવૃત્તિમાં અરિહંતને આગળ કરવાના છે.**

પછી ભલે મોટો વેપાર કરવા જતા હો, તો પણ સફળતા મળે એ માટે અરિહંતનું સ્મરણ, પરમેષ્ઠી નમસ્કાર, ગૌતમનામ-ગ્રહણ, તથા દેવ-ગુરુની પૂજા-ભક્તિ કરીને જવાનું એમ શ્રી 'શ્રાદ્ધવિધિ' 'ધર્મસંગ્રહ' વગેરે મહાન શાસ્ત્રો કહે છે.

**શાસ્ત્રકારોની એક જ વાત છે કે જીવનમાં ઠામઠામ અરિહંત પ્રભુને પ્રધાન બનાવો મુખ્ય કરો.**

**શાસ્ત્રોની અવગણના-ઓળવવાનું ક્યાં થાય ? :-**

ત્યાં જો એવું કરનારને એમ કહેવા બેસે કે "તું મોક્ષના આશયથી અરિહંતનું

સ્મરણ-પૂજા-ભક્તિ નથી કરતો ? સંસારના કાર્યના આશયથી એ કરે છે ? તો જા, તારા ભાવ મેલા છે, તારો મલિન આશય છે, અને આવા મલિન આશયથી આ તારા અરિહંતનાં સ્મરણ-પૂજા-ભક્તિ-પરમેષ્ઠીનમસ્કાર વગેરે ધર્મ એ ધર્મ નહીં પણ અધર્મ છે; એવો ધર્મનાં નામે અધર્મ કરીને તું નરકાદિ દુર્ગતિના પાપ બાંધી રહ્યો છે; અને એમ કરીને તું સંસારમાં રીબાઈ રીબાઈને મરીશ,'' આવું જો કોઈ ભાષણ કે લેખન કરે તો તે જૈન શાસ્ત્રોની અવગણના કરે છે, શાસ્ત્રોને ઓળવે છે, કેમકે એ જૈન શાસ્ત્રોની તદ્દન વિરુદ્ધ પ્રતિપાદન છે.

**શાસ્ત્રો તો જીવનને ધર્મપ્રધાન બનાવવાનું કહે છે.**

એટલે ઠામઠામ અને મરતાં પણ અરિહંત સ્મરણાદિ ધર્મ કરવાનું કહે છે,

પેલા સાપ-સમડી-બળદને ભયંકર વેદના નવકાર મળતાં એમણે કોઈના પ્રત્યે રોષ ન રાખ્યો, એ પણ જીવો પ્રત્યે એક પ્રકારના દયામય કોમળ પરિણામ છે. તેમજ નવકારમાં લયલીનતા આવી એમાં પરદ્રોહ વગેરે અનેક પાપોની ગુલામીનાં ત્યાગનો તથા અત્યંત દુષ્ટ સંક્લેશનાં ત્યાગનો મહાન શુભ કોમળ પરિણામ છે.

**જીવનનો સાર આવા પરદ્રોહ વગેરે પાપોથી રહિત અને દુષ્ટ ચિત્તસંક્લેશ વિનાનાં કોમળ પરિણામ જાળવવા એ છે.**

એટલે ? બધો ધર્મ કરો, પરંતુ સાથે સાથે માનવજીવનનાં આ સારને ભૂલો નહીં.

પેલો પારધી એવા જ પરદ્રોહ-નિવારણ તથા સંક્લેશ ત્યાગનાં દયામય કોમળ પરિણામ તરફ વળી ગયો; એટલે આર્ય દેશમાં વણિકને ત્યાં સુંદર મનુષ્ય અવતાર પામી ગયો ! અહીં તરંગવતીના શાસ્ત્રકાર લખે છે કે, પારધી જ્યારે પોતાના નિમિત્તે ચક્રવાક-ચક્રવાકીનાં અતિ દુઃખમય મોત નીપજેલા જોઈને કંપી ઊઠ્યો, અને બળતી ચિંતામાં પોતે ઝંપલાવ્યું, ત્યારે એના દિલમાં પાપનો તીવ્ર પશ્ચાત્તાપ હતો તથા એને પોતાની જાત પર ભારે દુગંચ્છા ઊભી થઈ હતી. તેમજ પોતાને ધાર્મિક કુલાચારનો પોતે ભંગ કરવા ઉપર સંતાપ ભારે ઊભો થયેલો, કુલાચાર આ હતો કે **'તેવા તીવ્ર રાગવશ યા આશ્રય રહિત બનનારની હિંસાથી આઘા રહી એની દયા પાળવી.'** એવા સારા કુળાચાર પર શ્રદ્ધા રહી એથી, એ પોતાનાં પાપનાં પ્રતાપે નરકાદિમાં ન જતાં, સુંદર મનુષ્ય-અવતાર પામ્યો ! **પાપનાં પશ્ચાત્તાપ અને દયામય કુળધર્મની શ્રદ્ધાનો આ કેટલો બધો પ્રભાવ છે.**

**ચોર કેમ પીગળ્યો ? :-**

હવે અહીં અવતાર તો સારો મળ્યો, પરંતુ એમાં સારા કુળમાં અવતાર મળવા છતાં, અને એમાં સારા સંસ્કાર મળવા છતાં, કુસંગતે જુગારનાં વ્યસનમાં



ચડી ગયો, અને એમાં અંતે પલ્લીનો પ્રસિદ્ધ ક્રૂર રક્ષક ચોર બનવા સુધી પહોંચ્યો, અને એમાં એક યુવાન યુવતીને પકડી લાવેલા તેમાં યુવાનને મેં બાંધી ભીંત પર ખીંટીએ ટીંગાવેલો, અત્યારે એ મુનિ બનીને આપણે જોઈ ગયા કે આ પોતાનો અહેવાલ કહી રહ્યો છે કે પછી હું બાજુમાં ચાલ્યો ગયેલો ત્યારે,

**અહીં યુવતીએ કરુણ આક્રંદ કરવા માંડેલા,** ત્યાં બીજા બંદીજનોએ એને 'તમે અહીં ક્યાંથી ?' એમ પૂછેલું એટલે એણે પોતાનો પૂર્વ ભવથી અહીં સુધીનો અહેવાલ કહેતાં મને બાજુમાં એ સાંભળવા મળ્યો ! અને મને જાતિસ્મરણથી મારો પૂર્વનો પારધીનો ભવ દેખાઈ જતાં મને લાગ્યું કે 'જે ચક્રવાક-ચક્રવાકી મારા નિમિત્તથી મરેલાં, તે જ આ યુવાન જોડલું હોવું જોઈએ,' એનો મને ખૂબ પસ્તાવો થયો, અને પ્રાણના ભોગે પણ આ બંનેને બચાવી લેવાનો મેં નિર્ણય કરી એમને ગુપ્ત રસ્તે બહાર કાઢી જંગલનાં રસ્તે લઈ ચાલ્યો. એમાં રાતભર ચાલીને એક ગામ આવ્યું ત્યાં એમને છોડીને હું છૂટો પડી ગયો. હવે મને વિચાર આવ્યો કે

**'મારે ઘોર પાપોનાં ધામભૂત ચોરોની પલ્લીમાં પાછો જવાની કોઈ જરૂર નથી. મેં જે પૂર્વે સંસાર-સુખમાં રક્ત બનેલાં પંખેરાને વિયોગ કરાવેલો, એ પાપનાં પ્રાયશ્ચિતમાં અહીં મારા પ્રાણના ભોગે પણ આ બંનેને ચોરની પલ્લીમાંથી છોડાવવા.'** છોડાવ્યા એટલે એટલા પાપનું વળતર થયું.

પરંતુ એટલાથી શું થાય ? જીવન તો મારું બહુ પાપોથી ખરડાયેલું હતું, મને આગળ વિચાર આવ્યો કે **'જે રાગમૂઢ માણસ બીજાને દુઃખી કરીને સુખ મેળવવા મથે છે, તે ખરેખર પરિણામે પોતે જ મહાદુઃખી થવાનું કરી રહ્યો છે.**

**કોણ ધન્ય છે ? : ચારને મુનિપણું ? :-**

''ત્યારે તે પુરુષોને ધન્ય છે કે જે (૧) એવા જાણ્યે અજાણ્યે બીજાઓને ભારોભાર દુઃખ કરાવનારા સંસાર પર વૈરાગ્ય પામી જાય છે ! અને (૨) પત્ની-પરિવાર-સગાવહાલા વગેરેના પ્રેમનાં બંધનો તોડી નાખી, (૩) રાગદ્વેષને શાંત કરી દઈ, (૪) સુખ-દુઃખ પ્રત્યે સમતાભાવવાળી બની જાય છે ! એટલે''

**'એવું કોઈક જીવન મળે તો લઈ લેવું' કે**

(૧) જેમાં કોઈ જીવને દુઃખ ન આપવું પડે;

(૨) જેમાં પત્ની-પરિવાર-સગાવહાલા વગેરેનાં બંધન ન હોય;

(૩) જેમાં દુન્યવી પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષ ન કરવા પડે; અને

(૪) જેમાં સુખ-દુઃખ પર સમભાવ રહે, સુખ-સગવડ-અનુકૂળતાના હરખ-આકર્ષણ નહિ, તેમ દુઃખ-અગવડ-પ્રતિકૂળતાના ખેદ-અભાવ નહિ.

બસ, પરમાત્માની જ ઉપાસના હોય. આવું જીવન લઈ લેવું.

એવા વિચાર પર આવી ગયો.

**જુઓ, એક વખતના દુષ્ટ જીવન જીવનારનું પરિવર્તન !**

તરંગવતી અને પદ્મદેવને પલ્લીમાંથી બહાર કાઢતાં ચોરે છેલ્લે જે વિચાર્યું, તે એ વાત અત્યારે પોતે મુનિ બનેલ તે અહીં તરંગવતીની આગળ કહી રહ્યા છે, કે મેં તો એ સ્ત્રી-પુરુષ બંનેને માત્ર પલ્લીમાંથી છોડાવ્યા એટલું જ; પરંતુ મારી જાત માટે તો માત્ર ચોરપલ્લીમાંથી જ નહીં કિન્તુ પરને દુઃખ આપવાના પાપ ઉપરાંત જૂઠ-ચોરી-પરિગ્રહ-વિષયગૃદ્ધિ...વગેરે પાપોથી ભરેલા આ સંસારમાંથી છોડાવવાનાં વિચારોમાં ચડી જાય છે ! તે પણ માત્ર વિચારથી માંડવાળ ન કરી, કિન્તુ હવે તો એવાં પાપ ભરેલા સંસારમાંથી છૂટી જવાની તૈયારી રાખી. ક્યાં એનું ચોરપલ્લીમાંનું ક્રૂર જીવન ? અને હવે કેટલા ઊંચા વિચારમાં ચડે છે !

**શું માણસ આટલો બધો ફરી જાય ?**

હા, કેમકે અહીં તરંગવતી-પદ્મદેવનું પૂર્વ જન્મ તથા આ જન્મનું જે સાંભળ્યું અને જોયું છે, તેમજ પોતાના પૂર્વભવ તથા આ ભવનું જે અનુભવ્યું છે એ બધી હકીકત જ આ ફેરફાર કરી રહી છે. મુનિ અહીં પોતાની એ ભાવના તરંગવતી આગળ બતાવી રહ્યા છે કે 'ધન્ય છે તે ભવ્યાત્માઓને જે, સ્ત્રીની બેડીમાંથી, સ્ત્રીજાતના કેદખાનામાંથી, પોતાની જાતને બહાર કાઢી પ્રેમનાં અને રાગનાં બધા જ બંધનથી મુક્ત થાય છે !'

અહીં જોવા જેવું છે કે એક વખતનો ગુણવાન માણસ જુગાર વગેરેનાં વ્યસને ચડી ક્રૂર કર્મ કરનારો ઘાતકી ચોર બનેલો, અને એવા જ ચોરોની પલ્લીમાં દાખલ થઈ ક્રૂર કર્મ કરનારો બનેલો, તે હવે જ્યારે પલટો પામે છે, ત્યારે કેટલો જબરજસ્ત પલટો પામે છે !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''     વર્ષ-૩૫,અંક-૬,તા.૧૧-૧૦-૧૯૮૬**

અને પૂર્વના સારા કુળ-સંસારની રુએ શુભભાવનામાં કેટલે ઊંચે ચડે છે ! આમાં હવે ઘરે ન જવા માટે પહેલી વાત આ મન પર લીધી, કે

**મન પર કયો ભાર ? : સ્ત્રી એટલે ? :-**

**આ જગતમાં સ્ત્રીઓ એ બેડી છે, કેદખાનું છે.** સ્ત્રીમાં મોહ્યા-ફસાયા એટલે સમજી રાખવાનું કે એ બેડીની રુએ ભગવાનને અને ગુરુને તથા ધર્મને વિસારી દઈ બધી જાતનાં પાપ કરવા પડશે. જગતનાં જીવોને સાન-ભાન ભૂલાવનારી આ સ્ત્રીતત્ત્વ એ કેવી ખતરનાક મોહિની ! આજે દુનિયા સામે જુઓ તો દેખાય છે



કે માણસો 'પોતે પરણેલા છે' એ ભાર જ મુખ્યપણે પોતાનાં માથે રાખતા હોય છે;' પરંતુ નહીં કે 'પોતે માંડ માંડ નરક-નિગોદ આદિ દુર્ગતિઓમાંથી છૂટીને

**મોક્ષ પમાડી શકવા સમર્થ એવાં ઊંચા મનુષ્ય-જન્મ સુધી આવેલો છે ! અને એમાં ભાગ્ય યોગે ઠેઠ જિનશાસનને વરેલા છે !' આ ભાર મન પર નહિ ?**

પણ ''હું પરણેલો એટલે મારે પત્ની વગેરે બધાનું જોવાનું. કદાચ નબળા ભાગ્યે મારે ભૂખ્યું પણ રહેવું પડે, અને પાર વિનાનાં કષ્ટ સહવા પડે, તો તેમ કરીને ય પરણેલાને પાળવાના;'' તે જિંદગીના છેડા સુધી પાળવાનો ભાર ! એનું મનને ભારે બંધન ! પરંતુ ''હું ઉત્તમ મનુષ્યભવ તથા જિનશાસન અને દેવગુરુને વરેલો, માટે મારે એ દેવ-ગુરુ તથા જિનશાસનની આરાધના જરૂર પડ્યે ભૂખ્યા રહીને અને કષ્ટ વેઠીને પણ આ જિંદગીનાં છેડા સુધી કર્યે જ જવાની.''

આ બંધન હૈયા પર નથી હોતું, તેથી જ દેવ-ગુરુ-ધર્મને ભૂલીને પત્ની અને એના પરિવારને સંભાળવાનો અહર્નિશ ખ્યાલ અને એનું જ જીવન રહે છે ! પરંતુ એ જેલખાનાના બંધન જેવા પત્ની અને એના પરિવારને ભૂલીને દેવ-ગુરુ-ધર્મની આરાધના કરવાનો ભાવ મન પર નથી લેતો !

**જો માંડ માંડ મળેલા આવા અતિ દુર્લભ જૈન માનવભવમાં પણ આ ખ્યાલ ન આવે કે 'મારી પરણી બેસવાની ભૂલથી હું આ માયાનાં અને પાપોનાં ખોટા બંધનોમાં પડેલો છું,'** તો પછી જીવનો ઉદ્ધાર ક્યાં ? અને ક્યારે ? કમનસીબી તો એ છે કે સ્ત્રી એ જેલખાનું છે, અને એની તથા એના પરિવારની, જિંદગીનાં છેવાડા સુધી પાપાચરણો કરી કરીને, સંભાળ કરવાની એ બધી પ્રવૃત્તિમાં જેલખાનાની જેલરથી બળાત્કારે કરાવાતી ગુલામીની પ્રવૃત્તિઓ જેવી છે, આ જ મનમાં ઊતરતું નથી ! પછી સમકિત ક્યાં પામવાનું ?

જુઓ, જગતમાં સ્ત્રીની પાછળ માણસોએ કેવાં કેવાં ભયંકર અપકૃત્યો નથી કર્યા ? અને ક્યાં જીવનભર પાપ-જીવનો નથી ચલાવ્યા ?

**પત્નીના પાપે કેવાં કેવાં અપકૃત્ય ? :-**

(૧) મહાઉપકારી મા-બાપથી છોકરો જુઆરું કરે છે, એ કોના પાપે ? કહો, પત્નીનાં જ પાપે.

(૨) કુંવારા સારી રીતે સલાહ-સંપથી રહેનારા સગા ભાઈઓ પછીથી જુદા પડી અલગ ઘર માંડી એક બીજાને આર્થિક સહકાર પણ ન આપે એવા બને છે, એ કોના પાપે ? ભાઈઓને પોતાને તો પરસ્પર કોઈ ખટરાગ ઊભો થયો નથી હોતો; છતાં હવે પરસ્પરને અલગ અલગ ઘર માંડવાની તથા અલગ વેપાર કરવાની ને અલગ મૂડી કરવાની જરૂર લાગે છે તે માત્ર સ્ત્રીનાં જ પાપે ને ?

(૩) ત્યારે માણસ સારું કમાયા પછી 'એમાંથી મોટો હિસ્સો દેવગુરુનાં ચરણે ધરી દઉં' એ વિચાર નથી આવતો એ કોનાં પાપે ! કહો, એ જ પત્નીસ્ત્રીનાં પાપે ! કે જેનો મોહ કમાઈનો બહુ મોટો હિસ્સો પત્ની-પરિવારની પાછળ લગાવવાનું કરાવે છે !

(૪) એ પત્ની કર્યા પછી ઘરમાં બેઠો માણસ પત્નીને અને એના અંગ-પ્રત્યંગને જોતો ખુશી ખુશી થાય છે ! એનાંથી કરાતી સેવા-સરભરા પર ગાંડોતૂર મોહિત બને છે ! આમાં ક્યાંય પરમાત્માને વારંવાર જોવા યાદ કરવા માટે કંઈજ મોહિત થતો નથી.

(૫) પત્ની અને પરિવારનાં ભવિષ્યમાં ભરણ-પોષણ તથા સુખ-સાહ્યબી-વિલાસનો વિચાર આવશે, પરંતુ પોતાને ને કુટુંબને પરલોકમાં રક્ષા અને ધર્મ આરાધનાની સારી સગવડ-સાધન-સામગ્રી વગેરે મળે એનો વિચાર જ નહિ આવે !

માણસનાં મન પર સ્ત્રી પ્રત્યે આટલી જબરદસ્ત મોહિની હોય છે, **કે એનાથી મોહિત થયેલાને દેવ-ગુરુ-ધર્મનું માથે જાણે કોઈ બંધન જ નથી !** 'હું સ્ત્રીને બંધાયેલો, એના પરિવારને બંધાયેલો;' પણ 'હું દેવ-ગુરુ-ધર્મને બંધાયેલો,' એવું મન પર નથી !

તારણહાર કોણ ? ને મારણહાર કોણ ? કોઈ જાલિમ અસાધ્ય પીડા, અકસ્માત્ યા મૃત્યુકાળે હૈયાને હુંફ-આશ્વાસન કોણ આપે ? પત્ની કે દેવ-ગુરુ-ધર્મ ? આનો કોઈ વિચાર જ નથી એટલે વાતવાતમાં 'અમારા ઘરવાળા' યાદ આવે છે. આગળ ધરાય છે ! અને એની ખાતર કેટલી બધી ય ધર્મતક ગુમાવાય છે !

જ્યાં 'હું પત્નીને બંધાયેલો છું' એવો ભાર મન પર રહે છે, ત્યારે આવા ઉત્તમ જૈન માનવભવમાં પણ દેવ-ગુરુ-ધર્મની ઊંચી કોટિની આરાધનાઓની તક સાધી લેવાનું એનાં મન પર શી રીતે આવે ? ઉચ્ચ જૈનધર્મ પામ્યો છતાં પત્નીની પાછળ બધી જાતનાં પાપ કરવા તૈયાર છે ! પરંતુ પોતાનાં ભવિષ્યના અનંતકાળનાં આત્મહિત માટે થોડી પણ ધર્મસાધના કરતો રહેવાનું એના મન પર નથી !

તરંગવતી-યુગલને મુનિ પોતાની આત્મકથામાં પોતાને હવે થયેલી પોતાની આ ભાવના બતાવી રહ્યા છે કે 'મને સ્ત્રી એ ધરખમ પાપોના જેલખાનાનાં અપકૃત્યો કરાવનારી કોઈ અનન્ય બેડી સમાન લાગી ! તેથી જ 'એ બેડીને ફગાવી દેનાર ઉત્તમ પુરુષો જ ખરેખર ધન્ય પુરુષો છે,' એમ મને લાગી ગયું. એ બેડી-બંધનમાંથી બહાર નીકળી ગયા પછી પણ હવે મનમાં પણ એ પ્રેમ-બંધનોનો કોઈ અંશ પણ રાખવાનો નહિ; નહિતર એ મહા લપસણું સ્થાન છે.



માણસને જ્યારે અંતરમાં પ્રકાશ લાધી જાય છે, અને એ અંધકારને ફગાવી દે છે, પછી જીવનમાં અવનવો પલટો આવી આત્માનાં દેદાર એવા ફરી જાય છે કે પૂર્વની સ્થિતિ જોતાં એ કલ્પનામાં ન આવે કે 'હું કેવો ? અને અત્યારે આ પરિવર્તન ?'

**દઢપ્રહારીનું પરિવર્તન :-**

દઢપ્રહારી મોટી ચાર હત્યા કરનારો ચોર, હત્યા કરીને આપઘાત કરવા જઈ રહેલ ત્યારે રસ્તામાં એને સાધુ મળ્યા અને સાધુએ એને પૂછ્યું 'કાં દોડતો ક્યાં ચાલ્યો ?'

એ કહે, 'મેં ચાર ભયંકર હત્યા કરી છે, તેથી હવે હું જીવવા લાયક નથી. ધરતી મારા જેવા પાપીથી ભારે મરે છે. તેથી પર્વત પરથી ઝંપાપાત કરી મરવા માટે જાઉં છું.'

**સાધુ કહે 'તું મરીશ પણ તારા પાપ નહીં મરે.**

પાપને માર્યા વિના મરીશ તો ભવાંતરે બેહાલ થઈ જશે ! દુર્ગતિઓમાં રઝળવું પડશે ! અને એના બદલે આ જીવનમાં જ પાપોને મારીને મરીશ, તો ન્યાલ થઈ જઈશ"

'મહારાજ, શું આવા મારા ઘોર પાપોનો નાશ થઈ શકે ? સાધુ કહે, આ તો શું આનાથી પણ ભયંકર પાપો ય પૂર્વ પુરુષોએ સમ્યગ્-જ્ઞાન-દર્શન-ચારિત્ર તપની આરાધનાથી નષ્ટ કરી દીધા છે, ને ઠેઠ મોક્ષે પહોંચી ગયા છે ! દઢપ્રહારીનાં દિલમાં સાધુનાં આ વચનથી તત્ત્વનો પ્રકાશ થયો. હત્યાનાં કષાયનું અને એના પર પસ્તાવો કરી ખોટો આપઘાત કરવાના વિચારનું અંધારું દૂર થઈ ગયું ! એટલે જીવનનો એવો પલટો કરી દીધો કે એણે ત્યાં જ મુનિ પાસેથી ચારિત્ર સ્વીકારી લઈ ઘોર અભિગ્રહ કર્યો કે 'આ જ નગરનાં દરવાજે દરવાજે દોઢ દોઢ માસ કાઉસ્સગ્ગ ધ્યાને રહી પરમાત્માનું ચિંતન કરવું; અને જે દિવસે પૂર્વનું પાપ યાદ આવે તે દિવસે ઉપવાસ કરવો,' એમ એણે છ મહીના કાઉસ્સગ્ગમાં કાઢ્યા ! એમાં લોકોનાં 'આ પેલો પાપી હત્યારો !' એમ આક્ષેપ સાથે મરાતા ગડદા પાટુ અને ગાળો તિરસ્કાર વગેરે સહન કરી પાપો નષ્ટ કરી નાખ્યા !

અહીં દઢપ્રહારીનું મુનિપણાનું જીવન અને પૂર્વનું ચોર હત્યારાનું જીવન બેનો ક્યાં મેળ બેસે એવો છે ? છતાં

**સત્સંગ, તત્ત્વ પ્રકાશ, અને પુરુષાર્થની બલિહારી છે કે જીવનમાં અસાધારણ આત્મોન્નતિ કરે એવું પરિવર્તન આવી ગયું.**

**ઈન્દ્રભૂતિને મિથ્યાત્વ કેમ ટળ્યું ? :-**

**પ્ર.**- એમ તો, ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાનની સાથે અભિમાનથી વાદ કરવા આવેલા હતા, અદ્‌ભૂત સમોસરણ દેખીને ચમત્કાર પણ પામી ગયા હતા, છતાં પોતાનાં મિથ્યા વેદશાસ્ત્ર અને યજ્ઞની મિથ્યા ધર્મક્રિયા છોડવા ક્યાં તૈયાર હતા ?

**ઉ.**- તો પણ ભગવાન પાસેથી એમનાં દિલની શંકા જાણવા મળી કે અંતરમાં એવો પ્રકાશ થયો, અને મિથ્યાત્વ જ શું ? પણ ઘરવાસ-સંસારનાં સમસ્તપાપોનો ત્યાગ કરી દેવાનો જીવન પલટો આવી ગયો ને ? પ્રકાશ મળ્યાથી પોતે જ એ મિથ્યાત્વાદિનું ઘોર અંધારું ફગાવી દીધું ને ?

**ઈન્દ્રનાગને મિથ્યાત્વ કેમ ટળ્યું ? :-**

મહાવીર ભગવાનના વખતમાં **ઈન્દ્રનાગ** નામના મિથ્યાદૃષ્ટિ તાપસને ભગવાન તરફથી 'ભો **અણેગપિંડિઆ** !' એવું સંબોધન મળતાં એ વિચારમાં પડી ગયો કે 'હું તો એક જ ઘરની ભિક્ષા લઉં છું, તો હું તો એકપિંડિક કહેવાઉં; હું અનેકપિંડિક ક્યાં છું ?' ભગવાન પાસે આવીને એનો ખુલાસો પૂછે છે, ત્યારે ભગવાને કહ્યું "ભલે તું આગળથી કોઈ ચોક્કસ ઘરે 'પારણું કરવા આવીશ' એવું કહીને ત્યાં પારણા માટે જતો નથી, છતાં પણ તારા માટે આશામાં લોકોના ઘેર ઘેર આંધણ મૂકાય છે ! પછી તારી ઈચ્છા અનુસાર તું એક ઘરે જઈ પારણું કરે છે. એટલે ખરેખર તું અનેકપિંડિક જ છે. જ્યારે અમારા સાધુને એમના માટે બનાવેલ ભિક્ષા એક ઘરેથી પણ ખપતી નથી, માટે સાધુ અપિંડિક છે." બસ આના પરથી ઈન્દ્રનાગને નિર્દોષ જીવનનો પ્રકાશ મળવાથી એણે અજ્ઞાન ને મિથ્યામતનું અંધારું દૂર ફગાવી દીધું ! અને ત્યાં જ દીક્ષા લઈ પ્રભુનો શિષ્ય બની ગયો !

આવા આવા તો અનેકાનેક ચમત્કારિક જીવન-પરિવર્તન પૂર્વ પુરુષોમાં થયેલાં છે, અને વર્તમાનમાં પણ જોવા સાંભળવા મળે છે.

પેલા મુનિએ તરંગવતી-પદ્મદેવને આવી જ વાત કરી કે 'મારો ચોર-ખુની-ડાકુના જીવનમાંથી પલટો આવી ગયો ! ને હું મુનિ બની ગયો.

તરંગવતી પૂછે છે, 'આપ મુનિ કેવી રીતે ને ક્યારે બની ગયા ? એ કૃપા કરી બતાવો.'

ત્યારે મુનિ કહે છે, 'જુઓ એ દંપતીને જંગલ વટાવી ગામની નજીકમાં છોડી દઈ, મારે કાંઈ હવે પલ્લીમાં તો જવું નહોતું, અને હવે મને આ સંસાર પર વૈરાગ્ય પણ જાગી ગયો હતો, તેથી 'હવે કાંઈ યોગી મહાત્માનો સત્સંગ મળે તો સારું,' આ આશામાં



**ચોરને પુરિમતાલ ઉદ્યાનમાં :-**

**ઋષભદેવ પ્રભુને કેવળજ્ઞાનનું વડવૃક્ષ :-**

હું ઉત્તર દિશા તરફ ચાલ્યો, એમાં આગળ ચાલતાં પુરિમતાલ નામના ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં એક વિશાળ સુંદર મંદિર હતું, જેમાં સો તો ભવ્ય થાંભલા હશે ! એની પાસેમાં ઊંચું વડનું ઝાડ હતું, મેં ત્યાં પ્રદક્ષિણા દઈને ત્યાંના લોકોને પૂછ્યું કે

'આ કયા ભગવાનનું દેવળ છે ? અને આટલી બધી એમની ભવ્ય પૂજા થઈ રહી છે. આવું તો મેં પૂર્વે ક્યાંય કદી દેખ્યું નથી.'

ત્યારે એણે મને કહ્યું કે 'આ ભરતક્ષેત્રમાં પહેલા ભગવાન ઋષભદેવ થયા. એ સંયમ-સાધના કરતાં કરતાં આ વડનાં ઝાડની નીચે આવી ધ્યાનમાં રહેલા ! ત્યારે એમને અનંતજ્ઞાન-અનંતદર્શન ઉત્પન્ન થયેલું ! એટલે આ વડની પાસે પ્રભુનો મહિમા કરવા માટે આ સુંદર મંદિર બંધાવવામાં આવ્યું છે, અને દેવ દાનવથી પૂજાયેલા એ ભગવાનના મહિમાને યાદ કરી કરી લોકો આ વડને અને મંદિરને પૂજવા માટે આવે છે.'

ઋષભદેવ ભગવાનનો કેટલો બધો મહિમા ? અસંખ્ય વર્ષના વહાણા વીત્યા છતાં એ પ્રભુના કેવળજ્ઞાન સ્થળના સંભારણારૂપે વડ ઊભો છે. ભવી જીવને એ સ્થળનું દર્શન પણ શુભ ભાવ ઊભો કરે છે ! મૂર્તિ-પૂજનનો વિરોધ કરનાર આ સ્થળનો મહિમા નહિ માને એને પૂજ્ય નહિ માને. કેવી અજ્ઞાન મૂઢ દશા ! આજે સિદ્ધગિરિના સ્થળ પર જતાં માણસનાં દિલ પીગળી જાય છે ને ?

**મહાપુરુષનો આત્મા તો પૂજ્ય છે જ, પરંતુ એમનું શરીર, એમની મૂર્તિ, એમનું સ્થળ, અરે ! એમનું નામ પણ પૂજ્ય છે !**

આગળ મુનિ કહે છે, "એ સાંભળીને મેં પણ એ ત્રિલોકનાથની પ્રતિમાને તથા વડને વંદન કર્યા, અને ત્યાં જોઉં છુ તો સાધુ ભગવાન બિરાજમાન દેખ્યા. મુનિરાજ કેવા હતા ? કષાયથી સળગી રહેલા આપણા દિલને ઉપશમ રસની ઠંડક આપે એવા ! કેમકે પહેલાં તો એવા ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા કે એ સાધુ જાણે બહારમાંથી નીકળી પોતાના આંતર હૃદયમાં સ્થિર થઈ ગયા છે ! એટલું જ નહિ, પણ પોતાની ઈન્દ્રિયોને પણ અંદરમાં જ ઠારી દીધી છે ! એટલે હવે એમની પ્રવૃત્તિ બાહ્ય વિષયમાં થતી દેખાતી નથી; પછી અસ્થિરતા દોષ શાનો રહે ? મનની એકાગ્રતા એવી કરી છે કે સંવરના માર્ગો પર જ મનને લગાડેલું છે. તેથી મનને બહારમાં ભટકવાનું રાખ્યું જ નથી, પછી મન કેટલું શાંત-પ્રશાંત-ઉપશાંત હોય ?

**પ્રશાંત મુનિનું દર્શન કેવું પ્રભાવક ? :-**

"મારું મન ઘણાં કાળથી ક્રૂર કર્મો કરી કરીને અત્યંત અશાંત બની ગયેલું, તેમાં આવા ઉપશાંત-મૂર્તિ મહાત્માને દેખીને એમના પ્રત્યે આકર્ષાઈ ગયું ! મનને થયું કે, 'એમની પાસેથી કાંઈક શાંતિ મળશે.' એટલે હું તેમની પાસે ગયો, નમસ્કાર કરીને બેઠો, અને હાથની અંજલિ જોડીને પૂછું છું કે

**ચોરનો મુનિને પ્રશ્ન :-**

"હે ભગવન્ ! આપ તો કોઈપણ પ્રકારનાં અભિમાન ને ક્રોધ વિનાના છો, તેમજ કોઈપણ પ્રકારના સુવર્ણાદિ દ્રવ્યનાં પરિગ્રહ વિનાના છો, તથા કોઈપણ પ્રકારનાં આરંભ-સમારંભ વિનાના દેખાઓ છો; તો હે મહાયશસ્વી પુરુષ ! હું તમારો શિષ્ય બનીને એ જાણવા સાંભળવા ઈચ્છું છું કે,

**"આ જન્મ-મરણનાં અનંતકાળથી ચાલી આવેલા ફેરાના આવર્તમાં ફસાયેલો હું શી રીતે આ અગાધ સંસાર-મહાસાગરને તરી જાઉં ?"**

"મને વિશ્વાસ છે કે તમારા પ્રભાવથી જરૂર આ ભીમ ભવસાગરને તરી જઈશ; પણ મને એવો કલ્યાણ માર્ગ બતાવો,"

**મહાત્માની ઉપાયવાણી :-**

ત્યારે એ મહાત્મા બોલ્યા કે "મહાનુભાવ ! ભવસાગર તરવા માટે કઠિન આચારોનો મોટો મેરુભાર અવિશ્રાંતપણે એટલે કે ભારે કષ્ટ છતાં વચમાં એ ભાર ઉતારી નાખીને વિસામો લીધા વિના, ભારને સતત અખંડપણે વહન કરવો પડે છે ! ને એ કામ બહુ દુષ્કર છે. તું શી રીતે વહન કરી શકે ?"

ત્યારે મેં કહ્યું, "હા પ્રભુ ! એ પવિત્ર આચારોનો માર્ગ કઠિન હશે, પરંતુ ઉદ્યમી પુરુષાર્થી પુરુષને કશું જ કઠિન નથી. આમે ય દુર્ગતિઓમાં દુઃખોનાં મૂશળધાર વરસાદ નીચે ભારે ભારે કઠિનાઈઓ પણ ક્યાં નથી વેઠી ? હવે મારો નિર્ધાર છે કે તમારી દીક્ષાને અંગીકાર કરીને પવિત્ર આચારોનાં પાલનમાં લાગી જાઉં, ને એમાં ક્યારેય પણ પાછી પાની કરું નહીં."

## • મુનિનું વિશાળ અધ્યયન •

મહાત્મા કહે, "તો આ તારો નિર્ધાર સુંદર અને વાજબી છે, કેમકે એ આચાર-પાલન સર્વ દુઃખોનો અંત લાવનાર છે. હું તને એનું પ્રદાન કરું છું.' એમ કહીને એમણે મને પાંચ મહાવ્રત ઉચ્ચરાવ્યા. અને સાધુ ધર્મમાં સ્થાપિત કર્યો સાથે મહાવ્રતનાં પચ્ચક્ખાણનાં મર્મ મને સમજાવ્યાં.

**સાધુ બનેલા મને (૧) પહેલી આસેવન-શિક્ષામાં** વિનયના અને સામાચારીના પ્રકારો સમજાવ્યાં, ગમનાગમન, બેઠક-ઉઠક, ગોચરી-ભિક્ષા અંગેની નિર્દોષ વિધિ,



ચીજ-વસ્તુનું સ્થાપન-ગ્રહણ...વગેરેની વિધિ, જેમાં મુખ્યતયા સૂક્ષ્મ પણ જીવની ય વિરાધના ન થાય એવી સાવચેતીઓ હોય છે, એની યાને સમિતિની, તથા અશુભ પ્રવૃત્તિ ત્યાગ શુભ પ્રવૃત્તિ પ્રવર્તનરૂપ, ગુપ્તિની તાલિમ આપી. ઉપરાંત રાતભર અને દિવસભરના સ્થૂલ સૂક્ષ્મ પાપોનું પ્રતિક્રમણ-પ્રાયશ્ચિત્ત કેવી રીતે કરવું, એ પણ શિખવાડી દીધું,

**(૨) બીજી ગ્રહણ-શિક્ષામાં** મને શાસ્ત્રો ભણાવ્યા. એમાં ક્રમશઃ આવશ્યક દશવૈકાલિક વગેરે **'ઉત્કાલિક શ્રુત',** તથા **'કાલિક શ્રુત'**માં ઉત્તરાધ્યનનાં ૩૬ અધ્યયન વગેરે કાલિક શ્રુત, અને આચારાંગમાં વિમુક્તિ-માર્ગ સુધી આચાર; એમ સૂયગડાંગ ઠાણાંગ સમવાયાંગ,...વગેરે **'અંગ-પ્રવિષ્ટ'** શ્રુત ભણાવ્યા. એ પછી તો મારા જીવનમાં આ મહાન આગમ-સૂત્રોના પદાર્થો હું વારંવાર રટતો-મમરાવતો ગયો, એમાં વળી આગળ વધતાં ગુરુએ મારામાં યોગ્યતા જાણીને અગિયાર અંગ આગમ ઉપરાંત **દૃષ્ટિવાદ** નામનું બારમું 'અંગ' આગમ પણ ભણાવવા માંડ્યું.

આ 'દૃષ્ટિવાદ' ૧૨ મા અંગ આગમમાં એક વિભાગ **૧૪ 'પૂર્વ'** નામના શાસ્ત્રોનો છે. આ 'પૂર્વ' શાસ્ત્રો એ મોટા દરિયા જેવા વિશાળ હોય છે. દા.ત. ૧૪ પૂર્વોમાનું પહેલા પૂર્વમાં જ એટલા બધા સૂત્રો છે કે એને પાના પર લખવા હોય તો લખવા માટે ૧ હાથી પ્રમાણ ઊંડા ખાડામાં જેટલી મષી સમાય એટલી કુલ મષીની બનાવેલ શાહી જોઈએ ! ત્યારે પહેલું જ પૂર્વ કેટલું મોટું જંગી પૂર્વ ? પછી ઉત્તરોત્તર ૨જું-૩જું-૪થું...વગેરે પૂર્વ લખવા માટે ડબલ ડબલ હાથી પ્રમાણ ખાડાઓની મષી જોઈએ ! દા.ત. ૨જું પૂર્વ લખવા ૨ હાથી-પ્રમાણ, ત્રીજું લખવા ૪ હાથી પ્રમાણ...એમ ઉત્તરોત્તર બમણાં બમણાં થતાં ૧૪મું પૂર્વ લખવા ૮૧૯૨ હાથીના ખાડા પ્રમાણ મષી જોઈએ ! કુલ ૧૬૩૮૩ હાથી-પ્રમાણ મષીથી ચૌદ પૂર્વ લખાય ! આ હિસાબે 'પૂર્વ' નામના શાસ્ત્રોમાં સૂત્રો કેટલા ! આ બધા કાંઈ લખેલા ન મળે; પણ ગુરુના મુખેથી સાંભળી-સમજી મુખપાઠ કરવા પડે."

મુનિ કહે છે, "૧૨ વર્ષમાં ગુરુની કૃપાથી આ ચૌદમાંના નવ પૂર્વોનું જ્ઞાન મને મળ્યું."

**સંયમનો રંગ કેમ લાગે ? :-**

**આવા દરિયા જેવડા સુંદર શાસ્ત્ર-અધ્યયન સાથે સંયમનું પાલન કરતાં કરતાં મારા આત્મામાં સંયમનો એવો રંગ લાગ્યો છે, કે એની આગળ દેવતાઈ સુખ પણ વિસાતમાં લાગતા નથી !**

આજે મારી મતિ સંયમથી એવી ભાવિત થઈ ગઈ છે, એવી રંગાઈ ગઈ છે, કે હવે દરેક વિચાર સંયમથી રંગાયેલો જ આવે છે. અહો ! જિનશાસનનો

ને શાસનના સંયમનો કેટલો બધો ઉપકાર ! કે અનંત અનંત કાળના અ-સંયમ અર્થાત્ વિષય-કષાયોના કુસંસ્કારથી કલુષિત લાગણીઓ, વિચારો, મનોરથો વગેરેથી મન જે મલિન ને મલિન જ રહેતું, તે બંધ થઈ ગયું; અને બહુ ઉત્તમ પવિત્ર લાગણીઓ અને વિચારો આવ્યા કરે છે ! હું તમને સંયમના રંગથી રંગાયેલી બુદ્ધિના મારા અનુભવથી કહું છું કે

**તમારે આરાધવા લાયક એક માત્ર જૈન શાસને કહેલો આ સંયમ-માર્ગ જ છે.''**

એક વખતનો સદ્‌વિચારો કરનારો ઉત્તમ કુળવાન પુત્ર પણ પછીથી કુસંગે જુગાર વગેરે વ્યસનમાં ચડી ડાકૂ-ક્રૂર-ચોરપણાનું જીવન બનાવનાર એવા એના અધમાધમ વિચારો અને અધમાધમ કરણી ક્યાં ? અને હવે ઠેઠ નવ પૂર્વના જ્ઞાનથી તેમજ ઉત્તમ સંયમથી રંગાઈ જનાર આ મહામુનિની વિચારધારા ક્યાં ?

**તરંગવતી પર મુનિવાણીની અસર :-**

તરંગવતી સાધ્વી શેઠાણીને કહી રહી છે, કે 'એ પ્રમાણે એ મુનિનું જીવન અને ઉપદેશ સાંભળીને અમે જે દુઃખ ચોરપલ્લીમાં અનુભવેલું, તે યાદ આવતાં અમને કંપારો થઈ ગયો ! અને અમે બન્ને એક બીજા સામે જોવા લાગ્યા. અમને લાગ્યું કે 'અમને ચોરપલ્લીમાંથી જે ક્રૂરકર્મ કરનાર માણસને દયા આવવાથી એણે અમને પલ્લીમાંથી ગુપ્ત રીતે છોડાવેલા, તે જ આ પછીથી સંયમી મુનિ બનેલા છે !

**આવા એક વખતના ક્રૂરકર્મી પણ જો પ્રભુના શાસનના આવા ઉત્તમ સંયમમાર્ગને સ્વીકારે તો પછી અમારે તો સંયમ સિવાય બીજું શું કરવાનું હોય ?**

એમાં પણ જોરદાર તપશ્ચર્યા જ કર્યે જવાની હોય, જેથી અમારા ભવના દુઃખ ભાંગે. આ જ જીવનના એ પૂર્વેના દુઃખો સાંભર્યા, ને અમને કામ-ભોગ ઉપર નફરત છૂટી ! અમે અત્યંત વૈરાગ્યથી વાસિત થઈ ગયા, અને એ સંયમ-સમાધિના ભંડાર સમા તે શ્રમણ ભગવંતના પગમાં પડી ગયા, નમસ્કાર કરીને અમને લાગ્યું કે હવે જાણે અમને નવા જ બનેલા અતિ નિકટના સગા મળ્યા ! એમને અમે કહ્યું,

**પૂર્વની ઓળખ કરાવે છે :-**

''પ્રભુ ! જે આપે પૂર્વભવમાં ચક્રવાક-ચક્રવાકીના જોડલાના અકાળ મૃત્યુમાં નિમિત્ત બનેલા, તે ચક્રવાક-ચક્રવાકી અમે જ હતા અને આ જનમમાં ચોર-પલ્લીમાંથી આપે જે સ્ત્રી-પુરુષના યુગલને પલ્લીમાંથી બહાર લઈ આવેલા, અને જંગલમાંથી પસાર કરી ઠેઠ એક ગામના નાકે લાવી મૂકેલા, તે પણ અમે જ હતા ! અને એ જ અમે બન્ને આજે આપની સામે ઊભા છીએ. ભગવંત ! તમે તો હમને જીવતદાન આપ્યું નહિતર ચોર પલ્લીમાં દેવીના બલિદાનમાં હોમાઈ જવાના હતા,



તે તમે અમને જીવંત રાખ્યા ! આ તમારા પરમ ઉપકારનો બદલો વળે એમ નથી; પરંતુ એ જ રીતે હવે,

**સંયમ કેમ માગે છે ? :-**

આપ અમને સંસારના સમસ્ત દુઃખોનો અંત આવે એવા માર્ગે ચડાવી દો. હવે તો અમે સંસારવાસથી બી ગયા છીએ; કેમકે સંસારમાં જનમ અનિત્ય જ હોય છે. ક્યાંય કાયમી સ્થિરતા મળતી જ નથી. એટલે ઊંચા પર્વત પરથી ગબડેલો ગોળો વચમાં ક્યાંય સ્થિર ન ટકે, પરંતુ ગબડ ગબડ કરતો નીચે નીચે ગબડ્યા જ કરે, એમ જીવને સંસારમાં એક જનમથી બીજા જનમમાં ભટક્યા કરવાનું થાય. વળી પાછું એમાં ક્યાંય સુખશાંતિ મળે જ નહીં ! આવા સંસારથી અમે થાકેલા છીએ, માટે ભગવન્ ! અમે આપની નિશ્રામાં જિનવચનથી ભાષિત મોક્ષમાર્ગે ચાલીએ. ને વિવિધ તપ-નિયમનું ભાતું વાપરતાં વાપરતાં મોક્ષ તરફ ઝડપી પ્રયાણથી આગળ વધીએ, એમ ઈચ્છીએ છીએ''

અમારી આ માગણી સાંભળીને મહાત્મા કહે છે, ''ભાગ્યવાન ! તમોએ બહુ સારો વિચાર કર્યો. જિનેશ્વર ભગવાન કહે છે, કે

**''જે અહિંસા-સત્ય-શીલ-બ્રહ્મચર્ય આદિ વ્રતો સદાચારો અને સંયમની સાધના કરે છે, એ સંસારના સર્વ દુઃખોથી મુક્ત થાય છે.**

''અગર આટલે ઊંચે આર્ય માનવભવે ચડ્યા પછી પણ જો સેંકડો અધમ ભવોની પરંપરામાં અધઃપતન પામી ફસાઈ મરવાનું ઈચ્છતા ન હો, તો પાપકર્મોને સદંતર તિલાંજલિ આપી દો, અને ધર્મ-કર્મમાં ભગીરથ પુરુષાર્થ કરો.

**''नज्जइ धुवं तु मरणं, न नज्जइ होहिती कया तं ति ।**
**जाव जीवियं न जायइ, ताव वरं मे कओ धम्मो ॥''**

અર્થાત્ મૃત્યુ નિશ્ચિત્ત છે એ સમજાય છે. પરંતુ એ નથી સમજાતું કે એ ક્યારે થશે ? માટે જ્યાંસુધી જીવિત હાથમાંથી જાય નહિ ત્યાંસુધીમાં તમારે ધર્મ કરી લેવો શ્રેયસ્કર છે.''

**પ્ર.-** તરંગવતી અને પદ્મદેવને ચોરપલ્લીમાં દુઃખનો અનુભવ તો થયેલો, પરંતુ ત્યાં સંસાર પર આટલો વૈરાગ્ય ન ઊછળ્યો તે અહીં કેમ ઊછળ્યો ?

**ચોરપલ્લીમાંથી છુટવા છતાં વૈરાગ્ય નહિ ! ને અહીં કેમ વૈરાગ્ય ? :-**

**ઉ.-** કારણ આ હતું કે પોતાના દુઃખ કરતાં અહીં આ મુનિએ પોતાની જે હકીકત કહી, એમાં પૂર્વ ભવથી બધું જાણવા મળ્યું કે ગતભવના પારધીપણામાં પણ પોતાના હાથે હણાઈ ગયેલા નિર્દોષ પંખેરાની ચિતામાં પશ્ચાત્તાપથી જાતે પડીને બળી મરવાનું,...તેમજ આ ભવમાં પણ વ્યસનના છંદથી ચોર બનેલાએ

પલ્લીમાં કેદ લાવેલ તરંગવતીના મુખે પૂર્વ ભવ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું. ને જ્ઞાન થવાથી બંનેને છોડાવ્યા પછી હવે ચોર-જીવન નહિ સંસારી શાહુકાર-જીવન પણ નહિ, કિન્તુ સીધું સાધુ-જીવન જ લઈ લીધું ! ઉપદેશક મુનિ અંગેની આ બધી વિગત જાણવા મળી, એ તરંગવતી-પદ્મદેવ માટે હૈયાને ચોંકાવનારી અને આંચકો આપનારી હતી ! પોતાના ધર્મીપણાને શરમ લગાડનારી હતી ! કે પૂર્વના પંખેરાના ભવમાં ઘોર દુઃખ અને આ ભવમાં ચોરપલ્લીમાં ફસામણના ભયંકર દુઃખ જોયા પછી પણ એવો ગોઝારો સંસાર છોડવાનું મન ન થયું !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૮૬**

તે પલ્લીમાંથી કપાઈ મરવામાંથી છૂટવા મળ્યા પછી પણ વિષયોનાં ઠીકરાં ચાટવાનું મન થયું ! ધિક્કાર છે અમને કે પારધીમાંથી ચોર અને ચોરપણામાંથી સાધુ બની જનારને નજરે નિહાળવા છતાં અમને સાધુ થવાનું મન ન થયું ?

આમ મુનિના જીવનનાં મળેલા શ્રવણે બંનેના હૈયાને જોરદાર ધક્કો લાગી ગયો ! ધક્કો તે એવો જોરદાર કે ત્યાં જ ઊઠીને ચારિત્ર લેવાનો નિર્ધાર કરે છે ! તે પણ હવે ઘરે પણ કહેવા કરવા જવું નથી, અને 'સાધુ-દીક્ષા આપો' એ માટે વિનતિ કરે છે.

તમારે હૈયાને આવો કોઈ ધક્કો ?

**સંસારી હૈયાને ધક્કો ક્યાં લાગે ? : દશરથ :-**

રાજા દશરથને કંચુકીનું ઘડપણ જોઈ ધક્કો લાગી ગયો. બન્યું એવું કે રાજા દશરથે જિનેન્દ્ર-ભક્તિનો સ્નાત્ર-મહોત્સવ ઊજવ્યો, પછી સ્નાત્ર-ન્હવણ-જળ નોકરો દ્વારા રાણીઓને મોકલ્યું. તે બીજી રાણીઓને ન્હવણ જળ જલ્દીથી પહોંચી ગયું, ત્યારે કૌશલ્યા રાણીને જલ્દી પહોંચ્યું નહિ, તેથી એના મનને લાગ્યું કે 'મહારાજાએ મને સ્નાત્રજળ નહિ, ને બીજી રાણીઓને સ્નાત્ર-જળ મોકલ્યું. એ બીજી રાણીઓ પર પક્ષપાત કર્યો, એ બતાવે છે કે હું મોટી રાણી ઉંમરે વધી ગઈ એટલે મહારાજાને અણમાનિતી થઈ ગઈ છું.' તેથી એ તરત રીસ-ઘરમાં બેસી ગઈ.

**માણસને ઈર્ષ્યા કેવી સતાવે છે !**

નહિતર અહીં શી મોટી વાત હતી કે આટલામાં રીસ ચડી જાય ? ખરી રીતે અહીં વિચારવું આ જોઈતું હતું કે 'હું મોટી ને મહારાજાએ મારી પ્રત્યે કેટલીય વાર પ્રેમના વર્તાવ કર્યા જ છે; તો હવે આ બીજી નાની રાણીઓ પાછળથી પરણેલી એમને પ્રેમના ઓછા વર્તાવ મળ્યા છે, તેથી એમને ભલે આ વખતે



પ્રેમથી સ્નાત્ર-જળ મોકલ્યું, તો એ મારી બેનો છે, એમને મોકલ્યું એટલે મને જ મોકલ્યું છે. મોહની વિચિત્ર પરિણતિ છે. ખેર !

મહારાજા દશરથને દાસીઓએ ખબર આપી કે 'મહારાણીને રીસ ચડી લાગે છે.' મહારાજા દોડતા આવ્યા, કૌશલ્યાને રીસનું કારણ પૂછે છે, તો એણે કહ્યું કે 'તમને બીજી રાણીઓ વહાલી, ને હું અણમાનિતી, તેથી બીજી રાણીઓને સ્નાત્રજળ મોકલ્યું, ને મને ન મોકલ્યું ?

રાજા ખુલાસો કરે છે કે એવું કાંઈ નથી મેં તો તમને બધાને સ્નાત્ર-જળ મોકલ્યું છે. તમને કે કોઈને ટાળ્યા નથી.'

કૌશલ્યા કહે, 'તો પછી મારી પાસે કેમ સ્નાત્રજળ ન આવ્યું ? એમ કહો કે હું ઘરડી થઈ એટલે હું અણગમતી થઈ, તેથી મને ભૂલી જ ગયા છો !'

આ વાત ચાલે છે એટલામાં કંચુકી સ્નાત્ર જળ લઈને આવ્યો. કૌશલ્યાને રાજા કહે, 'જુઓ, આ માણસ સ્નાત્રજળ લઈને આવ્યો કે નહિ ? નકામો વિખવાદ ન કરો.' પછી રાજા કંચુકીને પૂછે છે 'અલ્યા ભાઈ ! બીજા માણસો સ્નાત્ર-જળ જલદી લઈ આવ્યા, ને તું કેમ મોડો પડ્યો ?'

માણસ કહે 'મહારાજા ! જુઓ આ મારી ઉંમર થઈ ગઈ છે. એટલે લાકડી ઠોકતો ઠોકતો ધીમે ધીમે ચાલી શકું છું; તેથી અહીં પહોંચવામાં જરાક મોડું થયું. બીજા જુવાન તે જલ્દી પહોંચી આવ્યા.'

**દશરથની વૈરાગ્યવિચારણા :-**

દશરથ રાજા કૌશલ્યાને કહે 'બોલો, તમારા પર અણગમા જેવું કાંઈ આમાં દેખાય છે ? ખોટી કલ્પનામાં જ દુઃખી થયા ને ? કૌશલ્યા હસી પડ્યા, પરંતુ મહારાજા દશરથને આ પ્રસંગ પર હૈયે ચોંટ લાગી ગઈ કે 'હાય ! આ કંચુકી પર જોતજોતામાં ઘડપણ ઊતરી પડ્યું, તો મારા પર પણ આ ઉંમર તો ઘટતી ચાલી તો એમજ ઘડપણ કેમ નહિ ઊતરી પડે ? ને ઘડપણ આવી ગયા પછી તો હું કષ્ટમય ચારિત્રની આરાધના શી રીતે કરી શકવાનો હતો ? માટે હવે તો સંસાર બહુ જોયો. જીવને આ સંસારસુખના ખરજવાની ખણજ ખણવા જેવા ભોગોથી કદી તૃપ્તિ થવાની નથી, એ તો એનો ત્યાગ જ કરી દઈએ, તો જ મન ધરપતમાં આવે; ને વિષયોની ખણજ લાલસા મીટે. માટે હવે હું ચારિત્ર લઈ લઉં" આમ દશરથના હૈયાને કંચુકીના ઘડપણની સ્થિતિ જોતાં ધક્કો લાગી ગયો.

**દશરથની કુટુંબને વૈરાગ્યની વાત :-**

બસ, પછી તરત કુટુંબ ભેગું કરી વાત કરે છે કે "જુઓ મારા પૂર્વજો આ પાપભર્યા સંસારમાંથી સવેળા ઊભા થઈ ગયેલા અને ચારિત્ર માર્ગે ચડી ગયેલા !

અને હું હજી ભોગ-વિલાસના કીચડમાં એમ જ બેઠો છું ! મને એની શરમ આવે છે, તેથી હવે તો હું ચારિત્ર-માર્ગ જ લઈ લઈશ. તમે બધા મારા કલ્યાણમાં સંમત થઈ જાઓ.''

એમાં ભરત ઊઠીને કહે 'પિતાજી ! તમે જો સંયમ લેશો' તો હું તમારા વિના એક ઘડી પણ ઘરે નહિ રહી શકું, એટલે હું પણ તમારી સાથે જ ચારિત્રમાર્ગ લઈશ.'

જુઓ આ પૂર્વ કાળના પુરુષો ! વૃદ્ધ કંચુકી આવવામાં જરા મોડો પડ્યો એ પરથી મોટા રાજ્યના માલિક મહારાજા દશરથના હૈયાને ધક્કો લાગી જાય છે ! આખા સંસાર પર વૈરાગ્ય ઝળકી ઊઠે છે ! એમ દીકરા ભરતને પિતાના સંસાર-ત્યાગની ભાવના જોઈ પિતાના પ્રેમની પાછળ ભરતના હૈયાને ધક્કો લાગી જાય છે.

વૈરાગ્યનાં આ કારણો કેવા મામૂલી ! છતાં એનાથી અંતરમાં સમસ્ત સંસારસુખો પર વૈરાગ્ય જાગી જાય, એ આત્માની કેટલી ઊંચી વિવેકબુદ્ધિ ! આજે આ વિવેકબુદ્ધિ કેટલામાં જોવા મળે ? બોલો, તમને આજે વૈરાગ્યના મામૂલી નહિ, પણ મહાન કારણો કેટલા જોવા મળે છે.

**સંસારમાં લગ્ન વખતના કોલના પછીથી ભંગ છતાં વૈરાગ્ય ક્યાં છે ?**

પહેલું તો, ઘેર ઘેર માટીના ચૂલા કહેવાય છે એ શું છે ? પરણ્યા'તા હોંશે હોંશે ! પરસ્પર કોલ આપ્યા હતા 'હું તમને જીવનભર ખૂબ પ્રેમથી વળગી રહીશ' હવે કેમ છે ? કહો, હજી પાડોશી ગમશે ! ને એની જોડે વાત વીસામો કરશે ! પણ ઘરનું માણસ એટલું નથી ગમતું, ને એની જોડે શાંતિથી બેસીને વાત વિસામો નથી ગમતો ! ક્યાં ગયા પેલા કોલ કે જીવનભર હું તમને પ્રેમથી વળગી રહીશ ? શું આ વૈરાગ્યનું કારણ નથી ? જેણે આપણને પૂરા હેત ને પ્રેમ જીવનભર રાખવાના વિશ્વાસ આપ્યા, એ જ વિશ્વાસનો ભંગ કરે છે ! શું મનને એમ ન થાય કે 'બળ્યો આ સંસાર ! કે જ્યાં આવા કેટલાય વિશ્વાસભંગ વધાવવા પડે છે !' પણ ના, વૈરાગ્ય નથી એટલે આવું કશું મનમાં ખોટું લાગતું નથી. મન વાળી લે છે 'એ તો સંસારમાં એમ ચાલ્યા કરે. બાકી એમનાથી સુખ નિરાંત કેટલી બધી છે !' આ તો નાની વાત; બાકી વૈરાગ્યનાં કારણો તો આજે કેવા મોટા મોટા અને કેટલીય જાતના બને છે.

**જુઓ વૈરાગ્યનાં કારણો :-**

(૧) આજના ભયંકર અકસ્માતો દા.ત. મોટર અકસ્માત, વિમાન અકસ્માત, સ્કૂટર-રીક્ષા અકસ્માત્, ટ્રેન અકસ્માત કેવા કેવા થાય છે ! એમાં કેવી ભયંકર



હોનારતો સરજાય છે ! અકાળે ધારણા બહાર કોઈનો પતિ ઊડી જાય છે ! તો કોઈની પત્ની ને કોઈનો દીકરો, તો કોઈનો બાપ ઊડે છે !

**કીર્તિમેઈલનો ભયંકર અકસ્માત્ :-**

વર્ષો પહેલા સૌરાષ્ટ્રમાં કીર્તિમેઈલનો અકસ્માત્ થયો એમાં ફર્સ્ટ ક્લાસના ડબામાં બેઠેલી લગ્નની જાનને જીવલેણ અકસ્માત નડ્યો. મોટી ટિકિટ ખર્ચી ફર્સ્ટ ક્લાસના ડબામાં બેઠેલાને જીવલેણ અકસ્માત્ નડે ? મોટી ટિકિટ ખર્ચી ફર્સ્ટ ક્લાસમાં બેસે એને સ્પેશિયલ સગવડ કે એ ડબ્બા ટ્રેનમાં વચમાં જ રાખવામાં આવે છે, જેથી આગળથી કે પાછળથી કોઈ ટ્રેનની ટકરામણ થઈ અકસ્માત્ થાય તો સૌથી આગળના કે પાછળના થર્ડ ક્લાસના ડબ્બા ને એમાં બેઠેલા પ્રવાસીઓ જ કચરાય ને વચ્ચેના ફર્સ્ટ ક્લાસ ડબ્બાવાળાને સંરક્ષણ મળી જાય. ત્યારે પૂછો,

**પ્ર.**- અહીં કેમ ફર્સ્ટ ક્લાસના જ ડબ્બા કચરાયા ?

ઉ.- કારણ, આ અકસ્માત બીજી ટ્રેનની ટકરામણનો નહોતો, પરંતુ એક પાટા પરથી બીજા પાટા પર ગાડીની ચડાવવા વચમાં જે સાંધાનો ભાગ રહે, એને મિલાવવામાં સાંધાવાળાની ભૂલ થઈ, મેલ જોસમાં દોડતો હતો તેથી અહીં ખચકાતાં એવો આંચકો લાગ્યો કે આગળના થર્ડ ક્લાસના ૨-૩ ડબ્બા તો ખેમકુશળ નીકળી ગયેલા, પણ વચલા ફર્સ્ટ ક્લાસના ડબ્બા જ ઊંધા વળી ગયા. એમાં જાનૈયા બેઠેલા, તેમજ વરરાજા ને વહુ સ્પેશિયલ જુદા ડબ્બામાં હતા એ બધા ડબ્બા નીચે કચરાયા. ત્યાં વરરાજો બિચારો પગથી છાતી સુધી કચરાઈ ગયેલો ! એ રોતો કકળતો પોકાર કરતો હતો 'મને બહાર ખેચી કાઢો...બહાર ખેંચી કાઢો,' પણ ભારેખમ ડબ્બાની નીચેથી એકદમ શી રીતે બહાર ખેંચી કાઢે ? કેટલાકના મોંઢા ડબ્બાની બારી બહાર ને લટકી પડેલા, ને જીભ બહાર લટકી પડેલી ! કોઈના ડોળા બહાર ઉપસી આવેલા ! દૃશ્ય કંપાયમાન કરી નાખે એવું હતું. એમાં એક રાજકોટની ડોશી ઘરે બેઠી રોતી રોતી હતી કે 'હાય ! આ જાનમાં મારા પાંચે દીકરા મર્યા ! તે હું કેમ નો મરી ગઈ ?'

કહો, આ વૈરાગ્યનું કારણ નથી ? પેલી ડોશીના મનને ન થાય કે 'બળ્યો આ સંસાર કે એણે મારા પાંચે દીકરાને આવી ક્રૂર રીતે માર્યા ?'

**મોટા વેપારીનો સૌથી હોશિયાર પુત્ર ઊડ્યો :-**

એમ એકાએક ત્રણ દિવસના તાવમાં મુગ્ધ યુવાનીમાં રળતો કમાતો દીકરો મરે કે પતિ મરે, પાછળ મા બાઈ ભાઈઓ અને પત્ની રો-કકળ કરે, એ શું વૈરાગ્યનું કારણ નથી ?

વર્ષો પહેલાં અમદાવાદમાં એક શ્રીમંતને ચાર છોકરા. એમાં સૌથી નાનો

છોકરો ત્રીસેક વર્ષની ઉંમરનો હોંશિયાર એવો, કે ત્રણ મોટા ભાઈઓ તો દુકાન પર કાપડનો માલ વેચવાનું સંભાળે, પણ આ વાતચીત કરવાની હોંશિયારીથી મિલોમાંથી વાજબી ભાવે જોઈતું કાપડ ખરીદી લાવે. આજે તો ક્વોટાનો જમાનો છે ને ? ક્વોટા જેટલો જ માલ મળે. પરંતુ આ યુવાન મિલના ક્વોટાને મિલમાલિકના ખીસામાં રખાવે ! એમાં અચાનક બન્યું એવું કે આને તાવ કે એવી બિમારી આવી કે હોસ્પિટલમાં દાખલ કર્યો ને ત્રણ દિવસમાં એ ઊપડી ગયો ! એથી અમદાવાદમાં હાહાકાર વ્યાપી ગયેલો. બાપને હજી ત્રણ મોટા દીકરા છે, પરંતુ મિલમાંથી સારી ખરીદી વિના સારું વેચાણ શાનાં પર કરે ?

બોલો, આ વૈરાગ્યનું કારણ નથી ? ત્રણ મોટા ભાઈ વેચાણ ભલે હોશિયારીથી કરતા હોય પરંતુ હવે એટલા માલ વિના શાનું વેચાણ કરે ? એ ય ભલે મિલોમાં માલ લેવા જતા હોય, પરંતુ ખરીદીના કોમ્પિટિશન (હરિફાઈ)માં બીજા ભારે હોશિયાર ખરીદનારની સામે શી રીતે ટક્કર ઝીલી શકે ? આ એક યુવાન નાની ઉંમરમાં મરી જતાં માબાપને કલ્પાંતનો પાર નહિ ! મોટા ભાઈઓનો કલ્પાંતનો પાર નહિ ! એની યુવાન પત્નીને ને બાબા-બેબીને કલ્પાંતનો પાર નહિ ! **અનેકોને છાતીફાટ રુદન કરાવે એવા આ અકાળ મૃત્યુને જે સંસાર નીપજાવે એ સંસાર પર 'બળ્યો આ સંસાર !' એમ નફરત ન થાય ? વૈરાગ્ય ન થાય ? સંસાર છોડવાનું મન ન થાય ?**

વૈરાગ્યનાં કારણ ક્યાં લેવા જેવા છે ?

જગતમાં ઘૂમી વળો તો ઢગલાબંધ કારણો મળી આવશે. જેમકે, માબાપે પેટે પાટા બાંધીને છોકરાને ઊછેરી મોટો કર્યો, પરણાવ્યો, ને હવે પરણીને ૧-૨ વરસમાં જ છોકરો જુઆરું લે છે ! આવા ઘર કેટલા મળે ? એમ મોટા ભાઈએ બાપ મરી જતા નાના ભાઈઓને દેશમાંથી મુંબઈ જેવામાં લાવીને હોશિયાર કરી સ્વતંત્ર ધંધે લગાડ્યા હોય, પરણાવ્યા હોય, પણ પછી એ ભાઈઓનું નસીબ જોરદાર તે સ્વતંત્ર સારું કમાતા થયા, તો એ મોટા ભાઈને નાના ભાઈઓ-ની કમાઈમાંથી કેટલો ભાગ મળે ? આજે હીરાના ધંધે લગાડેલા કેટલાય નાના ભાઈઓમાં આ દેખાય છે, એ જાણે મોટા ભાઈને કહે છે, 'તમે તમારા નસીબ પ્રમાણે ધંધો કૂટી ખાઓ, હું મારા નસીબ પ્રમાણે લઉં છું.' જે મોટા ભાઈએ પ્રેમથી પાળી પોષી મોટા કર્યો, હોશિયાર બનાવ્યા, ને ધંધે લગાડી જ્યારે સગા બાપને છોકરાઓ કમાણી ન સોંપતા હોય, ત્યાં નાના ભાઈઓ મોટા ભાઈને શું પરખાવે ? **જ્યાં હોશિયાર બનાવેલા છેહ દે, એ સંસાર પર વૈરાગ્ય ન થાય ?** એથી ઊલટું મોટા ભાઈએ નાના ભાઈને મોટો કર્યો હોય, પરંતુ એની એટલી હોશિયારી નહિ,



તે હવે નાનો ભાઈ એ જ મોટા ભાઈની ઓફિસમાં કારકૂન તરીકે નોકરી કરતો જોવા મળે છે.

વૈરાગ્યનાં કારણ તો માત્ર બાપ ભાઈ વગેરે સગાના જ વિચિત્ર વર્તાવ નહિ. પરંતુ પોતાની પત્ની પણ એવા વિચિત્ર વર્તાવની હોય છે કે એને પાડોશી વહાલા લાગે, પણ પતિ સાથે ટક-ટકારો કરતી હોય...આ પરથી સંસારની નિર્ગુણતા સમજીને એનાથી વૈરાગ્ય ન થઈ જાય ? **રાજા ભર્તૃહરિ** કેમ વૈરાગ્ય પામ્યો ? પોતે અતિપ્રિય કરેલી રાણી પિંગલાને દુષ્ચારિત્રી જોઈ, તે પણ ઝાડુવાળા સાથે ! એથી એ વૈરાગ્ય પામી ગયો.

**રાજા પ્રદેશી** ધર્મ પામ્યા પછી મોહ ઘેલી ચેષ્ટાઓ અને મોહ ઘેલા બોલ બંધ કરવાથી અતિપ્રિય રાણી સૂર્યકાન્તાને અળખામણો થયો. રાણીને હવે પશુ જેવા મોહના ચાળા રાજા તરફથી મળતા બંધ થઈ ગયા, તો રાણીને હવે પતિ પર એવો દ્વેષ ચડ્યો કે એણે આ ધર્મી બનેલ પ્રદેશી રાજાને પોષધ-ઉપવાસના પારણે ઝેર આપી મારી નાખ્યો ! શું આ વૈરાગ્યનું કારણ નથી ? રાજા પ્રદેશી આ જોઈ મોત વખતે સંસાર પર જ્વલંત વૈરાગ્યથી વીતરાગ ભગવાન પર ઉત્કટ રાગવાળો બની, પહેલા દેવલોકમાં સૂર્યાભ વિમાનનો માલિક સૂર્યાભદેવ તરીકેનો જ્વલંત પ્રભુભક્તિનો અવતાર પામ્યો !

**તરંગવતી અને પારધીનાં અદ્ભુત જીવન :-**

**તરંગવતી સાધ્વી** પેલી શેઠાણીને કહી રહી છે કે 'અમે તો સારા જૈન કુળમાં જન્મ પામેલા, જાતિસ્મરણ જ્ઞાનથી પૂર્વના પંખેરાના અવતારમાં થયેલા કારમા મૃત્યુના દુઃખ અહીં યાદ પણ આવ્યા, તેમજ આ ભવમાં ચોર-પલ્લીમાં ય ભયંકર ત્રાસનો અનુભવ કરી આવેલા, છતાં તેવા વૈરાગ્યના ફાંફા ! આ અમારી બધી હકીકતની સામે મુનિ જોયા તે પૂર્વ ભવમાં પારધીપણું કરનારા ! છતાં એ ય જાતિસ્મરણ જ્ઞાનથી અમને ચોર-પલ્લીમાંથી છોડાવી સીધા ચારિત્ર માર્ગે ચડી ગયા ! એ ૧૨ વરસ ચારિત્ર પાળનારા ! ત્યારે અમે હજી ૧૨-૧૨ વરસ સંસારના વિષયોના કીચડમાં આળોટીએ છીએ ! આ મહાત્મા બાર વરસમાં તો નવ પૂર્વધર મહા જ્ઞાની બન્યા, એમનો વૈરાગ્ય કેવો જ્વલંત ! અને એના ઉપર એ કેવા પ્રખર પુરુષાર્થી ! કે ઉચ્ચ કોટિના સંયમ અને જ્ઞાનનો વૈભવ પામ્યા ! આમ છતાં એ પરથી જો કે હજી પરણીને અમને માત્ર ૧૨ બાર વરસ થયા હતા, તો પણ મુનિના મુખેથી એમની કહાણી અને ઉપદેશ સાંભળી અમે વૈરાગ્ય-વાસિત બન્યા, વૈરાગ્યથી ભીના ભીના બની ગયા; અને અમે મુનિને પ્રાર્થના કરી કે,

**મુનિને તરંગવતીની પ્રાર્થના :-**

"પ્રભુ ! અમે પણ હવે આ દુઃખદ સંસારવાસથી ઊભગી ગયા છીએ. હવે અમારે જિનવચને કહેલા માર્ગે મોક્ષે જલ્દી પહોંચવું છે. એ માટે અમારું મન ખૂબ તલપાપડ બન્યું છે. અમને કર્તવ્ય સુઝાડો."

ત્યારે મહાત્માએ અમને કહ્યું "જુઓ હવે ભવ પરંપરામાં વિનિપાત ન ઇચ્છતા હો, તો શીલ-સંયમમાં તરત લાગી જાઓ; કેમકે કાળનો ભરોસો નથી; તેમ આયુષ્યની બાકીની ખબર નથી. એમાં યમરાજ ક્યારે ત્રાટકી પડે એનું શું કહેવાય ? માટે પાપ-ત્યાગ અને ધર્મ-પ્રવૃત્તિને જરાય વાયદે રાખ્યા વિના તરતમાં જ એમાં લાગી જવું ઉચિત છે. કહ્યું છે,

**जस्स न वरेज्ज मच्चू दुक्खं च जो न पावेज्जा ।**
**तस्स अकयउव्व, जुज्जेज्जा जीवियं सि चलंमि ॥**
**धम्माचरणंमि बुद्धि नरेण निच्चंपि कायव्वा ।**

અર્થાત્ જેને મૃત્યુ ન વરવાનું હોય, તેમજ જે દુઃખ પામવાનો જ ન હોય, એ કાંઈ સારા પરલોક માટે આગળથી તૈયારી ન કરે એ બરાબર છે. સિદ્ધ ભગવાનને હવે કદી મૃત્યુ નથી, તેમજ એમને હવે કદી દુઃખ આવવાનું નથી, તો પરલોક સુધારવા સિદ્ધ ભગવાનને ક્યાં કશી તૈયાર કરવી પડે છે ? પરંતુ જેને મૃત્યુ આવવાનું છે, અને જેને પૂર્વ કર્માનુસાર હજી દુઃખ પણ પામવાનો અવકાશ છે, એણે તો પરલોક સુધારનારા કર્તવ્યોની અને કર્મનાશના ઉપાયોની તૈયારી મોત આવતા પહેલાં આગળથી જ કરી રાખવી જોઈએ. એ જો ન કરે, ને અચાનક મોત વહેલું આવી જાય, તો પરલોક હિત-કર્તવ્યો કરવાનાં રહી જાય ! ને મોત પછી એ ક્યારેક કરે ? અને પછી તો અહીંથી એકલા પાપનાં પોટલાં લઈ ક્યાં જાય ? એને સદ્ગતિમાં નહિ, પણ દુર્ગતિમાં જ જવું પડે. માટે માણસે સમજી રાખવું જોઈએ કે જ્યારે જીવન ચંચળ છે, તો પછી ધર્મની આરાધનામાં જ હંમેશા તત્પરતા રાખવી જોઈએ."

**તરંગવતી-પદ્મદેવની દીક્ષા :-**

તરંગવતી સાધ્વીજી શેઠાણીને કહી રહ્યા છે કે મહાત્માએ અમને આ માર્ગદર્શન આપ્યું, તેથી એ સાંભળીને અમને સંસાર પર ભારે ઉદ્વેગ થઈ ગયો, મનને લાગી ગયું કે 'માથે લટકતી મોતની તલવાર નીચે હવે શા સંસારસુખના અભરખા રાખવા ? મોતથી એકાએક ઢળી જઈએ એ પહેલાં જ તપ-સંયમધર્મની



આરાધનામાં જ લાગી જઈએ.' એમ ધર્મનો ઉત્સાહ વધી જવાથી અમે વિશ્વાસપાત્ર નોકર વર્ગના હાથમાં અમારા શરીર પરનાં અલંકાર ઉતારીને આપી દીધા અને એમને કહ્યું કે 'તમે જાઓ, અને અમારા તરફથી માતાપિતાને એમ કહેજો કે,

**સાધ્વી તરંગવતીનો માતાપિતાને સંદેશો**

"આ સંસારમાં અનેક પ્રકારની અધમ યોનિઓમાં કરવા પડતા રઝડપાટથી અમે થાકી ગયા છીએ. હવે ભવમાં ભટકવાનું અમને જરાય મન નથી, અને ભવભ્રમણથી બચાવનાર એક માત્ર તપ અને સંયમ ધર્મ છે; તેથી અમે એ માર્ગ સ્વીકારી લઈએ છીએ. મૃત્યુની અનિશ્ચિતતામાં અમે હવે સંયમ અને તપની આરાધના કાળના ભરોસે રાખવા માગતા નથી. આમે ય પેલા ચોરોની પલ્લીમાં કપાઈ મર્યા હોત, તો તો સંયમની સાધના વિના ગયા જ હોત ને ? એ તો ભાગ્યયોગે જીવતા રહી ગયા ! તો હવે જીવતા રહીને અમારે પાપ પોષવા નથી; ધર્મની આરાધના જ કરી લેવી છે; તેથી અમે સંયમમાર્ગ અંગીકાર કરીએ છીએ. તમો સૌની પ્રત્યે અમારાથી આજ સુધી જે કોઈ અવિનય આદિ અપરાધ થયો હોય, એની અમે ક્ષમા માગીએ છીએ. અમારા પ્રમાદ-ભાવથી થયેલ ભૂલોની ક્ષમા આપજો."

મુનિના જીવન-વૃત્તાન્તે તરંગવતી-પદ્મદેવનાં હૈયા કેવાં હચમચાવી નાખ્યા હશે કે અહીં ઉદ્યાનમાં વસંતઋતુની મજા જોવા માટે ફરવા આવેલા, તે હવે મનને કશો સવાસલો કરતા નથી કે 'આ મુનિનું જીવન સાંભળીને તો એમજ લાગે છે કે **'સંયમ વિના જીવનો ઉદ્ધાર નથી, તેથી દીક્ષા તો લઈ જ લેવી છે,** પરંતુ પહેલાં સાધુમહારાજનો પરિચય સાધીએ, અને ધીમેધીમે ધર્મમાં આગળ વધતા જઈએ, બે વરસ સાધુમહારાજનો પરિચય અને ધર્મનો બરાબર અભ્યાસ કરી લઈએ પછી સંયમ માર્ગે ચડીશું. બાકી મહારાજ કહે હમણાં ઝટોપટ દીક્ષા લઈ લો, તે કાંઈ એમ દીક્ષા લેવાય નહિ. નહિતર જો આંધળિયા કરીએ, ને પછી ન ફાવ્યું તો આઘા જઈને પાછા પડવાનું થાય. એમાં તો પછી ન ઘરનાં ને ન ઘાટનાં રહીએ.' આવો સવાસલો ન કરતાં એમણે તો **'તરત દાન ને મહાપુણ્ય'**નો સોદો અપનાવી લીધો.

ત્યારે વ્યવહાર-ડાહ્યા શું કહે છે ? 'પણ એવી કાંઈ ઉતાવળ કરાય ? વ્યવહારમાં બેઠા છીએ એટલે સંસાર-વ્યવહાર તો જોવો જ જોઈએ ને ? બધાનાં મન મનાવવા જોઈએ, અને બધી વ્યવસ્થા કરીને પછી જ ચારિત્ર લેવાય,' એમ માનનાર સંસારના દલાલો અને વ્યવહાર-ડાહ્યાઓને આમ એકદમ જ સંસાર-ત્યાગ ગળે ઊતરે નહિ, એ ગળે ઊતારવા માટે પણ અંતર ખૂલેલા જોઈએ.

**મોહમાયાના દબાણથી જ્યાં અંતરના કમાડ જ બંધ હોય ત્યાં વૈરાગ્યની વાતો શાની અંતરમાં પેસે ?**

નહિતર આજે દુનિયામાં વૈરાગ્યના પ્રસંગો ઢગલાબંધ જોવા-સાંભળવા નથી મળતા ? ભયંકર અકસ્માતો, ખૂનરેજી, અ-ઘટતા વિયોગો-વિદ્રોહો...વગેરે શું ઓછું બને છે ? રોજ કાણ-મોંકાણના છાપા વાંચવા જોઈએ છે, છતાં બોલો જો વૈરાગ્યની અસર કેટલી થાય છે ? ના, એ તો મન સમાધાન કરી લે છે કે 'વખત ખરાબ આવ્યો છે, એટલે આવું આવું બને એ સ્વાભાવિક છે, પણ તેથી કાંઈ ઘર મૂકીને ભાગી જવાય ? અગર પૈસા-પરિવાર-વિષયો અકારા કરાય ?

**વિચિત્ર કે અણધાર્યા પ્રસંગોમાં મનને ખોટાં સમાધાન કરી લેવા હોય, ત્યાં વૈરાગ્યને જગા જ ન હોય.**

અભિમાની કાકા અજિતસેન અને શ્રીપાળકુમારને યુદ્ધ થયું એમાં કાકા હાર્યા, તો એમને વૈરાગ્ય થયો ! એમણે મનને ખોટું સમાધાન ન કર્યું કે 'શ્રીપાળ મોટું લહાવ લશ્કર લઈ આવ્યો હશે એ આપણને ખબર નહિ, તેથી આપણે ઠગાયા ને હાર્યા એ સ્વાભાવિક છે;' પરંતુ એ જોયું કે 'અરે ! મારું અભિમાન માથે પડ્યું ? તો પછી આ સંસારમાં એકલું અભિમાન જ શું, કામ-ક્રોધ-માયા-લોભ વગેરે બધાજ કષાયો ને વિષયો ઠગારા છે,'' એમ વિચારી સંસાર પર વૈરાગ્ય ઊછળ્યો, અને ત્યાં યુદ્ધભૂમિ પર જ ચારિત્ર સ્વીકારી ધ્યાનમાં ઊભા રહી ગયા ! ખોટો સવાસલો કર્યો હોત તો ચારિત્ર ક્યાં સસ્તુ પડ્યું છે ?

શ્રીપાલ સમજ્યો, 'કાકા રિસાયા છે,' તેથી હવે શ્રીપાલ મનાવવા આવે છે, કહે છે, 'કાકા ! માફ કરો આમ રીસ ન કરો, જાઓ પધારો નગરમાં, ને ખુશીથી આપનું રાજ્ય સંભાળો. પૃથ્વી ઘણી મોટી છે, હું ગમે ત્યાં એક જમીનનો ટૂકડો લઈ રાજ્ય કરી લઈશ.' શું કહે છે ? **'આપનું રાજ્ય સંભાળો,'** યુદ્ધ કરતાં પહેલાં શ્રીપાળે કહ્યું હતું 'કાકા ! તમે મારું રાજ્ય આજ સુધી સંભાળ્યું મારા પર ઉપકાર કર્યો, હવે હું મોટો થઈ ગયો છું, તેથી મને રાજ્ય સોંપી દો, હું સંભાળી લઈશ આપને શા માટે તકલીફ આપવી ? આપને હવે રાજ્ય સંભાળવાનું કષ્ટ ઉપાડવાની જરૂર નથી''

અહીં પૂછો ને,

**પ્ર.**- શ્રીપાળે આ 'મારું' રાજ્ય કહેવાનું ભૂલી, હવે 'આપનું' રાજ્ય કેમ કહ્યું ?

**ઉ.**- (૧) એક ખુલાસો આ છે, કે શ્રીપાલ ઉદાર હતા, પરના દુઃખે દુઃખી હતા. કાકાને રાજ્ય જવાથી દુઃખ થયું, રીસ ચડી, તો એમની રીસ ઉતારી દેવી,



એમનું દુઃખ દૂર કરવું, ભલે એ માટે મારે જીતેલું રાજ્ય પાછું સોંપી દેવું પડે. એટલે એમણે 'મારું' ન કહેતાં 'આપનું' રાજ્ય કહ્યું.

**જીવનની આ મહેક છે કે એમાં અનુકૂળ સંયોગ છતાં પરદુઃખ દૂર કરવા એ અનુકૂળનો ત્યાગ કરીએ.**

આ ત્યાગને મહેક એટલા માટે કહેવાય કે જેમ ફૂલની મહેક સુગંધિ લાંબી પ્રસરે છે, એમ (૧) આપણા જીવનમાં આ ત્યાગની પાછળથી અનુમોદના લાંબી પ્રસરે છે. ત્યાગ એ સુકૃત છે. સ્વસુકૃતની અનુમોદના એ મહેક છે. આપણને અવર-નવર થયા કરે કે 'પેલો ત્યાગ સારો થઈ ગયો, જેથી સામાને થતું ભારે દુઃખ દૂર થઈ ગયું !' આ એક મહેક તો આપણા માટે (૨) બીજી મહેક બીજા માટે આ, કે એને પણ આપણા સુકૃતની અનુમોદના રહે કે 'ભાઈએ મને અવસરે સારી સહાયતા કરેલી.

અહીં તો કાકા અજિતસેન ખરેખર ચારિત્ર જ લઈ લીધું હતું, એટલે એમણે શ્રીપાલની પ્રાર્થના પર રાજ્ય પાછું લીધું નહિ; કિન્તુ જો એના બદલે જો ખરેખર ત્યાગ માર્ગ ન લીધો હોત, અને રીસ કાઢી રાજ્ય પાછું લઈ લીધું હોત અને શ્રીપાલનો આભાર માની સલાહ-સંપી કરી હોત, તો શ્રીપાલને કાકાનું દુઃખ દૂર કર્યાનો જીવનભર આનંદ રહેત. એ આનંદ એ સ્વસુકૃતની અનુમોદના છે.

**મહાન આત્માઓને એવા સ્વાર્થની સિદ્ધિના આનંદ કરતાં પરાર્થ-પરોપકાર કર્યાનો આનંદ ભરપૂર અધિક હોય છે.**

**પરોપકાર કરીને કેમ એને નહિ ગાવો ? :-**

એટલે તો પોતે કરેલ પરોપકાર મહાન આત્માઓ બીજાની આગળ ગાતા નથી; કેમકે ગાવામાં બીજા તરફથી માન મળે, એ પોતાનો સ્વાર્થ સધાયો કહેવાય. બીજા તરફથી માનના એવા સ્વાર્થની સિદ્ધિનો આનંદ લેવા જાય તો પેલા પરાર્થકરણનો આનંદ મોળો પડી જાય. માટે જ, **શુદ્ધ પરોપકાર કર્યાનો આનંદ માણવો હોય તો એને ગાશો નહિ.**

**નહિતર ગાવા પર મળતા માનરૂપી સ્વાર્થની સિદ્ધિનો આનંદ પેલા પરોપકારના આનંદને દૂબળો પાડી દેશે, ઢાંકી દેશે.**

**કાશીનરેશનો ત્યાગ :-**

વાત આ છે, પોતાની અનુકૂળ ચીજનો ત્યાગ કરી પરનું દુઃખ દૂર કરવાનો મહાન પુરુષને ભારે આનંદ હોય છે. એટલે તો પૂર્વકાળમાં કાશીનરેશની પ્રસિદ્ધિ પ્રશંસા ઘણી ને એના પર કોશલનરેશને ઈર્ષ્યા થઈ આવી, તે કાશીનરેશને જીતી

લેવા યુદ્ધ કરવા આવ્યો; ત્યારે કાશીનરેશે એનું ઈર્ષ્યાનું દુઃખ મિટાવવા અને પ્રજાને યુદ્ધનાં દુઃખ નિવારવા મંત્રીઓ દ્વારા એને કહેવરાવ્યું કે,

"લડાઈનું શું કામ છે ? તમે ખુશીથી આવો, અને કાશીની ખાલી પડેલી રાજ્યગાદી સંભાળી લો. અમારા રાજા કાશીનરેશ રાજ્યગાદી છોડી જંગલમાં ચાલ્યા જાય છે. એથી બે લાભ, (૧) આપને મનનો સંતાપ દૂર થાય, અને (૨) બિચારી નિર્દોષ પ્રજાને લડાઈના મામલામાં નાહક લૂંટફાટ વગેરેનાં દુઃખ ન આવે."

ભારતની સંસ્કૃતિએ કેવા કેવા મહાન આત્માઓ સર્જ્યા છે ! ને એમણે કેવા કેવા મહાન સુકૃતો અને પરોપકારો કર્યા છે ! ભારતીય મહાન સંસ્કૃતિના આદર્શ જ આધ્યાત્મિક ! જ્યારે પાશ્ચાત્ય દેશોના આદર્શ ભૌતિક જુઓ,

**ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો તફાવત :-**

રાજા દશરથે કૈકેયીને આપેલા વરદાનમાં કૈકેયીએ માગ્યા મુજબ એના પુત્ર ભરતને રાજ્ય આપી દીધું. ને 'ભરત હવે રાજ્ય લે જ' એટલા માટે રામચંદ્રજીએ વનવાસ માગી લીધો, જેથી પિતાનું વચન અખંડ રહે; તે રામ પોતે વનમાં ચાલ્યા ગયા, એમાં ઉદ્દેશ આધ્યાત્મિક.

ત્યારે વિલાયતના રાજા આઠમા એડવર્ડને પાર્લામેન્ટે કહ્યું 'આમ વર્ગની લેડી સીમ્પસેનને છોડી, અમીર વર્ગની કન્યા પરણી લો; નહિતર રાજ્ય છોડી દો.' તો એડવર્ડે લેડી સીમ્પસેન ખાતર રાજ્ય છોડી દીધું. આ પણ રાજ્ય ત્યાગ થયો. તેમાં લેડીને ખુશ રાખવાનો ઉદ્દેશ ભૌતિક.

**તરંગવતીના નોકરોની ચીસ :-**

તરંગવતીએ જ્યાં નોકર માણસોને દાગીના આપીને આ કહ્યું કે 'તમે બા-બાપુજીને આ આપજો ને કહેજો કે અમે ભવ ભવ ભટકવાથી ત્રાસી ગયા છીએ; એટલે સંસાર-ત્યાગ કરી ચારિત્રમાર્ગ સ્વીકારી લઈએ છીએ,' ને સાધુવેશ લઈ લીધો, ત્યાં નોકર માણસો ચીસ પાડી ઊઠે છે, 'હાય ! હાય ! આ તમે શું કરો છો ?' એવી ચીસો પાડી રડારોળ કરવા લાગી ગયા. તરંગવતી-પદ્મદેવના પગમાં પડી ગયા, અને રોતાં કકળતાં કહે છે,

'હે નાથ ! નાથ ! અમને અનાથને તરછોડશો નહિ. તમે જો ઘર છોડી જાઓ, તો પછી તો અમને ઘરમાં અમારી આંખોને ઠારનારું તમારું પ્રિય મધુરું દર્શન જ ન મળે ! વાસ્તે મહેરબાની કરો, ઘરમાં જ રહી જાઓ. હમણાં સાધુ થવાની વાત ન કરશો. ઓ પ્રભુ ! પ્રભુ ! દયા કરો અમ સેવકો પર.'

એમ કરી નોકર-વર્ગ કરુણ રુદન ને વિલાપ કરે છે, ને ઘરે પાછા ફરવા વારંવાર કાકલુદીભરી વિનંતી કરે છે.



**પરિવાર-રુદન પર કેમ ન પીગળ્યા ? :-**

**કેશ લૂંચનમાં ક્લેશ લૂંચન :-**

પરંતુ અહીં તો આ બંનેને પાકા વૈરાગ્ય પર ત્યાગ લેવો છે. તેથી પરિજનની એવી કરુણ વિનંતિઓની શી અસર ? કશી જ નહિ. એ તો પદ્મદેવ ત્યાં પોતાના માથાના કેશનો લોચ કરી નાખે છે ! અને આ જનમનો ઉપકાર માને છે 'કે જેમાં શીરકેશના લૂંચનમાં સંસાર-ક્લેશોનું લૂંચન કરવા મળે છે. 'અહો અહો ! કેવો સુંદર આ આર્ય માનવજનમ ! અને કેવો ઉત્તમ આ વીતરાગનો સંયમ-ધર્મ ! જેમાં કેશનો લોચ એ માત્ર કેશ-લૂંચન નથી, પરંતુ રાગદ્વેષાદિ ક્લેશોનું પણ લૂંચન છે !'

**તરંગવતીની સંયમ-માગણી :-**

તરંગવતી પણ મુનિના ચરણે નમસ્કાર કરીને વિનંતી કરે છે, 'ભગવંત ! તો આપ મારા પર પણ કૃપા કરો, હું પણ મારા પ્રિય પતિની સાથે સંસારના દુઃખોથી છૂટકારો જ ઈચ્છું છું, અને સંયમ વિના સંસારના દુઃખોથી છૂટકારો નથી તો મને પણ સંયમ આપવાનો અનુગ્રહ કરો, મહેરબાની કરો.'

મુનિ સંમત થયા, એટલે તરંગવતીએ પણ પોતાના મસ્તકેથી કેશનો લોચ કરી નાખ્યો. મુનિએ ત્યાં બંનેને સર્વપાપ-ત્યાગનાં અર્થાત્ સર્વવિરતિ સામાયિકનાં પચ્ચકખાણ કરાવ્યાં, કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ હિંસા જાતે નહિ કરવાની, બીજા પાસે કરાવવાની પણ નહિ, તેમજ હિંસા કરનારાની અનુમોદના ય નહિ કરવાની, એમ જૂઠ વગેરે પાપોનો ત્રિવિધે ત્યાગ; એવાં પચ્ચકખાણ હોય છે તે આપ્યા.

**મૂળગુણો ને ઉત્તરગુણો :-**

મુનિએ એ પાપોની સમજ આપી, એનો ત્રિવિધ ત્રિવિધે ત્યાગ અર્થાત્

**'પાપસેવન મનથી ય નહિ, વચનથી ય નહિ, ને કાયાથી પણ નહિ; તેમજ જાતે ય કરવાના નહિ, બીજા પાસે ય કરાવવાના નહિ, ને બીજા દ્વારા એ પાપો સેવાતા હોય એને સારા માનવાનાય નહિ.'**

એ રીતે ત્રિવિધ ત્રિવિધે પાપત્યાગ સમજાવ્યો. આ તો મૂળ ગુણો, પણ સાથે સાથે મુનિએ એનાં રક્ષણ માટે ઉત્તર ગુણો પણ સમજાવ્યા. ઉત્તર ગુણોમાં, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ આવે. ઈર્ષ્યા સમિતિમાં માર્ગે ચાલતાં નીચે જોતાં જોતાં જ ચાલવાનું, જેથી 'કોઈ બિચારો નિર્દોષ જીવ ભૂલો તો નથી પડ્યો ? મારી ગફલતમાં નાહક મારા પગ નીચે કચરાઈ ન મરે' એ લક્ષથી ચાલતાં એની હિંસા અટકે. એવા બીજા ઉત્તર ગુણો સમજાવ્યા.

**સંયમ જીવન એટલે સ્વર્ગીય જીવન ! :-**

તરંગવતી-પદ્મદેવ સાધ્વી ને સાધુ બનેલા, તે ગુરુ મુનિ પાસેથી સંયમ અને ગ્રહણ-આસેવન-શિક્ષા પામીને ખૂબ જ આનંદિત થયા ! કેમ જાણે સ્વર્ગનું રાજ્ય મળ્યું ! એમ એમને લાગે છે. ક્યાં પલ્લીમાં જીવતા કપાઈ મરી મહાકિંમતી પણ માનવજન્મ સરાસર ગુમાવી દેવાનો અવસર ? અને ક્યાં એ આફત ટળી જીવંત રહેવા ઉપર આ સંયમ જીવન પામવાનો અવસર આવ્યો ? તે કોઈ સામાન્ય વસ્તુ નહિ, પણ ઠેઠ અનંત સુખના ધામભૂત મોક્ષ અપાવનાર માનવ-જન્મની ઉત્કૃષ્ટ વસ્તુ પામવાનો અવસર આવ્યો, એ ક્યાં ? એમના મનને આ રીતે વિચારતાં લાગે છે કે;

'આ તે શો ચમત્કાર બન્યો ?' અને સાથે ખેદ પણ થાય છે કે 'અરે ! આ ચમત્કાર બન્યો તે ચોર પલ્લીની કેદમાંથી છૂટ્યા પછી ઠેઠ બાર વરસે કેમ બન્યો ?' ખેર, પણ બાર વરસે ય ઉદ્ધાર થયાનો આનંદ અપરંપાર છે ! ત્યારે, પેલા નોકરો અહીં પદ્મદેવ-તરંગવતીનો સંસાર-ત્યાગ કેશ-લૂંચન અને સાધુ-વેશ ધરવાનું જોઈને ઘરે ગયા છે, તે એમનું તો મગજ જ કામ કરતું નથી ! એટલે જ અહીં પોક મૂકીને રોયેલા, તે હવે ઘરે જઈને બંને ઘરે વાત કરે છે કે 'તરંગવતી બહેને અને પદ્મદેવભાઈએ સંસાર-ત્યાગ કરી ચારિત્ર માર્ગ સ્વીકારી લીધો છે; લો આ એમના દાગીના, આપને આપવાના કહ્યા છે. અમે તો ભારે કલ્પાંત કરવા સાથે આમ ન કરવા ઘણી વિનવણીઓ કરી, પરંતુ એમને તમારીય દયા ન આવી, તો અમારી તો દયા શાની જ આવે ? અમે લાચાર બનીને આ આવ્યા છીએ.'

**બંનેની દીક્ષા સાંભળતાં માબાપોની દશા :-**

નોકરો પાસેથી આ સાંભળીને શેઠિયા છકડ ખાઈ ગયા કે 'આ શું ? હમણાં તો વસંતઋતુની મોજ માણવા ગયા છે, કશી ત્યાગ-વૈરાગ્યની વાતે ય નહોતી, અને એકાએક આ એમણે શું ગજબ સાહસ કરી નાખ્યું !!' બંનેના કુટુંબ આખાય ચમકારો પામી ગયા ! કુટુંબ-પરિવાર સાથે બંને શેઠીયા અહીં દોડતા આવે જ ને ? વાત માનવામાં આવે એવી નથી; કેમકે કેટલી અઢળક સંપત્તિ ! અને તરંગવતી-પદ્મદેવ બંનેનું કેવું લચપચતું યૌવન ! તથા બંનેના પૂર્વજન્મથી ચાલી આવેલો કેટલો ગાઢ પરસ્પર રાગ ! બંનેના ગાઢ રાગમાં એક બીજાની પાછળ કેવી આત્મઘાત સુધી પહોંચવાની તૈયારી ! એ સાંભળી છે, એટલે એમને એમ થાય છે કે,

પરસ્પર અતિપ્રિય એમની એકબીજાના વિષયોમાં તો આત્મઘાતની તૈયારી હોય; પરંતુ હવે બંનેને જ્યારે ભારે અનુકૂળ મીલન થઈ આવ્યું છે, તો પછી એકાએક બંને એક બીજાનો ત્યાગ કરીને આ મહાકપરા ચારિત્ર માર્ગે કેમ પ્રયાણ



કર્યું હશે ? આ બનવું જ અસંભવિત છે.' એમના મગજમાં આ બેસતું જ નથી.

**સંસારી જીવોને સંસારની વાસના એવા મોહમૂઢ બનાવે છે કે પોતાના જીવનમાં રાગના ખેલેલા તાંડવના અનુભવ પર બીજાના ત્યાગ-વૈરાગ્યના પરાક્રમ મનમાં બેસતા નથી.**

મોહમૂઢતા અને રાગના સુખદ માનેલા અનુભવ પોતાના જીવનમાં તો ત્યાગનું સ્વપ્નું ન આવવા દે, પરંતુ બીજાના જીવનમાં આવેલા ત્યાગને ય મનમાં ન બેસવા દે ! ને એમના મનને એમ થાય કે 'ત્યાગ તે હોય ? ભોગો જ ઉડાવવાના હોય; ને એમ સુખી બન્યા રહેવાનું હોય.'

સંસાર-વાસના 'સંસારમાં રાગાદિ ભાવો સહેજે થાય જ,' એમ મનાવે છે. હવે

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૯,તા.૧૫-૧૧-૧૯૮૬**

**વિચારવાનું આ છે, કે** આવું તો જીવ અનંત અનંત કાળથી માનતો-કરતો આવ્યો છે, તેમ અત્યારે પણ એવું તો અનાર્ય અને ભંગી કુળવાળા ય માને કરે છે; પછી એમાં ફેરફાર ક્યારે અને કયા ? કયા અવતારે ? ને કયા કુળમાં ?

અહીં બંને શેઠિયાઓને શું લાગી રહ્યું છે ? આ જ કે આવા યુવાન-યુવતી આટઆટલી સમૃદ્ધિ-સાહ્યબીનો એકાએક ત્યાગ કરી નાખે ? મતલબ ? ત્યાગ કરી દે એ દુઃખદ લાગે છે, ઉતાવળિયું સાહસ લાગે છે, પણ ખૂબી કેવી કે કોઈ તેવા વિષમ સંયોગમાં ત્યાગ કરે એ સાહસ કે એ વિચિત્ર નથી લાગતું ! શ્રીમંતને પરણાવેલી દીકરી પરણીને ૨ વર્ષમાં રાંડે, એ વિચિત્ર નહીં ? દેશાવર ગયેલો નવયુવાન દીકરો વાહનના અકસ્માતમાં માર્યો જાય યા એને કોઈ ડાકૂ, કોઈ નકસલાઈટ, ઉપાડી જાય, એ કશું સાહસ નહિ ?

**મા-બાપ અને કુટુંબ ઉદ્યાનમાં :-**

જ્યાં બંને શેઠિયાઓ પરિવાર સાથે નગરની બહાર ઉદ્યાનમાં દોડતા આવ્યા, ત્યાં પરિવાર તો આમને સાધુવેશમાં જોઈ મોટી પોક મૂકીને રડી પડ્યો; અને બંને શેઠિયા તો એકાએક બેભાન થઈ ગયા ! એમાં ય સુકોમળ તરંગવતીને સાધ્વી બનેલા જોતાં વિશેષ ચોંકી ઊઠ્યા ! જાણે ખબર નથી કે

**આ સંસારના રંગઢંગ કેવા ?**

આ સંસારના રંગમંચ ઉપર ખેલતા જીવો જન્મે જન્મે નવનવા અજાણ્યા સ્નેહીઓના સંબંધમાં આવે છે, 'તું મારો, હું તારો,' 'તું મારી, હું તારો,'...એમ નવા નવા હિસાબ ઊભા કરે છે, ને પછી એની જ પાછળ શોક-પોક-રુદન ચાલે

છે ! કારમા હિંસા-પરિગ્રહાદિ પાપો કરશે, કષાયો કરશે, તો તે પણ એની જ પાછળ ! પણ પછી મરીને એમને મૂકી નવો ભવ ! હવે ગત ભવના સગા-સ્નેહી સાથે કશો સંબંધ નહીં !, કશું કોઈને યાદ પણ કરવાનું નહિ ! આવી સંસારી જીવની વિચિત્ર અને ગુલામીભરી દુઃખમય સ્થિતિ જોઈને જ જ્ઞાનીઓ આવા અસાર સંસાર પર વૈરાગ્ય લાવવાનું કહે છે.

અહીં બંને શેઠિયાઓ સંસારની દુર્દશાને સમજનારા છે, તેથી અજ્ઞાન પરિવારની જેમ ચીસો પાડીને રોવા નથી બેસી જતા. જિનવચનથી ભાવિત થયેલી યાને જિનવચનથી રંગાયેલી મતિવાલા છે, એટલે સમજે છે કે 'સંસારમાં આવું બધું અણઘટતું બને એમાં કશી નવાઈ નથી.' આમ તત્ત્વસમજ છે, પરંતુ રાગદશા છે, તેથી આંખમાં ઝળઝળીયાં આવી જાય છે.

તરંગવતીના માતાપિતા આંસુને માંડ રોકતાં કહે છે,

**શેઠ શું કહે છે ? :-**

'આ તમે યુવાનીના ઉદયમાં, જ્યારે તોફાની યૌવન ખીલવા માંડ્યું છે ત્યારે, આ સાહસ શું કરી નાખ્યું ? સાધુપણાના આચાર અને ગુણો પાળવા બહુ કઠિને છે ! કેમકે, યુવાન વય તો વિકારોની ખાણ છે એમાં વિકારો જલ્દી ઊઠે. એવા વિકારોના ઝંઝાવાતમાં રખે તમે ચારિત્ર-સંયમની વિરાધના કરી નાખો તો ? માટે અમારે તો એટલું જ કહેવું છે કે આ

**ચારિત્ર એ તો મનુષ્ય-જન્મનો સાર છે.**

એ કમાઈ જ લેવો જોઈએ. સાર કમાઈ લે એ બુદ્ધિમાન છે. પરંતુ મોહની રાજધાની સમી યુવાની તમને ઠગી ન જાય, ખીલતી યુવાનીમાં મોહના વિકારો સંયમની વિરાધનામાં પાડી ન દે, એટલા માટે પહેલા મળેલા મનગમતા વિષયો યુવાનીમાં ભોગવી લઈ, પછી સંયમમાર્ગે જજો. તરણતારણ સંયમમાર્ગે જવાનો અમારો નિષેધ ન હોય; માત્ર સંયમ-માર્ગે મોહના વિકારોથી વિરાધના ન થાય, તેથી વિકારની વય વહી જાય પછી પ્રૌઢ વયે સંયમ લેજો. એમ સંયમ લેવામાં જોખમ નહિ.''

કેવો અનુકૂળ ઉપસર્ગ ! માબાપ લલચાવે છે

**પ્ર.**- તરંગવતી-પદ્મદેવ ખીલતી યુવાનીમાં છે. એમને ઇન્દ્રિયોના મનગમતા વિષયો મળ્યા છે. એમાં વડીલની આ સલાહ મળે, એટલે વૈરાગ્ય માર્ગેથી પાછા ફરી જવાનું સહજ ન બની જાય ?

**ઉ.**- ના, અહીં તો બંનેએ જીવનમાં વૈરાગ્યપ્રેરક ઘણું ઘણું જોયા પછી એમના કાન પર આ મોહની અનુકૂળ વાતો આવે છે, ત્યાં પેલી યાતનાઓ નજર



સામે હોય એટલે, એમ કાંઈ એ શાના ડગે ? એ ડગી જાય એવા નથી. એમને તો પેલી પલ્લીમાં અનેક સારા માણસો જેવા કેદીઓની દુર્દશા, અને વિશેષ પોતાના પર વરસેલી ભયાનક દુર્દશા, તથા નિશ્ચિત થઈ ગયેલ નિકટમાં જ ક્રૂર રીતે કપાઈ મરવાની આગાહી નજર સામે તરવરે છે, પછી એ શાના વૈરાગ્યમાંથી ચલિત થઈ જાય ?

**તરંગવતીનો વૈરાગ્યપૂર્ણ ઉત્તર :-**

એ તો કહે છે, 'મહાનુભાવ ! તમે જે યુવાનીમાં ભોગ સુખો કહ્યા, એ તો ખરજવાની ખણજ ખણવા જેવા ક્ષણિક સુખો છે. પણ એના વિપાક ભયંકર છે ! કેમકે વિષય-ભોગના ગુનાથી ઊભા થતાં પાપ અને પાપાનુબંધોથી નરકાદિ દુર્ગતિઓની જેલમાં પૂરાવું પડે છે. એ જેલોની હારમાળામાં પૂરાઈ જવું પડે તો ત્યાં ભયાનક દુઃખોમાં કેવું રીબાવું પડે ! અહીં એક જનમ વિષય ભોગની ભૂલ કરી નાખી, પછી અનેક જનમ દુર્ગતિઓના લેવા પડે ! એમાંથી કોઈ જ બચાવનાર ઉદ્ધારનાર મળતું નથી ! તો એવા ક્ષણ માત્ર સુખ દેખાડનાર ને પરિણામે ભયંકર દુઃખોમાં રીબાવનારા એવા વિષય સુખમાં કોણ બુદ્ધિમાન આકર્ષાય ?

**તરંગવતીની સમજ શી ખોટી છે ?**

સનતકુમાર ચક્રવર્તી, અબજોપતિ થાવચ્ચાકુમાર, રોજની નવી દેવતાઈ સમૃદ્ધિ-સામગ્રી ભરેલી નવાણું પેટી પામનાર શાલિભદ્ર,...વગેરેને કેવા ઊંચા વિષય-સુખો ચરણે લોટતા હતા ! છતાં એમણે ખીલતી યુવાનીમાં એ બધાને ઠોકરે મારી ચારિત્ર લીધું ! તે કઈ સમજથી ? આવી જ કોઈક સમજથી ને ? કે આ વિષય ભોગના સુખ હલાહલ ઝેર કરતાં ભયંકર છે ? ઝેર એક મોત આપે, વિષય ભોગના સુખ જનમ જનમ મોત આપે !

આ સમજથી જ તરંગવતીએ પિતા તથા સસરાનાં યુવાનીની વિષય-લહેરો લૂંટી લેવાના લલચાવનારા વચનોને જરાય મન પર ન લીધાં, એને જરાય મહત્ત્વ ન આપ્યું, ઊલટું એમ કહ્યું કે 'આ વિષયની લહેરો લૂંટનારી ઇન્દ્રિયો તો વાસ્તવમાં આત્માની ભાવશત્રુ છે. શત્રુને સાલિયાણાં ભરાય ?'

ત્યારે ઋષભસેન શેઠ કહે 'પણ બેન ! આ ભર્યા કુટુંબ વચ્ચે જે આનંદ-મંગળમાં રહ્યા એ એકદમ કેમ વીસરાશે ? તમે ઘરેથી નીકળ્યા ત્યારે તો આ કોઈ વિચારણા નહોતી, બધાની સાથે સ્નેહભાવમાં રહેલા, હવે એકાએક તમને શું થયું ? ક્ષણિક ઊભરામાં બધા સ્નેહભાવ તોડી મહા કપરા ચારિત્રમાર્ગે નીકળી પડવું છે, તો પાછળથી ઊભરો શમી જતા, ને એ પૂર્વના સ્નેહ યાદ આવતાં, આ ત્યાગનું સાહસ કરી નાખવા પર અફસોસી થશે.'

**નવી સાધ્વી તરંગવતી સંસારનું હાર્દ રજૂ કરે છે :-**

અહીં તરંગવતી સાધ્વી, જુઓ, હવે શાસ્ત્રની બે ગાથા ટાંકીને કેવો વૈરાગ્ય ભર્યો અદ્ભુત ઉત્તર કહે છે !

**भोगा खणमित्तसुहा, विवागकडुयत्ति तो अहं बेमि ।**
**बहु दुक्खो य कुटुंबो, न मुत्ति-सोक्खा परं सोक्खं ॥**
**जाव न मुयंति ( हायंति ) अक्खा, थामो जा अत्थि संजमं काउं ।**
**जाव न हरेइ मच्चू ताव वरं मे तवं काउं ॥**

અર્થાત્ ઈન્દ્રિયોના વિષયોના ભોગવટા ક્ષણમાત્ર સુખ દેખાડનારા છે; ઉપરાંત (એથી બંધાતા પાપકર્મોના) વિપાક ભયંકર કડવા હોય છે ! તેથી હું કહું છું કે કુટુંબ આપણને જે આ ભોગસુખો દેખાડે છે તે સુખના આભાસ દેખાડી સ્નેહની સાંકળે બાંધી જકડી રાખે છે, પણ એમાં બહુ (અતૃપ્તિ-અજંપો શોક-સંતાપાદિ દુઃખોના લીધે એ) દુઃખ રૂપ નીવડે છે. સાચું સુખ તો મોક્ષ સુખ છે. મોક્ષના સુખ જેવું બીજું કોઈ સુખ નથી. માટે એ મોક્ષ સુખ મેળવવા સારું (૧) જ્યાંસુધી ઈન્દ્રિયો પોતાની શક્તિઓ ગુમાવે નહિ, (૨) જ્યાંસુધી આપણી પાસે સંયમ પાળવાની શક્તિ પહોંચે છે, ને જ્યાંસુધી મૃત્યુ આપણને હરી જતું નથી, ત્યાંસુધી આપણે એ સંયમમાર્ગની આરાધના કરી લેવી, એ જ શ્રેયસ્કર છે.

કેવી મજેની વાત કરી ! કુટુંબ સાથે રહીને વિષયોની સુખ-મોજ માણવાનું તો જીવને ગળથુથીમાંથી ગમે છે, પણ એનો અર્થ શો ? રજાનો દહાડો છે, કુટુંબ સાથે બેસીને નાસ્તો ઉડાવ્યો, ચાર ભજિયાં ખાધાં, ચાર ખમણ ખાધાં, ચહા પાણી ઉડાવ્યા, આનો કેટલો આનંદ ? રાખ ને ધૂળ-એક ભજિયું કે એક ખમણ ખાધું પણ એનો સ્વાદ ૨-૪ મિનિટ પણ ટકતો નથી ! એટલે તો તરત બીજું ભજિયું કે ખમણ ખાવા જોઈએ છે. મોંમાં બેનો ભેગો ય સ્વાદ ઊભો રહેતો નથી. 'ખા ગયા, ખો ગયા'ના ખેલ છે. એમ બીજા વિષયોમાં ય શું છે ? ભોગવતા સહેજ સુખનો વિજળી-ઝબૂકો ! પણ પછી એ તરત ઊડી ગયો ! એમાં શું સુખ માનવાનું ? ત્યારે કોઈ કહે છે,

**પ્ર.**- પણ સાહેબ ! પ્રેમાળ કુટુંબ સાથે બેસીને આ વીજ ઝબૂકાનાં સુખ અનુભવવાની ય કોઈ અનેરી મજા છે ને ?

ઉ.- તરંગવતીના શબ્દોમાં આનો જવાબ છે, કે

**૧. 'ભોગા ખણમિત્ત સુહા, ૨ વિવાગ-કડુયા, ૩ બહુ-દુક્ખો ય કુડુંબો.'**

**(૧) ભોગોમાં ક્ષણમાત્ર આનંદ ! (પછી ઈન્દ્રિયો લુક્ખી ને ભૂખારવી !)**

**(૨) એના પાછા સરજાયેલ પાપોના વિપાક ભૂંડા ! અને**



**(૩) કુટુંબના કારણે બહુ દુઃખો !**

જો આ બરાબર હૈયે વસી જાય, તો પછી બોલો કુટુંબ સાથે બેસીને વિષયોની મોજ ઉડાવવામાં બુદ્ધિમત્તા લાગે છે ? યાદ રાખવાનું છે કે

**આપણે કટોકટીના સમયમાં છીએ.**

ભારત પર પૂર્વે પાકિસ્તાને ચડાઈ કરેલી ત્યારે આપણે (ભારતીઓ) કટોકટીનો સમય સમજેલા, એમાં ચાલુ વ્યવહારો બંધ જેવા થઈ ગયેલા. એમ આપણો ભૂતકાળનો અનંત કાળ, અને ભાવી આવશે તે અનંતકાળ, આ બે જંગી કાળની વચ્ચે આપણાં આ જીવનનો અતિ અલ્પકાળ એ કટોકટીનો કાળ છે, આ કાળમાં ઈન્દ્રિયો પર સંયમ રાખી, નિગ્રહ રાખી, મોજશોખ વગેરેના વિષયોના ભોગ બંધ કરાય, તો ભાવી દીર્ઘાતિદીર્ઘ કાળના અનર્થોથી બચી જવાય છે.

તરંગવતી એટલે જ કહે છે "ક્ષણમાત્ર સુખ દેખાડનારા ભોગોનો અમે ત્યાગ કરી દીધો છે. બાકી જે કુટુંબ સાથે રહીને વિષયવિલાસના સુખ માણી લેવાનું આપે કહ્યું, એ કુટુંબ તો બહુ દુઃખરૂપ છે. જીવને રોજિંદા જીવનમાં ય કુટુંબના જ કારણે કેટલીય ચિંતાઓ, કેટકેટલા સંતાપ ટોણાં-મેણાં અપમાન-અવગણના વગેરે અહીં સહન કરવા પડે છે; ને પાપોના વિપાકો પરલોકે તો ભયંકર નરકાદિના દુઃખો વરસાવે છે. આ બધું શાથી ? કુટુંબના કારણે જ. તેથી જ કુટુંબ અને વિષયોનો અમે ત્યાગ કરી સંયમ માર્ગ સમજપૂર્વક લીધો છે;

અને એક વાત કહું આપે અમને યુવાનીમાં વિષયસુખો ભોગવી લેવા કહ્યું, પરંતુ યુવાની વીત્યે ઈન્દ્રિયો દૂબળી પડી જાય છે, શરીરશક્તિ પણ ઓછી થઈ જાય છે, તેમજ મૃત્યુ ક્યારે ત્રાટકી પડે એનો ય ભરોસો નથી. આ સ્થિતિમાં ધર્મ ભવિષ્યના વાયદે કરવાનો રાખીએ તો ઠગાઈ ન જઈએ ? ધર્મની સાધના ક્યારે કરવાની ? અને કેવી સાધના કરવાની ? એટલે જ જ્ઞાનીઓ જે કહે છે કે જ્યાં સુધી ઈન્દ્રિયો આંખ, કાન, જીભ વગેરે સીદાતી ન થાય, દૂબળી ન પડી જાય, તેમજ જ્યાં સુધી સંયમ પાળવાનું જોમ-સામર્થ્ય હયાત છે, તથા જ્યાં સુધીમાં મોતનો હલ્લો નથી આવ્યો, ત્યાંસુધીમાં અમારે સંયમ ધર્મ જ આરાધી લેવો એ શ્રેયસ્કર છે."

તરંગવતીના આ વૈરાગ્ય-નીતરતા બોલ સાંભળી બંને શેઠિયાઓને ખાતરી તો થઈ ગઈ કે 'આમનો વૈરાગ્ય સમજપૂર્વકનો છે, અને હૈયામાં એ જડબેસલાક બેસી ગયેલો છે.' એમાં હવે ઋષભસેન શેઠ આશીર્વાદ આપે છે.

**'इंदियचोरगहणंमि नित्थरह अणाबाहा'**

અર્થાત્ ઈન્દ્રિયોરૂપી ચોરોથી વ્યાપ્ત આ સંસારરૂપી વનમાંથી નિરાબાધપણે

પાર ઉતરી જજો એવી અમારા અંતરની આશીષ છે.

**પદ્મદેવના પિતા શું સમજાવે છે ? :-**

ત્યારે પદ્મદેવના પિતાજી સાર્થવાહ ધનદેવશેઠ પદ્મદેવને સમજાવવા માટે આવી વિનંતી કરે છે, "હજી જરાક ઠરીને વિચાર કરો. તમને કોણે શું કહ્યું ? શું કોઈએ ઠપકો આપ્યો ? તમારો તિરસ્કાર કર્યો ? અથવા શું કોઈ એવું અજુગતું દીઠું ? હજી તો તમે ઘરેથી આનંદમંગળમાં ઉદ્યાનમાં ફરવા આવ્યા છો, ત્યાં આ તમે એકાએક સંસારથી કેમ ઊભગી ગયા ?

"જુઓ, તમે અહીં સંયમ પાળો તો તેથી તમારે દેવલોક જવાનું થાય, અને ત્યાંય પણ કામ ભોગો છે, વિષય-સુખો જ છે. એમાં પણ સારભૂત દેવી-સ્ત્રીઓ જ છે; તો અહીં પણ તમને અપ્સરા જેવી સ્ત્રી મળી, તો સારા કામ-ભોગો ભોગવી લો; ને યુવાની વીતી ગયા પછીથી ધર્મ કરજો."

ટૂંકી બુદ્ધિથી જોનારને આ વાત કેવી ગળે ઉતરી જાય ! એના મનને એમ થઈ જાય કે 'આમે ય જ્યારે અત્યારથી ધર્મ કરીને ય આગળ પર તો દેવલોકમાં કામભોગોના વિષય સુખો જ ભોગવવાના છે, તો લાવ ને અત્યારે હાથ વેંતમાં છે એ કામ ભોગો કાં ન ભોગવી લઉં ? ચારિત્રની નકામી ઉતાવળ શી કરવી ? કામ-ભોગોની ઉંમર વહી જાય, પછી ચારિત્ર લેવાનું તો છે જ ને ?' ટૂંકી બુદ્ધિવાલાને આમ ભ્રમણા થાય...અજ્ઞાનતાથી આ બરાબર લાગે, પણ હવે પદ્મદેવ મુનિ બનેલા તે શું કહે છે એ જુઓ એટલે એ ભ્રમણા-અજ્ઞાનતા હટી જશે.

**પદ્મદેવ મુનિ કહે છે.**

**ભોગોથી રેશમના કોશેટા જેવી દુર્દશા :-**

"જુઓ મહાનુભાવ ! કોઈએ અમને રીસવ્યા નથી, કે કશું અજુગતું બન્યું નથી. પરંતુ આપે જે સ્ત્રીની મુખ્યતાવાળા કામભોગોના વિષયસુખોની દલાલી કરી, એ ભોગો ભોગવતા બેસવામાં અમને રેશમના કોશેટા જેવી ભયંકર મૂઢતા દેખાય છે."

રેશમના કોશેટાનું જીવડું જેમ પોતાના મુખમાંથી નીકળતી સુંદર રેશમના તાર માત્ર પર નિર્ભર રહી, પોતાની જાતને એનાથી વીંટાળ્યે જ રાખે છે, વીંટાળ્યે જ રાખે છે, પણ અંતે વીંટાયેલો કોશેટો દડી જેવો થતાં એ જીવડાને ઉછેરનાર ક્રૂર માણસો વડે કોશેટા સહિત એ જીવડું એકદમ ગરમા ગરમ કકળતા પાણીમાં ઝબોળાય છે. એ કોશેટાનું જીવડું બીચારું અંદરમાંથી બહાર નીકળી શકતું નથી, પણ અંદરમાં ને અંદરમાં અતિશય ગરમ પાણીથી દઝાતું શેકાતું રહે છે, એને લાયો ઊઠે છે, પરંતુ શું કરે ? વેઠ્યે જ છૂટકો. એમાં એ રીબાઈ રીબાઈને મરે છે. એમ મૂઢ જીવ



ભોગોના તાત્કાલિક આનંદમાં પરિણામ શું પામે છે ? દીર્ઘ દુર્ગતિ !

**સ્ત્રી-સંબંધના કારણે જ ધર્મ ભૂલે :-**

પદ્મદેવ કહે છે, 'જુઓ મહાનુભાવ ! જે કોશેટાની અંદર ફસાયા આમ ભયંકર બળવાની પીડા આવે છે, એજ કોશેટાના તાર એ જીવડાએ પોતે જ ઊભા કરેલ, અને જાતે જ પોતાને એ તાર વીંટાળેલા. જેમ જીવડું મૂઢ છે, અજ્ઞાન છે, કે જેના સંબંધથી પોતાને ભાવી ભયંકર દુઃખ ઊભા થનાર છે, એવા સંબંધ પોતે જ યોજે ! એમ મૂઢ જીવો જે સ્ત્રીના સંબંધથી પોતાને જ ભાવી નરક સુધીની વેદનાઓ યાતનાઓ ઊભી થનાર છે, એ સ્ત્રી-સંબંધને પોતે જ ઊભા કરે છે. કોશેટો કદમાં વધતો ગયો ચળક-ચળક દેખાતો રહ્યો, એથી કોશેટાના જીવડાની શી વડાઈ થઈ ? કશી નહિ, છતાં જાતે ને જાતે વડાઈ સમજી ફૂલીને ફાલકો થાય એ કેવી મૂઢતા ! એમ સ્ત્રી-સંબંધ કરીને સ્ત્રી સારી દેખાવડી વગેરેથી માણસ વડાઈ માને એમાં પોતાનું શું વળ્યું ? ઊલટું ખરેખર તો એમાં પોતાની ફસામણી એવી થઈ કે પછી એ કશી ધર્મસાધના, કશી પરમાત્મભક્તિ, કશા સંયમ-બ્રહ્મચર્યને યોગ્ય રહ્યો નહિ ! ને એ સ્ત્રી-સંબંધનાં જ કારણે અહીં કેટલીય ચિંતાઓ સંતાપ અને પાપાચરણને પરવશ બનવું પડ્યું ! ને પરલોકમાં તો નરકાદિ દુઃખો પારાવાર સરજાય છે !

સારાંશ, કોશેટાનો જીવ તંતુઓથી પોતાની જાતને જ બાંધે છે, એમ મોહથી મોહિત મતિવાળો પુરુષ સ્ત્રીની કાયાના મોહથી પોતાના આત્માને રાગ-દ્વેષથી જકડે છે, ને પછી પોતાના આત્માને ૮૪ લાખની વિવિધ યોનિમય આ સંસાર-અટવીમાં ભ્રમણ કરાવ્યા કરે છે. માટે સ્ત્રી એ બહુ સુખ માટે નહિ, પણ બહુ બહુ દુઃખ માટે નીવડે છે.

પદ્મદેવના સ્ત્રી તત્ત્વના અંગેના આ નિરૂપણથી હવે પિતા ધનદેવને કાંઈ બોલવાનું રહે ? 'ના, ના, સ્ત્રીતત્ત્વ ગમે તેવું ? પણ હમણાં તો તમે એના ભોગસુખો ભોગવી લો' એવો આગ્રહ ધર્માત્મા ધનદેવ હવે કહી શકે ? ત્યારે હજી પદ્મદેવને સંસારમાં રોકવા પિતા ધનદેવ નવો મુદ્દો રજૂ કરે છે. એ કહે છે,

**પિતાનો પુત્રને ખેંચવા નવો મુદ્દો :-**

'ભાઈ ખેર ! સ્ત્રી માટે અમારો આગ્રહ મૂકી દઈએ છીએ, પરંતુ તમારે માતા પિતાની સામે તો જોવું જોઈએ કે નહિ ? તમારા પર અમે પ્રેમથી ઝુરી મરીએ, અને તમે અમને એકાએક તરછોડી ચાલ્યા જાઓ ?'

**જવાબમાં 'માતા પિતા મોક્ષ માર્ગ રુંધે'-**

પદ્મદેવ એનો જવાબ કહે છે 'માફ કરજો, જ્ઞાનીઓ કહે છે, **માતાપિતા એ**

**મોક્ષમાર્ગે ચાલવા આડે પગે બેડીઓ છે.** જીવ એમના સ્નેહના બંધનમાં જકડાયો એમનું મન સાચવવા બેસે, એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના ન કરી શકે. માતાપિતાનું મન સાચવવા પહેલું તો આ જ કરવું પડે કે એ જે બોલ બોલે એમાં હા જી હા કરવી પડે; અને સંસારી માતાપિતાના બોલ કેવા હોય ? મોહના ઘરના. જેવા કે, એ કહેશે 'ભાઈ ! માતાપિતાને તો જિંદગી સુધી પાળવા જ જોઈએ ને ?' શું ?'મોક્ષમાર્ગ સંયમમાર્ગ એ કાંઈ જિંદગી સુધી પાળવા જેવો નહિ ! માતપિતા જિંદગી સુધી પાળવા જેવા !' આ બોલ કેવી માન્યતા ઉપરના ગણાય ? શું આ માન્યતા સમ્યક્ત્વના ઘરની ? કે મિથ્યાત્વના ઘરની ? સમ્યક્ત્વના ઘરની માન્યતામાં હિંસાદિ પાપો, ક્રોધાદિ કષાયો, ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે રાગ-દ્વેષ-મોહ એ બધા આશ્રવો કહેવાય, અને **'આશ્રવઃ સર્વથા હેયઃ, ઉપાદેયશ્ચ સંવરઃ'.**

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૩૫,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૮૬**

અર્થાત્ આશ્રવ એ સર્વથા ત્યાજ્ય છે, છોડવા જેવા છે, આચરવા જેવા નહિ. તો માતાપિતા પણ એક વિષય છે, રાગનો, મોહનો વિષય; એ જિંદગી સુધી પાળવા જેવા કેમ મનાય ? એ તો સર્વથા ત્યાજ્ય છે. ત્યાગ કરવા યોગ્ય છે, પાળવા યોગ્ય નહિ, પાળવા યોગ્ય તો દર્શન-જ્ઞાન-ચારિત્ર જ. આમ માનવામાં સમ્યક્ત્વ છે. આનાથી ઊંધું માનવામાં તો મિથ્યાત્વ આવે, આમ પહેલું તો સમ્યગ્દર્શન જ ન રહે, પછી માતાપિતાની સેવામાં પડ્યા રહ્યે સમ્યગ્જ્ઞાન-ચારિત્રની આરાધના કરવાની વાતે ય ક્યાં રહે ?''

પદ્મદેવની દૃષ્ટિ મોક્ષ તરફ અને મોક્ષમાર્ગની આરાધના તરફ બંધાઈ ગઈ છે, એટલે હવે જો માતા-પિતાના સામે જોવા જાય, એમના પરના સ્નેહના બંધને બંધાયો એમને સાચવવા તરફ દૃષ્ટિ લઈ જાય, તો એને લાગે છે કે 'એમાં મોક્ષમાર્ગ-ચારિત્રની આરાધના ચૂકી જવાય,' તેથી એ કહી રહ્યો છે કે 'માતાપિતા તો મોક્ષમાર્ગની આરાધનામાં ન જવા દેનાર બેડીરૂપ છે.'

ત્યારે એના પિતા ધનદેવ કહે છે, ''ભાઈ ! અહીં જનમ પામ્યા એટલે માતા પિતાના સંબંધ થયા, એ હિસાબે વ્યવહારથી એ જનમના સંબંધ પાર તો પાડવા જ જોઈએ ને ?''

પદ્મદેવ ઉત્તર કરે છે, ''તમે સાર્થનો દાખલો વિચારો, **જનમના સંબંધ પાર પાડવા જોઈએ ? :-**



**સાર્થના દૃષ્ટાંતે વૈરાગ્ય :-**

એ કહે છે, ''જુઓ, જેમ કોઈ મોટા નગરે કોઈ સાર્થ (જનસમૂહ) જતો હોય, તો એમાં ગામ-ગામથી નવનવા લોકો જોડાય છે, અને વચમાં વચમાં પોતપોતાનું ઈષ્ટ ગામ આવતું જાય તેમતેમ સાર્થમાંથી છૂટા પડી ત્યાં પહોંચી જાય છે; ત્યાં પછી એ જોવા નથી બેસતા કે 'સાર્થમાં બીજા સાથે છે. એમને મૂકીને કેમ જવાય ?' એ તો છૂટા પડીને જાય જ છે; તેમ સાર્થમાંથી કોણ ક્યારે જાય ? ક્યારે છૂટા પડી ક્યાં જાય ? એનો કોઈ નિયમ પણ નથી રહેતો. એમ આ આપણો જનમ એટલે એક સાર્થરૂપી કુટુંબમાં ભળ્યા જેવો જનમ છે. એ **કુટુંબમાં કોણ ક્યાંથી આવ્યું, એનું ય કશું બંધારણ નહિ; તેમજ અહીંથી કોણ ક્યારે ને ક્યાં જવા માટે છૂટું પડે, એનો ય નિયમ નહિ. દરેક** પોતપોતાના સ્વતંત્ર કર્મના હિસાબે ક્યાંકથી આગમન અને ક્યાંક ગમન કરે છે.

વળી જેમ સાર્થમાં, કોઈના કોઈક ગામેથી જોડાતાં એને ગામના કે કુટુંબના કોઈનો ય સથવારો નહિ, કોઈ સાથે નહિ, એકલો જ જોડાઈ જાય છે, ને પછી સાર્થમાંથી નીકળી પોતાના ઈષ્ટ ગામે જતાં ય સાર્થમાંથી કોઈનોય સથવારો નહિ. કોઈ જ એની સાથે જાય નહિ, એકલો નીકળી જાય. આમ જેમ સાર્થમાં આગમન-ગમન દરેકનું સ્વતંત્ર; એમ આ જનમમાં આગમન-ગગનમાં કોઈનો ય સથવારો નહિ. સાર્થ તુલ્ય અહીંના કુટુંબમાં આવવાનું ય એકલે પંડે, અને કુટુંબમાંથી જવાનું ય એકલે પંડે. સગાસ્નેહી સાથે ઘણાય સ્નેહ કર્યા હોય, પરંતુ જવાનું થાય ત્યારે જાણે કશી ઓળખ જ નથી. તે કોઈ સાથે જવા અર્થાત્ મરવા તૈયાર નથી ! રુદનના ખોટા સવાસલા કરે ! ખોટાં 'એટલા માટે કે કલેજું ઠેકાણે છે કે 'મારે માત્ર રોઈ લેવાનું; પછી ભલે મરનાર મર્યા પછી પોતાના કર્મના વિપાકના હિસાબે એ કોણ જાણે ક્યાંય દુઃખમાં સડતો હોય તો પણ મારે સંસારનાં સુખોને ધક્કો નથી પહોંચાડવાનો.' ત્યારે મરનારને પણ અહીંના બધા હક મૂકીને જવું પડે છે, ત્યાં માબાપ કે બીજા શા કામ લાગ્યા ?

પદ્મદેવ કહે છે ''મહાનુભાવ આ બધું સૂચવે છે કે સાંસારિક રાગના આ બધા નાટક ખોટા છે. માટે જો કાળઝાળ સંસાર દાવાનળથી છૂટવું હોય, તો આ જ માર્ગ હોય કે સાંસારિક સગા અને સાંસારિક પદાર્થોનો રાગ છોડાય. એ રાગ તો જ છૂટે કે એનો સંગ યાને સંબંધ જ છોડી દેવાય.

**વસ્તુનો સંગ છૂટે તો જ રાગ છૂટે.**

પદ્મદેવ મુનિ બનેલા તે પિતાના 'માતા પિતાના પ્રેમને આમ તરછોડી ન જવાય' એવા વચન પર આ જવાબ કેટલો ઉમદા દઈ રહ્યા છે ! કે

**માતા-પિતાએ તો સંસારમાં જકડી રાખનાર બેડી છે.**

એમના રાગમાં જકડાયો જીવ તારણહાર ચારિત્રમાર્ગ નથી અપનાવી શકતો, અને ચારિત્ર વિના તો મોક્ષ ક્યાં મળે એવો જ છે ? ઊલટું એમના રાગના બંધનમાં જીવ એવા પાપો કરે છે કે એક દિ 'એમનાથી છૂટા પડતાં એ ઉપાર્જેલ પોતપોતાના પાપોના હિસાબે સંસારની વિવિધ ગતિઓમાં જીવોને ભટકતા રહેવું પડે છે.'

જો આ ભવભ્રમણ ન જોઈતું હોય તો

**'अवरागो मुक्तिमग्गो जाव आउ पडिच्छेओ'**

અર્થાત્ જ્યાં સુધી આયુષ્યનો પૂર્ણ છેદ ન થાય, આયુષ્ય હાથમાં હોય, ત્યાં સુધી માનવ કર્તવ્ય આ છે કે સંસારના માતાપિતાદિ સગા વહાલા અને સાંસારિક વિષયો પરના રાગનો ક્ષય કરતા ચાલવું; એ મોક્ષમાર્ગ છે.

એટલે જ ચારિત્રમાર્ગ લીધા પછી પણ ખૂબ જ ખૂબ જતના સાવધાની રાખવાની છે ક્યાંક પૌદગલિક પદાર્થ પર આકર્ષણ-આસક્તિ ન થઈ જાય, ! યાવત્...**પોતાના અહંત્વ પર પણ આસક્તિ ન થવી જોઈએ.**

**નંદીષેણ અહંત્વથી પડ્યા :-**

જુઓ નંદીષેણ મુનિને વેશ્યાએ ટોણો માર્યો કે 'મહારાજ ! તમે અર્થલાભ નથી કરાવી શકતા એટલે ધર્મલાભ ધર્મલાભ કહેતા ફરો છો ?'

અહીં મુનિને અહંત્વ પર આસક્તિ ઊભરાઈ, તે વેશ્યાને કહે 'એટલે તું શું એમ સમજે છે કે અમારામાં અર્થલાભ કરાવવાની તાકાત નથી ?' એટલે ધર્મલાભ બોલીએ છીએ. લે જો, 'એમ કહી એક તણખલું લઈ એના પર આંખનો મેલ ચોંટાડી ફેક્યું, તો ત્યાં લાખો સોનૈયા વરસ્યા' પૂછો,

**પ્ર.**- તો આ અહંત્વની આસક્તિમાં શું બગડ્યું ? વેશ્યાને ખબર પડી ગઈ કે જૈન મુનિઓ કાંઈ મુડદાલ શક્તિહીન નથી હોતા.

ઉ.- બગડ્યું એ, કે વેશ્યાએ એમની શક્તિને દાઢમાં ઘાલી, 'આમને જો અહીં રોકી પાડી મારા માલિક બનાવી દઉં, તો મારે જિંદગીની પૈસાની ભીડ ભાંગી જાય.' ને એમ કરીને ચાળાં નખરાં કરીને મુનિને પતિત કર્યા.

આવા મહાતપસ્વી સંયમી મુનિ પતિત થાય ? થાય, કેમકે અહંત્વની આસક્તિમાં વેશ્યાને પોતાની લબ્ધિનું દૈવત બતાવવા ગયા હતા ત્યાં પતનનું પગરણ મંડાયું.'

**એટલે જ પદ્મદેવ મુનિ કહે છે.** "ચારિત્ર લીધા પછી પણ ક્યાંય આસક્તિ



આકર્ષણ ન થાય એ સાવધાની પાકી રાખવાની છે. તો સુખેથી મોક્ષે જવાનું સુલભ બને.

બાકી જે તમે કહ્યું 'હમણાં કામ ભોગો ભોગવી લો' એમાં મોટો વાંધો એ છે કે મરણ અનિયત છે. ક્યારે મરવાનું તેની ખબર નથી. તેથી જો ધર્મસાધના વિના ગફલતમાં રહીએ અને મોત ત્રાટકી પડે, તો સાધના વિના આ જીવનમાંથી દેશ નિકાલ થવાનું થાય ! અને ધર્મ-સાધના વિના એકલી પાપ-પ્રવૃત્તિઓથી પરભવે ગતિ કેવી મળે ? રુડી રૂપાળી ? ડામ, આવો આઘા પરલોકે સારી ગતિઓ તો ધર્માત્માઓ માટે રીઝર્વ્ડ થયેલી છે. માટે તુચ્છ અને નાશવંત કામભોગો ભોગવી લેવાની વાત બુદ્ધિહીનને શોભે એવી છે." આમ પદ્મદેવે પોતે ઘરે પાછા આવવાનો સચોટ ઈનકાર કરી દીધો. એમાં એનો મિત્રવર્ગ તો સાવ નિરાશ થઈ ગયો ! હવે બોલવાની હિંમત ન રહી. જીવનું જ્યારે આંતરિક ધર્મતેજ ઝળહળી ઊઠે છે, ત્યારે એ સામા પર એવો પ્રભાવ પાડી દે છે કે એની પાસે ધર્મનો વિરોધ કરવાની હામ જ નથી રહેતી.

એટલે તો જુઓને તીર્થંકર ભગવાનની વ્યાખ્યાન પર્ષદામાં ૩૬૩ કુવાદીઓ સાંભળવા બેસે છે. અલબત એ સાંભળેલું એના ભારેકર્મીપણાને લીધે એને ગળે ઊતરતું નથી, એટલે સમવસરણમાંથી નીકળ્યા પછી બીજાને એની વિરુદ્ધ વાતો કરશે, પરંતુ અહીં સમવસરણમાં સાંભળતી વખતે એવું બોલવાની હામ નથી હોતી. કારણ ? આ જ કે ભગવાનનું ધર્મતેજ એવું ઝળહળે છે કે એમાં આવા કુવાદીઓ નિસ્તેજ થઈ જાય છે. સૂરજ ઊગે એટલે તારાઓ નિસ્તેજ થઈ જાય છે ને ? તો પૂછો,

**પ્ર.**- આપણામાં આવું ધર્મ-તેજ કેમ નથી આવતું કે જેનો બીજા પર પ્રભાવ પડે ?

ઉ.- ન આવે, જ્યાંસુધી અંતરમાં મોહનું તેજ પડ્યું હોય ત્યાંસુધી ધર્મતેજ ન આવે.

**મોહનું તેજ એટલે દુન્યવી ઈષ્ટ પદાર્થો, બાબતો અને માન-પાન ઉપર તેજસ્વી રાગ...**

અંદરમાં ઊતરીને જોજો કે નાના નાની બાબત પર પણ કેવો તેજસ્વી રાગ છે ? કે એને બીજાની આગળ સત્તરવાર ગાવાનું મન થાય છે ! દુન્યવી તુચ્છ પદાર્થ પર પણ કેવો તેજસ્વી રાગ કે એમાં આઘું પાછું થતાં મન વ્યાકુળતામાં પડી જાય છે ! એમ તુચ્છ માન-પાન પર પણ કેવો તેજસ્વી રાગ કે પવિત્ર ધર્મ સાધતા ધર્મયોગ વખતે પણ એ મનમાં આવીને ધર્મ યોગમાં દખલ કરે છે ! ત્યારે પૂછો,

એવી તુચ્છ બાબત, તુચ્છ દુન્યવી પદાર્થ અને માનપાન પરના તેજસ્વી રાગ કેમ તૂટે ?

એ તોડવા માટે આટલું વિચારવાનું, એમાં પહેલું તો આ, કે

**(૧) શું આ દુન્યવી બાબતો વગેરે કિંમતી ? કે મારો આત્મા કિંમતી ?**

જો આત્મા કિંમતી લાગે છે તો જડ બાબતો વગેરે ફોગટ કિંમતી માની એનાથી આત્માને શા સારું નિઃસત્ત્વ કરવો ? આજે જુઓ એવા પતિઓ હોય છે કે જેના પર રૂપાળી પત્ની પ્રભાવ નથી પાડી શકતી. એનું કારણ આ જ કે એ પત્નીના સુખને બહુ કિંમતી નથી ગણતા, તેથી એમાં ભારે અંજાઈ જઈ પોતાને નિઃસત્ત્વ બનવું પડે તે નથી બનતા; ને પોતાનું સત્ત્વ વિકસ્વર રાખે છે. સમજે છે કે

**પત્નીનું રૂપ-સુખ-સરભરા કિંમતી નથી પણ કિંમતી તો મારું સત્ત્વ છે, મારી જાત છે.**

**તેથી જ એની ખાતર મારી જાત નથી, કિન્તુ મારી જાત ખાતર એ છે.**

**આત્મા-પુદ્‌ગલમાયા સામે આત્માને જ કિંમતી સમજી એનું સત્ત્વ વિકસ્વર રાખે, અને પુદ્‌ગલની માયાને નગણ્ય ગણે, તો પોતાનું ધર્મતેજ વિકસે.**

**સતીને દાગીના કરતાં પતિ પર અથાગ બહુમાન, એમ ધર્મીને માયા કરતાં દેવ-ગુરુ-ધર્મ પર.**

(૨) ધર્મતેજ જાગતું કરવા બીજો ઉપાય આ કરવાનો છે, કે હૈયામાં ધર્મ, ધર્મદાતા ગુરુ, અને પરમગુરુ પરમાત્મા ઉપર, દુન્યવી મન-ગમતા પદાર્થો કરતાં પણ અથાગ પ્રીત શ્રદ્ધા અને બહુમાન જાગતા રાખવાના. જેમકે, સત્ સ્ત્રીને પોતાના કિંમતી દાગીના, સાડી વગેરે વસ્ત્રો, ને સારાં ખાનપાનાદિ કરતાં પતિ પર અથાગ પ્રીત શ્રદ્ધા બહુમાન હોય છે, ને એ બહુમાનાદિ એની એ બધા પદાર્થોની પલેવણ કરતાં પોતાના પતિની અથાગ પલેવણમાં વર્તાઈ-દેખાઈ જાય છે. આવા પતિવ્રત ધર્મ ઉપર એનામાં સતીત્વનું તેજ ઝળહળે છે. બસ, એ જ રીતે દેવાધિદેવ, એમનાં વચન યાને જિનવચનનાં શાસ્ત્ર, અને ધર્મ પર અનન્ય પ્રીત, અથાગ શ્રદ્ધા, અને અનહદ બહુમાન ઊભા કરવા જોઈએ. તો આપણા આત્મામાં ધર્મતેજ પ્રગટે

**ધર્મતેજ માટે ત્રણ ઉપાય છે,**

(૧) આત્મામાંથી મોહનું તેજ અર્થાત્ દુન્યવી મોહમાયાના પદાર્થ પરનો તેજસ્વી રાગ ખત્મ કરો; અને

(૨) હૈયામાં ધર્મ, ધર્મદાતા ગુરુ અને દેવાધિદેવ તથા દેવાધિદેવનાં વચન યાને શાસ્ત્ર પર અથાગ પ્રીતિ-શ્રદ્ધા-બહુમાન જાગતા રાખવા. આ બે વાત થઈ.



(૩) હવે ત્રીજી વાત આ છે કે,

**સારો ભોગ આપીને ધર્મપ્રવૃત્તિ ખૂબ કરો.** અર્થાત્ ધર્મતેજ પ્રગટાવવા અને વિકસાવવા માટે ત્રીજો ઉપાય આ છે, કે

(૧) વિવિધ ધર્મ-પ્રવૃત્તિ અનન્ય અને અત્યંત કર્તવ્ય સમજીને કરવી જોઈએ;

(૨) તે પણ ખૂબ જ હર્ષોલ્લાસ રાખીને કરવી; તથા

(૩) તન-મન-ધનનો સારો ભોગ આપીને કરવી જોઈએ.

આપણે ધર્મ કરીએ છીએ ખરા, પરંતુ એ તપાસવા જેવું છે કે એ કરવામાં (૧) 'આ ધર્મ એજ અનન્ય કર્તવ્ય છે. અર્થ-કામના કાર્યો બધા એની હેઠ; એ, એવાં કર્તવ્ય નહિ, એવું મન પર ધર્મનું આકર્ષણ-અંજામણ ક્યાં છે ?

(૨) ધર્મ કરવામાં ભારે હર્ષોલ્લાસ યાને હરખ હરખ ક્યાં છે ?

(૩) ધર્મ કરવા ખાતર તન-ધન-સમયનો ભારે ભોગ આપવાનું ક્યાં રાખ્યું છે ?

**આ ત્રણેય વસ્તુ ધર્મતેજ પ્રગટાવે.**

(૧) ધર્મનું અતિશય આકર્ષણ,

(૨) ધર્મ કરવામાં અતિશય હરખ; અને

(૩) ધર્મ ખાતર તન-મન-ધન સમયનું ભારે ભોગ-પ્રદાન.

દા.ત. સમરાદિત્ય ચરિત્રમાં પેલા સુદત્ત મુનિવરનો અધિકાર આવે છે કે એમના પિતાએ એમને રાજા બનાવ્યા, પરંતુ પછીથી રાજસભામાં સિપાઈઓ એક ખૂની ચોરને પકડી લાવ્યા, અને ચોરી તથા ઘરમાલિકનું ખૂન, એમ બે ગુના કહ્યા; ત્યાં રાજાના પૂછવાથી વિદ્વાનોએ એની ક્રૂર રીતે હિંસા કરવાની ભયંકર સજા બતાવી. બસ, એટલી વાત પર રાજાના મનને થયું, 'હાય ! રાજા થઈને આવી ઘોર હિંસાઓના આદેશ આપવાના ? એવા બીજા કેટલા ય મહાપાપ કરવા પડે !' એમ સંસાર પર સંસારના પાપો પર ભારે નફરત છૂટી, ને ધર્મનું એટલું જોરદાર આકર્ષણ થયું, કે એ પિતાને કહે,

**કુમાર કેમ રાજ્ય સોંપી દે છે ? :-**

'બાપુ ! આમાં મારું કામ નહિ. રાજ્યગાદી આપ જ સંભાળી લો. હું તો ચારિત્ર લઈશ કે જ્યાં કશું પાપાચરણ જ નહિ. આ અમૂલ્ય જિંદગી મારે પાપમાં વેડફી નાખવી નથી.' પુત્રની તીવ્ર ભાવના દેખીને પિતાએ રાજ્ય સંભાળી લીધું, અને સુદત્તકુમારે ચારિત્ર લીધું ! સમજીને ચારિત્ર લીધું છે એટલે ચારિત્ર ધર્મ પર આકર્ષણ એટલું બધું છે કે તપ અને સંયમની કઠોર સાધના ઉચ્ચ ભાવના સાથે કરી રહ્યા છે ! એમાં એમને અવધિજ્ઞાન (દિવ્યજ્ઞાન) પ્રગટ થઈ ગયું ! તો એથી વળી

તપ-સંયમધર્મ પર આકર્ષણ એટલું બધું વધી ગયું કે એ હવે એકાકી વિચરે છે ! કાયોત્સર્ગ ધ્યાનમાં રહે છે ! તપ તપે છે, ને સુકોમળ શરીરે પણ ઉપસર્ગ-પરીસહ અને સંયમના કષ્ટો સહન કરે છે !

એમાં એક વાર એક નગરની બહાર ઝાડ નીચે ધ્યાનમાં ઊભા છે, ત્યાં રાજા શિકાર માટે નીકળ્યો. આ મુનિના દર્શન થતાં જ એ બગડ્યો. એને લાગ્યું કે 'આ માથામુંડિયાનું અપશુકન થવાથી આજે શિકાર નહિ મળે. માટે અપશુકનને ખલાસ કરું.' એમ વિચારી મુનિ પર પોતાના બે શિકારી કૂતરા છોડી દીધા ! કૂતરાને ઈસારો કર્યો કે 'જાઓ પેલાને ફાડી નાખો.'

**સત્તાનો મદ કેટલું ગોઝારું કામ કરાવે છે !**

મુનિનો ગુનો કશો જ નથી; છતાં રાજાને મદ છે કે 'હું સત્તાધીશ છું, તો મારા અનિષ્ટને હટાવી શકું છું ખત્મ કરી શકું છું, પછી ભલે એ અનિષ્ટ લાગતી વ્યક્તિનો કશો ગુનો ન હોય.' સંસારમાં જીવ માનવભવે ય આવેલા કેમ પાછા નીચે ગબડે છે ? ધન-સત્તા-બળ વગેરેના મદમાં પાપાચરણો કરે છે. તેથી જીવન જીવતાં સાવધાન રહેવા જેવું છે કે ક્યાંય મદમાં ન ફસાઈએ.

ત્યાં મોઢું ફાડીને કૂતરા દોડીને મુનિની નજીક પહોંચી તો ગયા, પરંતુ આશ્ચર્ય કેવું થયું કે મુનિના ચારે બાજુ પ્રસરતા ધર્મતેજના વર્તુલમાં પેઠા કે તરત અંજાઈ ગયા ! અને પોતાનું મસ્તક નમાવી નમાવી મુનિને નમસ્કાર કરે છે !

રાજા આ જોઈને ભોંઠો પડી ગયો, શરમાયો કે 'આ કૂતરા એટલે પશુની જાત, એ મહાત્માને નમન કરે છે ! ને હું માણસજાત, તે જીવતા મહાત્માને શિકારી કૂતરાના મોઢામાં ચવાવી નાખવા ઈચ્છતો હતો; ક્યાં રહી મારી માણસાઈ ? પશુ કરતાં યે મેં અધમાધમ બુદ્ધિ કરી ? હું કૂતરાથી ય ગયો ?'

મુનિના ધર્મતેજે કેવુંક કામ કર્યું ! શિકારી કૂતરાને આંજી દીધા ! નમતા સેવક બનાવી દીધા ! અને એના પર રાજામાં સદ્‌બુદ્ધિ આવી !

મુનિમાં આ ધર્મતેજ ક્યાંથી આવ્યું ? કહો, ચારિત્ર-ધર્મની સાધના માંડી હતી તે ! (૧) ધર્મના અત્યંત આકર્ષણથી, અને (૨) અપરંપાર હર્ષ સાથે, તેમજ (૩) તન-મનનો ભારે રોગ આપીને, ભારે કષ્ટ વેઠીને ધર્મસાધના માંડેલી, અને હજી સુધી એ ચાલુ છે ! નહિતર હવે તો મહાન અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું છે તે દુનિયામાં શું માનભેર મુનિપરિવાર સાથે મહાજ્ઞાની તરીકે ન વિચરે ?

**મુનિને કષ્ટ કેવાં કેવાં ? :-**

શું કામ મુનિ એકાકી વિચરી આવા કડક કાયોત્સર્ગ ધ્યાનમાં ખડાખડા રહી કષ્ટ વેઠે ? આમાં તો અનાડી માણસોના ઉપદ્રવે ય આવે, અપમાન તિરસ્કારે ય



આવે, ભારે ત્યાગ તપસ્યા ય ખરી, પાછી સૂવા-બેસવાની આરામી ય નહિ, પણ કલાકો સુધી ખડાખડા કાયોત્સર્ગ ધ્યાન ! આવી કડક સાધનાઓમાં કષ્ટ કેટલા બધા ! એમાં કાયાનો ભોગ આપવાનો કેટલો બધો ! શું કામ આ કષ્ટો વેઠે ?

**કહો, ધર્મ પ્રત્યે અત્યંત આકર્ષણ-પ્રીતિ-શ્રદ્ધા-બહુમાન છે માટે ધર્મનાં કપરાં કષ્ટ વેઠે છે.**

**બસ, આત્મામાં ધર્મતેજ વિકસાવવા આ ઉપાય છે,** (૧) ધર્મ ભારે આકર્ષણ સાથે ને અપરંપાર હરખભેર સેવો, ને (૨) એ સેવવામાં તન-મનનાં ભારે કષ્ટ ઉપાડો, તન-મનની સુખશીલતાનો ભારે ભોગ આપો.

વિચારવા જેવું આ છે કે આપણી સામાન્ય દેવદર્શન જેવી ધર્મસાધના પણ દેવાધિદેવ પ્રત્યેના ભારે આકર્ષણવાળી છે ? આકર્ષણ ક્રોડોના નિધાન કે નિધાનદાતા પ્રત્યે ય ન હોય એવું અતિશય ભારે આકર્ષણ દેવાધિદેવનું ! વળી આ દેવદર્શનમાં અપરંપાર હરખ થયા કરે છે ? હરખ એટલો બધો કે આંખમાંથી હરખના આંસુ વહેવા માંડે ! સાથેસાથે દર્શન કરીયે તે તન-મન-ધનનો ભારે ભોગ આપીને કરીએ છીએ ખરા ? દર્શન મળ્યા એની ખુશાલીમાં કોઈ ગમતી વિગઈઓ મીઠાઈ ફરસાણ વગેરેનો આજના દિવસ માટે ત્યાગ ખરો ? પ્રભુ-ભક્તિમાં સારો દ્રવ્ય-ખરચ ખરો ? દર્શન દરમ્યાન મન પર ભારે ચોકી ખરી કે એ માત્ર વીતરાગ દેવાધિદેવ પર જ ચોંટી જાય, ને પરમાત્મા સિવાય બીજા કશાનો વિચાર જ કરે નહિ ?

**નાગકેતુનું ધર્મતેજ :-** નાગકેતુ મહાશ્રાવક દેવદર્શનાદિ ધર્મસાધના આવા અદ્‌ભુત આકર્ષણ, અપરંપાર હરખ અને ભારે ભોગદાન સાથે કરતા હતા એટલે એમનામાં ધર્મતેજ કેવું વિકસેલું એ જાણો છો ?

જુઓ, રાજાએ એકવાર એક ખોટી રીતે ચોર તરીકે પકડાઈ ગયેલા નિર્દોષ માણસને શૂળિએ ચડાવી દીધેલો, તે મરીને વ્યંતર દેવ થયો, અવધિજ્ઞાનથી પૂર્વભવ અને એની હકીકત જાણી પછી ક્રોધે ચડી પહેલાં તો સિંહાસને બેઠેલા રાજાની પીઠમાં લાત મારી અને નીચે ગબડાવી મૂક્યો, લોહી વમતો કરી દીધો, અને આખા નગરને ગુનેગાર ગણી એણે દેવતાઈ શક્તિથી આખા નગર ઉપર ઊંચે આકાશમાં મોટી શિલા વિકૂર્વિ, અને ધીરે ધીરે નીચે ઉતારવા મંડ્યો જેથી એની નીચે આખું નગર અને નગરવાસી બધાનો છુંદો જ થઈ જાય ! પ્રજા ગભરાઈ ગઈ ! મેદાનમાં આવી સૌ વિનંતી કરે છે, 'હે દેવ ભગવાન ! અમારો શો ગુનો ? અમે ક્ષમા માગીએ છીએ, અમને માફ કરો, અમને બચાવી લો.' છતાં હજી શિલા નીચે ઉતરતી દેખાય છે, ત્યાં હવે નાગકેતુનું ધર્મતેજ જુઓ શું કામ કરે છે ! નાગકેતુના મનને થયું,

'અરરર ! આ હું શું જોઈ રહ્યો છું ? આ શિલાની નીચે શું પવિત્ર તારણહાર જિનમંદિરનો કચ્ચરઘાણ ? અને આ નગરમાં રહેલ તરણતારણ ચતુર્વિધ સંઘનો નાશ ? એ ન જ થવા દઉં. મારા ધર્મતેજથી ઉપદ્રવકારી દેવને આંજી જ દઉં, જેથી એની આ માયાને સંકેલી લે.' એમ વિચારી ધર્મતેજસ્વી નાગકેતુ મહા સમકિતી શ્રાવક જિનમંદિરના શિખર પર ચડ્યા, અને ત્યાં રહ્યા એમણે પોતાનો હાથ અને પહેલી તર્જની આગંળી ઊંચી કરી ! બસ, નાગકેતુના ધર્મતેજથી, ગગનમાં શિલા સાથે નીચે ઊતરતો દેવતા ડઘાઈ ગયો ! અંજાઈ ગયો ! નાગકેતુના ધર્મતેજ આગળ નિસ્તેજ થઈ ગયો ! શિલા સંહરી લીધી, અને ગરીબ ગાય જેવો થઈ જઈ, નાગકેતુના પગમાં પડી ગયો, બે હાથ જોડી ક્ષમા માગે છે ! પૂછો,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૧૧,તા.૨૯-૧૧-૧૯૮૬**

**પ્ર.**- મોટો દેવતા શું કામ ગરીબ ગાય જેવો થઈ જાય ? શું કામ શ્રાવક-મનુષ્યની માફી માગે ?

**ઉ.**- કારણ એ છે કે એણે જોયું કે હવે શિલા નીચે ઉતારવાની મારી દેવતાઈ તાકાત પણ ચાલતી નથી, તેથી આ ધર્માત્માનું તેજ જબરદસ્ત લાગે છે, તો એ જો, નથી ને મારા માલિક અધિપતિ દેવ કે ઇન્દ્રને સાધી મારો આ અપરાધ જણાવે, તો એ મારો માલિક મને કદાચ નષ્ટ ભ્રષ્ટ કરી નાખે !' દેવતાને આવો ભય લાગ્યો હોય, અથવા નાગકેતુના ધર્મતેજથી અંજાઈ જઈને પેલા કૂતરાની જેમ એનામાં સદ્‌બુદ્ધિ આવી હોય, ધર્માત્મા નાગકેતુ પર એને અથાગ બહુમાન પ્રગટ્યું હોય, ગમે તેમ પણ દેવતા પગે પડીને માફી માગે છે ! ત્યારે,

**નાગકેતુ એને શિખામણ આપે છે કે**

'મહાનુભાવ ! જનમ જનમ રખડાવનાર આવો મહાસંહાર કરાય ? નગર સમસ્તના નાના મોટા તિર્યંચ-મનુષ્ય કેટલા જીવોનો સંહાર ? અને જીવોના તારણહાર જિનમંદિરનો નાશ ? એક માત્ર રાજાના વાંકને લીધે આ ? અલબત રાજાની ભૂલ થયેલી, પરંતુ હવે તો તું સારી દેવગતિ પામી ગયો ! તેથી એક મહાન દેવ તરીકે મોટું ઉદાર મન રાખી એને ક્ષમા આપી દે, એને સ્વસ્થ કરી દે."

નાગકેતુના લાગણીભર્યા ને વાત્સલ્યભર્યા બોલથી દેવતા વધુ આવર્જાઈ ગયો ! તરત રાજાને સ્વસ્થ કરી દીધો, રાજા અને લોકો નાગકેતુની આ ઘટના જોઈ, સૌ નાગકેતુનો જયનાદ ગજાવે છે. નાગકેતુ પ્રત્યે સૌનું અતિશય બહુમાન વધી ગયું. જૈન શાસનનો જયજયકાર થઈ રહ્યો ! ઘણા લોકો જૈન ધર્મ પ્રત્યે આકર્ષાઈ ગયા !



પરંતુ આ બધાના મૂળમાં શું ? કહો,

નાગકેતુ મહાશ્રાવકનું ધર્મતેજ !

ધર્મતેજના મૂળમાં શું ? નાગકેતુને

(૧) મોહ-તેજના નાશ સાથે

(૨) દેવ-ગુરુ-ધર્મનું અત્યંત આકર્ષણ, કે એવું દુનિયાની કશી વસ્તુ યા વ્યક્તિનું નહિ; તેમજ

(૩) ધર્મ સાધનામાં (i) તીવ્ર કર્તવ્ય બુદ્ધિ સાથે અનેકાનેક ધર્મસાધનાઓ વળી (ii) ધર્મ સાધનામાં હરખ હરખનો પાર નહિ, ને

(iii) ધર્મ સાધના કરવાને તન-મન-ધનનો ભારે ભોગ આપવાનો. (૧) મોહતેજ-સંહાર, (૨) તીવ્ર દેવ ગુરુધર્મ-આકર્ષણ, અને (૩) ભારે ભોગ આપી પુષ્કળ ધર્મ-પ્રવૃત્તિ, આ ત્રણથી નાગકેતુમાં ધર્મતેજ એવું ઝગમગી રહ્યું હતું કે દેવતાને મહાત કરી નાખ્યો ! એટલું જ નહિ, પણ ધર્મતેજ ઉપર પુષ્પપૂજા કરતી વખતે કરંડિયામાંથી ફૂલ લેવા જતાં આંગળીએ અંદરનો સાપ ડસ્યો, તો ઊલટું ભક્તિભાવના ઓર વધી ગઈ ! કાય-મમતાનો ભારે ભોગ આપી દીધો ! અને ભક્તિ-યોગમાં ચડ્યા ! તે વીતરાગ સર્વજ્ઞ બન્યા ! નાગકેતુનું આ ધર્મતેજ.

**દ્વારિકાની પ્રજાનું ધર્મતેજ :-**

દ્વારિકાના લોકો **દૈપાયન** દેવ દ્વારિકા ન બાળે એટલા માટે ભારે જિનભક્તિ-બ્રહ્મચર્ય અને ત્યાગ-તપસ્યાની ધર્મપ્રવૃત્તિમાં લાગી ગયા ! એમાંથી એવું ધર્મતેજ પ્રગટ્યું કે દૈપાયન દેવ ગગનમાં બહુ ઊંચે દ્વારિકાને આંટા મારે છે, પરંતુ ધર્મતેજથી અંજાઈ-ડઘાઈ જઈ, ક્યાંય નીચે પ્રવેશ પામી શકતો નથી ! એ તો જ્યારે બાર વરસે લોકોએ પારણાં કરી ધર્મ પડતો મૂક્યો, ત્યાં ધર્મતેજ લુપ્ત થઈ ગયું, ને દેવતાએ નીચે ઊતરી દ્વારિકા પર ઠામ ઠામ અગ્નિ-ચિનગારીઓ મૂકી દ્વારિકાને બાળી.

રાજા **ચંડપ્રદ્યોત** મહાસતી મૃગાવતીમાં લુબ્ધ, તે એને કબજે કરવા યુદ્ધ માંડ્યું, મહાસતીનો પતિ મરાયો, છતાં મૃગાવતી કિલ્લો બંધ કરી અંદર બેસી રહી. તો ચંડપ્રદ્યોત બહાર ઘેરો ઘાલીને પડ્યો રહ્યો. એમાં ભગવાન મહાવીર પ્રભુ પધાર્યા. મૃગાવતી ગઈ પ્રભુના સમવસરણમાં, અને પ્રભુની દેશના વચ્ચે ઊભી થઈ ચંડપ્રદ્યોતને કહે 'ભાઈ ! મારે ચારિત્ર લેવું છે. તું મને અનુજ્ઞા આપી દે, અને લે આ મારું બે વરસનું બચ્ચું તારા ખોળે, તું સંભાળી લેજે.' મૃગાવતીના રૂપરૂપના અંબારમાં ચંડપ્રદ્યોત અતિમોહિત હતો છતાં અહીં **મૃગાવતીના ધર્મતેજમાં અંજાઈ ગયો !** તે ના પાડી શક્યો નહિ, ને મૃગાવતીના બાળકને સંભાળી લઈ એને ચારિત્રની સંમતિ આપી દીધી. બોલ્યો, 'બેન ! તું ખુશીથી ચારિત્ર લે, અને

તારા બાળકની ચિંતા રાખીશ નહિ મારા બાળકની જેમ હું સંભાળી લઈશ, અને આ રાજ્ય એને સોંપીશ. ધર્મતેજ શું કામ કરે છે !

**પેલા પદ્મદેવ મુનિના ધર્મતેજમાં** એના મિત્રો એવા અંજાઈ ગયા કે વિરોધનું કશું બોલી શક્યા નહિ; પણ નિરાશ થઈ ગયા. ત્યારે પિતા ધનદેવ એવા અંજાઈ ગયા છે કે હવે પોતે જ પદ્મદેવ મુનિની દલાલી કરે છે ! અને મિત્રોની નિરાશા દૂર કરવા કહે છે,

## ● મિત્રોને વૈરાગ્ય-ઉપદેશ ●

"જુઓ ભાઈઓ ! હવે જ્યારે મુનિ બનેલા પદ્મદેવકુમાર પોતે જ કહે છે કે 'રાગ તો અનંતા ભવ કર્યા, એથી તો પરિણામમાં સંસાર જ ચાલ્યો છે, તો રાગનો ત્યાગ એ જ સંસારમાંથી છોડાવનાર છે, એ જ મોક્ષમાર્ગ છે."

"વળી આ ઉત્તમ જન્મમાં જિનશાસન મળ્યું છે, તો એના સહારે રાગમાત્રનો ત્યાગ કરી, જ્યાં સુધી આયુષ્ય આપણા હાથમાં છે ત્યાંસુધી ચારિત્ર માર્ગની જ સાધના કરી લેવી એ જ શ્રેયસ્કર છે. તે પણ ખૂબ જયણા-યતના-સાવધાની રાખીને સાધના કરવાની; જેથી ક્યાંય સાધનામાં વિરાધના ન પેસે. વળી એ પણ સંયમ-સાધના આત્માને ક્યાંય દુન્યવી પદાર્થમાં એક ક્ષણ પણ આસક્ત બનવા દીધા વિના કરવાની. અર્થાત્ પૌદ્‌ગલિક કશીય બાબત પર યાવત્ પોતાની કાયા પર પણ સહેજે ય આસક્તિ-મમતા ન ઊઠે એવી પક્કી તકેદારી રાખીને સંયમ પાળવાનું. આ સંયમ આત્માને મોક્ષ સાથે જોડી આપનારું યોજી આપનારું છે, માટે સંયમ એ મહાન યોગ છે. **"મોક્ષેણ યોજનાદ્ યોગઃ"**

"વળી કુમારને સંયમની લગન લાગી, તે વાજબી જ છે; કેમકે જ્યારે આપણે કુમારને કહ્યું 'હમણાં યુવાનીમાં કામસુખો ભોગવી લો, પછી સંયમ લેજો,' ત્યારે કુમાર મુનિએ ઠીક જ કહ્યું કે 'આયુષ્યની આપણને નિશ્ચિત ખબર નથી કે 'એ કેટલું છે ? અને ક્યારે તૂટે ?' તો પછી આયુષ્યની અનિશ્ચિત દશામાં સંયમને વિલંબે કેમ નખાય ? એમાં તો કદાચ ઠગાઈ જ જવાનું થાય. 'હવે ચારિત્ર લેવું છે' એવી ભાવના કરતા બેઠા હોઈએ અને એકાએક મોત આવીને ઊભું રહે ! માટે ચારિત્રમાં વિલંબ નહિ કરવો.

"કાકા લક્ષ્મણજીનું એકાએક મૃત્યુ દેખી, રામચંદ્રજીના બે દીકરા લવણ-અંકુશ સંસાર-ત્યાગ કરવા માટે ઊભા થઈ ગયા ! મંત્રીઓ રાજ્યગાદી સંભાળી લેવા કહે છે, તો એ ઘસીને ના પાડી દેતાં, કહે છે 'કાકા જો આમ સંયમ લીધા વિના અકાળે એકાએક મર્યા, તો શું અમે પણ આયુષ્યના અણભરોસામાં એમજ સંયમ વિના એકાએક મરી પડીએ ?' બસ, બંને ઊઠીને ચાલતા થઈ ગયા, અને



સંયમ લઈ લીધું !

"રાજા દશરથ વૃદ્ધ કંચુકીની શરીરની નિર્માલ્ય બની ગયેલી દશા જોઈને, સંસારમાંથી ઊભા થઈ ગયેલા અને ચારિત્ર લઈ લીધેલું ! આ બધું સમજીને પદ્મદેવ ચારિત્ર લઈ લીધું છે. એમને વારંવાર જન્મ-મરણના ફાંસલામાં ફસ્યા રહેવાની ભારે પીડા અને નાલેશી લાગી છે, અને તેથી જ એમણે પોતાની આપમેળે આત્મ-સૂઝથી સ્વેચ્છાએ જ સંસારના ભોગ-વિલાસોને તિલાંજલિ આપી છે; અને એ અહિંસા-સંયમ-તપની સાધના કરી લેવા તલપાપડ બન્યા છે, તો હવે એમને એમાં અંતરાય કરવો વાજબી નથી...

**"આવા સાધનાના મહાન કલ્યાણ માર્ગે જે અંતરાય કરે એ મિત્ર નથી પરંતુ શત્રુ છે. હિત શત્રુ છે."**

મિત્ર તો પોતાનું દુઃખ વેઠી લઈને પણ આપણું ભલું કરનારો હોય એના બદલે પોતાના તુચ્છ સ્વાર્થ-સુખ ખાતર આપણા અનંત હિતને બગાડે એ મિત્ર શાનો ? ખરી રીતે એ જોવું જોઈએ કે આપણે કાંઈ મિત્રના જવાથી દુઃખી નથી બનતા.

**"દુઃખી તો (૧) આપણા પૂર્વ કર્માનુસારે થઈએ છીએ. તેમજ (૨) વર્તમાનની મોહમૂઢતાને લીધે થઈએ છીએ."**

"ત્યાં જો સામો મોહમૂઢતાને ફગાવી દઈ કર્મનાશના અને અનંત સુખના માર્ગે જતો હોય તો એ શું ખોટું કરે છે ? વિચારો, ચારિત્રના પુરુષાર્થને યોગ્ય એકમાત્ર ભવ આ મનુષ્ય ભવમાં માંડ આવ્યા, ત્યાંય જો આપણે તો ચારિત્ર ન લઈએ, પણ ઊલટું એમને ચારિત્રના પુરુષાર્થની આડે આવીએ તો પછી બીજા કયા સારા અવતારે એ ચારિત્ર-પુરુષાર્થ કરી શકવાના ?"

ધનદેવશેઠ આમ કહી કુટુંબને અને મિત્રોને ઠંડા પાડ્યા, અને પદ્મદેવના ચારિત્ર-ગ્રહણમાં સંમતિ દેખાડી. હવે મુનિને કહે છે, "તમે તો તરી ગયા, પરંતુ અમારો પણ ક્યારેક નિસ્તાર કરજો."

ક્યારે આ કહેવાય ? કહો, પોતાની આંતરિક જાગૃતિ હોય કે 'હું આવા દુઃખદ સંસારમાં ખૂંચેલો છું, અને એમાંથી નિસ્તાર પામવાનો પુરુષાર્થ નથી કરતો એ મારી મહા કમનસીબી છે, ભારે અજ્ઞાન દશા છે. પરંતુ કેમે ય કરીને સંસારમાંથી છૂટવાનું થાય તો સારું;' આવું અંતરના ખૂણે પડ્યું હોય, તો આવા પોતાના સ્નેહીનો સંસારમાંથી નીકળી જવાનો ભગીરથ પુરુષાર્થે દેખે, તાત્ત્વિક સમજ દેખે, ત્યાં કહેવાનું મન થઈ જાય કે 'અવસરે તમે અમારો હાથ પકડજો, બાવડું ઝાલીને અમને સંસારમાંથી ઊભા કરી દેજો.' અંતરથી આસ્તિક હોય એના આ હિસાબ છે

કે, 'દીક્ષાર્થી કુટુંબી, દેખીતું દેખાય કે આપણને તરછોડીને જાય છે, પરંતુ એ એના આત્માનું સુધારી લેવા જાય છે; ત્યારે મને મારા જ આત્માના હિતની પડી નથી કે પરલોકમાં મારું શું થશે ?' સાચો આસ્તિક આ વિચારે. બાકી,

**બહારની તો કહેવાની આસ્તિક્તા, પરંતુ ખરેખર અંદરમાં નકરી સ્વદેહ-ચિંતા અને સ્વાર્થ-ચિંતા જ હોય, ને આત્મચિંતા જ ન હોય, એ પોતાના નહિ તો સામાના આત્માના ય હિતનો વિચાર જ શાનો કરે ?**

પદ્મદેવના પિતા અંતરથી આસ્તિક છે, તેથી દીક્ષિત બનેલા પદ્મદેવના સ્વાત્મહિતના પુરુષાર્થની અનુમોદના-ઉપબૃંહણા-સમર્થન કરે છે; ને પોતાના નિસ્તારની વિનંતિ કરે છે; અને સાથે કહે છે,

"તમો પણ વારંવારના જન્મ-મરણના તરંગોવાળો, અને વિવિધ યોનિઓમાં ભ્રમણરૂપી આવર્તવાળો, તથા કર્મરૂપી મલિન પાણીના સંચયવાળો, અને પ્રિયના વિયોગ તથા ઈષ્ટના રાગરૂપી મગરમચ્છોથી પરિવરેલો જે આ ભીષણ સંસાર-સમુદ્ર છે, તેને વિવિધ નિયમો અને તપસ્યાઓના ગૌરવવાળા શ્રમણ-ધર્મથી તરી જજો, એવી અમારી શુભેચ્છા છે, પ્રભુને પ્રાર્થના છે."

**સંસારને સમુદ્ર કેમ કહે છે ? :-**

ધનદેવશેઠ તત્ત્વબોધવાળા છે, એટલે પોતે મોટેરા તરીકે તરંગવતી પદ્મદેવ ભલે વ્રતથી સાધુ-સાધ્વી પણ ઉંમરથી નાનડિયા હોઈ, એમને સાવધાની આપે છે કે 'આ સંસારને ઓળખી લેજો. સંસાર એ ભયાનક સમુદ્ર છે. એને પાર ન કરી જઈએ ત્યાં સુધી એમાં જન્મ અને પાર ન કરી જઈએ ત્યાં સુધી એમાં જન્મ અને મરણના તરંગો ચાલ્યા જ કરે છે. **તરંગો સમુદ્રમાં ધરતી પર નહિ, એમ જન્મ-મરણ સંસારમાં છે, મોક્ષની ધરતી પર નહિ,**

આ જન્મ-મરણના તરંગોભર્યા સંસાર-સમુદ્રમાં વળી આવર્તો છે, 'આવર્ત' એટલે જ્યાં પાણી ગોળગોળ ઘૂમ્યા જ કરે, મોટું વહાણ પણ જો એમાં ફસ્યું, તો બસ ખલાસ ! એમાંથી બહાર નીકળી જ ન શકે, ને એમાં જ ગોળગોળ ઘૂમતું થઈ જાય ! એમ આ સંસારમાં ૮૪ લાખ યોનિઓના આવર્તમાં ફસાયો જીવ એમાં ને એમાં જ ભમ્યા કરે છે બિચારો બહાર નીકળી જ શકતો નથી.

સંસાર સમુદ્રમાં પાણી કયું છે ? તો કે કર્મરૂપી મેલું પાણી છે, સમુદ્રમાં હંમેશા માટે પાણી, એમ સંસારમાં હંમેશા માટે કર્મ. અનાદિ અનંતકાળથી જીવ સંસારમાં, તો જીવ સાથે કર્મ પણ અનાદિ અનંતકાળથી છે. તે કર્મરૂપી પાણી મેલું છે, એટલે જ જીવના શુદ્ધ સ્વરૂપને એણે અશુદ્ધ કરી નાખ્યું છે. એ અશુદ્ધ સ્વરૂપ તો જ મીટે કે જો કર્મનો સંબંધ મિટાવી દે,



પાછું આ જીવને સંસાર-સમુદ્રમાં ભટક્યા કરવામાં પ્રિય વિયોગ અને રાગરૂપી મગરમચ્છોની સતામણી ઘણી ! ગમતી વસ્તુઓના વિયોગ ચાલ્યા જ કરે છે, જેથી જીવને સંતાપ સદા ચાલ્યા જ કરે છે. હમણાં એક વિયોગ, તો પછી વળી બીજીનો વિયોગ. પ્રિય ગમતું હતું એટલે એના જતાં સહેજે બળવાનું જ થાય. ત્યારે સંસારમાં ગમે તેટલું સુખ મળો પણ આ સંતાપ જો સતાવ્યા જ કરતા હોય, તો શુદ્ધ સુખ-આનંદની ક્ષણ કેટલી ? અને સંતાપની ક્ષણો કેટલી ? વિવેકીને એટલા જ માટે સંસાર પરથી આસ્થા ઊઠી જાય છે. એના પ્રત્યે અભાવ થઈ જાય છે, પછી ભલે સંસારમાં રહેવું પડ્યું હોય તો ય તે અભાવથી રહે છે. 'ભરતજી ! મનહી મેં વૈરાગી'નો અર્થ આ છે. સંસાર પ્રત્યે ઉમળકો નહિ. પણ અભાવ હોય.

**પ્ર.-** વૈરાગી ખાય-પીએ-ભોગવે તો બધું, છતાં વૈરાગી શી રીતે ?

**ઉ.-** મોટી કરોડપતિ શેઠાણીને એકનો એક યુવાન પરણેલો પુત્ર અકસ્માતમાં એકાએક મરી જાય, તો પછી શું એ ખાતી પીતી કે બીજાં સુખ ભોગવતી નથી? પણ કેવા દિલે એ બધું કરે છે ? કહો, એ ખાનપાન આદિના બધા પદાર્થ એના દિલને જાણે ખાવા ધાતા હોય ! એવા લાગે. વારેવારે દિલને એમ લાગ્યા કરે કે 'બળ્યું આ ખાવાનું ! ને બળ્યું આ ભોગવવાનું ! બળ્યો આ બંગલો ! ને બળી આ મોટર ! મારે તો હૈયાના પ્રાણરૂપ, હાય !, મારો દીકરો ચાલી ગયો !" એવું વૈરાગીને ખાય, પીએ, બધું, પરંતુ જાણે એ ખાવા ધાતું હોય ! એમ લાગે; બધું ય બળ્યું લાગે ! આ બળ્યું બળ્યું લાગે એ જ વૈરાગ્ય.

એટલે જ આવા વૈરાગીને અવસર આવતાં એ સંસારમાંથી ઊભો થઈ જતાં વાર નહિ. પછી જેમ સાપ સુંદર કાંચળીને છોડી જાય એમ એ સંસારના જડ ચેતન પદાર્થોને, દિલમાં કોઈ દુભામણ વિના, આસાનીથી છોડી જાય છે ! ધનદેવશેઠ આ કહી રહ્યા છે કે 'આવા દુઃખદ સંસાર સમુદ્રને તરી જાઓ. પરંતુ તે કઈ સાધનાથી ? તો કે વિવિધ નિયમ-ઉપવાસથી, ને ગૌરવવાળા શ્રમણધર્મ-સાધુધર્મથી.

**અહીં સાધુધર્મને વિવિધ નિયમ-ઉપવાસથી ગૌરવવંતો કહ્યો.**

**વિવિધ નિયમ અને ઉપવાસ ચાલતા હોય તો એ સાધુધર્મની શોભા છે.**

રોજ ને રોજ સાધુ ત્રિટંક ખાયા કરે તો શું એમાં શોભા છે ? એમ વિવિધ ત્યાગના નિયમ ન હોય, તથા નિયમસર સેવા-વૈયાવચ્ચ ન હોય, તેમજ સ્વાધ્યાયના ઘોષ ન હોય, તો શું એમાં સાધુનું ગૌરવ રહે ? મોટમોટા શાલિભદ્ર, ધનાજી, ધન્નો, મેઘકુમાર વગેરેએ મુનિ થઈને શું કર્યું ? આ જ. તો એ જગત તરફથી મહા ગૌરવ પામી ગયા. દુનિયાના માણસોને આ વિચિત્ર લાગે છે કે

**● સાધુ અને ખા-ખા કરનારો ?**

**● સાધુ અને ગપાટામારું ?**

**● સાધુ અને બેનોના સંબંધવાળા ?**

આ અઘટતું લાગે છે. સાધુ થવાનું એટલે સમજી જ રાખવાનું કે બ્રહ્મચર્ય, સેવા, સ્વાધ્યાય, આદિ વિવિધ નિયમબદ્ધ જીવન જીવવાનું; અને તે પણ વિવિધ તપસ્યાઓથી શોભતું જીવન જીવવાનું.

**અસંમત નાસ્તિકને કેવળજ્ઞાન ? :-**

શાસ્ત્રમાં અ-સંમત નાસ્તિક કેવળજ્ઞાન પામી ગયાનો પ્રસંગ આવે છે, અને તે કેવળજ્ઞાન, લલિતાંગ મુનિરાજની આવી વિવિધ નિયમ-ઉપવાસથી શોભતી કઠોર ચારિત્ર-સાધના જોઈને !

લલિતાંગ મુનિ આવી કડક સંયમ સાધના પર શી રીતે ચડી ગયા ? તો કે,

**પોતાના પૂર્વ જીવનની ભયંકરતા જોઈને હૈયે એ એટલા બધા ઉદ્વિગ્ન હતા કે સુખશીલતામાં એમને ચેન નહોતું.**

**લલિતાંગના જીવનમાં શી ભયંકરતા :-**

વાત એમ હતી કે લલિતાંગ એક રાજપુત્ર હતો; રૂપાળો એવો કે એક દિવસ નગરમાં બહાર ફરવા નીકળેલો. તે ઝરુખે ઊભેલી મંત્રીપત્નીએ એને જોયો, એટલે એ કામ-વિહ્વળ થઈ ગઈ ! અચાનક લલિતાંગની આંખ ઊંચે ગઈ ત્યાં મંત્રીપત્નીએ આંખના કટાક્ષથી એને આકર્ષ્યો અને ઉપર બોલાવ્યો, સંસારના રૂપ રસ આદિ કેવુંક ભયંકર કામ કરે છે ! મંત્રીપત્નીએ રૂપાળા રાજકુમારને જોયો નહોતો ત્યાંસુધી એ સદાચારિણી હતી, અને એનું રૂપ જોતાં મન બગડ્યું. ત્યારે રાજકુમાર પણ ઉપર ગયા પછી એના મીઠા હાથના સ્પર્શથી બગડ્યો, બંને દુરાચારી થયા.

**ત્યારે શું નથી લાગતું કે આ સંસારના રૂપ-રસ-સ્પર્શ ગોઝારા છે ?**

**"કોઈ રૂપને પડખે ચડશો ના, નહિતર જીવતાં જીવતાં મરશો.**
**એ મન બગાડે, કુળ ભુલાવે, ભુલાવે દેવ-ગુરુ;**
**પાપભર્યા વિચાર કરાવી, કરણી ત્યાં અસત્ શરૂ...કોઈ"૦**

માણસ જો પરસ્ત્રીના રૂપમાં ખેંચાયો, તો આ ભયાનકતા સરજે છે ! પરંતુ સ્વસ્ત્રીના રૂપમાં લુબ્ધ બનેલો પણ પાપભર્યા છાકટા વિચાર-વાણી-વર્તાવમાં એવો ફસાય છે કે નરકનાં ભાતાં ભેગા કરતો હોય છે ! ખૂબી તો એ થાય છે કે પત્ની કદાચ સુશીલ સેવાભાવી ને જિનશાસન પામેલી મળી હોય, ને

**પત્ની સારી હિતશિક્ષા આપનારી હોય, છતાં પતિને આ રૂપ-સ્પર્શમાં લુબ્ધતા કમનસીબ બનાવે છે.**



પેલી કોઈપણ જાતનો સંકોચ રાખ્યા વિના પતિ જાણે કે પોતાનો અત્યંત ઉપકારી અને પૂજ્ય હોય એ રીતે નિઃસ્વાર્થ ભાવે અને અનન્ય કર્તવ્ય સમજીને રાત-દિવસના ઉજાગરા કરીને ખડે પગે રહી એની સેવા-શુશ્રુષા-વૈયાવચ્ચ કરતી હોય છે; એટલે એ તો નિઃસ્વાર્થ ભાવની સેવા બજાવી પુણ્ય કમાતી રહેતી હોય; પરંતુ આ રૂપ-સ્પર્શમાં લુબ્ધ પતિના લલાટે નકરાં દુર્ગતિના પાપ બાંધવાનું લખાયું હોય છે ! અરે ! ક્યારેક પતિને અકસ્માત થયો હોય તો એને લેશમાત્ર પણ માનસિક પીડા ન થાય એની પણ પૂરી કાળજી રાખે છે. એની શારીરિક પીડાને ભુલાવવા માટે જ્યારે ભલભલા ડોક્ટરો સફળ થતા નથી ત્યારે, આ ધાર્મિક પત્ની પતિને આત્મીય સાધર્મિક સમજી રાત-દિવસ સ્તવન-સજ્ઝાય વગેરે સંભળાવતી રહી એની શારિરીક પીડા ભુલાવી દે છે ! એની માનસિક પીડાઓ અને શારીરિક વેદનાઓનું અપહરણ કરી લે છે, અને એના આત્માને સમતા-ઉપશમભાવમાં ઝીલતો રાખવા ને સમાધિમાં લીન બનાવવા ભરપૂર સહાય પૂરી પાડે છે.

**આમ પત્ની સુશીલ-સેવાકારી છતાં, સ્વસ્ત્રીના ય રૂપ-સ્પર્શની લુબ્ધતા પતિને રાગના તીવ્ર સંક્લેશમાં રાખી, એ ધર્મ સાંભળ્યાની કશી અસર થવા દે નહિ ! અંતે પત્ની જાય સ્વર્ગમાં; ને પતિભાઈસાહેબ સીધાવે નરકમાં !**

પેલો લલિતાંગ રાજકુમાર અને મંત્રીપત્ની બંને ભૂલા પડી ગયા તે રોજનાં દુરાચારનાં પાપ ચાલ્યા. એનો હવસ લાગી ગયો તે હવે શે છૂટે ?

**માટે જ અપકૃત્યમાં એકવાર પણ ફસાવા જેવું નથી, નહિતર એનો હવસ લાગશે.**

અહીં લલિતાંગ કહે 'આમ મારે રોજ અહીં આવવું નહિ પાલવે.' મંત્રીપત્ની કહે 'તો હું તમારા મહેલમાં ખાનગી આવીને રહું.'

આ પૂછે 'તું શી રીતે આવીશ ?'

મંત્રીપત્ની કહે 'એમાં શું છે ? હું રોજ પતિ સાથે ઝગડા કરીશ પછી અમુક દિવસે ઝગડો મોટો વધારી 'લો ત્યારે હું જાઉં છું કૂવે પડવા' એમ કરી ઘરમાંથી નીકળી જઈ અમારા કંપાઉન્ડમાં કૂવો છે એમાં મોટો પત્થર ગબડાવીશ, એનો ધડિંગ અવાજ થશે, એટલે પતિ સમજશે કે હું કૂવામાં પડી. દરમિયાન હું તમારે ત્યાં પાછલે બારણે આવી જઈશ. તમે તમારા ખાનગી માણસોની વ્યવસ્થા કરજો મને મહેલમાં ઉપર લઈ આવે.

બસ, એ પ્રમાણે મંત્રીપત્નીએ કર્યું. રોજ ખોટા કજિયા, અને અંતે રાજપુત્ર લલિતાંગના મહેલમાં પહોંચી ગઈ, ને ત્યાં ગુપ્ત રીતે રહી. અહીં મંત્રી બિચારો ધડિંગ અવાજ સાંભળી ગયો કૂવા પાસે, અંદર જુએ છે પણ શું દેખાય ? માણસો

કૂવામાં ઉતરાવી તપાસ કરાવી, પણ પત્ની મળી નહિ બહારમાં વાત ચાલી કે મંત્રીના કંકાશથી પત્ની બિચારી કૂવામાં પડી મરી ગઈ. મંત્રીની ભારે ફજેતી થઈ, તે રાજાના કાન સુધી પહોંચી; રાજા મંત્રી પર ખૂબ ગુસ્સે થયો.

જગતમાં માયાવીના પ્રપંચ કેવાક ચાલે છે ! કોણ કરાવે છે એ ? કહો,

**એક યા બીજા વિષયની લંપટતા-લુબ્ધતા ગોઝારા પ્રપંચને ઊભા કરે છે.**

શું ત્યાં પરલોકનો વિચાર આવે ? આંધળી વિષય લંપટતામાં પરલોકનો વિચાર શાનો ?

વિષયાંધને પરલોકનો કશો વિચાર નહિ, તેમજ વિશ્વાસઘાતનું ઘોર પાપ કરવામાં આંચકો નહિ.

રાજા ગુસ્સે થઈ મંત્રીને બોલાવી ધમકાવે છે કે 'આ શા ધંધા કર્યા ? તારા પાપે પત્ની બિચારી કૂવામાં પડી ? જા તારું બધું જપ્ત !'

મંત્રી ઘણો ય ખુલાસો કરવા ગયો, પણ રાજા શાનો માને ? મંત્રીનું બધું જપ્ત કરાવી એને રખડતો કર્યો ! જુઓ બિચારા નિર્દોષની દુર્દશા !

પાપી કોણ ? નિર્દોષ કોણ ?

**આ જ સંસાર ને ? ઝગડાખોર તો પત્ની, અને ગુનેગાર કર્યો પતિમંત્રી !**

પેલી રાજકુમારના આવાસમાં આરામથી ભોગવિલાસ કરતી બેઠી છે ! અને મંત્રી નગરના રસ્તાઓ પર ભટકે છે ! તમને થશે કે 'રાજાનો આવો ઘોર અન્યાય ? મંત્રીના ઘરના માણસોને પૂછવું જોઈતું હતું કે 'શી હકીકત હતી ?'

પણ તમને ખબર છે ખરી કે પત્નીએ ઝગડાના એવા બનાવટી કારણ ઊભા કરેલા કે માણસોને પત્તો ન લાગે કે આ ખોટો ઝગડો કરે છે. આમાં રાજાને તપાસ કરાવે તો ય સાચો તાગ શી રીતે મળવાનો હતો ? તો પછી પૂછો,

**પ્ર.**- જગતમાં આવું અંધેર કેમ ચાલે છે ?

ઉ.- એ જગતકર્તા ઈશ્વર માનનારને પૂછો. ત્યાંય અંતે એ નિર્ણય ઉપર આવવું પડે છે કે,

**'માણસોના પોતપોતાના સારાનરસા પૂર્વ કર્મના હિસાબે એમને સારું-નરસું બની આવે છે.'**

**તો પછી ત્યાં ઈશ્વર સર્જનહાર શાનો ?**

**લલિતાંગમાં પલટો :-**

મંત્રીને રસ્તે રખડતો બનવા જેવી દુઃખદ દુર્દશા જોઈ રાજપુત્ર લલિતાંગનું દિલ પીગળી ગયું એને ભારે પશ્ચાત્તાપ થયો કે 'હું આ કેવા દુરાચારના પાપમાં પડ્યો કે જેમાં અંતે આ બિચારા મંત્રીને આ દુર્દશામાં મૂકાવું પડ્યું ? લાવ.



પિતાજીને સાચી હકીકત કહી મંત્રીને મૂળ સ્થિતિમાં લાવું, પછી પિતાજી મને ગમે તે સજા કરે તે ભોગવી લઈશ. હું ઘોર પાપી મહાભયંકર સજાને લાયક છું. તે વિના મારાં ભયંકર પાપ નહિ ધોવાય.'

**ઊંચા કુળની ખાનદાની શું કામ કરે છે !**

અત્યાર સુધી ગામ આખામાં મંત્રીની ફજેતી થઈ, હવે પોતાની ફજેતી થાય એમ છે, પરંતુ પાપની ઘૃણા અને મંત્રીજીવ પ્રત્યેની દયા ઝળકી ઊઠે છે !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૧૨,તા.૬-૧૨-૧૯૮૬**

આ જો ન આવે, તો ઊંચા કુળમાં જનમ્યાની શી વિશેષતા ? ઢેડ-ભંગી-વાઘરી વગેરે હલકા કુળમાં જન્મેલાને દયા નહિ, પાપઘૃણા નહિ, એમ ઉત્તમ કુળવાળાને ય નહિ ? એ ય નિર્દય પાપિષ્ઠ ? કાગડો ગંદામાં ચાંચ નાખે એમ શું હંસ પણ નાખે ?

લલિતાંગે પિતા રાજાને જઈને બધી હકીકત કહી કહ્યું, 'હું મહાપાપી છું. મને જે સજા કરવી હોય તે કરો. મંત્રી બિચારા નિર્દોષ છે, એમને મૂળસ્થાને મૂકી દો. આપને પગે પડીને ભારે અફસોસી સાથે વિનંતિ કરું છું. હું મહાનાલાયક છું. મને ફાંસીની સજા પણ ઓછી છે.'

**મંત્રીની વાહવાહ :-**

રાજાને ભારે ગુસ્સો ચડ્યો. કહે છે 'નાલાયક ! મારા કુળમાં જન્મીને આ ઘોર પાપ ? જા, તને દેશનિકાલ કરું છું હમણાં જ રાજ્યમાંથી નીકળી જા,' એમ લલિતાંગને દેશનિકાલની સજા કરી. પછી માણસોને મોકલી રખડતા મંત્રીને બોલાવી લીધા, અને એને રાજકુમાર તથા એની પત્નીના નાલાયકી અને પ્રપંચની વાત કરી, રાજા મંત્રીની ક્ષમા માગે છે, ને પૂર્વવત્ મંત્રીપદે આરૂઢ કરી એની પત્ની સાથે એની હવેલીમાં બધી મિલકત સાથે સ્થાપિત કરી દે છે. નગર આખામાં વાત પ્રસરી ગઈ. મંત્રીની વાહવાહ થઈ, મંત્રીની નિંદા કરનારા પસ્તાયા, તે આવી આવીને મંત્રીની ક્ષમા માગે છે ! માગે જ ને ? કેમકે હવે પાછું એ જ મંત્રીની હકુમત નીચે રહેવાનું છે. ગમે તે અશુભ કર્મના ઉદયે મંત્રીના માથે મહાસંકટની આવેલ એક વાદળી વિખરાઈ ગઈ, અને પૂર્વનું સુખતેજ ઝળકી ઊઠ્યું !

**લલિતાંગનો કાળો પશ્ચાત્તાપ : આપઘાતનો વિચાર કેમ અટક્યો ? :-**

અહીં લલિતાંગ રાજકુમાર દેશનિકાલ પામેલો, ત્યાંથી ચાલી નીકળ્યો છે; પોતાના જીવનનો સ્ટોક લે છે, 'હું જન્મે કોણ ? કેવો ઉછેર પામેલ ? કળા-

વિદ્યાઓ-શાસ્ત્રો કેવાક ભણેલા ! પણ એક ચક્ષુ અને સ્પર્શન ઇન્દ્રિયનો ગુલામ કેવો બન્યો ? એ બંનેએ મને કેવો દુરાચારના કૂવામાં પાડ્યો ? પ્રપંચ, મંત્રિદ્રોહ, કુશીલ નારીને સમર્થન, મંત્રીની ઘોર વિટંબણા...કેવાં કેવાં ઘોર પાપાચરણ !...' આ બધું એની નજર સામે રાક્ષસી ભૂતાવળની જેમ તરવરવા લાગ્યું ! મનને થવા લાગ્યું કે 'આવા મારા જેવા ઘોર પાપીથી પૃથ્વી ભારે મરે છે. આત્મહત્યા કરી એને હલકી કરી દઉં. હું માનવ જાતને મોં દેખાડવા લાયક નથી'...નિરાશામાં ચાલ્યો જાય છે. એમાં મુનિ-મહાત્મા મળ્યા, પોતાનાં પાપ કહે છે, મરવાનો ઈરાદો કહે છે.

**મહાત્મા કહે 'એમજ મરે શું કામ ? પાપોને મારીને મર.**

'અહિંસા-સંયમ-તપ, ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, સર્વ પાપને મારે. આ માટે એકમાત્ર યોગ્ય મનુષ્યભવ છે. માટે એમાં આ કરી લે.'

લલિતાંગ સાધુ થયો, સાધુચર્યા શીખ્યો, શાસ્ત્રો ભણ્યો, તત્ત્વ ભણ્યો, તપમાં શૂરો થયો. હવે લલિતાંગ મહાત્મા એકાકી વિચરતાં એક નગરમાં ગયા. ત્યાં સાંભળ્યું કે 'અહીં એક શેઠનો ઉદ્ધત અભિમાની છોકરો, 'આત્મા નથી, પરમાત્મા નથી, ધર્મ નથી...' એમ 'નથી'નો નાસ્તિકવાદ ફેલાવે છે; લોકોના મન ભ્રમિત કરે છે. એને આત્માદિ કશું તત્ત્વ સંમત નથી, તેથી લોકોએ એનું નામ 'અ-સંમત નાસ્તિક પાડ્યું છે. એ નગરમાં કોઈ યોગી સાધુ-સંન્યાસી મહાત્મા આવે એમને એ નાસ્તિકવાદના કુતર્કોથી હેરાન કરે છે. તેથી લલિતાંગ મહાત્મા વિચારે છે કે

'આની સાથે જીભા-જોડીમાં ક્યાં ઊતરું ? મારી પાસે શાસ્ત્રોના અને જાત-અનુભવના તર્ક છે કે

**'મંત્રીએ કશો ગુનો નહોતો કર્યો, છતાં એની દુર્દશા કેમ થઈ ? પરલોકનાં કર્મ માન્યા વિના આનું સમાધાન નથી...'**

વગેરે બતાવી નાસ્તિક્તાની સામે જડબાતોડ જવાબ આપી શકું. પરંતુ દુરાગ્રહી અંતે હસી કાઢે, ત્યાં મારી મહેનતનું શું ફળ ? માટે આવા અવસરે તપ-ધ્યાન એ જ સુંદર કર્તવ્ય છે.' એમ કરી મહાત્મા નગર બહાર તપ સાથે ધ્યાનમાં રહે છે. નગરમાં મહાત્માની બહુ પ્રશંસા થાય છે તેથી,

અ-સંમત નાસ્તિક એ સાંભળી લોકો સાથે ઉદ્યાનમાં મુનિ પાસે આવી નાસ્તિક્તાના સવાલો ઠોકે છે, પણ મહાત્મા બોલે જ શાના ? ધ્યાનમાં ઊભા છે, મૌનમાં છે; બોલતા નથી ત્યારે નાસ્તિક એની નિંદા કરે છે કે 'જોયું ? કશો જવાબ આપવાની તાકાત નથી, એટલે મૂંગા બેઠા છે. જવાબનું જ્ઞાન હોય તો બોલે ને?



અજ્ઞાન છે, મૂઢ છે, મફતના લોકોના રોટલા બગાડે છે...' મહાત્માને મન આ નિંદાની કશી અસર નથી; કેમકે પોતાના મનને આ મોટો સંતોષ છે કે 'મહા ઉપકારી ગુરુ મહારાજે સંયમ આપીને મને મન-વચન-કાયાના ત્રિવિધ પાપયોગોથી બચાવી લીધો છે, અને ત્યાગ-તપનો વૈભવ આપી મહાસમૃદ્ધિમાન બનાવ્યો છે ! તેમજ સંયમસાધનાની કમાણી ચાલુ છે !' પછી એમાં આ નિંદાથી મારે કઈ ખોટ પડે છે ? મારી કમાણીમાં આ બિચારો ક્યાં અંતરાય પાડે છે ?...' જુઓ,

**બહારમાં નિંદા છતાં પોતાને શાંતિ કેમ ? તો કે પોતાને પાપત્યાગ તથા તપ-સંયમના મહાવૈભવની મહાકમાણી નજર સામે છે.**

દા.ત. વાણિયો પૈસાની સાધના કરતો હોય ત્યારે ઈર્ષ્યાળુ વેપારીના કે ઉલ્લંઠ ઘરાકના ગમે તેવા નિંદાના હલકા બોલ ગળી ખાય છે, એના પર કાંઈ લક્ષ દેતો નથી. એ તો પોતાને થતી ધૂમ કમાણીના આનંદમાં મસ્ત રહે છે; એમ આજના કૃપણ શેઠિયાઓ, લોકોમાં એની કૃપણતાના લીધે ગમે તેટલી નિંદા થતી હોય પરંતુ એ તો પોતાનું લાખો કરોડોનું ધન અકબંધ સાચવી રાખ્યાના આનંદમાં મસ્ત રહે છે, નિંદાને હસીને કાઢી નાખે છે.

એમ આ મહાત્મા અસંમત નાસ્તિકની નિંદાને ગણકારતા નથી, પોતાની સાધનાના અપાર આનંદમાં મસ્ત રહે છે.

**નિંદાની વચમાં સ્વ-સાધનાનો જ અપાર આનંદ કોણ અનુભવી શકે ? કહો, સાધનાહીન જગતની દુર્દશાથી દ્રવિત થાય તે.**

મહાત્મા પોતાની સ્થિતી સમજે છે કે 'પૂર્વે હું પણ ધર્મ-સાધના વિનાનો તે મંત્રી-પત્નીના આકર્ષાયો, તો મારી કેવી દુર્દશા થયેલી ! ત્યારે ગુરુકૃપાએ ચારિત્ર મળ્યા પછી મારે અહિંસા-સંયમ-તપની સાધનાની કેવી ઉચ્ચ દશા મને મળી !

**જગતની દુર્દશામાં અંતે રોતા મરવાનું મળે છે; ત્યારે સાધનાની સુ-દશામાં અંતે સાધનાના ભરપૂર અનુમોદનાભર્યા આનંદમાં મસ્ત મૃત્યુ ભેટવા મળે છે !**

**આત્માના ધર્મતેજનો પ્રભાવ :-**

લલિતાંગ મહાત્મા એકવાર ધ્યાનમાં ઊભા છે, ને ત્યાં મુશળધાર વરસાદ વરસે છે, ખૂબી એ થાય છે કે ઉપરના પ્રદેશમાંથી પાણીના પૂર ચડી આવે છે, પરંતુ અહીં ન તો મહાત્મા ઊભા છે એ પ્રદેશ પર વરસાદનું ન એક ટીંપું ! તેમજ ન પૂરનું આક્રમણ ! કેમકે પૂર એટલો પ્રદેશ છોડી ફંટાઈને જાય છે. નગરના લોકો પૂર જોવાની મજા માણવા કિલ્લા પર ચડી ગયા છે, અને ત્યાં દૂર નીચે જુએ છે તો મહાત્મા ખડા છે એ પ્રદેશ પર વરસાદનું ટીંપુ નથી ! તેમજ પૂર એ પ્રદેશ

પર ફરી વળવાને બદલે એ પ્રદેશની પાસેથી ફંટાઈને ચાલ્યું જાય છે ! લોકો કિલ્લા પરથી જોઈને સ્તબ્ધ થઈ જાય છે !

**લોક ખાસડાં મારે છે.**

લોકો પેલા નાસ્તિક અસંમતને ત્યાં પકડી લાવી બતાવીને કહે છે

"બોલ, આ મુનિના ધર્મનો પ્રભાવ ખરો કે નહિ ? ધર્મ સિવાય મુનિની આ રક્ષા કોણ કરવા આવ્યું ? આખા પાણીના ધસમસ વહી રહેલા પૂરને કોણે ફંટાવ્યું ? ધર્મની અશ્રદ્ધા અને હલકાઈ કરીને કેમ તારા આત્માને પાપથી ભારે કરી રહ્યો છે ? અને કેમ બીજા ભલા-ભોળા જીવોને ખોટા ભરમાવે છે ?..." નાસ્તિકની લોકમાં ભારે હલકાઈ થઈ કે 'આ કેવો જૂઠ્ઠો ? કેવો જૂઠ્ઠો ? સાધુમહારાજના ધર્મનો આટલો બધો પ્રત્યક્ષ પ્રભાવ તો દેખાઈ રહ્યો છે !'

આ પરથી આપણે વિચારવું ઘટે છે કે લલિતાંગ મહાત્માએ અહીંયાં સંયમ-તપની કેવી ઉગ્ર સાધના કરી હશે કે એમાંથી એટલું બધું આ ધર્મતેજ પ્રગટ્યું કે જેણે ઉપરથી વરસાદનું પાણી પડતું અટકાવ્યું ! અને બાજુમાંથી વહેતા પાણીને વળાંક આપી દીધો ! મહાત્માનો આવો અદ્‌ભુત જબરદસ્ત પ્રભાવ શાને આભારી હતો ? કહો, પોતે પૂર્વગૃહસ્થ-જીવનમાં કરેલ પાપોની ભયંકરતા નજર સામે તરવરતી હતી, તેથી એ તપ-સંયમસાધના ઉત્કટ ચલાવ્યે જતા હતા, એનાથી એમનું વિશિષ્ટ ધર્મતેજ પ્રગટેલું, એણે આ અદ્‌ભુતતા સરજેલી !

આ પાપોની ભયંકરતા પર લલિતાંગ મુનિના ધર્મની ઉગ્રતાની વાત થઈ.

ત્યારે અહીં તરંગવતી-પદ્મદેવને પોતાને પૂર્વગૃહસ્થ જીવનમાં નડેલી દુઃખોની ભયંકરતા પર ઉગ્રતપ-સંયમનો નિર્ધાર થાય છે.

**ધર્મમાં જોસ લાવવા માટે આ બે મહાન ઉપાય છે,**

(૧) આ અને પૂર્વના ભવોમાં કરેલ પાપોની ભયંકરતા નજર સામે લાવો.

(૨) આ અને પૂર્વભવોમાં વેઠેલા દુઃખોની ભયંકરતા નજર સામે તરવરતી રાખો.

વિવિધ નિયમો અને તપસ્યાઓરૂપી ધર્મમાં જોસ આવી ગયા પછી તો સંસારસમુદ્ર તરી જવો સરળ છે. એ જ વાત પદ્મદેવ મુનિના પિતા છેલ્લે બંનેને કહી રહ્યા છે કે 'તમે વિવિધ નિયમો અને તપસ્યાઓથી શોભતા સાધુધર્મને બરાબર પાળીને આ ભવસમુદ્રને તરી જાઓ, એવી અમારી શુભેચ્છા છે.'

શાસ્ત્રો પણ કહે છે,-

**धण्णा कलत्त-गोत्तीहिं निग्गया पेमबंधणविमुक्का ।**
**अवगय-माण-कोहा चरंति धम्मं जिणक्खायं ॥**



અર્થાત્ 'કામિની-કુટંબ યાને પત્ની-પરિવાર ઉપરના પ્રેમનાં બંધન છોડી નાખીને જે ઘરવાસમાંથી નીકળી ગયા છે, પછી જે અહંકાર અને ક્રોધનો ત્યાગ કરી ભગવાન જિનેશ્વરદેવોએ ભાખેલા ધર્મની જ આરાધનામાં એકમેક થઈ જાય છે, એમને ધન્ય છે.' શાસ્ત્રકારો આમ કહે છે, પરંતુ અમે મોહના બંધનથી બંધાયેલા હમણાં ને હમણાં ઘરવાસથી નીકળી જવા સમર્થ નથી, એ અમારી કમનસીબી છે."

બસ, એ પ્રમાણે ધનદેવ સાર્થવાહે કહ્યું; કેમકે એમણે ધર્મનો પરમાર્થ યાને ધર્મનું રહસ્ય જાણેલું હતું; એટલે એ એવી ધર્મરસભરી વાણી બોલે એ સહજ છે.

પરંતુ ત્યાં ઉદ્યાનમાં આવેલી ઘરની સ્ત્રીઓ કોઈ એવા ધર્મ-પરમાર્થની જાણકાર નહિ, થોડું જાણતી હોય તો ય એમણે કાંઈ દિલને એનાથી ભાવિત કરેલું નહિ, એટલે હવે પાછા જવા વખતે એ રોવા લાગી.

**સંસારના હરખ અને રુદન ધર્મ-પરમાર્થની અજ્ઞાનતાના કારણે થાય છે.**

નહિતર ધર્મનાં રહસ્ય જાણવા પર તો સંસારની નાશવંત વસ્તુ પર હરખ શા કરવાના હોય ? કે રોદણું શાનું કરવાનું હોય ? સંસારની મનગમતી ગમે તેવી વસ્તુ મળી અને હરખા હરખા થઈ જાઓ, પરંતુ અંતે એનો વિયોગ જ થવાનો છે; તો હરખ કરેલો શો કામ લાગ્યો ? ઊલટું

**સંયોગમાં જો વધારે હરખ, તો વિયોગમાં વધારે રુદન થવાનું. એ સૂચવે છે. બાહ્યના હરખ શા કરવા ?**

હરખ હજી થાય, તો ધર્મની કોઈ સિદ્ધિ થવા પર થાય, અગર તારણહાર ધર્મસાધના મળવા પર થાય. બાહ્યના હરખ શા ?

તરંગવતી સાધ્વીજી શેઠાણીને આ કહી રહ્યા છે કે સગાઓને તો અમારો વિયોગ થવાથી રોવું આવ્યું; પરંતુ જે ત્યાં, બહુલોક એકત્રિત થઈ ગયેલ એ અમારા મહાવૈભવ અને કુટુંબ પરિવારનો ત્યાગ દેખીને ચકિત થઈ ગયો કે 'અરરર ! આ શી વાત છે ? અમારે પાંચ પૈસાનો કે એક સગાનો સંયોગ છુટતો નથી, ને આ બંને ધનના ઢગલા અને પરિવારની મોટી ફોજ છોડીને નીકળી જાય છે !! બાપ રે ! આવો ભીષ્મ ત્યાગ શે થાય ? તે પણ જીવનભર માટે ?

વિસ્મિત થયેલું લોક અમારો ઉત્કટ ધર્મનો અનુરાગ દેખીને ધર્મનું અનુમોદક અને ધર્મનું રાગી બન્યું.

હવે તરંગવતી સાધ્વી શેઠાણીને કહે છે

**તરંગવતી સાધ્વીના ગુરુણીનું આગમન.**

પછી ત્યાં મહાશ્રમણને વંદના કરવા ચંદનબાળા-મહત્તરાના શિષ્યા સુવ્રતા નામની ગણિની સાધ્વી સપરિવાર પધાર્યા ! શ્રમણ ભગવંતને વંદન કરે છે, ને પછી મહાત્મા કહે છે, 'આ નવી સાધ્વી એ તમારી શિષ્યા થાઓ.' ગણિનીએ એમનું વચન તથાસ્તુ કરી લીધું, સ્વીકારી લીધું.

પછી મને કહ્યું 'વંદન કર હવે તારી આ ગુરુણી પ્રવર્તિની સુવ્રતા ગણી સાધ્વીજીને.' હું ગણિનીના પગમાં પડી ગઈ, પછી મને હિતશિક્ષા આપી કે

**મુનિની તરંગવતી સાધ્વીને અમૂલ્ય હિતશિક્ષા :-**

"આ ચારિત્ર નિશ્ચિતપણે દુશ્ચર છે, બહુ કષ્ટે પાળી શકાય એવું છે. એને સહેલું માનીને ઉતાવળથી 'લાવ ત્યારે ચારિત્ર લઈ લઉં' એમ આંધળિયા કરવા જેવા નથી. મનને બરાબર પાકું કરી લેવાનું. અને લેશ પણ વિરાધના ન લાગે એ રીતે પાળવાનું છે.

"આ ચારિત્ર એ ત્રિલોકપતિ તીર્થંકર ભગવાનનું લોકોત્તર અનુશાસન છે. જો એક સામાન્ય રાજાના પણ અનુશાસનના ભંગની મોટી સજા મળે છે, તો આ તીર્થંકર ભગવાન તો ત્રણ ભુવનનાં ચક્રવર્તી મહારાજા ! એમના અનુશાસનના ભંગની સજા કેટલી મોટી હોય ?

"અમે તો તમને માત્ર એ પ્રભુનાં વચનથી એમનાં અનુશાસનનો રાહ બતાવીએ એટલું જ; બાકી અનુશાસન મૂળ તો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું ફરમાવેલું છે. એને જો તમે બરાબર બજાવશો, તો તમારું મહાન કલ્યાણ થશે, ને મોક્ષમાર્ગે તમારું આગળ-આગળ અખંડ અવિરત પ્રયાણ ચાલુ રહેશે." મહામુનિનાં વચન સાંભળીને સાધ્વી બનેલા તરંગવતી કહે છે,

**તરંગવતી સાધ્વી આદેશ સ્વીકારે છે :-**

**"સંસારભ્રમણથી ભારે ભય પામેલી હું આપના આદેશને બરાબર પાળીશ.**

એમ કહી પછી એ સાધ્વીઓને વંદના કરે છે, અને છેલ્લે સાધુ બનેલ પોતાના પ્રિય સાર્થવાહપુત્ર પદ્મદેવ મુનિને પણ વંદના કરે છે. એ પણ હવે ધર્મતેજથી દીપી રહ્યા છે; કેમકે એમને તરંગવતી પરનો કામરાગ પણ નષ્ટ થઈ ગયો છે. આનંદઘનજી મહારાજ એ જ કહે છે,

**"નારી નાગિણીકા જસ નહિ પરિચય, સો સાહિબકા પ્યારા."**

ભગવાનને પ્યારો કોણ થઈ શકે ? તો કે જેને નારીનાગણનો પરિચય નથી, એટલે જેને એના પ્રત્યે લેશ પણ આકર્ષણ નથી, આસક્તિ નથી, મમત્વ નથી, એ પ્રભુને પ્યારો થાય; પ્રભુ એને ખેંચી રાખે, એટલે મન પ્રભુમાં ગયા કરે. આ



માટે નારીનું આકર્ષણ જ ખત્મ કરવું પડે. તો જ મન નારીમાં જતું અટકે. નહિતર તો મન આકર્ષણ-આસક્તિ હોય ત્યાં જાય છે. હવે પદ્મદેવ મુનિને ભગવાનનું જ આકર્ષણ છે, પ્રેમ-આસક્તિ લાગી છે, પછી તરંગવતી સાધ્વી વંદના કરે એમાં રાગનું મન જ ક્યાંથી રહે ? તેમજ તરંગવતી સાધ્વીને પણ હવે વીતરાગ ભગવાનનું આકર્ષણ છે, મમત્વ છે, તેથી મન પદ્મદેવ મુનિમાં શાનું જાય ? તો પછી એમને વંદન કેમ ? તો કે સંયમજીવનની વિધિ, કે વડીલને વંદના કરવી જોઈએ, એ હિસાબે વંદના કરે છે.

પછી તરંગવતી સાધ્વી બીજી સાધ્વીઓથી પરિવરેલા ગુરુણી ગણિની સાથે ત્યાંથી વિહાર કરી જાય છે. અને ગ્રહણ-શિક્ષા આસેવન-શિક્ષા એ બે પ્રકારની શિક્ષા લેતાં લેતાં, જ્ઞાન અને ક્રિયાની ઉત્તમ આરાધનામાં લયલીન બનેલા વિચરે છે. એમને ધર્મનો અનુરાગ એટલો બધો છે કે આ ઉચ્ચધર્મની સાધનામાં દિવસ-રાત ક્યાં પસાર થઈ રહ્યા છે એની ખબર પણ પડતી નથી.

પદ્મદેવ મુનિ પણ મુનિઓ સાથે વિહાર કરી જાય છે, અને બંને પ્રકારની શિક્ષા લેતાં લેતાં જ્ઞાન-ધ્યાનમાં રક્ત રહે છે.

**શેઠાણીને તરંગવતીનો છેલ્લો બોલ :-**

તરંગવતી સાધ્વીજી પેલી શેઠાણીને કહી રહી છે, ગૃહિણી ! ગુરુણી સાથે વિચરતા અમે અહીં આવ્યા છીએ, અને છઠ્ઠના પારણા માટે હું નીકળી છું. આ તમે મારો જીવન વૃત્તાંત પૂછ્યો એટલે મેં તમને કહ્યો. અમે ઈચ્છીએ કે આ અમારા શ્રમ તથા સમયવ્યયને સફળ કરશો."

સાધ્વીજીના આ વૃત્તાંતને સાંભળીને શેઠાણી ખૂબ ઊંડા વિચારમાં ચડી ગઈ. એને લાગ્યું કે 'અહો ! આ અહેવાલ સૂચવી રહ્યો છે કે આ સાધ્વીજી મહારાજે ખૂબ જ દુષ્કર કાર્યને કર્યું છે ! આવી ખીલી ઊઠેલી યુવાન વયમાં વળી આટલો દુષ્કર તપ આચરે છે !

"ભગવતી ! આપનું ચરિત્ર બહુ અદ્ભુત ! અને બહુ દુષ્કર સાધના ભર્યું ! તેમજ બહુ બોધ અને પ્રેરણાદાયક ! આપની કૃપા ઈચ્છીએ છીએ. આપે જે આપનું ચરિત્ર કહ્યું તે આપે અમારા પર અનહદ ઉપકાર કર્યો. અમે આપને આટલી બધી તકલીફ આપી, એની ક્ષમા માગું છું,' એમ કહેતાંક શેઠાણી સાધ્વીજીના પગમાં પડી ગઈ. ભવના ભયંકર ભ્રમણથી એ બી ગઈ, 'હાય ! તો હું આ મોહમાયા લઈને બેઠી છું, કશી એવી મારે જોરદાર ધર્મસાધના છે નહિ, તો હેં ? શું મારે ભવાટવીની દુર્ગતિઓમાં કૂટાઈ મરવાનું ? એમાં મારે કેવી કેવી નારકી સુધીના કેવાં કેવાં ભયંકર દુઃખો વેઠવાં પડશે ?' એને ભારે ભય લાગી ગયો.

**કોઈની કરુણકથની પર ભવભય :-**

ખરેખર, આસ્તિક જીવને જ્યારે એવો જીવતો જાગતો કોઈનાં જાલિમ દુઃખભર્યા કરુણ જીવન-પ્રસંગોનો દાખલો જોવા-સાંભળવા મળે ત્યારે એને એવો ભવનો ભય લાગી જાય છે. દા.ત. 'સમરાઇચ્ચ કહા' માં સમરાદિત્યના જીવને નવ ભવના અધિકારમાં ભવેભવે આચાર્ય કે મુનિ એવો કાં તો પોતાનો અગર બીજાનો દાખલો આપે છે કે જે સાંભળીને ખુદ સમરાદિત્યના જીવને યા અવાંતર કથાના નાયકને ભવનો ભારે ભય વ્યાપી જાય છે, અને પછી પોતે ભવના દાવાનળમાંથી મુક્ત કરાવનાર ચારિત્રમાર્ગ આદરે છે.

મેઘકુમાર વૈરાગ્ય પામીને મહાવીર પ્રભુ પાસે દીક્ષા લેવા આવે છે ત્યારે એ પ્રભુને આ જ કહે છે,

'ભગવન્ ! આ સંસાર-દાવાનળથી હું ત્રાસેલો છું. એમાંથી હું મહામૂલ્યવાન મારા આત્મારૂપી ઝવેરાતનો ડબો બચાવી લાવ્યો છું, મને શરણું આપો.' અલબત, આમાં એને વીર પ્રભુની દેશનાથી ભવભય લાગ્યો હતો; બાકી ભવી જીવને કોઈને કરુણ જીવન-કથની સાંભળીને પણ ભવ ભય લાગી જાય. જેમકે યશોધર મુનિના નવ ભવોની કરુણ કથનીને સાંભળીને કેટલાય જીવોને ભવનો ભય લાગી ગયેલો.

**શેઠાણીને ભવભય :-**

તરંગવતી સાધ્વીજીના રોમાંચક જીવનની વાતો સાંભળીને શેઠાણીને ભવભય લાગી ગયો, તેથી એ સાધ્વીજીને હાથ જોડીને કહે છે,

"સ્વામિની ! તો પછી વિષયોના કીચડમાં ખૂંચેલા અમારું શું થશે ? એ સર્વથા છોડીને તમોએ આદરેલી સાધ્વીચર્યા આદરવી એ તો અતિ અતિ દુષ્કર છે. અમારા જેવા કંગાલ પામર જીવોથી એ શે બને ? અને તદ્દન પાપરહિત સાધ્વી ચર્યા વિના અમારો ઉદ્ધાર પણ ક્યાં છે ? તો અત્યારે પામરતાને લીધે અમારાથી એ ન લેવાય તો શું અમારે ભવમાં ભટકતા જ રહેવાનું ? એવો સંયમમાર્ગ પામવા માટે અમારે શું કરવાનું ?"

**ચારિત્રની તાકાત ન હોય એ શું કરે ? :-**

ત્યારે ત્યાં સાધ્વીજી કહે છે, "જુઓ, સાધ્વીચર્યા યાને સંયમમાર્ગ લેવાય એ તો શ્રેષ્ઠ કર્તવ્ય છે, એ લેવો જરૂરી તો છે જ; પરંતુ જેની એવી તાકાત ન હોય, એ સમ્યક્ત્વ મૂલક દ્વાદશ વ્રતનો ગૃહસ્થ ધર્મ પાળે, એ જતે સમયે સંયમ-ધર્મની તાકાતવાળો બની શકે છે. માટે તમે આ સમ્યક્ત્વ અને વ્રતોનો પુરુષાર્થ કરો. સાથે એ પણ કરવું જરૂરી છે કે

(૧) આપણી લેશ્યા ધર્મમાં જ લાગેલી રાખવાની.



(૨) દિનપ્રતિદિન 'સંવેગ' એટલે કે દેવગુરુ ધર્મની આરાધનામાં પ્રેમ તથા ઉલ્લાસ વધારતા રહેવાનું.

(૩) એનાથી શ્રદ્ધા-બળ વધારતા રહેવાનું.

(૪) જીવ-અજીવ વગેરે તત્ત્વોનો પરીચય વધારતા રહેવાનું; એટલે કે એનું અધ્યયન-મનન-ભાવન કરતા રહેવાનું...

(૫) અહિંસાદિ પાંચ અણુવ્રતો સ્વીકારી લઈ, વ્રતો અને યોગ્ય શીલ-આચાર-અનુષ્ઠાનોનો તથા ત્યાગ-તપસ્યા-શાસ્ત્રસ્વાધ્યાયનો ખૂબ અભ્યાસ રાખવાનો.

તરંગવતી સાધ્વીજીના આ માર્ગદર્શને શેઠાણીનું હૈયું ભીનું ભીનું થઈ ગયું. સાથે ત્યાં બેઠેલી બીજી યુવાન સ્ત્રીઓનું હૈયું ધર્મશ્રદ્ધામાં દઢ થઈ ગયું. સાધ્વીજીનો આ વૈરાગ્યરસભર ઉપદેશ સાંભળીને એ જિનવચનથી પ્રભાવિત થઈ સંવેગ યાને મોક્ષ અને મોક્ષના સાધન પર અથાગ પ્રેમ અને શ્રદ્ધાવાળી બની ગઈ. સાધ્વીજી ત્યાંથી શિષ્યા સાથે મુકામે પાછા વળી ગયા.

**એકનો ધર્મ કેટલાને તારે છે !**

એક તરંગવતીનાં જીવનને કેટકેટલાને ધર્મ તરફ આકર્ષ્યા ! એક જુગારી યા એક દારુડિયો બીજા કેટલાયને જુગાર યા દારુમાં તાણે છે ને ? પરંતુ એમાં તો અંતે પોતે ય ખુવાર ! દુર્ગતિના ગર્તામાં પડવાનું, ને બીજાઓને ય એમાં પાડવાનું થાય. ત્યારે અહીં તરંગવતી સાધ્વીજી કેટલાયને જીવન ઉત્થાન માટે આલંબનરૂપ થઈ ગયા ! અરે ! પોતાના જીવન દરમિયાન તો પોતે કેઈના ઉદ્ધારક થયા ! એટલું જ નહિ, પરંતુ શાસ્ત્રમાં અંકિત થયેલ એમનું ચરિત્ર પણ લગભગ ૨૦૦૦ વર્ષથી કેટલાય હજારો લાખો ભવી જીવોને તારણહાર બનતું આવ્યું છે. એટલે જ આ કથાના આલેખક મહાન જ્યોતિર્ધર ને વિદ્યામંત્રયોગના વિશારદ શાસ્ત્રકાર મહર્ષિ પાદલિપ્તસૂરિજી મહારાજ છેલ્લે કહે છે કે **'ભવ્ય જીવોને સમ્યગ્ બોધ કરાવવાના હેતુથી આ ચરિત્ર રચ્યું. એ તમારા સકલ પાપને હરો, અને તમારા આત્મામાં ભગવાન જિનેશ્વરદેવ ઉપર અથાગ ભક્તિ-શ્રદ્ધા અને બહુમાન પ્રગટ કરો'...**

તરંગવતીના ચરિત્રનાં વિવેચનમાં જો જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ કહેવાયું હોય, તો તેનો મિચ્છામિ દુક્કડં.



# જ્ઞાનની ત્રણ કક્ષા - બીજી કક્ષા - ચિન્તાજ્ઞાન

જ્ઞાનની ૩ કક્ષાની વાત ચાલી, પહેલું શ્રુતજ્ઞાન અર્થાત્ શાસ્ત્રના શ્રવણથી અર્થ સમજાય તે, ગુરુનો ઉપદેશ સાંભળીને એને સમજવામાં આવે તે શ્રુતજ્ઞાન (ભાગ-૪૮માં તેનું ચિંતન કર્યું), હવે એની ઉપર બીજી કક્ષાએ ચિંતા જ્ઞાન.

**૨. ચિન્તાજ્ઞાન**

ચિંતાજ્ઞાન એટલે ચિંતનરૂપ જ્ઞાન, શાસ્ત્ર વાંચી સાંભળીને જે સમજ્યા, એના પર ચિંતન-મનન કરવું એ એટલા માટે કે,

**ચિંતન-મનન શી રીતે થાય ?**

ચિંતન કરવા માટે જે વસ્તુ સાંભળી એ વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર ભગવાને કહેલી છે માટે યથાર્થ જ છે, તો એ જો હેતુગમ્ય વસ્તુ હોય તો એને સાબિત કરનાર હેતુ શોધી કાઢવો. અર્થાત્ એને માટે તર્ક અનુમાન જોવાં, 'તર્કથી અનુમાનથી એ શી રીતે સાબિત થાય ?' એ ચિંતવવું એના માટે દુન્યવી દૃષ્ટાંત શોધી લેવું એ દૃષ્ટાંતે આ વસ્તુ પણ બરાબર જ છે એ ચિંતવવું. સાંભળેલી વસ્તુ આમ હેતુ-તર્ક અનુમાન અને દૃષ્ટાંતથી હૃદયમાં અંકિત થઈ જાય.

દા.ત. સાંભળ્યું સંસાર અસાર છે. તો હવે એ શોધવું કે 'ક્યાં હેતુથી સંસાર અસાર છે ? એમાં તર્ક શો ? અનુમાન શું ?' એ વિચારતાં દેખાય કે,

(૧) સંસારમાં જનમ-મરણની મોટી વિટંબણા છે તો એ હેતુથી સંસારમાં સાર શી રીતે કહેવાય ? એમ,

(૨) સંસારના પદાર્થો મનનું આકર્ષણ કરાવીને આત્મભાન ભૂલાવે છે...આ હેતુથી પણ સંસાર અસાર છે, એના પર તર્કથી વિચારીએ તો જોવાય કે,

(૩) જો સંસારમાં સાર હોત તો મોટા તીર્થંકર ભગવાન જેવા, અને સનત્કુમાર આદિ ચક્રવર્તીઓ તથા થાલિભદ્ર વગેરે શેઠ-શાહુકારો જેવા પણ સંસારને છોડી ગયા ન હોત.

(૪) એમ બીજો તર્ક એ સંસાર સારો માનેલો અને સારી રીતે ભોગવી પણ લીધેલો, મરણ વખતે રોવરાવે છે. એ જો સારભૂત હોત તો રોવું પડતું ન હોત. દુનિયાનો મોટો ભાગ મરણ આવતાં રોતડ બની જાય છે.

**સંસાર જો સારભૂત હોય તો સારના અંતે રોવાનું કેમ આવે ?**

**અંતે દગાભરી ભાગીદારી જેવો સંસાર :-**

દુનિયામાં દેખાય છે કે જેમાં અંતે દુઃખદ વસ્તુ બને તેને સાર વિનાની-માલ વિનાની વસ્તુ મનાય છે. કોઈની સાથે મિત્રાચારી કરી, ભાગીદારી કરી, વર્ષો



સારું ચાલ્યું, પરંતુ પછી જો એકાએક એ માણસ દગો દેખાડી આપણને નવરાવી નાખે, તો આપણે શું કહીએ ? આવા માણસની મિત્રાચારીમાં કાંઈ સાર ન નીકળ્યો. માલ વિનાની જ નહિ પણ ઊલટું ધોખો દેનારી, નુકસાનના ખાડામાં ઉતારનારી મિત્રાચારી. અલબત વર્ષો સુધી એમાં લહેર કરી હતી, પરંતુ પરિણામ ધોખામાં આવ્યું. તો માત્ર તે વખતની જ મિત્રાચારી નહિ, પણ આખીય મિત્રાચારી સાર વિનાની દેખાય છે. તમે કહેશો

**પ્ર.-** પણ એમાં તો અંતે મૂડી જ લુંટાઈ એટલે આખીય મિત્રાચારી સાર વિનાની લાગે જ ને ?

ઉ.- બસ, તો એ જ પ્રમાણે સંસાર ભોગવતાં આપણી આખી પુણ્યની મૂડી જ લુંટાય છે તેથી માત્ર મરણવખતનો સંસાર નહિ, પણ આખાય જીવનકાળનો સંસાર પણ અસાર નહિ ?

**સંસારમાં નુકશાનો :-**

અરે (૧) એકલી પુણ્યમૂડી જ જાય છે ? ના, પૂર્વ જન્મોમાં કાંઈ સારું કર્યું તેથી તો અહીં આવ્યા, એ સારું કરેલાના સંસ્કારની મૂડી પણ અહીં લેતાં આવેલા.

(૨) હવે તે અહીં સંસાર સારભુત માની સંસારને સર્વસ્વ માની અનેકાનેક કુવૃત્તિઓ અને કુપ્રવૃત્તિઓ ચલાવી, એણે આ સુસંસ્કારની મૂડી ખત્મ કરી. આ બીજું નુકસાન.

(૩) અહીં સંસારે એટલે કે સંસારના સંસારી જડ-ચેતન વસ્તુના મોહે દેવ-ગુરુ-ધર્મને દિલથી ભજવાની અનુપમ તક એણે ગુમાવરાવી. એથી સંસારે ભાવી સુખ લાવનાર પુણ્યાઈ કમાવાથી વંચિત રાખ્યા, અને દુઃખ લાવનાર પાપોના ભંડાર ભરાવ્યા આ ત્રીજું મોટું નુકસાન.

સંસાર છે તો એના પર મોહ થાય છે. માટે સંસારના મોહથી નુકસાનો થયા એ સંસારથી જ થયા કહેવાય. ચાટુ કરનારી વિષયલંપટ સ્ત્રીને મોહ માણસને વિષયાંધ બનાવે એ માત્ર મોહે જ નહિ પણ સ્ત્રીઓએ ય વિષયાંધ બનાવ્યો કહેવાય. લટકાળી વેશ્યા પરનો રાગ માણસને ખુવાર કરે, ત્યાં માત્ર પોતાનો રાગ જ ખુવાર કરનારો નહિ પણ વેશ્યા ય ખુવાર કરનારી કહેવાય. એમ, અહીં લોભામણા સંસારનો મોહ ખુવારી કરે એ સંસારે જ ખુવારી કરી કહેવાય. સંસાર છોડી દીધો હોત તો ખુવારી ન થાત.

બસ, આ તર્ક સાબિત કરે છે કે સંસાર અસાર છે.

**થોડી લહેર પછી મહા નાલેશી આપે એ અસાર :-**

એમ અનુમાનથી સાબિત થાય કે, સંસાર અસાર છે. કેમકે એ જનમ-

મરણની મહા નાલેશી આપે છે. જે મહા નાલેશી આપે તે અસાર છે. જેમકે, કોઈ મિજાજી રાજા બીજા રાજાને જીતી એને પાંચ દિવસ મહેલમાં રાખી બધી લહેર આપે અને પછી ૨૫ દિવસ એની પાસે નગરનું ઝાડું કઢાવે, વળી પાંચ દિ' લહેર પછી પચીસ દિ' સંડાસ સાફ કરાવે...તો એ રાજા લહેર આપવા છતાં મોત અને દુર્ગતિ આપતો હોય તો એ સંસાર નાલેશી આપનારો જ અને અસાર જ કહેવાય. માટે તો વિવેકી મોટા રાજાઓએ નાલેશી જ કરનારો જોઈ સંસારત્યાગ કરી ચારિત્ર લીધાં.

**ચિંતન-મનન એટલે ?**

શ્રુતજ્ઞાન પછી ચિંતાજ્ઞાનમાં આ કરવાનું છે :-

શાસ્ત્રમાંથી જે સાંભળ્યું દા.ત. સંસાર અસાર છે, તો સમજી લીધું એ શ્રુતજ્ઞાન તો થયું, પરંતુ હવે એ વસ્તુ પર તર્ક-અનુમાન લગાવી એ વસ્તુ એમ જ છે એવો નિર્ણય કરવાનો. ચિંતનમાં આ કરવા ઉપરાંત એ વસ્તુ પર લાભ-નુકશાન વિચારાય 'સારી હોય તો એનાથી લાભ કેટલા ? અને ન કરીએ તો નુકસાન કેટલા ?' 'નરસી હોય તો એ વસ્તુથી નુકસાન કેટલા ? અને એને છોડી દેવાથી લાભ કેટલા ?' એ ચિંતન કરાય. ચિંતનથી લીધેલ નિર્ણયને મનમાં પજવાળાય, વિશેષ સ્થાપિત કરાય. દૃઢ સ્થાપિત કરાય એ મનન.

બોલો, શાસ્ત્ર તો સાંભળો છો, પણ એના પર આ રીતે ચિંતન-મનન કરો છો ? ના, પછી ગાડી આગળ ક્યાંથી ચાલે ? ચિંતન-મનન ન હોય એટલે મનમાં ટક્યે નહિ. ને એના પર જીવન-પરિવર્તને ય ન થાય.

ગૌતમસ્વામીએ ૧૫૦૦ તાપસોને બુઝવ્યા. શી રીતે એ બુઝયા હશે ? ગૌતમમહારાજે ઉપદેશ આપ્યો એ માત્ર સાંભળી લીધો, સમજી લીધો. માત્ર એટલા પર તાપસો ચારિત્ર, ક્ષપકશ્રેણિ, અને કેવળજ્ઞાન પામી જાય ? ના, એમણે સાંભળી સમજેલા પર ચિંતન-મનન કર્યા માટે એ બધું પામ્યા.

**૧૫૦૦ તાપસોનું શું ચિંતન-મનન ?**

ગૌતમમહારાજે કહ્યું; 'અષ્ટાપદ ઉપર તો મૌન કૈલાસનાથ છે, કૈલાસનાથની મૂર્તિમાત્ર છે. તમને હું જીવંત બોલતા કૈલાસનાથ દેખાડું,' ત્યાં તપાસો એ પર ચિંતન કરવા લાગ્યા, 'અહો જીવંત કૈલાસનાથ હોય ? હોય, એના પર તર્ક છે. જો જીવંત કૈલાસનાથ હોય ? હોય, એના પર તર્ક છે. જો જીવંત કૈલાસનાથ જેવી વસ્તુ જ ન હોય, તો પછી એમની મૂર્તિ હોવાની વાતે ય શી ?' આ એક તર્ક.

બીજો તર્ક એ, કે 'જીવંત કૈલાસનાથ હોવાની વાત કોણ કહે છે ? આવા મોટા લબ્ધિધર કે જે સૂર્યનાં કિરણ પકડી દોરડાની જેમ એના આધારે અષ્ટાપદ પર ચડી ગયા, એ કહે છે એવા કહેનારા ખોટું ન કહે' એ બીજો તર્ક.



હવે ૧૫૦૦ તાપસોએ એથીય આગળ ચિંતન લંબાવ્યું. 'જો જીવંત કૈલાસનાથ હોય, તો એ કેવાક આત્મસમૃદ્ધિવાળા અને કેવીક ઉપકારક વાણી બોલનારા હોતા હશે ! તો જીવોના સંશયો પણ કેવાક ભાંગતા હશે !...' આ ચિંતન ચાલ્યું. શ્રુતજ્ઞાન પછી ચિંતાજ્ઞાન અર્થાત્

**શ્રવણ પછી ચિંતન હોય તો હૈયાનાં કમાડ ઊઘડી જાય.**

૧૫૦૦ તાપસ આ કરી રહ્યા છે, ચિંતવે છે,

કૈલાસનાથ વીતરાગસર્વજ્ઞ, એમને ભેટવા જઈએ એ શા માટે ? આપણેય એવા થવું છે માટે જ ને ? તો પછી અત્યારથી જ રાગાદિ ઘટાડવા પડે. કોઈ જડ પર રાગ નહિ, આસક્તિ નહિ, મમતા નહિ. આપણી કાયા પર પણ નહિ, આપણા અહંત્વ ઉપર પણ આસક્તિ-મમતા નહીં...

૧૫૦૦ માંથી ૫૦૦ તાપસ તો ત્યાં પારણું કરતાં કરતાં જ આ ચિંતનમાં આગળ વધ્યાં, ચિંતાજ્ઞાન પછી ભાવનાજ્ઞાન પર ચડી ગયા, સર્વવિરતિ-અપ્રમત્તપણું-અપૂર્વકરણ વગેરે ગુણસ્થાનકો પર ચડતાં-ચડતાં ત્યાં જ કેવળજ્ઞાન પામી ગયા !

દુર્લભ શ્રદ્ધાના યુગમાં ચિંતન તો ખાસ જરૂરી. એ ચિંતાજ્ઞાન એમને આગળ વધારી રહ્યું છે.

**ચિલાતીપુત્રનો પ્રસંગ**

ચિલાતીપુત્ર ચોર બનેલો અને શેઠની કન્યાને ઉપાડી જઈ દોડતાં એની પાછળ શેઠ અને એના ચાર દીકરા પૂંઠે પડ્યા, તો કન્યાને ખાંધ પર લઈ દોડ્યો. એમાં ય હવે પકડાઈ જવાની દહેશત લાગી, તો શેઠ પ્રત્યેના ખુનસના માર્યા એણે કન્યાનું ગળું કાપી નાખીને ધડ શેઠને કાળો પસ્તાવો કરવા પડતું મૂકી, ડોકું પકડીને એ દોડ્યો જાય છે ! એમાં સાધુ મળ્યા, 'બોલો, શું કહેવું છે ? નહિતર આ...' એમ સાધુ પર રોષ કરે છે, ત્યાં સાધુ **'ઉપશમ કર, વિવેક કર, સંવર કર'** એ ત્રણ વચન ઉચ્ચારી આકાશગામી વિદ્યાર્થી આકાશમાં ઊડી ગયા.

બસ, ચિલાતીપુત્રને આ વાક્યશ્રવણ પરથી શ્રુતજ્ઞાન મળ્યું. હવે એણે શું કર્યું ? 'હા સાંભળી લીધું સમજી ગયો' એટલું જ ? ના, એના પર ચિંતન ચલાવ્યું. કેવું ? આવું જ કોઈ,

**ચિલાતીપુત્રનું ચિંતન**

મને ઉપશમ કરવાનું કેમ કહ્યું ? ઉપશમ કરવાનું એટલે શું કરવાનું કહ્યું ? આવા ગગનમાં ઉડી જઈ શકે એવા ઉચ્ચ મહાત્મા આટલું જ બોલી ગયા, તો એમાં કેટલો ગંભીર ભાવ ભર્યો હશે ? એમાં મારા આત્માને હિતકારી શું ભર્યું હશે ?...આવા બધા મુદ્દા પર એ ચિંતનમાં ચડી ગયો.

મેં મહાત્મા પર રોષ કર્યો, 'શું સમજો છો તમારા મનને ? હમણાં મારી નાખીશ ! તો એમાં શું પામ્યો ? હું તો બોલતો રહ્યો ને એ ગગનમાં રવાના થઈ ગયા. રોષ શું કામ લાગ્યો ? શેઠ પર રોષ કર્યો ને અંતે વહાલી કન્યા તો હાથથી ગઈ. રોષ માથે પડ્યો. 'ના, પણ શેઠના પ્રત્યે વૈરની ખાજ ઉતરીને !' ખાજ ઉતારવામાં મળ્યું શું ? ખાલી મનની ઘેલછા-મૂઢતા કે મેં શેઠને ધૂળ ચાટતો કર્યો ! પરંતુ એમાં નક્કર મળ્યું શું ? ઊલટું પ્રેમાળ કન્યા ગુમાવી. મહાત્મા પ્રત્યેનો રોષ અને શેઠ પ્રત્યેનો રોષ બંનેયમાં હું મૂર્ખ ઠર્યો, માટે મહાત્મા ઠીક જ બોલ્યા 'ઉપશમ કર.' અર્થાત્ રોષ જ રોષ શું કરે ? 'ઉપશમ કર.' આ 'કેમ મુનિ ઉપશમ કર બોલ્યા ?' એનું ચિંતન થયું.

હવે ચિલાતીપુત્ર 'ઉપશમ કર' કહ્યું એટલે શું કરવાનું કહ્યું એનું ચિંતન કરે છે,

**(૧) ઉપશમ પર ચિલાતીપુત્રનું ચિંતન :-**

ઉપશમ કર અર્થાત્ ઉપશાંત થા. રોષથી ઊકળતો છે તે રોષને કાઢી નાંખી શાંત થા. આ હાથમાં તલવાર શાની પકડી છે ? ફેંકી દે એને. તલવાર રોષને ભભૂકતો રાખે છે જીવને મારવાનું શસ્ત્ર હાથમાં એટલા માટે જ ધર્યું છે કે મનમાં બેઠું છે કે દુશ્મન સામે આવે તો આનાથી એને મારું-મારીજ નાખું. તો આ દ્વેષભર્યું મનનું વલણ છે. એ કરાવનાર તલવાર છે. એ જો દૂર ફેંકાઈ જાય તો પછી કોઈ રોષ ધમધમે નહિ; હૈયે ઉપશમરસ ભર્યો-ભર્યો રહે.

ચિલાતીપુત્રે ફેંકી દીધી તલવાર, એના હૃદયને અપૂર્વ શાંતતા મળી. શેઠ પરનો રોષ શમી ગયો.

'ચિંતનનો આ પ્રભાવ.

**(૨) વિવેક પર ચિંતન**

હવે ચિલાતીપુત્ર બીજા વાક્યના શ્રવણ પર ચિંતનમાં ચડ્યો. શું બીજું વાક્ય ? 'વિવેક કર' એમાં પણ એ વિચારે છે કે "મહાત્માએ મને વિવેક કરવાનું કહ્યું. 'વિવેક' એટલે વહેંચણ, 'સાર શું, અસાર શું,' એની વહેંચણ; "મારું શું, પર શું,' એની વહેંચણ તો શું, આ કન્યા પરના મોહને લીધે એનું ડોકું ધરી બેઠો છું, એમાં સાર છે ? ના, જરાય નહિ, ડોકું કાંઈ જીવતું નથી કે મારી સાથે પ્રેમથી વાત કરે. આ તો મડદું, એમાં સાર હોય જ શી રીતે ? એક ગમાર માણસ પણ મડદાને સાર ન સમજે, તો હું આ શું સમજી બેઠો છું ? અરે ! આ કન્યા જીવંત હોય તોય એ મારી ક્યાં હતી જ ? એ તો એનાં કર્મ પર રહેનારી-ચાલનારી, અને હું મારાં કર્માનુસાર રહેનારો-ચાલનારો. કર્મ એનાં જુદાં, કર્મ મારા જુદાં. તેથી



તદનુસાર બેયના સ્વતંત્ર રાહ, સ્વતંત્ર જીવન, સ્વતંત્ર આત્મા એમાં એને હું મારી માનું એ કેટલી મોટી મારી મૂર્ખાઈ ? એ મારી નહિ. મારો તો મારો આત્મા અને એના કર્મ, તથા એના જ્ઞાન-દર્શન-ચારિત્ર એ હિસાબે કન્યા તો મારે પણ, પરાયી"

ચિલાતીપુત્રને આમ શ્રવણ પર ચિંતનથી સાર-અસાર પોતાનું-પારકું, એનો વિવેક પ્રગટ થયો, વિવેક જળહળી ઊઠ્યો, અને હાથમાંથી ડોકુ ફગાવી દીધું !

વ્યાખ્યાન સાંભળી જાઓ છો, પણ એના પર જો આવાં ચિંતન ન કરો તો ફળ શી રીતે આવે ?

**દુર્લભ શ્રદ્ધાના યુગમાં ચિંતન ખાસ જરૂરી :-**

**માનવ મનની આ મહાન શક્તિ છે કે એ તારક ચિંતન કરી શકે.** તો શું એ શક્તિ એમ જ ચિંતન વિનાની જવા દેવાની ? યા કચરા-ભૂંસામાં વેડફી નાખવાની ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૫,તા.૧-૧૦-૧૯૭૭**

આજના દુર્લભ શ્રદ્ધાના યુગમાં ચિંતન વિના શાસ્ત્રોની વાતો સાંભળેલી દિલ શી રીતે પકડી લેવાનું હતું ? શ્રદ્ધા આજે કેમ દુર્લભ ? કારણ, દુન્યવી વાતો અને ઇન્દ્રિયોના રસે હૈયામાં એવો કબજો જમાવ્યો છે કે શાસ્ત્રની સાંભળેલી વાતો પર સિલસિલાબંધ શ્રદ્ધા નથી થઈ જતી કે 'અહો ! કેવાં સરસ તત્ત્વ શાસ્ત્રે બતાવ્યા, બસ...આ જ ખરી ચીજ છે' પૂર્વનો કાળ એવો હતો તેથી શાસ્ત્રની વાતો સુંદર તરીકે પકડ્યા પછી એના પર કુતર્ક નહોતા ઊઠતા. ત્યારે સાંભળવા મળે છે કે મોટા માંધાતા શ્રીમંતો થાવચ્ચાપુત્ર, મેઘકુમાર, ધન્નોકુમાર, ગજસુકુમાર વગેરે એક ધર્મદેશના સાંભળીને સંસારમાંથી ઊભા થઈ ગયા ! તે પણ એકલા નહિ થાવચ્ચાપુત્રની સાથે એક હજાર, જમાલિની સાથે પાંચસો, કાર્તિકશેઠની સાથે હજાર, શુકપરિવ્રાજકની સાથે હજાર, શેલકરાજાની સાથે ૫૦૦, આમ લોટબંધ શી રીતે એકેક અગ્રણીની સાથે નીકળી પડ્યા હશે ? કહો, શ્રદ્ધાના બળ ઉપર. શ્રદ્ધા આ, 'આવા મહારથી આટલું બધું છોડી નીકળે છે એ કાંઈ સમજ્યા વિના નહિ, તો આપણેય નીકળો.'

**શ્રી સિદ્ધગિરિ પર પુંડરીક સ્વામી અનશન કરવા ચાલ્યા, તો એમની સાથે ૫ ક્રોડ મુનિ પણ ચાલ્યા !**

દ્રાવિક-વારિખિલ્લ સંસારત્યાગ કરવા તૈયાર થયા, તો એમની સાથે એમના લશ્કરના પાંચ-પાંચ કરોડ સુભટો પણ સંસાર છોડવા ઊભા થઈ ગયા ! છોડ્યો

સંસાર એમની સાથે ! કેટલાયે ? દસ ક્રોડ ! પેલા બંને સિદ્ધગિરિ પર અનશન કરવા તૈયાર થયા, તો આ દસે ય ક્રોડ પણ તૈયાર અનશનમાં !

પાંડવો સાથે વીસ ક્રોડ મુનિઓ સિદ્ધગિરિ ઉપર અનશન કરવા સાથે લાગ્યા !

આ શી રીતે થતું હશે ? શ્રદ્ધાબળ ઉપર.

**શ્રદ્ધાબળને કોણે તોડ્યું ?**

આજે એ શ્રદ્ધાબળ નથી. (૧) છાપા રેડિયો વગેરેની દુન્યવી વાતોએ હૃદયને આવર્જી લીધું છે, એટલે શાસ્ત્રની વાતો સિલસિલાબંધ ગળે ઊતરી જતી નથી, એમ (૨) ધૂમ વધી ગયેલી સગવડોએ ઇન્દ્રિયોને મહેકાવી દઈ સત્ત્વહીન બનાવી દીધી છે. એવી કે એને પોતાના વિષયોમાં ન તણાઈ જવાનું જોમ નથી રહ્યું, ઇન્દ્રિયો લંપટ અને ભુખારવી બની ગઈ છે. હવે એને ત્યાગ, સંયમ વગેરેની શાસ્ત્રવાતો તે એકદમ ગળે ઊતરી જાય ? ઘણાંય નરકાદિગતિનાં દુઃખ બતાવવામાં આવે પણ ભય જ ક્યાં લાગે છે ? કારણ ઉપદેશ પર એવું શ્રદ્ધાબળ નથી.

આમ શ્રદ્ધાબળની ખામી છે એ પરિસ્થિતિમાં કશું જાણ્યા કે સાંભળ્યા પર ચિંતન બહુ જરૂરી છે. દા.ત. જાણવા મળ્યું કે 'અમુક નગરમાં અમુક શ્રીમંતે અગર આધુનિક સુશિક્ષિતે ચારિત્ર લીધું,' હવે જો શ્રદ્ધાબળ હોત તો તરત દિલ ઊછળવા માંડત કે 'વાહ ! આટલું મોટું પરાક્રમ કર્યું ? આટલો વૈરાગ્ય ઊછળ્યો ? ધન્ય આત્મા ! ધન્ય જીવન ! હું અભાગિયો હજી નિસાર સંસારને વળગીને બેઠો છું ? ક્યારે એ ધન્યદિવસ આવે કે હું પણ સર્વત્યાગ કરી ચારિત્ર લઈને આત્માનું સાધી લઉં'

**સંસારને સાધતા રહેવામાં સરવાળે શૂન્ય જોવાનું રહેશે.**

શ્રદ્ધાબળ હોય તો પેલા ચારિત્ર લેનારની અનુમોદના અને જાતની પ્રત્યે ઘૃણા તથા ઉત્તમ મનોરથ જાગે.

પરંતુ જ્યારે આ બધું થવાજોગું શ્રદ્ધાબળ નથી, તો પછી ચિંતન કરવું જરૂરી બને છે. જીવનમાં ચિંતનને એક ખાસ અંગ બનાવ્યું હોય તો આવા પ્રસંગમાં મન વિચારવા માંડે કે 'એ ભાઈ એટલા શ્રીમંત કે એટલું ભણેલા છતાં કેમ બધું જ છોડીને નીકળી ગયા ? 'એ અક્કલ વિનાના' એમ તો ન જ કહી શકાય, કેમકે હજી 'માણસ પૈસા લાવવા માટે સાહસ કે અજુગતો ઉપાય કરે એમાં અક્કલ વિનાનું કામ કર્યું' એમ કહેવાય, પરંતુ જીવને પૈસા વગેરે જે બહુ જ ગમતી વસ્તુ છે એનો એ સર્વેસર્વા ત્યાગ કરી દે એમાં અક્કલ વિનાનું કામ કર્યું એમ કેમ કહેવાય ? ઊલટું એમ કહેવું પડે કે 'ભાઈ ! આટલો બધો ત્યાગ કર્યો ત્યારે એમની એની પાછળ કેટલીબધી ગંભીર વિચારણા હશે !'



**ત્યાગ કરવા પાછળ કઈ ગંભીર વિચારણા ?**

શી વિચારણા ? જો આપણે પણ સહેજ ઠરીને વિચારીએ તો દેખાય છે કે જીવનના અંતે જો આ બધું ઉડી જ જવાનું હોય, જીવને બધું જ છૂટી જવાનું હોય, અને એ જાણવા છતાં જો જાતે નથી જ છોડવું, તો એનો અર્થ એ કે એના પર બહુ જ રાગ છે. મમત્વ છે આવી તીવ્ર રાગદશા મમત્વદશામાં અંતે એ છૂટતાં એના વિયોગનો કેટલો બધો પારાવાર પસ્તાવો થવાનો ? અને તીવ્ર રાગદશાના સંસ્કાર કેવા જૂથબંધ ઊભા થઈ પરભવે પીડવાના ? યાદ રાખવાનું છે,

**જેમ પાપના ઉદય દુઃખ લાવે છે, એમ રાગાદિ પાપનાં ચિંતન પાપ લાવે છે.**

**યોગ્ય ચિંતન ચિત્તની નિર્મળતા કરે છે. અયોગ્ય માર્ગ ચિંતન ચિત્તને મલિન બનાવે છે.**

પ્રસન્નચંદ્ર રાજર્ષિ પહેલાં દૂતનું વચન, 'આ ઢોંગી સાધુએ છોકરો અને રાજ્ય દિવાનના ભરોસે મૂક્યા, તે દિવાન રાજ્ય પચાવી પાડવાની પેરવી કરી રહ્યો છે. છોકરો બિચારો રખડી પડશે,' આ વચન સાંભળવા પર ખોટા ચિંતનમાં ચડ્યા ને મન મેલું કરતા ગયા. ક્યાં સુધી મેલું ? ઠેઠ સાતમી નરકનાં ભાતા બંધાવે ત્યાં સુધીની મલિનતા ઊભી કરી ! માત્ર ખોટા ચિંતન પર ! ચિંતન ખોટું કેમ ? અયોગ્ય માર્ગ ચિંતન ચાલ્યું તેથી ખોટું. સ્વજનમમતા, પરજનદ્વેષ, રાજ્યસંપત્તિનું મૂલ્યાંકન સુણી-સુણાઈ વાત પર વિશ્વાસ, યુદ્ધ-હિંસાના રૌદ્ર પરિણામ...ઇત્યાદિનું ચિંતન હતું એ અયોગ્ય માર્ગે ચિંતન થયું. એ ચિંતનમાં પોતાની સાધુતા ભૂલી ગયા, ચારિત્ર લેતી વખતે પાપવ્યાપારના અને હિંસાદિના ત્રિવિધ ત્રિવિધે ત્યાગની કરેલી પ્રતિજ્ઞા ભૂલ્યા, એ અયોગ્ય માર્ગે ચિંતન થયું. એમાં દ્વેષ ભયંકર જળહળી ઊઠ્યો !

આ હિસાબ છે,

**કોઈના પર અરુચિનો વિચાર કરો એટલે દ્વેષ ભભકી ઊઠવાનો.**

**એમ, જડનું મૂલ્યાંકન કરો-મહત્ત્વ આંકો એટલે રાગ ચમકવાનો. પછી એમાં પોતાનો આત્મા એટલો ભુલાવાનો, આત્માના પવિત્ર ગુણ ભુલાવાના.**

**આત્મહિતના અર્થીએ આત્માને જ મહત્ત્વ દેવાય. જડ વસ્તુને મહત્ત્વ ન અપાય.**

વાત સાચી છે કે આજીવિકા સરખી ચાલતી હોય તો ચિત્તને સમાધિ રહીને ધર્મસાધના સુખે ચાલી શકે. પરંતુ 'મારે રોજી સારી ચાલે છે તો જ ધર્મ સાધના સુખે થાય છે, આટલો પણ વિચાર નહિ કરવો; કેમકે એમાં પૈસાની રોજી આવકને

મહત્ત્વ આપવાનું થવા સંભવ એટલો ય રોજગાર એ પાપ-વ્યાપાર છે, એ ભુલાઈ એની પ્રત્યે ઘૃણા ન રહે. સાંજ પડ્યે પ્રતિક્રમણમાં પહેલે પ્રાણાતિપાત અને પાંચમે પરિગ્રહ બોલતાં આ રોજગારીનાં કાર્યનો એવો પસ્તાવો નહિ થાય. ત્યારે એવું નથી કે 'પાંચમે પરિગ્રહ' પાપના પસ્તાવામાં આજીવિકા પૂરતા પરિગ્રહને બાદ કરીને તે ઉપરના પરિગ્રહપાપનો પસ્તાવો છે. અર્થાત્ ધંધો કરવામાં થતા આરંભ-સમારંભ-પ્રાણાતિપાત અને, તેથી મળતો પરિગ્રહ, એટલું બાદ કરીને માત્ર બાકીના પ્રાણાતિપાત અને બાકીના પરિગ્રહપાપની જ મિચ્છામિ દુક્કડં કરવાનું છે, એવું છે નહિ. એ તો નાના-મોટા તમામ પ્રાણાતિપાત અને પરિગ્રહનો પસ્તાવો કરવાનો છે. એમાં આજીવિકા અંગેનું પણ આવી જાય, ને ચુલા-ઓલા વગેરેમાંની જીવહિંસાનો પણ પસ્તાવો આવી જાય.

આ ક્યારે બને ? દિવસના પણ રોજગારીને મહત્ત્વ ન આપ્યું હોય ત્યારે. એમ કહેતા નહિ,

**ધર્મસાધના કોના બળે ?**

**પ્ર.-** આજીવિકા સરખી ચાલે છે તો ધર્મસાધના બરાબર થાય છે, એ તો હકીકત છે ને ?

**ઉ.-** ના, ધર્મસાધના બરાબર ચાલે છે એ તો દેવાધિદેવના પ્રભાવથી અને ગુરુની કૃપાથી ગુરુના ઉપકારને લીધે. નહિતર તો જગતમાં આજીવિકા સરખી ચાલવાનું તો ઘણાયને છે, છતાં એની પાસે ધર્મસાધના ક્યાં છે ? કેમ નથી ? કારણ કે એણે દેવ-ગુરુની કૃપા ક્યાં મેળવી છે ?

માટે ધોરણ બદલવાનું. આત્મ-હિતને અને આત્માને મહત્ત્વ આપવું હોય તો આ ખૂબ ધ્યાનમાં રાખવાનું કે જડવસ્તુને મહત્ત્વ ન અપાઈ જાય.

શરીર સારું ચાલે છે તો તપ થાય છે, ધર્મ થાય છે, એવું વિચારવા જતાં સારાં શરીરને મહત્ત્વ અપાઈ જવાનો સંભવ છે. ત્યાં એ વિચારવું પડે કે પૂર્વે ધર્મ સારો કરેલો એટલે આ ઉત્તમ ભવનું સારું શરીર મળ્યું. એમાં વળી દેવ-ગુરુની કૃપા મળી તેથી ધર્મ થાય છે, તપ થાય છે. માટે ધર્મ એ જ મુખ્ય વસ્તુ છે. ધર્મ એ જ મહત્ત્વની વસ્તુ છે. આમ ધર્મને જ મહત્ત્વ આપવાથી શરીર કદાચ ઢીલું પડ્યું તો એમાં ઉપવાસ આદિનો તપ ન થઈ શક્યો તો દ્રવ્યસંક્ષેપ અને વિગઈત્યાગ-રસત્યાગનો તપ વધારાશે, તેમજ સશક્ત શરીરથી થઈ શકતા તપ અનુષ્ઠાનાદિધર્મ નરમ શરીરે ન થઈ શક્યા છતાં બીજા દાનાદિધર્મને વધારવાનું થશે. મૂળમાં આત્માને ને ધર્મને મહત્ત્વ અપાવું જોઈએ. બાકી શરીર સારું છે તો તપ થાય છે ધર્મ થાય છે ને **'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'** ગોખીને તો શરીરને જ મહત્ત્વ દેતાં



નરમ શરીરમાં શરીરની જ આળપપાળ વધવાની, એની જ સેવા-સરભરા મન પર આવી જવાની.

યોગ્યમાર્ગ ચિંતન આ માગે છે કે ચિંતનને આત્મહિતને અનુકૂળ બનાવો, આત્મહિતના ખાસ અંગોમાં તથા દેવ-ગુરુની કૃપામાં ઉતારો; ક્યાંય જડ વસ્તુને મહત્ત્વ અપાઈ જાય એવું ચિંતન ન કરો.

**પ્રસન્નચંદ્રનું યોગ્ય-અયોગ્ય માર્ગે ચિંતન :-**

પ્રસન્નચંદ્ર રાજર્ષિ દૂતનાં વચન પર ચિંતનમાં ચડ્યા, પણ અયોગ્ય માર્ગે ચડ્યા, સ્વજન પુત્રને અને રાજ્યને મહત્ત્વ આપ્યું, તો પરિણામ ? કષાય ભભૂકી ઊઠ્યો, વધતો ગયો, ને ઠેઠ સાતમી નરકનાં કર્મ બાંધવા સુધી પહોંચી ગયા ! પરંતુ પછી જ્યાં ચિંતનનો વળાંક લીધો, ચિંતન હવે યોગ્ય માર્ગે ચાલ્યું, હમણાં સુધી કરેલા લડાઈના ભયંકર વિચારનાં દુષ્કૃત્ય પર પશ્ચાત્તાપનું ચિંતન શરૂ થઈ ગયું. ને એમાં તો આત્મા પરના સઘળા રાગાદિ દોષોના પશ્ચાત્તાપનું ચિંતન ચાલ્યું ! એ ચિંતન કરતાં-કરતાં સઘળા દોષોને વોસિરાવવાના ચિંતનમાં ચડ્યા, દોષો કરાવનારી કાયા સુદ્ધાં બધીજ પરવસ્તુને વોસિરાવવાનું અને શરીર સાથેના આત્માના ભેદનું આત્મસાત્ કરવાનું ચિંતન,...એમ કરતાં-કરતાં અનાસક્તભાવનું ચિંતન ચાલ્યું, અને એમાં અનાસક્ત યોગ પર ચડીને વીતરાગ બન્યા ! કેવળ જ્ઞાન પામ્યા ! ચિંતનનો કેટલો ગજબ પ્રભાવ !

પેલો ચિલાતીપુત્ર ઉપશમ અને વિવેક એ મુનિના બે વચન પર ચિંતન કરતાં તલવાર અને ડોકું ફગાવી દીધાં. હવે ત્રીજા પદ 'સંવર' પર ચિંતનમાં ચડ્યો.

મુનિએ શું કહ્યું ? "સંવર,' 'સંકેલી લે' શું ? મનની વૃત્તિઓ, જે સંસારના હિંસાદિ પાપો પર પાથરીને બેઠો છું, ઇન્દ્રિયોના વિષયો પર પાથરી બેઠો છું, કષાયો માટે જે મનોવૃત્તિને છૂટી મૂકી દીધી છે, એને એ બધા પરથી સંકેલી લે ઉઠાવી લે. આ મનોવૃત્તિને સંકેલી લેવાનું એ હિંસાદિના ત્રિવિધ-ત્રિવિધે ત્યાગનાં પ્રતિજ્ઞા કરવાથી આવે. કેમકે ભલે વર્તમાન ક્ષણે હિંસા-જૂઠ વગેરે પાપ ન આચરતા હોઈએ; ભલે વિષયોમાં ઇન્દ્રિયો વર્તમાન ક્ષણે ન લઈ જતા હોઈએ; કે હાલના સમયે કોઈના પર ક્રોધ ન કરતા હોઈએ, પરંતુ જ્યાં સુધી એના ત્યાગની પ્રતિજ્ઞા નથી કરતા ત્યાં સુધી મનોવૃત્તિ એની સાથે સંકળાયેલી છે, ત્યાં ન જવા માટે મનોવૃત્તિ પર અંકુશ કે પ્રતિબંધ નથી કે એ પેલામાં ન જાય મનને છૂટ છે, એને ગમતું મળે ત્યાં એ દોડવાનું. અત્યાર સુધી શું કર્યું છે ? મિંયા મસાલા વિના ભલે ઊભા રહ્યા, પરંતુ સાધન સામે આવ્યા પછી મન શું હિંસામાં, શું રૂપમાં, કે શું ક્રોધમાં, દોડતું જ છે.

જો પ્રતિજ્ઞા નથી કે મારે આ પાપ હવે ત્યાજ્ય, આ પાપનો ત્યાગ જ છે,' જો આવો ત્યાગનો નિયમ નથી, તો મોકો આવતાં કદાચ એમ લાગશે કે 'આ પાપ કરવા જેવું તો નથી,' પરંતુ એમ નહિ લાગે કે 'મારે આ નહિ જ કરવાનું, કેમકે મારે પ્રતિજ્ઞા છે' ઊલટું એમ લાગશે કે 'મારે ક્યાં પ્રતિજ્ઞા છે ? તો કરી લેવા દે' નહિ લાગે ? જો પ્રતિજ્ઞા હોય તો મનને લાગે કે 'મારે નિયમ છે, આ,' નહિ જ કરવાનું. પ્રતિજ્ઞાનો મન પર આ ભાર રહે છે. પ્રતિજ્ઞાથી મનોવૃત્તિનો સંકોચ થાય છે, એને સંકોરી લેવાનું અર્થાત્ સંવર કરવાનું થાય છે.

ચિલાતીુત્ર આ વિચારી રહ્યો છે 'મહાત્મા શું કહી ગયા ? સંવર કર, સંકોરી લે, મનોવૃત્તિનો પથારો પાથરી મૂક્યો છે. હિંસાદિ પાપો પર, સંસારના વિષયો પર, યાવત્ કાયાની માયા પર, અને કષાયો પર, તે સંકોરી લે-તો હવે મારે એ બધાનો ત્યાગ, આ કાયાની ય સુખ-શીલતાનો ત્યાગ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૨૬,અંક-૬,તા.૮-૧૦-૧૯૭૭**

ભલે આ કાયા પર હવે શેઠ ને એના છોકરા આવીને પ્રહારે પ્રહાર કરે, મારે-કૂટે, મારે આ કાયા સાથે શી નિસ્બત્ ? આ કાયાએ ચોરી, ખૂન વગેરે ઘોર પાપ કર્યા છે, તો આ કાયા પર પણ હવે રાગ રાખવા જેવો નથી. બધું જ મારે વોસિરે, વોસિરે.'

## ૩ ભાવનાજ્ઞાન

શું આ ? ચિંતનનો પ્રભાવ કે મુનિએ ત્રણ શબ્દ આપ્યા એનું ચિલાતીપુત્રને શ્રુતજ્ઞાન થવા ઉપર ચિંતન કરતાં-કરતાં એ ઉપશમ-વિવેક-સંવર પદાર્થને નિશ્ચિત્ત કરી આત્માને એનાથી રંગી દીધો, ભાવિત કરી દીધો અર્થાત્ ચિંતાજ્ઞાન ઉપર ભાવનાજ્ઞાનની કક્ષાએ પહોંચી ગયા, અને સંવર અપનાવી લઈ બાહ્ય જગત અને પોતાની કાયા પરથી મનોવૃત્તિ સંકોચી લીધી, સંવરી લીધી, સંકોરી લીધી, સર્વ પાપોનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ કરીને ત્યાંજ કાયોત્સર્ગધ્યાને ઊભા રહી ગયા. અતિ અધમ આત્મા ચિલાતીપુત્ર, મહાત્મા ચિલાતીપુત્ર બની ગયા.

હવે જુઓ મહાત્મા ચિલાતીપુત્રે ઉપશમ-વિવેક-સંવર ત્રણેયથી ભાવનાજ્ઞાન દ્વારા પોતાના આત્માને કેવો ભાવિત કર્યો છે કે

**આત્મા એ જ ઉપશમ અને ઉપશમ એ જ આત્મા,**
**વિવેક એ જ આત્મા અને આત્મા એ જ વિવેક,**
**સંવર એ જ આત્મા અને આત્મા એ જ સંવર.**



આ સ્થિતિ થઈ, તે ત્યાં પહેલાં હાથમાં રહેલ છોકરીના લોહીના રેલા પડેલા છે, એની ગંધથી કીડીઓ છૂટી, શરીર પર ચડીને પહેલાં એ લોહી અને પછી શરીરને ખાવા માંડી ! તે ખાતાં-ખાતાં ચામડી કોચીને અંદર પેસી માંસ કોચવા માંડે છે અને એ કોચતી-કોચતી અંદરમાં આરપાર ઠેઠ બીજી બાજુ બહાર નીકળે છે !

આવી એક કીડી નહિ, સેંકડો હજારો કીડીઓ ! શરીરની આ બાજુથી પેઠી ને અંદરમાં કોચતી-કોચતી આરપાર ઠેઠ બીજી બાજુ નીકળે છે ! કેટલી જાલિમ પીડા ? આપણને એક કીડી તેય આરપાર નહિ, માત્ર હજી તો બહાર ચામડી પર ચોંટી પડી હોય અને ચટકો ભરતી હોય, તો ય સહવું મુશ્કેલ પડી જાય છે, તે એને છૂટી કરવા-હટાવવા બીજા બધાં કામ પડતા મૂકીને મથાય છે ! ત્યારે અહીં સેંકડો-હજારો કીડીઓ ઠેઠ આરપાર શરીરને કોચતી ચાલે છતાં એને હટાવવાની વાત નથી ! અરે ! હટાવવાનો વિચાર સરખો નથી ! તેથી તો તે જગાએથી ખસી જવાની પણ વાત નથી ! ત્યારે કેટલી અતિ ભયંકર વેદના ! અને કેવું એને સહવાનું કહેશો ?

**પ્ર.-** કીડીઓએ શરીર ચાલણી જેવું કરી નાખ્યું છે, હજી મહાત્માને મૃત્યુ નથી આવ્યું મહાત્મા જીવત છે, તો એટલી બધી અતિભયંકર વેદના શી રીતે સહન કરી શક્યા ?

ઉ.- કહો, ઉપશમ-વિવેક-સંવરના શ્રુતજ્ઞાન-ચિંતાજ્ઞાન ઉપરના ભાવનાજ્ઞાનથી આત્માને ભાવિત કર્યો છે, તે એ ઉપશમાદિને આત્માના પોતાના કરી લીધા; આત્મા સાથે એની એકમેકતા કરી દીધી છે, આત્મા સાથે એનો અભેદભાવ ઊભો કરી દીધો છે, એનો એ પ્રતાપ છે કે બિલકુલ સ્વસ્થતાથી એ જાલિમ વેદના સહી લે છે; એમાં, **ઉપશમભાવ આત્મસાત્ કરી દીધો છે; તેથી કીડી પર ગુસ્સો-દ્વેષ-અરુચિ, કે કાયાની સુખાકારિતા પર રાગ, અને વેદના પર ખેદ, વગેરે કશું કરવાનું નથી,** બસ, ઉપશમ એટલે ઉપશમ; **ન કોઈ રાગ, ન કોઈ દ્વેષ,** ન કોઈ રતિ-હરખ ન કોઈ અરતિ-ઉદ્વેગ. આત્મા એ બધી મલિન લાગણીઓથી-તરંગોથી-ઉકળાટથી તદ્દન રહિત પ્રશાંત મહાસાગર જેવો શાંત-સ્વસ્થ-શીતળ !

**વિવેક આત્મસાત્ કર્યો છે.**

**(૧) પહેલો વિવેક આ કાર્યો કે કાયા પોતાની આત્માથી તદ્દન જ ભિન્ન** પરાયી મહાદુર્જન પાડોશી જેવી લાગે છે. મહાદુર્જન પાડોશીની પોતાની અવળચંડાઈથી એનું ઘર સળગતું હોય એમાં બાજુવાળો શું કામ લોહી બાળે ? એમ અહીં પણ મહાદુર્જન કાયા-પાડોશીનું બગડતું જોઈ કાયાની બાજુવાળો આત્મા

શું કામ રોવા બેસે ? મહાત્મા ચિલાતીપુત્રે આ વિવેકને ઝગમગતો રાખ્યો છે કે જે કરડાય છે ચામડી વગેરે તે પરાયી કાયાનું છે, ને જે મારું છે તે કરડાતું નથી. મારો છે ઉપશમ અને સંવર એ કાંઈ કીડીઓથી કરડાતો નથી. તો કાયાની કોચાતી સ્થિતિ અને વેદનામાં હું શું કામ ખોટ માનું ? મહાત્માએ આ વિવેક કર્યો, કાયા અને આત્માના ખાતા જ જુદા પાડી નાંખ્યા.

**(૨) પૂર્વના અનંતા જન્મોમાં આત્માએ કાયાથી જીભડીના ખાનપાનના રાગે અનંતા જીવોને જીવતા ને જીવતા કરડી ખાધા છે, તો હવે એની સજારૂપે ભલે આ એક કાયા કીડીઓથી કરડાઈ જાય.**

કોઈની પાસેથી પૈસા લેવામાં શૂરવીર હોય અને પાછા દેવામાં કાયર હોય એ અવિવેકી છે. એમ કાયાથી બીજાને મારવામાં શૂરવીર હોય અને જાતે એના વળતરમાં માર ખાવામાં કાયર હોય એ અવિવેકી છે. કોઈનું ખાઈ જાણે એમ બીજાને ખવરાવી જાણે એ વિવેક કહેવાય. એવી રીતે કોઈને મારી જાણે, એમ માર ખાઈ જાણે, એ વિવેક કહેવાય.

(૩) ત્રીજો વિવેક આ, કે

**નાશવંત અને પર એવી કાયાથી અવિનાશી ને પોતાના આત્માની મહા કલ્યાણસંપત્તિ અને ભારે ઉન્નતિ કમાઈ લેવા મળતી હોય તો કમાઈ લેવી. જો આ ન આવડે અને 'અવિનાશી પોતાના જ આત્માનું ગમે તે નિકંદન નીકળો પણ કાયાને હુલાવો મહલાવો,' એ રીતિ રખાય તો એ નર્યો અવિવેક છે.** મહાત્મા ચિલાતીપુત્ર આ જોઈ રહ્યા છે કે નાશવંત કાયા કરડાઈ કરડાઈને અને જાલિમ વેદના ભોગવી ભોગવીને, અવિનાશી મારા આત્મા પરથી જાલિમ કર્મો કપાઈ કપાઈને નષ્ટ થઈ રહ્યા છે, અને ઉપરાંત આત્માનું મહાસત્ત્વ-ક્ષમા-સમતા વગેરે સોનેરી ગુણોની અક્ષયસંપત્તિ વિકસી રહી છે. **આમે ય કાયા એક દિ' જવાની તો છે જ, પણ અત્યારે જઈને આ મહા ગજબનો અને કાયમી લાભ મળતો હોય તો શા માટે જતો કરવો ?** મામૂલી ખોટથી ઘણો લાભ મળતો લઈ લેવાય એ વિવેક. શું, મહાવિવેક છે. ત્યાં વિચાર કરવા બેસે ને લાભ ગુમાવે એ અવિવેક છે.

**મામૂલી ખોટ ન વેઠતા વાણિયાની મૂર્ખાઈ :-**

વાણિયો ઝવેરાત લઈને ગાડામાં બેસી જંગલના રસ્તે પોતાના ગામ જઈ રહ્યો હતો. લાખો રૂપિયા ખરચીને ઝવેરાત લીધેલું, એમાં ૬૦૦ રૂપિયા વધેલા તેની પોટલી બાંધી ગાડાની નીચે લટકાવેલી.

હવે જુઓ મામૂલી ખોટનો વિચાર કરવા જતાં વાણિયો મહાલાભ કેવો ગુમાવે છે ! ગાડું ચાલી રહ્યું છે, છસો રૂપિયાના ભારથી જીર્ણ જેવું પોટલીનું કપડું



નીચેથી જરા ચિરાયું. એમાંથી એકેક રૂપિયો નીચે પડતો ગયો; ને એમ કરતાં જ્યાં જંગલના રસ્તે જરા પોરો ખાવા બેઠા ત્યાં વાણિયો ગાડા નીચે જોવા જાય છે કે રૂપિયાની પોટલી તો સલામત છે ને ? ત્યાં તો પોટલીનું ખાલી કપડું જ દેખ્યું. વાણિયો ચોંકી ઊઠ્યો ! 'અરે ! આ શો જાદુ કે મારા હાથે જ રૂપિયાની પોટલી બાંધીને લટકાવેલી ને રૂપિયા જ દેખાતા નથી ?'

ત્યારે ચાલેલા રસ્તા પર નજર નાખે છે તો થોડે થોડે અંતરે ૧-૧ રૂપિયો પડેલો દેખાયો. લાગ્યું કે 'આ કાણામાંથી ધીમે-ધીમે કરીને રૂપિયા બધા ભોંય-ભેગા થયા ! હાય, રૂપિયા ગયા ?'

ગાડાવાળાને કહે 'હાય ! આ તો રૂપિયા છસો પડી ગયા ! હું કેવો મૂરખ કે આટલા બધા કિંમતી રૂપિયા જેવી ચીજ આવા જીર્ણ કપડામાં બાંધ્યા ! ને ઘરવાળી ય કેવી અબૂઝ તે એને એક સારું કપડું આપવા ન મળ્યું ? ભાન નહિ કે આ કેટલી બધી કિંમતી ચીજ માટે જોઈએ છે ?...'

ગાડાવાળો કહે 'શેઠ ! આ તો જંગલ છે, હવે અત્યારે સંતાપ કરતા બેસીને શું કરશો ? રસ્તો ભય ભરેલો છે, ઘણો રસ્તો તો ગાડું ઝડપથી ચલાવીને કાપી નાખ્યો છે. હવે થોડો જ રસ્તો બાકી છે તો ઝટપટ એ કાપી નાખી જલ્દી ગામભેગા થઈ જઈએ. એટલે લાખો રૂપિયાની કિંમતનું ઝવેરાત તો સલામત રહે.'

શેઠ કહે 'ભઈલા ! એમ કાંઈ રૂપિયા જતા કરાય ?'

'તે તમે શું કરશો ?'

શું શું ? તું અહીં થોભ, અને હું આવ્યા એ રસ્તે જઈને રૂપિયા ઝટ ભેગા કરી લઈ આવું છું. હજી કોઈ આ રસ્તે આવતું લાગતું નથી, તેથી રસ્તા પર રૂપિયા એમ જ પડેલા હશે. ફિકર નથી રૂપિયા બધા મળી જશે. આ જોને હમણાં જ આવ્યો સમજ.'

ગાડાવાળો કહે 'શેઠ મારા ! રૂપિયા મળી જાય એમ છે તેથી ફિકર નથી એમ કહો છો, પણ જંગલમાં કદાચ ઝવેરાત લુંટાઈ જાય એ મોટી ફિકર નથી શું ?

'અરે ભાઈ ! એટલામાં ક્યાં લૂંટારા આવી જાય એમ છે ?'

પેલો કહે 'પણ તમે આ જોખમનો તો વિચાર કરો, અને આ તો જંગલ કહેવાય, એમાં શો ભરોસો કે લૂંટારા ક્યારે ન આવે ?' પરંતુ શેઠને નજર સામે એ કિંમતી માનેલું જતું રહેતું કેમ ખમાય ?' ઝવેરાત તો આપની પાસે છે જ. એ ક્યાં એમ જતું રહે છે ?' એવી ગણતરી વાણિયાની છે.

ત્યારે સંસારમાં જીવની કઈ દશા છે ? આવી જ ને ? નજર સામે રહેલા ખાનપાન વિષયો વગેરેનાં સુખ ન ભોગવીએ તો જતા રહેતા દેખાય છે ને ?

આયુષ્ય પૂર્વનું પુણ્ય અને આરાધનાની તક તો હાથમાં છે જ એ ક્યાં જતા રહેવાના છે ? નજર સામેના આ વિષયસુખ જતા રહેતા દેખાય છે. એ કેમ જતાં કરાય ? જીવને આવું લાગે એટલે ભૂલો પડે છે. પણ એને ખબર નથી કે પેલા વાણિયાની જેમ મૂરખ બનવાનું અને પોકે-પોકે રોવાનું આવશે.

**તત્કાળ સુખની શી કિંમત છે જો ભાવી હિત જોખમમાં મુકાઈ જાય છે ?**

**વાણિયો રૂપિયો વીણવા : લૂંટારા ઝવેરાત પર**

આ વાણિયો ન માન્યો, રૂપિયા ભેગા કરવા ચાલ્યો. એકેક રૂપિયો જમીન પરથી ઉઠાવતા ચાલવાનું એટલે વાર તો લાગે ને ? એટલામાં અહીં ચાર લૂંટારા આવ્યા ગાડાવાળો ગભરાયો, છતાં હિંમત રાખીને કહે, એ ય કોણ છે ?'

પેલા કહે 'કોણનું તારે શું કામ છે ? આઘો ઊભો રહી જા. અમને માલ હોય તે લઈ લેવા દે.'

ગાડાવાળો જુએ છે કે 'આ ચોર લાગે છે' તેથી પડકારવા જોઈશે, એટલે લઈ લાકડાનું આડું ને ઊભો થઈ ગયો. કહે છે 'ખબરદાર ! જો અહીં આવ્યા છો તો ? જાઓ સીધા રસ્તે ચાલ્યા જાઓ.'

આ એક હતો, પેલા ચાર હતા. જ્યાં આગળ વધતા એક લૂંટારાના માથે લાકડું ઠોકવા જાય છે ત્યાં બીજાએ એના પગમાં જોસથી લાકડી ઠોકી પાડ્યો નીચે, અને ચારે જણાએ ભેગા થઈ એને પકડી ઝાડના થડ સાથે બાંધી દીધો.

બસ, ગાડાને ફેંદી નાખ્યું, ઝવેરાતની પોટલી હાથ લાગી, તે ઊઠાવી ચાલતા થઈ ગયા. ગાડાવાળો હાથે પગે અને શરીરે થડ સાથે બંધાયો ઊભો છે. પેલા લઈ ગયા એ નજરે જોતો હતો, તેમાં હૈયું કેટલું બળતું હશે ? બોલો,

**મોહકુટુંબ તમારું પુણ્યધન અને ધર્મસમય લૂંટી રહ્યા છે, તમને બળતરા થાય છે ?**

'શેઠ બધા રૂપિયા ભેગા કરી હરખાતો હરખાતો 'હાશ ! રૂપિયા બધા મળી ગયા !' એમ નિરાંત વાળતો પાછો આવીને જ્યાં જુએ છે કે ગાડાવાલો બંધાયેલો ઊભો છે, ત્યાં જ ફાળ પડી 'હાય ! આ શું ?'

ગાડાવાળો કહે 'હવે આ શું પૂછો છો ? લૂંટારા આવ્યા મેં સામનો કર્યો તો મને લાકડી ઠોકી પાડ્યો હેઠો પકડી બાંધીને ઝવેરાત ઉપાડી ગયા.'

વાણિયાને આ સાંભળતાં જ હોશકોશ ઉડી ગયા હેં ? એવો ચિત્કાર નીકળી પડ્યો. ગાડાવાળાના બંધન છોડી પોક મૂકે છે 'હાય રે ભગવાન ! મરી ગયો રે ! ઓય રે મા ! આ ક્યાં હું તુચ્છ ૫૦૦-૬૦૦ રૂપિયાના લોભમાં પડ્યો, અને ક્યાં આ લાખોનું ઝવેરાત ગુમાવ્યું ! ઓય ઓય ! હવે હું ક્યાં જાઉં ? ઓ મારા બાપ રે ! મરી ગયો રે !...'



ગાડાવાળો સમજાવે છે, શેઠ ! હવે રોઈને શું કરશો ? એથી માલ થોડો જ પાછો આવવાનો હતો ? મેં તો તમને પહેલેથી કરગરી કરગરીને કહ્યું હતું રહેવા દો રૂપિયા, અહીંથી ઝટપટ ચાલ્યા જઈએ. ચાલ્યા હોત તો ગામભેગા હેમખેમ થઈ ગયા હોત.

ભાઈ તેં તો કહેલું, પણ મારો જીવ કેવો મૂઢ કે એને ગણ્યું નહિ. હાય હાય ! મારે તો આખી મિલકત ગઈ ! ઓ મારા ભગવાન રે ! વાણિયો બૂમ મારતો 'મરી ગયો રે બાપલા !' કહી માથું કૂટે છે, પણ હવે શું વળે એવું હતું !

બોલો, લાખો રૂપિયાના ઝવેરાત સામે ૫૦૦-૬૦૦ રૂપિયા તુચ્છ ચીજ હતી, પણ એના લોભમાં મતા-માલ કેવો ગુમાવ્યો ? અને ગુમાવ્યો તો કેવાં રુદન આક્રંદ અને શોક-સંતાપથી જિંદગીભર માટે હોળી સળગી !

સેંકડો ખાતર લાખોને જોખમમાં મૂકવા એ વિવેક કે અવિવેક ? કે લાખોની રક્ષા ખાતર સેંકડો જતા કરવા એ વિવેક ? તો પછી

**પરલોકની દીર્ઘકાળની સલામતી ખાતર અહીંના તુચ્છ વિષયસુખો જતા કરવાનો વિવેક આવડે ?**

**કીડીઓથી વિંધામણ એ તુચ્છ ખોટા અને ભાવી ઉચ્ચતર સદ્ગતિ ને આત્મદશા એ મહાલાભ :-**

ચિલાતીપુત્રે આ વિવેક કર્યો અહીંની કીડીઓથી વિંધાવાની પણ પીડા એ અનુપમ આત્મહિત લાભની અપેક્ષાએ તુચ્છ ખોટ છે, અને ઠેઠ મોક્ષ સુધી ચડાવે એવી ઉચ્ચ સદ્ગતિઓ અને ઉચ્ચ-ઉચ્ચતર આત્મદશા એ જબરદસ્ત મોટો લાભ છે.

શ્રુતચિંતા અને ભાવનાજ્ઞાનનો આ પ્રભાવ હતો કે ચિલાતીપુત્ર ઉપશમ-વિવેક-સંવરના જ્ઞાનથી આત્માને એવો ભાવિત કરનારા બન્યા કે એમની નજર સામે હવે ઉપશમ-સંવરમય પોતાના આત્માનું એટલું બધું મહત્ત્વ દેખાય છે કે એની આગળ સુખાકારી શરીરનું કશું મહત્ત્વ નથી દેખાતું. પેલાની પછી કાયા ચાળણી જેવી કરી નાખે એવા હજારો કીડીઓના તિક્ષ્ણદંશ લાગીને કાયાની સુખકારિતા જાય એની શું કામ ચિંતા કરે ? દુઃખ કરે ? ઉપશમ અને સંવરથી ભાવિત-પ્રભાવિત-વાસિત થઈ ગયો એટલે એમાં પોતાની એવી જાહોજલાલી દેખાઈ કે, 'ત્યાં કાયા પર રાગ અને ચટકા ભરનારી હજારો કીડીઓ દ્વેષમાં તથા એથી ઊભી થયેલી અસહ્ય વેદના પર હાયવોયમાં પોતાની ભયંકર બરબાદી દેખાઈ એમ કાયા વગેરે પરપદાર્થોમાં જતા મનમાં પોતાની ભારે બરબાદી દેખાઈ અને એના બદલે મનને સાંવરી લઈને, સંકોરી લઈને, આત્માના નિર્મળ સ્વરૂપમાં ચિંટકાવી

દેવામાં જબરદસ્ત જાહોજલાલી દેખાઈ.' આમ ઉપશમ-સંવરની જાહોજલાલી પર મુગ્ધ મુસ્તાક બનેલા મહાત્મા ચિલાતીપુત્ર શરીરની અસહ્ય પણ પીડાને વિસાતમાં ગણતાં નથી !

ભગવાનની વાણી સાંભળો કે શાસ્ત્ર વાંચો, ને એને સમજો પછી પૂર્ણવિરામ ન કરો; એના પર ચિંતન મનન કરો, અને એ જિનવાણીના શાસ્ત્રના તત્ત્વને નિશ્ચિત ખૂબ નિશ્ચિત કરી લઈ પછી એનાથી આત્માને ભાવિત-પ્રભાવિત-વાસિત કરો, એ ભાવનાજ્ઞાન છે. ભાવનાજ્ઞાનથી આત્મામાં એ તત્ત્વની ભારે લગન ઊભી કરો કે એમાં જ ભારે જાહોજલાલી લાગે અને એથી વિપરીત તત્ત્વમાં ભારોભાર બરબાદી દેખાય તો પછી એનો મોહ ઉતરી જાય.

**જગડુશા શેમાં જાહોજલાલી જુવે છે ?**

જુઓ જગડુશાને મહાત્માએ કહ્યું 'મહાનુભાવ ! તમારે હવે કમાવવાની તક આવે છે. ત્રણ વરસનો સતત દુકાળ પડવાનો છે.' દુકાળ આવે છે એમાં કમાવવાની તક શી રીતે ? એ રીતે કે આજથી સાવધાન બની ધાન્ય સંગ્રહી લેવાય તો દુકાળમાં લખલૂટ કમાણી.

જગડુશાએ આ સાંભળ્યું. સમજી ગયા, અત્યારથી સાવધાન બનવાનું. એટલે આ જ કે અહીં કે બહાર જેટલું અનાજ મળે એટલું ખરીદી લેવાનું, ને સંગ્રહી રાખવાનું જેથી પછી દુકાળ પડતાં ઉપયોગી થાય. આ સાંભળીને સમજ્યા એ શ્રુતજ્ઞાન થયું. હવે એના પર ચિંતાજ્ઞાન ચિંતન કરે છે...

કેવું ચિંતન ? આવું કાંક, બહુ ઉપયોગી એટલે દુકાળમાં એને વેચતા ભારે ધનકમાઈ થાય. અથવા (૨) એનું દાન કરતાં ભારે સુકૃતકમાઈ-પુણ્યકમાઈ થાય, પરંતુ

**ધનકમાઈમાં ગુમાવવાનું ઘણું અને સુકૃત કમાઈમાં કમાવવાનું ઘણું.**

**ધનકમાઈમાં શું શું ગુમાવવાનું ?**

(૧) ધનકમાઈ કરતાં એટલું પૂર્વની પુણ્યની મુડી ગુમાવવાની થાય. કેમકે પુણ્ય વટાવીને જ ધન મળે. ને પુણ્ય ઉદયમાં આવીને પછી સિલિકમાં ન રહે, પણ રવાના થાય

(૨) અહીં અનાજ પૂર્વભવના સુકૃતના પ્રતાપે મળ્યું, હવે એને સુકૃતમાં ન દેતા વેચવા કાઢતાં પૂર્વના સુકૃતને અને સુકૃત કરાવનાર દેવ-ગુરુ-ધર્મને છેહ દેવા જેવું થાય, કૃતજ્ઞતા ગુમાવાય.

(૩) ધનકમાઈ કરવા જતા પાપી પરિગ્રહસંજ્ઞા પોષાય, અનાજનું દાન કરી દાનસંજ્ઞા-ત્યાગસંજ્ઞા કમાવાની મળત તો ગુમાવાય.



(૪) ધન કમાવા જતાં સુકૃત કમાવાનું ગુમાવવું પડે.

(૫) અનાજ વેચીને ધન-કમાઈ કરવા જતાં એ એનાજ ભૂખ્યે મરતાને દેવાથી જે જીવદયા થાય તે દયા ગુમાવવાનું થાય.

(૬) ધનકમાઈના લોભમાં પડવાથી દયા-દાનનો લોકમાં નિર્મળ યશ ગુમાવવાનું થાય, યશ ભલે ન મળો, પણ ? ના, આ નિર્મળ યશથી તો, લોક યા સ્નેહીવર્ગ પર જે છાયા પડે એથી તો પછી એમને હિતશિક્ષા ઉપદેશ આપીને ધર્મમાં જોડવાનું બની શકે તેથી.

(૭) ધનકમાઈના લોભમાં બીજાને ધર્મમાં જોડવાનો મહાન ઉપકાર ગુમાવવાનું થાય.

(૮) છેલ્લે, ધન-કમાઈમાં આત્માને ધન પાસે આવવાથી કેટલાય દુર્ગુણો-દુષ્કૃત્યો સુલભ થવાથી સદ્ગુણો-ગુમાવવાનું ને સદ્ગતિ ગુમાવવાનું થાય છે અને દુર્ગતિભ્રમણ ઊભું કરવાનું થાય ત્યારે, હવે એ જુઓ કે

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૭,તા.૧૫-૧૦-૧૯૭૭**

**સુકૃતકમાઈમાં કેટકેટલું કમાવાનું થાય ?**

(૧) દાન સુકૃત કરવામાં એના બદલે અનાજ વેચીને જેટલું ધન કમાત, એના કરતાં કંઈગુણું ધન આપે એવી પુણ્યાઈ કમાવાનું થાય. સાથે બીજી પણ કેટલીય પુણ્યાઈની કમાણીની થાય.

(૨) દાન સુકૃત કરવાથી વૈરાગ્ય, ધર્મપ્રેમ, તથા દાનના સુસંસ્કાર કમાવાનું થાય.

(૩) દાનસુકૃત જીવો પર ભારોભાર દયા કમાવાની મળે. દયાના સુસંસ્કાર કમાવાના મળે.

(૪) દાનસુકૃતથી સક્રિય જિનાજ્ઞા-પ્રીતિ અને જિનાજ્ઞા...મહાકમાઈ થાય.

(૫) દાનસુકૃતથી નિર્મળ યશ અને એની રૂએ બીજાઓ પર છાયા પડવાથી એમને ધર્મમાં જોડવાની મહાન કમાઈ થાય.

(૬) દાનસુકૃત કરવાની અધમ સ્વાર્થવૃત્તિ કાપવાનું અને પરોપકાર વૃત્તિ ઘડવાનું મળે.

આ ખાસ સમજવાનું છે કે

**સારી-નરસી વૃત્તિઓ સારી-નરસી પ્રવૃત્તિથી ઘડાય છે.**

મોઢે હલકા ને તોછડા બોલ બોલતા રહ્યાથી તો હૈયાની વૃત્તિ ક્ષુદ્ર અને તોછડી ઘડાવાની.

આખો દિવસ કાંઈ ને કાંઈ ખાતો ને ચાવતો રહે તો વૃત્તિ ખાવાની લગનની ઘડાવાની. પછી એને જો તપ કરવાનું કોઈ કહે તો હૈયે દુઃખ લાગવાનું. ત્યાગ-તપની મનોવૃત્તિ જ નહિ. તેથી પછી પર્વતિથિ હિસાબમાં નહિ રહે, તપધર્મકમાઈની ગરજ જ નહિ રહે. મન કહેશે 'ભલે તપ ન કમાયા તો ચાલશે.' ખાવાની બહુ પ્રવૃત્તિથી વૃત્તિ જ એવી ઘડાયે જાય છે.

બીડી વગેરે વ્યસનમાં શું થાય છે ? પહેલાં સહેજ સહેજથી શરૂ કરવાની પ્રવૃત્તિ કરે છે ને બેચાર દિવસે એની લગન લાગવા માંડે છે પછી એ વ્યસનની પ્રવૃત્તિ વધતી જાય છે તેમ તેમ એની વૃત્તિ-લગની વધતી જાય છે. પ્રવૃત્તિ વૃત્તિને પોષતી જાય છે.

નાના છોકરાને શું છે ? પહેલાં નિશાળે જવાની વૃત્તિ નથી હોતી, પરંતુ પછી પરાણે પણ માબાપ એની પ્રવૃત્તિ કરાવે છે, સમજાવી-ફોસલાવી નિશાળે જતો કરે છે એટલે છોકરાના અંતરમાં એની વૃત્તિ ઊભી થઈ જાય છે; તે એવી કે પહેલાં ખવરાવી પીવરાવીને પણ નિશાળે મોકલવામાં મુશ્કેલી પડતી હતી, તે હવે જો રસોઈનું મોડું થયું હોય તો ખાધા વિના જ નિશાળે દોડે છે, એને કહો 'અરે ! ભુખ્યો ભુખ્યો ક્યાં જાય ?' તો કહે છે, 'મારે નિશાળમાં મોડું પડાય, હું પછી રીસેસમાં આવીને ખાઈ લઈશ.' નિશાળની વૃત્તિ કેવી જામી ? શેના પર ? નિશાળે જવાની પ્રવૃત્તિ કરવા પર.

આ સૂચવે છે કે સારી કે નરસી પ્રવૃત્તિ કરતાં-કરતાં તેવી વૃત્તિ ઊભી થાય છે, વૃત્તિ ઊભી થાય છે, વૃત્તિ ઘડાય છે, વૃત્તિ જોર પકડે છે. આ ઉપરથી ધ્યાનમાં રાખી લેવાનું કે,

**ખરાબ મનોવૃત્તિ ન બનાવવી હોય, તો ખરાબ પ્રવૃત્તિ ને ખરાબ વાણી-વર્તાવ ન કરો.**

**સારી મનોવૃત્તિ ઘડવી હોય તો સારી પ્રવૃત્તિ સારા બોલ સારી ચાલ સારાં વર્તન ખૂબ કરતા રહો.**

ખરાબ પ્રવૃત્તિ કરતા રહેવું છે ને મનોવૃત્તિ સારી ઘડવી છે એ નહિ બને. એમ કહેવું કે 'હું બહારથી જરા ઉગ્ર શબ્દો બોલું છું એટલું જ, બાકી મનમાં ગુસ્સો નથી લાવતો, 'આ કહેવાનું ઢોંગ ધતુરો થશે. એવા ગુસ્સાના બોલ બોલી બોલીને તો અંતરમાં ગુસ્સાની મનોવૃત્તિ પોષાતી રહે છે. પછી જરાક જરાકમાં મન ખળભળી ઊઠે છે, કેમકે એ ખળભળાટની મનોવૃત્તિ ઘડાઈ ગયેલી છે.



ખાઉં-ખાઉંની મનોવૃત્તિ ઓછી કરવી છે ? તો તે ખા-ખા કરવાની પ્રવૃત્તિ નિરંકુશ રાખ્યે જવાથી ઓછી નહિ થાય. ભોજન અને ચહા-પાણી વગેરેના અત્યાર સુધી ૫-૭ ટંક થતા હતા, એમાંથી એકાદ-એકાદ પણ ટંક પડતો મૂકાય તો જ ખાવાની મનોવૃત્તિ પર કાંઈક કાપ પડે; એ માટે એવો નિયમ પણ કરવો પડે કે 'મારે આટલા ટંકથી વધુ નહિ ખાવું,' પછી ભલે રોજ-રોજનો નિયમ કરાય. બાકી પ્રવૃત્તિ જો નિરંકુશ ચાલુ, તો એની વૃત્તિ પુષ્ટ રહેવાની. જો પરસ્ત્રીઓને જો-જો કરવાની પ્રવૃત્તિ યથેચ્છ ચાલુ હોય છે, નજર સામે સ્ત્રી આવવી જોઈએ કે આંખ એના પર ગઈ જ છે, તો એની મનોવૃત્તિ પુષ્ટ જ રહેવાની.

**પરસ્ત્રીદર્શન એ કામરાગ પોષનારી પ્રવૃત્તિ છે; એથી પરસ્ત્રીરાગની મનોવૃત્તિ પુષ્ટ રહે છે.**

એથી ઊલટું સાધુનાં દર્શનની ને સાધુસમાગમની પ્રવૃત્તિ કરતા રહેવાથી ધર્મની મનોવૃત્તિ ઊભી થાય છે, સાધુ પ્રત્યે રાગ વધતો આવે છે. અધમ આત્માઓ એ રીતે સત્સંગની પ્રવૃત્તિ કરતાં-કરતાં ઉત્તમ બન્યા છે. એમને સંત પરનો રાગ અને ધર્મરાગ એમજ વધતા ચાલ્યા છે. રાજા કુમારપાળના જીવે પૂર્વભવે રાજકુમારપણામાં વ્યસનોની ભયંકર પ્રવૃત્તિ કરતાં કરતાં અધમ બનેલ, બાપથી કાઢી મુકાયેલ, જંગલમાં લૂંટારાગીરી કરતો થઈ અતિ અધમ બનેલ, પણ છેલ્લે છેલ્લે સાધુસમાગમની પ્રવૃત્તિ કરવા માંડી, તો એથી સારી મનોવૃત્તિ ઘડાતાં એવા ઉત્તમ મનોવૃત્તિવાળા બની ગયેલ કે પ્રભુને માત્ર પાંચ કોડીની કિંમતના ફૂલ ચડાવવાની પ્રવૃત્તિમાં એટલા બધા ઊંચા ભાવ-ઊંચ મનોવૃત્તિ કરેલી કે એથી અંતે અહીં આવા પરમ આર્હત્ બન્યા, ૧૮ દેશના સમ્રાટ રાજા બનેલ, અને એટલી ઊંચી દુન્યવી પદવીમાં પણ જૈનધર્મની પ્રત્યે અનન્ય રાગની વૃત્તિવાળા અને ધર્મપાલનની અદ્ભુત ટેકવાળા બની ગણધરપણાનું પુણ્ય ઉપાર્જવા જેટલી ઉત્તમ કક્ષા પામી ગયા.

**સાધુસમાગમની બહુ પ્રવૃત્તિ ધર્મની મહાન વૃત્તિ ઊભી કરી આપે.**

**ફજુલ સમયવ્યયથી મનોવૃત્તિ સારી ન ઘડાય :-**

વાત આ છે કે અધમ મનોવૃત્તિઓ અટકાવવી છે તો એને પોષનારી પ્રવૃત્તિઓ બંધ કરો, ઓછી ઓછી કરતા ચાલો, અને ઉત્તમ મનોવૃત્તિઓ ઊભી કરવી છે, તો ઉત્તમ પ્રવૃત્તિઓ આચરણમાં ઉતારતા ચાલો.

સમય મળ્યો ને એમ ને એમ મૂઢની જેમ બેસી રહ્યા કે આડા પડ્યા રહ્યા, એથી કઈ સારી મનોવૃત્તિ ઘડાવાની હાય ? ત્યાં તો જડતાની અને આડાઅવળા અંટસંટ વિચારોની પ્રવૃત્તિ-ચાલવાની, એથી મનોવૃત્તિ એવી જ ઘડાવાની. એથી

આગળ, નવરા પડ્યા ને બહાર હરવાફરવા નીકળી પડ્યા કે કોઈની સાથે વાતે ચડ્યાં, તો કઈ ઉત્તમ મનોવૃત્તિ ઘડાવવાની હતી ? એમાં તો સુખશીલતાની અને નઠારા રાગદ્વેષની મનોવૃત્તિ ઘડાવાની, બાહ્યભાવની જ મનોવૃત્તિ ઘડાવાની. એ ઘડાયેલી હોય, પછી ૦ા કલાક દેરાસર જાય, ઉપાશ્રયે જાય, કે ઘરમાં બેસીને એકાદિ માળા ગણે એમાં મન ક્યાંથી સ્થિર રહેવાનું ?

**વ્યર્થ હરવા-ફરવા કે વાતોચીતોથી સુખશીલતા અને બાહ્યભાવની વૃત્તિ ઘડાઈ મનને ધર્મમાં ન લાગવા દે.**

**ધર્મમાં મન સ્થિર ન રહેવાની,** મન આડુ-અવળું ભટકવાની ફરિયાદ કેમ છે, એ હવે સમજાશે.

એ આટલા જ માટે કે મનોવૃત્તિ બાહ્યભાવની જ ઘડાયેલી રહી છે. એ ઘડાવાનું કારણ પણ આ જ કે (૧) અમથા બેસી રહી ડાફોળિયાં સાથે આડા-અવળા વિચારો કરતા રહેવાની, યા (૨) નકામી ફજુલ વાતોચીતો કરતા બેસવાનું અથવા (૩) નકામા હરવા-ફરવાની ને (૪) મોજશોખ ઉડાવવાની પ્રવૃત્તિ ચલાવ્યા કરી છે એ પ્રવૃત્તિએ નકરી બાહ્યભાવની મનોવૃત્તિ પોષ્યા કરી હોય. પછી ૦ા કલાક દહેરે-ઉપાશ્રયે કે માળા ગણવામાં બેઠા ત્યાં એ પુષ્ટ બાહ્યભાવની વૃત્તિ આંતરિકવૃત્તિ મનને એમાં સ્થિર શાનું બેસવા દે ? એટલે જ

**ધર્મમાં મનને સ્થિર કરવાનો આ ઉપાય છે કે**

(૧) ધર્મ સિવાયના કાળે ફજુલ પ્રવૃત્તિ કે મોજશોખ વગેરે બંધ કરો, અને એમ કરીને બાહ્યભાવની મનોવૃત્તિને મોળી પાડો, એ મોળી પાડ્યા વિના ધર્મમાં મન સ્થિર નહિ ચાલી શકે.

(૧) વિશેષમાં એ નવરાશના સમયમાં સારું વાંચન, અધ્યયન જાપ-સામાજિક કે સત્સંગની પ્રવૃત્તિ એનો નિયમ લઈને કરતા રહો, તો એથી આંતર-ભાવની મનોવૃત્તિ ઘડાતી આવશે, ને એ દહેરે-ઉપાશ્રયે મનને એમાં પકડી રાખશે, મનને એમાં રસતરબોળ રાખશે.

મન સ્થિર કરવાના આ બે અદ્‌ભુત ઉપાય છે ને એ જો આચરવા નથી, ને ખાલી ફરિયાદ જ કરવી છે કે મન સ્થિર રહેતું નથી, તો એની પાછળ કશી અફસોસી નથી. માત્ર અમને કહેવાનું, એટલું જ, અફસોસી ખરેખર હોય તો એના ઉપચાર ન થાય ?

કોલેજોમાં જુઓ ઇજનેરી કે સાયન્સના કાળજીવાળા વિદ્યાર્થી એના અભ્યાસમાં કેવા સ્થિર મનથી લયલીન બની જાય છે ! કેમ વારું ? એણે બહારનું મનમાં ઘાલવાનું, આડુ-અવળું વિચારવાનું, કે મૂઢ જેવા નકામા બેસી રહેવાનું રાખ્યું જ



નથી કે જેથી એવી મનોવૃત્તિ ઘડાય, ને પછી અહીં મન સ્થિર ન રહેતાં બહારમાં ભટકે. ના, આડુંઅવળું કશું નહિ, ને કોલેજમાં શું કે ઘરે શું, એના ભણતરની પ્રવૃત્તિ ચાલુ, તેથી એની મનોવૃત્તિ એવા પ્રકારની બની જાય છે, કદાચ કહેશો,

**પ્ર.-** એમ તો અમે દર્શન-પૂજા-સામાયિકની પ્રવૃત્તિ કરીએ છીએ, તેમ જ્ઞાનીના કહેવા હિસાબે પૂર્વે અનંતીવાર ચારિત્રની પણ પ્રવૃત્તિ કરી છે, છતાં એની વૃત્તિ કેમ નથી ઊભી થતી ?

ઉ.- આનો ખુલાસો એ છે કે તપાસ કરો

(૧) ધર્મપ્રવૃત્તિ અત્યંત ઉપાદેય માનીને એટલે કે જીવનમાં ધર્મ જ અત્યંત કરવા જેવો માની તન્મય થઈને કરાય છે ખરા ?

(૨) પ્રવૃત્તિના ફળમાં માનપાનાદિ દુન્યવી લાભની આશા નથી ને ?

(૩) પ્રવૃત્તિના લાભમાં વૃત્તિના રસ્તે કશું પાળવા પર દૃષ્ટિ છે ?

આ ત્રણને જીવનમાં તપાસી જુઓ અને શી સ્થિતિ છે એ વિચારો. ધર્મપ્રવૃત્તિ કરતાં સલામત હોય તો મજાલ છે કે ધર્મની વૃત્તિ ઊભી ન થાય ?

**આપની ઉપાદેય બુદ્ધિ અને તન્મયતા :-**

ધર્મ કરીએ એમાં પહેલું તો અત્યંત ઉપાદેય બુદ્ધિ જોઈએ. ધર્મ કરીએ ને એ અત્યંત ઉપાદેય ન લાગે એ કેવું ?

મંદિરે દર્શન કરવા ગયા, શું સમજીને ગયા ? બાધા છે, 'પ્રભુના દર્શન કર્યા વિના મો'માં પાણીનું ટીંપુય નહિ નાખવાનું; તેથી ગયા ? તો તો એનો એ કે ખાવાનું ખુલ્લું કરવા માટે દર્શન કરવા ગયા. પરમપુરુષ અરિહંત પરમાત્માનાં દર્શન તુચ્છ ખાન-પાન માટે ? કે આત્માના પણ કલ્યાણ માટે ? દર્શનનું ફળ ખાનપાન જ હોય તો મનને અત્યંત ઉપાદેય-આદરણીય શું લાગ્યું ? દર્શન નહિ, પણ રુડું ખાવા-પીવાનું પછી એમાં સંસ્કાર પડે તો શાના પડે ? દર્શનનાં મહત્ત્વના ? કે ખાનપાનનાં મહત્ત્વનાં ? જો ખાનપાનનાં મહત્ત્વના સંસ્કાર પડે તો એમાંથી શુદ્ધ દર્શનની વૃત્તિ ક્યાંથી ઊભી થાય ? જેને અગત્ય આપીને કામ કર્યું એમાં અગત્યના સંસ્કાર પડે.

**જેને અગત્ય અપાય તેમ સંસ્કાર પડે.**

માટે તો જ પૈસા કમાયા છે પણ સુખ માટે, એટલે પૈસા કમાયા પછી સંઘરી રાખવાની વાત નહિ, કિન્તુ એનાથી અમનચમન વિષયસુખોના આનંદમંગળ કરે છે, એણે સુખને અગત્ય આપી, તેથી એને સુખની મહત્તાના સંસ્કાર ઊભા થાય છે. એથી મનોવૃત્તિ સુખ-ભોગની ને એના આદરની ઊભી થાય છે. એના હવે વિષયસુખો વસી ગયા, એને મન પૈસા સંઘરવાનું બહુ મૂલ્ય નહિ.

પરંતુ જેણે પૈસાને જ અગત્ય આપી મહત્ત્વ આપ્યું ને માને છે કે ભાઈ પૈસા છે તો બધું છે, ચીજવસ્તુ પૈસા હોય તો લાવી શકાય, પૈસા હોય તો લોક બોલાવે-ભાવ પૂછેઃ માંદા પડીએ પૈસા હોય તો સારી દવા થાય; પૈસા હોય તો આબરૂ જામે, બધું પૈસા પર છે. આ હિસાબ માંડ્યા એણે પૈસાને મુખ્ય ગણ્યા-મહત્ત્વના ગણ્યા. પછી એ સુખ પૂરું નહિ ભોગવે, પૈસા પૂરા સંઘર્યે જશે, સાચવી રાખશે. એને સંસ્કાર પૈસાના ગૌરવના પડ્યા, પછી એની વૃત્તિ પૈસાના આદરની જ ઘડાવાની. પૈસા સુખનું સાધન સમજી કમાવવા જશે, પરંતુ હૈયામાં મહત્તા પૈસાની રહેવાની. પેલા અમનચમનવાળાને મહત્તા સુખની લાગશે.

એમ પ્રભુનાં દર્શન કરું એટલે ખાવાનું ખુલ્લું થાય એવો જો ભાવ રહેતો હોય તો હૈયે દર્શનની નહિ પણ ખાનપાનની મહત્તા રહેવાની. એને મન અત્યંત ઉપાદેય ખાનપાન દર્શન તો એક એનું સાધન આવી દર્શનની પ્રવૃત્તિ અંતરમાં એની વૃત્તિ શી રીતે ઘડી શકે ? દર્શનમાં તન્મયતા પણ ક્યાંથી આવે ?

તન્મયતા જે અત્યંત ઉપાદેય-આદરણીય લાગે એમાં જામે છે.

રૂપિયા અત્યંત ઉપાદેય લાગ્યા પછી એને રૂપિયા કમાવામાં-ગણવામાં કેવીક તન્મયતા થાય છે ! સિનેમા પર અત્યંત આદર હોય એને એ જોવામાં ભારે તન્મયતા રહે છે ને ?

વેપાર અતિશય ઉપાદેય લાગ્યા પછી એની પ્રવૃત્તિમાં તન્મયતાનું પૂછવું જ શું ? તો પછી એની મનોવૃત્તિ પણ કેવી ઘડાય છે ! પ્રવૃત્તિ વૃત્તિને ઘડે, પણ ક્યારે ? જેની પ્રવૃત્તિ કરે છે એ અત્યંત ઉપાદેય લાગી, એની પ્રવૃત્તિમાં તન્મયતા આવે તો.

આ રીતે ધર્મને જ મહત્ત્વ આપી ધર્મની પ્રવૃત્તિ કરતા ચાલો તો ધર્મની વૃત્તિ ઘડાય. ધર્મપ્રવૃત્તિમાં તન્મય થઈ જવાનું પૂછો,

**પ્ર.-** અભવી-દુર્ભવી જેવા જે ચારિત્ર પાળીને નવ ગ્રૈવેયકના દેવલોક સુધી જાય છે, એ ચારિત્રમાં તન્મય તો ઘણા રહે છે, પરંતુ ક્યાં એમને ધર્મની વૃત્તિ ઘડાય છે ?

**(૨) ધર્મવૃત્તિ માટે ધર્મપ્રવૃત્તિમાં નિરાશંસપણું જોઈએ :-**

ઉ.- અહીં તન્મયતા તો આવી, પણ બીજું તત્ત્વ ખૂટે છે, તે છે નિરાશંસપણું. પૌદ્ગલિક સુખની ને દુન્યવી વસ્તુની આશંસા જ નહિ. આ અભવીમાં નથી, એને તો દિલમાં દેવતાઈ સુખની લાલસા-આશંસા જ બેઠી છે. પછી એને ધર્મની વૃત્તિ શી રીતે ઘડાય ? એને તો સુખની વૃત્તિ ઘડાય છે, કેમકે એને સુખનો રંગ છે.





**જેનો રંગ હોય એની વૃત્તિ ઘડાય.**

અભવી ચારિત્ર પાળે છે, આપણે પણ પૂર્વે અનંતીવાર ચારિત્ર પાળ્યાં, પરંતુ રંગ વિષયસુખનો હતો, તો હૈયે વૃત્તિ સુખગ્રહણ સુખભોગની જ ઘડાતી આવી છે. એટલા જ માટે અહીં સુખની વૃત્તિ, સુખ તરફ ઝોક ચાલ્યા કરે છે. પછી સુખભોગની ભરપૂર પ્રવૃત્તિ થાય એટલે સુખની વૃત્તિ વળી મજબૂત થાય એમાં નવાઈ શી ? એટલે જ કહેવાય કે પેલી અનંતવારની ચારિત્રપ્રવૃત્તિ તાત્ત્વિક રીતે જોતાં ધર્મપ્રવૃત્તિ નહિ, પણ સુખ માટેની પ્રવૃત્તિ હતી.

આ પરથી સમજાશે કે આ જીવનમાં ધર્મની પ્રવૃત્તિ દેવદર્શન-પૂજા આદિ કરવા છતાં હૈયે જેવી સંસારની વૃત્તિ રમ્યા કરે છે એવી ધર્મની વૃત્તિ કેમ નથી રમતી ? પહેલાં કહ્યું તેમ ધર્મ અત્યંત ઉપાદેય-આદરણીય લાગીને ધર્મપ્રવૃત્તિમાં જે તન્મયતા રહેવી જોઈએ, એ નથી રહેતી, અને હવે કહ્યું તેમ ધર્મપ્રવૃત્તિ જે શુદ્ધ નિરાશંસભાવે થવી જોઈએ તે પણ નથી. ધર્મ કરીને એના ફળમાં માન-સન્માન જોઈએ છે, કીર્તિ જોઈએ છે, દુન્યવી સુખ જોઈએ છે, મનની વૃત્તિ જ સંસારસુખ ચાટવાની આવી. ધર્મપ્રવૃત્તિ જિંદગીભર ચાલે છતાં ધર્મની વૃત્તિ શી રીતે ઘડાય ? એ માટે તો ધર્મવૃત્તિમાં (૧) તન્મયતા જોઈએ, (૨) દુન્યવી આશંસા ન જોઈએ. આ બે ઉપરાંત ત્રીજું આ જરૂરી છે કે,

**(૩) ધર્મવૃત્તિના લાભમાં ધર્મવૃત્તિના રસ્તે કશું પામવાનું લક્ષ જોઈએ. તો જ ધર્મવૃત્તિ ઘડાય.**

**પ્રવૃત્તિ ધ્યેયલક્ષી જોઈએ :-**

એટલે દા.ત. દેવદર્શનની પ્રવૃત્તિ કરીએ છીએ, ત્યાં વીતરાગના દર્શન કરતાં કરતાં સંસાર તરફ સાંસારિક પ્રવૃત્તિ તરફ અભાવ જાગે, અને વીતરાગ પ્રભુએ સર્વ સંસાર ત્યાગીને આચરેલા ધર્મ તરફ રુચિ-આકર્ષણ થાય. અબૂઝની જેમ પ્રભુદર્શન કરે તો આ કશા તરફ દૃષ્ટિ જ નહિ જાય. ત્યાં ભલે દર્શન કરતાં બીજી લૌકિક આશંસા નથી, છતાં અબૂઝપણાથી ધર્મની વૃત્તિ ઊભી ન થાય. પ્રવૃત્તિ ધ્યેયલક્ષી જોઈએ, ધ્યેયના લક્ષવાળી ને ધ્યેય તરફ દોરનારી જોઈએ.

**પ્રભુદર્શનમાં શું ચિંતવવું ? :-**

વીતરાગપ્રભુનાં દર્શનમાં વીતરાગપ્રભુના ગુણોની સ્મરણપૂર્વકની અનુમોદના જોઈએ, અને જાતની અધમદશાનો અફસોસ જોઈએ. 'પ્રભુ તમે કેવા ઉત્તમ ધર્મસાધક ! અને હું કેવો પાપી !' આ વિચારતાં આપણા એકેક દોષ અને એની

સામે પ્રભુનો એકેક ઉત્તમ ગુણ-ઉત્તમ ધર્મ જોતાં આનું વિસ્તારથી ચિંતન જોઈએ. એ હૃદયથી થાય એટલે હર્ષ અને ખેદના આંસુ આવે. પ્રભુની અતિ ઉત્તમસાધના-સુકૃતો અને ગુણો જોતાં આવા પ્રભુ મળ્યાનો હરખ, અને જાતના પારાવાર દોષ દુષ્કૃત્યોની અફસોસી-અનુભવાય.

દર્શનની પ્રવૃત્તિ કરતાં કરતાં રોજ ને રોજ આ થયા કરે એટલે ધર્મની વૃત્તિ કેમ ન ઊભી થાય ? ન ઘડાતી આવે ?

કુમારપાળ રાજાના હૃદયમાં જબરદસ્ત ધર્મવૃત્તિ કેમ વિકસી ઊઠેલી ? આ જ કારણે પૂર્વ જનમમાં છેલ્લે છેલ્લે ગુરુનો યોગ પામીને અને પ્રભુની પાંચ કોડીના ફૂલથી પૂજા કરતાં આ કરેલું, વીતરાગ પ્રભુ પામ્યાનો ભારે હરખ, પ્રભુના ગુણો-સુકૃતોની ભારોભાર અનુમોદના અને જાતના દુષ્કૃત્યોનો પારાવાર ખેદ કરેલો. આ હરખ-ખેદ સાથે ધર્મપ્રવૃત્તિ કરતા રહેલા, તેથી ધર્મની વૃત્તિ ઘડાઈ હતી. એટલે પછી અહીં કુમારપાળના ભવે ગુરુ પાસેથી ધર્મ જાણવા મળતા ધર્મપ્રવૃત્તિના લીધે ધર્મપ્રવૃત્તિમાં એકાકાર થઈ જાય એમાં શી નવાઈ ને ? એ થતાં ધર્મવૃત્તિ સતેજ થાય એ પણ સહજ છે.

**ધર્મપ્રવૃત્તિથી ધર્મવૃત્તિ ઘડાય, અને ધર્મવૃત્તિથી ધર્મપ્રવૃત્તિ વિશેષ રૂપની થાય.**

**જગડુશાને ધનવૃત્તિ નહિ પણ ધર્મવૃત્તિ :-**

કચ્છના જગડુશા શેઠની વાત હતી. એમની ધર્મની વૃત્તિ મહાત્માના બોલ ઉપર કેવી વિશેષ રૂપની ધર્મવૃત્તિ કરાવે છે ! મહાત્માએ આગામી ત્રણ વરસની દુકાળની આગાહી આપી કમાવાની તક બતાવી, તો જગડુશાને જીવનમાં ધર્મપ્રવૃત્તિ કરી કરીને અંતરમાં એવી ધર્મવૃત્તિ ઘડાયેલી હતી કે એમણે મહાત્માના બોલ પર અત્યારે લક્ષ્ય એટલું અનાજ ખરીદી લઈ દુષ્કાળના સમયમાં એનાં ભારે નાણાં કરી લેવાની ધારણા નહિ, કિન્તુ ભૂખે મરતાને એનું દાન કરી સુકૃત કમાઈ લેવાની ધારણા કરી લીધી. જો ધર્મવૃત્તિને બદલે અંતરમાં ધનવૃત્તિ-લોભવૃત્તિ હોત તો એમ ધારણા કરત કે 'અત્યારે રસ્તામાં અનાજ ખરીદી લઉં એટલે દુકાળ વખતે એનાં ભારે નાણાં કમાઈ શકાય.'

જગડુશાના હૈયામાં ધર્મવૃત્તિ હતી એટલે મહાત્માના કમાણીના ઈસારા પર, ટૂંકા બોલના શ્રવણ પર ચિંતન આ ચાલ્યું કે 'ધર્મ કમાઈ લઉં' ધન પણ કમાઈ શકાય છે, કિન્તુ ધન કમાઈ લેવામાં પૂર્વનું એટલું પુણ્ય અકાળે વટાવાઈને નષ્ટ થાય છે, ત્યારે ધર્મ, કમાઈ લેવામાં એ પુણ્ય તો ઊભું જ છે ને વધારામાં નવાં ભરચક પુણ્યની ભરતી થાય છે.



**જગડુશાનું ભાવનાજ્ઞાન :-**

જગડુશા માત્ર આ ચિંતન કરીને બેસી ન રહ્યા, પણ ચિંતાજ્ઞાન પર ભાવનાજ્ઞાનવાળા બન્યા, અર્થાત્ ચિંતવેલા ધર્મકમાઈને, અંતરાત્મામાં ભાવિત કરનારા આત્માને ધર્મકમાઈના રંગથી ભાવિત કરતા ગયા, રંગથી રંગી નાખનારા થયા. આત્મા ધર્મરંગથી રંગાઈ જાય, ધર્મથી ભાવિત થઈ જાય એ જીવ પછી તો લાખો-કરોડો રૂપિયાનું ધન કમાવવાના કે સંઘરી રાખવાના લોભમાં પડે જ શાનો ?

**ધર્મના રંગવાળાને ધન શું લલચાવે ?**

**ધર્મથી ભાવિતને ધન શું પાછા પાડે ?**

**જોજો, દુનિયાના સુખ અને સુખસામગ્રી જીવનને ધર્મથી પાછો પાડે છે.**

જીવને સુખ કેમ પાછો પાડે છે ? કહો, જીવ સુખ-સામગ્રીની મજાથી ભાવિત રંગાયેલો છે, એવો ધર્મથી ભાવિત નથી માટે; હૈયું ધર્મથી રંગાયેલું નથી. માટે.

ધર્મનું શ્રવણ કરો, એના પર ચિંતન એવું કરો કે ચિત્તધર્મથી ભાવિત થઈ જાય. ધર્મરંગે રંગાઈ જાય.

**અકબર દયાથી કેવો ભાવિત ? :-**

અકબર જેવો ક્રૂર ઘાતકી નિર્દય મુસ્લીમ બાદશાહ જગદ્ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજ પાસેથી દયા-ધર્મનું શ્રવણ કરી એવું એના પર ચિંતન કરનારો બન્યો કે એનું હૈયું દયાધર્મથી ભાવિત થઈ ગયું. તે (૧) રોજની ચકલાની સવા શેર જીભનું શાક ખાવાની આદત એણે છોડી દીધી ! (૨) પોતાના મોટા રાજ્યમાં દર વરસે છ મહિના જેટલા સમય માટે અમારી-અહિંસાના એણે ફરમાન કાઢ્યા ! શિકારના શોખ મૂકી દીધા ! દયાના શ્રવણ-ચિંતન પર દયાથી ભાવિત થયા વિના શું આ બને ? લાલચ જાય ?

**ધર્મથી ભાવિક થવું હોય તો ધર્મકમાઈનાં અવસરે પાપ-પાપસાધન અને સુખ-સુખસાધનની લાલચ મૂકી દેવી જોઈએ.**

ધર્મનાં શ્રવણ પછી ચિંતન જ એવું કરવાનું કે ધર્મની સામે દુન્યવી સુખ કૂચા લાગતું જાય. એટલે પછી ભાવનાજ્ઞાનમાં જીવને ધર્મનો રંગ એવો ચડે, જીવ ધર્મરંગે એવો રંગાય, એવો ભાવિત થઈ જાય, કે દુન્યવી સુખ-સુખસાધન અને ધર્મ નજર સામે આવ્યા, ત્યાં ધર્મની આગળ સુખને કૂચા દેખે, તેથી સુખના પ્રલોભનમાં જરાય ખેંચાય નહિ, તણાય જાય નહિ.

ગુરુના કમાણી-અવસરનાં વચન પર જગડુશાને નજર સામે બે વાતમાંની એક જ વાત છે, 'સુકૃત કમાઈ લેવું.' બે વાત આ, કે (૧) અત્યારે સુકાળના

સમયમાં સસ્તાભાવે અનાજ ખૂબ ખરીદી લઈ, દુષ્કાળના સમયે એને વેચીને ધનના ઢેર કમાઈ લેવાની વાત અથવા (૨) દુષ્કાળમાં એ અનાજ ભૂખે મરતા ગરીબોને મફતમાં આપી દઈ સારાં સુકૃત કમાઈ લેવાની વાત. જગડુને મન સુકૃતકમાઈની જ એક વાત છે.

દુકાળ આવ્યો અને અનાજની ભારે તંગી એટલે એના ભાવ આસમાને ચડ્યા, ત્યાં જગડુશાને એ અનાજ વેચી ધનના ઢગલા કરવાનું મન થતું નથી. કેમકે એમણે કમાઈ કરવાનાં ગુરુ-વચનના શ્રવણથી થયેલ શ્રુતજ્ઞાન પર ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન એવું કર્યું છે. ગુરુ ત્યાગના પાલનહાર અને ત્યાગના હિમાયતી છે, એ કોઈ પેલાના પરિગ્રહની સલાહ આપે નહિ એ તો ત્યાગની જ હિમાયત કરે. કેમકે સમજે છે.

**કેમ સુકૃતકમાઈની જ સલાહ ? ધનકમાઈ-સુકૃતકમાઈ વચ્ચે મોટું અંતર :-**

(૧) પૈસા કમાવાનો અવસર તો જનમ-જનમ મળે છે; ત્યાગના સુકૃતનો અવસર આવા કોઈક જ જિનશાસન સાથેના ઊંચા આર્ય માનવ અવતારે જ મળે ! શું ધનકમાઈના અવસર જનમ-જનમ, પણ સુકૃત-કમાઈનો અવસર કોઈક જ ઊંચા જનમમાં. વળી,

(૨) બહુ સારા પૈસા કમાવાનું માનો ને કદાચ કોઈકવાર જ મળે, તોય તે એ પૈસાનો ઢેર મૂકી મરવું જ પડે; પૈસા કાંઈ મર્યા પછી સાથે ચાલે નહિ, ત્યારે ત્યાગનુ-દાનનું સુકૃત તો મર્યા પછી આત્માની સાથે ચાલે, અને એ પરલોકમાં જબરદસ્ત ઓથ આપે ! અહીંના પૈસાના સંગ્રહ પરભવે શી ઓથ આપે ? ઊલટું ધનની કારમી મૂર્ચ્છામાં થતો ભારે લોભ-કષાય અહીં આર્ત-રૌદ્ર-ધ્યાન વગેરેની ભારે સતામણી કરે, અને એનાં પાપકર્મોથી પરલોકમાં કેવી દુર્દશા જીવની કરે ? (૧) દુઃખમય અધમ દુર્ગતિનો અવતાર, (૨) એમાં પાપિષ્ઠ જીવન, અને (૩) એથી દીર્ઘ દુર્ગતિની પરંપરા ! ક્યાં ત્યાગ-દાનના સુકૃતમાં વર્તમાન જનમમાં એની અનુમોદનાના આલ્હાદ, શુભ ભાવનાઓ, તથા એનાં પરિણામે સદ્‌ગતિની પરંપરા ? અને ક્યાં ધનસંગ્રહમાં પેલી ઘોર વિટંબણા ? એટલે વિચારવા જેવું, કે

આ જનમમાં કારમી પૈસાની જ કમાઈ કરી લેવાની ? કે તારણહાર સુકૃતની કમાઈ કરી લેવાની ? શાના માટે ? પૈસા જ કમાવવા માટે ? કે સુકૃત કમાવવા માટે ?

જગડુશા શેઠ પોતાના આત્મા તરફ જોનારા હતા, એટલે આત્માને તો પૈસાની કમાઈ આઈ-ગઈ જેવી લાગે છે, ત્યારે સુકૃતકમાઈ પરલોક સાથે ચાલનારી દેખાય છે. એમને મન ધનની મૂડીનો સંગ્રહ પરલોકમાં સદ્‌ગતિ-સત્‌પુણ્યાઈની



દાતા નહિ, ત્યારે સુકૃતમૂડીનો સંચય સદ્‌ગતિ અને સત્‌પુણ્યાઈની દાતા ! એટલે આપણે મનમાં ગુરુના વચન પર આજ ધારી લીધું કે મારે અત્યારે સુકાળમાં ધાન્ય સંગ્રહી લેવાનું અને દુષ્કાળમાં એ ગરીબોને દાનમાં દીધ્યે રાખવાનું. ચિંતનથી મનને ભાવિત કરી દીધું કે 'આ દાન સુકૃત જ તારણહાર' મનને ધન નહિ પણ દાન જ કરણીય તરીકે નિશ્ચિત્ત લાગેલું. એવું ભાસવા લાગ્યું કે ધન હવે અકળાવનારું બની કોડ થયા કરે છે કે 'ક્યારે મોકા પર ભરપુર દાન કરું, ને મારા આત્માને વેપારાદિથી લાગેલા પાપથી છોડાવું.' આ ભાવનાજ્ઞાનનો પ્રભાવ છે.

શ્રુત-ચિંતા ભાવનાજ્ઞાનની ત્રણ કક્ષા બરાબર.

(૧) શ્રુતજ્ઞાનથી શાસ્ત્ર આમ કહે છે એ સમજ પડી.

(૨) ચિંતાજ્ઞાનથી ચિંતન-મનન દ્વારા એ શાસ્ત્ર-વાત હૃદયમાં નિશ્ચિત્ત થઈ ગઈ.

(૩) ભાવનાજ્ઞાનથી દિલને આબેહૂબ ભાસ થાય કે 'આ તારણહાર, ને આ મારણહાર તરફ હૈયાને અકળામણ-ઉદ્વેગ-ભડક થાય; તારણહાર પ્રત્યે હૈયું ઓવારી જાય, હૈયાને ભારે હરખ-ઉછરંગ-આલ્હાદ હોય. સાપ અને લાખોનો હીરાનો હાર, એ બેમાં હૈયાને સાપ કેવો ભાસે છે ? ભયંકર ! અને હીરાનો હાર ? મહાકિંમતી અને બહુ કામનો ભાસે છે. સાપની પ્રત્યે ભડક છે, કે 'હાય બાપ ! કરડે તો મરી જ ગયા !' હારની પ્રત્યે 'વાહ ! કેટલો સરસ ! મળે તો ન્યાલ જ થઈ ગયા.'

**ચિંતનથી નિર્ણીત કરેલા હેય કે ઉપાદેય તત્ત્વ પ્રત્યે ભડક કે આલ્હાદ થાય એ ભાવનાજ્ઞાનનો પ્રભાવ.**

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ચોથા અધ્યયનના પ્રારંભે આ સૂત્ર છે,

**• "અસંખયં જીવિયં મા પમાયએ" •**

હે ભવ્યાત્મન્ ! આયુષ્ય અ-સંસ્કાર્ય છે, માટે પ્રમાદ ન કરીશ. ઘડપણ પામેલાને ત્રાણ-રક્ષણ નથી.

આ વચનના શ્રવણ પર ચિંતન થાય એ જોરદાર ભાવનમાં લઈ જાય છે. શાસ્ત્રવચનથી શ્રુતજ્ઞાન થયું કે જીવતર-આયુષ્ય સંસ્કારને અયોગ્ય છે, અર્થાત્ તૂટેલું સંધાતું નથી, પૂરું થયેલું વધારી શકાતું નથી, માટે પ્રમાદમાં ન રહે. હવે આના પર ચિંતન-મનન કરવાનું છે. ચિંતન અનેક રીતે થઈ શકે. દા.ત.

**જીવિત-આયુષ્ય પર ચિંતન :-**

આ આખાય જીવનનો આધાર આયુષ્ય છે. ત્યાંસુધી આ માનવભવનું આયુષ્ય પહોંચે છે ત્યાં સુધી જ આ મનુષ્ય જીવન છે. આયુષ્ય પૂરું થયે જીવન સમાપ્ત. શરીર હજી ઊભું છે, હાથ-પગ-મોં-માથું-આંખ-કાન-નાક બધા અવયવ ઊભા છે, પણ માત્ર આયુષ્ય માત્ર હવે રહ્યું નથી, હતું એ બધું ભોગવાઈ ગયું, તો એ બધા અવયવ નકામા, નિષ્ક્રિય. હવે જીવન જેવું કશું નહિ. હાથ હાલે, પગ ચાલે, આંખ જુએ, કાન સાંભળે એ બધી ક્રિયા એ જીવન. એ ક્યા સુધી આયુષ્ય પહોંચે ત્યાં સુધી. આયુષ્ય એ આત્માની સાબિતી છે.

**આયુષ્ય સોપક્રમ એટલે ? :-**

આમાં વળી એ હિસાબ નથી કે આયુષ્ય સો વરસ સુધી પહોંચે જ, કે પાંચ વરસ સુધી પહોંચે જ. આયુષ્ય ટૂંકું હોય તો ગર્ભમાં જ જીવન પૂરું થઈ જાય, અને આયુષ્ય લાંબુ ૧૦૦ વરસનું કિન્તુ સોપક્રમ હોય, અને હદ બહારનું ભારે-ભારે ખાઈ-ખાઈ શરીરના જંતર તોડી નાખ્યા હોય તો સહેજ તાવ વગેરે આવતાં આયુષ્ય પર ઉપક્રમ આઘાત લાગીને ૬૦મે વરસે બાકીના ૪૦ વરસના આયુષ્યના દળિયાં એકી કલમે ભોગવાઈ જતાં જીવન પૂરું થઈ જાય અથવા સશક્ત શરીરે પણ કોઈ અકસ્માત આઘાત લાગતાં સોપક્રમ આયુષ્ય વહેલું ભોગવાઈ જઈ જીવન પૂરું થઈ જાય.

**આયુષ્ય અસંસ્કાર્ય-તૂટીની બૂટી નહિ :-**

આ સ્થિતિ આયુષ્યની છે. એ અ-સંસ્કાર એટલે કે તૂટતું હોય ત્યારે જગતમાં કોઈ જડીબુટી નથી કે એને તૂટતું અટકાવી શકે. માટે કહેવાય છે ને કે તૂટીની બૂટી નથી.' આયુષ્ય તૂટ્યાને સાંધો નહિ કરી શકાય. ગમે તેટલી વૈજ્ઞાનિક શોધો ચમત્કારિક કાર્ય કરતી હોય, પરંતુ વિજ્ઞાન આયુષ્યને સંસ્કારિત કરી વધારવા માટે બેકાર છે, અસમર્થ છે. માટે જ જ્ઞાની કહે છે **'અસંખયં જિવિયં'** આયુષ્ય અ-સંસ્કાર્ય છે.

ત્યારે આ વિચારણીય બને છે કે માનવજીવન મુખ્યતાએ તો આયુષ્ય પર જ ઊભું છે, ને જો આયુષ્ય અવશ્ય તૂટવાના સ્વભાવવાળું છે ને તે પણ ક્યારે તૂટે એની ખબર નથી, તો પછી જીવન પણ કેટલું ટકે એ પણ ખબર નથી. તો એવા તૂટુ-તૂટુ જીવનમાં શું કરવાનું ?

**'મા પમાયએ' એટલે ? :-**

એટલા માટે જ કહે છે 'મા પમાયએ' અર્થાત્ પ્રમાદ ન કરીશ, ગફલતમાં ન રહીશ, આત્માનું હિત ન ચૂકીશ.



કેટલું સોનેરી સૂત્ર છે ! 'આયુષ્ય પર સંસ્કાર લાગે નહિ, ગફલતમાં ન રહે' શાસ્ત્રમાંથી આ શ્રવણ કરવા તો મળ્યું, સમજાયું, પરંતુ એના પર ચિંતન નહિ કે 'એમ ? તો પછી આયુષ્ય એમજ પૂરું થઈ જતાં કેટકેટલું કિંમતી સાધવાનું રહી જાય ?...ઇત્યાદિ ચિંતન નહિ, શ્રુતજ્ઞાન પછી ચિંતાજ્ઞાન નહિ, અર્થાત્ તો એ દિલમાં ભાવનાજ્ઞાન અર્થાત્ એનાથી દિલ ભાવિત શી રીતે થવાનું ? દિલ ભાવિત થયા વિના એ સાંભળેલું પળેપળે અમલી શી રીતે બને ?

પળેપળે અમલી એટલે સમજો છો ને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૬,અંક-૯,તા.૨૯-૧૦-૧૯૭૭**

**એકાદ સુકૃતથી બાકીના જીવનનાં પાપ માફ શી રીતે થાય છે ?**

એકાદ વેળા મનને થયું 'ભાઈ ! આયુષ્ય અવશ્ય તૂટવાનું છે, તો લાવો કંઈક સુકૃત કરી લઈએ.' એમ કરી એકાદ વેળા કાંક ધર્મ કરી લીધો. પરંતુ બાકીના જીવનમાં એ જ અનાદિ મોહની ચાલનું વર્તન રહ્યું તો એ શી રીતે પરભવે માફ થવાનું હતું ?

**સાગરચંદ્ર શેઠ** શિવધર્મી છતાં શ્રાવકમિત્રના સ્નેહથી મુનિના વ્યાખ્યાનમાં ગયો, સાંભળ્યું કે 'જિનપ્રતિમા ભરાવે એને પરભવે બોધિ મળે શુદ્ધ ધર્મ મળે.' તો પરભવે બોધિ મેળવવાની લાલચે એણે જિનપ્રતિમા ભરાવીને પ્રતિષ્ઠા તો કરાવી, પરંતુ જીવન-વર્તાવ વેપાર-મનગમતો એટલે કે અનાદિની ચાલનો રાખ્યો, તો એને બચાવ ન મળ્યો, એ મરીને ઘોડા તરીકે જન્મ્યો ! તિર્યંચના અવતારમાં કેદ પૂરાઈ ગયો ! જિનપ્રતિમા ભરાવવાના એકાદ સુકૃતે એને બચાવી ન લીધો. કહેતા નહિ,

**પ્ર.-** શાલિભદ્રે પૂર્વભવમાં માત્ર મુનિને ખીરનું દાન એ એક જ સુકૃત કરેલું, રાજા કુમારપાળે પૂર્વભવે માત્ર એકવાર પાંચ કોડીના ફૂલથી પ્રભુપૂજા કરેલી, તો એમને પછીના ભવે ઊંચે આવવાનું થયું ને ?

ઉ.- તે શાલિભદ્ર-કુમારપાળ માત્ર એકાદ ધર્મ અને બાકી અનાદિની ચાલનું જીવન, એમ કરી ઊંચે નથી આવ્યા. એ તો ધર્મભાવિત બની સાથે-સાથે અનાદિની ચાલ બદલીને ઊંચા આવ્યા છે.

**સુકૃત કરવા ઉપરાંત ધર્મભાવિત બની અનાદિની ચાલ બદલો તો ઊંચે અવાય.**

શાલિભદ્ર-કુમારપાળ અનાદિની ચાલમાં પરિવર્તન કરવાથી ઊંચે આવ્યા છે.

અનાદિની શાલિભદ્રે આ બદલેલી, કે ખીરનું દાન કરવા પહેલાં હાથમાં ખીરભરી થાળી છે, જિંદગીમાં પહેલી જ વાર મેળવી છે, તો 'લાવ, ભલે સાધુ સામે દેખાયા, પણ મારે તો આ પહેલી-વહેલી પ્રાપ્તિ છે માટે ખાઈ લઉં,' એવી અનાદિની ચાલ નહોતી રાખી. મહારાજને દઈ દઈએ તો આપણે શું ખાઈએ ? આવો વિચાર અનાદિની ચાલનો છે, એ નથી કર્યો. ત્યારે, ના, ના, 'થોડું તો દઈએ, બાકી ઘણું આપણે ખાઈએ.' એવોય અનાદિની ચાલનો વિચાર નથી કર્યો. એ તો અનાદિની ચાલ બદલી; કેવોક વિચાર કર્યો ?

**અનાદિની ચાલ બદલવાનો વિચાર :-**

વિચાર એવો કર્યો કે 'ખીર હું પેટમાં નાખીશ તો માટી થશે; અને મુનિના પાત્રામાં નાખીશ, તો પરમાન્ન થશે, શ્રેષ્ઠ અન્ન થશે. જીવે જગતમાં ભમતાં ખાધું તો ઘણું જ છે, પણ દીધું નથી, એટલે જ ભટકતો રહ્યો છે. આ ખીરને દાનમાં દઈ દઉં તો મારો ઉદ્ધાર થાય. તોય થોડું દઈ, થોડું બાકી રાખું તો તો એટલો સંસાર બાકી રહી જાય તો શું મુનિ મળ્યા પછી સંસાર બાકી રાખવો ?'

અનાદિની ચાલ બદલ્યાનો આ વિચાર છે; અને પછી દાન જે રીતે દીધું એ વર્તાવ પણ એવો જ અનાદિની ચાલ બદલ્યાનો કર્યો છે. એટલું જ નહિ, પણ

દાન દઈ દીધું, મુનિ વહોરીને ગયા તે પછી પણ અનાદિની ચાલ બદલ્યાનો વર્તાવ રાખ્યો છે. જુઓ, કેવી રીતે ? થાળી તો ખાલી થઈ છે, પરંતુ ખીરથી લેપાયેલી હતી તે ચાટી રહ્યા છે, પણ એમાંય આનંદ ગુરુ મળ્યાનો અને દાન દીધાનો છે. જો કે મીઠી-મીઠી સ્વાદિષ્ટ ખીર જીંદગીમાંય ચાખવા મળી નથી, અને અત્યારે પહેલીવાર જ મીઠો-મીઠો રસ ચાટવા મળે છે, એટલે એનો સ્વાદ અવ્વલ લાગે; છતાં એનો કશો આનંદ નથી; કેમકે એની સામે ગુરુ અને દાન મળ્યાનો એટલો બધો હરખ છે કે મોં મલકી રહ્યું છે. ત્યાં માતા આવીને જુએ છે તો છોરો ખીર ચાટી રહ્યો દેખાય છે. અને એના મુખ પર મલકાટ-મલકાટ જુએ છે, તેથી સમજી લે છે કે આજે દીકરાને પહેલી-પહેલી ખીર ખાવા મળ્યાના આનંદનો પાર નથી.

માતા જે આ કલ્પના કરી રહી છે તે જીવની અનાદિની ચાલના હિસાબે. કેમકે,

**જીવની અનાદિની ચાલ આ છે કે 'મીઠા-મીઠા વિષય મળી જાય એટલે એમાં મલકાવું.'**

ત્યારે અનાદિની આ ચાલ બદલ્યાનું સ્વરૂપ આ છે કે ત્યાગ-સેવા-પરોપકાર-દેવ-ગુરુ વગેરે આત્મહિતકર તત્ત્વ મળ્યા પર મલકાવું.' તેય એટલે બધું કે ત્યાં



મીઠા વિષય મળ્યાનો મલકાટ ઊભો જ રહે નહિ.

શાલિભદ્રના જીવ સંગમમાં આ આત્મહિતકર ગુરુ મળ્યાનો અને એમના પાત્રે પોતાની અતિપ્રિય ચીજ ત્યાગ કર્યાનો અપરંપાર આનંદ હતો. આ અનાદિની ચાલ બદલાઈ.

માતાને આ ક્યાં ખબર હતી ? એ તો અનાદિની ચાલમાં ખીર ખાધાનો મલકાટ સમજી કહે છે 'કેમ ! ખીર બહુ ભાવી ? લાવ બીજી આપું ?'

અહીં પણ દીકરો અનાદિની ચાલમાં નથી એટલે બડાઈ હાંકતો નથી કે 'આ તમારો દીકરો એકલો પેટભરો નહિ કે ખીર એમ ખાઈ જાય ! ખીર ખાધાની વાત ક્યાં કરે ? મે તો ખીર મહારાજને વહોરાવી દીધી !'

**બડાઈ હાંકવી, પોતાનું સુકૃત બીજા આગળ ગાવું એ તો અનાદિની ચાલ છે.**

સ્વસુકૃત ગુપ્ત રાખીએ એ અનાદિની ચાલ છોડી કહેવાય.

અનાદિની ચાલમાં પોતાનું સુકૃત બીજા આગળ ગાવાની વાત તો પછી, પણ 'હું કેવો સારો છું, મેં કેવું સારું કર્યું છે !' એ બીજાને કહેવાની ચળ ઉપડે છે. આ ચળ એ પણ અનાદિની ચાલ છે. ધર્મ ઘણો કરતાં આવડે છે, પણ પોતાનું સુકૃત કે ગુણ છૂપો રાખતા નથી આવડતું. અનાદિની ચાલ ક્યાં-ક્યાં નડે છે એ તપાસવા જેવું છે.

ત્યારે શું અઘરું ?

ધર્મ કરવો એ અઘરું કે ગુણ પ્રાપ્ત કરવો એ અઘરું ? કે પોતાની વડાઈ ગુપ્ત રાખવી એ અઘરું ?

ગુણ ધરવો એ અઘરું ? કે ગુણ ગુપ્ત રાખવો એ અઘરું ?

પોતે કોઈને દાન કર્યું છે, મદદ કરી છે, પોતાનામાં ઉદારતાગુણ છે, એ ગાયા વિના ચેન પડે ? ચેન નથી પડતું એટલે તો ભલે સીધું નહિ, તો આડકતરી રીતેય બીજાને જણાવવાની જરૂર રહે છે.

લાખ રૂપિયાનો દાનગુણ મેળવ્યો, લાખ રૂપિયાનું સુકૃત કર્યું, હવે એને ગુપ્ત રાખવાને બદલે બહાર જાતે ગાવાનું કોણ કરે છે ? કહો માન અને માનાકાંક્ષા. 'હું સારો છું, હું આવા-આવા ગુણવાળો, હું આવુ સુકૃત કરનારો.' આ 'હું' 'હું' અભિમાન છે. સાથે, માનાકાંક્ષા છે મનનો લોભ છે, માન મેળવવાનો, બીજાની દૃષ્ટિમાં સારા મનાવવાનો લોભ છે. એથી અંદરમાં ચળ ઉપડે છે, 'બીજા મને સારો માને માટે બીજાને હું મારું સારું કહું.'

**માન અને માનાકાંક્ષા ભૂંડા છે, ગુણ-સુકૃત આગળ તુચ્છ છે.**

માન રાખ્યું 'હું સારો,' એમાં શો લાભ ? ત્યારે ગુણ પ્રાપ્ત કર્યો, સુકૃત કર્યું, એનો લાભ કેટલો બધો ? એ ગુપ્ત રાખ્યા એનો વળી લાભ કેટલો મોટો ! એની સામે માનાકાંક્ષાથી ગાઈ બીજાને સારા લાગ્યા, એ સારા માનનારા પછીથી આપણને શું વરસાવી દેવાના હતા ? કશું નહિ. સાંભળીને ઘેર જવાના. કદાચ એમ પણ માને કે 'ભાઈનો ગુણ કે સુકૃત સારું, પરંતુ જાતવડાઈની કુટેવ લાગે છે.

તો જાતવડાઈમાં કશું કમાવાનું નહિ છતાં કેમ એ થાય છે ? એનું કારણ આ છે કે એ સમજે છે કે ગુણ-સુકૃતનો પુણ્યલાભ તો મળી જ ગયો છે, હવે બહારમાં એ જણાવવાથી વધારામાં યશલાભ મળે છે. માટે એ બહાર ગવાય છે. પરંતુ અહીં જ મોટી ભૂલ આ થાય છે પામર જીવને ખબર નથી કે

**ગુણ કે સુકૃત પર પોતાની પ્રશંસા ઈચ્છવામાં ગુણસુકૃતના સારાપણા કરતાં પોતાનું સારાપણું મગજ પર વધુ અંકિત થઈ જાય છે.**

'ગુણ-સુકૃત સારા' એવું તો મનને લાગશે, પરંતુ 'હું સારો, મારી પ્રશંસા સારી, મારો યશ સારો' એ ભાવ મનને વધુ જોરાવર પકડે છે. એટલે દા.ત. સુકૃતો તો એક જ કરાયું હશે, પરંતુ એનું ગાણું અનેક ઠેકાણે ગવાય છે. મનને કેમ એમ નથી થતું કે એકવાર દાન કર્યાથી શું વળે ? લાવ, 'અહીં દાન કરું, બીજે કરું, ત્રીજે કરું, એમ અનેકવાર કે અનેક ઠેકાણે દાન કરવાનું મન કેમ નથી થતું ? અને આ મન કેમ થાય છે કે 'મારું સુકૃત આને કહું, પેલાને કહું, ઓલ્યાને કહું ?' અરે ! એક જ જણને પણ એનો એ જ પોતાનો ગુણ કે સુકૃત ફેરવી અનેકવાર કહેવાનું મન કેમ થાય છે ? એવું દાન વારે-વારે કરને ? ના,

**અનેકવાર દાનનું મન નથી, અનેકવાર જાતની પ્રશંસાનું મન છે, એ સૂચવે છે કે જાતને વાહવાહ વધુ ગમે છે.**

ત્યારે જો સુકૃત ગમતું ભલે હોય પરંતુ જો જાત વાહવાહ કરતાં ઓછું ગમતું હોય, તો સુકૃતના આચરણ વખતે એ સુકૃત કરવાનો જોસ, એ સુકૃત પર આદર પણ ઓછો જ હોય ને ? તો પછી એનું ફળ એનાથી થતો પુણ્યબંધ અને કર્મનિર્જરા પણ એના પ્રમાણમાં જ હોય ને ? આ નિયમ છે કે

**સુકૃતનો જેવો જોસ-આદર, એ પ્રમાણમાં પુણ્ય અને નિર્જરા થાય.**

ઓછા આદરે સુકૃત મોટું કર્યું એના કરતાં નાનું સુકૃત મોટા આદરે કર્યું, તો આ નાના સુકૃતનું ફળ વધી જાય. શાલિભદ્રના જીવે તપેલું ભરીને ખીરનું દાન નહોતું કર્યું, માત્ર એક થાળી ખીરનું દાન કરેલું, તે એક જ વાર, છતાં ફળ કેમ મોટું આવ્યું ? કહો, એ દાન પર આદર અપરંપાર હતો. આખી થાળી ખીર મુનિના પાત્રામાં ઠાલવી દઈને પોતાની એમાંથી થોડી પણ ખાવાની લેશ્યા જ મારી



નાખી, એટલો બધો દાન પર આદર ઉછળ્યો હતો, એમાં જાતભોગને તુચ્છ લેખી લીધો.

**જાતભોગ-જાતવાહવાહ તુચ્છ લાગે ત્યારે જ સુકૃત મહાન લાગે. સુકૃત પર મહા આદર થાય.**

**ધર્મ આગળ પૈસા વગેરે તુચ્છ :-**

ધર્મ જોરદાર કરવો છે ? ધર્મ પર જોરદાર આદર ઊભો કરવો છે ? તો દુન્યવી સ્વાર્થ, જાતભોગ, જાતવાહવાહ, પૈસા-પરિવાર-પ્રતિષ્ઠા-માનસન્માન વગેરે-વગેરેને ધર્મની સામે તુચ્છ લેખો.

સંતાનને હિતનો ઉપદેશ એ ધર્મ છે. એ જોરદાર કેમ નથી દેવાતો ? કેમ એને મોટો પરોપકાર અને સર્વત્યાગ નથી શીખવતો ?

કારણ કે એમાં પોતાનો સ્વાર્થ ઘવાવાની શંકા છે. આને મોટો પરોપકાર શિખવાડીએ, ને કદાચ પૈસા પરોપકારમાં બહુ ઉછાળી મારે તો ? સંતાનને સર્વત્યાગ શિખવાડતા એ કદાચ આપણને છોડીને સર્વત્યાગની દીક્ષા લઈ લે તો ? આવો ડર આવી શંકા મનમાં બેઠી છે. ત્યારે,

જ્યાં સ્વાર્થની ખાસ લગન હોય ત્યાં પર હિતેચ્છા ક્યાંથી જોરદાર હોય ? કસાઈને સ્વાર્થની, પશુનું માંસ વેચી સારા પૈસા કમાઈ લેવાની ખાસ લગન છે, તો એને પશુના હિતની કાંઈ પડી નથી હોતી, પશુની કતલ કરે છે. એમ સંસારરસિયા મા-બાપને સંતાન પાસેથી પોતાના સ્વાર્થની ખાસ લગન છે, તો એના આત્માનું હિત કાંઈ નથી જોવું, એના સારા પરલોકની કતલ કરે છે.

જે માતા-પિતા સ્વાર્થની માયામાં સંતાનને સર્વત્યાગના માર્ગે નથી જવા દેતા એ સંતાનની સંભવિત સદ્ગતિને નિષેધ કરનારા છે. મૂંગો નિષેધ કે 'અમારા સંતાન પાસે આવીશ નહિ.' શું એવા એ માતા-પિતા છે ? કે વાઘ-વાઘણ શું કરે છે ? પોતાના માંસભક્ષણના સ્વાર્થમાં બકરા-બકરીને ખાઈ જાય છે. વિયાએલી કૂતરી ભૂખી ડાંસ થયેલી પોતાનું પેટ ભરવાના સ્વાર્થમાં બીજું કાંઈ ન મળે તો પોતાના ભોટિલાને જ ખાઈ જાય છે.

સ્વાર્થ મુખ્ય હોય ત્યાં પરહિતકરણ જોરદાર ક્યાંથી હોય ?

આજે ઉંમરમાં આવી ગયેલા કેટલાય પતિપત્નીની ઈચ્છા છતાં બ્રહ્મચર્ય લેવાની ના પાડે છે. કારણ, પોતાને વિષયસુખનો સ્વાર્થ જોરદાર છે. પછી એ બિચારી પત્ની બ્રહ્મચર્યની ઈચ્છા છતાં વિષયભોગમાં પડીને કાળાં પાપ ઉપાર્જશે એની પતિને પરવા શાની હોય ?

વાત આ છે કે જેમ જાતભોગનો સ્વાર્થ મુખ્ય હોય ત્યાં પરોપકાર મામૂલી,

એમ જાતવાહવાહ બહું ગમતી હોય ત્યાં સુકૃત પર આદર મામૂલી.

સુકૃત કરે, મોટું કરે, પણ તે જાતની વાહવાહ માટે. તેથી તો આરસની તકતી પર પોતાનું નામ પણ માત્ર લખાવીને નહિ, પણ કોતરાવીને એ તકતી મજબૂત બેસડાવે છે. પ્રેમ-આદર જોરદાર શાના ઉપર ? સુકૃત પર ? કે તકતી પર ને વાહવાહ પર ?

**આ અનાદિની ચાલ છે કે સારું સુકૃત કરીને પણ જાતવડાઈનું મહાપાપ માથે લેવું.**

જો ખરેખર સુકૃતની જ લગન હોય, તો આ પાપ માથે ન લેવાય. જાતવડાઈ-વાહવાહની ચાહના એ ભયંકર લોભ છે. સુકૃત કરી-કરીને એને મોહના પલ્લે પડાય છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૧૦,તા.૫-૧૧-૧૯૭૭**

વ્યવહારમાં જુઓ શું બને છે ? કોઈને ત્યાં જમણવારમાં તમે ગયા, એણે જમાડ્યા શિખંડ પુરી, પરંતુ તમને એનો એવો આદર ન દેખાયો, અને બીજા કોઈ દિવસે બીજાને ત્યાં જવાનું થયું, ને એણે જમાડ્યા રોટલી-દાળ-ભાત-શાક, પણ હૃદયના ખૂબ જ આદર-હેત-ઉમળકા-આવકાર સાથે; તો કિંમત આની ગણો છો, પેલા પ્રેમ-આદર વિનાના મોટા શિખંડપુરીના જમણની નહિ.

ઓરમાન માતાને શોક્યના દીકરાનું સાચવવું પડે એટલે સાચવે છે, પણ એ દીકરો દેખે છે કે 'આનો પોતાના દીકરા સાથે જે હેત-આદરભર્યો વ્યવહાર છે એવો મારી સાથે નહિ,' તો કાંઈ એને અવસરે સારું ય ખાવા-પહેરવા મળે એનાથી સંતોષ નથી, રાજીપો નથી કે 'હાશ ! મને સારું મળ્યું.'

**હૈયાના હેત આદર વિનાનું કરેલું બધું લુખ્ખું માલ વિનાનું.**

એમ એને લાગે છે. આપણા તરફે ય કોઈ સાવકી માતાનો આવો વ્યવહાર હોય તો આપણનેય આવું જ લાગે. તો પછી આ વિચારવા જેવું છે કે આપણી ધર્મસાધના ય આદર-હેત-ઉમળકા વિનાની હોય તો એ માલવાળી ગણાય ? કે માલ વિનાની ?

એટલું ધ્યાનમાં રહે કે ધર્મ સાથે સોદાબાજી હોય એ સ્થિતિમાં કદાચ ધર્મ કરતી વખતે પ્રેમ-ઉમળકો દેખાતો હોય તો તે ખરેખર ધર્મ માટે ધર્મ પર નહિ કિન્તુ ધર્મથી મળતા લૌકિક લાભ પર પ્રેમ ઉમળકો છે માટે ધર્મ પર પ્રેમ દેખાય છે.



દેવદ્રવ્યની મોટી ઉછરામણી બોલાય, પણ જો આ લોકમાં વાહ-વાહ થાય એટલા માટે, તો બોલી બોલતાં ઉમળકો તો દેખાય, પરંતુ એ ધર્મ પ્રત્યેનો નથી, કિન્તુ વાહવાહ-કીર્તિ મળે એનો ઉમળકો છે. ત્યાં મનને એવું નથી લાગતું કે 'અહો ! મારાં કેવાં અહોભાગ્ય કે મને આ ભક્તિનો લહાવો મળે છે ! મારી પાપલક્ષ્મી લેખે લગાડવાનું મળે છે ! મને (૧) ધર્મની આરાધના (૨) ઉપકારી દેવ-ગુરુની ભક્તિ અને (૩) જિનાજ્ઞાપાલનનો લહાવો લેવાનું મળે છે !' જો આ ભાવ હોય તો દેવદ્રવ્યની હજારોની બોલી બોલનારા પછી સાધારણ ખાતે સેંકડો ય આપવા આનાકાની કરે ? જો ખરેખર ધર્મ પર પ્રેમ-આદર-ઉમળકો છે તો શું સાધારણ ખાતે દેવું એ ધર્મ નથી ? કેમ આજે ઠેર ઠેર સાધારણ ખાતે તોટા છે ? કેમ અવસરે સાધારણનો ખરચો દેવની કોથળીમાંથી ઉપાડીને કરાય છે ? ભલેને લોન તરીકે, પણ દેવદ્રવ્યમાંથી ઉપાડવાનો અધિકાર શો છે ? તમારા ઘરમાંથી લોન આપોને ? 'ના, પછી પાછી ન વળે તો ?' એમ લાગે છે. તો દેવદ્રવ્યનું નાણું પાછું ન વળ્યું તો ?

**સાધારણમાં તોટા કેમ ? દેવદ્રવ્યમાંથી સાધારણ માટે લોન કેમ ?**

કારણ આ જ કે સાધારણ-ખાતું એ જાણે ધર્મરૂપે સમજાયું નથી એટલે પોતાના ખીસામાંથી એમાં ભરાતું નથી; ને દેવદ્રવ્ય નધણિયાતું એટલે એમાંથી ઉપાડાય. જે ઉપાશ્રય ઊભો થયેલો છે તો જ ત્યાં સાધુ આવે છે, પર્યુષણા ઉજવાય છે, દેવદ્રવ્યની બોલી તો જ ત્યાં બોલી શકાય છે, તો પછી એ ઉપાશ્રય નિર્માણ અને એનો નિભાવ એ ધર્મ નહિ ? એ માટે કરેલો ખર્ચ એ ધર્મ નહિ ? અરે ! કુબુદ્ધિ તો એટલી બધી થાય છે કે કેમ જાણે મંદિર અને પૂજાભક્તિ જાણે પ્રભુ માટે છે, તે એ સંભાળનાર પૂજારીનો ખર્ચ અને પૂજનમાં દ્રવ્યો દૂધ-કેશર-સુખડ-ઘી-લાઈટ વગેરેનો ખર્ચ દેવદ્રવ્યમાંથી, લાવો પ્રભુ ! આનાં નાણાં તમારી કોથળીમાંથી; કેમકે આ બધું તમારી ખાતર, તમારા પૂજન માટે છે,' એમ દેવદ્રવ્યમાંથી કરાય છે ! અલ્યા ભાઈ ! આમાં દેવદ્રવ્યને શું લાગે-વળગે, તે દેવદ્રવ્યને માથે આ ખરચ નાખે ?

**મંદિર ભગવાનની ખાતર છે કે તારી ખાતર ?**

**પૂજાભક્તિ ભગવાનને જરૂરી છે કે તારે ?**

ભગવાન તો મોક્ષમાં જઈ બેઠા છે, ત્યાં શાશ્વતકાળ સુધી અનંતા સુખમાં ઝીલતા રહેવાના છે. એમને રહેવા માટે અહીં મંદિરની ક્યાં જરૂર છે કે એ સાચવવા માણસ જોઈએ તે માણસ ભગવાનની ખાતર રખાયો ગણાય ?

**કૃતકૃત્ય ભગવાનને તારી પૂજાની જરૂર નથી :-**

એમ ભગવાન તો મોક્ષ પામી કૃતકૃત્ય થઈ ગયા, હવે એમને અહીં તારા જેવા તરફથી પૂજા-ભક્તિની શી અપેક્ષા છે કે એ એમને મળે તો જ એમનું કલ્યાણ થાય ? કશી નહિ. પછી શાનો પૂજાનો ખર્ચ ભગવાનના માથે નખાય ? 'શું ભગવાનને પૂજાભક્તિ મળે તો જ ભગવાનનું માન વધીને એમને સારું સ્થાન મળે એવું છે ? મુક્ત થયા, કૃતકૃત્ય થયા એટલે તો એમનાં સર્વકલ્યાણ સિદ્ધ થઈ ગયાં અને એ સર્વોચ્ચ શાશ્વત પદ પામી ગયા.

જીવને સમજાવવો જોઈએ કે,

હવે તો તારું કલ્યાણ થવું બાકી છે ને એ માટે જિનમંદિરની જરૂર છે, મંદિરમાં દેવાધિદેવની પૂજા ભક્તિની જરૂર છે. મંદિર પણ તારી ખાતર, તારા કલ્યાણની ખાતર, અને એમાં પૂજાભક્તિય તારી ખાતર, તારા કલ્યાણની ખાતર. તો જે તારી ખાતર છે એના ખરચાનું દેવના માથે શાનો નાખે ?

**વ્યવહારમાં પોતાના પૂજાખર્ચના દાખલા :-**

ગામમાં રાજા કે પ્રધાન આવે અને ગામવાસીઓ એનું ઠાઠથી સ્વાગત કરે તે કોની ખાતર ? સ્વાગતના ખરચાનાં નાણાં રાજાના ભંડારમાંથી લેવા જાય ? જાય તો ત્યાં ઊભો રાખે ?

જમાઈ ઘરે નોતરાય અને એનાં માન-સન્માન તથા જમણ થાય એનું ખરચ-બીલ જમાઈની પેઢી પર મોકલી આપો ખરા ? દીકરો પરદેશ રહેતો હોય અને બાપાજીને ત્યાં નોતરે કે 'આવો પધારો અહીં, અહીં મારે તમારી ભક્તિ કરવી છે,' ને બાપ ત્યાં જાય, તો એ બધો ખરચ બાપાજીની અંગત મૂડીમાંથી પડાવે ખરો ? મોટા શહેરમાંથી સારા આગેવાન પ્રસિદ્ધ શેઠિયાનું સન્માન કરવા ગામમાં નોતરો, તો એનાં સ્વાગત-સન્માન વગેરેનો ખર્ચ એ શેઠિયાના ખીસામાંથી કઢાવાય ખરો ? કઈ અક્કલે કામ ચાલ્યું છે કે 'ભગવાનની પૂજાભક્તિ સન્માન તમારે તમારા કલ્યાણાર્થે કરવા છે ને એનાં દૂધ-ઘી-કેશર-સુખડ-પૂજારીભૈયા વગેરેનો ખરચ દેવદ્રવ્યમાંથી ઉપાડાય છે ? ઉપાશ્રય બંધાવવો છે તો એ માટે નાણાંની લોન ઉપાડો દેવદ્રવ્યમાંથી,' આ કઈ અક્કલનું કામ છે ? દેવદ્રવ્યનો માલિક અહીં કોઈ જીવંત વ્યક્તિ નથી, એટલે જ આ એના પર ધાડ પાડવાની ને ? કહે છે,

**દેવદ્રવ્યમાંથી લોન લઈ બાંધેલી ચાલી સાધારણની કરાય ? :-**

**પ્ર.-** દેવદ્રવ્યનાં નાણાંને બેક ૧૦ ટકા જ વ્યાજ આપે છે તો અમે એ નાણાં સાધારણ ખાતે લોન તરીકે લઈને એની ચાલી બાંધીએ અને એના ભાડાની આવકમાંથી દેવદ્રવ્યને ૧૨ ટકા વ્યાજ આપીએ તો વાંધો ખરો ?



ઉ.- પછી ભાડાની બચત આવક કેટલી ? અને એ કયા ખાતે લઈ જાઓ ? આજના પાઘડી-પ્રિમિયમ ઊંચા ભાડા વગેરેના જમાનામાં ખાસા ૨૦-૨૫ ટકા આવક હોય એમાંથી દેવદ્રવ્યને ૧૨ ટકા આપી બાકી ૮ ટકા કે ૧૩ ટકા સાધારણ ખાતે લઈ ધીમેધીમે એનાથી દેવદ્રવ્યનું દેવું પૂરું કરવાનું અને ચાલી સાધારણ ખાતાની બનાવી દેવાની એમ જ ને ? બાપનો માલ છે તે દેવદ્રવ્ય પર આ ધાડ લઈ જવાની ? દેવદ્રવ્ય કોઈ જીવંત વ્યક્તિ નથી કે જીવંત વ્યક્તિનું નથી માટે જ આ એના પર ધાડ ને ? દેવદ્રવ્યને પોતાને ચાલી બંધાવી પ્રીમિયમ અને પૂરેપૂરું ભાડું ઉપજાવતાં નથી આવડતું માટે જ એના પર તમારી આ ચાલબાજી ? તમે કાંઈ ભરચક તરતા દેવદ્રવ્યના ટ્રસ્ટી છો ? ના. તમે તો ડૂબતા સાધારણ ખાતાના ટ્રસ્ટી એટલે એનું તરતું કરવા માટે પેલા ન-ધણિયાતા દેવદ્રવ્ય પર ધાડ લઈ જઈ શકો !

અક્કલથી એટલું નથી વિચારાતું કે માનો કે આ દેવદ્રવ્યનું નાણું મારું જ હોત અને એની ચાલી વગેરે બંધાવી સારી ઉપજ કરવાની તારી હોશિયારી હોત તો હું જ શું એ રીતે નાણાં ન ઉપજાવત ? તે કોઈ કાકો કહે 'લાવ, તારાં નાણાં મને ૧૦ ટકા વ્યાજે આપ, ને હું એમાંથી ચાલી વગેરે બંધાવી ૨૫ ટકા ઉપજાવી એમાંથી ૧૦ ટકા તું ખા, ને ૧૫ ટકા હું ખાઉં ?', તો શું કાકાને મારા પૈસા ઉપર તાગડધિન્ના કરવા દઉં ? શું મને ૨૫ ટકા ઉપજાવતા નથી આવડતા ?

દેવદ્રવ્ય બિચારું ન-ધણિયાતું, અને સ્વયં ૨૫ ટકા ઉપજાવવાની આવડત કે પહોંચ વિનાનું બુધ્ધુ ને કમજોર, તે એના પર તમારી માયાજાળ નભી શકે.

**પ્ર.-** આ ડિંડવાણું કેમ ચાલ્યું ?

ઉ.- મૂળ પાયામાં ધર્મ ઉપર અને દેવાધિદેવ ઉપર જોઈએ એવો આદર નથી, એટલે આવી બધી ઘાલમેલ ચાલે છે. આદર હોય તો મનને એમ થાય કે મારા ભગવાનનું આ દ્રવ્ય એટલે મારાં પોતાનાં દ્રવ્ય કરતાં મારે મન ઘણું ઘણું કિંમતિ દ્રવ્ય, અને મારાં દ્રવ્ય કરતાં મારે ખૂબ વધારે કાળજી કરવાનું દ્રવ્ય. એમાં જરાય ઘાલમેલ ન થવા દઉં મારાં દ્રવ્યને સાચવવા-વધારવા જે ચિંતા-ચીવટ-કાળજી રાખું. પણ આના વાંધા છે, અને આદર જાત માટેની મનમાની સગવડો ઉપર છે, તેથી દેવદ્રવ્યના ભોગે સાધારણખાતાનાં મકાન-સગવડાદિ કરાય છે ને એ કરતાં આંચકો આવતો નથી !

**આ પંચમકાળમાં દેવદ્રવ્ય જાગતા દેવ જેવું છે. એની વિધિસર આરાધના કહો કે એની વિરાધના કહો એનો રોકડો જવાબ.**

દેવદ્રવ્ય વફાદારીથી સંભાળનારા અહીં પણ ન્યાલ થઈ ગયા, અને દેવદ્રવ્યમાં ઘાલમેલ કરનારા અહીં તારાજ થઈ ગયા.

**દેવદ્રવ્યની વફાદારીથી સમાધિ અને સમાધિમૃત્યુ મળે.**

સમાધિની કિંમત સમજો છો ?

**'જ્ઞાનસમું કોઈ ધન નહિ, સમતાસમ નહિ સુખ.'**

**મહાશ્રાવક લલ્લુભાઈની સમાધિ :-**

આ સમતા એટલે સમાધિ. સમાધિ જેવું દુનિયામાં સુખ નથી. કરોડોનું ધન છે પણ ચિત્તમાં સમાધિ નથી, ચિત્ત કોઈ વાતે અસ્વસ્થ છે, ચિંતાતુર છે, ભયભીત છે, તો ક્રોડોનું સુખ શું ? સમાધિ વિના સુખ નહિ. દેવદ્રવ્યની બરાબર કાળજી એ ચિત્તને સમાધિ આપે છે, યાવત્ સમાધિમરણ આપે છે.

મુંબઈ લાલબાગના સુરતી શ્રાવક સૌભાગચંદ લલ્લુભાઈ, એ એકવાર કહેતા હતા કે મારા બાપાજી સુરતમાં પોતાના મહોલ્લાનાં એક નાના દેરાસરનો હિસાબ દેવની કોથળી સંભાળતા; તે દેવદ્રવ્યને એટલું બધું પવિત્ર અને નાજુક સમજતા કે રૂપિયાનું પરચુરણ જોઈતું હોય તો બજારમાંથી લઈ આવે પણ દેવદ્રવ્યની કોથળીમાંથી રૂપિયો મૂકીને ન લે; ડરતા કે 'રખેને આ નાણું દેવભક્તિમાં આવેલું મારા ઉપયોગમાં આવતાં બુદ્ધિ બગાડે તો ?'

આ દેવ દેરાસર અને દેવદ્રવ્ય પ્રત્યેની વફાદારીએ એમના જીવનમાં ખૂબ શાંતિ-સ્વસ્થતા-સમાધિ રહેતી. કોઈ સાથે રગડો ઝગડો નહિ. કોઈ આકુળતા વ્યાકુળતા નહિ, પ્રતિક્રમણ વગેરે ધર્મસાધનાઓ મસ્તીથી કરતા. દેવદ્રવ્ય પ્રત્યેની વફાદારીએ જીવનભર સમાધિસુખ ભોગવ્યું.

એક દિવસ સવારે ઘરમાં કહે 'જુઓ, આજે હું જવાનો છું.'

'ક્યાં જવાના છો ?'

'બસ, પરલોક જવાનો છું.'

'આ, શું વાત કરો છો ?'

વાત એટલી જ કરવાની છે કે તમારે કોઈએ મારી પાછળ જરાય શોક કરવાનો નહિ, રોવાનું નહિ આટલી કબુલાત આપો એટલે મારે શાંતિથી જવાનું થાય. મરતાની પાછળ શોકરુદન થાય તો મરનારને એનું પાપ પહોંચે છે. મર્યા પછી ય મને તમારે પાપ પહોંચાડવું છે ? નક્કી કરો શોક નહિ કરવાનો !

કુટુંબે કબૂલ કર્યું. પછી પોતે નહાયા-ધોયા, મંદિરે જઈ મજેનું સ્નાત્રપૂજા ભક્તિ કરી બાદ મહોલ્લાના એક સારા માણસને બોલાવી લાવ્યા અને એને કહે 'જુઓ હવે મારે આ જીવન પૂર્ણ થાય છે. તો તમે આ દેવદ્રવ્યની કોથળી અને એના હિસાબની આ ચોપડી સંભાળી લો.' વાત નિશ્ચિતરૂપની અને ગંભીરપણે કરી એટલે પેલા ભાઈએ સંભાળી લીધું. પછી દિવસના ભરભલામણનાં કાર્યો



પતાવી લલ્લુભાઈ મહાન શ્રાવક સાંજના પ્રતિક્રમણમાં બેઠા. કુટુંબને કહ્યું 'તમે સૌ નવકાર બોલજો હવે મારે સમય થઈ ગયો છે.' બસ, પ્રતિક્રમણમાં જ આગળ-પાછળ ખૂબ સમાધિથી નવકારના ધ્યાનમાં લીન થઈ આ નાશવંત દેહ છોડી ગયા.

કેવું સુંદર સમાધિ મૃત્યુ ! શાનો પ્રભાવ ? દેવદ્રવ્યની વફાદારીનો

**દેવદ્રવ્યમાં ઘાલમેલનો પ્રભાવ ? તારાજી કરી નાખે.**

આ તારાજી એટલે શું એ સમજી રાખવા જેવું છે.

'તારાજી' એટલે કાં તો પૈસે ટકે પાયમાલી, યા પરિવાર અથવા શારીરિક આરોગ્ય કે આબરૂ વગેરેથી પાયમાલી; અથવા પૂર્વના પ્રબળ પુણ્યનો ઉદય હોય ને એમાંનું કશું ન બન્યું, તો ધર્મથી ધર્મભાવનાથી ભ્રષ્ટ થવાનું. દેવદ્રવ્ય ખાતેથી ઉપાશ્રયને લોન યા સાધારણ ખાતે લોન, કે દેવદ્રવ્યમાંથી સાધારણ ખાતાનો ચાલુ ખર્ચ...આવી આવી ઘાલમેલમાં જ્યાં ટ્રસ્ટીઓ સાથે સંઘ પણ સંમત-સામેલ હોય છે ત્યાં સંઘમાંથી નિર્મળ ધર્મભાવના ઊડી જાય છે. પછી બહારની ધર્મસાધના થોડી દેખાય, તોય એમાં ધન-પુત્રાદિની પ્રાપ્તિ, કીર્તિ-વાહવાહની પ્રાપ્તિ, ઈત્યાદિ લૌકિક લાભની આકાંક્ષા,...વગેરે મલિન આશયો કામ કરતા હોય છે. શાસ્ત્રોક્ત શુદ્ધતા અને વિધિથી ધર્મ કરવાની, તે નિરાશંસભાવે કરવાની ભાવના નષ્ટપ્રાય થઈ જાય છે.

દેવદ્રવ્યમાં ઘાલમેલના દાખલા આજે ય જોવા મળે છે. આખા કુટુંબ એમાં તારાજ થઈ ગયા. સંઘ રોટલાનો ભિખારી બન્યો; સંઘના આંગણે પરદેશી સાધર્મિક આવ્યો, તો એને જમાડવા લઈ જવાનો કોઈ ને ઉલ્લાસ જ ન મળે; થોડો ધર્મ કરીને બોર્ડ પર કે તકતી પર નામ ચડાવવા જોઈએ; આમ પૂજા વગેરેમાં હાજરી ! નહિ પણ સારી પ્રભાવના હોય તો મોટી હાજરી ! અને પ્રભાવના લૂંટવા પડાપડી ! દેરાસરના પૈસે કેશર-સુખડ-દૂધ-દીવા-પૂજારી ખપે !...આવી આવી કેંઈ નબળાઈઓ ઘૂસી. ત્યાં દેખાય કે ધર્મનું આલંબન પામીને પણ શુદ્ધ ધર્મભાવનાને બદલે મલિન વૃત્તિઓ કામ કરી રહી છે.

**દેવદ્રવ્યની વફાદારીમાં દેવદ્રવ્ય માત્ર સાચવી રાખવાનું નહિ :-**

દેવદ્રવ્યની વફાદારી એટલે માત્ર આવી ઘાલમેલ નહિ એટલું જ નહિ, પણ દેવાધિદેવની ભક્તિ બાજુએ મૂકી દેવદ્રવ્યનો સંગ્રહ જ કર્યે જવાનીય વાત નહિ. આજે જુઓ કેટલે ય ઠેકાણે દેવદ્રવ્યની કોથળીમાં લાખ રૂપિયા જમા હશે, પણ દેરાસરનું શિખર યા અંદરબહાર ઘુમટ-ભીંતો વરસોથી કાળી બુધા જેવી ચાલતી હશે ! ભગવાનની પૂંઠે ચંદરવો પૂંઠિયું સાવ ઝાંખા કે રદ્દી જેવા ટીંગાતા હશે ! શું આ દેવદ્રવ્ય સાચવવાની વફાદારી છે ? કે પોતાને દેવદ્રવ્યની મોટી મૂડીના

ટ્રસ્ટીપણાની ખ્યાતનો લોભ છે ?

**દેવનું નાણું શું દેવની શોભાને કામ ન લાગે ?**

પોતાની પાસે પૈસા પહોંચતા હોય તો પોતાનું મકાન સામગ્રી અને પોતાનો ઠાઠ કેવો રાખે ? પણ કહો, પોતાની જાત પર તો ભારે આદર છે, ત્યારે દેવાધિદેવ ઉપર એવો આદર નથી કે દેવાધિદેવને અને એમના મંદિરને ઠાઠથી રાખવાનો ઉમળકો રહે. એટલે જાતથી જુદી રીતે દેવાધિદેવ સાથે વ્યવહાર થાય છે.

પોતાની પાસે પૈસા પહોંચતા હોય તો પોતાનું મકાન સામગ્રી અને પોતાનો ઠાઠ કેવો રાખે ? પણ કહો, પોતાની જાત પર તો ભારે આદર છે, ત્યારે દેવાધિદેવ ઉપર એવો આદર નથી કે દેવાધિદેવને અને એમના મંદિરને ઠાઠથી રાખવાનો ઉમળખો રહે. એટલે જાતથી જુદી રીતે દેવાધિદેવ સાથે વ્યવહાર થાય છે.

એવું જ ધર્મક્રિયામાં-ધર્મસાધનામાં ડિંડવાણું છે. એના પર આદર નહિ, એટલે એ પતાવવાની વસ્તુ લાગે છે ‘ચાલો દર્શન પત્યાં, હાશ પૂજા પતી હાશ. ચાલો પ્રતિક્રમણ પત્યું, માળા પતી, હાશ,’ કેમ જાણે એની વેઠ માથે આવી પડી હતી તે વેઠ માથેથી ઊતરી ગયાની હાશ નિરાંત અનુભવાય છે. પછી એ ધર્મક્રિયા કેવી રીતે કે તો હશે ? વેઠ્યાવેઠની જેમસ્તો. એ વખતે ‘અહો ! આ અનંતકાળે પામવી દુર્લભ એવી મહાતારક ધર્મક્રિયા કરવા મને મળી ! મારું અહોભાગ્ય !’ એમ એના પર આદર, હરખ, વિધિની ચોકસાઈ અને ગદ્ગદતા જ નહિ મળે. એ જો હોય તો તો ધર્મક્રિયા-સાધના પૂરી થયા પછી એની ભારે અનુમોદના એવી ચાલતી હોય કે પછી દુન્યવી પાપ-ક્રિયાઓમાં હૈયું ભળે જ નહિ.

ત્યારે જોઈએ તો શું દેખાય છે ?

**હૈયું ધર્મક્રિયામાં નહિ ભળે એવું વાતો-ચીતો આદિમાં ભળે છે, કારણ ધર્મ પર આદર નથી.**

લાખ રૂપિયાનું સંવત્સરી-પ્રતિક્રમણ કરતાં જે હોંશ નહિ, એમાં જે હૈયું ભળતું નહિ, એવું પ્રતિક્રમણ પૂરું થયા પછી તરત જ વાતોચીતોમાં ને બહાર ફરવા નીકળી પડવામાં હૈયું ભળી ગયું દેખાય, એવી હોંશ અને હોંશ ઊછળતી દેખાય !

**વાતોચીતોમાં બાહોશ અને પડિક્કમણામાં બેહોશ, એ હૈયું ક્યાં ભળે છે ક્યાં આદર છે એનું સૂચક છે.**

એમ કહેતા નહિ કે



**પ્ર.**- તો પછી આદર ન હોય તો પ્રતિક્રમણ કરવા શું કામ આવે ?

ઉ.- તે આવવામાં આદર ખરો, પણ ધર્મક્રિયામાં એવો આદર નહિ. એટલે જ કેવા કેવા આશયથી ધર્મક્રિયા થાય છે એ તપાસવા જેવું છે. શું રાબેતા મુજબ પ્રતિક્રમણ કરવાનું એટલે આવે છે ? અથવા શું સંવત્સરી પ્રતિક્રમણ કરવા ન જઈએ તો લોકમાં સારા ન દેખાઈએ એટલા માટે આવે છે ? કે બાર મહિને આ એક પ્રતિક્રમણ કરીએ તો વરસભરનાં પાપ ધોવાઈ જાય એમ સમજીને આવે છે ? આટલો ય ધર્મ ન કરીએ તો પુણ્ય શું મળે, એવો આશય છે ? તપાસો શો આશય છે ?

અનેક આશયો હોય છે. એમાં પાપ ધોવાનો આશય ઉપયોગી થાય; પરંતુ એમાં જો હૃદયના પાપનો પસ્તાવો હોય તો પ્રતિક્રમણમાં એકેક પાપનું નામ બોલાતું જાય તેમ તેમ દિલ બળતું રહીને દુષ્કૃતગર્હા સાથે ‘મિચ્છા મિ દુક્કડં’ કરાતું જાય. આના પર હૃદયનો આદર હોય તો મન એમાં એવું તન્મય થઈ ગયું હોય ને પ્રતિક્રમણમાં ભારે પાપ-પશ્ચાત્તાપ-‘મિચ્છા મિ દુક્કડં’ કરવા મળ્યાનો એટલો બધો આનંદ હોય કે પ્રતિક્રમણમાંથી ઊઠ્યા પછી વાતો-ચીતોમાં આનંદ આવે નહિ.

આવું જો નથી થતું ને વાતોચીતો કે હરવા-ફરવામાં બહુ આનંદ આવે છે, હૈયું ફોરું રહેતું હોય છે. તો આદર વિશેષ શાના ઉપર છે એનું માપ નીકળે છે.

એ આવી રીતે પરખાઈ જાય છે.

**પ્રતિક્રમણ પર આદર ન હોવાનાં લક્ષણ :-**

(૧) પ્રતિક્રમણ જલ્દી પૂરું થઈ જાય એ મનોવૃત્તિ રહે છે અને વાતોચીતો રાતના અગિયાર વાગ્યા સુધી ચાલે તો ગમે છે.

(૨) વાતોચીતોના એકેક અક્ષર બોલે-શબ્દ પર પૂરું ધ્યાન છે કે શું બોલાય છે ને શું સંભળાય છે. ત્યારે પ્રતિક્રમણમાં અક્ષરો શું, પદોના પદો ને વાક્યોના વાક્યો કે ગાથાની ગાથાઓ ધ્યાન વિના ચાલી જાય છે !

(૩) વાતોચીતોમાં જેવી જેવી વાત તેવો તેવો રાગનો કે દ્વેષનો, હરખનો કે ખેદનો, વીરતાનો કે વિલાસ-શ્રૃંગારનો,...એવો એવો ભાવ જાગતો રહે છે; ત્યારે પ્રતિક્રમણમાં તે તે સૂત્ર ને ક્રિયાને અનુરૂપ ભાવ જગાડવાનું ઠેકાણું નથી ! નમુત્થુણં આવ્યું ને ચાલ્યું તો એમાં અરિહંત પરમાત્માની વિશેષતાઓ પર અદ્ભુત રસ સાથે અનુમોદનાનો ભાવ, વાંદણામાં પૂર્વાર્ધમાં ગુરુને નમ્રતાપૂર્વક શાતા પૂછવાનો ભાવ, ને ઉત્તરાર્ધમાં ગુરુ પ્રત્યેની આશાતનાના પશ્ચાત્તાપનો ભાવ, ખમાસમણામાં વિનયપૂર્વક નમ્રતાનો ભાવ,...વગેરે વગેરે ભાવ મિલાવવાનું ક્યાં છે ?

શું આ ઉપરથી પરખાઈ જતું નથી કે વાતો-ચીતો પર હૈયાનો કેટલો આદર છે ? ને પ્રતિક્રમણ પર કેટલો આદર છે ? તો પછી એનું ફળ પણ કેવુંક અને કેટલું આવે ?

જીવને જો પરલોકની અને આત્માની ભારે ચિંતા હોય તો તો આ ડિંડવાણા પર વિચાર આવે કે

**વાતોચીતો એ પાપકથા પાપ હોઈ એમાં ભારે રસ-આદર એટલે પાપકર્મ જોરદાર બંધાય; ને પ્રતિક્રમણ એ શુભક્રિયા હોઈ એમાં મામૂલી રસ-આદર હોઈ પુણ્યકર્મ મામૂલી ઊભા થવાનાં.**

કેવી દુર્દશા ! પાપ જોરદાર બાંધવાના ને પુણ્ય ફાસફુસિયાં બાંધવાના !

પરલોકની ચિંતાવાળો તો આ જોઈ ડઘાઈ જાય કે 'મારા બાપ ! આ શો ધંધો મેં માંડ્યો ? પરલોકમાં શું મારે કર્મનાં ખાસડાં જોરદાર ખાવા છે ? ને સુખ-સગવડ મામૂલી જોઈએ છે ? અહીં સારાં સુખમાં મામૂલી અગવડ પણ ખમાતી નથી, તો પરભવે નબળા સુખમાં જોરદાર દુઃખ-અગવડ શે સહાશે ?'

આત્માની ચિંતા હોય તો ચોંકી ઊઠાય કે 'હાય ! પાપના રસ જોરદાર રાખી મારે આત્મા પર કુસંસ્કારના કચરા જોરદાર વધારવાના ? ને સુસંસ્કાર ફાસફુસિયા ઊભા કરવાના ? મેલ ભારે ઊભો કરવાનો ? ને નિર્મળતા મામૂલી ? કોના વાંકે આ ? પાપમાં ભારે આદર ને ધર્મમાં બહુ આછો આદર, એ વાંકે આ ડિંડવાણું.

શાલિભદ્રના જીવે જોરદાર પુણ્ય ઊભું કર્યું, તે માત્ર દાનની પુણ્ય કર્યા પર નહિ, કિન્તુ એમાં અખૂટ રસ-આદર ઊછળતો હતો તેથી એ પણ ક્રિયા પતી એટલે રસ પતી ગયો, એમ નહિ, કિન્તુ એના પ્રભાવે પછીની ક્રિયાઓ અનાદિની ચાલ બદલ્યા પર ચાલી એના પર અતિ ભારે પુણ્યાઈ ઊભી થઈ.

**ધર્મ કરીએ ને અનાદિની ચાલ ન પલટે ?**

આપણા પર કોનો પ્રભાવ ? સંસારનો જ પ્રભાવ ? ધર્મ પામ્યા પછી પણ ધર્મનો પ્રભાવ નહિ ? સંસારની ચીજ મળે તો એના પર વિચારો-સંવેદનો-આંદોલનો શરૂ થઈ જાય છે ! પૈસા સારા મળ્યા, પત્ની સારી મળી, તો એના વિચારો એના આનંદ મગજમાં ઊભરાયા કરે છે ! અરે ! કોઈ બહારના સ્નેહીએ સારી વાત કરી તો એ મનમાં ગુંજ્યા કરે છે. તો શું સારા ભગવાન મળ્યા, એમના સુંદર દર્શન-પૂજન મળ્યાં, તો એના વિચાર-સંવેદન-આંદોલનો મગજમાં ચાલ્યા ન કરે ? જો એ ન ચાલતું હોય તો એનો અર્થ એ કે ધર્મનો આપણા પર હજી પ્રભાવ નથી પડ્યો.

ત્યારે, પૂર્વ જન્મોમાં ધર્મ પામેલા પણ આપણા કાન પર જેમ સંસારનો



વિષયોનો જ હોવાથી ધર્મને ભૂલવાનું અને સંસારના વિચારો-સંવેદનો ચલાવવાનું હતું, એ અનાદિની ચાલ આજે પણ ચાલુ ગણાય, તેથી આજે પણ ધર્મ કર્યા પછી એના સુખદ સંવેદનો ને વિચારો તરત ભૂલવાનું રાખ્યું છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૧૧,તા.૧૨-૧૧-૧૯૭૭**

શાલિભદ્રના જીવ સંગમે આ અનાદિની ચાલ પલટી, તેથી મુનિને દાન દીધા પછી થાળીનો ખીરનો લેપ પહેલીવાર ચાટવા મળે છે, છતાં આનંદ એનો નહિ, પણ દાન દીધાનો મનમાં ઊભરાયા કરે છે, વળી અનાદિની ચાલ પોતાનું સુકૃત બીજાને કહી વાળવાની અને માન ખાટવાની રહેતી તે ચાલ પલટીને અહીં સગી માતાને પણ પોતાનું સુકૃત કહેતો નથી.

આનંદ દેખીને માતા એનો ખીર ખાધાનો આનંદ સમજી રહી છે, ને એને લાગે છે કે તો પછી ભલે દીકરો બીજી થાળી ખીર ખાય તેથી કહે છે, 'ખીર બહુ ગમી ? લાવ, બીજી આપું ?'

તો અહીં તો ખીર ખાધી જ નથી તેથી બીજી ખીરની ના ક્યાં છે ? કહે છે, 'લે આપ બીજી ખીર.' તે માએ બીજીવાર ખીર આપી. ને એ હવે જીવનમાં પહેલી પહેલીવાર ખાઈ રહ્યો છે, સાથે આનંદ આનંદ ઊછળી રહ્યો છે; પણ શાનો ? ખીર-ખાવા મળ્યાનો નહિ, કિન્તુ પૂર્વે ઉપકારી ગુરુ મળ્યાનો અને દાન કરવા મળ્યાનો હરખ-હરખ છે. ચિત્તમાં એ ગુરુ અને દાનના વિચારો અને સંવેદનો ચાલી રહ્યા છે. કારણ ?

**ચિત્ત જો ધર્મનો પ્રભાવ ઝીલે તો અનાદિની ચાલ-ધર્મ ભૂલવાની ને સંસારના સંવેદનો ચલાવવાની ચાલ બદલે.**

સંગમે એ કર્યું છે, એટલો બધો ધર્મથી પ્રભાવિત થઈ ગયો છે. તે એની અતિ ગરીબ પરિસ્થિતિમાં કિંમતી ગણાય એવી સુંદર સુખદ ખીર ખાવાનો આનંદ નથી, ખાધા પછી એના આનંદભર સંવેદનો નથી. એને તો એ ગુરુ અને એ દાનના જ સુખદ-સંવેદનો પછી પણ ચાલ્યા કરે છે.

**સંગમને ધર્મનાં સંવેદન કેવાં ? :-**

'અ હા હા ! શું કમાલ દયાળુ ગુરુ મળી ગયા ! મોટા મોટા કોઈ શેઠિયાને ત્યાં ય કદાચ ન જાય. તે હું રાંક મારે ત્યાં પધાર્યા ! મોટા શેઠિયાઓને ત્યાંથી કાંઈ જ નહિ લીધેલ તે મારું રાંકનું લીધું ! ગુરુ ! ગુરુ ! આ તમારી મારા રાંક પર કેટલી બધી દયા ! કયા ભવે તમારા આ ઉપકારનો બદલો વાળીશ ? ક્યારે ફરીથી

આવા પરમ ઉપકારી ગુરુ મળે...! ગુરુ કેટલા બધા ઉપકારી ! મારી શી લાયકાત કે મારે આંગણે આવા મહાન ગુરુ પધારે ? ધન્ય ગુરુ ! ધન્ય મારો આ જનમ !'

એ જો જીવનના અંત સુધી આ સંવેદન ચલાવ્યા, તો એનો પ્રભાવ વધતો એવો ચાલ્યો કે પછીના શાલિભદ્રના અવતારે દેવતાઈ નિત નવી નવાણું પેટીઓમાં દિવ્ય ઝવેરાત, દિવ્ય વસ્ત્રો, દિવ્ય ખાનપાન વગેરેનાં માલ મળતા રહે છે એની વચમાં 'કેવા મારા ગુરુ મહાવીર પ્રભુ ! કેવા એ મારા આતમના ઉપકારી ગુરુ !' આ સંવેદન ચાલુ છે.

તમારે ભવાંતરે દેવ-ગુરુના આવા સંવેદન જોઈએ છે ?

તો અહીં આ સંગમ જેવા સંવેદન કરવા લાગી જાઓ. સંવેદનો દુન્યવી સારા પ્રેમાળ પત્ની-પુત્ર વગેરેના કર્યા કરશો ને દેવ-ગુરુના નહિ તો ભવાંતરે ક્યાંથી દેવ-ગુરુ મળશે ? ને મળ્યા તો ક્યાંથી એમનાં સંવેદન ચાલવાના ? સંવેદન પત્ની-પુત્રાદિના ચાલશે ! કેમકે

**અહીં જ ઘૂંટ્યું એ જ પરભવે આવડવાનું.**

ક-ખ-ગ-ઘ ઘૂંટ્યા હોય એને A-B-C-D ક્યાંથી આવડે ? એમ સાંસારિક વસ્તુનાં જ સુખદ સંવેદન ઘૂંટ્યા હોય એને દેવ-ગુરુ-ધર્મના સંવેદન ક્યાંથી આવડે ? અહીં જ જુઓ જનમથી ગુસ્સાના સંવેદન કર્યા હોય છે એને મોટા થયે ખામોશના સંવેદન ક્યાં આવડે છે ? વાતે વાતે ગુસ્સો જ દેખાડે છે. પરણીને જ વિષયાંધતાના સંવેદન કર્યાં હોય છે, વરસો એ ચલાવ્યા હોય છે એની પ્રૌઢ વયે પણ દુર્દશા હોય છે. તો એ પરભવે શું પામવાનો ? એ જ વિષયાંધતાનાં સંવેદન.

**ઉત્તરાધ્યયન સૂત્ર** કહે છે **'ચેતો ચેતો, અસંખયં જીવિય મા પમાયએ'** જીવતર અસંસ્કાર્ય છે, તૂટતાં સંધાશે નહિ, માટે પ્રમાદ ન કરો, ગફલતમાં ન રહો.' શું ? ગફલતમાં ન રહો.

**આગળ જે સારું પામવું હોય, એનાં ભરચક સુખદસંવેદન અહીં કરવા લાગે. એની વિરુદ્ધમાં સંવેદન પડતાં મૂકો.**

પરભવે વિષયોની ગુલામી નથી જોઈતી ? વિષયાંધતાનાં સંવેદન નથી જોઈતાં ? તો અહીં એ ગુલામી છોડો, મનમાં વિષયોનાં સુખદ સંવેદન બંધ કરો. એના બદલે બ્રહ્મચર્ય અને બ્રહ્મચારી પુરુષોનાં જીવન મનમાં રટતા રહો. આત્મ-સ્વભાવ જે વીતરાગ અનુભવી રહ્યા છે એ રટો.

પરભવે ગુસ્સાના સંવેદન ગુસ્સાની લાગણીઓ નથી જોઈતી ? તો અહીં ગુસ્સાની લાગણીઓ ઓછી કરો, ગુસ્સાના સંવેદન બંધ કરો; અને ક્ષમા-ખામોશ-સમતાના પ્રસંગે પ્રસંગે પ્રયોગ કરો, એના સુખદ સંવેદન મનમાં ચાલવા દો.



**પ્ર.**- ભાઈસાબ ! શું કરીએ ? પ્રસંગ પર ગુસ્સો આવી જ જાય છે.

ઉ.- પ્રસંગ પર ગુસ્સો ન આવે એ માટે પ્રસંગ વિના પણ જીવને આ સમજાવતા રહો કે 'પામર જીવ ! જો આમ જિંદગીના છેવાડા સુધી ગુસ્સાનો અભ્યાસ રાખીશ, તો પછી ઉપશમ-ખામોશ-ક્ષમા-સમતાનો અભ્યાસ ક્યારે કરીશ ? ધ્યાન રાખજે અહીં એ અભ્યાસ ન કર્યો તો પરભવે એ કરી રહ્યો. કેમકે અહીંના વારે વારે કરેલા ગુસ્સા પર પરભવે સારા અવતારની આશા શી ? તો, નરસા અવતારમાં ક્ષમાના અભ્યાસ શે થાય ? એ તો ક્ષમા-ઉપશમના અભ્યાસ અહીં કરીશ તો થશે. જીવન ક્યારે પૂરું થઈ જાય એની ખબર નથી માટે અત્યારથી જ મોકા પર ક્ષમા-સમતા-ખામોશ-ઉપશમનો અભ્યાસ ચાલુ કરી દે. પાછું, આના સુખદસંવેદન મનમાં ચલાવ કે 'અહો ! ક્ષમા કરવાનો કેવો સરસ મોકો મળ્યો ! સામો મારું પ્રતિકૂળ કરતો આવ્યો, તો મને આ ક્ષમા કરવાની તક મળી. ત્યારે, ક્ષમા પણ કેવી સુંદર કરવાની મળી ! ગુસ્સામાં તણાયો હોત અને કદાચ સામો દબાઈ જાત તો પણ એ અતિ તુચ્છ લાભ હતો; ને બીજી બાજુ ગુસ્સાના કુસંસ્કાર દૃઢ થયાનો મોટો ગેરલાભ થાત, ઉપરાંત આગળ ગુસ્સો સરળ બનત. તેમજ ભાવીમાં ક્ષમા માટેના કુસંસ્કારના વખા પડત. ધન્ય ઘઢી ! ક્ષમા રાખી, ને મોટા ગેરલાભથી બચ્યો અને ક્ષમાના સુસંસ્કારનો મોટો લાભ પામ્યો ! મહા ઉપકાર ક્ષમા શિખવનાર જિનશાસનનો ! જિનેશ્વરદેવનો ! ને સદ્‌ગુરુનો !'

આવાં માનસિક સંવેદન વારંવાર પછી પણ ચાલ્યા કરતા રહે તો અહીં મોકે મોકે ક્ષમાના અભ્યાસ થતા રહે, ને પરભવે એનો વારસો મળે.

**મૂડી કમાઈ રાખી હોય તો વારસો મળે ? કે મૂડી કમાયા વિના ? પરભવે સદ્‌ગુણો-સત્સંવેદનોનો વારસો શી રીતે મળે ? શાલિભદ્રને 'શી વાત મારા મહાવીર પ્રભુ !' શી રીતે મળ્યું ?**

શાલિભદ્રને મહાવીર ભગવાન જેવા ગુરુ અને 'શી વાત મારા ગુરુ મહાવીર ભગવાન !' એનાં સુખદ સંવેદન શી રીતે મળ્યા ? કહો, પૂર્વે સંગમના ભવે એણે એક જ વાર ગુરુ મળ્યાનાં સુખદ સંવેદન કર્યાં, તે પણ મળ્યા ત્યારથી જીવનના અંત સુધી સુખદ સંવેદન કર્યાં એટલે.

સંગમને મન પર ગુરુનો પ્રભાવ પડી ગયો. પ્રભાવ એવો કે દાનના દિવસે જ રાત્રે પેટમાં શૂળ ઊભી થઈ છે, મરણપથારીએ પડ્યો છે, ને વહાલસોયી માતા એને આશ્વાસન આપતી પંપાળી રહી છે 'છતાં એ સગી માતાને ભૂલી મનમાં ગુરુ પામવાના સુખદ સંવેદન કરી રહ્યો છે ! કે

'અહો ! કેવો સરસ કુદરતનો યોગ ! આ પીડા આ મોત જો એક દિવસ

વહેલું આવ્યું હોત તો હું રાંકડો આવા ગુરુ ક્યાંથી પામત ? સારું થયું કુદરતે આજે ઉપકારી ગુરુ મળી ગયા અને પછી આ મોત આવે છે ! મોતની મારે શી ફિકર ? ગુરુ મળ્યા ! ને દાન કરવા મળ્યું !'

ભયંકર શૂળની પીડાવામાં અને મરણથી ઝડપાવામાં આ શક્ય છે ? સહેલું છે ? હા, આપણા મન પર ગુરુનો ને ધર્મનો પ્રભાવ પડી જાય તો સહેલું.

**સંસારની વાત વસ્તુથી પ્રભાવિત છીએ તે હવે ધર્મ અને ગુરુથી પ્રભાવિત બની જઈએ તો મરણાંત પીડામાંય ધર્મસંવેદન શક્ય અને સહેલું,**

**શાલિભદ્રને પૂર્વભવે દાન ઉપરાંત થયેલ અનાદિચાલ-પલટો :-**

સંગમે ગુરુના સંવેદનની જેમ દાનનાં સંવેદન પણ મનમાં ભારે ચાલુ રાખેલા. તેથી મર્યો ત્યાં સુધી મનને ભારે ગદ્ગદતા રહેલી કે 'અહો ! મારે કેવી ધન્ય ઘડી કે મને દાન દેવાનો અવસર મળ્યો ! હું ગરીબ મારે વળી મહાત્માને દેવાનું શાનું બને ? એ, બની ગયું ? વહાલામાં વહાલી મારી ખીર, ને તે ય પહેલી જ વાર મળેલી એ મહાત્માના પાત્રે ગઈ ! અહો ! અહો ! ધન્ય જીવન !' સુકૃતનું આ ગદ્ગદ સ્મરણ-અનુમોદન એ સંવેદન. દાનથી પ્રભાવિત બહુ એટલે મરણાંત પીડામાંય એ સુલભ બન્યું.

શાલિભદ્રના જીવ સંગમના એક જ વારના ફક્ત થાળી ખીરના દાનનું કેમ એટલું બધું મહત્ત્વ ? કારણ કે એ દાન ધર્મ પર એને જબરદસ્ત આદર થયેલો હતો. એટલે જ પછીથી અનાદિની ચાલ અનાદિના લેખાં બદલાઈ ગયા હતા.

(૧) દાન લઈને મુનિ ગયા પછી પણ આને ગુરુ અને દાનના ભારે અનુમોદનાના સંવેદન ચાલ્યા. ક્યાં અનાદિની ચાલમાં ધર્મનો આનંદ ઝટ સુકાઈ જવાનું આવે, ધર્મનો આનંદ ઝટ સૂકવી નાખવો આ જીવની અનાદિની ચાલ છે.

(૨) ગુરુ અને દાનના આનંદના ચાલુ જુવાળમાં પહેલવહેલી વાર મળેલી ખીર ખાવાનો કશો આનંદ રહ્યો નહિ. અનાદિની ચાલમાં વિષયોનો આનંદ ધર્મના આનંદને ભૂલાવી દે.

(૩) સગી માતાને આગળ પણ પોતાનું દાનનું સુકૃત ગાયું નહિ. અનાદિની ચાલમાં પોતાનું સુકૃત બહુ ગાવાનું મન થાય.

(૪) દિવસભર ગુરુ અને દાનની અનુમોદના કરતો રહ્યો, પણ પહેલીવાર મળેલી ખીર મળ્યા-ખાધાની અનુમોદના નહિ. અનાદિની ચાલમાં એથી ઊંધુ. મન-માન્યો વિષય મળ્યાની જ અનુમોદના થયા કરે.

(૫) રાતે પેટમાં શૂળ ઊભું થયું ત્યારે પણ શૂળ અને કાયાની ચિંતા નહિ, પણ ગુરુ અને દાન મળ્યાની શુભ ચિંતા, ચિંતન, આનંદ. અનાદિની ચાલમાં



જરાક રોગ-તકલીફ-થાકમાં એના જ વિચારો ચાલ્યા કરે; પણ રુડો ધર્મ-નવકાર-અરિહંત-ધર્મ-સાધના કે સંયમના કશા વિચાર નહિ, સંતોષ-આનંદ નહિ.

(૬) મરવાની ઘડી આવી ગઈ તો ય ન માતાના આશ્વાસન તરફ લક્ષ કે ન મોત આવ્યાની હાયવોય, પણ ગુરુ અને દાન મળ્યાનાં ભરચક સંસ્મરણ અને ભરપૂર આનંદ. આ ચાલ બદલાઈ. અનાદિની ચાલમાં તો મોત વખતે સગાસ્નેહી તરફ દૃષ્ટિ અને પીડાની હાયવોય.

અનાદિની ચાલનાં અને ચાલ બદલ્યાનાં દેદારમાં કેટલું મોટું અંતર છે.

**ધર્મ પર અથાગ આદર ઊભરાય તો અનાદિની ચાલ પલટી જાય.**

**પછી એવા આદર સાથે ધર્મ કર્યાનાં ફળ અલૌકિક આવે.**

બોલો, તમને ધર્મ પર એવો આદર અને ઊછળતું બહુમાન છે ? એનું માપ અનાદિની ચાલ પલટ્યા પર મપાય.

છે મોખ અનાદિની ચાલ પલટવાનો ? ધર્મ કરીને એના ઊંચા ફળ જોઈએ છે, તો સમજી રાખો કે ધર્મના ઊંચા આદર વિના કરેલા ધર્મથી એ ઊંચા ફળ નહિ આવે, અને કહેતા હો કે 'અમને ધર્મ પર ઊંચો આદર છે', તો અનાદિની અધર્મની ચાલ પર આદર ન રખાય. આદર રહી શકે જ નહિ, રાખી શકાય જ નહિ. અનાદિની ચાલ પર આદર રાખો તો ધર્મનો આદર ન આવે.

એટલું સમજી રાખવાનું કે, માનો કે, દેવદર્શન-પૂજા કરો છો, હવે જો એના પર સારો આદર છે, તો ભલે કદાચ પૈસા-ટકા-વેપાર કે સગાસ્નેહી સાથે સંજોગવશાત્ વ્યવહાર કરવા પડે પણ એના પર હૈયાના આદર ન રહે, કેમકે એ અનાદિની ચાલ છે. આટલેથી પણ બસ નથી, કિન્તુ તુચ્છ વાતમાં સગા સાથે રગડા, ભારે ક્રોધ-અભિમાન, ઉલ્લંઠ આચરણ-ઈર્ષ્યા-વેરઝેર વગેરે વગેરે પર પણ આદર રખાય નહિ. કેમકે એ અનાદિની ચાલ છે. ધર્મ પર આદર એટલે માત્ર દર્શન-પૂજાના ધર્મ પર આદર અને બાકીના દયા-દાન-શીલ-તપ વગેરે ધર્મ ઉપર આદર નહિ, એમ નહિ...

**ધર્મ પર આદર એટલે ધર્મના દાનાદિ-ક્ષમાદિ બધા પ્રકાર ઉપર આદર.**

ધર્મનું આચરણ ઓછુવત્તું થાય એ બને, કિન્તુ જે ધર્મસાધના ન બની શકે એના પર પણ આદરભાવ પૂરો જોઈએ. કારણ એક જ કે ધર્મ કેમ ગમે છે ? એટલા જ માટે ગમે છે કે ધર્મ એ પાપથી મુકાવનાર છે, ને એથી જ દુર્ગતિપતનથી-સંસારવૃદ્ધિથી ધારી રાખનાર-બચાવનાર છે. સંસાર એટલે ? પાપના સાધન સરંજામ-પૈસા ટકા, પરિવાર, પ્રતિષ્ઠા-માન-સન્માન અને ક્રોધાદિ કષાયો; એ અને એનાથી થતાં પાપ, બધું જ સંસાર. સંસાર એટલે પાપ અને પાપસાધનો. ધર્મમાં બેસો

એટલે એટલા પાપ અટકે.

હવે જો ધર્મ તરીકે ધર્મ ગમતો હોય, તો શું, વ્રત ધર્મ કરી શકે છે માટે વ્રતધર્મ ગમે. અને દાન નથી દેતો માટે દાન ધર્મ ન ગમે ? ધર્મ-આચરણની વાત હમણાં બાજુએ રાખી. પણ એ વિચારો, કે ગમે શું ? આચરી શકાય નહિ એ જુદી વાત છે, પણ ધર્મ માટે માન્યતા કઈ ?

મનને વ્યવસ્થિત કરવાની જરૂર છે, આ વિચારીને કે 'ભલે હું માત્ર દેવદર્શન કરતો હોઉં, પરંતુ શું સમજીને એ કરું છું ? દેવદર્શન સારા ? કે ધર્મ સારો ? જો દેવદર્શન સારાં, તો શું જિનપૂજન સારું નહિ ? એ સારું ન હોય તો બેસતા વર્ષના દહાડે કેમ પૂજા કરવા દોડું છું ? જો એટલું જિનપૂજન જ સારું હોય તો સંવત્સરીએ કેમ ઉપવાસ કરું છું ? કેમ પ્રતિક્રમણ કરું છું ? કેમ બારસાસૂત્ર સાંભળું છું ? તપ સારો, પ્રતિક્રમણ-સામાયિક સારું, જિનવાણીનું શ્રવણ સારું માટે ને ?' મતલબ, 'ધર્મ કરવો સારો, માટે તો દેવદર્શનાદિ જે ધર્મ કરવાની સગવડ શક્યતા હોય તે કરવાનો,' આ જ ભાવના ને ? જો આ હોય તો પછી ન થઈ શકતા ધર્મ ઉપર પણ રુચિ-આદર તો રહ્યો જ. એટલે એના પર અરુચિ-અભાવ કેમ કરાય ?

**ઈર્ષ્યા રોકવા સમજ :-**

જો ધર્મ તરીકે દેવદર્શનાદિ ધર્મ પર આદર હોય, તો એનો આ પણ એક મહાન લાભ છે કે બીજાના દાન-તપ-આદિ ધર્મ પર ઈર્ષ્યા નહિ થાય. ઈર્ષ્યા જાગવા જાય ત્યાં મનને સમજાવી દેવાય કે 'તને ધર્મ ગમે છે. ધર્મ ઉપર આદર છે ? કે તારા જ ધર્મ પર આદર છે, તો તો ખરેખર તો એ તારાપણા પર એટલે કે અહંત્વ પર આદર આવ્યો, ધર્મ તરીકે ધર્મ પર નહિ, અને જો ધર્મ તરીકે ધર્મ પર આદર છે, પછી એ તારો શું કે બીજાનો શું, એના પર આદર જ કરાય; અભાવ કેમ કરાય ? બીજાનો સારો કે વધુ ધર્મ જોઈ જો ઈર્ષ્યા કરું કે એ શેનો આગળ આવે ?' તો તો એ ધર્મ પર અભાવ થયો કહેવાય.

**ઈર્ષ્યામાં ધર્મ પર અભાવથી ભવાંતરે દુર્લભબોધિ થવું પડે. ધર્મ ન મળે.**

**ભવાંતરે જો ધર્મ ન મળે, તો બાકી બચ્યાં પાપ ! એટલે કે પાપિષ્ઠતા મળે.**

ઈર્ષ્યામાં ધર્મ પર અભાવ ઊભો થાય એનો કેટલો મોટો જુલ્મ ? પરભવે પાપિષ્ઠ જીવન આપે ! પછી એ પાપિષ્ઠતા કેવી ! જેવો ભવ એવી પાપિષ્ઠતા; ભવ જો બિલાડીનો, તો ઉંદરો માર્યા કરવાની, ને મારવા માટે ઉંદરો શોધ્યા કરવાની પાપિષ્ઠતા ! બોલો, આ પસંદ છે ? જો ના, તો પછી બીજાનો ધર્મ બીજાનો ગુણ જોઈ ઈર્ષ્યા કેમ આવે છે ? કેમ એ સહાતો નથી ને સામાનું વાંકું બોલાય છે ? કેમ સામાની પ્રશંસા સાંભળી મોઢું બગાડાય છે ? એ ઈર્ષ્યાનું જ



લક્ષણ છે, ને તે ઈર્ષ્યા શા કારણે ? સામો સારો ધર્મ કરી રહ્યો છે સારા ગુણ ધરાવી રહ્યો છે એથી એનો યશ ગવાય છે માટે ઈર્ષ્યા ? આ ખતરનાક છે.

ધર્મ ચાહ્ય પોતાનો કે બીજાનો, ધર્મ તરીકે ધર્મ ગમતો હોય, શુદ્ધધર્મ પર જ આદર હોય, તો (૧) ઈર્ષ્યા ન થાય, તેમજ (૨) પોતાનાથી ન થઈ શકતા ધર્મ પર અરુચિ-અભાવ ન થાય. વળી (૩) ધર્મ-આદર વધારતા રહેવાય, કેમકે

**ધર્મ પર જેટલો આદર, એટલું ધર્મનું ફળ મોટું.**

**જેટલા પ્રમાણમાં સંસાર-સંસારની મનોરમ ચીજ પર અભાવ વધુ, એટલા પ્રમાણમાં ધર્મ પર આદર વધારે.**

**રાવણે માગવાની ઈન્દ્રને ના કેમ પાડી ? :-**

રાવણે અષ્ટાપદજી પર પ્રભુભક્તિ અવ્વલ કરી એના પર ધરણેન્દ્રે ભક્તિના બદલામાં માગે તે આપવાની ઓફર કરી, તો રાવણે કેમ એની ઘસીને ના પાડી ? કારણ આ જ, કે રાવણ સમજે છે કે 'આ ધરણેન્દ્ર શું આપી શકવાનો છે ? કોઈ સાંસારિક ચીજ હવે જો એના પર આદર કરું, તો મારા જિનભક્તિના ધર્મ પર આદર ઘટી જાય. ધર્મ કર્યો કર્યો ને એના પર આદર ઘટાડી નાંખું ? તો તો એના મહાન પારલૌકિક ફળના ટકા જ કપાઈ જાય !'

આ હિસાબ છે, સંસાર પર વૈરાગ્ય વધારો એટલો ધર્મનો આદર વધારે. ધર્મ પર આદર વધારે એટલું ફળ ઊંચું, પછી ચાહ્ય ધર્મ નાના પ્રમાણમાં દેખાતો હોય પણ ધર્મ પર વધુ આદર અનાદિની ચાલ બદલી કાઢે...

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૨૬,અંક-૧૨,તા.૧૯-૧૧-૧૯૭૭**

પૂર્વભવે શાલિભદ્રે ચાલ બદલી એમ કુમારપાળના જીવે પણ પૂર્વભવે અનાદિની ચાલ બદલેલી, તેથી માત્ર પાંચકોડીના ફૂલથી પૂજા જેવો નાનો ધર્મ કરેલો, પણ ખૂબ આદરથી; તેથી પછી અનાદિની ચાલ બદલેલી, એટલે કુમારપાળના ભવમાં મોટું ફળ પામ્યા ! ૧૮ દેશના રાજા ! પરમાર્હતપણું ! ઉચ્ચદયા ! ઉચ્ચ જિનભક્તિ ! અને ગણધરપણાનું પુણ્ય ! આ કમાયા !

**પ્ર.-** કુમારપાળના જીવે પૂર્વભવે અનાદિની ચાલ શી બદલેલી ?

**ઉ.-** રાજા કુમારપાળ પૂર્વભવે રાજકુમાર, વ્યસની-જુગારી-દુરાચારી બની ગયેલો ! તેથી બાપ રાજાથી દેશ નિકાલ કરાઈ લૂંટારો બની ગયેલ, એમાંથી ચિંથરે હાલ થઈ નીડર મુનિ મળતાં પાપનો પસ્તાવો કરી મુનિની સાથે ચાલેલો; ધર્મનો આરાધક બની પોતાની પાંચકોડીના સર્વસ્વથી પ્રભુની પુષ્પપૂજા કરનારો બન્યો.

આ બધું અનાદિની ચાલનો પલટો હતો, એમાં ય પ્રભુની આ પુષ્પપૂજા પામ્યો ત્યારે તો ગજબ પલટો પરિવર્તન પામ્યો, એને તીર્થંકર ભગવાન એટલે કોઈ અવનવા ભગવાન લાગ્યા ! એના મનને થયું

**ભગવાન પર વિચારણા :-**

'અરે ! હું કેટલો બધો અધમ ! અને મને ને આ સર્વોચ્ચ કોટિના ભગવાન મળ્યા ! મારો ને આવા અનંતગુણસંપન્ન ભગવાનનો મેળ શે બને ? મારી માટે એમાં મરવા કરતા ચારિત્રધર્મ સાધી લઉં.

જો જો હો કરોડપતિનો દીકરો છે, પરંતુ એક શાસ્ત્રવચને એના ચિંતક હૈયાને મથી નાખ્યું, હૈયે મહાવૈરાગ્ય જગાડી દીધો.

**જીવનમાં વૈભવ અને વિલાસને જ સર્વસ્વ માનનાર જીવથી કિંમતી શાસ્ત્રવચનની કદર થાય નહિ.**

પૈસા એના એ, પણ એના પ્રત્યે જીવોની રુચિ-રુચિમાં ફરક હોય છે. મમ્મણ શેઠની જેમ કોઈને મન 'પૈસા એટલે શી વાત !' ત્યારે બીજાને મન પૈસા કિંમતી તો લાગે, પરંતુ પોતાના રંગરાગ ગુમાવીને નહિ. એને રંગરાગ એટલે શી વાત !' ત્યારે ત્રીજાને વળી સામાન્ય રંગરાગ નહિ, કિન્તુ વિશિષ્ટ રંગરાગ ગમે, તે એ સાચવવામાં પૈસા ભલે જાય, એને મન તો 'ઊચ્ચ કોટિના રંગરાગ એટલે શી વાત !' તેથી એ ખરીદી શકાય માટે પૈસા એટલા જ વહાલા લાગે. તેથી એમાં પૈસા જતા કરવામાં ખરચવામાં એને સંકોચ નહિ. આમ પૈસા પર રુચિ રુચિમા ફરક પડે છે. આ હિસાબે

**જેને મન પોતાના આત્માની વિશેષ કિંમત વિશેષ મહત્ત્વ લાગે છે એને પૈસા વૈભવ પર ભારે રુચિ ભારે આસક્તિ ન હોય.**

એવું બની શકે છે એટલે બહુ પૈસા હોય, મોટો વૈભવ હોય, એટલે એના પ્રત્યે ભારે રુચિ હોય જ, અત્યંત રાગ હોય જ એવો નિયમ નથી.

**મદનવર્માનો રંગરાગ :-**

રાજા મદનવર્માને રંગરાગ પર એટલો બધો પ્રેમ હતો કે રાજા સિદ્ધરાજ એના પર ચડાઈ લઈને આવ્યો ત્યારે 'કોણ એની સાથે ખેલવા જાય ? એમ કરવામાં તો એટલો સમય રંગરાગ ગુમાવવા પડે ને !' એમ વિચારી સિદ્ધરાજને મોટી રકમ આપી પતાવવા ધાર્યું.

રાજા મંત્રીને કહે :- 'કોણ એ ભિખારી આવ્યો છે ?'

મંત્રી કહે :- 'તો જાઓ તમે એના ઠીકરામાં મોટી રકમ આપી એને રવાના કરો.'



બસ, મંત્રીએ ક્રોડનું ધન લઈ રાજા સિદ્ધરાજની સામે જાવાનું કર્યું, એને મળી નમસ્કાર કરી કહ્યું 'આ અમારા રાજા મદનવર્માની આપની સેવામાં ભેટ છે. એ સ્વીકારી પ્રસન્ન થાઓ !'

**પૈસા શું કામ કરે છે ? યુદ્ધને બદલે મુલાકાત :-**

હવે ખુબી જુઓ કે મદનવર્માને મન 'રંગરાગ એટલે શી વાત !' તે એના પર ભારે રુચિ હતી, ત્યારે સિદ્ધરાજને મન પૈસા પર ભારે રુચિ હતી એટલે એ વિચારે છે કે 'વગર લડ્યે આટલું બધું ધન સહેજમાં મળી જાય છે, તો પછી ફોગટ લડવાની કડાકુટમાં શા સારુ ઉતરવું ? વળી એની પાસે એટલી બધી ઉદારતા છે કે જેથી મને ક્રોડનું ધન આપી દેતા સંકોચ નથી એ પોતાના સુભટોને ય ઉદારતાથી કેટલું ય આપતો હશે ! એમની વફાદારીની સુરક્ષા તથા એમની પ્રત્યેની પરગજુતાના હિસાબે કેટલું ય ધન રેલાવતો હશે, તો એ સુભટો એના માટે કેટલા મરી ફીટે એવા હશે ? એમની સાથે યુદ્ધ કરવામાં કોને ખબર મારી સેના હારી જાય અને એ મરણિયા જીતી જાય તો ? માટે આ જોખમ ખેડવા કરતાં લાવોને અઢળક ધન મળે છે ને ? તો એ લઈને થઈએ ઘરભેગા.'

સિદ્ધરાજે લડાઈ તો માંડી વાળી તો માંડી વાળી, પણ એને કૌતુક થયું કે રાજા મદનવર્મા એવો તે કેવો ભાગી હશે કે એને બહાર નીકળવાની પડી નથી, ને આવું ક્રોડ રૂપિયાનું કામ દિવાન દ્વારા પતાવે છે ?

**સિદ્ધરાજને દિવાનનું આમંત્રણ :-**

દિવાન કહે 'મહારાજ ! એ અહીં નહિ આવી શકે ! એટલા એ ખટપટથી દૂર રહે છે. છતાં આપ પધારો મહેલમાં, આપને અમારું આમંત્રણ પણ છે. અમારા મહેમાન થાઓ.

સિદ્ધરાજ હવે રાજા મદનવર્માને જોવા ખૂબ આતુર બન્યો છે, તે હવે સમજી બેઠો છે કે 'હે...મદનવર્મા આ અહીં જોવા મળ્યો...' પણ મહેલમાં બેઠા પછી આલીશાન હોલમાં ય એનું દર્શન નથી, તેથી પૂછે છે 'ક્યાં છે મદનવર્મા મહારાજા ?'

દિવાન કહે 'મહારાજા સાહેબ ! હજી આ સાત ઓરડા વટાવવા પડશે, ત્યારે અંદરના મુખ્યમંડપમાં એમને જોઈ શકાશે.'

**મદનવર્માનો ઠાઠ :-**

સિદ્ધરાજ સ્તબ્ધ થઈ જાય છે કે 'આ તે કોઈ માનવ છે કે દેવ ?' જેમ જેમ સિદ્ધરાજને અંદર લઈ જવામાં આવે છે, તેમ તેમ અંદર અંદરના મંડપની નવનવી શોભા-શણગાર-સજાવટ જોતાં જોતાં સિદ્ધરાજની અક્કલ કામ કરતી નથી. જાણે

દેવતાઈ સજાવટ જોઈ લો ! તે ઠેઠ અંદરના ગર્ભગૃહમાં જ્યાં ઈન્દ્રાણીઓ જેવા ઠાઠવાળી રાણીઓથી વિટંળાયેલ રાજા મદનવર્માને ઈન્દ્રના જેવા ઠાઠવાળો જુએ છે, ઉપર અને ચારે ચારે બાજુ હીરા-માણેક-મોતીના શણગાર જુએ છે, ત્યાં સિદ્ધરાજના મનને ક્ષણભર આંચકો લાગી એમ થાય છે કે 'આ શું ? પૃથ્વી પર દેવતાઈ ઠાઠ ! ને દેવતાઈ વિલાસ ! પૈસા તો મારી પાસે પણ ક્યાં નથી ? પરંતુ ક્યાં નિશ્ચિત મનથી, બીજી કોઈ ખટપટ માથે રાખ્યા વિના, આવા વિલાસમાં મહાલવાનો છે? શું ત્યારે પૈસાનો ઉપયોગ મને પેટીઓમાં પૂરી રાખી એવા વિશાળ સંગ્રહ પર અભિમાન જ લેવાનો ? કે પૈસાનો ઉપયોગ આવા વિલાસે મહાલવાનો ?'

**સંગ્રહ-ઉપભોગમાં ફરક :-**

ધનમાં એ હીરાના હાર અને મોતીની સેરો પેટીઓમાં એમજ રહે છે, ને જેમ અહીં દેખાય છે તેમ ભીતો પર અને ચંદરવેથી લટકતી પણ એમ જ રહી શકે છે. પણ એક સંગ્રહ છે. બીજો ઉપભોગ છે. વિલાસ છે.

**માત્ર સંગ્રહમાં જ રાજી થનારો દાટેલા ધન પરના રાફડાથી જ રાજી થનારા એરુ(સાપ)થી શી વધારે બુદ્ધિ વાપરી રહ્યો છે ?**

સિદ્ધરાજને મદનવર્મા માટે માન જાગે છે, તે મદનવર્મા જ્યાં એનું સ્વાગત કરે છે ત્યારે સિદ્ધરાજથી બોલી જવાય છે 'ભાઈ ! તમારો ભારે ઠાઠ !'

મદનવર્મા કહે 'કાંઈ નહિ, આ તો આનંદ-મંગળની વાત છે. જીવન અને સામગ્રી મળી છે, તો આનંદ મંગળમાં રહેવું'

સિદ્ધરાજ ઓવારી જાય છે. અને ધન્યવાદ આપે છે. પછી એના આનંદમંગળમાં દખલ ન કરવી એ હિસાબે ત્યાંથી મનમાં મુગ્ધ બન્યો ચાલ્યો જાય છે. વૈભવ માણવાની કે વિલાસ માણવાની ડિગ્રી છે. સિદ્ધરાજ વૈભવ માણી રહ્યો છે. મદનવર્મા વિલાસ માણી રહ્યો છે. પરંતુ જોજો હો, મદનવર્માનો વિલાસ સાંભળીને મનમાં વિલાસના ગિલગિલીયાં લાવશો નહિ. 'મદનવર્મા બહુ ભાગ્યશાળી' એવું વિચારશો નહિ. કેમકે ભોગના આનંદમંગળ કરતાં દાન-સુકૃતની હારમાળાનો આનંદ કોઈ અનેરો છે. વસ્તુપાળ-તેજપાળ જેવા એ અનુભવ કરતાં હતાં. એમાં વળી સર્વત્યાગનો આનંદ તો અજોડ છે. એના આનંદથી સાથે તુલનામાં ઊભા રહેવા માટે મોટા ઈન્દ્રનાય ભોગ-વિલાસનો આનંદ સમર્થ નથી. એ શાલિભદ્રે, એ જંબુકુમારે, એ ચક્રવર્તી સન્તકુમારે સર્વત્યાગ કરી જે આનંદ માણેલા, તેની આગળ વૈભવવિલાસના આનંદ વિસાતમાં નહોતા.

**ભોગ કરતાં ત્યાગનો આનંદ કેમ ઊંચો ? :-**

**(૧) વિલાસનો આનંદ વિલાસના સાધનનો પરાધીન છે. માટે પરિમિત છે.**



**ત્યારે ત્યાગનો આનંદ સ્વતંત્ર છે. સ્વાધીન છે. માટે અમર્યાદિત છે.**

(૨) વિલાસના આનંદમાં સાધન જેટલી લિમિટ છે, હદ છે, કે આટલાં સાધને આટલો આનંદ; ત્યારે ત્યાગના આનંદમાં લિમિટ-હદ-મર્યાદા નથી, કે આટલો જ આનંદ.

(૩) વિલાસથી આનંદ માણવામાં અંતે રોવાનું; કેમકે 'અંતકાળે વિલાસ અને આનંદ બધાજ લોપ ! અને હવે મારે ક્યાં જવાનું' એ મોટો ભય ! મોટી ચિંતા ! ત્યારે ત્યાગથી આનંદ માણતાં જીવનના અંતે કોઈ દુઃખ નહિ, કોઈ ચિંતા કે સંતાપ નહિ કે 'હાય ! હવે મારે ક્યાં જવાનું ?'

વિલાસની ચકચુરતામાં પરભવે બેહાલ કર્મના દારુણ વિપાક, ત્યારે ત્યાગના પરિણામે સુખદ સદ્ગતિ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૧૩,તા.૨૬-૧૧-૧૯૭૭**

પ્રશ્ન આ હતો કે પેલા વિનોદને ઘરે ક્રોડ સવાક્રોડ વૈભવ અને એનાથી સુલભ ભારે વિલાસ હતા, તે એકદમ જ એના પર વૈરાગ્ય શી રીતે થઈ ગયો ? 'અસંખયં જીવિયં' તો અમે પણ સાંભળીએ છીએ, 'આયુષ્ય' તુટ્યાનો સાધો નથી માટે હે જીવ ! ગફલતમાં ન રહે', એ તો અમે પણ સમજીએ છીએ તો અમને કેમ વૈરાગ્ય નથી થતો ? ત્યાગની ભાવના કેમ થતી નથી ?

આનો ઉત્તર એ વિચારીએ છીએ વૈભવ કે વિલાસ પર રુચિ-રુચિમાં ફરક છે. તેથી એના પર ગાઢ રુચિ-આસક્તિ હોય એને વૈરાગ્ય થવો મુશ્કેલ.

**વૈભવની કે વિલાસની ગાઢ આસક્તિ એ હૈયા પર એક પ્રકારનો ભાર છે. એ વૈરાગ્યની ફોરાશ ન આવવા દે.**

જેમ દીકરી મોટી થઈ હોય તો માબાપના દિલ પર એક ભાર રહે છે તે આઘો જાય પાછો જાય ત્યાં મન સામે એ આવે છે કે 'આનું ક્યાં ઠેકાણું પાડવું ?' એમ, વૈભવ-વિલાસનો મન પર ભાર રહેવાથી આઘો જાય પાછો જાય બધે મન સામે એ આવે છે કે 'એ અખંડિત કેમ રહે' જેમ કોઈ સારો મુનીમ મળ્યો હોય કે જે વેચાણમાં હોશિયાર હોય, તેમજ હિસાબ-કિતાબમાં ચોખ્ખો હોય, અને શેઠે માની લીધું હોય કે 'પુણ્યોદય છે કે આવો સારો માણસ મળી ગયો છે. આપણે તો એના પર નિશ્ચિન્ત છીએ,' તો એ મુનીમ દિલ પર એક પ્રકારનો ભાર છે, તેથી તો એને સાચવી લેવા બીજું ઘણું જતું કરે છે, એ તો કડક સ્વભાવ, એની અનિયમિતતા, અવસરે એનો અવિનય વગેરે એનું ઘણું ઘણું અનિચ્છનીય ચલાવી

લે છે, સહન કરી લઈ માને છે કે 'આ બહુ ધ્યાન પર લેવા જેવું છે ? એ કમાણી કેવી કરી આવે છે !' આ કોણ કરાવે છે ? હૈયા પર એ માણસનો ભાર કરાવે છે. એમ, વૈભવ કે વિલાસનો ભાર. એની ગાઢ આસક્તિનો ભાર, ભલે મનને એથી નિશ્ચિન્તતા લાગે, પણ મન પર એનો ભાર છે જ, જે એના ખાતર બીજું ઘણું ચલાવી લેવા ને સહન કરી લેવા પ્રેરે છે.

જો આ ભાર ઓછો હોય તો ફિકર-ચિંતા ઓછી રહે, ને બીજું કષ્ટ સહી લેવાનું કે બીજાં અનિષ્ટ ચલાવી લેવાનું ઓછું બને.

આ પરથી સમજાશે કે

**વૈભવનો ને વિલાસનો ભાર શાલિભદ્રને કેમ નહિ ? :-**

શાલિભદ્રને વૈભવ તો દેવતાઈ, તેય રોજ નવનવો આવ્યે જતો હતો, છતાં મન પર એનો ભાર નહોતો, તેથી આજનો માલ બીજે દિવસે તિજોરી-ખજાને સંઘરવાની વાત નહિ, પણ એંઠવાડિયા કૂવામાં નખાવતા !! ભાર હોત તો મનને થતું 'આને ક્યાં સંઘરું ? જેથી એ મૂડીરૂપ થાય.' પણ ભાર નહોતો. એ જ હિસાબે વિલાસના ભાર પણ મન પર નહિ હોય તેથી માતાએ ૩૨ સ્ત્રીઓ પરણાવી તો હવે એના પર ૬૪ પત્ની કરવાનું મન ન થયું. ઊલટું બત્રીસને કહે 'તમારી બધીનું અહીં શું કામ છે ? જાવ વારાફરતી થોડી માતાની સેવામાં.' પરંતુ એ બિચારી જાય નીચે માતાની સેવામાં, તો મા કહેતા 'અહીં શું કામ આવી ? મારી સેવામાં તો દાસીઓ ઘણી છે, જાઓ તમે મારા કનૈયાને આનંદ આપો એથી મને બહુ આનંદ થશે.' શાલિભદ્રને વિલાસનો હૈયે ભાર નહોતો, ગાઢ આસક્તિ નહિ તેથી જ ચોંક્યા 'હેં ? શ્રેણિક મારો માલિક ? માલિક તો એક માત્ર મહાવીર ભગવાન. પરંતુ આ ભોગસામગ્રી અને ભોગમાં બેઠો છું માટે મારા જેવા ભોગના ગુલામે એક રાજાને માલિક કરવો પડે છે. **ભોગનો ગુલામ કોનો કોનો ગુલામ નથી થતો ?** બધું છોડી, જાઉં મહાવીર ભગવાનના ચરણે બેસી જાઉં. જેથી પછી એ જ માલિક રહે અને એમની જ ગુલામી કરું. ન રાજાની ગુલામી, કે ન ભોગ-ભોગસામગ્રીની ગુલામી માથે રહે.'

હૈયે વિલાસનો ભાર હોત, એ જ જીવન-સર્વસ્વ લાગતું હોય, તો આ વૈરાગ્ય અને આ ત્યાગ-ભાવના ન આવત. મન પર વિલાસનો ભાર હોત તો રાજાની ગુલામીનો વિચાર જ શાનો આવે ? અને કદાચ નથી ને આવી ગયો તો મન વળી લેત કે 'ભલે ને એ માલિક કહેવાતો, ક્યાં આપણે એની ગુલામી કરવા જવું પડે છે ? આપણે તો આ બત્રીસ સ્ત્રીઓ અને દેવતાઈ નવાણું પેટીના વૈભવના રંગરાગમાં મસ્ત છીએ.'



હૈયે ભોગવિલાસના ભારવાળાની આવી દશા હોય છે. એટલે સ્ત્રી માથાભારે મળી હોય અને એની ગુલામી કરવી પડતી હોય, તો ય મન વાળી લે છે કે 'આમાં વાંધો નહિ, સુખ એ આપે છે ને ?' એવા વૈભવના ભારવાળાની દુર્દશા છે. વેપારમાં કેટલીય આફતો મુશીબતો આવતી હોય, સરકારી ઓફિસરોની સતામણી વેઠવી પડતી હોય, પરંતુ મન વાળી લે છે કે 'એ તો ચાલે, પૈસા આ વેપાર આપે છે ને ? આવાને કોઈ એકની શું અનેકોની ગુલામી કરવી પડતી હોય તો ય એને કશી નાનમ ન લાગે, ઉદ્વેગ ન થાય.

ત્યારે, શાલિભદ્રને આ ખટક્યું કે 'શું મારા માથે શ્રેણિક રાજા માલિક ? એટલે શું મારે એની ગુલામી ? આ વૈભવવિલાસમાં પડ્યો રહું માટે જ ને ? બસ, તો ના જોઈએ આવા વૈભવ ને વિલાસ. મારે તો હવે જોઈએ સર્વત્યાગ અને મહાવીર ભગવાનની ચરણસેવા.' હૈયા પર જો વૈભવ-વિલાસના ભાર હોત તો તો આવો વિચાર ન આવત.

**વિનોદ ક્રોડપતિ છતાં વિરક્ત :-**

બસ, આવી જ દશા આપણા વિનોદની સમજી લો. કરોડપતિનો દીકરો, છતાં એના હૈયા પર ભરચક વૈભવ-વિલાસનો પણ ભાર નહોતો તેથી 'અસંખયં જિવિયં, મા પમાયએ' એવાં શાસ્ત્રવચન પર એના મનને થયું કે 'ગમે તેટલા વૈભવ-વિલાસ છતે ય જો આયુષ્ય તુટ્યાનો સાંધો નથી, અને ગફલતમાં રહ્યે બહુ માનેલા વૈભવવિલાસ ઊડી જ જવાના, ને પાપના બોજથી પછી જીવની અશુભકર્મના એક કેદી તરીકે અધોગતિમાં ફેંકાઈ અને ફેંદાઈ જવાનું, તો પછી શા સારુ મારે આ પાપ વૈભવવિલાસમાં ફસાયા રહેવું ?' બસ, મનથી એણે ત્યાગમાર્ગ લેવાનું નક્કી કરી દીધું.

હવે મુંઝવણ એ છે કે બાપાજીની ચારિત્ર માટે રજા શી રીતે લેવી ? દાક્ષિણ્ય નડે છે કે એકદમ ચારિત્રની વાત કરવી કેવી રીતે ? એટલે એણે પોતાના પિતાને કહ્યું કે 'મારે થોડો વખત સાધુ મહારાજ પાસે શાસ્ત્ર ભણવા રહેવું છે.' આમ સાદી વાત મૂકી. સમજે છે કે આટલું મંજુર થવા દે, પછી એકવાર સાધુનો સત્સંગ હાથ આવ્યા પછી આગળ વધતા વાર નહિ લાગે.

પરંતુ આને ક્યાં ખબર છે કે સંસારના દલાલો કેવી કુનેહ ચલાવે છે, ને કેવી ગુલાંટ પણ મારે છે ! બાપે વિનોદને કહ્યું 'હમણાં જરા ખમ, પછી જોઈશું.'

વિનોદ શું કહે ? મનમાં તો પેલું શાસ્ત્રવચન રમ્યા કરે છે 'અસંખયં જીવિયં' કોને ખબર આયુષ્ય ક્યારે તૂટે ? અને તૂટવા બેસે ત્યારે એનો સાંધો થાય એવો નથી. તો ધરમના કાર્યમાં ઢીલ કરવી વ્યાજબી નથી.' પણ શું કરે ? બાપને

આગ્રહ કરી શક્યો નહી. એમ થોડો વખત આંતર વિમાસણમાં પસાર કર્યા પછી વળી ફરીથી પિતાને કહે,

'બાપુજી ! મારે સાધુમહારાજ પાસે રહી શાસ્ત્રાધ્યયન કરવું છે.

બાપ કહે 'હમણાં એટલી બધી શી ઉતાવળ છે ? હમણા ખમ, પછી જોઈશું.

વિનોદનો દાક્ષિણ્યવાળો સ્વભાવ, તે બળજબરી કરી શક્યો નહિ, ને અંતરમાં જાણે મૃત્યુ અર્થાત્ અંત સામે જ દેખાય છે ! તેથી વલોપાત ચાલુ છે. તે વળી પાછો એ જ સવાલ પિતાની આગળ મૂકે છે.

બાપ એને ખમવાનું કહે છે. એટલે એને બેસી રહેવું પડે છે. પણ હવે બાપે જોયું કે આનું મન ઉછળ્યું છે, તેથી હવે એને બીજા કશામાં વાળી દેવો જોઈએ. નહિતર જ્યારે એના મનમાં આ જ રટણા છે, ને ઘરમાં આટઆટલી સમૃદ્ધિ છતાં આ ધુન જ્યારથી જાગી છે ત્યારથી એને કશી મોજ-મજાહ માણવાનું મન થતું નથી, તો જરૂર એને વૈરાગ્ય થયો લાગે છે. તે હવે જો સાધુ પાસે રહે તો તો વૈરાગ્યની માત્રા વધી જાય. પછી કાંઈ સંસારમાં રહી શકે નહિ. છોકરો ઉંમરમાં આવેલો છે એટલે સંસાર સમજી શકે નહિ એવું નથી. આટલી સમૃદ્ધિ છતાં એને કોઈ રંગરાગ સૂઝતા નથી. હવે એ સાધુની પાસે રહે તો તો ઊંચકાઈ જ જાય. માટે હવે આને સંયોગ બદલાવવાં જોઈએ. તેથી એક દિવસ અવસર જોઈ બાપ વિનોદને કહે,

'ભાઈ વિનોદ ! આપણી આફ્રિકાની પેઢીના મેનેજરને રજા ઉપર જવું છે એટલે તારે ત્યાં થોડો વખત પેઢી સાચવવા જવું પડશે. કેમ જઈશ ને ?'

વિનોદને મંડાણી. મનમાં સાધુ પાસે રહેવાની લાગણી છે કેમકે એક શાસ્ત્રવચન પર એનો આત્મા જાગી ગયો છે એટલે એને થાય છે કે,

**આ ઊંચા જનમની ઉચ્ચતાને શોભતું કાર્ય શું ? :-**

**'તો પછી બહુ બધાં શાસ્ત્ર ભણવા મળે તો અંતરાત્માને કેટકેટલો તત્ત્વપ્રકાશ મળે ! ને એથી આ ઉંચા જનમમાં કેવી ઊંચી સિદ્ધિ થાય ?**

બાકી પેટ તો કૂતરાય ભરે છે, ને પેટ માટે ઊભું કરવાનું ય કૂતરા પણ કરે છે. પણ એથી આટલા ઊંચા જનમનું એની ઉચ્ચતાને શોભતું ખાસ કાર્ય શું સધાયું ? અહીં, જ્યારે આવા રુડાં શાસ્ત્રો મળે છે, તો શું એનો પ્રકાશ લઈ લેવામાં જ જીવન ગાળવું જોઈએ ? કે એને પડતા મૂકી અહીં અને ભવિષ્યમાં ઘોર અંધકાર રેલાવે એવી જનાવરની ચેષ્ટા જેવી મોહમાયાની પ્રવૃત્તિમાં જ જીવન બરબાદ કરવું જોઈએ ?



વિનોદનો આ ઉચ્ચ આત્મા આ વિચારમાં આફ્રિકા જવામાં સંયમજીવન અને તત્ત્વપ્રકાશકારી શાસ્ત્રવ્યવસાયથી દૂર ફેંકાવાનું જોઈ અંતરથી કકળી રહ્યો હતો; પણ પિતાની આજ્ઞા સામે કાંઈ બોલી શક્યો નહિ, પિતાને આના અંતરના કકળાટની ક્યાં ગમ હતી ? નાનું બચ્ચું અંતરના દુઃખ પર રોઈ નાખે તો માબાપને લાગણી થઈ આવે છે, અહીં વિરાગી જીવ એવા રુદન નથી કરતો એ જ ખામી ને ? જેથી માબાપને એના અંતરની ભારે બળતરા પર લાગણી નથી થઈ આવતી ને ? હમણા મુમુક્ષુ જીવ રોજ વહેલી પરોઢે ઊઠીને અંતરના સંતાપનું કરુણ રુદન મોટેથી કરે, તો તો કદાચ લાગણી થઈ આવે. પછી ભલે રુદન ભગવાનને ઉદ્દેશીને પ્રાર્થના રૂપ હોય, માતાપિતાને કશું ઠપકારૂપે ન હોય, એવો કલ્પાંત હોય કે

**વહેલી પરોઢે મુમુક્ષુની રુદનભરી પ્રભુપ્રાર્થના :-**

'ઓ મારા ભગવાન રે...આ તારા સેવકની કેવી દુર્દશા કે છતી સંયમની ભાવનાએ કલ્યાણકારી સંયમપંથ નથી મળતો, અને વિનાશકારી મોહમાયામાં બેસી રહેવું પડે છે ! તો પ્રભુ ! મારે આ રોજના અસંખ્ય જીવોના સંહારખાનામાં અને અઢારપાપસ્થાનકની કુડી કુટિલ રમતમાં જ ગોંધાયા રહેવાનું ? તો પછી મને પ્રભુ ! આવો ઊંચો જનમ શા માટે આપ્યો ? જો અહીં આ પાપની ગોંધામણમાં જ આ અસંખ્ય અનંત જીવાને અભયદાનનું ઉચ્ચ જીવન ક્યારે ક્યાં મળવાનું ? ઓ મારા નાથ ! મારા અંતરાયકર્મને તોડ, ને મને તમારામાં સમાવી લે, તારું શરણું આપ, તારી જ એક રટણા, તારી જ એક સેવા, અને તારી જ એક માર્ગની આરાધના માટે જ મળેલા આ જનમમાં પ્રભુ ! મને એ જ આપ. દયા કર મારી પર, નહિતર એ વિના તો હું અહીંની ગોઝારી વિષયરમતથી નરકમાં ઘસડાઈ જઈ ભયંકર છેદન-ભેદન આદિના કારમા કષ્ટમાં ફેંકાઈ જઈશ ! મારા ડૂચા નીકળી જશે. પ્રભુ ! પ્રભુ ! મને બચાવી લે."

ઠંડી પરોઢના શાંત નીવર વાતાવરણમાં આવા કરુણ રુદન એક બે અને ત્રણ દિવસ થયા ત્યાં તો માતા પિતા અને કુટંબને લાગણી થઈ આવે. એ રુદન વળી વચમાં વચમાં ધ્રુસકા સાથેના હોય તો તો પૂછવાનું જ શું ? અને વૈરાગ્યની આગના લીધે અંતરમાંથી એ ઉઠતા હોય એટલે અસર કરી જાય. નાટકિય રુદનની અસર ન થાય.

**ખોટી દયા અને સ્વાર્થ ભયંકર :-**

વિનોદને આવું કાંઈ રુદન ન હતું. માત્ર અંતર કકળી રહ્યું હતું તેથી માતાપિતાને શી રીતે એ ચમકારો લગાડે ? અને કદાચ દીકરીની ઉદાસ મુદ્રા કે 'મારું દિલ કકળી રહ્યું છે,' એવા શબ્દોથી અંદર કકળાટ જાણવામાં આવ્યો તો

બચ્ચાની ખોટી દયા ખાનારા કે સ્વાર્થની માયાવાળા મા-બાપને એની એવી લાગણી નથી થઈ આવતી કે 'આ બિચારાનું અંતર કળે છે, તો... ત્યાગમાર્ગે જઈ સુખી થાય' એ તો તમે અંદરમાં સળગ્યા કરો. માબાપ તો કહેશે 'મૂર્ખો છો, અત્યારથી ત્યાગ શાનો ? શું અમને રખડાવીને અમારા દિલ ભાંગીને જવું છે ?' અથવા ખોટી દયા ખાઈ કહેશે 'બિચારો ભોળો ભોળવાઈ ગયો છે, સંસારની અનુકૂળ સુખસામગ્રીમાં કેટલો બધો આનંદ ! આ બિચારો ભોળપણમાં છોડી જાય તો સંસારના અનેક પ્રકારના આનંદથી વંચિત રહી જાય. એ નાદાન થાય આપણાથી કેમ નાદાન થવાય ?' આ ખોટી દયા છે.

સ્વાર્થ કે ખોટી દયા બે ય ભયંકર ! બંનેયમાં 'અસંખયં જીવિયં' યાદ નથી, ખબર નથી કે આયુષ્ય અજાણ્યે તુટશે; ત્યાં કોઈ ઉપાય ચાલશે નહિ, ને સ્વાર્થની બધી રમત ને બધાંય સાધન અહીં ઊભા રહી જશે, દીકરાની ય ખોટી દયામાં એને સંસારના વિષયોના આનંદમાં ચડાવી તો દીધો પણ એનેય એકાએક અજાણ્યે આયુષ્ય તૂટતા બધું જ અહીંનું છૂટી જવાનું 'પછી માબાપ અને છોકરાની દશા ભૂંડી, ચોરાશી લાખના ચક્કરે ચડી જવાનું ! એવા સ્વાર્થઘેલા અને ખોટી દયાવાળા અનંતા માનવો ચોરાશી લાખના ચક્કરે ચડી ગયા, આપણે પણ પૂર્વના અનંતા કાળમાં,

**આવી આંધળી વિષયરમત કર કરી અનંતીવાર નરકનિગોદમાં ય જઈ આવ્યા !**

છતાં અહીં એ જ ગમે છે, એમાં જ લીન રહેવાય છે, અને આશ્રિતોને ય એની જ હોંશિયારી અને એની જ સગવડ કરી અપાય છે ને આશ્રિતોને ય એ વિષયોની આબાદી મળતા ખુશી થવાય છે ! કેવું કરવું અજ્ઞાન ! કેવી મારક મૂઢતા !

વિનોદને ઘરે વિષયોના છક્કંછકા છતાં એમાં આનંદ નહિ, પણ કાળો કકળાટ છે વાત સીધી સાદી છે. જે વિષયરમત નાશવંત હોય અને એના અંતે જીવના હાથમાં કશું જ ન હોય બલ્કે એ વિષયરમત ખાતર પુણ્ય વેચી વેચી પાપના પોટલા ખરીદ કરેલાં માથે હોય, એ વિષયરમતનો શો અભખરો રહે ? પછી ભલે કરોડ શું, પરાર્ધની સંપત્તિ અને એના વિષયોની મોજ હોય, પણ એને તો 'ખા ગયા ખો ગયા જ ને ?

વિષયોની કૂડી રમતનો આંધળો મોહ છે તેથી જ સગા ભાઈ સાથે વૈર-વિરોધ, માબાપથી જુવારું, દેરાણી-જેઠાણીના ઝગડા, સાસુ-વહુના ઝગડા, ખોટી ઈર્ષ્યાઓ ને અભિમાન, આવું બધું કેટકેટલું ચાલે છે ! એવા એવા અધમ દોષો



ઘૂસી ગયા છે કે ધર્મીપણાને લાંછન લાગે. પણ વિષયરાગ કાતિલ ને દોષ સેવરાવે તો સેવરાવે, પાછું એને ખોટાય ન માનવા દે !

**પ્રભુનું શાસન પામ્યા છીએ તો પહેલે પગથિયે આ મદ-ઈર્ષ્યા-વૈર-ધનમોહ-સ્વજનમોહ વગેરે દોષો પર ભટકવાની જરૂર છે.**

વિનોદને ફોરેઈન જવાનું મળે છે, સ્વતંત્ર શેઠ તરીકે ફોરેનના પેઢી પર બેસવાનું મળે છે. પરંતુ એને એનો કોઈ રસ નથી. કેમકે 'અસંખયં જીવિયં, મા પમાયએ, આયુષ્ય તૂટ્યાનો સાંધો નહિ, માટે ગફલતમાં ન રહે,' એ એની નજર સામે રમે છે. માટે નાશવંતના મોહમાં નહિ રહેવું, એ એની છાતીમાં જડાઈ ગયેલું છે. આજના નવયુવકને પોતાની પેઢી પર નહિ પણ ખાલી ટ્રાયલ માટે ફોરેઈન જવાનું મળતું હોય, તો ય એને આનંદનો પાર નથી રહેતો, ! કેટલાક તો વળી જિંદગીમાં પરદેશ જવાનું મળવાનું ન હોય, છતાંય એના ઓરતા કરે છે ! કેમ ફરક ? જીવનની દૃષ્ટિ બહુ ટૂંકી અને છીછરી છે. માત્ર 'શરીરને તત્કાળ મળતાં વિષયસુખો ઝડપી લેવા, ભોગવી લેવા,' એટલી જ દૃષ્ટિ છે. પછી એની પાછળ નિકટના સગા સાથે રગડવું-ઝગડવું પડે, તો એનો આંચકો નથી. ભારે મદ ગુમાન કરવામાં એને વાંધો નથી લાગતો. માયા, કપટ, લોભ પણ એને કોટે વળગેલો રહે છે. ઈર્ષ્યા તો ડગલે ને પગલે ! આમ,

**રગડા-ઝગડા, માન-ગુમાન, માયા-પ્રપંચ, જૂઠ-અનીતિ વગેરે પાપ શાનાં પર ? તુચ્છ વિષયસુખની લાલસા પર.**

રાવણ પરસ્ત્રી સીતાના રૂપમાં મોહિત થતાં પાયમાલ થઈ ગયો. બ્રહ્મદત્ત ચક્રવર્તી પટ્ટરાણી કુરુમતીમાં મોહિત થયેલો સાતમી નરકે ગયો, તે ત્યાંય 'હે કુરુમતી ! હે કુરુમતી !' એમ રોતોરોતો પાગલની જેમ રડતો હતો ! આજે માણસો માયા-કપટ, છળપ્રપંચ કાવાદાવા, વિશ્વાસઘાત વગેરે શાની ખાતર કરે છે ? તુચ્છ પૈસા અને બીજા વિષયોના સુખની ખાતરસ્તો, કોરટોમાં આજે ભરચક કેસો રહે છે એ ઝગડા શેના માટે ? આ જ પૈસા-માલમિલકત વગેરે વિષયોના સુખ માટે.

મોહરાજાની આ મોહીની છે, વિષયસુખોનો લાલચુ બનાવ્યો રાખે, અને મૂઢ જીવ પછી એની ખાતર અઢાર પાપસ્થાનક સેવે છે, હિંસા-જૂઠ-અનીતિ ક્રોધ-માન-માયા-લોભ વગેરે આચર્યા જ કરે છે, વાણીમાં ય એ જ ઊતરે છે રસ્તે જતા કે ભેગા બેઠેલા-ઊભેલા બે જણને જુઓ કે એ શી વાત કરે છે ? તો આ જ વિષયસુખોની વાતો, અને એમાં કોઈના પ્રત્યે રોષ-દ્વેષની. જાતના ગુમાનની, પોલિસી-પ્રપંચની યા એની સલાહની વાતો, આટલેથી ય બસ નથી, કશુ આચરવાનું

કે બોલવાનું-સાંભળવાનું નથી ત્યારે પણ વિચારો કરે છે તે આ જ વિષયોના ને એની ખાતર હિંસા-આરંભ-સમારંભ જૂઠ અનીતિના કે ગુસ્સો-દ્વેષ-મદ-માયા વગેરેના જ વિચારો કર્યા કરે છે.

કેવી મોહની મોહિની ! અનંતાઅનંતકાળ મોહને માથે ચડાવ્યો. એના ભયંકર કડવાં ફળ ચાખ્યાં, વર્તમાનમાં ય એના જ યોગે હેરાન-પરેશાન થઈ રહ્યો છે, છતાં એ વિષયસુખોની મોહિની એને મૂકવી નથી !

મનને એમ થતું નથી કે 'અસંખયં જીવિયં, મા પમાયએ,' આયુષ્ય તો આ પાણીના રેલાની જેમ વહી ચાલ્યું, એ ખૂટશે-તૂટશે ત્યારે નવો સાંધો નહી જોડી શકાય, અને

**અનંતકાળની એ વિષયોની મોહિનીને પડકારવાની-ડારવાની અને ક્ષીણપ્રાય કરવાની મોંઘેરા આર્યમાનવ જીવનમાં જ મળતી તક ચાલી જશે, માટે પ્રમાદમાં-ગફલતમાં ન રહે.'**

મનને આ વિચાર જ નથી. એટલે ફોરેઈન જવાના કોડ સેવે છે, વલખાં મારે છે, અમેરિકામાં સેંકડો ડોલરો એટલે કે હજારો રૂપિયાના પગાર મળે, કમાઈ મળે, લોકમાં ઊંચી રેન્કમાં ગણાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૬,અંક-૧૪-૧૫,તા.૧૦-૧૨-૧૯૭૭**

'અલ્યા પણ એમાં વિષયસુખોની મોહિની ભારે વધી જશે, પૂર્વભવેથી લઈ આવેલી કરતાં વધારે દૃઢ-મજબૂત બની જશે ને એ અહીંથી મર્યા પછી પરભવે તારા ડૂચા કાઢી નાખશે એનું શું ?' ના, આ કશો વિચાર નથી કરવો બસ, એક લત છે, 'ભારત રદ્દુસ ! ફોરેઈનમાં મજા !'

ત્યારે આપણા વિનોદને બાપ ફોરેઈન-આફ્રિકા જવાનું કહે છે, તે પણ તરતી મોટી પેઢી પર શેઠ તરીકેના હોદ્દા ઉપર, છતાં વિનોદને કશા ગિલગિલિયાં નથી થતા, ઊલટું પાણીમાં માખ ફસાય ને નરવશ શિથિલ પડી જાય, હોશકોશ ઊડી જાય, એમ વિનોદના હોશ-કોશ ઊડી જાય છે. એના મનને એમ થાય છે કે 'હાય ! એવા દૂર દેશમાં જવાનું ? તો પછી તો મારે સાધુ સત્સંગ કરી સંયમ લેવાની વાત ક્યાં રહે ? ને આમાં 'અસંખયં જીવિયં' તૂટીની બૂટી નહિ, આયુષ્ય તૂટ્યું તો એ સાધવા માટે જડીબુટ્ટી નહિ. મારું શું થાય ? અસંયમમાં માનવભવ બરબાદ કરી કેટલાય ભવો પછી મળેલી સંયમસાધનાની તક ગુમાવી નાખવાની ?'

પરંતુ બાપના દાક્ષિણ્યથી ન જવા માટે જોર મારી શક્યો નહિ, ને એને



આફ્રિકા જવું પડ્યું, 'પણ બળતા-કકળતા દિલે ક્યાં ? મોટી પેઢી પર શેઠ તરીકેના હોદ્દા પર !

આંતરદૃષ્ટિ ખૂલી ગયા પછી દુન્યવી સત્તા-સંપત્તિમાં ટાઢક નહિ, બળતરા હોય છે. પણ પાપ-દાક્ષિણ્ય કેટલું ખતરનાક છે.

દાક્ષિણ્યમાં સારા ઘરની છોકરીઓ આજના જુવાનિયાના અડપલામાં ફસાઈ, ને કોઈ તો શીલભંગ સુધી પહોંચી ગઈ. 'મામાનો દીકરો છે, ફોઈનો દીકરો છે, એને આંખ કાઢીને 'અડીશ નહિ મને', એવું કેમ કહેવાય ? ખરી રીતે તો ત્યાં દાક્ષિણ્ય બાજુએ મૂકી આંખ કાઢીને કહી દેવું જ જોઈએ કે 'ખબરદાર, મને અડ્યો તો, ખબરદાર મારા શરીરે અડપલું કર્યું તો.' ને ન માને તો પગમાંથી ચંપલ કાઢીને ચોડીય દેવી પડે. પરંતુ આ જોમ નહિ, દાક્ષિણ્યમાં તણાવાનું; આગળ વધતાં એનું પરિણામ ભયંકર. શીલનાશ !

**બાળવિધવાનું ખોટા દાક્ષિણ્યથી પતન :-**

જાણો છો ને પેલી બાળવિધવાએ પાપથી બચવા મુનીમને રજા અપાવી દૂર દેશ મોકલાવેલો, પણ યાત્રામાં ફરતા અજાણ્યે જે ગામે મુનીમ જઈ વસેલો એ જ ગામે જવાનું થયું ! ને મુનીમને ત્યાં દૂધનો કટોરો એક, બીજો પી લીધો પછી ત્યાંથી ભાગવા તલસે છે, ને મુનીમે છેલ્લા ત્રીજો કટોરો પી લેવા આગ્રહ કર્યો, તો ખોટા દાક્ષિણ્યથી ભાગી જતાં અટકી, 'ના, ના, બસ હવે આગ્રહ ન કરો' એમ કહેવા રહી, તો મુનીમ હવે પોતે પાવા કટોરો હાથમાં લઈ નજીક આવ્યો. અને એક હાથ બાળવિધવાના ગળા પર ટેકવી બીજા હાથે કટોરો એના મોં આગળ ધરવા ગયો.

અહીં સુધી બંનેના હૃદય નિર્મળ હતાં, પરંતુ યુવાન બાઈના ગળે પુરુષના હાથનો સ્પર્શ ભયંકર હતો. એ એક જાતનું અડપલું બની ગયું. બાઈ દાક્ષિણ્યમાં તણાઈ દૂર થવાનું કરી શકી નહિ. 'ના, ના, બેન ! આટલો કટોરો તો હું પાયા વિના નહિ જવા દઉં,' એમ મુનીમનો હસતાં હસતાં બોલ; ને 'ભાઈ ! હવે આગ્રહ ન કરો' એવો બાઈનો હસી પડીને''; એટલે બસ ખલાસ, બાજી હાથથી ગઈ.

ગંભીરતામાં હજી દિલ અનુચિત સામે કડક રહે, પણ હાસ્યમાં દિલ પોચું પડે તે અનુચિતનો સામનો ન કરી શકશે.

હસવામાંથી ખસવું થાય, તે મુનીમે ય સુંવાળા ગળાના સ્પર્શ પછી આગળ વધ્યો, ને બાઈ પણ સ્વ અંગે વિજાતીયના સ્પર્શ પછી ઢીલી પડી શીલની કડક ભાવના ક્ષણભર અલોપ, તે શીલભંગ સુધીનો શિકાર બની ગઈ. ખોટા દાક્ષિણ્યમાં

પાપ-દાક્ષિણ્યમાં તણાયે આ ખતરનાક પરિણામ !

વિનોદને ખોટા દાક્ષિણ્યમાં આફ્રિકા જવું પડ્યું; અલબત એની આંતર જાગૃતિ ઊભી જ છે, 'અસંખયં જિવિયં, મા પમાયએ' શાસ્ત્ર વચન નજર સામે તરવરે છે. તે આફ્રિકામાં એને જંપ નથી, ટાઢક નથી; અજંપામાં બે વરસ વીતવા આવ્યા, ઘરે પાછા આવવાની માગણી કર્યા કરતો, પણ માગણી ફળતી નથી. એમાં બાપે જોયું કે 'આ હજી વેપારમાં પલોટાતો નથી લાગતો, તેથી રાણી ઈલિઝાબેથનો લંડનમાં રાજ્યાભિષેક ઉત્સવ; તે જુએ કરે તો છોકરાનો વૈરાગ્ય કંઈક મોળો પડે.' એમ ધારી વિનોદને લંડન જવા કહ્યું, તો તેને આજ્ઞાધીન એટલે જવું પડ્યું.

પરંતુ શું એ મોટી ધામધૂમ જોઈ મોહી પડે ? એ તો વારંવાર 'અસંખયં જિવિયં' રહેનારો, એટલે એને મન આ બધી ધામધૂમ, ફાંસીની સજા પામેલાને જેમ ધામધૂમ બેકાર લાગે, એમ બેકાર લાગે છે શું સમજ્યા ?

'આયુષ્ય ક્ષણભંગુર, તેથી પ્રમાદમાં ન રહેવાય'એ સમજનારો દુન્યવી રંગરાગને ફાંસીની સજા પામેલાની જેમ બેકાર દેખે.

વિનોદ પછી પાછો ઘરે આવ્યો ને પછી બાપાજી પાસે એ જ માગણી મૂકે છે કે

'મારે સાધુજી પાસે શાસ્ત્ર ભણવા રહેવું છે,'

ને બાપાજી એ જ જવાબ દે છે કે 'થાય છે, જોઈશું, હમણાં ખમી જા.'

'પરંતુ મને બેએક મહિના તો રહેવા દ્યો.'

પિતા કહે, 'હા, એમ જોઈશું, હમણાં જરા પેઢી સંભાળ.'

હવે વિનોદ જુએ છે કે ફોરેનમાં છ મહિના વધુ રહ્યો હોત તો તો અહીં મારા વિના ચાલત, ને અહીં માત્ર બે મહિના માગું છું એમાં અહીં વેપાર અટકી જતો દેખાય છે. ખરેખર ! આપને મારી સાધુ પાસે રહેવાની વાત ગમતી જ નથી, તો પછી મારે તો 'અસંખયં જીવિયં' છે, શો ભરોસો આયુષ્ય કેટલું ચાલે ? ને ક્યારે તૂટે ? તેથી હવે પ્રમાદમાં-ગફલતમાં ન રહેવાય. મારે મારા આત્માનું સાધી લેવું જોઈએ એમાં હવે વિલંબ ન કરાય.'

બોલો, વાત બરાબર છે તે ? તમે કહેશો,

**પ્ર.**- હજી તો એની કંઈ ઉંમર વહી ગઈ છે ? એમ કાંઈ આયુષ્ય થોડું જ તૂટી જાય છે ? પછી એટલી બધી ઉતાવળ શા માટે ?

**ઉ.**- પરંતુ એમ સમજો ને કે હજી લાંબુ જીવવાનું છે, તો ય એ લાંબુ જીવન ચારિત્રમાં વીતાવવું જરૂરી નથી ? શું ધર્મ એવી ચીજ છે કે એન્ડ ટાઈમે લઈ



લેવાય એટલે ધર્મ આત્માનો સગો થઈ જાય ? આત્મામાં ઊતરી જાય ? આત્મસાત્ થઈ જાય ? કે લાંબો કાળ એનું પાલન હોય તો જ આત્મા સાથે એની સગાઈ થાય, ને આત્મામાં ઊતરી જાય ?

શું બ્રહ્મચર્ય મહિનામાં એક દિવસ પાળે એટલે આત્માને સગું થઈ જાય છે ? આત્મામાં ઊતરી જાય છે ? પછી અબ્રહ્મમાં આનંદ સુકાઈ જાય છે ? અરે ! પાંચ તિથિ પાળે તો ? ના રે ના, એ તો સતત વર્ષો સુધી પાળે ત્યારે આત્માનું સગું થવાને અવકાશ રહે ?

'આત્માનું સગું' એટલે આત્માનો સહજ સ્વભાવભૂત બનેલું.

એવું કરવાને માટે કદાચ જન્મોનો બ્રહ્મચર્યનો અભ્યાસ જોઈએ. તો પછી સંયમધર્મ-ચારિત્રધર્મ આત્માના સહજ સ્વભાવભૂત બનાવવા એનો અભ્યાસ સતત વરસો સુધી ન જોઈએ ? સમજી રાખો,

સંયમધર્મ ૧-૨ દિવસ, ૧-૨ માસ, કે ૧-૨ વરસમાં આત્માના સગો અર્થાત્ આત્મ સ્વભાવભૂત નહિ બને; એ તો વરસોના વરસ સાધવાથી બને.

આ ધ્યાનમાં નથી એટલે જ 'ઘડપણે ગોવિંદ ગાશું' રખાય છે.

**ધર્મ જીવને સ્વભાવમાં કેમ ઊતરે ? :-**

જીવનમાં બહુવાર પાપ સેવન કરી કરી એને જીવના સ્વભાવ જેવા બનાવી દીધો હોય, એની સામે ધર્મ થોડી વાર સેવવામાં આવે એટલા માત્રથી દિલને ધર્મની વૃત્તિ સહેજ સહેજે શી રીતે ઊઠે ? ક્રોધ અનેકાનેક વાર કર્યો, અને બહુ મોટા થયે બે ચારવાર ક્ષમા રાખવાનું કર્યું એટલા માત્રથી ક્ષમાનો સ્વભાવ શી રીતે બની આવે ? એ તો બહુ અલ્પ વાર ગુસ્સો આવી ગયો, પણ દીર્ઘકાળ સુધી અનેકાનેક વાર મન મારી મારીને ક્ષમા અજમાવ્યે રાખી, તો જ એ ક્ષમા કાંઈક સ્વભાવમાં ઊતરે; ક્ષમા સહેજે સ્વભાવે ઊઠતી થઈ જાય.

વિનોદને આ લાગ્યું હોય કે 'ભલેને મારે લાંબુ જીવવાનું હોય પરંતુ ધર્મનું સેવન દીર્ઘકાળ થાય, તો જ ધર્મ સહજ સ્વભાવમાં ઊતરશે. પાપોને ને મોહમાયાને જીવના સ્વભાવમાંથી કાઢી નાખવા માટે એના ત્યાગનો અભ્યાસ દીર્ઘકાળ કર્યા વિના છૂટકો નથી. એમ અહિંસા-તપ-સંયમને સ્વભાવમાં ઉતારવા એનો દીર્ઘાતિદીર્ઘ કાળ અભ્યાસ કર્યા વિના છૂટકો નથી. એટલે ભલેને કદાચ હજી લાંબુ આયુષ્ય હોય તો પણ આજથી જ પાપત્યાગ અને સંયમ-તપ વગેરે ધર્મનું આચરણ શરૂ કરી દેવું જોઈએ.'

અને આત્મા પર કર્મના ભાર પણ ક્યાં ઓછા છે ? તો એ ભારે શું અલ્પકાળના ચારિત્ર ધર્મનાં સેવનથી નાશ પામવાના હતા ? માત્ર આ જ આખુંય

જીવન નહિ, પણ કેટલાય આખા જનમ ધર્મ સેવું, તો એ સર્વ કર્મના ભારથી મુક્ત થવાશે. માટે હવે ધર્મમાં વિલંબ કરવાની જરૂર નથી.

**વિનોદ આગળ વધે છે :-**

વિનોદની વિચારધારા હવે ધર્મપુરુષાર્થ અર્થે ચોક્કસ થઈ ગઈ. એણે જોયું કે બાપાજી લંબાવ્યે જ જાય છે તેથી કોણ જાણે એ ક્યારે સંમત થાય, અને એમાં મારે તો 'અસંખયં જીવિયં', જીવતર અસંસ્કાર્ય છે, તૂટે તો સાંધો નહિ થાય, ને ઊપડી જવાનું થશે ! તેથી હવે એમની રાહ જોવાની જરૂર નથી. હું મારે અહીંથી ગુપ્ત રીતે ભાગી ગુરુ પાસે જઈને મારું કાર્ય સાધી લઉં.'

બસ, પિતા પાસે માગણી કર્યા પછી એમની સંમતિ નહિ મળતાં થોડા દિવસ એમ જ ચાલુ વ્યવસાયમાં જવા દીધા, અને પછી કોઈને કહ્યા વિના એક દિવસ રેલગાડીમાં બેસીને ઊપડ્યો ગુરુની મારવાડમાં જ્યાં સ્થિરતા હતી તે ફલોધિ ગામે જવા. રસ્તામાં જંક્શન સ્ટેશને ગાડી બદલવાની હતી ત્યાં ઊતરી સામે ગાડી આવવાની વાર હતી એટલે સ્ટેશન બહાર નજીકમાં હેરકટીંગ સલૂન પર જઈ માથે મુંડન કરાવી નાખ્યું. બાદ ગાડીમાં બેસીને પહોંચી ગયો ગુરુ પાસે.

ગુરુ એને એકલો એકાએક આવેલો જોતાં સ્તબ્ધ થઈ ગયા ! એમાં વળી માથુ મુંડાવેલું અને શરીર પર સાધુનો વેશ; એ જોતાં તો વિશેષ સ્તબ્ધ બની જઈ કહે છે 'અરે વિનોદ ! અહીં એકાએક ?, આ શું ?'

સ્તબ્ધ થઈ જ જાય ને ? કરોડપતિનો દીકરો અને જાણે સાધુ થવા આવી ગયો માથું મુંડાવીને ! કહો જો કરોડપતિના દીકરાને એકદમ માથું મુંડાવી નાખતાં જીવ, કેમ ચાલ્યો હશે ? કારણ આ જ, કે હવે જીવનનું લક્ષ્ય સાધવાનું, જીવનનો ઉદ્દેશ સિદ્ધ કરવાનું નક્કી કરી નાખ્યું હતું. શું હતું જીવનનું લક્ષ્ય-ઉદ્દેશ કોને કહેવાય ? કહો,

જીવન જીવીને જે સિદ્ધ કરવા ધાર્યું હોય, કરવાનું લક્ષ હોય તે જીવનનું લક્ષ્ય કહેવાય.

જે સિદ્ધિને ઉદ્દેશીને જીવાતું હોય તે જીવનનો ઉદ્દેશ ગણાય.

બોલો, વિનોદે તો આ જીવન જીવીને સંયમ સિદ્ધ કરવા ધાર્યું હતું, સંયમ સિદ્ધિને ઉદ્દેશીને હવે જીવવું હતું, તમે જીવન જીવીને શું સિદ્ધ કરવા ધાર્યું છે ? પેલાએ તો મહાસંયમ સિદ્ધ કરવા ધારેલું, તમે થોડું પણ સંયમ સિદ્ધ કરવા ધાર્યું છે ? કે હજી સુધી કશું ધાર્યું ધાર્યું જ નથી ?

કહોને 'ધાર્યું તો છે, પણ પૈસામાં જ, અને માનપાન સિદ્ધ કરવા ધાર્યા



છે.' એટલે એનો અર્થ એ કે આ ધારણા છે કે 'અહીં જન્મી ગયા છીએ તો સારા પૈસા મેળવી લેવા, એનાથી મોજ માણી લેવી, અને સારા માન-સન્માન મેળવી લેવા, બસ જીવન જીવીને આ મળી જતું હોય પછી બીજું કાંઈ જોઈતું નથી જનમ અને જીવવાનું સફળ', આટલી જ બુદ્ધિ ને ? તો શું આટલી બુદ્ધિ અનાર્યોને નથી પહોંચતી ? પશુને નથી પહોંચતી ? એક ઉચ્ચ આર્ય જૈન અવતાર પામ્યા અને જીવ્યા તો એની અપેક્ષાએ આમાં કશી ઉચ્ચ બુદ્ધિ ઉચ્ચ સફળતા આવી ?

જનમ પશુ કરતાં ઊંચો, તો બુદ્ધિ અને જીવવાનું ઉચ્ચ ન જોઈએ ? જીવવાનો ઉદ્દેશ ઉચ્ચ ન જોઈએ ?

**ઊંચા જનમના અને ઊંચા જીવનના ઉચ્ચ ઉદ્દેશમાં શું શું આવે ? :-**

(૧) પૈસાનો સંગ્રહ-પરિગ્રહ નહિ, પણ પૈસાનું દાન, પરમાર્થ અને પરોપકાર આવે.

(૨) વિષયોની મોજ નહિ કિન્તુ વિષયો પર વૈરાગ્ય અને એના પર સંયમન તથા ત્યાગ અને વ્રત-નિયમ આવે.

(૩) મજેથી યથેચ્છ ખાવા-પીવાનું ને વારે વારે આહારસંજ્ઞા પોષવાનું નહિ, કિન્તુ, તપસ્યા, દ્રવ્યસંક્ષેપ, રસત્યાગ અને ટંકનિયમન આવે.

(૪) ગલીચ વિચારો, મલિન ભાવો, અને ફજુલ ચિંતન નહિ, પણ શુભ ભાવનાઓ અને શુભ ભાવ કેળવ્યે જવાનું આવે.

(૫) મોહમાયાના ઘર-કુટુંબને પોતાનું માનવાનું નહિ, કિન્તુ દેવ-ગુરુ અને સાધર્મિકને તથા આભ્યંતર રીતે ધર્મશ્રદ્ધા-બહુમાન, ક્ષમા-નમ્રતા-નિર્લોભતા આદિને પોતાનું કુટુંબ તેમજ મંદિર-ઉપાશ્રયને પોતાનું ઘર માનવાનું આવે.

(૬) તુચ્છ માન-સન્માન નહિ, પણ જિનાજ્ઞાપાલન પામવાનું આવે ઊંચા જીવનના આ ઉદ્દેશ સિદ્ધ કરવાના હોય માટે જ પ્રયત્ન ધરખમ આનો ચાલવો જોઈએ.

આવા ઊંચા ઉત્તમ કોટિના ઉદ્દેશ આ જનમમાં સિદ્ધ કરવા ધાર્યા હોય એને ભલેને પુણ્યે પૈસા ટકા વગેરેની ગમે તેટલી પુણ્યાઈ મળી છતાં એ શાનો ભૂલો પડે ? શાને ઉચ્ચ ઉદ્દેશ સિદ્ધ કરવાનું ભૂલે ?

જીવન જીવતા ઉત્તમ ઉદ્દેશ પર દૃષ્ટિ જાગતી જોઈએ, ઉત્તમ લક્ષ્ય નજરમાં જોઈએ.

ઉદ્દેશશુદ્ધિ-લક્ષ્યશુદ્ધિ વિનાનું જીવન એ સંમૂર્છિત જીવન છે, બેભાન જીવન છે.

ઉચ્ચકોટિનો જૈનધર્મ પામવા છતાં જીવન બેભાન જીવવાનું ?

**જૈન જીવનનો ઊંચો ઉદ્દેશ શક્ય વધુ જિનાજ્ઞાની ઉપાસના :-**

જીવન બેભાન જીવાય છે, ઉત્તમ લક્ષ્યને લક્ષમાં રાખ્યા વિનાનું જીવાય છે, માટે જ અવસરોચિત દાન ચૂકાય છે, દાનની કોઈ વાત લઈ આવે તો મોઢું કટાણું થાય છે. થોડો પણ ત્યાગ, સંયમ અને વ્રત-નિયમ હોંશે હોંશે થતા નથી. પરસ્ત્રીઓ અને રૂપાળા પદાર્થ પર દૃષ્ટિ ભટકાવાય છે. તપસ્યા સહજ સ્વભાવથી કરવાની હોંશ નથી, ને કદાચ ત્યાં વડાઈ લેવાની ચોંટ રહે છે.

જૈન માનવ જીવનનો ઉત્તમ ઉદ્દેશ 'જિનાજ્ઞાની શક્ય વધુ ઉપાસના' એ ધ્યાનમાં નહિ એના આવા બધા નાટક છે.

મનને શરીર-પૈસા-પરિવાર-ખાનપાનાદિની પુણ્યાઈ મળ્યા પર તો એમ થવું જોઈએ કે 'કેમ હું જિન-વચનની અધિકાધિક ઉપાસના કરતો રહું'. મનની સામે આ લક્ષ્ય તરવર્યા કરતું હોય પછી મોકો મળતાં ગુસ્સો વગેરે નહિ, પણ ક્ષમા વગેરે કમાઈ લેવાની હોંશ રહે.

**જીવનઉદ્દેશ જિનાજ્ઞાની ઉપાસના :-**

**ગુણસેનમાં :-**

સમરાદિત્યના જીવ રાજા ગુણસેન પહેલા ભવમાં જૈનધર્મ પામ્યા પછી જ્યાં સંસારથી નિવૃત્ત થઈ મહેલના એક ભાગમાં ધ્યાનમાં બેઠા, ને દુશ્મન બનેલા અગ્નિશર્મા તાપસના જીવ દેવતાએ એમના પર અંગના રોમ-રોમને બાળે એવી અગ્નિમય રેતી વરસાવી, ત્યાં રાજાએ આજ ઉદ્દેશ લક્ષમાં રાખીને ભાવના કરી કે 'હે જીવ ! તું ધ્યાન રાખજે કે.

આ અપાર સંસાર સમુદ્રમાં ભટકતા તને અત્યંત દુર્લભ એવું જિનવચન-અમૃત તને અહીં મળ્યું છે, તો તું એને નિષ્ફળ ન કરીશ, સફળ કરજે.

જિનવચન એ મહા અમૃત છે, માત્ર એક મૃત્યુ નહિ, પણ મૃત્યુની હારમાળાને અટકાવી દે, જનમ-મરણનો અંત લાવી શાશ્વત જીવન કરી આપે, આ જનમમાં એનું સેવન, એની ઉપાસના અર્થાત્ એની શ્રદ્ધા, એના પર અથાગ બહુમાન, એની પ્રશંસા, એનો પ્રચાર, ને એનું પાલન કરતાં આવડવું જોઈએ. જિનવચન-ઉપાસના જીવનનો આ ઊંચો ઉદ્દેશ બંધાઈ ગયો પછી તો એની ઉપાસનાના આ અનેક પ્રકારમાંથી જ્યાં બે પ્રકાર લભ્ય હોય ત્યાં એનો લાભ લઈ લેવા તત્પરતા રહે, ને એ લાભ લઈ લઈ ને દિલને હુંફ રહે કે 'હાશ ! જિનવચન આરાધવાનું મળ્યું, ધન્ય ઘડી ! ધન્ય પ્રવૃત્તિ !'

ગુણસેન રાજાને આ વિચારણા છે કે 'મળેલા અતિ દુર્લભ જિન-વચનામૃતને



સફળ કરું. શી રીતે ? શ્રદ્ધા અને પાલનથી.

જિનવચન આ છે, **'કષાયો ત્યજો, ઉપશમ આદરો'**

પછી આમાં એ સવાલ નથી કે 'આપણે નિર્દોષ હોઈએ તે સામો દોષિત હોય તોય એના પર ઉપશમ રાખવાનો ?' હા, બસ, ઉપશમ એટલે ઉપશમ પછી સામો દોષિત હો યા નિર્દોષ, આપણી પાસે સામનો શિક્ષા કરવાની શક્તિ હો યા ન હો, આપણે ઉપશાંત બનવાનું. એ બનીએ તો જિનવચન પામ્યાને સફળ કર્યું ગણાય રાજા ગુણસેન આ કરે છે. એમને ખબર નથી કે 'કોણ આવી ધખધખતી રેતી વરસાવે છે, પરંતુ એમના મનને તો એક જ વાત છે કે, 'ગમે તે હો, જીવ ! તું એનાં પ્રત્યે લેશ પણ ગુસ્સો ન કરીશ, પરંતુ એને ક્ષમા-સમતા-ઉપશમથી નવરાવી દે જે. તેમ આ કુટિલ ને નાશવંત કાયા પર રાગ ન કરીશ કે જેથી એ બળવા પર ખેદ થાય. કાયા પરના રાગને અને બળવાની વેદના પરના દ્વેષને શમાવી દેજે. ઉપશમ એટલે સર્વતોમુખી ઉપશમની જિનાજ્ઞા જ છે. સર્વતોમુખી ઉપશમમાં ક્રોધ-લોભાદિ સર્વે કષાયો શાંત કરવાનું આવે. એ જ જિનાજ્ઞા છે, ક્રોધને ય શમાવવાનો, ને લોભને-રાગને ય શમાવી દેવાનો. આ કરે એટલે અહીં જિનવચન પામ્યો એ સફળ થયું. અત્યારે જિનવચન-પ્રાપ્તિને સફળ કરવાનો અવસર છે.

જિનવચન-પ્રાપ્તિને જો અવસરે સફળ ન કરીએ તો બિન-અવસરે શું સફળ કરવાનું રહે છે ?

પાસે પૈસા છે યા માલ છે, તો જ્યારે વેપારની સીઝન આવી હોય ત્યારે એ પ્રાપ્તિને વેપારથી સફળ કરી લેવાનો અવસર ગણાય. એ વખતે એ ન કરે, તો પછી વગર સીઝને શો વેપાર કરી શકવાનો ? એમ, કપરા સંયોગ એ ક્ષમા-સમતા-ઉપશમના વેપાર કરી લેવાની સીઝન ગણાય, અવસર ગણાય, પણ સારાસારમાં શી સીઝન ? માણસ આમ જ ભૂલે છે, કહે છે, 'આમ તો હું મારું મન બહુ શાંત રાખું છું, પરંતુ જ્યારે કોઈ વાંકું બોલે કે ચાલે ત્યારે ઉકળાટ આવી જાય છે.' અલ્યા ભાઈ ! સારાસારીમાં સારા સંયોગમાં નહિતરે ય શો ઉકળાટ ઊઠવાનો હતો કે એને દાબવાનો અવસર કહેવાય ? એ તો વાંકા સંયોગમાં ઉકળાટ ઊઠવા જાય ત્યારે એને દાબવાનો અવસર છે.

'જીવન જીવતાં જીવતાં જિનવચનની પ્રાપ્તિને સફળ કરી લેવી છે, લેખે લગાડી દેવી છે.' આ જીવન-ઉદ્દેશ નજર સામે તરવરતો રહે એની આ વાત છે કે ખાસ અવસરે તો ઉપશમનો ખપ કરવા સાવધાન જ હોય.

જ્યારે બિમારી છે ત્યારે દવા ખાવાનો અવસર છે સાજાસારામાં શો દવાનો અવસર ?

જ્યારે ઠંડી પડે છે ત્યારે ગરમ કપડા ઓઢવાનો અવસર છે, ઠંડી વીત્યા પછી ઉનાળામાં એનો શો અવસર ?

એમ, વાંકુચૂકું પ્રતિકૂળ ન થાય ત્યારે ક્ષમાનો શો અવસર ? જેમ પ્રતિકૂળના પ્રસંગમાં જ ક્ષમાનો અવસર કહેવાય, એમ બીજે બીજે પણ જિનવચન-પ્રાપ્તિને, તેવા તેવા ગુણ કેળવવામાં ને સુકૃત શુભ વિચાર-વર્તાવ કરી લેવામાં, સફળ કરી લેવાનો અવસર ગણાય,

**જિનવચન પામ્યાની કદર એ કે એની ઉપાસના કરાય :-**

રાજા ગુણસેને આ કર્યું. 'ઉપશમ કેળવવાનું જિનવચન મળ્યું છે તો એને ઉપશમ રાખી સફળ કરી લઉં,' એવું દૃઢ મન રાખી ઉપશમ-ક્ષમા-સમતામાં ઝીલતા રહ્યા; પછી ભલે આખા ને આખા શેકાઈ જવાનું આવ્યું, છતાં ઉપશમ ન છોડ્યો. જીવનના લગભગ છેડે જિનવચન પામેલા, પણ પામ્યાની કદર કરી, પામ્યાનું મહત્ત્વ આંક્યું, ને એ જિનવચનની ઉપાસનાથી સમરાદિત્ય કેવળી બનવાનો પાયો નાખીને દેવલોકમાં ગયા. જિનવચન મળ્યાની કદર શી કરશો એને સફળ શી રીતે કરશો ? જિનવચન પામ્યાનું મહત્ત્વ શું સમજો છો ?

આ ઉચ્ચ જનમનો આવો જિનવચનની ઉપાસના કરી લેવાનો અર્થાત્ સમસ્ત જિનવચનોનો સ્વીકાર અને યથાશક્તિ પાલન ઉચ્ચ ઉદ્દેશ નક્કી કરી લેવાય એવું લક્ષ જાગતું રહે, તો ઉચ્ચ જનમ, અને જૈનધર્મ પામ્યા લેખે લગાડાય, સફળ કરાય. આવા ઊંચા ઉદ્દેશનું લક્ષ જાગતું રહેતું માટે તો પૂર્વના મહાપુરુષો અવસરે ખરેખરા સુકૃત બજાવી ગયા, મહા આપત્તિમાં ય ખરેખરા ગુણ કેળવી ગયા.

**સુદર્શનશેઠે જિનવચન પામ્યાની કદર કરી :-**

સુદર્શન શેઠ પર અભયા રાણીના પ્રપંચથી આફત આવી, રાણીનું મોહનું આક્રમણ આવ્યું, પરંતુ જિનાજ્ઞા પર નિર્ભર રહી બ્રહ્મચર્ય ગુણમાં અડગ રહ્યા. પછી રાણીએ કલંક ચડાવ્યું ને રાજા શેઠને ખુલાસો પૂછે છે, તો અહીં પણ 'આપણે કોઈને દુઃખ દેવું નહિ, તેમજ બીજાને દુઃખ આવે એવું નિમિત્ત પણ આપણે ઊભું કરવું નહિ,' આ જિનાજ્ઞાને માથે રાખી જુએ છે કે 'હું જો ખુલાસો કરું તો રાજા એની સત્યતાની તપાસ કરી ખાતરી કરીને' પછી રાણીને ભારે સજા કરે એ હિસાબે રાણી પરના મહાદુઃખમાં હું નિમિત્ત થાઉં. તે મારે થવાય નહિ.

કાયાનાં માન અને કાયાની શાતા જનમ જનમ સાચવ્યાં, જિનવચન અને પરદયા નથી સાચવ્યા એ સાચવું; આવો નિર્ધાર ફરી ઠેઠ શૂળી પર ચડવા સુધીનો પ્રસંગ આવ્યો તો ય જિનાજ્ઞા માથે રાખી કોઈ ખુલાસો કર્યો નહિ, મૌન જ રહ્યા ! આમ જિન વચનની ઉપાસના રૂપે એક રીતે રાણીને અભયદાનનું જબરદસ્ત સુકૃત કર્યું.



જીવનનો ઉદ્દેશ. 'જિન વચનની ઉપાસના' નક્કી કરી રાખ્યો હોય તો પછી અવસર મળતાં એની ઉપાસના કેમ ચૂકાય ? અને એ અવસર જો સાધી લેવાય તો કેટલું મહાન સુકૃત સિદ્ધ થાય છે, કેવો મહાન ગુણ સિદ્ધ થાય છે કે એ સુકૃત એ ગુણ અમર બની જાય ! સુદર્શન શેઠનો કસોટીમાં અણીશુદ્ધ રહેલ બ્રહ્મચર્ય ગુણ અંતે એ જ ભવમાં ઠેઠ ક્ષાયિકભાવનો વીતરાગતા ગુણ બની અક્ષય-અજર-અમર બની ગયો ! એમ એમનું શૂળી વધાવી લઈને પણ અભયદાનનું સુકૃત ઠેઠ અહિંસાના મહાવ્રત અને યથાખ્યાત ચારિત્ર સુધી પહોંચી અજર-અમર બની ગયું !

જીવનનો શુભ ઉદ્દેશ નક્કી કર્યા વિના, અને એને નજર સામે તરવરતો રાખ્યા વિના, તેમ અવસરે અવસરે એ સાધવાનો ઉદ્યમ કર્યા વિના ઊંચી સિદ્ધિ ન મળી શકે.

રાજા કુમારપાળને કંટકેશ્વરી દેવીએ એક બોકડાનો ભોગ આપવા આગ્રહ કર્યો, રાજાએ ન માન્યું, તો દેવીએ એના કપાળમાં ત્રિશૂળ ઠોક્યું, ભયંકર વેદના થવા સાથે શરીર કોઢગ્રસ્ત બની ગયું ! દેવી કહે 'કુમારપાળ ! હજી માન, બોકડાનો ભોગ દેવાનું કબૂલી દઉં, લે, તો સાજો કરી દઉં નહિતર આમ સડી સડીને મરશે, લોકમાં ફિટકાર પામશે. જીવતો રહીશ તો ઘણો ધર્મ કરી શકશે. લોકમાં વાહવાહ થશે.'

બોલો, કુમારપાળ માને કે નહિ ?

**પ્ર.-** માત્ર એક બોકડાનો ભોગ આપી દીધા પછી જીવતા રહેવાનું મળે છે એમાં તો ધારે તો ઘણાય બધા અરે હજારો જીવોની દયા કરવાનું મળી શકે એમ છે, તેમજ બીજા પણ ધર્મસુકૃતો કરવાનો અવસર રહે છે, તો પછી આટલો માત્ર એક બોકડાનો ભોગ આપવાનું ન માની લેવાય ?

**એકવાર ધર્મનાશ પછી જીવતા રહી બહુ ધર્મ કરવાનું મળે છતાં કેમ નુકશાન ? :-**

**ઉ.-** પરંતુ આ ગોલાલેખું છે, તાત્ત્વિક હિસાબ નથી. શી રીતે એ જુઓ.

કુમારપાળ મહારાજાએ જૈન ધર્મ પામ્યા અને સમજ્યા પછી આ જનમનો ઉદ્દેશ નક્કી કરી નાખ્યો છે કે જિનશાસન-જિનવચનની ઉપાસના કરી લેવી; એ ઉપાસનામાં પહેલી તો જિનવચન પર અટલ શ્રદ્ધા વધાર્યે જવી અને પછી એણે કહેલ જીવદયાનો ને અભયદાનનો હૈયે પરિણામ (ભાવ) નિશ્ચલ કરતા રહેવું.'

હવે આ ઉદ્દેશ સિદ્ધ કરવાનો અત્યારે અવસર આવી લાગ્યો છે ત્યારે કુમારપાળ જુએ છે કે જીવતા રહીએ તો પછીથી ઘણા જીવોને અભયદાન આપી શકીએ એ વાત સાચી, પણ પહેલું તો અત્યારે જ બોકડાનો ભોગ ભોગ આપતાં

દિલમાંનો અભયદાનનો પરિણામ ખલાસ થઈ જાય, જીવ દયાનો પરિણામ નષ્ટ થઈ જાય એનું શું ? અત્યારે દયા પરિણામ જાણી બૂઝીને નષ્ટ કર્યા પછી પાછળથી શી રીતે એવો દૃઢ અને નિર્મળ દયા પરિણામ આવી શકવાનો હતો ?

અધિક ધર્મ બહારની ક્રિયાની સંખ્યામાં નથી, પરંતુ અંતરમાં સુરક્ષિત રહેલા વૃદ્ધિંગત ધર્મ પરિણામમાં છે,

અત્યારે દેવીના ભયંકર પ્રકોપ અને ભારે વેદના-પ્રદાન વખતે અંતરમાં દયાનો પરિણામ સુરક્ષિત રખાય એ બહુ ઊંચી કોટિનો ધર્મ પરિણામ બન્યો, ઊંચો દયાધર્મ બન્યો. એ ઊંચો દયાધર્મ યાને દયા પરિણામ હૈયામાંથી અત્યારે નષ્ટ કરીને પછીથી કરેલી બહુવારની જીવોની દયાથી ન બનાવી શકાય. બાહ્ય ગમે તેટલા અભયદાન કરતાં અંતરનો અભયદાનનો પરિણામ જ ઉચ્ચતર છે. કહેશો.

**પ્ર.**- તો તો પછી અંતરના દયા પરિણામની જરૂર ગણાશે, બાહ્ય જીવોને અભયદાન આપવાની શી જરૂર ?

**ઉ.**- જરૂર મોટી છે, કેમ કે બાહ્યમાં જીવને અભયદાન કરવાનો અવસર હોય છતાં જો એની ઉપેક્ષા કરે, માને કે 'એ મરે એ એના પોતાના કર્મથી; એને મારે બચાવવાનું શું કામ ? મારે તો મારા દિલમાં દયાનો ભાવ જાગતો રાખવાનો', તો તો અંતરમાં ખરેખર દયાનો પરિણામ રહ્યો જ નહિ. ધરાર જીવ બચાવવાની શક્તિ છતાં ઉપેક્ષા-અવગણના કરી એમાં તો દયાને બદલે કઠોરતા આવી. એમાં વળી બાહ્યથી પોતાના જ હાથે સીધી કે આડકતરી રીતે જો જીવ મારે તો હૈયે દયાનો પરિણામ રહે જ શાનો ? એ તો અંતરના દયા પરિણામથી બાહ્યમાં જીવને અભયદાન દે, તો એથી દયાનો પરિણામ સુરક્ષિત રહે, એટલું જ નહિ પણ દયાનો પરિણામ ઓર વધી જાય. અહીં જ જુઓ કે સત્તાધીશ કુમારપાળ રાજા, 'ભલે પૂજારી એનું કામ કરે, આપણે શા સારુ વચમાં પડવું ?' એમ કહી દેવી ભક્ત પૂજારીઓ બોકડાને મારે એને રોકે નહિ, તો પોતાના દિલમાં અભયદાનનો પરિણામ શી રીતે રહે ? એમ કહો કે

અંતરમાં ઝગમગતો દયાભાવ હોય તો બહારથી છતી શક્તિએ-હિંસાની ઉપેક્ષા કરી જ શકે નહિ.

જીવને છતી શક્તિએ અભયદાન આપ્યા વિના અભયદાનનો પ્રયત્ન કર્યા વિના રહે એમાં દયાનો ભાવ ક્યાં રહે ?

દેખો, રસ્તે ચાલ્યા જતાં આગળ રસ્તા પર કીડીઓ ઉભરાઈ છે, તો એ મરે એની પરવા કર્યા વિના માણસ ઊંચું જોઈને ચાલ્યો જાય, અર્થાત્ બાહ્યથી એને અભયદાન કરવા ન બેસે, તો શું એના અંતરમાં દયાનો પરિણામ જાગતો કહેવાય?



ના, એ તો જનતાથી સાવધાનીથી કીડીઓને ન કચરવાનું કરે અર્થાત્ બાહ્યથી અભયદાનની કાળજી-સાવધાની રાખે તો જ એના દિલમાં દયા પરિણામ જાગતો રહે; ને એવી બાહ્યમાં અધિકાધિક અભયદાન કરાતું કરાતું રહે. તાત્પર્ય બાહ્યમાં ધર્મક્રિયાથી આભ્યંતર ધર્મ પરિણતિ જાગે છે, ને વધે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૬,અંક-૧૬,તા.૧૭-૧૨-૧૯૭૭**

**અનંતી ધર્મક્રિયા નકામી જવાના કારણ :-**

એમ કહેતા નહિ કે

**પ્ર.**- તો પછી અનંતી દ્રવ્ય ક્રિયાઓ નકામી કેમ ગઈ ? કેમ એણે અંતરમાં ધર્મનો ભાવ ન જગાડ્યો ?

**ઉ.**- ન જાગ્યો એમાં ધર્મ ક્રિયાનો વાંક ન હોતો, પરંતુ

(૧) ધર્મના ભાવનું મૂળ જે મોક્ષની ઈચ્છા તે જ નહોતી, મોક્ષેચ્છાનો સહકાર નહોતો.

(૨) ધર્મના ભાવથી વિપરીત જે પાપનો ભાવ એ, ઝગમગતો રાખેલો આમ.

અંતરમાં ધર્મનો ભાવ જગાડવા જે ત્રણ સાધન જોઈએ

(૧) ધર્મ ક્રિયા અત્યંત કર્તવ્ય માનીને કરવાની;

(૨) મોક્ષની ઈચ્છા જ્વલંત રાખવાની;

(૩) પાપનો ભાવ ન જોઈએ;

હવે આમાં પહેલું સાધન હોય અને બાકીનાં બે ન હોય, તો સ્વાભાવિક છે કે કાર્ય ન થાય, એમાં કાંઈ એમ ન કહેવાય કે 'ધર્મક્રિયાનો રસ હતો એની મહેનત હતી માટે ધર્મનો ભાવ ન જાગ્યો', અર્થાત્ ત્રણ સાધન પૈકી પહેલા સાધનનો વાંક ન ગણાય. ઘડો બનાવવા માટી, ચાકડો અને દંડો જોઈતો હોય, એમાં માટી ભેગી કર કર કરી, પણ ચાકડો ડંડો ન લાવ્યા, તેથી સહજ છે કે ઘડો ન બને પરંતુ તેથી કાંઈ એમ થોડું જ કહેવાય કે 'માટીનો રસ હતો માટે ઘડો ન બન્યો, ઘડો બનાવવા માટી નકામી છે ? તો એવી રીતે બાકીનાં સાધન ન મળવાથી અનંતી ધર્મક્રિયા કર્યા છતાં કાર્ય 'આંતરિક ધર્મ'નો ભાવ ન જાગ્યો એમાં એમ કહેવાય કે 'ધર્મભાવ માટે ધર્મક્રિયા નકામી છે ?'

ધર્મક્રિયા તો જોઈએ જ, અલબત અત્યંત કર્તવ્ય માનીને એ કરાવી જોઈએ જેથી ગતાનુગતિક રીતે કરાતી સમૂર્છિત ક્રિયારૂપ થઈ નકામી ન જાય. ગતાનુગતિ કર્તા સંમૂર્ચ્છિતતા બેભાન-બેધ્યાનપણું હટાવવું જોઈએ. એ માટે કમમાં કમ તદ્ધેતુ

રહેવો જોઈએ, ક્રિયા તદ્ધેતુ બનવી જોઈએ.

તદ્ધેતુ ક્રિયા એટલે ક્રિયાના જ હેતુથી ક્રિયા ધર્મ કમાવા માટે જ ધર્મ કરાય.

અર્થાત્ ધર્મક્રિયા કેમ કરો છો ? તો કે 'ધર્મક્રિયા જ સારી છે. પાપ ક્રિયા ખરાબ છે. જીવનમાં સારું જ એટલે કે ધર્મ ક્રિયા જ કરવા લાયક છે, ખરાબ અર્થાત્ પાપ ક્રિયા કરવા લાયક નહિ તેથી જ ધર્મ ક્રિયા કરું છું.' આમ ને આમ ધર્મક્રિયા કરાતી રહે તો પાપ ક્રિયાથી બચાય. ઊંચો જનમ પામીને કાંઈ ને કાંઈ કરવાનું તો છે જ, તો શું કરવા જેવું ? ધર્મક્રિયા જ કરવા જેવી કહો, ધર્મક્રિયા માટે જ માનવ જનમ છે પાપ ક્રિયા માટે નહિ, તેથી ધર્મક્રિયા કરાતી રહે તો સારું. આમ ધર્મ ક્રિયાના હેતુથી જ ધર્મક્રિયા કરાય તે તદ્ધેતુ ધર્મક્રિયા છે.

પ્રભુ ભક્તિ કેમ કરો છો ? તો કે પ્રભુ ભક્તિ માટે. પણ પ્રભુ ભક્તિ કરીને શું જોઈએ છે ? તો, કે પ્રભુ ભક્તિ જ જોઈએ છે; કેમ કે આ જીવનમાં મોહની ભક્તિ મોહની સેવા નહિ, પણ પ્રભુની જ સેવા ભક્તિ કરવા લાયક છે. આમ પ્રભુ ભક્તિ ઊંચી કમાઈ માટે જ પ્રભુ ભક્તિની ક્રિયા કરાય એ તદ્ધેતુ ધર્મ ક્રિયા થઈ. એ પણ પ્રશસ્ત ધર્મ ક્રિયા છે કેમ કે આમાં ખરાબ પાપ ક્રિયાથી બચી સારી ધર્મક્રિયામાં રહેવાનો ઉદ્દેશ શુદ્ધ છે, ઉદ્દેશનું લક્ષ છે.

**દેવપાલ : 'મારે પ્રભુભક્તિ જ જોઈએ છે' :-**

દેવપાલ એક ઢોરા ચારનારો નોકર છતાં પ્રભુ ભક્તિ માટે જ પ્રભુ ભક્તિ કરતો. તો ચક્રેશ્વરીદેવીએ પ્રભુ ભક્તિના બદલામાં કશું માગી લેવા એને લલચાવ્યો છતાં એ લાલચને વશ ન થયો, કશું ન માગ્યું, માત્ર પ્રભુ ભક્તિ માગી. પરિણામ એ આવ્યું કે આ ટેક પર આગળ જઈને એણે તીર્થંકર નામકર્મનું પુણ્ય ઊભું કર્યું.

બસ, કમમાં કમ ધર્મ ક્રિયા 'તદ્ધેતુ ક્રિયા' તરીકે કરો. 'પાપક્રિયા ખરાબ છે, પાપ ખરાબ છે, ધર્મ ક્રિયા જ સારી સારી છે. માટે પાપ-પાપક્રિયાથી બચવા ધર્મક્રિયા કરું ?, આ ભાવ જાગતો રાખો તો પણ એ આત્માને ઊંચે લાવશે. એક દિવસ અંતરમાં ધર્મની પરિણતિ જગાવશે.

**અનંતી ધર્મક્રિયા નકામી ગઈ એમાં ક્રિયાનો ગુનો નહિ.**

અનંતી દ્રવ્ય ક્રિયા કરી એમાં આ પાપ પાપ કાર્યથી બચવાનો ભાવ નહોતો કેમ કે ત્યાં દુન્યવી સુખની લાલસાના પાપનો મલિન હેતુ હતો. ધર્મ ક્રિયા કેમ કરો છો તો કે નહિ કે 'એ જ સારી છે માટે' કિન્તુ 'એથી દુન્યવી સુખ સન્માન મળે છે માટે' એટલે આમાં સારું તો સુખ-સન્માન જ માન્યું, ધર્મક્રિયા તો માત્ર એનું સાધન તરીકે કરી. ત્યાં અત્યંત કર્તવ્ય ધર્મ ક્રિયાને ન માની કિન્તુ સુખ સન્માનની પ્રાપ્તિ અત્યંત કર્તવ્ય માની. પછી આવો પાપમય ભાવ હોય ત્યાં ધર્મક્રિયા નિષ્ફળ જાય,



ધર્મનો ભાવ ન જગાવે, એમાં શી નવાઈ ? ત્યાં કાંઈ ગુનો એ નથી કે એ ધર્મક્રિયા કરે છે માટે ધર્મનો ભાવ નથી જાગતો. આવું ન કહેવાય કેમ કે તો તો પ્રશ્ન એ થાય કે 'શું પાપક્રિયા કરતો રહેત તો ધર્મનો ભાવ જાગવાનો હતો ? ના.

પાપ ક્રિયામાં પાપનો ભાવ જાગવાને અવકાશ છે, અને ધર્મક્રિયા વખતે ધર્મનો ભાવ જાગવાને અવકાશ છે, એમ કહેવાય.

અલબત આ સામાન્ય (જનરલ) નિયમ, લગભગ બધે લાગુ પડે; પછી એમાં અપવાદ હોય; કોઈકને ઊલટું ય થાય, પાપક્રિયા વખતે ધર્મનો ભાવ જાગે. પરંતુ અહીં ધર્મનો જાગે એમાં પ્રભાવ પાપ ક્રિયાનો નથી, કાંઈ પાપ ક્રિયાના લીધે ધર્મનો ભાવ નથી જાગતો. ધર્મનો ભાવ તો ધર્મની લેશ્યાના લીધે જાગે છે. જેમ શ્રેષ્ઠિપુત્ર ગુણસાગરને ચોરીમાં હસ્ત મેલાપની પાપક્રિયા વખતે ધર્મનો ભાવ જાગ્યો, સંયમ લેવાનું શુભ ચિંતન ચાલ્યું, તો એ કાંઈ હસ્ત મેલાપના પ્રભાવે નહિ. નહિતર તો આ આખી દુનિયાને હસ્ત મેલાપ વખતે ધર્મનો ભાવ જાગવો જોઈએ. પણ લગભગ બધાને એ સમયે તો વિલાસ વગેરે પાપના ભાવ જ જાગે છે એ સૂચવે છે કે પાપ ક્રિયા વખતે પાપના ભાવ જાગે. ગુણસાગરને પાણિગ્રહણ વખતે ધર્મના ભાવ ચાલ્યા એ પોતાની ધર્મલેશ્યાના પ્રભાવે ચાલ્યા છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૧૭,તા.૨૪-૧૨-૧૯૭૭**

**ભરતને વૈરાગ્યવૃદ્ધિ આરિસાદર્શનની પાપક્રિયાના પ્રભાવે નહિ, ધર્મલેશ્યાના પ્રભાવે.**

ભરત ચક્રવર્તી બનીઠનીને આરિસાભવનમાં જઈ આરિસામાં જોઈ રહ્યા છે કે 'હું કેવો લાગું છું !'

મુગટ દાગીના વગેરે બરાબર ગોઠવાયેલા છે ને ? આ જોવાની ક્રિયા એ મોહની ક્રિયા છે, પાપક્રિયા છે. એમાં એક વીંટી નીકળી ગઈ અને આંગળી બુઠ્ઠી લાગવા માંડી તે વખતે વૈરાગ્યભાવનામાં ચડ્યા, એ ધર્મનો ભાવ એ કોના પ્રભાવે જાગ્યો ? આરિસામાં જોવાની પાપક્રિયાના પ્રભાવે નહિ, કેમકે, એ તો રોજ કરતા હતા, તો કેમ ત્યાં વૈરાગ્યભાવના ન વધી ? એટલે પ્રભાવ અહીં ધર્મલેશ્યાનો છે. એવી ધર્મલેશ્યા હતી કે અહીં જરા વિષમ બનતાં એના પર સામાન્ય માણસ વિચારે એના કરતાં એ જુદું જ વિચારે છે; હેં ? આંગળીની વીંટી વિના શોભા નહિ, તો શું શોભા મારા આત્માની પોતાની નહિ ? તે ભાડુતી શોભા લાવવી

પડે ? તો ય કામચલાઉ ? કાયમી નહિ ? તો જો આવી શોભા કામચલાઉ જ છે, અનિત્ય જ છે, તો જગતના બીજા સંયોગમાં શું નિત્ય છે ? બધા જ સંયોગ અનિત્ય ?

આવો ધર્મનો ભાવ, વૈરાગ્યનો ભાવ, અનાસક્તિનો ભાવ, એ કાંઈ પાપક્રિયાનો પ્રભાવ નથી; પાપક્રિયાથી તો પાપનો ભાવ જાગે ધર્મનો ભાવ ધર્મક્રિયાથી જાગે, ધર્મક્રિયા વખતે ધર્મની લેશ્યા સારું કામ કરી જાય; તે ધર્મનો ભાવ જગાડે.

આ પરથી સમજાશે કે અનંતી ધર્મક્રિયાએ ધર્મનો ભાવ કેમ નહિ જગાડ્યો ? કારણ આ, કે ત્યાં ધર્મની લેશ્યા ન હતી. લેશ્યા હતી સારાં વિષયસુખ લેવાની. માટે જ એ 'ધર્મ સારો માટે કરવો' એવી બુદ્ધિથી ધર્મ નથી કરતો, કિન્તુ 'સુખ સારું, ને તે ધર્મથી મળે છે માટે ધર્મ કરવો' આ બુદ્ધિથી ધર્મ કરે છે.

ધર્મને જ જીવનનું સાચું કર્તવ્ય માનીને ધર્મ થાય, એમાં આંતરિક ધર્મપરિણામ જાગે, માટે

**(૧) ધર્મપરિણતિનું પહેલું સાધન : 'પાપ ખરાબ, ધર્મ સારો, તેથી ધર્મ જ કરું' એ ભાવથી ધર્મ થાય.**

**(૨) ધર્મપરિણતિનું બીજું સાધન મોક્ષની ઈચ્છા.**

ધર્મ કેમ કરો છો ? પ્રભુદર્શન કેમ કરો છો ? તો જવાબમાં જેમ પેલો કહે છે; ધર્મ જ સારો છે, ધર્મ જ કર્તવ્ય છે. માટે કરું છું; એમ એ પણ જવાબ હોઈ શકે કે 'મોક્ષ જોઈએ છે, જે મોક્ષ ધર્મ જ અપાવી શકે છે માટે ધર્મ કરું છું.' જગતમાં જનમ મરણ પામ્યા; કરવામાં આત્માની નાલેશી લાગતી હોય, અને એનો કંટાળો આવ્યો હોય, તો મોક્ષની ઈચ્છા થાય. જગતમાં રહીને પાપ કરવા પડે છે એમાં પોતાના આત્માની બિભત્સતા લાગતી હોય, જેમ ક્યારેક શેઠના જોડા ઊંચકીને ચાલવું પડતું હોય તો મુનીમને બિભત્સતા લાગે છે 'હાય ! મારે જોડા ઊંચકીને ચાલવાનું ? છટ કેટલું બધું ખરાબ !' એમ અહીં બિભત્સતા લાગતી હોય, હાય ! મારે પાપે પાપ કરવાના ? બહુ ખરાબ ! તો પણ એથી છૂટવા મોક્ષની ઈચ્છા થાય; ને એ માટે ધર્મ જ સાધન હોઈ ધર્મ કરતા રહેવાય.

**સીધો હિસાબ છે, પાપથી સંસાર, ને ધર્મથી મોક્ષ.**

પાપથી મોક્ષ થતો હોય તો તો આખી દુનિયાનો ક્યારનોય મોક્ષ થઈ ગયો હોત ! પણ કદી પાપથી મોક્ષ નીપજે જ નહિ. મોક્ષ તો ધર્મથી જ થાય. હવે જ્યારે મોક્ષ માટે ધર્મ કરે છે, એટલે ધર્મથી મોક્ષ સિવાય બીજું કાંઈ જોઈતું નથી, ધર્મથી દુન્યવી સુખો જોઈતા નથી, તેથી એના દિલમાં પાપનો ભાવ નહિ આવે,



પણ ધર્મનો જ ભાવ આવશે. આપણે અનંતીવાર ચારિત્ર્ય જેવા મહાન ધર્મની ક્રિયાઓ કરી, પરંતુ મોક્ષનો ઈરાદો જ નહોતો તેથી જ અંતરમાં વિષયસુખોની કામનાના જ ભાવ રાખેલા. વિષયસુખોના ભાવ એ પાપના ભાવ છે ત્યાં ધર્મનો ભાવ શી રીતે આવી શકે ? માટે ત્રીજું સાધન આ છે,

**(૩) ધર્મક્રિયાથી અંતરમાં ધર્મનો ભાવ જગાડવા ત્રીજું સાધન આ, કે અંતરમાં પાપનો ભાવ ન જોઈએ.**

એ તો ઉઘાડી વાત છે કે કાંઈ થવા માટે જેમ કારણો હાજર જોઈએ, એમ પ્રતિબંધક વિઘ્ન ગેરહાજર જોઈએ, કાર્યનો વિરોધી પદાર્થ ત્યાં ન જોઈએ. લાકડાથી અગ્નિ સળગે છે, પરંતુ એ લાકડાં જો પાણીભર્યા હોય તો અગ્નિ નહિ સળગે. અગ્નિ સળગવામાં પાણી વિઘ્નભૂત છે, એની ગેરહાજરી જોઈએ; તો જ લાકડામાંથી અગ્નિ સળગે. એ જ રીતે ધર્મ ક્રિયાથી દિલમાં ધર્મનો ભાવ જગાવવો હોય તો દિલમાં પાપનો ભાવ ન જોઈએ, કેમકે એ પાપભાવ ધર્મના ભાવમાં વિઘ્નભૂત છે, ધર્મના ભાવનો વિરોધી પદાર્થ છે.

આ જ હિસાબે ચારિત્રની ક્રિયાથી દિલમાં ચારિત્રનો સંયમનો ભાવ તો જ જાગી શકે, કે જો ત્યાં એનો વિરોધી પાપનો ભાવ-અસંયમનો ભાવ હાજર ન જોઈએ. હવે જો મનમાં એમ રાખ્યું હોય કે 'આ ચારિત્ર-પાલનથી મને અહીં માનપાન મળો, યા પરલોકે દેવતાઈ સુખ મળો' તો એ ભાવમાં દુન્યવી સુખનો રાગ છે, અને

**દુન્યવી સુખનો રાગ એ અ-સંયમ છે. એ રાગથી ચારિત્રમાં સંયમ નહિ.**

દુન્યવી, 'સુખની', અ-વિરતિ યાને આસક્તિ ન હોવી' એ વિરતિરૂપ સંયમ કહેવાય. અગર દિલમાં આસક્તિનો અસંયમનો ભાવ એટલે કે પાપનો ભાવ બેઠો છે, તો ત્યાં સંયમધર્મનો ભાવ શી રીતે આવી શકે ?

એટલે જ ચારિત્ર પાળીને પાછળથી નિયાણું કરનારાય ભૂલા પડી ગયા. ભલે પહેલાં ચારિત્ર પાળતી વખતે કોઈ દુન્યવી સુખની ઈચ્છા આશંસા ન રાખી કે 'ચારિત્રથી મને આ સુખ મળો,' એટલે એ વખતે તો દિલમાં સંયમનો ભાવ આવ્યો, પરંતુ પછીથી એવું કોઈ નિમિત્ત પામીને જો દુન્યવી સુખની તીવ્ર આશંસા-કામના ઝળકી ઊઠી, તો સંયમના ભાવને ધક્કો લાગી ગયો ! પરિણામ એ આવ્યું કે જો કે પાળેલા કઠોર સંયમના પ્રભાવે પછીના ભવે ઈચ્છિત દુન્યવી સુખ તો મળ્યું, પણ એણે સંયમનો 'ભાવ' ન જાગવા દીધો; કેમકે સુખની તીવ્ર આશંસાએ પૂર્વે સંયમનો ભાવ નષ્ટ કરેલો. તેથી એના સુખદ સંસ્કાર નષ્ટ થઈ ગયેલા, અને સુખની ઉગ્ર કારમી આસક્તિના સંસ્કાર પગભર થઈ ગયેલા. એ બંડલ આ ભવે

ચાલ્યું આવ્યું, એટલે એ સુખની આસક્તિને જ અસંયમને ઝગમગાવે એ સહજ છે, ત્યાં સંયમનો ભાવ શે ઊઠે ? પરિણામ ?

**સુખની તીવ્ર આસક્તિમાં અર્થાત્ 'તીવ્ર અ-સંયમમાં મરીને નરકમાં પ્રયાણ,'**

**વિશ્વભૂતિમુનિને પહેલા વૈરાગ્ય, પછી રાગ :-**

ભગવાન શ્રી મહાવીર પ્રભુનો જીવ સોળમા ભવે વિશ્વભૂતિ રાજકુમાર, તે તીવ્ર વૈરાગ્યથી સંયમજીવનમાં ચડેલા. એ વખતે કોઈ દુન્યવી સુખની આશંસા કામના નહોતી. કેમકે એમને વૈરાગ્ય જ એ વિચારીને થયેલો કે 'આ દુન્યવી સુખની માયા જ ખોટી કે જેમાં પડી રહ્યેથી બાપથી અધિક સન્માનેલા અને મારા પર અત્યંત પ્રેમ દેખાડનારા કાકા રાજા તરફથી મારી પ્રત્યે દગો રમાયો ! રાજ્યપાટ વગેરે દુન્યવી સુખની માયામાં હું બેઠો રહ્યો માટે જ આ દગાનો ભોગ બનવું પડ્યું ને ? આ વહાલ રાખનારા કાકા દગો રમે ને ? તો આ સુખની માયા જ ખોટી. એમાં તો આવા કેટલાયના ય દગાના ભોગ બનવું પડે; આ વિચારથી ત્યાં ને ત્યાં જ ઊભા થઈ ગયા, અને ચારિત્ર-સંયમ લઈ લીધું.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૬,અંક-૧૮,તા.૩૧-૧૨-૧૯૭૭**

આમાં કશી સુખની આસક્તિ નહોતી, અ-સંયમ યાને પાપનો ભાવ નહોતો, એટલે દિલમાં સંયમનો ભાવ બાહ્ય સંયમ-તપની ક્રિયાથી પ્રકાશવા માંડ્યો. એથી જ એવો અધિકાધિક તપ કરતા ચાલ્યા કે એમાં કાયા ઓગળતી ઓગળતી હાડપિંજર શી બની ગઈ. અહીં સુધી બધું બરાબર ચાલ્યું. અંતરના સંયમ ભાવથી બાહ્ય તપ-સંયમની ક્રિયાનું જોમ વધતું ચાલ્યું; અને એ બાહ્ય ક્રિયાનું જોર વધતાં અંતરનો સંયમનો ભાવ ભવ્ય વિકસતો ચાલ્યો.

**અધ્યાત્મ-ઢોંગીમાં કેમ સમ્યકત્વ નહિ ? :-**

**તપ-સંયમની ક્રિયાથી સંયમનો આંતરિક ભાવ વધે એ બાહ્ય ક્રિયાનું ઓછું મહત્ત્વ છે ?**

મુનિ જો સંયમ લીધા પછી ખાનપાન અને માનમાં પડી બાહ્ય તપ અને સંયમની ક્રિયામાં શિથિલ બન્યા હોત, તો શું અંતરમાં સંયમનો ભાવ વધતે ? કે હોય એ નષ્ટ થઈ જતે ? આજે અધ્યાત્મભાવનો ચાળો કરનારા અને બાહ્યથી ઘી-કેળા ઉડાવનારા આલીશાન એંશી હજાર રૂપિયાની મોટરમાં ફરનારા, એમને શું અંતરમાં સંયમનો ભાવ છે ? અરે ! સમ્યક્ત્વનો ભાવ પણ છે ? ના, કેમકે જિનેશ્વર ભગવંતનું વચન વિષયોના સંસર્ગને ભયંકર કહે છે, ને વિષયોના ત્યાગને



અત્યંત ઉપાદેય કહે છે, પણ આ અધ્યાત્મ ઢોંગી માને છે કે વિષયોનો સંસર્ગ ભયંકર નથી, વિષયોનો ત્યાગ અત્યંત ઉપાદેય નથી. એ તો વિષયોનો રાગ ભયંકર અને એ રાગનો ત્યાગ ઉપાદેય. આમ જ્યાં માનવાનું બોલવાનું હોય અને ભોળા લોકોને વિષયોનો સંપર્ક ત્યાજ્ય ન બતાવતાં માત્ર એનો રાગ ન કરવાનું કહેવું હોય ત્યાં સમ્યક્ત્વ પણ શી રીતે રહે ? જિનવચન કહે 'વિષયો ભૂંડા, વિષયોનો સંપર્ક ભૂંડો,' અને આ માને વિષયો ભૂંડા નહિ, વિષયોનો સંસર્ગ ભૂંડો નહિ, એટલે જિનવચનથી વિરુદ્ધ માન્યું ત્યાં સમ્યક્ત્વ શી રીતે હોય ?

જિનવચન બાહ્ય શુભ ક્રિયાને તારણહાર કહે, ને આ માને કે 'અંતરનો શુદ્ધ ભાવ જ તારણહાર, બાહ્ય શુભ ક્રિયા તારણહાર નહિ', ત્યાં સમ્યકત્વ શી રીતે હોય ?

**પ્ર.**- પણ એ તો કહે છે 'અમે તો નિશ્ચયથી માનીએ છીએ.'

ઉ.- તો શું વ્યવહારથી માનવું એ ખોટું છે ? ભગવાનનું શાસન અનેકાંતવાદી ? કે એકાંતવાદી ? વ્યવહારનું માનેલું ખોટું અને એકલા નિશ્ચયનું માનેલું સાચું એમ કહેવા જતાં તો એકાન્તવાદિતા આવે ! નિશ્ચય-વ્યવહાર બંનેને માને તો જ અનેકાંતવાદિતા.

**આચરણ માટે વ્યવહારનું સાચું, દૃષ્ટિ માટે ધ્યેય માટે નિશ્ચયનું સાચું, આ સાચો અનેકાંતવાદ છે.**

માતા અને પત્ની બંને ય સ્ત્રી તરીકે સમાન છે, છતાં માતા પ્રત્યે પૂજ્યતાની દૃષ્ટિ છે, અને પત્ની પ્રત્યે ભોગ્યતાની દૃષ્ટિ છે, તો વ્યવહાર આચરણ બંને પ્રત્યે ભિન્ન ભિન્ન રાખવા જ પડે છે. ત્યાં જો કોઈ માતાની સાથે પત્ની જેવો મોહનો વ્યવહાર રાખી એમ કહે કે મારા અંતરમાં તો માતા પ્રત્યે પૂજ્યભાવ જ છે, અયોગ્યભાવ નથી, તો એ ઢોંગી ધુતારો ? કે બીજું કાંઈ ?

**'નિશ્ચયદૃષ્ટિ હૃદયે ધરીજી, આચરિયે વ્યવહાર'**

**નિશ્ચયદૃષ્ટિને અનુરૂપ વ્યવહાર કેવો હોય ?**

નિશ્ચયદૃષ્ટિ મનમાં રાખી કે 'વિષયોનો રાગ ખરાબ છે, રાગ ત્યાજ્ય છે,' પછી એને અનુરૂપ બાહ્ય વ્યવહાર કોને ગણાય ? વિષયોના યથેચ્છ સંસર્ગને ? કે વિષયોના યથાશક્તિ ત્યાગને ? અંતરમાં સદાચાર સારો માન્યા પછી બાહ્યથી વેશ્યાવાડામાં ફરતો રહે, વેશ્યાગમન કરતો રહે. તો વાંધો નહિ ને ? અંતરમાં સદાચારનો ભાવ સલામત હોય ને ? ભોળા લોકોને ઉઠા ભણાવવાના જ ધંધા છે કે બીજું કાંઈ ?

શું બાહ્ય સારા વ્યવહારથી અંતરમાં સારી દૃષ્ટિ નથી જાગતી-વિકસતી ?

શું બાહ્યના ખરાબનીય વ્યવહારથી અંતરમાં ખરાબનીય દૃષ્ટિ નથી જાગતી-પોષાતી ? જાગે જ છે, પોષાય જ છે. એટલા માટે તો છોકરાને બાહ્ય જુગારી-મવાલી છોકરાઓના સંપર્કમાં નથી આવવા દેતા. સમજો છો કે આ બાહ્ય નરસા સંપર્કથી છોકરાની મનોવૃત્તિ જ બગડી જશે. નવી પત્નીને જે તે માણસોના બાહ્ય પરિચયમાં વાતો-ચીતોમાં જતી અટકાવો છો, એ પણ એ જ સમજીને કે 'એમ કરતાં એનું દિલ બગડી જશે. બાહ્ય ખોટા વ્યવહારથી અંતરમાં મલિન ભાવ જાગે.'

આજે દેખોને નવી પ્રજાની મનોવૃત્તિ કેમ ઉદ્ભટ વિલાસી થઈ ગઈ છે ? એટલા જ માટે કે સિનેમા-ટી.વી. નોવેલો રવિવારિયા છાપાં-બિભત્સ સેક્સના ચિત્રો વગેરેનો બાહ્યથી યોગ વધી ગયો. જે આવા યોગથી દૂર રહે છે એ છોકરા-છોકરી અંતર્વૃત્તિથી સારા સુશીલ રહે છે.

બાહ્ય ક્રિયાની અને બાહ્ય વ્યવહારની આંતરિક પર અસર ન માનનારા પોતે શા માટે લોકોને ઉપદેશ સંભળાવવાની ક્રિયા કરે છે ? તે પણ સમયસર વગેરે જ સંભળાવવાનું કેમ કરે છે ? એ સમજીને જ કે 'શ્રોતા આના જ શ્રવણની બાહ્ય ક્રિયા કરે તો એમને આભ્યન્તરમાં નિશ્ચયની દૃષ્ટિ ઊભી થાય.' આ શું સૂચવે છે ? મનમાં બેઠું છે કે

**'બાહ્યની આભ્યંતર પર બહુ અસર છે.'**

એ હિસાબે જ વિશ્વભૂતિ મુનિ બાહ્ય તપ-સંયમની સાધના કરતાં કરતાં આંતર પરિણતિમાં મહાસંયમી બની ગયા છે. હવે આને જિંદગીના છેડા પર્યન્ત એમાં કશી ઘાલમેલ વિના ટકાવવું જોઈએ. તો એ આત્માને ન્યાલ કરી દે ! પરંતુ જો આમાં પાપભાવ પેસાડ્યો ? ને તે પણ પકડ કરીને ? તો આત્માને બરાબર કરી નાખે બીજી છતી શુભ ક્રિયાએ આંતરભાવ મલિન થઈ જાય.

**વિશ્વભૂતિમુનિને સંયમમાં પાપભાવના પ્રવેશે પછાડ્યા :-**

વિશ્વભૂતિમુનિને એવું જ થયું. મથુરામાં માસખમણના પારણે ગોચરીએ જતાં રસ્તામાં ગાયની અડફેટ લાગવાથી પડી ગયા, ને એમનો વિરોધી બનેલો પિતરાઈ ભાઈ વિશાખાનંદિ જે ત્યાં આવેલો, એ આ જોઈ હસ્યો, મશ્કરી કરી 'કેમ ? ક્યાં ગયું પેલું કોઠાની જેમ માથાં તોડવાનું બળ ?' બસ, મુનિના દિલને આ મશ્કરીના શબ્દો અડી ગયા, અસર કરી ગયા.

જુઓ, આ જ બાહ્ય શ્રવણક્રિયાની આભ્યંતર પર અસર.

મુનિને અભિમાન આવ્યું, 'શું હું દૂબળો ?' નિયાણું કર્યું, 'જો મારા આ તપ-સંયમનો પ્રભાવ હોય તો આવતા ભવે હું મહા બળવાન થાઉં'; અને થયા. મરીને દેવલોકમાં જઈ આવી અહીં અખૂટબળી ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા. પરંતુ પૂર્વે



દીર્ઘ પણ તપ-સંયમમાં પાપ પેઠેલું, તે પાપે કેવા પછાડ્યા ? વાસુદેવપણે તે ઘણા પાપ કરીને મરી સાતમી નરકે ગયા ! ને પછી પણ સિંહ-૪થી નરક અને દીર્ઘ સંસારને પણ પામ્યા.'

વિશ્વભૂતિમુનિને સાધના સારી હતી, પરંતુ એમાં પાપભાવ પેઠો, અભિમાનનો અને મહાબળના તીવ્ર લોભનો. તેથી એટલી બધી ઉગ્રસાધનાની પણ પરભવે કશી સારી અસર રહી નહિ. નહિતર જો અંતરમાં એ પાપભાવ ન ઘાલ્યો હોત તો એમની અહીંની દીર્ઘ કાળની કઠોર, તપ સંયમની સાધનાએ એમને અલ્પ કાળે મોક્ષે પહોંચાડ્યા હોત.

**વિનોદને કેમ ચારિત્રની ઉતાવળ ? :-**

**દીર્ઘ ચારિત્રપાલનથી ચારિત્રને સ્વભાવમાં ઉતારી શકાય.**

પેલો વિનોદ આ વિચાર કરી રહ્યો છે કે 'હવે મારે ચારિત્ર લઈ જ લેવું જોઈએ,' ભલેને દીર્ઘકાળ જીવતો રહું, પરંતુ સંયમના લાંબા અભ્યાસથી જ સંયમ મારા સ્વભાવમાં ઉતરશે. તો હવે શા માટે વિલંબ કરવો જોઈએ ? સાધુ પાસે માત્ર ભણવા રહેવાની ય જો બાપુજી સંમતિ નથી આપતા, તો ચારિત્રની સંમતિ તો શાના જ આપે ? પણ હવે મારે વિલંબ કરવા જેવો નથી. 'અસંખયં જીવિયં, મા પમાયએ' જીવતર તૂટ્યું તો સાંધો નહિ થાય, ને કોને ખબર એ ક્યારે તૂટી બેસે ? તો ગફલતમાં ન રહેવું. ભલેને કદાચ આયુષ્ય જલ્દી ન તૂટે, ને લાંબો કાળ જીવતો રહું, તો પણ એ દીર્ઘકાળ સંયમ-સાધનાની જરૂર છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૧૯,તા.૭-૧-૧૯૭૮**

**દીર્ઘકાળની ધર્મસાધનાથી ધર્મ આત્માને સ્વભાવભૂત બને.** ધરમ કરે છે ખરા, પણ શું લાગે છે ખરું કે આત્માનો સહજ સ્વભાવ બની ગયો હોય ? જો બન્યો હોય ને તો એ ધર્મ સાધવા માટે મનને ઊઠાડવું, સમજાવવું ન પડતું હોય, પણ મનને આપમેળે સહેજે સહેજે ધર્મ સૂઝે. સહેજે સૂઝતો હોય એવું લાગે છે ? જો ના, તો એનું કારણ એ છે કે ધર્મ પાપભાવની દખલ વિના ભારે હોંશથી દીર્ઘકાળ સાધવાની જરૂર છે. દા.ત.

ક્ષમા, સમતા, સાધવી હશે તો ભાઈ વગેરેના ગેરવર્તાવ છતાં એના પર મૈત્રીભાવનાનો અને ક્ષમા-સમતાનો વર્તાવ દીર્ઘકાળ રાખવો જોઈશે. તો જ મૈત્રી ક્ષમા-સમતા સહજ જેવા બનશે. નહિતરત તો પરાણે લાવ્યા ય નહિ આવે. એમ, ગુણાનુરાગ સિદ્ધ કરવો હશે તો જ્યાં બીજાની ચડતી પર મન ઈર્ષ્યામાં તણાતું

દેખાય કે ત્યાં દિલથી સામાના ગુણાનુવાદ કરવાનો અભ્યાસ દીર્ઘકાળ પર્યન્ત રાખવો જોઈશે. તો જ સહજ સ્વભાવમાં ગુણાનુરાગ આવીને ઈર્ષ્યા નહિ ઊઠે; નહિતર તો ઈર્ષ્યા સહેજે સહેજે ઊઠતી જશે, સ્વભાવમાં ઈર્ષ્યા જ રમશે. બધે આમ જ છે.

**સુકૃત-સદ્‌ગુણોનો દિલથી અભ્યાસ બહુ થાય તો, એ સ્વભાવમાં ઉતરે, અને દુષ્કૃત્ય-દુર્ગુણો સહજભાવે ઊઠતા હતા તે અટકી જાય.**

**પંચસૂત્રની સાક્ષી :-**

શ્રી પંચસૂત્રની ટીકામાં વિવેચનમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે લખ્યું છે કે **• ઔચિત્યના પાલનપૂર્વક • સતતપણે, • સત્કાર અને • વિધિથી સેવેલા શુદ્ધ ધર્મથી ભવનો ઉચ્છેદ થાય.** આમાં 'સતતપણે' કહ્યું એ દીર્ઘકાળ એનો અભ્યાસ સૂચવે છે. લાંબા કાળ સુધી સતત એ શુદ્ધ ધર્મ સેવ્યે જાઓ, તો એ ધર્મ સ્વભાવમાં ઊતરી સ્વભાવગત પાપો મિટાવી ભવનો ઉચ્છેદ કરી શકે. જુઓ, આમાં,

**(૧) ઔચિત્યનું પાલન :-** પહેલું જરૂરી કહ્યું; કેમ કે જીવનના બધા ક્ષેત્રમાં આની જરૂર છે. ક્યાંય અનુચિત વર્તાવ કરો એ તો બીજું સારું કરેલા પર કલંક લગાડે છે. દુકાને માલ વેચવા બેઠા. પ્રામાણિક્તા અને બહુ વાજબી જ નફો લેવાનું રાખ્યું છે, માલમાં ઘાલમાલ નથી કરતા, પરંતુ ઘરાકને જો કાંઈક અનુચિત બોલ સંભળાવો, તો એને મનમાં એ ખટકી જાય છે. એના મનને લાગે છે કે ભલે પ્રામાણિક્તા હોય ને નફો ઓછો જ લેવાનું રાખ્યું હોય, પણ આવા ભારે શબ્દ બોલે છે એ એનું અભિમાન સૂચવે છે. બીજે આવો માલ આ રીતે મળતો હોય તો તો બીજેથી જ લઈએ. આવા હલકા શબ્દો કોણ સાંભળે ? તે અનુચિત બોલમાં કદાચ ઘરાક ગુમાવે. એમ અનુચિત વર્તાવ પણ નુકસાન કરે છે, આબરૂ ઘટાડે છે. તેથી ધર્મસેવન સાથે ઔચિત્ય સાચવવું જ જોઈએ. ભવમાંથી ઉદ્ધારક શુદ્ધ ધર્મનું સેવન બને પણ તે ઔચિત્યપાલનપૂર્વક જ.

**ધર્મસેવન વિધિથી :-**

**(૨) બીજી વાત, વિધિથી ધર્મસેવન કહ્યું.**

દુન્યવી કાર્યો પણ એની વિધિથી કરાય તો જ નીપજે છે; તો ધર્મનાં સેવનમાં વિધિ ન પાળવી જોઈએ ? રસોઈની એકેક ચીજ શી રીતે બને છે ? વિધિસર જ ને ? ઘાંચી-તેલીના જેવા તેલિયા મેલા કપડાને ધોવું હોય તો વિધિથી ધોવાય છે. વિધિથી એટલે પહેલાં એને ક્ષારવાળા પાણીમાં ઉકાળાય છે, એમ તૈલી ભાગ હટાવ્યા પછી સાબુથી ધોવાય છે, પછી પાણીમાં સાફ કરાય છે. એના બદલે પહેલાં સીધો સાબુ જ ઘસવા માંડે તો મેલ જાય ? તો પછી ઉત્તમ અનુષ્ઠાનોથી આત્માનો તેલિયો મેલ કાઢવો હોય, તો વિધિપાલન ન જોઈએ ?



**વિધિપાલનમાં મહાલાભ : જિનાજ્ઞાપાલન-ગર્વનાશ-ભ્રમનાશ :-**

જ્ઞાનીઓએ કહેલી વિધિ પાળવાનો આગ્રહ રાખવામાં જ્ઞાની પર અને જ્ઞાનીનાં વચન-જિનાજ્ઞા પર શ્રદ્ધા બહુમાન વધે છે. 'અવિધિથી ધર્મ કરાય એમાં શું ? આમે ય કરાય'; એમ અવિધિ કરીને વિધિની ઉપેક્ષા કરવા જતાં એને કહેનાર જ્ઞાનીનાં વચનની અને જ્ઞાનીની ઉપેક્ષા અવગણના થાય છે. એ જાતનું અભિમાન છે કે 'હું શાસ્ત્રે કહેલી રીતે ન કરતાં બીજી રીતે કરું એમાં ય મારી સમજદારી છે.' જ્ઞાનીના માર્ગથી જુદી રીતે ચાલવું, ને જાતની સમજદારી માનવી, એ અભિમાન-ગુમાન-ઘમંડ નહિ તો બીજું શું છે ? અભિમાન અને ભ્રમણા બંને છે.

વિધિપાલનમાં અભિમાન અને ભ્રમણા બંનેથી બચાય છે, બંને ટળે; એમાં અભિમાન ટળવા માંડે, અભિમાન ઘવાતું આવે, એ કેવી સુંદર સિદ્ધિ !

**અભિમાનથી ગુસ્સો, તૃષ્ણાથી માયા, કષાયો પર સંસાર વૃક્ષ લીલુંછમ.**

**સંસારના બે પાયા, બે મૂળ થાંભલા, અહંત્વ અને મમત્વ, અભિમાન અને તૃષ્ણા.**

અભિમાનની પાછળ ક્રોધ ખેંચાઈ આવે છે, અને તૃષ્ણાની પાછળ માયા ખેંચાઈ આવે છે. આમ ક્રોધ-માન-માયા લોભ, એચાર કષાયોના મૂળ પર સંસારવૃક્ષ લીલુંછમ રહે છે. શાસ્ત્રો કહે છે **'કસાયમૂલો સંસારો'** સંસાર કષાયરૂપી મૂળવાળો છે. એમાં,

અભિમાનરૂપી કષાય ક્રોધને તાણે છે. 'ફલાણો મારું માનતો નથી ? મને ગાળ દે છે ? મારી ચીજને નુકસાન કરે છે ? મને પ્રતિકૂળ વર્તે છે ?' આમ બધે 'મારું, મને, મારી'...વગેરે અભિમાનના ભાવ છે, એથી ગુસ્સો ચડે છે. સામો એનું એ વર્તન બીજા સામે કરે, તો પોતાને કાંઈ પડી નથી, માત્ર પોતાની પ્રત્યે કરે તો લાગી આવે છે, ને ગુસ્સો ચડે છે.

એમ તૃષ્ણા-લોભ માયાને તાણે છે. કશી ચીજનો લોભ છે, મમતા છે, એટલે એને મેળવવા, સાચવવા માયાકપટ રચાય છે. અરે ! છેવટે પોતાને માનની આંકાક્ષા છે, માન જોઈએ છે, સારા દેખાવું છે, એટલે એની ખાતર માયા-પ્રપંચ રમે છે. આ ચારે કષાયો સંસારનું મૂળ છે, કષાયોના જ કારણે જીવન ! આ સંસારમાં અનંતાનંતકાળથી ચોરાશીલાખ યોનિઓમાં ભટકે છે.

ચારેય કષાયોમાં મુખ્ય બે, અભિમાન અને તૃષ્ણા-એ મોળા પડ્યા વિના ક્રોધ અને માયા મોળા નહિ પડે. એટલે મૂળમાં અહંત્વ ને મમત્વને મોળા પાડવા પડે. એમાં અહંત્વને-અભિમાનને મોળું પાડવા માટે જિનેશ્વર ભગવાન અને એમનાં વચનને મહત્વ આપીએ, પોતાની જાત કરતાં એ ઉંચા, લાગે ત્યારે એમની આગળ

પોતે કૂછ નહિ લાગે.

વિધિમાર્ગ પર ભાર આપવામાં મનને એમ થાય છે કે 'ધર્મસાધના મારી મનમાની રીતે કરું એની કશી કિંમત નહિ. એ તો જિનેશ્વર ભગવાને કહેલી વિધિથી કરું તો જ એ ઉચ્ચ ફળ આપે.' આમ વિધિ પર આગ્રહ રાખતાં જિન-જિનવચનને મહત્ત્વ આપી આપમતિ પોતાનું અહંત્વ બાજુએ મૂકવાનું થાય છે.

આમ જ્યારે આપમતિ અને અહંત્વ બાજુએ મૂક્યા ને જિનવચનને આગળ કર્યા, એટલે પહેલાં જે આપમતિનાં કાર્ય સહેજે થતા હતા, તે હવે જિનવચને બતાવેલ સત્કાર્ય સહેજે થવા માંડે. આપમતિનાં કાર્ય શા હતા ? અસત્ અશુભ કાર્ય, દુષ્કૃયો. જિનવચનનાં કાર્ય છે સુકૃતો. એટલે.

**વિધિપાલનમાં જિનવચનને મહત્ત્વ અપાયાથી જિનવચન-નિર્દિષ્ટ સુકૃતો સહજભાવે થતાં આવે છે.**

મહાપુરુષો કેમ જલ્દી તરી ગયા ? જિન અને જિનવચન પર ઓવારી ગયા તેથીસ્તો. ગૌતમસ્વામી મોટા ગણધર અને મોટા જ્ઞાની હતા, છતાં જિનેશ્વરદેવ મહાવીર પરમાત્મા પર ઓવારી જતા, એમને સર્વેસર્વા માનતા, એમની આગળ 'પોતે કુછ નહિ' એમ સમજતા હતા, એટલે પ્રભુ પર અને પ્રભુનાં વચન પર ઓવારી જતા હતા. તેથી પ્રભુએ ફરમાવેલ સત્કૃત્યો પ્રભુની રીતે અર્થાત્ પ્રભુએ બતાવેલ વિધિથી બજાવવામાં તત્પર રહેતા. એમ, સત્કૃત્યો સહજભાવે થવા લાગતા. અહીં એક સરસ પ્રશ્ન થાય.

**પ્ર.**- 'પ્રભુએ સત્કૃત્ય બતાવ્યું છે માટે કરીએ' એમાં તો પરાધીનભાવ છે, તો પરાધીનભાવે સત્કૃત્યને બજાવાય એ સહજભાવે શી રીતે થવાનું ?

**પરના આધારે કરવું ને એમાંથી સહજ-સ્વભાવિક કરવાનું કેમ થાય ?**

**ઉ.**- સત્કૃત્યો અંતરાત્મામાં કેવા કેવા ભાવ અને પરિણામ ઊભાં કરે છે એ અતીન્દ્રિય છે, આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ નહિ એવાં છે. પરંતુ સર્વજ્ઞ ભગવાન એને પ્રત્યક્ષ જોઈ શકે છે. તેથી જ કેવાં સત્કૃત્ય કેવી વિધિથી કરાય તો કેવા ઉચ્ચભાવ અને ઉચ્ચ પરિણામ, કેવા પાપક્ષય અને પુણ્યાનુબંધી પુણ્ય નીપજે એ જ્ઞાની પ્રત્યક્ષ જુએ છે. આપણે આપમતિવશ અવિધિથી ગાડું ગબડાઈએ એના તુચ્છ ફળ નીપજે એ આપણે પ્રત્યક્ષ જોઈ શકતા નથી. એટલે એ આપણે ગબડાવેલું અવિધિનું ગાડું આપમતિને પરાધીન છે. એમાં સારું ઉચ્ચ ફળ આવે નહિ. તેમજ આપમતિ તો અનાદિના અભ્યાસથી ઇન્દ્રિયોના વિષયો તરફ ઝુકેલી છે. એટલે વિષયપ્રવૃત્તિ સહજભાવે થાય પણ આપમતિએ કરાતી સત્કૃત્ય પ્રવૃત્તિ ક્યાંથી સહજભાવે થવાની હતી ?



જ્યારે, જિનવચન પર જ મદાર હોય એટલે જિનવચને ફરમાવેલ સત્કૃત્યનાં અને એની વિધિનાં ઉચ્ચફળ પોતાને પણ પ્રત્યક્ષ જેવા લાગે એટલી બધી એની પર શ્રદ્ધા થાય અને

**શ્રદ્ધા બળનું જ મહત્ત્વ છે.**

કેવળજ્ઞાનથી જ્યારે અતીન્દ્રિય ફળ પ્રત્યક્ષ જોવાની તાકાત નથી, ત્યારે એ પ્રત્યક્ષ જોનારા કેવળજ્ઞાનીનાં વચન પર સર્વેસર્વા શ્રદ્ધા કર્યે જ છૂટકો. માણસની સત્કાર્યમાં પ્રવૃત્તિ ઉચ્ચ ફળ જોઈને થાય છે. એ ઉચ્ચ ફળ પ્રત્યક્ષથી ન દેખાય તો શ્રદ્ધાથી માનીને ચાલવું જ રહ્યું. એટલે જ્ઞાની દૃષ્ટ ફળ અને એ ફળના સાધક સત્કૃત્ય અને એની વિધિ પર 'આ વિધિ જ સુકૃતનાં આવાં ઉચ્ચ ફળ લાવે છે' એ જેમ જ્ઞાની પ્રત્યક્ષ જુએ છે એમ આપણે શ્રદ્ધાથી જોતા થવું જ પડે. ઉચ્ચ ફળ જોઈએ તો છે જ, ને શ્રદ્ધાથી એ ફળ પ્રત્યક્ષ જેવું દેખાય એટલે એની મમતા આકર્ષણ વધે, એ સહજ છે.

ફળની શ્રદ્ધા થઈ એટલે સર્વજ્ઞકથિત એનાં સત્કૃત્ય અને એની વિધિ પર શ્રદ્ધા થાય; મનને સચોટ લાગે કે 'આ વિધિએ જ આ સત્કૃત્ય બજાવાય તો જ એનું આ ઉચ્ચ ફળ આવે. એમ ફળ અને એની સુકૃત વિધિ પર મમતા કે આકર્ષણ વધવાથી પછી એ સહજભાવે થવા લાગે એમાં નવાઈ નથી. શ્રદ્ધાબળ જેટલું જોરદાર, એટલું મમત્વ વધારે થાય, અને એ સુકૃતને સહજભાવે થતું બનાવે.

**(૩) ધર્મસેવન સતત કરો :-**

શુદ્ધ ધર્મને વિધિપૂર્વક આરાધવાની જેમ સતત સેવવાનું કહ્યું. એ પણ શુદ્ધધર્મ સાધનાને સહજભાવે કરતી કરી દે. શુદ્ધ ધર્મનું સુકૃત કે સદ્‌ગુણ સતત સેવવાનો એટલે કે માત્ર એક જ વાર નહિ પણ અનેકવાર અને તે પણ આંતરા ખાડા પાડીને નહિ, સાંતર નહિ કિન્તુ સતત નિરંતર સેવવાના. વાત પણ સાચી છે કે 'કદી ને મદી મિયા ચાલ્યા નદી' એમ ક્યારેક દાનાદિ સુકૃત સેવી લીધું યા ક્ષમાદિ સદ્‌ગુણ દેખાડી દીધો એટલા માત્રથી એ જીવને સહજ જેવો ન બને. કારણ સ્પષ્ટ છે,

**ધર્મનું મન સહેજે કેમ નહિ ? :-**

જીવને પરિગ્રહ આદિ પર સ્વાભાવિક પ્રીતિ અનાદિથી ચાલી આવે છે, એમાંથી આજે જીવ પાસે દાન કરાવવું હોય તો એને કેટલો સમજાવવો પડે છે ! એને પોતાને મન તો મળેલું સ્વાર્થ માટે જ રાખવાનું રહે છે, એમાં એને હવે પરાર્થ માટે બનાવવાનું એટલે કે દાન કરવાનું મન જ થતું શાનું હોય ? એ તો મનને મનાવવું પડે ત્યારે છૂટે છે. એવું,

વિષયસુખો ભોગવી લેવાનું સહજ મન રહે છે. ત્યાં એનો ત્યાગ કરવાનું શીલ-વ્રત-નિયમ લેવાનું મન શાનું હોય ? તેથી એ માટે મનને મનાવવું પડે છે.

એવું અનાદિથી ખાનપાનનું સ્વાભાવિક મન રહે છે ત્યાં તપનું મન સહેજે ક્યાંથી થાય ? તપ કરવો હોય તો મનને મનાવવું પડે છે. બાર વાગે જમી લીધું હવે સાંજે જ જમવાનું છે, તો લાવો ને ત્યારે નિયમ જ કરી લઉં કે સાંજ સુધીમાં કશું ખાવું પીવું નહિ, સિવાય પાણી; આમ શું મન કહે ? ના, કેમકે બપોરે ચા પીવી છે અરે ! 'એકવાર ચા સિવાય ને પાણી સિવાય બીજું કાંઈ લેવું નહિ', એટલું મન નિયમનું સહેજે થાય ? ના, એને ખાવાની લગન છે, ખાવાનું સહેજે ગમે છે, તેથી વિચારે છે કે 'કદાચ બપોરે ક્યાંક કાંઈક ખાવા-પીવાનું આવી જાય તો ?' આ ભયથી કામચલાઉ પણ તપ સહેજે કરવાનું મન નથી. હવે આ સ્થિતિમાં એકાદ વાર ઉપવાસ કરી લેવા માત્રથી તપનો સ્વભાવ ન બની આવે.

દાનાદિનો સ્વભાવ બની જાય કે દાન શું, શીલ શું, કે તપ શું, એ કરવાની સહજવૃત્તિ બનાવવા માટે તો એ નિરંતર કરતા રહેવું પડે.

**નિરંતર દાનાદિ સુકૃતનું કરાતા રહે ત્યારે પરિગ્રહાદિના મનને પાછું પડવું ન પડે ને દાનાદિનું મન ઉઠ્યા કરે. આમ થાય ત્યારે દાનાદિ સહજ જેવા થતા આવે.**

આવું ક્ષમાદિ ગુણ અંગે છે. અનાદિનું મન કેવું ? મોકો મળ્યો કે ઝટ ક્રોધાદિ કરવાનું મન રહે છે. મનમાં સહેજે સહેજે ક્રોધ અભિમાન વગેરે દુર્ગુણ ઊઠી આવે છે. સહેજ કોઈ વાંકું બોલ્યું ચાલ્યું, આપણને અણગમતું કર્યું કે મનમાં ગુસ્સો દ્વેષ ઈતરાજી-નાખુશી સ્ફુરી આવે છે. જરાક શું અપમાન જેવું લાગ્યું કે અભિમાન સ્ફુરે છે. તુચ્છ પણ સ્વાર્થ છે, અરે ! જરાક માત્ર મોજ માણી લેવાનો સ્વાર્થ છે, ને સાથે હોશિયારી છે, કે તરત માયા-કપટ સ્ફુરી આવે છે. કંઈક દુન્યવી સારું દેખ્યું-સાંભળ્યું કે લોભ રાગ જાગ્યો જ. સમજો.

આ કષાયોના જ્યાં સ્વભાવ પડી ગયા હોય, એ સહેજે સહેજે ઊઠતા હોય ત્યાં મનને સહેજે સહેજે ક્ષમાદિ સદ્‌ગુણ ક્યાંથી સ્ફુરે ? એ તો ક્ષમાદિ કરવા હોય ત્યારે મનને કેટલું ય સમજાવવું પડે. એવું ક્યારેક નહિ, પણ નિરંતર ક્ષમાદિ કરતા રહીએ ત્યારે પછી લાંબા અભ્યાસે મન ક્રોધાદિથી પાછું પડતું પડતું ક્ષમાદિ સહેજે કરતું થાય.

આ હિસાબ છે, દાનાદિ સુકૃત ને ક્ષમાદિ સદ્‌ગુણ સતત દીર્ઘકાળ કરતા રહો ત્યારે એ હવે સહેજે કરવાનું મન રહે. બે વાર ક્ષમા રાખી, ને ત્રીજીવાર ગુસ્સો કર્યો તો ક્ષમાની ભૂમિકા બંધાતી હતી તે બંધાવાની સ્થિતિ લુપ્ત. નિરંતર



સાધના એટલે નિરંતર જ કરતા રહેવાનું, ખાડો ન પડાય. ક્ષમા સાધતાં વચમાં ગુસ્સો લાવ્યા એટલે ખાડો પડ્યો, અંતર પડ્યું, નિરંતરતા ગઈ સાધના સતત ન રહી. પૂછો,

**પ્ર.-** એકાદવાર ગુસ્સો આવ્યો એમાં શું બગડી ગયું ?

**ઉ.-** બગડી આ ગયું કે ક્ષમાદિ સાધતાં એના સુસંસ્કાર એકત્રિત થયે જતા હતા, અથવા એકજ સંસ્કાર દૃઢ થયે જતો હતો. એમાં વચમાં ગુસ્સો લાવ્યા, એટલે પેલા સંસ્કારને ધક્કો લાગ્યો. એવો ધક્કો કે ક્ષમાના દૃઢ સંસ્કારે ક્ષમા સહજ જેવી બનવા જતી હતી, તે ગુસ્સાને સહેજે ઉઠાડ્યો. એણે મનને સહજ ક્ષમાથી આઘું ફેંકી દીધું એ પાછી સહજ જેવી થવા માટે હવે નવે નામે ક્ષમાના કેટલાય અભ્યાસ કરવા પડશે, ત્યારે નવે નામે એમાં દૃઢ સંસ્કાર જમા થતા જશે. આ હિસાબ છે.

**આંતરા વિના ક્ષમાદિની સતત સાધના ચાલવાથી એના જ સુસંસ્કાર જમા થતા રહે છે ને** એ ખૂબ સંસ્કાર અંતે હૈયામાં ક્ષમાદિને સહેજે રમતા કરી દે છે.

**સતતનું ફળ નિર્ભેળ સંસ્કારવૃદ્ધિ :-**

સાધના સતત-નિરંતર કરતા રહેવાનું આ ફળ છે કે એના સુસંસ્કાર જમા થતા રહે છે. એટલે ગુણની સતત સાધનાના ખૂબ સંસ્કાર પછીથી ગુણને સહેજે સ્ફુરાવે છે. સતતનું ફળ નિર્ભેળ સુસંસ્કારની વૃદ્ધિ, અને એનું ફળ સુકૃત-સદ્‌ગુણ સહજભાવે સ્ફુરતા રહે.

**સુદર્શન શેઠ** જેમને બ્રહ્મચર્ય અને અહિંસાના પ્રતાપે શૂળી સિંહાસન થઈ ગઈ, એ પૂર્વ જનમમાં એ જ ઘરમાં ઢોરો ચારનારા નોકર હતા, ને એ નોકરને અંતકાળ વિષમ આવ્યો, અકાળ મૃત્યુ આવ્યું. ઢોરાને બચાવવા ખડક પરથી નીચે નદીના પૂરમાં તરી જવા માટે જેવો નદીમાં ઝંપાપાત કર્યો કે ત્યાં અંદર છૂપા સ્થિર ઊભેલા લાકડાના ખૂટા પર જ પેટ પછડાયું ને ખૂંટો પેટ ફાડીને અંદર ઘૂસી ગયો. ભયંકર મરણાંત પીડા-વેદના આવી ! પરંતુ આ સ્થિતિમાં ય હાય મર્યો ! વોય કેટલી લાય ! આવું જરાય ન થતાં 'નમો અરિહંતાણં'ની રટણા રહે, એ કેટલું આશ્ચર્ય ? પરંતુ આશ્ચર્ય કશું નથી, એણે એ પૂર્વે 'નમો અરિહંતાણંની' રટણા સતત રાખેલી એથી એના સુસંસ્કારોનો જથો જામી પડેલો. એ સુસંસ્કારોના જથાએ હવે 'નમો અરિહંતાણં'ની રટણા સહજ બનાવી મૂકેલી, મન ઘોર પીડાને અવગણી. એ રટણામાં લાગ્યું રહ્યું.

શું સહજ ? શું સ્વાભાવિક ? વાતોચીતો નહિ, ટહેલટપ્પાં નહિ, ડાફોળિયાં નહિ, અર્થ-કામની વિચારણા નહિ, પણ 'નમો અરિહંતાણં'ની રટણા સહજ

સ્વાભાવિક ! છે જીવનમાં આ અનુભવ ? પૂછી જુઓ હૈયાને કે 'તારે શું સ્વાભાવિક છે ? ડાફોળિયાં યા અંટસંટ વિચારો સહજ ? કે 'નમો અરિહંતાણં ?' માલ મિલકત અને સુખોની વાતો-વિચારણા સહજ ? કે 'નમો અરિહંતાણં' ભૂલશો નહિ,

**જે કરવાનું સતત ચાલ્યા કરશે, એના જ સંસ્કાર દૃઢ થતા જશે, અને એથી એ જ સહજ બની જશે.**

પેલા નોકરને એકવાર કડકડતી ઠંડીમાં પાધરમાં રાતભર ખુલ્લા જેવા બદને ધ્યાનમાં ઊભેલા મહાત્મા જોવા મળેલા. સંધ્યાએ જોયા અને પછી રાત વીતી સવારે સૂર્યોદય પહેલાં જોવા મળ્યા. ત્યારે મહાત્માને પૂછે છે,

'ઓ બાપજી ! આ હિમ જેવી ઠંડીમાં આ રાતભર શી રીતે અહીં ખુલ્લાં ઊભા રહી શક્યા ?'

મહાત્માને તો સૂર્યોદય થયો એટલે ધ્યાન પારવું હતું તેથી 'નમો અરિહંતાણં' બોલી આકાશગામી વિદ્યાને બળે આકાશમાં ઊડી ગયા. પણ આ નોકર સમજ્યો કે મહારાજે મને આટલી બધી ઠંડી કેમ સહન કરી એનો મંત્ર આપ્યો ! બસ, એ તો ત્યારથી જ 'નમો અરિહંતાણ' રટવા મંડ્યો, પછી ઢોરો ચારતો રહ્યો ત્યાંસુધી એ રટણ કરતો રહ્યો અને ઘરે આવ્યા પછી પણ એ રટણ ચાલુ, શું આ ? સાધના સતત કરી દીધી.

ત્યારે શેઠ એ સાંભળી પૂછે, 'અલ્યા ! આ શું રટે છે ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૬,અંક-૨૦,તા.૧૪-૧-૧૯૭૮**

શેઠ સમજી ગયા કે મુનિ તો પોતાનો કાયોત્સર્ગ પારવા આ બોલેલા, ને આને 'કાગનું બેસવું ને તાડનું પડવું' એના જેવું થયું, તે માની લીધું કે 'મહારાજે મને મેં કડકડતી ઠંડી શી રીતે સહન કરી શક્યા, એમ પૂછેલું એના ઉત્તરમાં આ મંત્ર આપ્યો; પરંતુ એની આ સમજ ભાંગી નહિ નાખવી. એ તો પોતાનો કાયોત્સર્ગ પારવા બોલેલા, તને ઉત્તર આપવા નહિ' એમ ખુલાસો કરવામાં એની સમજ એની સારી બુદ્ધિ ભાંગી જાય, એને બુદ્ધિભેદ થાય. 'નમો અરિહંતાણં' એ મંત્ર તો છે જ. એના પરની એની શ્રદ્ધા ભાંગી ન જવી જોઈએ.

**કોઈની ધર્મશ્રદ્ધા ભાંગવી, દેવભક્તિ-ગુરુભક્તિ ભાંગવી, દાનાદિ ધર્મનો ઉત્સાહ ભાંગવો વગેરે એ બુદ્ધિભેદ કહેવાય, ને એ મોટું પાપ છે.**

મૂર્તિપૂજાનો વિરોધ કરનાર આ બુદ્ધિભેદનું મહાપાપ કરી રહ્યા છે. 'નિશ્ચય માર્ગ નિશ્ચય માર્ગ કહીને ભવ્ય જીવોની ક્રિયામાર્ગની શ્રદ્ધા તોડનારા, ક્રિયામાર્ગ



તોડાવનારા પણ આ બુદ્ધિભેદનું મહાપાપ કરી રહ્યા છે.

એમ સંપ્રદાયવાદ કહીને ધર્મની, ધર્મના આચાર અનુષ્ઠાન માર્ગની હોળી કરનારા પણ આ જ કરી રહ્યા છે, ભદ્રક લોકોની ધર્મશ્રદ્ધાનો ભંગ, આચાર-નિષ્ઠાનો ભંગ યાને બુદ્ધિભેદ કરી રહ્યા છે.

ધર્મની-ધર્મગુરુની-ધર્મના પ્રકારોની-ધર્મની વિધિ માર્ગની નિંદા કરનારા પણ સામાની સાંભળનારની બુદ્ધિનો ભેદ કરી રહ્યો છે.

**આ બુદ્ધિભેદ એ ભયંકર પાપ છે. શું કારણ ? :-**

બુદ્ધિભેદ એક ભયંકર પાપ એટલા માટે કે જેની બુદ્ધિનો ભેદ કર્યો એની ધર્મશ્રદ્ધા તોડી, આચારનિષ્ઠા ભાંગી, ગુરુબહુમાન ઘટાડી નાખ્યું, એટલે હવે એ બિચારો એ ધર્મ પર એ આચાર પર એ ગુરુ પર શ્રદ્ધા-નિષ્ઠા-બહુમાન ગુમાવવાથી અભાવવાળો થશે, ને એ અભાવને લીધે આ જનમમાં તો શું, પણ આવતા જનમમાં પણ ધર્મશ્રદ્ધા-આચારનિષ્ઠા-ગુરુભક્તિ ન પામી શકે એવું દુર્લભ-બોધિપણાનું પાપકર્મ બાંધશે ! પછી એની એ કર્મના ઉદય વખતે કઈ દુર્દશા ? ધર્મશ્રદ્ધા નહિ પણ ધર્મ પર અભાવ એટલે પાપરુચિ સારી રહેવાની, સદ્આચારોની નિષ્ઠા નહિ પરંતુ એના પર તરબોળ આસક્તિ તન્મયતા થવાની, ધર્મગુરુ પર અભાવ એટલે પત્ની-પુત્રાદિ પર ભારોભાર મોહ રહેવાનો. આનું પરિણામ સમજો છો ? દુઃખદ દુર્ગતિના ભવોની પરંપરા સરજાય ! આ કેટલી ભયંકર દુર્દશા ?

બુદ્ધિભેદની આ ભયંકરતા છે કે દુર્લભબોધિતા, તીવ્ર વિષયાસક્તિ-વિચાર-વાણી વર્તાવમાં પાપાચરણ અને દુર્ગતિની પરંપરા માટે,

બુદ્ધિભેદ એ જીભડી અને મનની હોશિયારીનું સર્જન સમજી જીભડી પર પાકો અંકુશ મૂકવાની જરૂર છે, ને એની સામાને બુદ્ધિભેદ કરનારી મનની હોશિયારીને વોસિરાવવી જેથી ફગાવી દેવા જેવી છે.

શેઠ આ સમજે છે એટલે નોકરનો બુદ્ધિભેદ ન થાય એ માટે મુનિના એ પદ બોલવા અંગે સાચો ખુલાસો ન કરતાં નોકરના અભિનંદન કર્યો કે 'તું બડો ભાગ્યશાળી ! આવા મહામુનિએ તને આ મંત્ર આપ્યો. પણ જોજે હો આવા મોટા મહાત્મા સામાન્ય વસ્તુ ન આપે. એટલે આ મંત્ર માત્ર ઠંડીનું દુઃખ ટાળવાનો નહિ, પણ આ તો સંસારના સમસ્ત દુઃખો ટાળવાનો શ્રેષ્ઠ મંત્ર છે. આવા મહર્ષિ આપે તે કાંઈ મામૂલી થોડું જ આપે ? એ તો મહાબક્ષીસ કરે. એકજ મંત્રમાં અનેક સિદ્ધિઓની તાકાત.

મોટા શેઠે મંત્રને વખાણ્યો અને એનો ભારે મહિમા બતાવ્યો એટલે તો નોકરને પોરસ ચડ્યું 'બસ ત્યારે, હવે તો મંતર પર ખૂબ જોર લગાવું. એક ક્ષણ

પણ એને વિસારે ન મૂકું,' તે આ પોરસમાં દિવસ ને રાત 'નમો અરિહંતાણં'ની રટણા કરવા લાગ્યો.

શું આ ? સતત અને દીર્ઘકાળ સાધના માંડી,

**લાકડાનો ખૂંટો પેટમાં ભોંકાયો :-**

આનો મહાન પ્રભાવ કેવો પડ્યો કે જ્યારે એકવાર નદીમાં આછા પાણીના હિસાબે ઢોરાં નદીને પેલે પાર ચરવા પહોંચી ગયેલાં, ને પછી 'ઉપરમાં' વરસાદ થવાને કારણે નદીમાં પૂર આવી ગયેલું અને આ નોકરે ત્રણ-ચાર કલાકની આંખમીંચીને પોતાની 'નમો અરિહંતાણં'ની રટણામાં એ જોયેલું નહિ કે ઢોરાં નદી ઓળંગી પેલે પાર જાય છે, તે હવે જોયું તો ઢોરાં પેલે પાર ! એ જોતાં ચોંક્યો ! એને લાગ્યું કે 'હાય ! કદાચ જંગલમાં ભૂલા પડી જાય તો ?' એ ઉઠ્યો પૂરના પેલે પાર તરીને જવા, ચડ્યો એક ભેખડ પર અને એવું ઝંપલાવ્યું નદીમાં કે જેથી પછી તરત તરીને પહોંચી જવાય સામા કિનારે. પરંતુ જ્યાં એણે ઝંપલાવ્યું, તે એવી જગાએ પડ્યો કે જ્યાં નદીમાં પાણીમાં નીચે એક લાકડાનો અણીદાર ખૂંટો ઊભો હતો તે બરાબર ખૂંટાની અણી પર આનું પેટ અને શરીરનો ભાર પડ્યો. ખૂંટો પેટ ફાડીને અંદર ઘૂસી ગયો.

બોલો, આ જગાએ શું થાય ? ભયંકર વેદનાની હાય વોય થાય ? કે નમો અરિહંતાણની રટણા થાય ? અનુભવ શું કહે છે ? શરીરના કોઈ અંગમાં જરાકશી લાય ઊઠી હોય તો મનમાં ભગવાનનું નામ નહિ પણ 'ઓય ! વોય !' આવે છે. પરંતુ અહીં જબરદસ્ત લાયમાં પણ આ નોકર માણસને 'નમો અરિહંતાણં'ની રટણા ચાલી.

શું કારણ ?

કારણ આ જ, કે એણે એ રટણાની સાધના સતત અને દીર્ઘકાળ કરી હતી તેથી એના સંસ્કાર જોરદાર પડી ગયેલા, ખૂબ દૃઢ થઈ ગયેલા, એણે વેદનાની ગણતરી બાજુએ રખાવી, અને 'નમો અરિહંતાણં'ની રટણા રમતી કરી દીધી. તેવા કોઈ ઉપદ્રવમાં જોઈએ છે આ ? તો આની સતત અને દીર્ઘકાળ રટણા કરતા રહો.

**(૪) સાધના બહુ આદર-સત્કાર સાથે કરો :-**

આનંદમાં 'વાહ ! વાહ !'ના અને વેદનામાં 'હાય ! વોય !'ના સંસ્કાર દૃઢ કરેલા હશે તો કોઈ આનંદના પ્રસંગમાં કે વેદનાના પ્રસંગનાં ઝટ એ ભાવ ઊઠી આવશે. પરંતુ 'નમો અરિહંતાણં'ની જોરદાર સતત દીર્ઘકાળ રટણા કરી હશે ને એ વખતે બીજા ત્રીજા ખાનપાનના પ્રસંગ ચાલુ છતાં એનો આનંદ નહિ માણ્યા હોય, 'વાહ ! વાહ ! કેવાં સુંદર ખાનપાન !' એમ નહિ કર્યું હોય, હૈયા પર



એની અસર નહિ લીધી હોય, હૈયું એના પર ઓવારી નહિ ગયું હોય તો એનો અર્થ એ, કે પેલી રટણામાં ચિત્ત બહુ આદર રાખીને ઓતપ્રોત થઈ ગયેલું છે. એવું કોઈ વેદના સમયે પણ પેલી રટણામાં કેમ લાગ્યું ન રહે ? સાધનામાં આ સતત સેવનની જેમ આદર-સત્કાર સાથે સેવનનું પણ બહુ મૂલ્ય છે. એટલા માટે ત્રીજી વાત આ કરી કે,

**સાધના સત્કાર સાથે જોઈએ; એમાં હૈયું ગદ્ગદ કરવાનું.**

સત્કાર એટલે હૈયાનો આદરભાવ, બહુમાન અહોભાવ. સાધના પર હૈયામાં આદરભાવ હોય, બહુ હેત હોય એટલે સાધના કરતાં કરતાં હૈયું ગદ્ગદ થાય, ભીનું ભીનું થાય, 'અહો ! કેવી સુંદર સાધના મને મળી ! કેવા મારાં અહોભાગ્ય !'

પેલા નોકરને 'નમો અરિહંતાણં' રટતાં રટતાં આ થતું હતું, એના પર અત્યંત આદરભાવ રહેતો. 'હું રાંક, ઢોરાં ચારનારો મને વળી આ મહામંત્ર શેનો મળે ? અભાગિયાને મોટા માણસના બે મીઠા શબ્દેય મળવાના ફાંફા હોય ત્યાં મહામંત્ર તો મળે જ શાનો ? કમનસીબ ભિખારીને ઠીકરામાં એંઠવાડિયા રોટલાના ટૂકડા મળવા મુશ્કેલ પડતા હોય ત્યાં કરોડોની કિંમતના ખજાના તૂલ્ય મહામંત્ર મળે જ શાનો ? ક્યાં મારી હીતભાગિતા ? અને ક્યાં આ મહામંત્ર બસ, મહામંત્ર એટલે શી વાત ?' એમ એના મનને સંભ્રમ-અપૂર્વ હર્ષ-ગદ્ગદતા થતી હતી, અતિશય આદરભાવ ઊછળતો હતો, અને એની સાથે 'નમો અરિહંતાણં' રટાયે જતું હતું.

એટલે હવે એના સંસ્કાર કેમ જોરદાર ન પડે ? અને એ સંસ્કાર ભયંકર વેદનામાં પણ હાયવોયના સંસ્કારને દબાવી પોતાનું કામ કેમ ન કર્યે જાય ? કેમ એ જોરદાર આદરથી નખાયેલા દૃઢ સંસ્કારો 'નમો અરિહંતાણં' ની રટણા ન કરાવે ?

**માનવજીવનમાં આ કમાવા જેવું છે, જોરદાર આદર સાથેની સાધનાથી દૃઢ શુભસંસ્કારો.**

જિનભક્તિના સંસ્કાર, દાન-પરોપકારના સંસ્કાર, જીવદયાના સંસ્કાર, ક્ષમા-મૈત્રીભાવ સૌમ્યતાના સંસ્કારો, નિરભિમાન-નિરહંકારતાના સંસ્કાર, વ્રત નિયમ રુચિના સંસ્કાર, આ બધા શુભ સંસ્કાર છે. એ કમાયે જઈએ એટલે અહીં પાછલી વયમાં અને પરભવે એ બહુ ઉપયોગી થાય. પીડામાં આપત્તિમાં પ્રતિકૂળતામાં પણ એ જિનભક્તિ-સ્મરણ, દાનરુચિ, પરોપકાર, જીવદયાભાવ...વગેરેને ઝગમગતા રાખે. જો પાછલી વયમાં આ સદ્ગુણો બન્યા રહે તો ન્યાલ જ થઈ જઈએ ને ?

કહે છે ને જુવાનીમાં રળી રાખેલું ઘડપણે કામ લાગે ? શું રળી રાખેલું ?

પૈસા ? પૈસા તો રળી રાખેલા છતાં કદાચ કમનસીબી જાગી જાય તો નાશ પામી જાય. પણ જુવાનીમાં સારા સંસ્કાર રળી રાખ્યા હોય તો એ તો આંતરિક ધન હોવાથી એને કોઈ ચોરી લૂંટી જઈ શકે એમ નથી. એટલે જુવાનીમાં ખરી રળી રાખવાની મૂડી આ શુભ સંસ્કારની છે. એ પાછલી વયે તો શું, પણ પરભવે ય બહુ લાભકારી થાય.

નાગકેતુ જન્મીને તરતમાં અઠ્ઠમનો તપ કરનારા, એ મોટા થતા ગયા એમ નમ્ર, સંતોષી, વગેરે બનતા ગયા ! શાથી ? પૂર્વના શુભ સંસ્કારોને લીધે. એ સંસ્કાર શી રીતે બનેલા ? ત્યાં સાવકી માતા પીડતી હતી ત્યારે શ્રાવક મિત્રે એને સલાહ આપેલી કે 'જો માતા પર લેશમાત્ર ગુસ્સો કે દ્વેષ ન કરીશ. આ તો તેં પૂર્વ જીવનમાં તપ નથી કર્યો એટલે અહીં પરાભવ-અપમાન પામી રહ્યો છે. વાંક આપણો પોતાનો છે. તેથી આપણા જ વાંકે માતાને ગુનેગાર ન ગણાય, એના પર દ્વેષ ન કરાય; અને એ પણ જો, કે તું તપ કરે, પછી પુણ્ય વધ્યા બાદ તો આ વિટંબણા થોડી જ રહેવાની છે ? એટલે આ તો કામચલાઉ પીડા સમજી આનંદથી સહી લેવાની, સમય આનંદથી પસાર કરી લેવાનો.

**નાગકેતુની પૂર્વભવે શી સંસ્કાર કમાઈ ? :-**

આમ શ્રાવકમિત્રે સમજાવેલું એ એના મગજમાં બરાબર ઠસી ગયેલું. તેથી હવે માતા પ્રત્યેનો અભાવ કાઢી નાખેલો. પોતાના જ પૂર્વદુષ્કૃતનો દોષ જોઈ, એમાં જાતની ખરાબી જોઈ હવે જીવનમાં એણે નમ્રતા, નિરહંકારતા, સહિષ્ણુતા, સંતોષ, વગેરે ગુણો દિલથી કેળવવા માંડેલા. એમાં એનું મન ફોરું નિષ્પાપ બની ગયેલું. એથી તો પછી નાગકેતુના ભવમાં મન ફોરું નિષ્પાપ-પવિત્ર મળેલું. તેમજ પેલા ગુણોના સંસ્કાર જમા થતા ગયેલા એણે, ત્યાં માતાએ સળગાવી નાખેલી ઝુંપડીમાં એને બળી મરવાનો ભયંકર અવસર આવ્યો છતાં, સહિષ્ણુતાદિને સુલભ બનાવી દીધા. સહિષ્ણુતા એવી રાખી કે મનને જરાય, હાય-વોય ન થવા દીધી. નહિતર તો એ હાયવોયના લીધે મરીને તિર્યંચગતિમાં ઊતરી પડત. પાર્શ્વનાથ ભગવાનનો જીવ પ્રથમ ભવે મરુભૂતિ કમઠના શિલાપ્રહારથી મરતાં હાયવોયમાં હાથણીના પેટમાં ઊતરી પડેલા ને ? પણ અહીં તો સહિષ્ણુતા રાખી મનને એક અફસોસી રહે કે 'અરે ! અઠ્ઠમ કરવાનો મારે રહી ગયો !' બાકી સૌમ્યતા, નિરભિમાન વગેરે રાખી મર્યો તો શ્રીમંત પુત્ર નાગકેતુ તરીકે માનવઅવતાર પામ્યો અને એને એ શુભ સંસ્કારોના બળે જનમતાં અઠ્ઠમ અને સહિષ્ણુતા એવી પામ્યો કે અઠ્ઠમમાં મરવા જેવો થઈ ગયો છતાં અઠ્ઠમ ન ભાંગ્યો. એમ, પછીથી મોટા થતાં સંતોષી, જિતેન્દ્રિય નમ્ર વગેરે બન્યા.



**આ જનમમાં કમાવાની ચીજ શુભ સંસ્કાર છે, અને એ માટે વર્તવાની ચીજ આદરસત્કાર સાથે સતત ધર્મસાધના છે, સદ્ગુણ સાધના છે.**

પછી ચાહ્ય ધર્મસાધના માત્ર માનસિક વૈરાગ્યાદિ શુભ ભાવની સાધના હો, મૈત્રી-ક્ષમાદિના ભાવના હો, કે પરમેષ્ઠિસ્મરણની હો, પણ સતત ચલાવવી હોય તો ચાલી શકે, એમ ગુણસાધના ય ઔદાર્ય-ગાંભીર્ય-સહિષ્ણુતા-ન્યાયિતા-સમ્યગ્દર્શન જિનવચન શ્રદ્ધામાંના કોઈ ને કોઈ ગુણની સાધનારૂપે સતત ચલાવી શકાય.

આ સાધના ય આદરસત્કાર સાથે જોઈએ, હૈયાના ઊછળતા હેત-બહુમાન-ગદ્ગદતા સાથે જોઈએ.

માનનીય પૂજનીય વસ્તુ પર આદર, સત્કાર, હૈયાનું હેત-બહુમાન એ સ્વાભાવિક વસ્તુ છે. એમ તારણહાર સાધના પર એવા ભાવ જોઈએ.

આદર-હેત એવી અનેરી વસ્તુ છે કે પછી ત્યાં એ માનનીય તરફથી પોતાને કોઈ કષ્ટ તકલીફ અપમાન આપે તો પણ એ લેખામાં નથી લેવાતું. સુયોગ્ય પુત્રો માતાને માનનીય પૂજ્ય માને છે તો માતાએ ક્યારેક કદાચ ઠપકો આપ્યો, કે બે પૈસા વધારે ખરચી નાખ્યા, યા પુત્રવધુને ઠપકો આપ્યો; તો પુત્રના હૈયામાં ઊછળતો માતા ઉપરનો આદર, હેત, બહુમાન, એ ઠપકાને એ કષ્ટ-તકલીફને લેખામાં નથી લેવા દેતો. એના મનને નિશ્ચિત બેઠું હોય છે, કે

'મા તે મા છે. કેટલા બધા એના મારા પર ઉપકાર ! હું જો કોઈ દુષ્ટ મ્લેચ્છ માતાનો દીકરો થયો હોત તો મને એણે કેવો દુષ્ટ અને હિંસક કે બદમાશ બનાવ્યો હોત ? એના બદલે આ માતાએ મને દયાળુ ગુણિયલ અને ધાર્મિક બનાવ્યો એ એનો ઓછો ઊપકાર છે ? એના બદલામાં હું માતાનું શું ભલું કરું છું ? એના અથાગ ઉપકારોની સામે એ મને લાત મારે, તો ય વધુ નથી. એના તરફથી મને મળેલા પેલા અમૂલ્ય ઉપકારની સામે એ કાંઈ જ નથી' આવો માતા પર આદર રાખે, તો માતા પ્રત્યે એનો વ્યવહાર કેટલો બધો ઉમદા બની જાય છે ! આદરનો એ મહિમા છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૨૧,તા.૨૧-૧-૧૯૭૮**

ધર્મ-ધર્મસાધનાને આપણે માનનીય માનીએ છીએ તો પછી એના પર હૈયામાં ભારે શ્રદ્ધા-આદર જોઈએ, એના પર ભારે-બહુમાન હોવું જોઈએ, હૈયામાં અને વર્તાવમાં એના પર ભારે આદર રહેવો જોઈએ. એ જો હોય તો,

(૧) ધર્મ કરતાં વેઠ ન ઉતારાય, (૨) જેમતેમ અવિધિ ન ચલાવાય, (૩)

સમય મહેનત અને પૈસાની ખોટી કૃપણતા ન કરાય. ધર્મ પર અનન્ય આદર તો એવો મહાન ગુણ છે કે એ ધર્મ આગળ બીજું બધું અલ્પ મૂલ્યનું લેખાવે. માટે,

**ધર્મ પર અનન્ય આદર માટે બીજું બધું ઓછી કિંમતનું લેખો.**

પેલા નોકરમાં આ હતું, 'નમો અરિહંતાણં' મંત્ર પર એને એટલો બધો આદરભાવ હતો કે એની આગળ કદાચ કોઈ દેવતા એ રટણના બદલામાં મોટું દિવ્ય ઈનામ આપવા આવ્યો હોત, તોય એ ઈનામને તુચ્છ લેખત; મહામંત્ર પર એનો એટલો બધો પ્રેમ, કે બીજી ખાવા પીવા વગેરે વસ્તુને એમજ પતાવવા જેવી લેખેલી. મહામંત્રને તો એક મહાનિધાન મહાસામ્રાજ્ય મળી ગયા જેવું માનીને એને એથી એટલો હરખ-હરખ રહેતો કે પોતાની ગરીબી-નોકરી-દાસપણું વગેરે કશું, એના મનને દુભવતું નહિ. એના મનને કશું ઓછું નહોતું આવતું. એને મન એક શું કષ્ટરૂપ જ લાગતું નહોતું. કારણ આ જ, કે એને મન 'મહામંત્ર એટલે શી વાત !' એમ થતું.

આનો પ્રભાવ હતો કે અંતે એના પેટમાં નદીનો ખૂંટો પેટ ચીરીને અંદર ઘૂસી ગયાની ભયંકર વેદના પણ એના મનને દુભવી શકી નહિ, મન પર ત્રાસ-હાયવોય લાવી શકી નહિ.

**મનમાં મહામંત્ર મળ્યા પર ભારે આદર, હેત અને અનહદ હરખ-હરખ ઊછળતો હોય, ત્યાં બીજી વાતનું દુઃખ શી રીતે લાગે ?**

**મહાઉપદ્રવમાં દુઃખ કેમ ન લાગે ?**

આપણું મન એવું છે કે એક વખતે સુખ કે દુઃખ એકની લાગણી અનુભવે છે. એટલે જ્યાં નવકારથી મહાસુખ લાગ્યા કરતું હોય, એ વખતે ઊપદ્રવનું દુઃખ મનને ન લાગે, મન ન અનુભવે. શાસ્ત્ર કહે છે **'જુગવં દો નત્થિ ઊવઓગા' એક સાથે બે ઉપયોગ ન હોય.** સમસ્ત જ્ઞાનાવરણ-દર્શનાવરણકર્મનો નાશ કરી નાખ્યા પછી સર્વજ્ઞ બનેલાને પણ કેવળજ્ઞાન-કેવળદર્શન બે ઊપયોગ એક જ સમયે સાથે ન હોય. એક સમયે કેવળજ્ઞાનનો ઉપયોગ. બીજા સમયે કેવળદર્શન, ત્રીજા સમયે કેવળજ્ઞાન, તો ચોથા સમયે કેવળદર્શન...એમ ધારા ચાલે. પૂછો,

**પ્ર.**- જ્ઞાનદર્શન તો આત્માનો સ્વભાવ છે, ને એના પરના સમસ્ત આવરણ નષ્ટ થઈ ગયા છે, તો હવે એ બંને સ્વભાવ એકસાથે કેમ ન ઝગમગે ?

ઉ.- કારણ આ છે, જ્ઞાન અને દર્શન આત્માના સ્વભાવ ખરા, પરંતુ એ વિષય સાપેક્ષ છે. સુખની જેમ નિરપેક્ષ નહિ. સંસારસુખ વિષયને સાપેક્ષ હોય છે, પણ મોક્ષ સુખ વિષય નિરપેક્ષ હોય છે એને કોઈ વિષયની અપેક્ષા નહિ કે મોટર હોય તો સુખ, બંગલા હોય તો સુખ, મેવામીઠાઈ હોય તો સુખ ? ના એ કશું



જરૂરી નહિ, ને આત્માના ઘરનું સહજ અનંત સુખ. એમ કહેતા નહિ,

**પ્ર.**- વિષય વિના સુખ શું ?

ઉ.- માણસને તિક્ષ્ણ કાંટો વાગી ગયો હોય અને અંદરમાં એથી ભારે બળતું હોય, પછી જો ત્યાં કુશળ કારીગર એ કાંટો ખેંચી લે, તો મહાસુખ લાગે છે. પછી ચાલે ને કશી પીડા ન થતી હોય, તો માત્ર એટલું જ નથી થતું કે 'ચાલો બળતરા ગઈ, વેદના, ટળી, પણ એવો અનુભવ થાય છે કે 'હાશ ! હવે પગ કેવો ફોરો પડે છે ! પહેલાં તો કાંટો લાગી પગ ભારે ભારે પડતો હતો ! આ ફોરાશનો અનુભવ એ સુખનો અનુભવ હોય એ સમજાવવા આ તો માત્ર આછું દૃષ્ટાંત છે કેમકે આમાં કોઈ મુલાયમ સ્પર્શ જેવો બાહ્ય વિષય નથી. બાકી ખરેખર તો કાંટાના અનિષ્ટ પુદ્‌ગલના સ્પર્શ વિષયનું જેમ દુઃખ એમ કાંટા ટળ્યાથી આંતરિક ઈષ્ટ સ્પર્શ વિષયનો આનંદ હોઈ શકે. સારાંશ સંસારસુખો વિષય આપેક્ષ હોય છે. ને મોક્ષમાં આત્માનું, સહજ, સ્વભાવ ભૂત વિષય નિરપેક્ષ અનંતસુખ હોય છે.

આમ સુખને તો વિષયની અપેક્ષા નહિ, પણ, જ્ઞાન-દર્શનને વિષયની અપેક્ષા ખરી જ. જ્ઞાન એટલે કોઈ વિષયનું જ્ઞાન, દર્શન એટલે કોઈ વિષયનું દર્શન, નહિતર વિષય વિના જાણવાનું શું ? ને દેખવાનું શું ?

**પ્ર.**- કેમ ? આકાશમાં કશું દેખવાનું ન હોય છતાં કહેવાય છે ને કે મુંઝાયેલો માણસ આકાશમાં દેખે છે ? તો એ આકાશમાં વિષય વિના જ દર્શન થયું ને ?

ઉ.- એને પૂછો, આકાશમાં શું દેખે છે ? કહેશે કશું નહિ. તો 'દેખાય છે.' નો અર્થ એટલો જ કે આકાશ તરફ દૃષ્ટિ નાખે છે. પરંતુ દૃષ્ટિ નાખ્યા પછી દેખવાની કશી વસ્તુ છે નહિ, એટલે કશું દેખતો નથી, માત્ર મનમાં મુંઝવણ અંગે ચિંતા કરે છે.

**જ્ઞાન વિષયને આધિન છે :-**

વિષય હોય તો જ એ જાણવાનું ને દેખવાનું કહેવાય. પછી ભલે મોટું કેવળ જ્ઞાન-સર્વજ્ઞનું કેવળજ્ઞાન કેવળદર્શન પણ વિષયસાપેક્ષ છે. જ્ઞેય અને દશ્ય વિષય જેવા હોય તેવું જ્ઞાન-દર્શન થાય. એ વસ્તુને આધીન છે. જ્ઞેય અને દશ્ય એની એ જ વસ્તુ છે, આખું જગત જ્ઞેય છે, આખું જગત દશ્ય છે. માત્ર, વસ્તુમાં બે અંશ, સામાન્ય અને વિશેષ. એમાં વિશેષ અંશ એ જ્ઞેય કહેવાય, ને સામાન્ય અંશ એ દશ્ય કહેવાય. વિશેષ ને જાણવું જોવું એનું નામ જ્ઞાન; અને સામાન્યને જોવું-જાણવું એનું નામ દર્શન.

**સામાન્ય-વિશેષની સમજ :-**

દા.ત. માલ ઉપડાવવા પિતાએ પુત્રને માણસ લાવવા કહ્યું. પુત્ર પૂછે છે

'છોકરો લાવું ? કે મોટો માણસ ?' ત્યારે પિતા કહે છે, ગમે તે લાવને, નાનો મોટો કોઈ પણ ચાલશે. આપણે તો ઉપાડનાર માણસ જોઈએ. આ શું કર્યું ? બાપે નાના કે મોટા દરેકને સામાન્ય તરીકે જોયો, એ સામાન્ય જ્ઞાન એટલે કે દર્શન કર્યું પરંતુ જો એમ કહ્યું હોત કે 'છોકરો-માણસ લાવ, મજૂરી ઓછી લાગે, તો એ છોકરાને માણસ વિશેષ તરીકે જોયો, એ વિશેષજ્ઞાન એટલે જ્ઞાન કર્યું. હવે આમાં સ્પષ્ટ છે કે સામાન્ય રૂપે જોવાય ત્યારે વિશેષરૂપે નહિ, વિશેષરૂપે જોવાય ત્યારે સામાન્યરૂપે નહિ. એકી વખતે બંને સાથે ન જણાય. વસ્તુ સ્વભાવ જ એવો કે સામાન્ય-વિશેષ બંને દૃષ્ટિબિંદુથી એક સાથે ન જોઈ શકાય. એક જ સમયે બંનેના ઉપયોગ ન રહે. તેથી એવા હિસાબે જ મન મહામંત્રના સુખાનુભવમાં ઉપયુક્ત હોય ત્યારે ઉપદ્રવના દુઃખાનુભવમાં ઉપયુક્ત ન હોય. અહીં પ્રસંગવશ સામાન્ય-વિશેષને જરાક સ્પષ્ટતાથી જોઈએ.'

માણસ તરીકે જોયો, તો એ વિશેષ તરીકે અર્થાત્ પશુ નહિ પણ માણસ જોયો. પરંતુ જો એમ દેખ્યું કે માણસ બહુ ભેગું થયું છે, તો એમાં નાનું કે મોટું, હિંદુ કે પારસી, કશો ભેદ પાડ્યા વિના માત્ર સામાન્યથી માણસ છે એમ જોયું, એ માણસ સામાન્યનું જ્ઞાન થયું.

**'વસ્તુને બીજી વસ્તુની સમાનરૂપે જુએ તો વસ્તુ સામાન્ય જોઈ, અને બીજાથી જુદી પાડીને જુઓ તો એ વસ્તુવિશેષ જોઈ.**

**સામાન્ય-વિશેષ અપેક્ષાએ જોવાય છે, માટે એક સાથે નહિ, પણ ક્રમશઃ જોવાય છે.**

વસ્તુ એની એ, એનાં બે સ્વરૂપ, એક સામાન્ય અને બીજું વિશેષસ્વરૂપ એ અપેક્ષાએ જોવાય છે; બીજાને સમાવવાની અપેક્ષા હોય તો સામાન્ય સ્વરૂપ આગળ આવ્યું, ને બીજાથી જુદી તારવવાની જ વાત હોય તો વિશેષસ્વરૂપ આગળ આવ્યું. દા.ત. કોઈ કહે છે મારી પાસે ૫૦ તોલા સોનું છે', તો એમાં એણે કંઠી કે કડું યા બંગડીઓ વગેરે બધાને સોના તરીકે દેખ્યું, એ સામાન્ય. પરંતુ આટલી કંઠી, આટલાં કડાં, એમ જોયું તો એ વિશેષરૂપે જોયું.

આમ જ્યારે સામાન્ય કે વિશેષ કોઈક અપેક્ષાએ જોવાય છે, અને અપેક્ષા જુદી જુદી હોય છે, ત્યારે સ્વાભાવિક છે કે એક વખતે એક અપેક્ષા મનમાં હોય તે જ વખતે બીજી અપેક્ષા મનમાં ન હોય.

**જુદી અપેક્ષાનાં દૃષ્ટાંત :-**

'આ ય સોનું, ને પેલું ય સોનું,' એમ કડાકંઠીને સોના તરીકે જોયાં, એ વખતે અપેક્ષા જુદી છે, ને 'આ તો ભાઈ સોનું ખરું પણ કડું છે, કંઠી નહિ,' એમ



જોયું ત્યારે અપેક્ષા જુદી છે. બંને અપેક્ષા એક સાથે મનમાં નથી સ્ફુરતી, ક્રમશઃ સ્ફુરે છે, તેથી જ સામાન્ય-જ્ઞાન વિશેષ-જ્ઞાન ક્રમશઃ થાય. એક સાથે નહિ.

લવણ અને અંકુશ બે ય રામના પુત્ર, એમ બે પુત્રતાની અપેક્ષાએ જોયા એટલે કે લવણને અંકુશની સમાનતાએ માત્ર રામપુત્ર તરીકે જોયો એ જુદું, અને 'પણ લવણ મોટા પુત્ર' એમાં લવણને અંકુશની અપેક્ષાએ જોયો, એ જુદું. એક જ સમયે બંને અપેક્ષા મનમાં નહિ આવે તો પછી સામાન્ય અને વિશેષ વસ્તુનું જ સ્વરૂપ છતાં એક સાથે નહિ દેખાય. એથી ફલિત થાય છે કે વસ્તુ-સ્વભાવ જ એવો છે કે વસ્તુ જ્યારે સામાન્ય રૂપે દેખાશે ત્યારે વિશેષરૂપે નહિ, અને વિશેષરૂપે દેખાશે ત્યારે સામાન્યરૂપે નહિ દેખાય. એટલા જ માટે સર્વજ્ઞ ભગવાનને પણ એક સમયે કેવળજ્ઞાન તો બીજા સમયે કેવળદર્શન હોય, ત્રીજા સમયે કેવળજ્ઞાન, ચોથા સમયે કેવળદર્શન...

તાત્પર્ય, કેવળજ્ઞાન-કેવળદર્શન બંનેના ઉપયોગ યાને સંવેદન એકજ સમયે સાથોસાથ ન થાય, પરંતુ ક્રમશઃ થાય.

આપણે પણ આવું છે. કોઈ પણ મનવાળા જીવને મનનો ઉપયોગ લક્ષ ધ્યાન એક સમયે એક જ હોય. દા.ત. કોઈ શેરડીનો સાંઠો હાથમાં પકડીને ચાવી રહ્યો છે, ત્યાં આમ જોઈએ તો પાંચે ય ઇન્દ્રિયોનાં વિષયો ત્યાં છે. હૃદયને એટલે કે સ્પર્શનેન્દ્રિયને શેરડીનો સુંવાળો સ્પર્શ છે; રસનેન્દ્રિયને એનો મીઠો રસ મળ્યો છે; ઘ્રાણેન્દ્રિયને એની સુગંધ મળી છેઃ ચક્ષુઇન્દ્રિયને એનું રૂપ જોવા મળ્યું છે; ને શ્રોતેન્દ્રિયને શેરડી ચવાતાં જે ચબચબ અવાજ ઊઠે છે તે સાંભળવા મળે છે. આમ પાંચે ઇન્દ્રિયને એના વિષય તો મળ્યા, પરંતુ મનનું ધ્યાન ઉપયોગ જે ઇન્દ્રિયના વિષય તરફ હોય, તે સમયે તેજ ઇન્દ્રિયથી એના જ વિષયનું જ્ઞાન થાય છે. પછી બીજા જ સમયે મનનો ઉપયોગ જો બીજી ઇન્દ્રિયના વિષય તરફ જાય, તો એ ઇન્દ્રિયથી એના જ વિષયનું ભાન થાય. જો મનનો ઉપયોગ ચક્ષુધારા રૂપ તરફ, તો રૂપનું જ જ્ઞાન થાય, સ્પર્શનું નહિ; અને જો સ્પર્શ તરફ, તો સ્પર્શનો જ ખ્યાલ આવે, રૂપનો નહિ. અલબત લાગે એવું કે 'હું શેરડીના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ, એ પાંચે વિષયોને જાણે એકી સાથે અનુભવું છું;' પણ તે તો સમયના ફેરફારે ક્રમસર થતા જ્ઞાન છે, પાંચ એકજ સમયે થતાં પાંચ જ્ઞાન નહિ. હાં, માત્ર, મનની શીઘ્ર ગતિ છે એટલે બહુ ઝટપટ પાંચે ઇન્દ્રિયો અને એના વિષયોમાં એ ફરી વળે છે; તેથી વાસ્તવમાં ક્રમશઃ થતાં જ્ઞાન એક સાથે થઈ જતા લાગે છે. સમયની સૂક્ષ્મતા છે, અને આપણે સ્થૂલ કાળ અનુભવવા ટેવાયેલા છીએ. એટલે સમયોનો સમૂહ એક જ કાળ એક જ સમય જેવો લાગે છે. એટલે એમાંના જુદા

જુદા સૂક્ષ્મ સમયે થતા જ્ઞાન એક જ કાળે થયા લાગે છે.

વાત આ છે, કે જ્ઞાન વિષયમાં મનના ઉપયોગથી થાય છે, ને એક જ સમયે મનના બે ઉપયોગ હોતા નથી. મનનું લક્ષ એક સમયે એક તરફ એટલે એક તરફ નહિ. બસ,

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૨૨,તા.૨૮-૧-૧૯૭૮**

**એક સમયે મનનો એકજ ઉપયોગ હોવાથી મનનું ધ્યાન જો સુખ તરફ, તો માત્ર સુખ તરફ, દુઃખ તરફ નહિ.**

એટલે જ મહાત્માઓ તત્ત્વચિંતન કે સંયમના આનંદમાં મનથી ઉપસર્ગનું દુઃખ લેખતા નહિ. એમ જો મનનું ધ્યાન એક સમયે દુઃખ તરફ, તો હોલ સોલ-સર્વેસર્વા દુઃખ તરફ, સુખ તરફ નહિ.

દેખાય છે કે જો મનને એમ થયું કે 'વાહ ફેક્ટરી સારી કમાઈ આપી રહી છે.' તો ત્યાં સુખનો અનુભવ થાય છે, પણ તરત જો મનને થયું કે 'પણ ઈન્કમટેક્ષનાં લફરાં મોટા' યા 'મેનેજર અભિમાની મળ્યો છે.' તો એ દુઃખનો અનુભવ છે. પેલો સુખનો અનુભવ અને આ દુઃખનો અનુભવ એકી કલમે એક જ સમયે નથી; જુદા જુદા સમયે છે. જલ્દી જલ્દી મન બે વિષય પર ફરી વળે છે એટલે લાગે કે 'બેયના અનુભવ એક સાથે થયા' પણ હકીકતમાં બંને જુદા જુદા સમયે થાય છે. એટલે જો કમાઈ પર જ મુસ્તાક રહી મનને સુખના અનુભવમાં ટકાવી રાખ્યું તો દુઃખનો અનુભવ નહિ થાય.

**પ્ર.-** પણ ઈન્કમટેક્ષનું લફરું મન પર આવતાં દુઃખનો અનુભવ થાય તો ખરો ને ?

**ઉ.-** ના નિયમ નહિ. દુઃખ ન ય થાય. કેમકે ભરચક કમાણી પર જો મન મુસ્તાક છે, તો મન તો સ્વયં એ ટેક્ષની વાતનું, સમાધાન કરી લે છે કે 'આટલી મોટી કમાઈમાં એટલું કમીશન દેવું પડે'; યા 'ટેક્ષથી બચવાના રસ્તા આવડે છે.' આમ મન સમાધાન કરી લે એટલે એ અનુભવ સુખનો થઈ ગયો, પેલા સુખને અનુકૂળ થઈ ગયો, એટલે સંવેદન તો, એક સમયે સુખનું તે સુખનું જ રહ્યું.

એથી ઊલટું, જેનું મન ટેક્ષની રામાયણ પર વધુ જાય છે, એને દુઃખનું સંવેદન લાંબુ. એટલે જ સુખસાધન ઘણા મળ્યા છતાં જેને કાંઈ ને કાંઈ વાતનાં વારે ને વારે રોદણાં જ રોતાં આવડે છે, એના મનમાં વધારે પડતું દુઃખનું જ સંવેદન હોય છે. માટે તો એ શબ્દથી દુઃખ જ વ્યક્ત કર્યા કરે છે. આ કેવી દુર્દશા



છે કે છતાં ભરચક સુખસાધને સુખના સંવેદન બહુ ઓછા અને દુઃખનાં સંવેદન ઘણાં ! ત્યારે,

**સંતોષી માણસને સુખનાં સંવેદન બહુ ને દુઃખનાં ઓછાં.**

કારણ કે એની સંતોષવૃત્તિ એને શીખવે છે કે જગતના જીવનમાં સગવડ-અગવડ કર્મના અનુસાર જ થાય છે. એમાં આપણી દરમિયાનગીરી ચાલતી નથી, તેથી કર્મ કર્યું એ બરાબર કરીને ચાલવાનું એમાં સંતોષ જ માનવાનો કે કર્મ કરે તે બરાબર. નિત્ય પ્રસન્ન જ રહેવાનું.

**પ્ર.-** અગવડ આવી તો ય પ્રસન્ન ?

ઉ.- હાં એમાં પ્રસન્ન એટલા માટે કે

**અગવડમાં પ્રસન્નતા રાખવા વિચારવું :-**

(૧) તો આપણાં પૂર્વના અશુભ કર્મકચરા ભોગવાઈને ઓછા થાય છે. કચરા ઓછા થાય એ સારું જ છે. સુખ-સગવડમાં પુણ્યની મૂડી ખવાય એ ખોટું છે. મૂડી ખવાય એ ચિંતાજનક; કચરો કપાય એ નહિ.

(૨) બીજું એ, કે આપણાં કર્માનુસાર લાયકાત પ્રમાણે મળે એ આનંદથી વધાવી લઈએ એમાં આત્માની ન્યાયીવૃત્તિરૂપે યોગ્યતાને વિકસવા અવસર મળે છે. વળી

(૩) ત્રીજો લાભ એ કે બહુ સગવડમાં ઘમંડી ને આસક્ત બનવા જતા હોઈએ તેના પર અગવડમાં કાપ પડે છે.

(૪) અગવડમાં ભગવાન કર્મ-ધર્મને વધુ યાદ કરવાની તક મળે છે.

(૫) અગવડમાં ધૈર્ય રાખીએ તો સત્ત્વ વિકસે છે. એ બહુ જરૂરી છે, ને સગવડમાં સત્ત્વને વિકસવા એટલો અવસર નથી રહેતો.

આ ધોરણ પર અગવડમાં પણ પ્રસન્નતા કેમ ન રહે ?

આપણે અગવડ-પ્રતિકૂળતાને ઉપલક દૃષ્ટિથી જોઈએ છીએ, તેથી મુંઝાઈએ છીએ, આકુળ-વ્યાકુળ થઈએ છીએ, ને કષાયમાં ચડીએ છીએ. જરાક જો ઊંડાણમાં ઊતરીને અગવડના લાભ વિચારીએ તો આકુળવ્યાકુળતા ન થાય, કષાયમાં ન પડાય. સગવડમાં એ લાભો નથી;

**સગવડમાં તો સત્ત્વનાશ, પુણ્યનાશ, ઘમંડ, આસક્તિ વગેરે ખરાબીઓ છે, અગવડમાં એ નહિ.**

એ દેખી અગવડને વધાવી લેવાનું અને આશિર્વાદભૂત માનવાનું કરાય; પછી એમાં પ્રસન્નતા કેમ ન રહે ?

**સંતોષી જીવ એ છે, જે અગવડમાં પણ પ્રસન્ન રહે છે. એવા સંતોષી જીવને**

**સુખનાં સંવેદન ઘણાં.**

સુખનું સંવેદન હોય, ત્યારે દુઃખનું સંવેદન નહિ. આ પરથી સમજાશે કે મહાત્માઓને કષ્ટ-પીડા વખતે પણ મનને કશી પીડા કેમ નહિ ? મન કેમ પ્રસન્ન પ્રશાંત ? કેમ દુખિત નહિ ? શું શરીર પર વેદના વરસતી હોય ત્યારે અંતરમાં વેદના ન લાગે ? ના, કેમકે અંતરને-મનને એક સમયે એક જ ઉપયોગ. એક જ સંવેદન હોય એ ન્યાયે, પૂર્વે કહ્યું તેમ અગવડના મહાલાભ જોઈ પરમાત્માના ચિંતનની મસ્તી પર કે તત્ત્વ રમણતા યા સંયમ પર પ્રસન્નતાનું સુખનું એવું અનેરું સંવેદન રાખ્યું છે કે એ અંતરમાં દુઃખનું સંવેદન ન જ રહી શકે. શરીરને ગમે તેટલી વેદના હોય. ત્રાસ હોય પરંતુ જો મનને વેદનાનું ત્રાસનું સંવેદન નથી, કેમકે એને કોઈ જુદું જ સુખ સંવેદન છે, તો જીવ શાનો દુઃખી થાય ?

**ભયંકર દુઃખોમાં પણ ભગવાન દુઃખી નહોતા :-**

શું મહાવીર ભગવાન પર દુષ્ટોના તરફથી જુલ્મ થયાં, દુઃખ વરસ્યાં, ત્યારે પ્રભુ દુઃખી હતા ? ના, જો શરીર દુઃખી, પણ મન દુઃખી નહિ, તો જીવ દુઃખી નહિ. મનને દુઃખ લાગે છે તેથી જીવ માને છે કે હું દુઃખી છું. જો મનને દુઃખ ન લાગે તો એવું નહિ માને.

પાલક પાપીની ઘાણીના, યંત્ર વચ્ચે ૫૦૦ મુનિઓ કપાઈ છુંદાઈ જતા હતા, એ વખતે વેદના કેવી ? જાલિમ ને ? છતાં શું એ મુનિઓનાં મનને વેદના ત્રાસનો અનુભવ હતો ? એમ જો મનને ત્રાસ લાગતો હોય ને, તો તો એ વીતરાગતા અને કેવળજ્ઞાન પામત જ નહિ. કેમકે મન દુઃખી એટલે અરતિ-ઉદ્વેગવાળું અરુચિ દ્વેષવાળું; એ વીતરાગ શાનું બને ? ત્યારે એમ કહેતા નહિ કે

**પ્ર.**- એમ તો મન પ્રસન્ન રહે એમાંય રાગ તો ખરો ને ? પ્રસન્નતા એટલે રાગ; તો એ રાગવાળું મન પણ વીતરાગ શી રીતે બને ?

**ઉ.**- પ્રસન્નતા અને રાગમાં ફરક છે. જેમ દ્વેષ વધતાં વધતાં મહાદ્વેષરૂપ બને છે, એમ રાગ જે જડ, પદાર્થોની આસક્તિરૂપ છે, એ ય વધતાં નિબિડ રાગ મહારાગ થઈ જાય છે. ત્યારે પ્રસન્નતા એ કાંઈ જડ પદાર્થની આસક્તિરૂપ નથી, કિન્તુ આત્માને હિતકર જે પરમાત્મા, સદ્‌ગુરુ અને આત્માને નિર્મળ કરનારા તત્ત્વો, એ પામવા પર મનને થતા પ્રમોદરૂપ છે.

આ પ્રમોદ એ પ્રસન્નતા છે, મનનો એ બધા તરફ થતો ઝુકાવ એ પ્રસન્નતા છે. પ્રસન્નતા પરમાત્મા તરફ ઝુકાવે એ મનની સ્વસ્થતા રૂપ છે. એમાં વધારો થતો જાય એટલે મન વધુ સ્વસ્થ બની વીતરાગ પરમાત્મા વગેરે તરફ વધુ ઝુકે ને;

**વધતી પ્રસન્નતાથી વીતરાગ તરફ વધુ ને વધુ ઝુકતું મન વીતરાગ સાથે**



**એકમેક થઈ જાય, વીતરાગતામય બની જાય.**

પાંચસો મુનિઓ ઘાણીમાં પીલાતાં, મનને સુખનાં સંવેદન વિનાના હતા, કેમકે પ્રસન્નતાના યાને સુખનાં સંવેદનવાળા હતા, અને એ પ્રસન્નતા એટલે રાગ નહિ, પણ મનની વીતરાગ ભગવાનમાં સ્થિરતારૂપ છે. વીતરાગ ભગવાનમાં સ્થિરતા અર્થાત્ પોતાના વીતરાગ સ્વરૂપમાં એટલે કે રાગ-દ્વેષરહિત પોતાના નિર્મળ સ્વરૂપમાં સ્થિરતા છે. આ સ્થિરતા કરવામાં રાગ કરવા જેવું શું છે ?

રાગ અને દ્વેષ એ તો આત્માના સ્વભાવ નહિ, પણ વિભાવ છે, ભાડુતી ભાવ છે, એટલે એ ભાવ એ આત્માની સ્થિરતા નહિ, પણ ચંચળતા છે.

સ્ફટિકની પાછળ લાલ-પીળી વસ્તુ આવે ને સ્ફટિકમાં લાલાશ-પીળાશ દેખાય, એ અસ્થિર છે, ચંચળ છે. પરંતુ જો એ કશું ન હોય, ત્યારે સ્ફટિકમાં રંગરહિતતા દેખાય એ એનો સ્થિરભાવ છે. એ વખતે સ્ફટિકની અવિકૃતતા દેખાય એ કાંઈ વિભાવ નથી; એ તો એનો સ્વ સ્વભાવ છે. એમ આત્મા પોતાના વીતરાગભાવમાં રમણતા કરે, અને એમ પોતાના વીતરાગભાવની નિકટ પહોંચતો જાય, એ વીતરાગભાવનું ઉદ્‌ઘાટન કરતો જાય, એ કાંઈ વિભાવદશા નહિ, રાગદશા નહિ; એ તો નિજમાં સ્થિરતા આવતી જાય છે.

**મુનિઓને ઘાણીમાં પીલાતાં શી પ્રસન્નતા ?**

બસ, ઘાણીમાં પીલાતા મુનિઓ જ્યાં એ જોઈ રહ્યા હોય કે 'આમાં તો આત્મા પરનો કર્મ-કચરો દૂર થઈ પોતાનો વીતરાગભાવ ઊઘડી રહ્યો છે, એટલે જાણે હમણાં જ વીતરાગભાવ ઊઘડી રહ્યો છે, એટલે જાણે હમણાં જ વીતરાગભાવ ખુલ્લો થઈ ગયો ! પ્રગટ થઈ ગયો !' એમ એમાં લીનતા-રમણતા-સ્થિરતા કરે એ કાંઈ રાગદશા ન કહેવાય. આ તો પ્રસન્નતા છે,

આ પ્રસન્નતાનું સંવેદન હોય ત્યાં દુઃખનું સંવેદન ન હોય; પછી કાયાને ભલે ગમે તેટલું કષ્ટ હોય, વેદના હોય.

**નોકરને પેટ ફાટતાં શી પ્રસન્નતા ? :-**

પેલા નોકરને નદીમાં ઝંપલાવતા નદીની અંદરનો ખૂંટો પેટ ફાડીને અંદર પેઠો; અને મરણાંત વેદના ઊભી થઈ, છતાં એના મનને આ પ્રસન્નતા હતી; 'નમો અરિહંતાણં' પદ-રટણમાં સ્થિરતા હતી.

મનને એમાં આનંદનું સંવેદન હતું 'અહો ! મને આવા કર્મપીડિત દેહમાં 'નમો અરિહંતણં' પદ મળ્યું ? જ્યાં જીવને અપાર કર્મની પીડાઓની ગુલામી હોય ત્યાં આ પદ શાનું મળે ? પણ વાહ ! મને આ મળ્યું ! ધન્ય અવતાર મારો !" અંતરમાં આ ગૌરવનું આ પ્રસન્નતાનું લચબચ સંવેદન હોય ત્યાં 'નમો અરિહંતાણ'ની

રટણા કર્યે જવામાં મન પ્રસન્નતા-આનંદ અનુભવે એ સહજ છે. અને આનંદનું સંવેદન હોય ત્યાં દુઃખનું સંવેદન નહિ. એટલે ત્યાં પેલા દુઃખનું સંવેદન મનને નહિ. શેનો પ્રભાવ એ ?

'નમો અરિહંતાણં' દીર્ઘકાળ આદર-સત્કાર સાથે રટ્યું છે એનો.

બે ય જોઈએ. સાધના સતત લાંબા વખત સુધી થતી રહેવી જોઈએ, અને એ દિલના સત્કાર આદર સાથે જોઈએ.

**સાધના વખતે એનો સત્કાર-આવકાર, એના પર આદર, એ બહુ મહત્ત્વની ચીજ છે; કેમકે એ ફળમાં વિશેષતા લાવે છે.**

**હૈયામાં સાધના પર જેટલો આદર ઊંચો, એટલું ફળ ઊંચું.**

ઈન્દ્રભૂતિ ગૌતમ ત્રિભુવન ગુરુ શ્રી મહાવીર ભગવાન સાથે વાદ કરવા આવ્યા હતા, પરંતુ જ્યાં જ્યાં સમવસરણ જોયું દિલના મિથ્યામાર્ગ પરના અતિશય આદરને સહેજ ધક્કો લાગ્યો, પછી પ્રભુના શ્રીમુખેથી કોમળ અને આવકારવાળી વાણીમાં પોતાના નામનું સંબોધન સાંભળ્યું, ત્યાં પ્રભુની વાણી પર સહજ આદર ઊભો થયો; આગળ પ્રભુ-મુખે પોતાના દિલનો સંશય સાંભળ્યો એટલે તો મિથ્યાત્વને ઓર ધક્કો લાગીને પ્રભુ પર તથા પ્રભુનાં વચન પર ભારે આદર ઊભો થઈ ગયો.

**પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ.**

વ્યક્તિ પર વિશ્વાસ-આદર હોય ત્યાં એના વચન પર વિશ્વાસ આદર આવે. જુઓ ગૌતમ સ્વામીજીને મહાવીર ભગવાન પર વિશ્વાસ બેસી ગયો, તો પછી ભગવાનના એકેક બોલ પર ભારે આદર-વિશ્વાસ થાય છે.

ઈન્દ્રભૂતિ ગૌતમને આશ્ચર્ય થઈ ગયું 'હેં ? વરસો સુધી મારો દિલનો સંશય કોઈએ ન જાણેલો આ જાણીને મન બરાબર કહી દે છે ? વાહ ! ખરા સાચા સર્વજ્ઞ ! તો આવા બીજા કોણ મળવાના હતા ? માટે મારે આ જ સર્વસ્વ. એમાં જેવી રીતે તાજી પરણેલી પત્નીને પ્રેમાળ પતિ પર ઉછળતાં આદરભાવ થઈ જાય, એવો ગૌતમને પ્રભુ પર આદરભાવ થઈ ગયો. પછી તો વ્યક્તિ પર આદર એટલે એના વચન પર આદર; તે, પ્રભુએ એ સંશય કેમ પડ્યો, વેદની કઈ પંક્તિ પર સંશય પડ્યો એ પણ કહી બતાવ્યું અને વધારામાં, વેદપંક્તિનું અર્થઘટન કેમ ખોટું, સાચો અર્થ શું, એમ કયા કયા કારણે એ અર્થ સાચો, એ બધું કહ્યું એટલે વચન પરના ઉછળતા આદરથી વચને કહેલા વિષય પર આદર-વિશ્વાસ થઈ ગયો.

**વચન વિશ્વાસ વિષય વિશ્વાસ.**

**સર્વજ્ઞવચન પર આદર ઊંચો એટલું તત્ત્વદર્શન અને સમ્યગ્દર્શન ઊંચું :-**

વચન પર વિશ્વાસથી વચને કહેલા વિષય પર, વચનોક્ત વસ્તુ પર વિશ્વાસ



બેસી જાય. સર્વજ્ઞનાં વચન પર વિશ્વાસ થયો, એટલે વચન-કથિત તત્ત્વ પર વિશ્વાસ ઊભો થઈ જાય.

સર્વજ્ઞવચન પર જેટલો ઊંચો વિશ્વાસ-આદર એટલો તત્ત્વ પર ઊંચો વિશ્વાસ, ઊંચી શ્રદ્ધા અર્થાત્ ઊંચુ સમ્યગ્દર્શન.

આ સમ્યગ્દર્શન એ સર્વજ્ઞવચન-આદરનું તત્ત્વ-આદરનું ફળ છે, માટે એ આવ્યું કે જિનવચન અને જિનોક્ત તત્ત્વ પર જેટલો આદર ઊંચો, એટલું એનું ફળ તત્ત્વદર્શન ને સમ્યગ્દર્શન ઊંચું. એમ,

સમ્યગ્દર્શનનું ફળ સમ્યક્ચારિત્ર છે. તેથી કહેવાય કે સમ્યગ્દર્શન પર જેટલો આદર ઊંચો, એટલું એનું ફળ ચારિત્ર ઊંચું.

ચારિત્રનું ફળ ચારિત્રમાર્ગની અનેકવિધ સાધનાઓ છે. ચારિત્ર પર આદર જેવો ઊંચો, એવો સાધનાઓ પર આદર ઊંચો.

એનું ફળ છે ઉપર ઉપરની કક્ષાનો ચારિત્રભાવ તેથી

**ચારિત્રની સાધનાઓ પર જેટલો આદર ઊંચો, એટલા પ્રમાણમાં ચારિત્રભાવ ઊંચો.**

**ઊંચી સાધના લાવવા આદર વધારો :-**

એટલે વાત આ છે કે સાધના-સુકૃત પર ઊંચો આદર, ઊંચું બહુમાન, એ સાધના-સુકૃતની કક્ષા વધારી દે છે, એટલે કે ઊંચી કક્ષાના સાધના-સુકૃતને સિદ્ધ કરી આપે છે; એનાં પુણ્યાનુબંધ પુણ્ય ઊભાં કરી આપે છે. એમાં વળી એ સતત દીર્ઘકાળ સધાય, એટલે તો ઊંચા પુણ્યનું પૂછવાનું જ શું ? ઉપરાંત એ, સુકૃત-સાધનાઓ પર મમત્વ વધે છે, તેથી એ સહજ જેવી બની જાય છે, જાણે આત્માનો સ્વભાવ ! એટલે એ પછીથી સહજરૂપે આરાધાય છે; એ માટે મનને સમજાવવા બેસવું પડતું નથી.

રાજા સંપ્રતિને પૂર્વ જનમના જાતિસ્મરણથી અને ફરીથી આર્યસુહસ્તિ મહારાજના સુયોગથી 'જૈન શાસનનો કેટલો બધો ઉપકાર !' એ ખ્યાલ આવી ગયો, એટલે જૈનશાસને ચીંધેલા સુકૃત-સત્કૃત્યો પર ભારે આદર થઈ ગયો. પછી તો પૂછવાનું જ શું ? મનને પરાણે સમજાવીને નહિ, પણ મન સ્વયં ઊલટવાળું બનીને, જિનમંદિરો મૂર્તિઓ વગેરેનું ધમધોકાર કામ ચાલ્યું. કહે છે રોજ સવારે નવા જિનમંદિરનું ખાત-મુહૂર્ત થયાના સમાચાર ન આવે ત્યાં સુધી ચેન ન પડે, ત્યાં સુધી દાતણ કરવાનું નહિ. શું સૂચવે છે આ ? મંદિરનિર્માણ વગેરે ધર્મસાધના સુકૃતો પર ભારે આદર-સત્કાર ને પ્રેમ-મમત્વ, તેથી એ મનને સમજાવી-સમજાવીને નહિ, પણ સહજ સ્વભાવે એ બનતા.

સારાંશ, સાધના સુકૃત દીર્ઘકાળ સેવવાની જેમ જરૂર, એમ આદર-સત્કાર સાથે સેવવાની પણ બહુ જરૂર છે.

**દીર્ઘકાળનું સેવન એ સુકૃત-સાધનાનો અભ્યાસ દૃઢ કરે છે.**

**સત્કાર સાથેની સાધના સાધનાના ગાઢ મમત્વના સંસ્કાર ઊભા કરે છે.**

સાધનાનો બહુ અભ્યાસ થયો હોય તો પછી સાધના જ્યાં ને ત્યાં આવીને હાજર થઈ જાય, કટોકટીમાં-આપત્તિમાં પણ ઝટ હાજર ! પેલા નોકરને 'નમો અરિહંતાણં'નો બહુ અભ્યાસ થયેલો, એટલે પેટમાં ખૂંટો ઘૂસતાં પણ એ જ રટણા જીવંત, તે એ સાધના ઝટ હાજર; એમ આદર-સત્કાર સાથે સાધના કરી સુકૃત આચર્યું, તો એના મમત્વના ઘેરા સુસંસ્કાર આત્મામાં એવા ઊભા થયા કે 'નમો અરિહંતાણ' પર ભારે મમત્વ રહીને પેટ ફાટ્યાની વેદના ભૂલાઈ ગઈ !

એ સેવનમાં આપત્તિ વખતે પણ એવો આદર સત્કાર લાવે કે આપત્તિનું કષ્ટ ભૂલી સાધનામાં તન્મયતા થઈ જાય. એ દિલના ભારે આદર સાથેની તન્મયતા જ પેલી આપત્તિમાં મનને ન જવા દે. મનને આ સાધના-સુકૃત પામ્યાનો એટલો બધો હરખ હોય કે પેલી આપત્તિની પીડા મનને લાગે જ નહિ.

**મનનું તો એવું છે ને કે એ પીડા અનુભવે તો હરખ નહિ; ને હરખ અનુભવે તો પીડા નહિ.**

**દીર્ઘકાળના સાદર સેવનના સંસ્કાર એક ગજબ મુડી :-**

મનને સંતાપ છે તો ખુશખુશાલી નથી, ને મનને ખુશખુશાલી છે તો સંતાપ નથી. હરિભદ્રસૂરિ મહારાજ લખે છે કે માથું દુખતું હોય, પણ માણસ વિષયસેવનના આનંદ વખતે એ દુઃખ ભૂલી જાય છે. એમ યોગી યોગના આનંદમાં કાયકષ્ટ ભૂલી જાય છે.

આ હિસાબે સુકૃતસેવનના કાળમાં એના પર જો ભારે આદર છે, તો મન એમાં ખુશખુશાલ છે. એનાથી ઊભા થતા સુસંસ્કાર સહેજે આપત્તિ વખતની સાધનામાં ખુશાલી લઈ આવે. આ દીર્ઘકાળના આદર સેવનના સંસ્કાર એક ગજબની મૂડી છે.

દીર્ઘકાળ સેવનનો ગાઢ બનેલો અભ્યાસ આપત્તિમાં સુકૃતસેવન સહજ સ્વભાવે તાણી લાવે; અને એ અભ્યાસ વખતના સેવનમાં રાખેલા આદર-સત્કાર એટલે કે ભીનું હૃદય ગદ્ગદ હૃદય, એ સંસ્કાર આપત્તિકાળના સેવનમાં ય ભારે આદર-સત્કાર, ભીનું ગદ્ગદ હૃદય લઈ આવે. આદર ભારે હોય તેથી જ આપત્તિની



વેદનાનું દુઃખનું સંવેદન બાજુએ રહી જાય, ને સાધનાના સુખનું સંવેદન મન કરવા માંડે.

દીર્ઘકાળનું સેવન છતાં એમાં એવો ભારે આદર ભાવ ન હોય તો આપત્તિમાં; પેલા અભ્યાસથી, સેવન તો આવે, પણ સેવન રાબેતા મુજબ થાય, હૈયાની ગદ્ગદતાથી નહિ. તેથી હૈયામાં પેલી આપત્તિની પીડા વચમાં ખૂંચ્યા કરે. પૂર્વે આદર ભારે હોત તો અત્યારે ગદ્ગદ દિલે સાધના થાત, એનો આનંદ સતત ચાલુ રહેવાથી પીડા વચમાં વચમાં ખૂંચે નહિ.

અહીં આ સમજી રાખવાનું છે કે દીર્ઘકાળ સાધના પણ સતત જોઈએ, ખાડા-આંતરા પાડ્યા વિના ચાલવી જોઈએ. તો જ એના મજબૂત સંસ્કાર પડ્યા કરે. જો દીર્ઘકાળ સાધના છે, પણ સતત નથી, વચમાં વચમાં ખાડા પાડ્યા તો એના સંસ્કાર એટલા બધા જોરદાર નહિ પડે; ને તેથી આપત્તિકાળે કદાચ ધર્મ ભૂલી જવાય, અને ચિત્ત આપત્તિની હાયવોયમાં પડી જાય.

**કુમૃત્યુમાં નોકરને સમાધિ, તો મરુભૂતિને કેમ નહિ ? :-**

એટલે જ લાગે છે કે પાર્શ્વનાથ ભગવાનના જીવ મરુભૂતિને જ્યાં ભાઈ કમઠે માથામાં શિલા મારી ત્યાં ચિત્તમાં નવકારસ્મરણ ન આવ્યું; પણ હાયવોય આવી ગઈ. નવકારની દીર્ઘકાળ એવી નિરંતરસાધના નહિ હોય, જેના તીવ્ર સંસ્કાર અહીં આપત્તિકાળે નવકાર જ મનમાં લાવી આપે, અને મન પરથી આપત્તિની વેદનાને બાજુએ મૂકાવી દે; યા વેદનાને મનમાં પેસવા જ ન દે.

ત્યારે સુદર્શનશેઠના જીવ પેલા નોકરને 'નમો અરિહંતાણં' પદનો દીર્ઘકાળ સતત નિરંતર રટણ અભ્યાસ છે તે નદીમાં ઝંપલાવતાં ય રટણ, અને પેટમાં લાકડાનો ઊભો ખૂંટો પેટ ફાડીને અંદર પેઠો, તોય 'નમો અરિહંતાણં'ની રટણા રહી. બે ય વસ્તુ હતી (૧) સતત દીર્ઘકાળ પદ રટણની સાધના, અને (૨) પદ પર દિલના ઉછળતા આદર સાથે સાધના. એણે મરણાંત પેટ ફાટી જવા જેવી ભયંકર વેદનામાં ય એ પદની રટણાનું મનની અંદર એટલું બધું સુખદ સંવેદન રાખ્યું કે વેદનાના દુઃખનું સંવેદન ત્યાં મનમાં પેસી શક્યું નહિ. આ તો નોકરની સ્થિતિ.

ત્યારે મરુભૂતિ આમ મહાન શ્રાવક, તે શ્રાવકપણાની અનેક સાધનાઓ બજાવનારા, પરંતુ આ નોકરની જેમ એકલું 'નમો અરિહંતાણં' પદ રટતા બેસનારા નહિ, એટલે એના જેવી એ પદરટણા સતત દીર્ઘકાળ નહિ. હવે પૂછો;

**પ્ર.-** તો શું બીજી ધર્મસાધનાઓ અંતકાળે સમાધિ ન આપે ? મરણનું દુઃખ ન ભુલાવી શકે ?

ઉ.- અલબત સમાધિ આપી શકે, દુઃખ ભુલાવી શકે, પરંતુ એ અનહદ આદર બહુમાન સાથે અને જીવનમાં સર્વેસર્વા શ્રેષ્ઠ કર્તવ્ય માનીને સતત સધાવી જોઈએ. એવી કે ધર્મસાધના સિવાયની સાંસારિક પ્રવૃત્તિ સમયે પણ ચિત્ત પેલી ધર્મસાધનાના આનંદમાં મગ્ન મસ્તાન હોય, તો અંત સમયે સાધના જ અને એનો આનંદ જ મનમાં આવે. મરુભૂતિને કદાચ આમાં થોડી ન્યૂનતા રહી હોય, અથવા અંતકાળે શિલા પડતાં સહેજ આર્તધ્યાનમાંથી તરત ધર્મધ્યાનમાં આવવાનું હોય, પરંતુ તે પહેલાં જ મૃત્યુ થઈ ગયું હોય.

પેલા વિનોદને સાધુ પાસે રહી અધ્યયન કરવામાં બાપ હજી સંમત થતા નથી, લંબાવ્યા કરે છે કે 'થાય છે, જોઈશું' ત્યારે અસંખયં જીવિયં, મા પમાયએ આયુષ્ય સંસ્કારી-વધારી શકાય એવું નથી, તેથી ગફલતમાં ન રહે એ રટનારો એ હવે એની ધીરજ ખૂટી, તે હવે રજા વિના ચારિત્ર જ લઈ લેવાનો વિચાર કરે છે. આટલી બધી ઉતાવળ કેમ ? પછીથી ચારિત્ર ક્યાં લઈ શકાતું નથી ? એના પર આ વિચારણા કરી કે,

**જીવનમાં દીર્ઘકાળ સાધના કરી એની એવી સંસ્કારમૂડી ઊભી કરવાની છે, જે આપત્તિકાળે દુઃખ ભુલાવી ધર્મ યાદ રખાવે.** માટે, ધર્મની સાધના ધર્મ પરના ભારે આદર સાથે દીર્ઘકાળ કરવાની જરૂર છે, જેથી એનો દીર્ઘ અભ્યાસ એના સંસ્કાર ઊભા કરી આપત્તિકાળે પણ દિલમાં ધર્મને ઝગમગતો રાખે, ને ભવાંતરેય એના સંસ્કાર-જથો જીવનમાં ધર્મને મુખ્ય બનાવે.

**પાપનો અનંતાનંત જન્મોનો અભ્યાસ છે તો શું ધર્મનો એકાદ જનમભર પણ અભ્યાસ જરૂરી નથી ?**

ગુસ્સા અનંતા જન્મે કર્યા, તો ક્ષમા આ એક જનમભર પણ કરવાની જરૂર નથી ?

સ્ત્રીમાં મન લગાડી સ્ત્રીઓ પાછળ અનંતા જનમ પાગલ થયા, તો પરમાત્મામાં મન લગાડવાનું અને બ્રહ્મચર્ય પાળવાનું આ એક જીવનભર નહિ કરવાનું ?

એક જીવનભરનો ય દીર્ઘકાળ બ્રહ્મચર્યનો અભ્યાસ નહિ હોય તો પેલા અનંતા જન્મોના કરેલા વિષય અભ્યાસની વાસનાઓ નાબૂદ શે થશે ? જો નાબૂદ નહિ, તો પછી એમાં પાછા આ જીવનના વધારેલા વિષય સંપર્કના સંસ્કારો આવતા જન્મોમાં કઈ દશા કરશે ?

**અનંતા જન્મોમાં વિષયાભ્યાસની અસર આ જનમના પ્રારંભથી અંત સુધીના બ્રહ્મચર્યથી મોળી પડે.**



આ જો વિચાર હોય તો એવો પ્રશ્ન ન થાય કે બ્રહ્મચર્યની નાની ઊંમરથી શી ઉતાવળ છે ? એ તો ઝટ એમ થાય કે સારું કામ કરવા જાગ્યા ત્યાંથી સવાર એ હિસાબે, હમણાં, જ બ્રહ્મચર્યવ્રત લઈ લેવા દે. વળી પાછો આવો જૈનધર્મ સાથેનો આર્યમાનવ જનમ કોણ જાણે ક્યારે મળે ?

**કામ-ક્રોધ-લોભ વગેરેના અનંત જન્માનારાના અભ્યાસ પર આ જનમમાં ય જો એના જ અભ્યાસ ઉમેરાયા તો પછી આવતા જન્મે કેવા ભયંકર નીવડે !**

એનો ભય નથી એટલે પત્ની પર, પુત્ર-પુત્રી પર, નોકર વગેરે કે સાધર્મિક પર વાતવાતમાં ગુસ્સો કરવાનું ને નાની મોટી ચીજનો લોભ-મમતા-રાગ કરવાનું નિર્ભિકપણે ચાલી રહ્યું છે. કેવી દુર્દશા ? જે જે અભિમાન-અહંત્વ, આસક્તિ વગેરે પાપ સેવાય છે, ત્યાં ઊભા રહી તેના તેના પર આ વિચાર કરવા જેવો છે કે આ પાપના અભ્યાસ અનંતાનંત જનમ આંખ મીંચીને કર્યા છે, તો હવે એ પાપ રોકવાનો આ એક જનમ તો રાખ.

**વિનોદ ભાગે છે :-**

પેલા વિનોદને આથી ઉતાવળ થઈ ગઈ. તે એક દિવસે એ કોઈને કહ્યા વિના સાધુ પાસે જવા નીકળી પડ્યો. પહેલેથી ભાળ મેળવી હતી કે ગુરુ ફલોધિ રાજસ્થાનમાં છે. તેથી તે તરફની ગાડીમાં ઉપડ્યો ! મહેસાણા સ્ટેશને ગાડી બદલવાની, ને ત્યાં ઊતરી મારવાડની ગાડીને આવવા વાર હતી એટલે સ્ટેશન બહાર જઈને મુંડન કરાવી નાખ્યું; અને સ્થાનકવાસી સાધુવેશ પહેરી લીધો પછી મારવાડની ગાડીમાં બેસી ફલોધિ પહોંચી ગયો.

વિનોદ ફલોધિમાં ગુરુ પાસે જઈને ઊભો એટલે પેલા આશ્ચર્ય પામી કહે, અરે વિનોદ ! તું અહીં ક્યાંથી ને એકલો જ ?'

વિનોદ કહે મને સામાયિક ઉચ્ચરાવો.

ગુરુ બેઘડીનું ઊચ્ચરાવવા લાગ્યા ત્યારે આ કહે 'નહિ, જીવનભરનું ઉચ્ચરાવો.'

**વિનોદ જાતે દીક્ષા લે છે :-**

પેલા બોલતા રહી ગયા કે 'પણ તારા બાપુજીની સંમતિ...'ને વિનોદ જાતે જીવનભરનું સર્વથા સામાયિક ઉચ્ચરી લીધું ! એટલે ? એણે જાતે જ સાધુદીક્ષા લઈ લીધી. 'ગુરુ ન આપે તો સહી, જાતે લઈ લે', કર્યું.

વિનોદે જીવનભરનું સામાયિક ચારિત્ર માગ્યું પરંતુ સાધુ એમ ઝટ શાના ઉચ્ચરાવે ? ત્યાં તો 'અસંખયં જીવિયં, મા પમાયએ' જેના મગજમાં ઘોળાયા કરતું હતું, ને જેની નજર સામે જીવનની મુદતની અનિશ્ચિતતા નજર સામે તરવરતી

હતી, તેમજ આ ઉત્તમ જનમ ચારિત્રની સાધના માટે જ સરજાયેલો લાગતો હતો, એવો એ ભાગ્યવાન વિનોદ શાનો ખમે ? શાની રાહ જુએ ? એણે તો જીવનભરના ચારિત્રનો નિર્ધાર કરી લીધેલો જ હતો, તેથી હવે સાધુ એની પ્રતિજ્ઞા ન કરાવે તો નહિ સહી, એણે જાતે જ જીવનભરના સંપૂર્ણ ચારિત્રની પ્રતિજ્ઞા ઉચ્ચરી લીધી; અને એ વખતે એના હૈયે આનંદ માતો નહોતો ! સંસારમાં જે અનંત અવિરતિ અને અશુભ યોગોના પાપોનો ભાર માથે ચડ્યા જ કરતો હતો તે પાપોના મેરુનો ભાર ઉતાર્યાનો અનહદ આનંદ કેમ ન અનુભવે ? અનંત અવિરતિ કેમ ? જગતમાં અનંતા દ્રવ્યો-ગુણો છે, એ પ્રત્યેકની આસક્તિ એ અવિરતિ છે, એ સરવાળે અનંત થાય.

હવે ત્યાં સાધુ કહે 'અરે અરે વિનોદ ! પણ આ તેં શું કર્યું ? કોઈને કશી ખબર વિના આ રીતે ચારિત્ર લેવાય ? હવે એકાએક આમ કર્યાનું તારા બાપુજી ને બીજા જાણશે તો ?'

વિનોદ આ ઠંડે કલેજે સાંભળી લે છે; કેમકે એણે ખૂબ વિચારપૂર્વક આ કરેલું. તેથી એ ચિંતામાં થોડો ક્ષોભ થાય એવો હતો ? ઉતાવળિયા મહાજનને બહુ વિચાર કર્યા વિના સાહસ કરી નાખ્યા પછી ધાડ આવે એટલે ચિંતા થાય. વિનોદે તો પુખ્ત વિચારપૂર્વક પગલું ભરેલું હતું, તેથી ચિંતા નહોતી કે 'બાપાજી આવી વઢશે તો ?...'

એમ સમજતો હતો કે 'બાપુજી ઠપકો આપે, કુટુંબ રો-કકળ કરે, એમાંના કોઈ કદાચ ગુસ્સામાં આવી મારપીટ કરે,...એવી બધી મુશ્કેલી ઊભી થાય એ કાંઈ થોડી જ મહામુશ્કેલીઓ હતી ?

**મહામુશ્કેલી તો પાપના મેરુભારની કહેવાય. એની આગળ ધર્મ ખાતર આવતી તકલીફ તો મામૂલી મુશ્કેલી ગણાય.**

એ વેઠી લેવી સહેલી, અને એનો અંત આવવો સહેલો. જ્યારે, પાપના મેરુભારને સહન કરવો મહા મુશ્કેલ ! મહાકઠિન ! અને એનો અંત આવવો તો સંસારીજીવનમાં સાવ અશક્ય.

**પાપનો મેરુભાર સહેવો સહેલો છે ?**

ના, જીવનમાં વિશેષ દુઃખ આપત્તિ આવે ત્યારે એ સહવું બધું કઠણ થઈ પડે એ અનુભવસિદ્ધ છે, માનો કે ક્યાંક પડ્યા, હાડકાનું ફ્રેક્ચર થઈ ગયું, પગને વજન બાંધીને ચત્તા સુવાડી મૂક્યા છે, પાસું ફેરવાની મનાઈ છે, તો શું આ આનંદથી સહેલાઈથી સહન થાય છે ? અથવા ધારો કે પેટમાં છાતીમાં કે માથામાં શૂળ ઉપડી છે, તો કશો બહુ વાંધો નથી લાગતો ? યા બૈરીને કે છોકરાને એકાએક



તાવ આવ્યો, તાવ હતો કફનો, ને ઠંડી વાઈ હતી, પરસેવો વળ્યો હતો એમ માનીને ડૉક્ટરે ક્વીનાઈનનાં ઈંજેક્શન ઠોક્યાં ! ડબલ ન્યુમોનિયા થઈ ગયો ! સનેપાત શરૂ થઈ ગયો ! હવે આમાં કોઈ મહાદુઃખ ન લાગે ?

**આ દુઃખો એ શું છે ? પાપકર્મનું પાકેલું સ્વરૂપ.**

જો દુઃખ ભારે લાગે છે તો એ પાપ જ ભારે છે. માટે તો માણસ એવા દુઃખમાં પોક મૂકે છે કે હાય ! હાય ! કેટલું ભારે મારું કમભાગ્ય કે આ જાલિમ દુઃખ આવ્યું ! કમભાગ્ય એટલે પાપકર્મ. આ તો હજુ મામૂલી દુઃખ છે, પરંતુ ચારેબાજુ તિર્યંચોને દુઃખ વળી ઓર ભયંકર છે, દા.ત. ભૂંડને લાકડી પર ઊંધું બાંધી નીચે અગ્નિ કરીને એને શેકે છે, શેકાતું જાય તેમ તેમ શેકાયેલા, માંસના ભાગને કાપી કાપીને લઈ લે છે, પેલું હજી જીવતું છે, કપાયેલા ભાગ વળી અગ્નિથી શેકાય છે, કેટલું જાલિમ દુઃખ ? શેકાયેલું માંસ ખંડ ખંડ કાપે, એ ભૂંડને કેવાં દુઃખ.

આજના કત્લખાનામાં પહેલાં બળદનું લોહી કાઢી લેવા એને ઊંચેથી લટકતા દોરડે ગળું ટાઈટ બાંધે છે, ને પાછલા પગ ખૂંટા સાથે કસીને બાંધે છે. પછી લોખંડનો જાડો સળિયો પગ પર ઝીક્યે રાખે છે, તે ત્યાં સુધી કે પગ ઢીંચણમાંથી તદ્દન ભાંગી જાય. એટલે પગ હવે લચી પડે છે. તેથી શરીર પાછલા ભાગે નીચે લચી પડતાં, આગળ દોરડે ઊંચે ખેંચીને બાંધેલ ગળચી તણાઈ લાંબી થાય છે. પછી એના પર છરાની તિક્ષ્ણ ધાર મૂકી ગળચીને કરવતીને જેમ છરો ઘસી ઘસીને કાપે છે.

ગળચી કપાતી આવે તે અડધે સુધી કાપી રહેવા દે છે. એમાંથી લોહીનો ધાધોડો છૂટે છે, તે નીચે રાખેલી બાલટીમાં પડે છે. એક બાલટી બીજી બાલટી એમાં શરીરનું બધું લોહી કાઢી લેવા જરૂર પડ્યે વળી શરીરના બીજા ભાગો પર લોખંડી સળિયાના માર ઠોકે છે. આ કેટલું દુઃખ ?

**પ્ર.-** એટલા બધા લોહીને શું કરતા હશે ?

**લોહીના ઉપયોગ દવાઓ બનાવવામાં :-**

**ઉ.-** એ કેમિકલ્સ જેવી દવાઓ બનાવનારી ફાર્મસીઓમાં જાય છે, ને એમાંથી દવાઓ બને છે. જે તે એલોપથીક દવાઓ વાપરતા પહેલાં બહુ વિચાર કરવા જેવો છે. ડૉક્ટરો આવી દવાઓના દલાલો છે. એમને કાંઈ એની અફસોસી છે ? એમની વિદ્યામાં મનુષ્યોત્તર પ્રાણીઓની જીવનની કશી કિંમત નથી. એલોપથી વિદ્યામાં આવું કશું આવતું જ નથી કે 'માનવ ! તેં પૂર્વે પ્રાણીઓની હિંસા કરી એમને બહુ અશાતા આપી છે એના ફળમાં તું આ રોગની અશાતા પામી રહ્યો

છું. કુદરતના અદલ ઈન્સાફ છે.'

**શાતા આપીને શાતા લો, અશાતા આપીને અશાતા.**

ડૉક્ટરી વિદ્યામાં પ્રાણીઓની દયાના પાઠ ક્યાંથી લાવે ? ભયંકર માંસાહારી અને હિંસક દેશોમાં જન્મ પામેલી અને પ્રાણીઓ પર ક્રૂર અખતરાઓથી આગળ વધી રહેલી આ ડૉક્ટરી વિદ્યાને જીવદયા સાથે શું લાગેવળગે ? એવી વિદ્યાનું સમર્થન એટલે આર્યત્વ અને દયામય આર્ય-સંસ્કૃતિને છેહ દેવા જેવું છે.

'પાપોના મેરુભાર સહેવા સહેલા છે ?' એના પર આ વાત છે કે આ ભારના લીધે જીવો કેવા કેવા દુઃખ અનુભવે છે ? એ કત્લખાનામાં પશુઓનાં ચામડા-આંતરડા-હાડકાં વગેરે કાઢવા કેવી કેવી ક્રૂર હિંસાઓ થાય છે ! એનો ખ્યાલ કરવો છે ?

જીવોને એ દુઃખ સહ્યાં જાય એવાં ! કે અસહ્ય ? ચિત્તને આકુલ-વ્યાકુલ કરે એવાં ?

આજના ફ્લેક્સ-બાટાના ક્રોમલેધરના બૂટ શી રીતે બને છે ? એનાં ચામડાં એટલા બધા મુલાયમ શી રીતે હોય છે ? મુએલા ઢોરનાં ચામડામાંથી કાંઈ એ બન્યા નથી એ તો ઢોરના જીવતા જીવે એના પર ઉકળતા પાણી અને ઉપર ધોકાના માર-પ્રહાર પડી પડીને શરીરની અંદરનું લોહી ચામડી પર ઊભરાઈ આવ્યું એટલે એ મુલાયમ થઈ. તે પાછી એ જીવ મરી ગયા પછી એવી મુલાયમ રહે નહિ એટલે ઢોરના જીવતા જીવે ચામડી ઉઝરડી લેવામાં આવે છે ને જ્યાં મશીનથી હિંસા થાય છે, ત્યાં પણ જીવતા જીવે ચામડી ઉઝરડાય છે ત્યારે મુલાયમ રહે છે. આ હિંસામાં એ પશુને દુઃખ કેટલું ? પહેલું તો શરીર પર ધગધગતાં ગરમ પાણી રેડાય કે યંત્રમાં કચડાય એનું જ દુઃખ કેટલું ? પછી એના પર ધોકાથી ટીંપાય એનું દુઃખ ! ઉકળતા પાણી રેડતા જાય ને ટીપતા જાય એનું દુઃખ કેટલું ? પછી ચામડી ઉઝરડાય એનું કેટલું ?

**પાપના મેરુભાર ભયંકર દુઃખો આપે છે. વિનોદની નજર સામે આ :-**

પશુ-તિર્યંચના દુઃખો કરતાં નરકના દુઃખો તો વળી અનંતગુણ્ય ભયંકર છે ! એ તો સહવાની વાત ક્યાં ? જે સાંભળ્યા પણ જાય એવાં નહિ, જ્યાં અસંખ્ય વરસો સુધી કપાવાનું-છેદાવાનું-ભાલે ભેદાવાનું, યંત્રમાં પીલાવાનું-પીસાવાનું-ભઠ્ઠીમાં બળવાનું-શેકાવાનું વગેરે વગેરે કેવાં કારમા દુઃખ ? પાપના મેરુભારના આ વિપાક છે.

પેલા વિનોદની નજર સામે આ તરવરે છે કે 'આ પાપના મેરુભારમાં મુશ્કેલી કેટલી ? એની આગળ હવે મેં દીક્ષા લઈ લીધી એટલે આવીને માબાપ



મારી દીક્ષા પર રુએ-કકળે, મને ભારે બોલ પણ બોલે, અગર માનો ને કદાચ મને મારે-પીટે; તોય એ મુશ્કેલી કેટલી મામૂલી ! અને પાપના મેરુભારનાં ફળ ભોગવવા પડે એ મુશ્કેલી કેટલી બધી જાલિમ ભયંકર ? ના ભાઈ ! એ કાંઈ આપણાથી વેઠી જાય નહિ. ભલે આ મુશ્કેલી વેઠી લઈશું.

**સંસારી જીવનમાં પાપ કેટલાં :-**

સંસારી જીવનમાં પાપકર્મ-અશુભ કર્મના મેરુ ભાર ઊભા કરે એવાં પાપ-પાપસ્થાનકોના મેરુભાર ઉપાડવા પડે છે. દૂર અતિ દૂરના સમુદ્રોના મત્સ્યાદિની હિંસા આપણે કરાવવી નથી, હિંસાને વખાણવી ય નથી. છતાં મારે ત્રિવિધ ત્રિવિધ એની હિંસા કરવાનો ત્યાગ એવી હિંસાની વિરતિ નથી તો તે એ અવિરતિનું જંગી પાપ ઊભું છે ! જંગી એટલા માટે કે એકેક જીવની હિંસાની અ-વિરતિ અ-ત્યાગ ગણતાં અનંતાનંત જીવોની હિંસાની અવિરતિનાં પાપ અનંતાનંત થાય !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૨૪,તા.૧૧-૨-૧૯૭૮**

ત્યારે સંસારમાં સુખની લાલચે સુખકારી માનેલા વિષયો કેટલા ? અનંત ! એના ય ત્યાગની વિરતિ કેટકેટલી ?

એ ઉપરાંત એ દરેકના પર રાગ, તેય એના રૂપ ઉપર રાગ, આકૃતિ પર રાગ, એના રસ-ગંધ-સ્પર્શ પરના અલગ અલગ રાગ,...એવા એકેક વિષયને લઈને કેઈ જાતના રાગ એવા જગતમાં તો અનંતા વિષયો છે, એક જીવનમાં જોવા-સાંભળવા વગેરે અનુભવવાના ય પાર વિનાના વિષયો આવે છે, એ બધાના રાગ અનંતા ! આ ય પાપ કેટલાં ? સંસારી જીવનમાં આ રાગ, લોભ, તૃષ્ણા, આસક્તિ-આકર્ષણ, મમત્વ, વગેરે કેટકેટલાં પાપ ?

ત્યારે, જૂઠ-ચોરી-વિશ્વાસઘાત, માયા-છળ-કપટ, અબ્રહ્મ-મોહચેષ્ટા-ગુસ્સો-અભિમાન-માનાકાંક્ષા, વેર-ઝેર-ઈર્ષ્યા...વગેરે વગેરે પાપો-દુષ્કૃત્યો કેટલાં ? એક પરિગ્રહનું જો પરિમાણ નથી કર્યું, જગતભરનો પરિગ્રહ જો ખુલ્લો રાખ્યો છે, તો એ જંગી પરિગ્રહનું પાપ કેટલું મોટું ? એમ, આરંભ સમારંભના પાપ કેટલા બધા ?

**કઈ મુશ્કેલી મોટી ? પાપભારની ? કે સગાનાં ટોણાં-રુદનની ? :-**

આ બધું જોતાં સંસારી જીવનમાં પાપસ્થાનકો-પાપોનો મોટો મેરુભાર આત્મા પર ચડે છે, તો શું એ મુશ્કેલી મોટી ? કે દીક્ષા લઈ એનો ત્યાગ કરવા જતાં સગાવહાલાં રુએ, ટોણાં મારે, એ મુશ્કેલી મોટી ? અક્કલથી વિચાર કરો કઈ

મુશ્કેલી મોટી ? પાપના મેરુભારથી જાલિમ દુઃખો વરસે એ મુશ્કેલી મોટી ? કે પાપત્યાગ કરવા જતાં સગા રુએ-ટોણાં મારે એ મુશ્કેલી મોટી ? કહેવું જ પડે; પાપભારથી દુર્ગતિમાં ભયંકર કત્લેઆમો આવી પડે એ જ મુશ્કેલી મોટી.

વિનોદની નજર સામે સંસારી જીવનમાં એ પાપોના મેરુભાર ઉપાડવા પડે, એનાથી આત્મા પર ઢગલો અશુભ કર્મ અને સંસ્કારરૂપી પાપના મેરુભાર ચડે, એ ભયંકર મોટી મુશ્કેલી લાગે છે ! કેમકે એથી ભવિષ્યમાં દુર્ગતિના અસંખ્ય ભવ સરજાય, ને એમાં અનંત દુઃખ તથા વધારામાં દુર્બુદ્ધિ ઊભી થાય એ મોટી મુશ્કેલી છે. વિનોદની નજર સામે આ તરવરે છે, તેથી જાતેજ સર્વત્યાગની પ્રતિજ્ઞા કરી લઈ સાધુ બની નિરાંતે બેઠો.

**સાધુ શું કહે છે ? :-**

એટલે પછી, હવે જ્યાં સાધુ કહે છે 'અરે ! વિનોદ ! આ તેં શું કર્યું ? તારા બાપુજી અને સગાવહાલા આ જાણશે ત્યારે એમને કેવો આંચકો લાગશે ?' પરંતુ વિનોદ સમજે છે કે એ તો નવું નવું જાણે ત્યારે ક્ષણવાર આંચકાનો અનુભવ, પછી કાંઈ નહિ. પણ મારે તો ચારિત્ર ન લીધું હોય તો તો પાપના મેરુભારના રૂપમાં અસંખ્ય કાળે દુઃખના આંચકા ?'

સાધુ કહે 'પણ પેલા આવીને ધાંધલ ધમાલ કરે તો એ કેટલી મોટી મુશ્કેલી ?'

પરંતુ સાધુ બનેલ વિનોદને મન પેલી સંસારની નરક-તિર્યંચગતિમાંની જાલિમ ભયંકર મુશ્કેલીઓની સામે આ કાંઈ મુશ્કેલી લાગતી નથી, એટલે કહી દે છે 'બધું સારું થશે. આપ જરાય ચિંતા ન કરશો.'

આચારાંગ સૂત્રમાં **'સ્વજન ધુનન'** નામનું અધ્યયન છે. એમાં સ્વજન-સગાસંબંધી ઉપરના મોહને ખંખેરી નાખવાનું કહ્યું છે. શી રીતે, એનો ઉપાય બતાવતાં કહ્યું કે આટલું વિચાર-

**'नालं ते ताणाए वा सरणाए वा ।'**

અર્થાત્ એ સગાવહાલાં તને શરણ આપવા એટલે કે આપત્તિમાંથી બચાવી લેવા, અથવા ત્રાણ આપવા એટલે કે સદ્‌ગતિ આદિની સંપત્તિ મેળવવામાં આધારભૂત થાય એમ નથી. સગાવહાલાઓ જીવને આપત્તિમાં રક્ષણ ન આપી શકે; પણ આપત્તિ જ શા માટે આવે ?

એટલા માટે કે પત્ની-પુત્રાદિ સગાવહાલા પર મોહ કરે એટલે કાળાં કર્મ બંધાય. અને એ મોહની ખાતર જે ષટ્કાય જીવ સંહારમય આરંભ સમારંભો કરે, એ મોહ ખાતર જે અઢાર પાપસ્થાનક સેવે, એ મોહથી એમની સાથે જે વિષય-વિલાસો અને રંગ-રાગ ખેલે, એ બધું જ કાળાં કર્મ બંધાવનાર છે. જીવ પૂર્વભવોમાં



આ બધું કરીને કાળાં કર્મોના મેરુભાર લઈ આવ્યો છે, તેથી એના વિપાકમાં આપત્તિઓ આવે. તેમજ અહીં નવા કર્મભાર ઊભા થાય છે, એના ભવિષ્યમાં વિપાક થતાં આપત્તિઓ વરસવાની. આ અહીંની અને ભવિષ્યની આપત્તિઓમાં સગાવહાલા કશો બચાવ ન આપી શકે.

પેલા વિનોદની નજર સામે આ છે, 'પાપકર્મોના મેરુભારને જો સંયમ અને તપથી પોતાના આત્મા પરથી હેઠા ઉતારવામાં ન આવે અને એમ જ રહી જાય તો, એના ઉદયમાં સંસારમાં દુર્ગતિના જાલિમ દુઃખો વેઠવા પડે.' એને એ મોટી મુશ્કેલી મનને પીડી રહી છેઃ તેમજ જો સંયમ ન લેવાય તો સાંસારિક જીવનમાં કરવા પડતાં અપાર પાપને પાપસ્થાનકના મેરુભારથી નીપજનારી ભાવી મુશ્કેલીઓ મનને પીડી રહી છે, એટલે એણે એને જ ધ્યાનમાં રાખીને કોઈને કહ્યા વિના દીક્ષા-સંયમ લઈ લીધું. એમાં બાપુજી વઢે, કુટુંબ કકળે, વગેરે મુશ્કેલી તદ્દન મામૂલી લાગે છે, વાહિયાત લાગે છે.

એટલે જ્યાં સાધુ કહે છે કે 'પણ આ તેં શું કર્યું ? તારા બાપુજી જાણશે તો કેવી મોટી મુશ્કેલી આવશે ?

**વિનોદનો ઉત્તર :-**

ત્યારે વિનોદ કહે છે એની કશી ચિંતા કરશો નહિ. મારો ત્રણ વરસથી પ્રયત્ન છે, અને એમણે સત્સંગની મને સગવડો નથી આપી એટલે હવે મારે મારું હિત કરી લેવું રહ્યું. 'અસંખયં જીવિયં મા પમાયએ' ભગવાન કહે છે એ સમજીને જ હવે આયુષ્યના તકલેદીપણામાં ગફલતમાં ન રહેવાય. હવે તો હું સાધુ બન્યો તે બન્યો, હવે તમારે રાખવો હોય તો રાખો, ને 'કાઢી મૂકવો હોય તો કાઢી મૂકો.'

સાધુદીક્ષા પોતાના મનથી નિશ્ચયપૂર્વક લઈ બેઠેલા વિનોદને એ સાધુ હવે શું કરે ? આવા મોટા ઘરના અને વળી સારા પરિચિત નબીરાને કાઢી મૂકે ? ના રે ના, હવે તો જે આપત્તિ આવે તે આવે, પોતે દીક્ષા આપી નથી એટલે એમને પોતાને સેઈફ સાઈડ સલામતી લાગે. કદાચ સંબંધીઓ બૂમરાડ કરતાં આવશે તો કહી દેવાશે 'વિનોદે એની મેળે જાતે જ આવીને જીવનભરના સામાયિકની પ્રતિજ્ઞા લઈ લીધી. હવે અમારે થોડો જ એને ધક્કો મારી કાઢી મૂકાય ?'

**પિતાની યોગ્ય વિચારણા :-**

બસ, સાધુઓએ રાજકોટ કોલથી ખબર અપાવી કે આમ બન્યું છે. એથી વિનોદના પિતા સમજી ગયા કે આ બે-ત્રણ વરસથી સાધુ પાસે રહેવાની માગણી કર્યા કરતો હતો. વચમાં પરદેશ મોકલ્યો, તો પણ લોભાયો નહિ, પરદેશથી પાછા આવીને ય એ જ માગણી ચાલુ હતી, એટલે આનો વૈરાગ્ય પાકો. નહિતર આવી

ક્રોડોની સંપત્તિનાં સુખ શાનો જતા કરે ? હવે તલમાં તેલ નથી, તો જેમ તેલ વિનાના તલને નાહક ઘાણીમાં પીલીને શો લાભ, એમ જો એનામાં સંસારનો રાગ જ નથી તો પાછો સંસારમાં લાવીને શું વળવાનું ? ભલે ત્યારે એના આત્માનું કલ્યાણ કરે.'

પિતાએ કોલમાં કહેવરાવી દીધું કે 'જે થયું તે થયું હવે મોટી દીક્ષા પહેલાં કહેવરાવજો. બધા મોટી દીક્ષા પર આવીને ઉજવશું.'

કેસ ટૂંકમાં પતી ગયો. કેમકે પિતા ગમે તેમ તોય સમજદાર હતા. આવેશી ઝનુની અને અભિમાની નહોતા કે એમના મનને એમ થાય કે 'લીધી લીધી દીક્ષા ? લાવ, એને ઘરે લઈ આવું.' ના, એવું મિથ્યાત્વનું ઝનુન નહોતું. સ્થિતિસંપન્ન હતા એટલે ધાંધલ કરવા ધારી હોત તો મોટી ધાંધલ કરી શકતે પણ આવેશી નહોતા.

અલબત ધાંધલ કરે તો ય સાચા વૈરાગીને શું કરી શકે ? છતાં કેટલીકવાર ક્યાંક એવા જલ્લાદ પ્રયોગો ચડતા વૈરાગીને પાડે એવું પણ બને છે. એમ ઉઠાવાયા હોય એવા દાખલા છે, જે બિચારા સંસારમાં પડી ગયા.

કેમ પડી ગયા ? વૈરાગ્યમાં કાચા નહોતા, પરંતુ સગાઓએ માર્શલલોની જેમ ઉપાડી જવાનું કર્યું અને પછી વિષમ પરિસ્થિતિ કરી મૂકી એટલે અમુક વખત સુધી તો વૈરાગીએ અંતરમાં કકળાટ રાખ્યો, પરંતુ વખત જતાં સંયોગ વાતાવરણને વશ પડી પતન થઈ ગયું.

અહીં વિનોદના પિતાશ્રીને ખોટા આવેશવશ કાંઈ એવું કરવું નહોતું એટલે વાત મંજૂર કરી લીધી, અને વડી દીક્ષા ઉજવવા જવાનું ઠરાવ્યું. એ સમાચાર ફલોધિ પહોંચતા, વિનોદકુમારમાંથી વિનોદ મુનિ બનેલાને આનંદ થયો કે 'સારું થયું, પિતાશ્રીએ વાત વધાવી લીધી.'

મોટા શ્રીમંત ઘરનો છોકરો દીક્ષા લે ત્યારે કુટુંબ કેટલી બધી ધામધૂમ કરે, પણ અહીં એમાંનું કશું નહિ, તેમાં વિનોદમુનિને ખેદ નથી કે 'હાય ! ખાનગીમાં દીક્ષા લેવી પડી. નહિતર જો જાહેરમાં દીક્ષા થઈ હોત તો કેવી લાખ-બેલાખના ખરચની જાહોજલાલીથી દીક્ષા થાત !' પણ વિનોદમુનિને આ કશી અફસોસી ન થઈ કે 'હાય ! બાપે હવે વાત વધાવી લીધી, તો એના કરતાં પહેલાં જ જો વધાવી લઈ ધામધૂમથી કર્યું હોત તો કેટલું દીપત !' કેમકે એને મન ચારિત્ર મળ્યું એ જ એટલી મોટી ધામધૂમ અને જાહોજલાલી હતી કે એની આગળ પેલી ધામધૂમ નગણ્ય લાગતી. આ કેમ બને ? આમ,-

**માણસની જ્યારે અંતર્મુખ દૃષ્ટિ થઈ જાય ત્યારે આંતર ગુણકમાઈ-ગુણરક્ષાની**



**એટલી મોટી જાહોજલાલી લાગે છે કે એની આગળ બાહ્ય ધામધૂમ જાહોજલાલી ન-ગણ્ય લાગે છે.**

**રાજા હરિશ્ચંદ્રે ગુણરક્ષાર્થે શું કર્યું ? :-**

એટલે તો રાજા હરિશ્ચંદ્રે પોતાના સત્યગુણ અને સત્ત્વગુણની જાહોજલાલી ટકાવી રાખવા આખું રાજ્ય જતું કર્યું, ને જાત વેચવા પણ તૈયારી રાખી ! વાત કેટલી મામૂલી હતી કે સવારના પહોરમાં સાંભળ્યું કે 'એક મોટું રીંછ-ડુક્કર જેવું પ્રાણી તપોવનમાં તાપસોને ઉપદ્રવ કરે છે,' એટલે પોતે તરત તીર-કામઠું લઈ નીકળી પડ્યો. જંગલમાં જઈ દૂર રહેલા એ પ્રાણી તરફ બાણ છોડ્યું. પરંતુ એમાં વચમાં એક હરણ દોડતું બાણથી વિંધાઈ પડ્યું.

રાજા આ જોઈ ત્યાં જઈ બાણ ખેંચી લઈ વિમાસણમાં ઊભો છે એટલામાં તો તપોવનની તાપસ કન્યા દોડતી આવી કલ્પાંત કરે છે 'હાય આણે મારું વહાલામાં વહાલું હરણ માર્યું ! ઓ મા રે...!' એ સાંભળી તાપસોનો કુલગુરુ આવી રાજાને ધમકાવે છે.

'તું તે પ્રજાનો પાલક છે કે ભક્ષક ? આ શું કર્યું તેં ?'

રાજા કહે 'માફ કરો, હું તો ડુક્કરના ઉપદ્રવને ટાળવા આવેલો ને ડુક્કરને તીર મારતાં દોડતું હરણ વચમાં આવી જવાથી તીરનો ભોગ બની ગયું ! જાણીને મે હરણ માર્યું નથી છતાં મને અફસોસી થાય છે કે બિચારું મર્યું ? હું ક્ષમા માગું છું !'

તાપસ ગુસ્સે થઈને કહે 'જોઈ જોઈ તારી અફસોસી ને ક્ષમાયાચના. માથું વાઢીને પછી અફસોસી કરવા બેઠો.

એટલામાં તો તાપસકન્યા જોરશોરથી કલ્પાંત કરવા માંડી. એટલે તાપસ કુલગુરુને વધુ તાન ચડ્યું તે રાજાને ભયંકર સંભળાવવા મંડ્યો, 'હરામખોર પાપી ! કઈ નરકમાં જઈશ ? ચોર-ડાકુને દંડવાના ? કે સાધુને ? દુનિયાના સામાન્ય માણસને ખોટી રીતે દંડે તો ય નરકે જાય, તો સાધુજનને ખોટી રીતે દંડનારી તારી તે કેવી ય અધોગતિ ?'

**હરિશ્ચંદ્રને પ્રાયશ્ચિત્ત : રાજ્યત્યાગ :-**

'રાજા હરિશ્ચંદ્ર આ સાંભળીને ગદ્ગદ થઈ જઈ કહે છે મહારાજ ! મને એ પાપથી બચાવવા પ્રાયશ્ચિત્ત કરાવો. મારા પર કૃપા કરો.'

તાપસ ગુસ્સામાં કહે કર્યું કર્યું, પ્રાયશ્ચિત્ત. તું શું પ્રાયશ્ચિત્ત કરવાનો હતો ?'

રાજા કહે 'મહારાજ ! કહો તે પ્રાયશ્ચિત્ત કરું.'

તાપસ કહે 'ચાલ, તો અમને રાજ્ય સોંપી દે.'

તરત જ રાજા તથાસ્તુ કહી લે છે, કહે છે 'હું જાઉં છું નગરમાં, ત્યાં

પધારો અને રાજ્ય સંભાળી લો.'

કેમ વારું આટલું બધું ? કહો,

રાજાઓ એકવચની હોય છે, સાધુપુરુષો એકવચની હોય છે.

એકવાર બોલ્યા તે બોલ્યા, પછી એને ફેરવવાનું નહિ. રાજાએ તાપસને પહેલાં કહી દીધું-'કહો તે પ્રાયશ્ચિત્ત કરું,' પછી તાપસ રાજ્યત્યાગ કરવાનું કહે છે તો હવે એમ જ કહેવાય કે 'એટલું બધું નહિ.' 'કહો તે' કહ્યું છે એટલે સામાએ જે કહ્યું તે માન્ય કરાય તો જ એ 'કહો તે' વચન સાચું ઠરે.

**તાપસને રાજ્ય સુપરત :-**

રાજા હરિશ્ચંદ્રને સત્યવચન જાળવવાની દઢતા છે, પછી જે ભોગ આપવો પડે તે આપીને. એટલે પોતે નગરમાં ગયો, અને કુલપતિ તાપસો લઈને આવી ઊભો. તો રાજા મંત્રીઓને બોલાવી હકીકત કહીને કહે છે, 'જુઓ હવે રાજ્ય આમને મેં સોંપી દીધું છે, એટલે હવેથી તમારે મારા સ્થાને આમને રાજા માનવાના.'

મંત્રીઓ કહે 'મહારાજા ! આ શું બોલો છો ? એમ તે રાજ્ય અપાય ? એક હરણ માર્યાનું આવડું મોટું પ્રાયશ્ચિત્ત હોતું હશે ?'

રાજા કહે, 'હોય કે ન હોય, મેં કહ્યું છે કહો તે પ્રાયશ્ચિત્ત કરું, ને એમણે આ કહ્યું, તો તે મારે કરવું જ જોઈએ. મારું કહેલું વચન મિથ્યા-ફોગ-અસત્ય નહિ થાય, એ મારો દઢ નિર્ધાર છે.'

હવે રાજાના દઢ નિર્ધાર આગળ મંત્રીઓ શું કરે ? જોતા ઊભા રહી ગયા બાજુએ, અને રાજા તાપસ કુલગુરુને કહે 'લો, આ સંભાળી લો રાજ્ય; આપને મેં સોંપી દીધું.'

તાપસ કહે 'ભલે, તારું પ્રાયશ્ચિત્ત થઈ ગયું.'

ત્યાં પેલી તાપસકન્યા રોતી આવી કુળપતિને કહે 'પણ બાપુ ! મારું હરણ ગયું મને શું મળ્યું ? મને મળ્યા વિના હું મરી જઈશ...એમ કહી ભારે કલ્પાંત કરવા માંડી.

ત્યાં રાજાને દયા આવી ગઈ, તે એને કહે છે 'રોઈશ ના, જા તને લાખ સોનૈયા આપું છું.'

'કન્યા શાંત થઈ કહે છે 'ભલે, આપો.'

રાજા ખજાનચીને હુકમ કરે છે એ ય ખજાનચી ! આ બાળાને લાખ સોનૈયા આપી દો !

તાપસકુલગુરુ ભવાં ચડાવીને કહે 'એ હરિશ્ચંદ્ર ! હવે રાજ્યેય ક્યાં તારું છે, ને ખજાનોય ક્યાં તારો છે, કે એમાંથી લાખ સોનૈયા કઢાવે છે ?'



**લાખ સોનૈયા ક્યાંથી દેવા ? :-**

રાજા આ સાંભળીને જરા ભોંઠો પડ્યો, પણ ઝટ જોયું કે તાપસની વાત તો બરાબર છે, રાજ્ય સોંપ્યું એટલે ખજાનો ય સોંપાઈ ગયો. એના પર હવે મારો અધિકાર નહિ, તેથી ખજાનચીને મારે કહેવાય નહિ. તો હવે શું કરવું ?

ત્યારે શું રાજા એમ કહે કે 'મેં તો લાખ સોનૈયા ખજાનામાંથી અપાવવાના હિસાબે કહ્યું હતું ?' ના; રાજા સમજે છે કે 'મેં તો સામાન્યથી જ કહ્યું હતું કે તને લાખ સોનૈયા આપું છું.' પણ એવું નહોતું કહ્યું કે 'જો આ ખજાનામાંથી આપી શકતો હોઉં તો તને લાખ સોનૈયા આપું છું.'

રાજા વિચારમાં પડ્યો કે 'લાખ સોનૈયા કેવી રીતે દેવા ?'

ત્યાં તાપસ ગુસ્સો કરીને કહે 'એય ! દઈ દે હવે ઝટ લાખ સોનૈયા ઝટ, નહિતર કહે 'બોલ્યું ફોગ.' બોલો કેવી કસોટી છે !

પણ એમ આ રાજા શાનો વચન ફોગ કરે ? એ કહે છે મને એક મહિનાની મહેતલ આપો. મહિનામાં હું જાત વેચીને પણ લાખ સોનૈયા ભરી દઈશ. તાપસે મહેતલ આપી અને રાજા હરિશ્ચંદ્ર, રાણી તારામતી અને ૧૦-૧૨ વર્ષનો પુત્ર રોહિત ત્યાંથી ચાલી નીકળ્યા.

બોલો, શું રાજાને મન વિખવાદ છે ખરો કે હાય સહેજ ભૂલમાં આવી મોટી રાજાપણાની જાહોજલાલી ગઈ ? ના, કોઈ અફસોસી નહિ; કેમકે એમને મન 'રાજ્યપાટની જાહોજલાલી કરતાં સત્ય વચનીતાનો ગુણ સચવાયો એ મોટી જાહોજલાલી છે. મોટી જાહોજલાલી મેળવતાં નાની જાહોજલાલી ગઈ તો એની કશી ચિંતા નહિ' આ વિવેક છે.

**હરિશ્ચંદ્રનું સત્ત્વ કેટલું ! :-**

રાજાનો આ વિવેક અને એ જાળવવા સત્ત્વ ક્યાં સુધીનું છે એ જુઓ. એણે પેલી તાપસકન્યાને લાખ સોનૈયા આપવાના કહ્યા છે, અને એ ખજાનામાંથી આપવા ધારેલા, પરંતુ રાજ્ય જ આખું સોંપાઈ ગયું એટલે ખજાનો પણ સોંપાઈ ગયો, એ પછીથી તાપસના કહેવાથી ભાન આવ્યું, તો હવે લાખ સોનૈયા જાત વેચીને પણ ભરપાઈ કરવા માટે એક માસની મહેતલ માગી ચાલી નીકળે છે. સાથે રાણી અને પુત્ર છે, તેમજ બે તાપસો ઉઘરાણી કરનારા છે. રાજાનું કેટલું સત્ત્વ !

**હરિશ્ચંદ્ર સત્યવાદી ? કે સત્ત્વશાલી ? :-**

રાજા હરિશ્ચંદ્ર ચિંતામાં છે કે કેવી રીતે લાખ સોનૈયા ભરપાઈ કરવા. એ કોઈ કોઈ મિત્ર રાજા કે શ્રીમંત પાસે એની ભીખ માગવા નથી જતો; એટલો એ સત્ત્વશીલ છે. અંતે રાણીને પુત્ર સાથે ગુલામડી તરીકે મોટા શહેરમાં વેચવા ઊભી

કરે છે. ગ્રાહક મળતાં વેચી દે છે, ને તાપસોને લાખ સોનૈયા અપાવી દે છે. પોતે અંતે મસાણની નોકરી સ્વીકારી લે છે ! બોલો રાજા હરિશ્ચંદ્રનો 'સત્ય' ગુણ મોટો ? કે 'સત્ત્વ' ગુણ મોટો ?

એક વખતના મહાન રાજાની આ કેવી પરિસ્થિતિ ? બોલો, છે આમાં ક્યાંય રોવાનું ? આંસુનુ ટીંપુ ય પાડવાનું ? ના, ઊલટો પોતાનું વચન પળાયું, સત્ય વચનિતા જળવાઈ, એનો સંતોષ છે !

આ શી રીતે બનતું હશે ? ઓછી આપદા આવી છે ? ઘણી. સહેજ વાતમાં આખું રાજ્ય અને રાજાપણાનો ઠાઠ જાય, યાવત્ પહેર્યે લૂંગડે નીકળી જવું પડે, એક કોડી ય પાસે નહિ. વળી એમાં સુકોમળ પટ્ટરાણીને પોતાના હાથે ગુલામડી તરીકે વેચવી પડે, કેટલી બધી જાલિમ આપદા ! છતાં એમાં હરિશ્ચંદ્રને ખેદ કેમ ન થયો ?

આ જ હિસાબે છે કે સારી સારી રાજ્યપાટ સંપત્તિ વગેરે એ કાંઈ ખરી જાહોજલાલી નથી, વહાલી રાણીને સુખ-સગવડ, એ કે સત્તા-ઠકરાઈ એ કશી આત્માની જાહોજલાલી નથી, પરંતુ

**આત્માના અહિંસા-સત્ય-ક્ષમા-સત્ત્વ વગેરે ગુણો સ્વરૂપ આત્મ-સંપત્તિઓ, એજ વાસ્તવિક જાહોજલાલી છે.**

કારણ સ્પષ્ટ છે. રાજ્ય-ધન વગેરે તો આ જીવનની સાથે નાશવંત છે, અને આત્માને આગળ ચાલવાનું છે. દા.ત. જે ભાડુતી પટ્ટાવાળું મકાન મુદત પૂરી થયે ખાલી જ કરવાનું છે. એની શોભા-ઠઠારો એ કાંઈ પોતાની જાહોજલાલી લાગતી નથી; પરંતુ જ્યાં તૈયાર થતા પોતાના કાયમી મકાનમાં જવાનું છે એની શોભા-ઠઠારો એ પોતાની જાહોજલાલી લાગે છે. એમ અહીંથી મરીને જ્યાં નવા જીવનમાં જવાનું છે, ત્યાં કાંઈ પેલી અહીંની ધન-માલ-યશ-પરિવાર વગેરે સંપત્તિઓ કશી સાથે ચાલવાની નથી. તો પછી અહીંની સંપત્તિઓની જાહોજલાલી માનવામાં કોઈ બુદ્ધિમત્તા છે ? એ તો અહીં જે અહિંસા-દયા, ક્ષમા મૈત્રી, સત્ય-ન્યાયિતા અને દેવ-ગુરુ-ધર્મની સેવાભક્તિ કરી, એ જ પરલોકે એનાં મહાસુખદ ફળરૂપે જવાબ આપવાની છે. અરે ! આગામી આખી કાળપરંપરામાં એ સુખદ જવાબ દેવાની છે !...યાવત્ અનંત સુખના ધામે એ પહોંચાડવાની છે. તો એને જ જાહોજલાલીરૂપ કાં ન માનવી ?

આ સાચી જાહોજલાલી માનવા પર એ જ્યાં ઊભી થવાની આવી, ત્યાં ખંધક મુનિ જેવાને ભલે જીવતા ચામડી ઊઝરડાવા જેવી કારમી પીડા આવી, છતાં

**'મુનિવર મનમાં હી આણંદ્યા, પરીસહ આવ્યો જાણી રે;**



**કર્મ ખપાવાનો અવસર એહવો, ફરી નહિ મળશે પ્રાણી રે.'**

ચામડી ઉતરવાના ઘોર પરીસહને પોતાની જાહોજલાલી માન્યા વિના આનંદ થાય ? પણ એમને મન આત્માને કર્મનિર્જરા-કર્મક્ષય ભરચક કમાવા મળે એ ખરી જાહોજલાલી; એની સામે કાયા સુખાકારી રહે એ કશી જ જાહોજલાલી નહિ; એટલે કાયાને જાલિમ વેદનામાં પણ આનંદ માન્યો.

પેલા વિનોદમાંથી વિનોદમુનિ બનેલાને 'બાપાજીએ મારી દીક્ષા હવે મંજૂર કરી લીધી એના કરતાં ભલે છ મહિના રોકીને પણ ધામધૂમથી લાખ-બેલાખ ખરચીને દીક્ષા અપાવી હોત, તો કેવી જાહોજલાલી થાત ! એવો વિચાર ન આવ્યો; કેમકે એના કરતાં જે સવેળા સંયમ મળી ગયું એમાં જ આત્માની ખરી જાહોજલાલી એને લાગે છે. એટલે હવે તો બાપુજી વગેરે તરફથી સંયમમાં વિઘ્ન નહિ આવે એનો પરમ સંતોષ છે. 'અસંખયં જીવિયં, મા પમાયએ' એ શાસ્ત્રવચન મળ્યું લેખે લગાડ્યાનો જ અનહદ આનંદ છે.

હવે વિનોદમાંથી વિનોદમુનિ બનેલાને જુઓ 'અસંખયં જીવિયં' અર્થાત્ આયુષ્ય અસંસ્કાર્ય છે, તુટ્યાનો સાંધો નહિ' એ શાસ્ત્રવચન કેવું આગળ આવે છે !

બન્યું એવું કે રોજ તો એકાશન કરીને બીજા સાધુઓની સાથે બહાર વડીનીતિ (શૌચ) માટે જાય છે, પણ એક દિવસ ઝટ એકાશન પતાવી એ એકલા જ બહાર જવા તૈયાર થાય છે, ત્યાં સાધુ કહે છે, 'જરાક ઊભા રહો, અમે આવીએ છીએ.'

ત્યારે આ કહે 'પણ મારે આજે ઉતાવળ છે એટલે તરત જ જવું પડે એમ છે.'

તો ભલે પધારો, અમે પાછળથી આવીએ છીએ !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૨૫,તા.૧૮-૨-૧૯૭૮**

**વિનોદમુનિ : બે ગાયો લડતી :-**

વિનોદમુનિ ચાલ્યા; આગળ જાય છે ત્યાં રેલ્વેફાટક વીંધીને જંગલમાં જવાનું હતું, તે ઓળંગતા પહેલાં જુએ છે તો બે ગાય રેલપાટા પર સામસામી માથાં ટકરાઈ રહી છે, ને બીજી બાજુ રેલ્વે ટ્રેઈન આવી રહી છે. વિનોદમુનિને દયા આવી ગઈ કે 'અરે રે ! આ બિચારી કપાઈ મરશે !' એટલે પાટા પરથી ખસેડવા પોતાનું લાંબી લાકડીનું રજોહરણ બતાવી ખસેડવા મહેનત કરે છે. પરંતુ ગાયો જીદે ચડી છે, સામસામા માથાં ટકરાવી એક બીજાને દૂર ધકેલવા મથી રહેલી, તે સમાન બળ લગાડતી ત્યાં ને ત્યાં પાટા પર જ માથા લડાવી ઊભી છે.

આ કષાયનો આવેશ છે. રેલગાડીનો હલકારો વધુ ને વધુ સંભળાવતો જાય છે, છતાં એક-બીજાની સામે અભિમાન અને ગુસ્સો મૂકવો નથી. કારણ કાંઈ ? અજ્ઞાનદશા છે. આ પાટા પર ગાડી આવશે એનું ભાન નથી, તેમજ આ રેલગાડીની ટક્કરે ચડવામાં કપાઈ મરવું પડે, એનું ય ભાન નથી. એનું ભાન હોય તો તો મરવાનો ડર સૌને, એ હિસાબે મોતના ભયથી કષાયાવેશ પડતો મૂકી ત્યાંથી ભાગે.

ત્યારે, સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ એટલે મનવાળું પ્રાણી છતાં લાંબી ગતાગમ નહિ અને અભિમાનાદિ કષાયનો આવેશ મૂકવાનો નહિ એ કેવી ભયંકર દુર્દશા સરજે ? માટે આ સમજી રાખો,

**પરિણામનું અજ્ઞાન કષાયનો આવેશ મૂકવા દે નહિ, અને કષાયનો આવેશ સુજ્ઞ પાસેથી જ્ઞાન લેવા દે નહિ.**

અનંતાનંત કાળથી સંસારમાં જીવને આવું જ ચાલે છે, જાતે પોતાના કષાયાવેશના મૃત્યુનું શું દુઃખદ પરિણામ છે એનું ભાન નહિ, એટલે કષાયનો આવેશ મૂકાય નહિ ! અને એજ અભિમાન કષાય બીજા વિવેકી પાસેથી જ્ઞાન લેવા દે નહિ, એનું સાંભળે જ નહિ ને ? એટલે અજ્ઞાન ઊભું રહી કષાયની પકડ છૂટવા દે નહિ.

**અજ્ઞાન-કષાયના વિષવર્તુલથી સંસારભ્રમણ :-**

અગ્નિશર્માને રાજાના દિલના ભક્તિના ભાવનું અજ્ઞાન હતું એટલે રાજા તો ઈરાદાપૂર્વકની નહિ, કિન્તુ સંયોગવશ પારણું કરાવવા નહિ પામેલો પરંતુ એ તો રાજા પર દ્વેષની પકડમાં પડ્યો. હવે એ કુલપતિ અને બીજા તાપસોના રાજાના ચોક્ખા ભાવ હોવાનું સમજાવવા છતાં એ આપત્તિમાં અજ્ઞાન ટાળવા તૈયાર નહિ; તેથી દ્વેષકષાય મૂકવા તૈયાર નહિ. આપમતિ એ અભિમાન છે, ને એ અભિમાન કષાયના લીધે પોતાનું મિથ્યાજ્ઞાન-અજ્ઞાન મૂકવાય તૈયાર નહિ, ને એ અજ્ઞાનવશ દ્વેષકષાય મૂકી દેવા તૈયાર નહિ. એમ, કષાયથી અજ્ઞાન અને અજ્ઞાનથી કષાય, એ રીતે કષાય-અજ્ઞાનનું વિષવર્તુલ ચાલે છે, ને એથી જ જીવ સંસારમાં ભટકતો રહે છે.

**આપણામાં આપમતિ કેટલી ?**

જ્ઞાનીઓ કહેતા હોય કે 'ઉનોદરીથી અને સાદા આહારથી એટલે કે બહુ વિગઈ-તરબોળ નહિ એવા આહારથી શરીર ને આત્મા બંને સારા રહે; શરીરમાં મોટા રોગો ન આવે ને આત્મામાં મોટા વિકારો ન જાગે; આ જ્ઞાનીની સલાહ; પરંતુ શું આપણે આ વાત વધાવી લઈએ ખરા ? આપણા દિલમાં આ અણીશુદ્ધ



જચી જાય ખરું ? ના, આપણને તો એમ જ લાગ્યા કરતું હોય છે કે 'જ્ઞાનીઓએ કહ્યું છે તે સાચું, પણ તે તો એવા પુણ્યશાળી જીવો વગેરે કે જેમને લોખંડી શરીર મળ્યા હોય, મારું શરીર ક્યાં એવું લોખંડી છે ? એટલે મારે તો ઉનોદરી ન ચાલે, પૂરું ખાવું જોઈએ. મારે વિગઈ-રસો સારા પ્રમાણમાં લેવા જ જોઈએ, તો જ મારું શરીર સશક્ત બન્યું રહે ? આ શું છે ? આપમતિના હિસાબ.

આ આપમતિ પછી, શરીરના રાગ, ખાનપાનના લોભ, એમાં ય રસકસની લગન, આ બધા લોભ કષાયને જીવ કેમ જીવતા-જાગતા ન રાખે ? એટલે કરવા જેવું તો આ છે કે

**આપમતિને ફગાવી દઈએ, અને જિનાજ્ઞાને જ જીવન ઉદયકારી માની એના જ આધારે જીવન કેમ જીવવું એના હિસાબ માંડીએ, એ જ કર્તવ્ય છે.**

સમ્યગ્દર્શન શાને કહેવાય ? જિનોક્ત તત્ત્વની શ્રદ્ધાને, જિનવચનની શ્રદ્ધાને. એ કેવી હોય ? શું માત્ર બોલવારૂપ ? કે એના આધારે જીવનમાં હિસાબ માંડવારૂપ ? કહેવું જ પડે કે

**સ્વજીવનમાં આપમતિ છોડી જિનવચનના આધારે જ હિસાબ માંડે એ સમ્યગ્દર્શન.**

આમાં અમલ જ કરવો જોઈએ એવો નિયમ નથી, હિસાબ માંડવો જોઈએ એ વાત છે. દા.ત. કોઈ માણસ પકવાન્ન ખાય છે, છોડી શકતો નથી પરંતુ એણે હિસાબ શો માંડ્યો હોય ? શું આ ? કે પકવાન્ન ખાતા રહીએ તો તગડા થઈએ ? ના, આ તો આપમતિનો અને લોભકષાયના ઘરનો હિસાબ છે. મનમાં હિસાબ તો આ જ રમતો હોય કે પકવાન્ન તો ભારે ખોરાક છે, ને ભગવાન કહે છે કે

**એ વિગઈ છે, વધુ પ્રબળ રાગ કરાવનારી વિગઈ છે, અને વિગઈ એ આત્મામાં વિકૃતિ કરનારી અને વિગતિ-દુર્ગતિમાં લઈ જનારી ચીજ છે.**

**'વિગઈ વિગઈ બલા નેઈ'**

લચબચ ઘી-દૂધ-પકવાન્ન વગેરે વિગઈઓ જીવને બલાત્કારે વિગતિમાં-દુર્ગતિમાં લઈ જાય છે.

જીવનમાં આ શ્રદ્ધા પર હિસાબ માંડી રાખ્યો હોય કે 'હું જે આ પકવાન્ન ઉડાઉ છું એ દુર્ગતિનો માર્ગ છે.' આ હિસાબ પર અલબત એ પકવાન્ન ખાવા બંધ નથી કરી શકતો પરંતુ એ હિસાબ માંડવા પર હૈયે શરીર તગડું થવાના આનંદ ન હોય, કિન્તુ આત્માનો પરલોક બગડી જવાનો ખેદ હોય, ઉદ્વેગ હોય.

એમ આપમતિનો હિસાબ એ, કે 'પૈસા હોય તો લોકમાં ભાવ પૂછાય' લોકોનો હિસાબ આ કે 'સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તિ' અર્થાત્ લોકો 'ધનવાનને

સર્વગુણ સંપન્ન' તરીકે જુએ છે, પૂજે છે. પરંતુ સમ્યગ્દર્શનવાળો જિનવચનને જ આગળ કરનારો હોવાથી સમજે છે કે 'જિનવચન પૈસાને લક્ષ્મીને અનર્થની ખાણરૂપ કહે છે, કેમકે એના પર જીવને અનેક પ્રકારના અશુભ ભાવ જાગે છે અને અશુભ વાણી-વિચાર-વર્તાવ ચાલે છે, તેથી આ લોક પરલોકના મહા અનર્થ નીપજે છે, ભયંકર નુકસાનો નીપજે છે.' જિનવચનના આ હિસાબ હૈયે રમતા હોય એટલે પછી પૈસાને મીઠી આંખે નહિ, પણ લાલ આંખે જોનારો હોય. તેથી ધર્મ પર ઉછરંગ-ઉમળકા નહિ, પરંતુ એ અનર્થોની ચિંતા હોય, 'હાય' આ લક્ષ્મી ભેળી કરી બેઠો છું પણ એનાથી આ લોક પરલોકના કેવા કેવા અનર્થ નીપજશે ?

**આપમતિ પર અને જિનમત પર હિસાબ માંડી રાખવામાં હૈયાના પરિણામ તથા એના અંજામમાં કેવા મોટા અંતર.**

મમ્મણ અને ભરત ચક્રવર્તી વચ્ચે કેટલું મોટું અંતર ! અઢળક સંપત્તિ પર મમ્મણના હૈયાના પરિણામ અતિ સંક્લિષ્ટ રૌદ્રધ્યાન ભર્યા ત્યારે ભરત ચક્રવર્તીને મહાવૈરાગ્યભર્યા ! શાથી આ ફરક ? કારણ આ જ કે બંનેના હિસાબ માંડવામાં મોટો ફરક ! મમ્મણ આપમતિમાં તણાયો, હિસાબ એ માંડે છે કે 'પૈસો મારો પરમેશ્વર. પૈસો છે તો બધું છે. પૈસા એટલે વસુ, વસુ વિનાનો નર પશુ. પૈસા હોય તો મન પ્રસન્ન રહે.'

આ મમ્મણે હિસાબ માંડી રાખેલા એ બધા આપમતિના હિસાબ; જ્ઞાનીના વચન પ્રમાણેના નહિ.

ત્યારે ભરત ચક્રવર્તીને મન જિનવચન પ્રમાણેના હિસાબ મંડાયેલા છે. શ્રી ઋષભદેવ ભગવાને લક્ષ્મીની જે ઓળખ કરાવી છે એ એમના દિલમાં વસી ગઈ છે; એ દૃષ્ટિથી જ એને દેખે છે. કેવી ઓળખ કરાવી ?

વિષય-કષાયો અને લક્ષ્મી મહાઅનર્થોનું મૂળ છે. એમાં શું રાચવું ? શું રાજી થવું ?

**જે લક્ષ્મી પર આત્માનું નિકંદન નીકળતું હોય ને જેના હિસાબે સુવર્ણ જેવો મનુષ્યભવ માટીનો થતો હોય, એ લક્ષ્મી સુખકારી નહિ પણ ગોઝારી ગણાય; તારણહાર નહિ, પણ મારણહાર લેખાય'.**

**ભરત-મમ્મણમાં ફરક :-**

ભરતચક્રીએ જિનવચન સર્વેસર્વા માની એના આધારે જીવન જીવવાના હિસાબ માંડી મૂકેલા, એટલે જીવન એ ચક્રવર્તીપણાની મહાસંપત્તિ પ્રત્યે પણ અખૂટ અથાગ વૈરાગ્યભર્યું જીવતા.

અલબત હિસાબ માંડ્યા પ્રમાણે, નિકાચિત કર્મના લીધે, અમલ ન કરી



શકાય, સંપત્તિ ગોઝારી તો માની છતાં એનો ત્યાગ કરી ઊઠીને ચાલતા ન થઈ ગયા, સંપત્તિ રાખીને બેઠા રહ્યા, પરંતુ દિલ મમ્મણ શેઠ કરતાં તદ્દન ઊલટું ! પેલાને મહારાગભર્યું, આમને મહાવૈરાગ્ય ભર્યું ! પેલાને આપમતિના આવેશથી સરાસર અજ્ઞાન મૂઢ દશા; આમને એ આવેશ નહિ, પણ જિનવચનનો અભિનિવેશ-આગ્રહ, તેથી સજ્ઞાન-સબૂઝ દશા !

વાત હતી પેલા વિનોદમુનિના રસ્તે રેલપાટા પર બે ગાયો સામસામી માથું ટકરાવી રહેલી રેલગાડી ધમધમ ચાલી આવતી હતી છતાં પાટા પરથી ખસવા તૈયાર નહિ ! એટલો બધો એમને કષાયાવેશ અને અજ્ઞાનદશા હતી.

**કષાયનો આવેશ અને અજ્ઞાન મૂઢદશા ભુંડા.**

વિનોદમુનિએ રજોહરણથી એ ગાયોને પાટા પરથી હટાવવા પ્રયત્ન તો બહુ કર્યો, પરંતુ ગાયો હટતી નથી, અને ગાડી ધસમસ આવી રહી છે ! તેથી હવે વિનોદમુનિએ રજોહરણને ખાલી ઉગામતાં ગાયોના તરફ ફેંક્યું. ગાયો ગભરાણી, તે છુટી પડી પાટા બહાર નીકળી ગઈ, અને રજોહરણ પાટાની વચ્ચે પડ્યું...

પણ હવે શું કરવું ? ગાડી ધસમસ આવી રહી છે. તો રજોહરણ ત્યાં જ રહેવા દઈ ગાડી પસાર થઈ જવા દેવી ? કે ગાડી આવતાં પહેલા રજોહરણને ઉપાડી લેવું ?

વિનોદમુનિ નવાનવા, એટલે મનને થયું હશે કે 'ગાડી તો પસાર થતાં સમય લાગે, એટલો ટાઈમ રજોહરણ વિના કેમ રહેવાય ? અને ગાડી હજી આઘી છે, તે અહીં આવે એટલામાં તો રજોહરણ આમ ઉપાડી લઉં. ત્રણ ભુવનની સંપત્તિ કરતાય મહાકિંમતી રજોહરણ, તે એના વિના એક ક્ષણ પણ કેમ રહેવાય ?

**વિનોદમુનિને અકસ્માત :-**

રજોહરણ પરના અથાગ રાગે મુનિને સાહસ કરાવ્યું. વિનોદમુનિ ઝટ રજોહરણ લેવા ઉપડ્યા પાટા પર, હજી તો માંડ ઉપાડ્યું હશે ત્યાં જ રેલગાડી ધસમસ આવી-આવી એમના પર ફરી વળી ત્યાં મુનિનું આયુષ્ય પૂરું થઈ ગયું. 'અસંખયં જીવિયં, મા પમાયએ' આ સૂત્રની રટણા કેમ જાણે એટલા માટે હતી કે એવો અનુભવ જીવનમાં નજીકમાં આવવાનો હશે ! એમ કહેતા નહિ કે

**પ્ર.**- પણ એ તો એ રીતે દેશથી ઝટ દૂર જઈ દીક્ષા લઈ લીધી, અને ત્યાંય એમ એકલા એકલા બહાર ગયા ને પાટા પરના રજોહરણને લેવા ગયા, તેથી એમ બન્યું ને ? એમાં કાંઈ આયુષ્ય ટૂંકું ગણાય ?

**ઉ.**- આયુષ્ય સોપક્રમ હોય તો ભલે લાંબુ છતાં ઉપક્રમ લાગવાથી જ ટૂંકે ભોગવાઈ ગયું, પરંતુ ઉપક્રમથી અધવચ્ચે તૂટ્યું એ હકીકત તો થઈને ? ત્યાં હવે

એ તૂટ્યાનો સાંધો ક્યાં થવાનો ? ત્યારે શું વિનોદ એમ ફલોધિ પહોંચી ગયો અને ત્યાં સાધુ બની બહાર નીકળ્યો તેમજ ગાડી આવતી છતાં રજોહરણ લેવાનું કર્યું માટે આયુષ્ય ઉપર ઉપક્રમ આવ્યો ને દીક્ષા લેવાની વાત જ ન રાખી હોત તો શું સરખાઈ જ રહેત ? ઉપક્રમ ન જ આવતે ? આ નિશ્ચિત કોણ કહી શકે ? અલબત આપણે ચાલવા-કરવામાં સાવધાની રાખવી જોઈએ, પરંતુ 'અમુક રીતે કર્યું હોત તે આમ ન થાત'

આવું કાંઈ માનવાની જરૂર નથી. કારણ, આયુષ્ય પર ઉપક્રમ આવવાને ક્યાં એક જ માર્ગ છે ? પ્રસ્તુતમાં ફલોધિમાં જ આવું બને પણ બીજે ન બને એવું થોડું જ છે ? બીજે પણ રેલ્વે અકસ્માત બની શકે છે...અરે ! રેલ્વેનો નહિ સહી, તો ટ્રક-ટેક્ષી-પ્લેનના અકસ્માત બને છે...અરે ! ગાડાનો ય અકસ્માત બની જાય.

**ગાડાથી અકસ્માત :-**

એક ભાઈ સાઈકલ પર જઈ રહ્યો હતો, એને આજુબાજુ માણસોની ભીડના કારણે એક ચાલતા ગાડા સાથે જોરથી ટકરામણ થઈ, એ ભાઈ ઉછળી પડ્યો સાઈકલ પરથી, પરંતુ ગાડું જવાના ઢાળવાળા માર્ગ પર પડ્યો, અને ઢાળ હોઈ ગાડું એકદમ જ રોકાય એવું નહોતું, તે એના ગળા પર જ ભારોભાર ભરેલા ગાડાનું પૈડું ફરી વળ્યું માણસ ત્યાં જ ખત્મ થઈ ગયો. કહો જો, ટ્રેન મોટરનો અકસ્માત થાય તો જ મોત આવે, ને બેલગાડીનો અકસ્માત થાય તો બહુ નુકસાન ન થાય એવો હિસાબ છે ?

**આયુષ્ય પર ઉપક્રમ નાના કારણે પણ આવે, ને મોટા કારણે ન ય આવે એવું બને...**

બીજે મજલેથી નીચે પટકાઈ જવા છતાં કાંઈ એવું ભારે નુકસાન ન થયું અને જમીન પર પડી જતાં પગના હાડકાનું ફ્રેક્ચર એવું થયું કે જિંદગીભરની ભારે તકલીફ ઊભી થઈ ગઈ ! ઉંમરલાયક સાધુ હતા, સાંજના પ્રતિક્રમણ પછી ઊઠ્યા ને સહેજ ચાલી આગળ થાંભલો આવે છે એમ માની થાંભલે હાથ ટેકવવા ગયા...પણ ખરેખર ત્યાં થાંભલો હતો જ નહિ, તે થાંભલો ધારી હાથ ટેકાવીને શરીરનો પૂરો ભાર ટેકાવવા ધારેલો. તે ધસ કરતાં પડ્યા નીચે. પણ એવી રીતે પડ્યા કે પગના થાપામાં હાડકું ભાંગી ગયું. અમદાવાદ શાંતિનગરમાં મુનિ શ્રી પૂર્ણભદ્રવિજયજીને આમ બનેલું, હવે એ ફ્રેક્ચરને સાંધવા ડૉક્ટરી ઈલાજમાં કેવું ભારે સહન કરવાનું આવ્યું ! તોય તે જીવનભરની ખોડ રહી.

અકસ્માત ક્યાં થાય ? આપત્તિ કેવી આવે ? જરૂર પડ્યે આયુષ્ય પર કેવો ઉપક્રમ લાગે ? એનો કશો નિયમ ન બાંધી શકાય...પછી સોપક્રમ આયુષ્ય પર



ઉપક્રમ લાગતાં આયુષ્ય અકાળે તૂટવા જાય ત્યાં સમજી રાખવાનું કે સાંધો થઈ શકતો નથી. અલબત આમ તો એ આયુષ્યના દળિયા હજી ૫-૨૫ વર્ષ પહોંચે એટલા હોય, છતાં જોરદાર ઉપક્રમ લાગતાં એ બાકીના બધા દળિયાં બળાત્કારે અહીં એકી સાથે ઉદય પામી જઈ ભોગવાઈ જાય છે ! હવે અહીં આયુ-જીવનસમય તૂટતાનો સાંધો અશક્ય...

ત્યારે વિચારવા જેવું છે કે જો આયુષ્યનાં દળિયાં હજી પહોંચતા છતાં સોપક્રમમાં ઉપક્રમ લાગતાં જીવન એકાએક તૂટે, હવે એને તૂટતી અટકાવી શકાય નહિ, તો પછી જ્યાં આયુષ્યનાં દળિયાં જ ચાલુ સહજ રીતે ભોગવાતાં પૂરા થઈ ગયાં છે, ત્યાં હવે નવો આયુષ્ય સાંધો શકવાની વાતે ય શી ? એ તો આયુષ્ય તૂટે જ અને જીવન સંકેલાઈ જ જાય...

માટે ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે,

**"असंखयं जीवियं, मा पमायए"**

જીવતર-જીવનદોરી અસંસ્કાર્ય છે, સંસ્કારને યોગ્ય નથી. તૂટ્યાનો સાંધો નહિ, માટે પ્રમાદ ન કર, ગફલતમાં ન રહે, અર્થાત્ આત્માનું હિત સાધી લે.

'ના, હજી શી ઉતાવળ છે ? હજી તો જીવવાનો છું,' એમ કરી જો આત્મહિત સાધના વાયદે રાખી, અને કાયાનાં જ કલ્યાણ કરવાનાં જ જતન, લહેરપાણી માન-ગૌરવ મોજ-મજાહ વગેરેમાં પડ્યો, તો ખબર નહિ પડે કે આયુષ્ય ક્યાં પૂરું થઈ ગયું ! પછી ચાહ્ય સીધે સીધું પૂરું ભોગવાઈને, યા અધવચ્ચે ઉપક્રમ ધક્કા લાગીને બાકીનું બધું ત્યાં જ ભોગવાઈ જઈને, જીવનદીપક બુઝાઈ જશે એની ખબર જ નહિ પડે.

શાસ્ત્ર તો આગળ વધીને કહે છે,

**'जरोवणीयस्स हु नत्थि ताणं'**

અર્થાત્ વૃદ્ધાવસ્થાને પામેલાને કોઈ રક્ષણ નથી,...રક્ષણહાર નથી...જુવાની લાવી આપનાર કોઈ વ્યક્તિ કે વસ્તુ નથી...અને વૃદ્ધાવસ્થા એટલે શરીરની શક્તિ બહુ ક્ષીણ થઈ ગઈ હોય, ઈન્દ્રિયોની શક્તિ પણ બહુ ઓછી થઈ ગઈ હોય એ બધાં સરખું કામ આપે નહિ, બીજાના ઓશિયાળા થઈને જીવવું પડતું હોય, ત્યાં જીવ શું ધર્મપરાક્રમ કરી શકે ?

'મા પમાયએ' એટલે કે ગફલતમાં પ્રમાદમાં ન રહો, આત્માના અહિતકારી વિષયોમાં લીન ન રહો, કેમ ? તો કે આયુષ્ય અસંસ્કાર્ય છે, એ એક વાત કરી, હવે બીજી વાત કરે છે કે જરાવસ્થા પામેલાને રક્ષણ નથી. ભલે આયુષ્ય હમણાં ને હમણાં તૂટવાનું ન હો, છતાં શરીરને જ્યાં ઘડપણ આવી લાગ્યું ત્યાં ઘડપણના

વાયદે રાખેલ આત્મહિતની સાધના હવે ઘડપણમાં બરાબર કરાય એવી શક્તિ નથી, અને યુવાની જેવી શક્તિ લાવવા માટે કોઈ ઉપાય નથી. ત્યારે આયુષ્યના વહેવા સાથે શરીર ઘસાવા બેઠું, ઘડપણ તરફ પગરણ મંડાયા ત્યાં એમાંથી બચાવનાર કોઈ તત્ત્વ નથી. એ તો ક્રમસર ઘસારો અને અશક્તિ વધતી જ જાય છે. તો પછી યુવાનીમાં શક્તિ પહોંચતી હોઈને જે જોરદાર ધર્મસાધના થઈ શકતે એવી જોરદાર ઘસારો પામેલા અશક્ત શરીરે ક્યાંથી થવાની હતી ?

**કરોડોની સંપત્તિએ યુવાની પાછી ન આવે.**

**ધર્મ પુરુષાર્થનો અવસર આમ તો આખો માનવભવ,**

માનવભવ જેવો ધર્મપુરુષાર્થ માટે બીજો ભવ નહિ, તેથી આખા ય માનવભવે ધર્મ પુરુષાર્થ જ કરાય; પરંતુ એમાં ય વિશિષ્ટ પુરુષાર્થ યુવાનીમાં વધુ સુલભ અને સરળ છે. કેમકે યુવાની વિકસ્યા પછી હવે જ્યાં ઘસારો પડવા માંડે ત્યાં કાંઈ એ યુવાની અને એ થનગનાટ કોઈ પાછા ન વાળી આપી શકે. 'જરોવણીયસ્સ હુ ણત્થિ તાણં' શરીર ઘસારે પડતું થયું હવે એમાંથી બચાવવા કોઈ એનું રક્ષક નથી, એટલે ઘસારો પડતો થાય એ પહેલાં જ વિશિષ્ટ પુરુષાર્થ શક્ય અને સુલભ છે. જો શરીરે ઘસારો પડ્યા પછી કોઈને કહો ને કે 'હું સંપત્તિના ઢગલા આપું, મને વિશિષ્ટ પુરુષાર્થ જોગી સશક્ત યુવાની પાછી લાવી દો ને ?' અરે ! જો બ્રહ્મા જેવું કોઈ સર્જનહાર તત્ત્વ હોય અને એને કહો તોય એ હાથ જોડે કહે 'ના, ભાઈ ! ના ન લાવી શકાય.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૨૬,તા.૨૫-૨-૧૯૭૮**

**ગયો સમય દુનિયાભરની સંપત્તિથી પણ પાછો વાળી શકાય નહિ.**

તો સશક્ત યુવાનીનો સમય ક્યાંથી પાછો વળાય ? શક્તિવાળો સમય અને શક્તિ વિનાનો સમય, બેમાં ફરક છે ને ? કહોને મોટો ફરક. દેખાય જ છે ને કે બાલ્યશરીરમાં એટલી શક્તિ નથી, તો યુવાનીના સમયમાં જે કામ થાય છે અધ્યયનનું, તે બાલ્યકાળમાં નથી થઈ શકતું. આત્મા તો એનો એ જ પરંતુ બાલ્યસમય શક્તિ વિનાનો, એટલે એમાં રમવા ખેલવામાં જ સમય વીતે છે.

એમ યુવાન અવસ્થાના સમયમાં જે શક્તિ છે તે વૃદ્ધ અવસ્થાના સમયમાં નહિ. એટલે સહજ છે કે યુવાનીના સમયમાં જે કામ થાય તે ઘડપણના સમયે ન થઈ શકે.

હવે જો શક્તિવાળો સમય એમ જ પસાર કર્યો અને પછી ઘડપણના સમયે



ઈચ્છે કે જો યુવાનીનો શક્તિવાળો સમય પાછો આવી લાગે તો હું આમ સાધના કરી લઉં ને તેમ સાધના કરી લઉં, તો શું એ ઈચ્છા સફળ થાય ? ના, પાસે મોટી દેવતાઈ સમૃદ્ધિ હોય અને એ બધીય ગયો સમય પાછી લાવવાની કિંમત તરીકે આપી દેવા તૈયાર હોય તો ય ગયો બધો સમય શું, પણ એક ક્ષણનો ય વીતેલો સમય પાછો નહિ લાવી શકાય.

**'જરોવણીયસ્સ હુ ણત્થિ તાણં'**

ઘડપણના સમયને પ્રાપ્ત થયેલા માનવીને હવે એ ઘસારાથી બચાવવા કોઈ રક્ષણ નથી. વીતેલા શક્તિવાળા સમયને પાછો લાવવા માટે અને એ નકામો ન ચાલી જવા દેવા માટે કોઈ જ બચાવનાર રક્ષણહાર નથી, એ યુવાનીનો શક્તિવાળો સમય નકામો ગયો તે ગયો. ભલેને મોટા ચૌદ વિદ્યાના પારગામી હોય, ભલેને અનેક વિદ્યાઓ-મંત્રો-તંત્રો-લબ્ધિઓ પાસે હોય તો ય એ બધાના બળથી પણ ગયો સમય પાછો વાળવા એ અસમર્થ છે.

એ બતાવે છે કે

**યુવાનીની શક્તિથી સાધ્ય ધર્મને ઘડપણના વાયદે ન છોડશો.**

ઘડપણ લાગ્યા પછી, ધર્મ કરવાની ઘણી ધગશ જાગી હશે છતાં શક્તિના અભાવે તેવો ધર્મ નહિ સાધી શકાય. ત્યાં વલખા માર્યા કરો કે 'મને આ ઘડપણના ઘસારાથી કોઈ બચાવે,' પણ એ વલખા નકામા છે. કોઈ જ બચાવનાર નથી, એટલા માટે તો યુવાનીમાં કોઈ નિમિત્ત યા ઉપદેશ મળ્યો તો તરત જાગી જઈ મોટા રાજા સુધીનાઓએ યુવાનીમાં જ સંયમપંથ સ્વીકારી લીધો. રામાયણમાં ભરચક દાખલા છે. તેથી 'આગળના ઘડપણના કાળે શક્તિ રહેશે ને ધર્મ કરશું' એવા કાળના વિશ્વાસે રહેવા જેવું નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે, **'घोरा मुहूत्ता, अबलं सरीरं'**

કાળના મુહૂર્તો સમયો ક્ષણો ઘોર છે, ભયંકર છે ! કેમ ભયંકર ? એટલા માટે ભયંકર કે માણસ કાળના ભરોસે રહે કે 'હજી થાય છે શી ઉતાવળ છે ? આગળ પર આરાધના કરશું' ને એ અવસર આવવા પહેલાં જ આયુષ્ય કાળ પૂરો થઈ જાય ! યા જીવતો રહે તોય કેઈ રોગાદિ અકસ્માતથી આરાધનાની શક્તિનો કાળ રવાના થાય અથવા આરાધનાના અનુકૂળ સંયોગ-પરિસ્થિતિનો કાળ પસાર થઈ જાય ! કે આરાધનાની આડે વિઘ્નો ન હોવાનો કાળ પતી જાય. હવે પેલો પહેલાં કાળ પર વિશ્વાસ રાખેલો, એ શો કામ લાગે ? કાળ ભયંકર છે, વિશ્વાસનો ભંગ કરે છે.

કાળ વિશ્વાસઘાતક છે. માણસ સારા કાળને વિશ્વાસે બેઠો હોય ને અચાનક

નરસો કાળ ત્રાટકી પડે છે. છેલ્લા પચીસ વરસથી કૂદકે ભૂસકે વધતી જતી મોંઘવારી કોણે ધારી મૂકેલી ? સોંઘવારીનો સારો કાળ ચાલતો હતો ને ? પણ એકાએક મોંઘવારીનો નરસો કાળ ત્રાટકી પડ્યો ને ? સોંઘવારીના કાળમાં વિશ્વાસે બેઠેલા અને કશી અગમચેતી ઉપાય નહિ કર્યો હોય, એની પાછળથી કેવી દશા થઈ ? કોણે કરી આ દશા ? પલટાયેલા કાળેસ્તો, પૂર્વના સારા કાળ પર જ વિશ્વાસ રાખી બેઠા એણેસ્તો દુર્દશા કરી. માટે એક ઠગારો કાળ ભયંકર છે.

**પ્ર.**- કાળ એનું કામ કર્યે જાય છે. એમાં એ શાનો ઠગારો ? શાનો ભયંકર ?

ઉ.- એમ લાગવા જાય; પરંતુ એમ તો પૈસાય એનું કામ કર્યે જાય છે અર્થાત્ નવનવા પર્યાય નવનવી અવસ્થા પામ્યે જાય છે, સીધેસીધું જીવ પર કશું આક્રમણ નથી કરતા, કિન્તુ જીવને એ મોહ કરાવે છે, માટે ઠગારા કહેવાય. પૈસા પર મોહાંધ બનેલો જીવ એના ભરોસે રહી કાળાં કામ કરે છે, અને પૈસા તો એક દિ' નધાર્યા ઊડી જાય છે, અને જીવે કરેલાં કાળાં કામ પોતાના જ માથે પડી જાય છે. માટે મોહમાં નાખનારા પૈસા ઠગારા કહેવાય છે, કાળાં કામ કરાવવા દ્વારા દુર્ગતિઓની દુઃખદ પીડા ઊભી કરનારા પૈસા ભયંકર ન કહેવાય તો બીજું શું કહેવાય ? બસ, એ જ રીતે કાળ પણ જીવને ભરોસે બેસાડી રાખે છે. 'હજી તો ઘરડા થવાની ને મરવાની વાર છે, ધર્મની શી ઉતાવળ છે ?' એમ કાળના ભરોસે રહી કાળાં કામ કરે છે, કાળ તો જે સારું સાધવા માટે હાથવેંતમાં હતો એ સાધ્યા વિના પસાર થઈ જાય છે, ને કરેલાં કાળાં કામ જીવને માથે પડી જાય છે ! જીવને એ દુર્ગતિનાં કારમા દુઃખ આપે છે. પૈસાની જેમ કાળના ભરોસે રહેવાથી આમ બને છે માટે કાળ ઠગારો અને ભયંકર છે.

**શું સારી સુશીલ સ્ત્રી પણ ઠગારી ?**

એક સારી સુશીલ સેવાકારી પત્ની પણ શું છે ? પોતે ભલે પોતાનું શીલ-સન્માર્ગે ચાલવાનું કામ કર્યે જાય, પરંતુ જો પતિ એના રૂપ, એના સ્પર્શ અને એની હોશિયારીમાં લુબ્ધ થઈ જાય છે, અને એ લુબ્ધતા-લંપટતામાં પોતે સન્માર્ગ આરાધવાનું ભૂલી એના સુખમાં અંધ બને છે, તો એના માટે તો સ્ત્રી ઠગારી નીવડી કહેવાય. એમ કહી શકાય કે 'જો આવી સ્ત્રી ન પામ્યો હોત તે કોઈ કદ્રુપી કર્કશા પામ્યો હોત, તો કદાચ વૈરાગ્ય થવા સંભવ હતો, સન્માર્ગ-સદ્ધર્મ તરફ દૃષ્ટિ નાખવા સંભવ હતો, અને એમાં એના આત્માનું કંઈક સુધરી જાત. ત્યારે અહીં મનમાન્યાથી અધિક સારી સ્ત્રી પામ્યો એટલે જ એના ભરોસે રહી એમાં અંધ થયો, ને વિષયસુખમાં ડૂબી જવાનાં કાળાં કામ કર્યા.' એટલે સારી સ્ત્રી પોતાની જાતે ભલે સન્માર્ગ-આરાધના દ્વારા સારી ઉત્તમ હો, પરંતુ લુબ્ધ પતિ માટે



એ ઠગારી જ નીવડી કહેવાય.

સ્ત્રીનાં રૂપ વગેરે કેવો ગોઝારો મોહ કરાવે છે કે ખૂબી તો જુઓ કે સાચી સ્ત્રી પતિને જ્યારે કહે છે કે 'તમે શું આ મારી કાયામાં મોહમૂઢ બની ધર્મ સાધવાનું ગુમાવો છો ? આમાં શું બળ્યું છે ? ચામડીની પાછળ નર્યો ગંદવાડ ભર્યો છે; ને આ ચામડી, આ રૂપ પણ કાલે કરમાઈ જવાના છે માટે એનો મોહ મૂકી પરમાત્માની સેવા-ભક્તિ-આરાધનામાં લાગો, લો આ માળા ગણો,' તો પેલો રૂપલંપટ ને સ્પર્શલંપટ પતિ એ માનવા તૈયાર નથી ! એ તો કહે છે ગંદવાડ તો દુનિયાભરના પદાર્થ પાછળ રહેલો છે તેથી શું ? આપણને સુખનો અનુભવ કરાવે એ સારું. વળી રૂપ ભલે કાલે કરમાવાનું હો પણ આજે સુખરૂપ છે ને ? તો કાલની ચિંતામાં આપણે શા માટે કરમાઈ જવું ? મારે તો તું સર્વેસર્વા છે.' આમાં પોતાનો આત્મા ભૂલ્યો, ધર્મ ભૂલ્યો, પરમાત્મા ભૂલ્યો, એ બધું શાથી ? સારી ને સેવાકારી સ્ત્રી મળી એથી. માટે કહેવાય ને કે સ્ત્રીના લીધે ભૂલ્યો, સ્ત્રીએ ભૂલાવ્યો ? સ્ત્રી સ્વયં સારી છે હોં, પણ પેલાને દુઃખદ વિનાશક નીવડે છે. માટે ધર્મશીલ સ્ત્રી પોતાના માટે ભલે સારી, પરંતુ મોહાંધ મોહમૂઢ પતિને માટે ગોઝારી-ઠગારી-ભયંકર નીવડી, એટલે જ જ્ઞાનીઓ સ્ત્રીસંગ છોડવાનું કહે છે. સારી ગુણિયલ પણ સ્ત્રી, કિન્તુ એને પામીને તમે તો મોહમૂઢ જ બનવાના, ભગવાન ભૂલવાના. એ ગમશે એટલા ભગવાન નહિ ગમે. એની સેવામાં જેટલું હોમાશે એટલું ભગવાનની ભક્તિમાં નહિ ! એનાથી દૂર રહો તો બચશો, અને એમાં લયલીન રહેશો તો મરશો. ખોટા વિશ્વાસે રખાવનારી ને મોહ કરાવનારી સ્ત્રી આપણા માટે ભયંકર છે.

બસ, આ જ રીતે કાળ પણ ભયંકર છે. સાધના કરી લેનાર માટે.

**કાળ ગમે તેવો સારો હો, પરંતુ મૂઢ જીવને માટે એ ઠગારો નીવડે છે, ભયંકર નીવડે છે.**

કેમકે જીવ કાળના ભરોસે રહીને, એને આત્મહિત સાધવાની ઉતાવળ નથી ! હિત સાધવાનું ચૂકે છે ! હમણાં જો કોઈ દેવતા કે જ્ઞાની એમ કહેનારા મળત કે 'તારું આયુષ્ય સાત દિવસનું જ હવે બાકી છે,' તો તો સંભવ છે કે કાળના ભરોસે બેસી રહેવાનું નહિ કરે, ભરોસે બેસી આત્મહિત સાધવાનું નહિ ચૂકે. ઝટ જ્યાં બેઠો ત્યાંથી ઊભો થઈ જઈ આત્મહિત સાધવામાં લાગી જશે.

હિત સાધવામાં લાગ્યો'તો જે પેલો નાગદત્ત શેઠ ! મુનિએ એને સાત દિવસનું જ આયુષ્ય બાકી કહ્યું ત્યાં એ ચમક્યો, 'હેં માત્ર સાત દિવસ ? સવારે તો કારીગરને હું કહેતો હતો કે હવેલીને બાર મહિના રંગ; પછી બંદા એમાં વરસો સુધી લહેર કરશે.' પરંતુ હવે એ કરવાનું ક્યાં રહ્યું ? હાય ! એ ભરોસે

રહ્યો હોત તો તો પૂરો ઠગાઈ જાત-સારું થયું મુનિએ મને સાવધાન કર્યો !' બસ, નાગદત્ત શેઠ કાળનો ભરોસો મૂકી ઊભો થઈ ગયો, તરત જ ઘર દુકાન બધું પત્નીને ભળાવી દઈ મુનિની પાસે ચારિત્ર લઈને બેસી ગયો ! અને સાત દિવસનું અનશન લઈ લીધું ! આ ક્યારે બન્યું ?

નાગદત્તને જ્યારે લાગ્યું કે,

"હાય ! જીવન ગુમાવ્યું ? કાળના ભરોસે બેસી કાળાં કામ કર્યાં ? હવેલીને બંધાવતાં બાર વરસ થયાં, તો હવે ભલે એને રંગાવતાં બાર મહિના લાગે પણ રંગ સો વરસ ટકે તો ખરો ? અને બંદા એમાં બેસી વરસો સુધી લહેર કરશે,' આ ખોટો મોહ કર્યો ? એમ દુકાન પર બેસી કાળના ભરોસે રહી કાળાં ધંધા કર્યા ? અને દુરાચારિણી સ્ત્રીના મોહમાં અંધ બની પરમાત્માને ભજવાનું ભૂલ્યો ? આ બધું લાંબું જીવવાના એટલે કે કાળના ભરોસે રહીને બન્યું. પણ આ મહારાજ તો કહે છે કે હવે તું માત્ર સાત દિવસનો મહેમાન છું. તો હાય ! ગોઝારા કાળના ભરોસે કેટલું બધું મેં ગુમાવ્યું ?

પરંતુ હવે રોદણાં રુએ શું વળવાનું ? હવે તો કાળના ભરોસે ન બેઠો હોત તો જે આત્મહિત સાધી લેવાનું કરતે, તે હવે કરી લેવાનું.

મહારાજ કહે છે ને કે,

**સર્વપાપનું પ્રાયશ્ચિત્ત ચારિત્ર છે.**

સર્વ પાપોના ત્યાગમાં આવો, એટલે ફાવ્યા ! અત્યાર સુધી ભલે જિંદગી એળે ગઈ, પણ હવે જિંદગી સફળ થશે.

માટે હવે કાળના ભરોસે નથી રહેવું કે 'હજી સાત દિવસ જીવવાનું છે ને ?, તો છ દિવસ તો લહેર કરી લઉં, પછી સાતમે છેલ્લે દિવસે પાપત્યાગ કરી દઈશ, 'ના, હવે તો અત્યારથી જ સાધી લેવા દે.'

બસ, ઊઠ્યો વાણિયો, ઘરે જઈ તરત ઘર-દુકાન ભળાવી દઈ સર્વ-પાપત્યાગરૂપ ચારિત્ર લઈ બેસી ગયો.

**મહાબળ રાજા કાળના ભરોસે :-**

ઋષભદેવ ભગવાનના જીવ મહાબળરાજાને શું થયું ? આ જ. નાસ્તિક મંત્રીઓના ચડાવ્યાથી કાળના ભરોસે રહી આસ્તિક મંત્રી સુબુદ્ધિનું પરલોકહિત સાધી લેવાનું વચન નહિ સાંભળતાં રંગરાગ અને વિષય વિલાસમાં લુબ્ધ રહેતો. એમાં જ્યાં પરગામ જઈ આવેલા સુબુદ્ધિ મંત્રીએ કહ્યું 'મહારાજા ! કાળના ભરોસે બેસી રંગરાગમાં ડૂબ્યા રહો છો, પણ તમને ખબર છે કે મને રસ્તામાં અવધિજ્ઞાની ગુરુ મળ્યા એમણે તમારા માટે શું કહ્યું ?



રાજાને ઇંતેજારી થઈ કે 'મારા માટે શું કહ્યું હશે !' એટલે ઝટ પૂછે છે 'શું કહ્યું ?'

મંત્રી કહે 'આપ આ અમૂલ્ય જનમમાં પરલોક હિત સાધવાનું ચૂકી ગમે તેટલા પરલોકઘાતક રંગરાગમાં મસ્ત રહો, પરંતુ એ ક્યાં સુધી ? બહુમાં બહુ તો મૃત્યુ નથી આવ્યું ત્યાં સુધી જ ને ? પણ મૃત્યુ પછી શું ? પછી આત્મહિત સાધવાની તક છે ? તક તો આવા ઉચ્ચ માનવઅવતારમાં છે, ને એ આપે ઠેઠ મૃત્યુ સુધી ગુમાવી નાખવો છે'

રાજા કહે 'ના, જીવનના પાછલા વરસોમાં એ થઈ શકશે ને ?'

મંત્રી કહે, 'પાછલા વરસો છે ક્યાં ? જ્ઞાની ગુરુને મેં પૂછ્યું ભગવન્ ! મારા માલિક મહાબલ મહારાજાસાહેબનું આયુષ્ય હવે કેટલું બાકી ?' તો એમણે કહ્યું 'માત્ર એક માસનું અર્થાત્ ફક્ત ૩૦ દિવસનું આયુષ્ય બાકી છે.'

મહાબલ રાજા આ સાંભળતાં જ ચોંકી ઊઠ્યો ! કહે છે 'હેં ! શું કહો છો ? એક જ મહિનો ?'

મંત્રી કહે; 'હાજી, અવધિજ્ઞાની મુનિનું અકાટ્ય વચન છે, ફક્ત ત્રીસ દિવસ, એકત્રીસમે દિવસે આપ આ ધરતી પર નથી.'

અહીં રાજા જે અત્યારસુધી કાળના ભરોસે બેઠો હતો, અને તેથી જ આત્મહિત ચૂક્યો હતો તે હવે ઉઠ્યો મંત્રીને કહે, 'મારે હવે શું કરવું ? એક મહિનામાં શી સાધના થઈ શકે ?'

મંત્રી કહે છે, 'મહારાજા સાહેબ ! સંયમની સાધના થઈ શકે છે અને એની જબરદસ્ત તાકાત છે. એક દિવસનું પણ સંયમ વૈમાનિક દેવલોકમાં લઈ જાય છે. સંયમ લઈ ત્રણ ગુપ્તિએ ગુપ્ત બની ક્ષણવાર પણ ચિત્ત સમભાવમાં આવેલું ક્રોડો વરસોના પાપકર્મોનો નાશ કરવા સમર્થ બને છે. એ માટે પહેલાં જિનેન્દ્રભક્તિ મહોત્સવ કરાવો અને મહાદાન દો.'

મહાબલ રાજા કહે છે. 'જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ કરાવો અને મારે મહાદાન કરવાની સગવડ કરાવો. એ કરું. એટલામાં ગુરુ મહારાજ આવી જાય ને હું સંસારત્યાગ કરી સંયમ લેવા ઇચ્છું છું.'

મંત્રી પ્રસન્ન થઈ ગયો. નગરના મંદિરોમાં અઠ્ઠાઈ મહોત્સવ મંડાયા, મહાદાન દેવાયાં, ને નવમે દિવસે મહાબલ રાજાએ ચારિત્ર લઈ, સાથે જ જીવનભરનું અનશન આદરી દીધું.

**'ઘોરા મુહૂત્તા, અબલં શરીરં'**

કાળ ભયંકર છે, એની સામે શરીર દુર્બળ છે. સારો કાળ ભરોસે રહી

ગુમાવી નાખ્યો, પછી પડતો કાળ આવ્યો, એ કાળનો સામનો કરવા માટે શરીર બળહીન છે, સમર્થ નથી.

મહાબળ રાજાએ કાળ પર ભરોસો રાખવાનું મૂકી દીધું, અને આત્માનું હિત સાધી લેવાનું ધારી લીધું. તે હવે એક મિનિટમાં રંગરાગ છોડી દીધાં, અને ચારિત્રમાર્ગે ચડી અનશન જ સીધું ઝુકાવી દીધું !

જીવનમાં આ જ વિચારવાનું છે કે 'કાળ ઘોર છે, એના વિશ્વાસે ન રહેવાય. અહીં માનવઆયુષ્ય-કાળમાં જે ધર્મઆરાધનાની અમૂલ્ય પુરુષાર્થશક્તિ મળી છે એ ફરીથી મળવી ખૂબ જ દુર્લભ છે, માટે એને લેખે લગાડી દેવી.

અનુકૂળ કાળમાં શરીર કામ આપતું હોય, બુદ્ધિ કામ આપતી હોય, ત્યારે પુરુષાર્થશક્તિને ધર્મમાં લગાડવી સહેલી છે.

**કાળ વાંકો થાય ત્યારે એની સામે શરીરનું સામર્થ્ય નથી હોતું કે એ ધર્મ-આરાધનાનો પુરુષાર્થ કરી શકે.**

માનવેતર જનમમાં તો કાળ વાંકો છે, એટલે ચારિત્ર ધર્મનો પુરુષાર્થ ન થઈ શકે. આમ જોતાં દેવતાનું શરીર ગમે તેટલું બળવાન, પણ દેવકાળ એટલે વાંકો કાળ, ત્યાં અબલ શરીરં, દેવશરીર પણ ચારિત્ર માટે દૂબળું; ચારિત્રપુરુષાર્થ ન કરી શકે.

**મોહની નિદ્રામાં માણસને 'ઘોરા મુહૂત્તા અબલં શરીરનું' ભાન રહેતું નથી.**

નિદ્રા એટલે બેભાન. ભાન જ ન મળે.

મોહની નિદ્રાવાળાના મનને તો એમ થાય છે કે 'શરીર સારું સબલ મળ્યું છે, સારું ખાઈ-પી ભોગવી શકીએ છીએ. આ કાળ સમય સારો આવી મળ્યો છે. બસ, આનંદ મંગળમાં રહેવું.' આમાં 'કાળ ભયંકર ઠગારો છે' એવું ભાન ક્યાં રહ્યું ? 'કાળ અચાનક વાંકો થતાં એની સામે શરીર નબળું રહેવાનું' આવું ક્યાં લાગે છે ? ના લાગે; મોહની નિદ્રા જ એવી છે, કે સાચું ભાન ન થવા દે, બેભાન જ રાખે.

**નિદ્રાની જેમ મોહમાં ઠગારા કાળનું ભાન નહિ, તેથી મોહ એ નિદ્રા છે.**

**બે વિદ્યાધર કુમારો ચાંડાલી વિદ્યાર્થે :-**

પેલા વિદ્યાધર રાજાના બે છોકરાનો પ્રસંગ આવે છે ને ? એક મેઘરથ બીજો વિદ્યુન્માળી. બંને ચાંડાલી વિદ્યા સિદ્ધ કરવા નીકળ્યા છે. એ સિદ્ધ કરે તો સમ્રાટ ચક્રવર્તી થવાનું મળે.

બેઉ જણા ચાંડાળ-ભંગી જેવો વેશ કરી આવ્યા અહીં વૈતાઢ્ય પર્વત પરથી નીચે ભરતક્ષેત્રમાં. ભંગીના વાડા આગળ જઈ સુંદર વીણા બજાવે છે.

ભંગીઓ ભેગા થઈ ગયા. સુંદર વીણાનો અવાજ અને મધુર ગાયન સાંભળી આકર્ષાઈ જાય છે. પૂછે છે 'કોણ છો ?'



આ કહે 'અમે પરદેશી ભંગીઓ છીએ. ગાયન કળા આવડે છે, એનાથી રોટલો કમાઈ લેવા નીકળી પડ્યા છીએ.'

ભંગીઓ કહે 'તો તો બહુ સારું, અહીં જ રહી જાઓ ગાજો બજાવજો રોટલો અહીંથી જ મળી જશે.'

ભંગીઓએ અંદર અંદર મસલત કરી એક ઝુંપડું કાઢી આપ્યું, બંનેને એમાં રાખ્યા. એ બે વિદ્યાધરો પણ ત્યાં રહે છે, ગાય છે, વીણા બજાવે છે. ભંગીવાસમાં આનંદ આનંદ છવાઈ ગયો.

સંગીત કોને નથી ગમતું ? આજે એટલે જ રેડિયાના સંગીત ચારે બાજુ પ્રસરી ગયા છે. એ પ્રલોભક છે, જીવને લોભાવી મોહની નિદ્રામાં એવો ઉંઘાડી દે કે જીવ પોતાના આત્માનું ભાન જ ભૂલી જાય ! એટલે જ દેખાય છે કે રોજ સવાર-સાંજ અને રવિવાર જેવા બંધના દિવસોમાં અવકાશના સમય પરમાત્મભજન-ભક્તિ શાસ્ત્રવાંચન-શ્રવણ વગેરે મૂકી રેડિયો સાંભળતા બેસી રહેવાય છે. અમૂલ્ય માનવસમયની કિંમત છે ? 'પશુ કરતાં પોતે માનવકાળમાં પોતાના આત્માનું સુંદર હિત સાધી શકે એમ છે' એનું ભાન ખરું ? ના, મોહની નિદ્રામાં આવું કશું ભાન ન રહે.

પેલા બે વિદ્યાધરના સંગીતમાં પણ લોભાઈ ગયેલા ભંગી એમ સમજે છે કે 'આ આપણને ઠીક મળી ગયા છે; પણ એ અહીં ટકી જાય એ માટે એમને આપણી ૧-૧ કન્યા પરણાવી દઈએ એટલે પછી અહીં બંધાઈ રહેવાના.

ભંગીઓને ભાન નથી કે આ આટલા માટે જ આવ્યા છે કે ભંગીની ચંડાળની કન્યા પરણી ચાંડાલી પતિ બનવું એટલું જ; પછી તો વિદ્યા સાધવા ચાલ્યા જવું, જેથી ચાંડાલી વિદ્યા સિદ્ધ થઈ જાય, અને એના બળે મોટા સમ્રાટ રાજા બની શકાય. બાકી પરણેલી ચંડાળ કન્યાને તો વહેતી જ મૂકી દેવાની.

વિદ્યાધર રાજકુમારોની આ નેમ હતી, એનું પેલા બિચારા ભંગીઓને ભાન નથી, કેમકે સંગીતમાં લુબ્ધ બની ભાનભૂલા થયા છે. એ તો સમજે છે કે કન્યા પરણાવશું એટલે અહીં જ એને ઝાલીને બેસી રહેશે' તે ભંગીઓએ એ બેમાંના દરેકને એકેક કન્યા પરણાવી દીધી.

પત્યું ? જે નેમથી બંને અહીં આવ્યા હતા કે ચાંડાલી પતિ બની જવું, તે નેમ પૂરી થઈ. હવે શું કામ બેસી રહે ? હવે ચાંડાલીવિદ્યા સાધવા ગુફામાં ચાલ્યા જવાનું. એટલે મેઘરથ વિદ્યુન્માળીને કહે,

'ભાઈ ! ચાલ ઉઠ, હવે આપણે વિદ્યા સાધવા ચાલ્યા જઈએ.'

ત્યારે વિદ્યુન્માળી કહે 'અરે ભાઈ ! હજી હમણાં તો પરણ્યા એટલામાં જ

આ પરણેલી બિચારીને એકદમ જ તરછોડીને તે ચાલ્યા જવાય ?'

મેઘરથ કહે 'અરે મૂરખ ! આ તું શું બોલે છે ? આપણે અહીં શા માટે આવ્યા હતા ? કન્યા પરણી એને સાચવીને બેસી રહેવા માટે ? કે માત્ર પરણવાની ક્રિયા કરી ચાંડાલીપતિ બનીને વિદ્યાસાધનામાં લાગી જવા માટે અહીં આવ્યા હતા ?

**આર્યમાનવ-જનમમાં શા માટે આવ્યા ?**

તમેય વિચારો, આ આર્યદેશ આર્યકુળમાં માનવ તરીકે શા માટે આવ્યા ? ભંગીકન્યાતુલ્ય ઘરવાસ ઝાલીને બેસી રહેવા માટે ? કે સંયમવિદ્યા સાધવા માટે ? જેમ વિદ્યાધરકુમારને પોતાના વિદ્યાધર રાજા કુળની ઉચ્ચતા લાગી તો એને યોગ્ય ઉચ્ચ કાર્ય વિદ્યા સાધવાનું લાગ્યું, પણ ભંગીકન્યાને પરણ્યા પછી પકડીને બેસી રહેવાનું ને એના સુખભોગ લેતા રહેવાનું નહિ; એમ તમને જો માનવજનમની ઉચ્ચતા બરાબર હૈયે લાગી જાય, તો પછી એને છાજતું ઉચ્ચ કાર્ય ઊંચા આત્મહિતકર ધર્મ સાધી લેવાનું લાગે, પણ નહિ કે પશુસાધારણ વિષયોના સુખ ભોગ કરતાં બેસવાનું.

પેલા વિદ્યુનમાળીએ, જે વિદ્યાસાધના માટે ઘરેથી નીકળ્યા હતા, તે ભૂલી જઈને પરણેલી ભંગીકન્યાના સુખભોગ કરતાં બેસી રહેવાનું પસંદ કર્યું ! અને મેઘરથની શિખામણ માની નહિ, તેથી મેઘરથ કાંઈ ભાઈની શરમમાં બેસી રહ્યો નહિ અથવા ભાઈ વિના હું એકલો એવી કઠોર વિદ્યા શી રીતે સાધી શકું ? ભાઈ સાથે હોત તો વિદ્યાસાધવાની કઠિનાઈમાં હુંફ મળે, કોઈ વિઘ્ન-ઉપદ્રવ આવે તો ય તે સહવામાં ભાઈ સાથે રહી સહતો હોય એટલે એ જોઈ સહવાનું બળ મળે, એવો કંગાળ વિચાર કર્યો નહિ.

**ઊંચા કાર્યસાધવા હોય એ મુફલીસ વસ્તુ લક્ષમાં ન લે.**

મોટા સમ્રાટ રાજા બનવાની વિદ્યા જેવું ઊંચું કાર્ય સાધવા સામે ભાઈની શરમે ય ન જુએ ને એની હુંફનીય પરવા ન કરે. ઊંચી કઠીન વિદ્યા સાધવી છે તો બળ પણ એવું જોઈએ કે નહિ ? કહો બળ ઊંચું, વીર્ય ઊંચું, જોમ-હોંશ-હામ બધું ય ઉચ્ચ કોટિનું જોઈએ; તો જ એવા ઊંચા કઠિન કામ સિદ્ધ થાય માટે જ, દેખો કે,

એવી ઊંચી ક્ષમા સાધવી છે તો મહાત્માઓ પોતાના પોતાના પર દુર્જન તરફથી વરસી રહેલા ઘોર ત્રાસમાં પોતાના અનાદિના સ્વભાવભૂત જેવા બની ગયેલા આંતરિક ક્રોધને સંપૂર્ણ દબાવવા કેટકેટલું આંતરિક બળ-વીર્ય-જોમ વાપરતા હશે ? એમ સમજતા નહિ કે

**પ્ર.**- ભારે દુશ્મનને ગુસ્સાને દબાવવા તો ભારે બળ વીર્ય જોઈએ, પરંતુ



અંતરના ગુસ્સાને દબાવવા તો સારી તાત્ત્વિક સમજ જ જોઈએ ને ? બળ શાનું જોઈએ ?

ઉ.- ત્યારે તમને ખબર નથી લાગતી, તાત્ત્વિક સમજ તો શાસ્ત્રમાંથી આપણને ય મળી છે, તો પછી અવસરે કેમ ગુસ્સો આવી જાય છે ? કેમ એને ઊઠતા પહેલાં જ દબાવી શકતા નથી ? કહો, સમજ હોવા છતાં તેવું આંતરિક મનોબળ આત્મબળ નથી કે જે ગુસ્સાને દબાવી દે. એટલા માટે તો પાંચમા આરામાં મોક્ષ કેમ નહિ ? તો કે ઊંચું શરીર સંઘયણબળ નથી તેથી ઊંચા કષાયોપશમ-શુકલધ્યાન-ક્ષપકશ્રેણી યોગ્ય એટલું મનોબળ નથી માટે. આ સૂચવે છે કે અંતરના ગુસ્સાને દબાવવા આંતરિક મનોબળની જરૂર છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૬,અંક-૨૭,તા.૪-૩-૧૯૭૮**

**ઊંચું કાર્ય સાધવા ઊંચું બળ જોઈએ. ત્યાં મુફલીસ વસ્તુ લક્ષમાં ન લેવાય.**

પેલો મેઘરથ હવે ભાઈની શરમ કે એની હુંફની પરવા જેવી મુફલીસ વસ્તુ લક્ષમાં લીધા વિના ચાલ્યો એકલો; બાર મહિને વિદ્યા સિદ્ધ કરીને આવ્યો; ભાઈને કંગાળ હાલતમાં જોઈ કહે છે, 'અરે ! આ ઢેડણીની ગુલામી ? જો મારે વિદ્યા સિદ્ધ થઈ; હવે હું એના બળે સમ્રાટ થઈશ, તો તું ઊઠ જા વિદ્યા સાધવા પણ પેલો ભંગણી ને એના બચ્ચાના મોહમાં ન ગયો. શું પરિણામ ?

બોલો, તમે ય શું કરી રહ્યા છો ? ઊંચી મોક્ષ વિદ્યારૂપ ચારિત્ર સાધવા યોગ્ય આ ભવ મળ્યો છતાં ઢેડણીતુલ્ય મોહવાસનાની ગુલામીમાં બેસી રહ્યા છો ને ? શું પરિણામ ?

શું તમને ખબર નથી કે જે સગા-સબંધીના મોહમાં બેસી રહ્યા છો, એ જનમ પલટાયે ફરી જવાના છે ? સંસાર કેવો વિચિત્ર છે કે એક જનમની પત્નીને બીજા જનમમાં માતા બનાવે, પુત્ર મટીને પિતા થાય, મિત્ર મટીને શત્રુ થાય,...એવા કેવા કેવા વિચિત્ર પરિવર્તન ! અરે ! એના એ જ જન્મમાં પણ પોતાનો માનેલો પણ સગો પોતાને ન ગમતું કેવુંક કરી બેસે છે ? ભલે ને તમે એને ઘસીને ના પાડો તો ય નહિ માને.

માનવજન્મ જેટલો ઉચ્ચકોટિનો છે, એટલું જીવન પણ ઉચ્ચકોટિનું જીવવું જોઈએ. અને એ માટે જીવનમાંથી અ-કાર્ય, અ-કર્તવ્ય, અલક્ષ્ય, અજેય, અવાચ્ય, અવિચાર્ય વગેરેના ત્યાગવાળું અને સત્કાર્ય-સુકૃત વગેરેથી ભર્યું ભર્યું જીવવું જોઈએ.